ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# બી. કોમ. સેમેસ્ટર - 4
# COE401-BC
# એકાઉન્ટિંગ અને ફાયનાન્સ - 2



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:
‘જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય’

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

‘સ્વાધ્યાય: પરમં તપ:’ સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને ‘સ્વાધ્યાય ટેલિવિઝન’, ‘સ્વાધ્યાય રેડિયો’ જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી. કોમ. સેમેસ્ટર-4

COE401- BC

# એકાઉન્ટિંગ & ફાઈનાન્સ-2

## વિભાગ

# 1


| | | |
|---|---|---|
| **એકમ-1** | **પાઘડીનું મૂલ્યાંકન** | **3-25** |
| **એકમ-2** | **શૅરનું મૂલ્યાંકન (Valuation of Shares)** | **26-64** |
| **એકમ-3** | **નાદારીના હિસાબો (પ્રાંતિય નાદારી કાયદો - 1920 પ્રમાણે)** | **65-118** |
| **એકમ-4** | **આગના દાવાના હિસાબો (સ્ટોક વીમા પોલિસી) આધારે** | **119-140** |

લેખન : ડૉ. મનોજ દવે પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,
શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.
ડૉ. દીપક રાસ્તે એસોસિયેટ પ્રોફેસર,
શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.
ડૉ. મનીષ ચુડાસમા આસિસ્ટન્ટ પ્રોફેસર,
શ્રી એમ.પી.એન્ડ બી.એ.પટેલ ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ.
ડૉ. સંદીપ મુંગરા આસિસ્ટન્ટ પ્રોફેસર,
શ્રી જી.કે.એન્ડ સી.કે.બોસમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જેતપુર.

પરામર્શક(વિષય) : પ્રો. (ડૉ.) મનોજ શાહ પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
ડૉ. મનોજ દવે પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,
શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.
ડૉ. ધર્મેન્દ્ર મિસ્ત્રી પ્રિન્સીપાલ,
એમ.સી.શાહ કોમર્સ કોલેજ અમદાવાદ.
પરામર્શક(ભાષા) : શ્રી ધનશ્યામ કે ગઢવી નિવૃત આચાર્ય,
સાર્વજનિક કોલેજ, મહેસાણા.
શ્રી દિવ્યેશ વ્યાસ આસિસ્ટન્ટ પ્રોફેસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
ડૉ. જિતલ રાઠોડ આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી),
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
સંપાદન : પ્રો. (ડૉ.) મનોજ શાહ પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશક : ડૉ. ભાવિન ત્રિવેદી કાર્યકારી કુલસચિવ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : સુધારેલ પુનઃ આવૃત્તિ (2026)

ISBN : 978-81-938309-3-2

**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

એકમ 1

# પાઘડીનું મૂલ્યાંકન

## : રૂપરેખા :

1.1 પ્રસ્તાવના
1.2 પાઘડીની વ્યાખ્યા
1.3 પાઘડીની લાક્ષણિકતા
1.4 પાઘડીની મૂલ્યાંકનની આવશ્યકતાઓ
1.5 પાઘડીને અસર કરતા પરિબળો
1.6 પાઘડી અંગે ચોપડે નોંધ
1.7 પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિઓ
- સ્વાધ્યાય
- વ્યવહારિક દાખલા

## 1.1 પ્રસ્તાવના :

પાઘડી એ ધંધાની પ્રતિષ્ઠાનું મૂલ્ય દર્શાવતી અદશ્ય મિલકતછે. છતાં તે મૂલ્ય ધરાવે છે. સામાન્ય રીતે અન્ય પેઢીની સરખામણીમાં વધુ નફો કમાતી પેઢી પાઘડી ધરાવે છે. કેટલાંક સંજોગોમાં પાઘડીનું મૂલ્ય કરવાનું અનિવાર્ય બને છે. જ્યારે પેઢી ધંધો વેચે તો તેની ચોખ્ખી મિલકતની કિંમત કરતાં વધુ નાણાં ચૂકવવા કોઈ તૈયાર થાય ત્યારે વધારાની કિંમત તે પેઢીની પાઘડીની કિંમત ગણાય. દા:ત. A પેઢીની કુલ મિલકત રૂ. 5,00,000 અને દેવા રૂ.1,00,000 છે. તે પોતાનો ધંધો રૂ.6,00,000માં વેચે છે. તો ધંધાની પાઘડીની કિંમત આ પ્રમાણે શોધાશે. ચો મિલકત (5,00,000 - 1,00,000) 4,00,000 જ્યારે ખરીદકિંમત 6,00,000 હોય તો રૂ. 2,00,000 પેઢીની પાઘડીની કિંમત ગણાશે. પાઘડી વાસ્તવિક મિલકતછે. પરંતુ અદશ્ય છે. ધંધાની પ્રતિષ્ઠા અને નફો કમાવવાની શક્તિના આધારે પાઘડીનું મૂલ્ય થાય છે. પાઘડીનું મૂલ્યાંકન ખાસ કરીને જ્યારે પેઢીનું વેચાણ કરવાનું હોય, નવો ભાગીદાર લેવાનો હોય, ભાગીદાર છૂટો થવાનો હોય અથવા બે પેઢી વચ્ચે સંયોજન કે સમાવેશના સંજોગોમાં કરવામાં આવે છે. નામા પદ્ધતિના કેટલાંક નિષ્ણાંત લેખકોએ પાઘડી પર અસર કરતાં જુદા જુદા પરિબળો પર ભાર મૂકીને પાઘડીની વ્યાખ્યા આપી છે.

## 1.2 પાઘડીની વ્યાખ્યા :

(1) લૉર્ડ એલ્ડને કહ્યું છે કે "પાઘડી એ બીજું કંઈ જ નહિ, પરંતુ જુના ગ્રાહકો જૂના સ્થળને વળગી રહેશે એવી શક્યતા છે."

(2) પ્રો. ડિક્સીના મતે "જ્યારે કોઈ વ્યક્તિ પાઘડી માટે કિંમત ચૂકવે છે. ત્યારે તે એવી કંઈક બાબત માટે કિંમત ચૂકવે છે કે જે તેને એવી પરિસ્થિતમાં મૂકે છે કે, તેના ખરીદનારને તેના વિના પોતાના જ પ્રયત્નોથી, જેટલું કમાતા હોય તેના કરતાં વધુ કમાવવા શક્તિમાન બનાવે."

(3) ઈંગ્લેન્ડના યુ.કે. ઍકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ ઓન ઍકાઉન્ટિંગ ફોર ગુડવિલમાં પાઘડીની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

"સમગ્ર ધંધાનું મૂલ્ય અને દરેક ચોખ્ખી મિલકતના અલગ અલગ વ્યાજબી મૂલ્યની કુલ રકમનો તફાવત એટલે પાઘડી. અલગ અલગ વ્યાજબી મૂલ્યની કુલ રકમનો તફાવત એટલે પાઘડી. અલગ અલગ ચોખ્ખી મિલકત એટલે એવી મિલકત કે જે અલગ રીતે ઓળખી શકાય અને સમગ્ર ધંધો વેચી દીધા વિના અલગ અલગ રીતે વેચી શકાય. તેમાં ઓળખી શકાય એવી અદશ્ય મિલકતનો પણ સમાવેશ થાય છે."

## 1.3 પાઘડીની લાક્ષણિકતાઓ :

ઉપરની વ્યાખ્યાઓ પરથી નીચેની લાક્ષણિકતાઓ ગણાવી શકાય.

**1. પાઘડીનો આધાર તેની કમાવવાની શક્તિ :**

ભવિષ્યમાં ધંધો કેટલો નફો કરી શકશે તેના પર પાઘડીનો આધાર છે. સમાન મૂડી ધરાવતાં બીજા ધંધા કરતાં જેટલો નફો વધુ કમાવવાની શક્તિ ધંધા પાસે હશે તેટલી તેની પાઘડી હશે.

**2. પાઘડીની ફેરબદલી કરી શકાતી ન હોય તો તેની કોઈ કિંમત નથી :**

અંગત આવડત કે કૌશલ્યની ફેરબદલી કરી શકાતી નથી. ઉદાહરણ તરીકે ડૉકટરની હોસ્પિટલની પ્રતિષ્ઠા ડૉકટરની કૌશલ્યતા પર હોવાથી હોસ્પિટલની પાઘડી શૂન્ય ગણાશે.

**3. પાઘડીની કિંમત ભવિષ્યના અધિક નફા પર છે :**

ભવિષ્યમાં ખર્ચામાં વધારો કે કરવેરામાં વધારો થવાનો હોય તો તેની નફા પર અસર થતી હોવાથી પાઘડીની કિંમત ઘટશે. પરંતુ જો આવકો વધવાની શક્યતા હોય તો પાઘડીની કિંમત વધશે.

## 1.4 પાઘડીના મૂલ્યાંકનની આવશ્યકતાઓ :

સામાન્ય રીતે ધંધો ચાલુ હોય ત્યારે પાઘડીનું મૂલ્યાંકન કરવાની કોઈ જરૂર નથી હોતી. પરંતુ જ્યારે ધંધામાં નીચે મુજબના સંજોગોમાં પાઘડીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

(1) ધંધાનું વેચાણ કરવાનું હોય ત્યારે :

(2) ભાગીદારી પેઢીમાં નવા ભાગીદારને પ્રવેશ આપવામાં આવે ત્યારે

(3) ભાગીદારી પેઢીમાં ચાલુ ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ વખતે

(4) ભાગીદારી પેઢીનું વિસર્જન થાય ત્યારે

(5) ભાગીદારોના નફાનુકશાનના પ્રમાણમાં ફેરફાર કરવામાં આવે ત્યારે

(6) બે કે વધુ પેઢીઓનું સંયોજન કે સમાવેશ થાય ત્યારે પાઘડીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

## 1.5 પાઘડીને અસર કરતાં પરિબળો :

સામાન્ય રીતે પાઘડીનો આધાર વર્તમાન નફો અને ભવિષ્યમાં નફો મેળવવાની અપેક્ષા પર રહેલો છે. પરંતુ આ ઉપરાંત પાઘડીનો આધાર તેની પર અસર કરતાં વિવિધ પરિબળો પર રહેલો છે. જે નીચે મુજબ છે.

(1) ધંધાનું સ્થળ

(2) મુદત (સમય)

(3) ધંધાનો પ્રકાર

(4) વ્યક્તિગત કૌશલ્ય

(5) ધંધાની પરિસ્થિતિ

(6) નફાનું પ્રમાણ

(7) મૂડીની આવશ્યકતા

(8) ઈજારાશાહી પરિસ્થિતિ

(9) સરકારી નિયંત્રણો

**(1) ધંધાનું સ્થળ :** ધંધો કઈ જગ્યાએ આવેલ છે. એટલે કે ધંધાનું સ્થળ પાઘડી પર અસર કરે છે. દા.ત. ધંધાનું સ્થળ પ્રાઈમ લૉકેશન, શહેરી વિસ્તારમાં હશે તો પાઘડીની કિંમત વધુ હશે. પરંતુ જો આદિવાસી એરિયા કે ગ્રામ્ય પ્રદેશમાં ધંધાનું સ્થળ હશે તો પાઘડીની કિંમત ઓછી હશે.

**(2) મુદત : (સમય) :** ધંધો કેટલા સમયથી ચાલે છે તેના પર પણ પાઘડીનો આધાર રહેલો છે. ધંધો જેટલો જૂનો હશે તેટલી તેની પ્રતિષ્ઠા વધુ હશે. જેટલી પ્રતિષ્ઠા વધુ તેટલી પાઘડીની કિંમત પણ વધુ હશે.

**(3) ધંધાનો પ્રકાર :** ધંધો કયા પ્રકારની ચીજવસ્તુનું ઉત્પાદન વેચાણ કરે છે તેના પર પાઘડીનો આધાર હોય છે. જોખમી ધંધામાં પાઘડીનું મૂલ્ય ઓછું હશે. ઉદા. મોજશોખની પેદાશમાં ફેશન બદલાવાનું જોખમ.

**(4) વ્યક્તિગત કૌશલ્ય :** ધંધાની સફળતાનો આધાર માલિકની વ્યક્તિગત કૌશલ્યતા પર કે આવડત પર હશે તો ધંધાની પાઘડી ઓછી હશે કારણ કે વ્યક્તિગત કૌશલ્યની ફેરબદલી કરી શકાતી નથી.

**(5) ધંધાની પરિસ્થિતિ :** ધંધામાં વર્તમાન હરિફાઈ અને ભવિષ્યમાં શક્ય હરિફાઈ પાઘડીની કિંમત પર અસર કરે છે. જો હરિફાઈનું પ્રમાણ વધુ તેમ પાઘડીનું મૂલ્ય ઓછુ ગણાશે. તે જ રીતે હરિફાઈ ભવિષ્યમાં વધવાની શક્યતા હશે તો પણ પાઘડીનું મૂલ્ય ઓછું ગણાશે.

**(6) નફાનું પ્રમાણ :** ધંધામાં નફાનું પ્રમાણ વધુ હશે તો પાઘડીની કિંમત પણ વધુ ગણાશે. સતત વધતો નફો પાઘડીનું મૂલ્ય વધારે છે.

**(7) મૂડીની આવશ્યકતા :** ઓછી મૂડી રોકાણે વધુ નફો કરતાં ધંધાકીય એકમની પાઘડી વધુ હશે. જ્યારે વધુ મૂડી રોકાણ કરી ઓછા નફો થતો હોય તો પાઘડીની કિંમત ઓછી ગણાશે.

**(8) ઈજારાશાહી પરિસ્થિતિ :** જે ધંધામાં ઈજારાશાહી હોય ત્યાં નફાનું પ્રમાણ વધુ રહેવાનું. તેથી પાઘડીની કિંમત વધુ રહેવાની જ્યાં ઈજારાશાહીની માત્રતા ઓછી ત્યાં પાઘડીની કિંમત પણ ઓછી હશે.

**(9) સરકારી પરિસ્થિતિ :** જે ધંધામા અનેક સરકારી નિયંત્રણો હોય તે ધંધામાં નફાનું પ્રમાણ વધુ હોવા છતાં પાઘડીની કિંમત પ્રમાણમાં ઓછી હોય છે. સરકારી નિયંત્રણો ઓછાં તેમ પાઘડીની કિંમત વધુ પ્રમાણમાં હશે.

## 1.6 પાઘડી અંગે ચોપડે નોંધ :

જ્યાં સુધી પાઘડીની કિંમત રોકડમાં ચૂકવાય નહિ ત્યાં સુધી તેની હિસાબી નોંધ થતી નથી. પરંતુ જ્યારે ધંધો ખરીદતી વખતે પાઘડીની રકમ ચૂકવી હોય તો તેની હિસાબી નોંધ કરવામાં આવે છે. પરંતુ ધંધો ચાલુ રહે ત્યાં સુધી તેને ચોપડે દર્શાવતા રહેવું વ્યાજબી નથી. તેથી અમુક વર્ષોના ગાળામાં પાઘડીની રકમ માંડી વાળવામાં આવે છે. પાઘડી માંડી વાળવી ફરજિયાત નથી. પરંતુ જો પાઘડી ગુમાવી દીધી હોય તો માંડી વાળવી જોઈએ.

## 1.7 પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિઓ :

પાઘડીએ અદશ્ય મિલકતછે. પરિણામે ભૌતિક મિલકતની કિંમતની જેમ સહેલાઈથી પાઘડીની કિંમત નક્કી કરી શકાતી નથી. દરેક પેઢી પોતાની ખાસિયતો અને સંજોગોને ધ્યાનમાં લઈને પાઘડીનું મૂલ્યાંકન કરે છે. પાઘડીની ગણતરી કરવા માટે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. જે નીચે પ્રમાણે છે.

(1) વ્યક્તિગત અભિપ્રાયના આધારે (મનસ્વી મૂલ્યાંકન)

(2) કુલ વળતરના આધારે

(3) સરેરાશ નફાની ખરીદીના આધારે

(4) ભારિત સરેરાશ નફાની અમુક વર્ષની ખરીદીની પદ્ધતિ

(5) અધિક નફાની ખરીદીના આધારે

(6) મૂડીકૃત નફાની રીતે

(7) અધિક નફાની વર્ષાસન પદ્ધતિ પ્રમાણે

**1.7.1 મનસ્વી મૂલ્યાંકન (વ્યક્તિગત અભિપ્રાયના આધારે) :**

આ પદ્ધતિમાં ખરીદનાર કે વેચાનાર પોતાને યોગ્ય લાગે તે પાઘડીની કિંમત નક્કી કરે છે. બન્ને પક્ષોના સોદો કરવાની ક્ષમતા કે શક્તિ પ્રમાણે પાઘડીની કિંમત નક્કી થાય છે.

**1.7.2 કુલ વળતરના આધારે :**

આ પદ્ધતિમાં ધંધાની આવકને આધારે પાઘડીની કિંમત નક્કી કરવામાં આવે છે. નિયમિત મળતી આવકનું પ્રમાણ કેટલું છે. તેને આધારે ખરીદનાર પાઘડીની કિંમત ચૂકવે છે.

**1.7.3 સરેરાશ નફાની ખરીદીના આધારે મૂલ્યાંકન :**

ભૂતકાળના અમુક વર્ષના નફાની સરેરાશ કાઢવામાં આવે છે. આ સરેરાશ નફાને અમુક ખરીદીના વર્ષ વડે ગુણવામાં આવે છે. સરેરાશ નફાને કેટલા ખરીદીના વર્ષ વડે ગુણવા તેનો આધાર ધંધાના પ્રકાર અને પાઘડીને અસર કરતાં પરિબળો પર છે. આ પદ્ધતિમાં પાઘડીની કિંમત નીચે મુજબ શોધાશે.

Step - I સરેરાશ નફો $= \frac{\text{કુલ નફો}}{\text{વર્ષની સંખ્યા}}$

Step - II પાઘડી = સરેરાશ નફો × ખરીદીના વર્ષો

પાઘડીની ગણતરી માટે ફક્ત ધંધાકીય પ્રવૃત્તિમાંથી મળેલ મહેસૂલી નફો જે ભવિષ્યમાં પણ જાળવી શકાય તેવો નફો ધ્યાનમાં લેવામાં આવે છે. જો આપેલ નફામાં મૂડી નફો કે મૂડી ખોટ સમાયેલ હોય કે નફાની ગણતરીમાં ભૂલ હોય તો નીચે મુજબ જરૂરી અસર આપી ભવિષ્યમાં જાળવી શકાય તેવો મહેસૂલી નફો શોધવામાં આવે છે.

(i) જો નફામાં મિલકતવેચાણ નો નફો કે બિનધંધાકીય રોકાણો પર મળેલ વ્યાજ અને ડિવિડન્ડ, વીમાનો મળે દાવો કે મિલકતની વેચાણ કિંમત કે અન્ય મૂડી આવક કે બિનધંધાકીય આવક સમાયેલ હોય તો તે બાદ કરવામાં આવે છે.

(ii) જો નફામાં મિલકતવેચાણની ખોટ, આગ કે અકસ્માતથી નાશ પામેલ માલની ખોટ, મૂડી ખર્ચ વગેરે સમાયેલ હોય તો આપેલ નફામાં ઉમેરવામાં આવે છે.

(iii) જે આખર સ્ટૉકનું મૂલ્યાંકન ભૂલથી વધારે થયેલ હોય તો વધારાના મૂલ્યાંકનની રકમ જે તે વર્ષના નફામાંથી બાદ કરવામાં આવે છે. જે વર્ષમાં આખર સ્ટૉકનું મૂલ્યાંકન વધારે થયેલ હોય તે પછીના વર્ષમાં શરૂઆતના સ્ટૉકનું મૂલ્યાંકન વધારે થયેલ હશે તેથી પછીના વર્ષના નફામાં વધારાના મૂલ્યાંકનની રકમ ઉમેરવામાં આવે છે.

(iv) જો મૂડીખર્ચ મહેસૂલી ખર્ચ ગણીને નફાનુકશાન ખાતે ઉધારેલ હોય તો તેને મૂડીખર્ચ ગણતાં, નફામાં તે રકમ ઉમેરાશે જ્યારે મૂડીખર્ચ પર ઘસારાની રકમ તે વર્ષમાં તેમજ ત્યારબાદના વર્ષમાં નફામાંથી બાદ કરવામાં આવશે.

(v) જો કોઈ વર્ષે શરતચૂકથી વીમો લેવાનો રહી ગયો હોય અને વીમા પ્રીમિયમ ચૂકવેલ ન હોય તો પરંતુ ભવિષ્યમાં વિમા પ્રીમિયમ ચૂકવવામાં આવશે.

તેવી ધારણા કરી સરેરાશ નફામાંથી વીમા પ્રીમિયમ બાદ કરવામાં આવશે.

(vi) જો મહેસૂલી ખર્ચ ને મૂડી ખર્ચ તરીકે ગણવામાં આવેલ હોય તો, મહેસૂલી ખર્ચની રકમ નફા - નુકશાન ખાતે ઉધારેલ નથી, તેથી જે તે વર્ષના નફામાંથી મહેસૂલી ખર્ચની રકમ બાદ કરવી અને ખોટી રીતે ગણેલ મૂડી ખર્ચ પર કરેલ ઘસારાની જોગવાઈ નફામાં ઉમેરવી.

ઉદા-1 એક પેઢીનો છેલ્લા પાંચ વર્ષનો નફો નીચે મુજબ છે. પાઘડીની કિંમત પાંચ વર્ષના સરેરાશ નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે ગણવાની છે.

| **વર્ષ** | **નફો** | |
|---|---|---|
| 2013 | 30,000 | (જેમાં યંત્ર વેચાણનો નફો રૂ. 5,000 સમાયેલ છે.) |
| 2014 | 30,000 | |
| 2015 | 5,000 (ખોટ) | |
| 2016 | 30,000 | (જેમાં આગળથી થયેલ નુકશાન રૂ. 10,000 સમાયેલ છે.) |
| 2017 | 30,000 | |

**જવાબ :** સરેરાશ નફો $= \frac{\text{કુલ નફો}}{\text{વર્ષની સંખ્યા}}$

$$= \frac{\text{કુલ પાંચ વર્ષનો નફો}}{\text{કુલ વર્ષની સંખ્યા}}$$

$$= \frac{25,000 + 30,000 - 5,000 + 40,000 + 30,000}{5}$$

$$= \frac{1,20,000}{5}$$

$$= 24,000$$

પાઘડી = સરેરાશ નફો × ખરીદીના વર્ષ

$= 24,000 \times 3$

= રૂા. 72,000

| **વર્ષ** | | **સામાન્ય નફો (રૂ.)** |
|---|---|---|
| 2015 | = | 30,000 − 5,000 = 25,000 |
| 2014 | = | 30,000 |
| 2015 | = | (5,000) |
| 2016 | = | 30,000 + 10,000 = 40,000 |
| 2017 | = | 30,000 |

**(4) ભારિત સરેરાશ નફાની અમુક વર્ષની ખરીદીની પદ્ધતિ :**

નફામાં વધઘટ થતી હોય ત્યારે સાદી સરેરાશ પદ્ધતિ યોગ્ય છે. પરંતુ જ્યારે સતત નફામાં વધારો થતો હોય ત્યારે છેલ્લા વર્ષના નફાને વધુ મહત્ત્વ આપવું જોઈએ. એટલે કે છેલ્લા વર્ષને અગાઉના વર્ષ કરતાં વધારે ભાર આપવો જોઈએ. અગાઉના પ્રથમ વર્ષ ને 1 ભાર આપવો ત્યારબાદ એક એક ભાર વધારતાં જવામાં આવે છે.

**ઉદા-2** નીચેની માહિતી પરથી છેલ્લા ત્રણ વર્ષના ભારિત સરેરાશ નફાના બે વર્ષની ખરીદીથી પાઘડીનું મૂલ્યાંકન કરો.

| **વર્ષ** | **નફો** |
|---|---|
| 2015 | 10,000 |
| 2016 | 40,000 |
| 2017 | 50,000 |

જ.

| વર્ષ | નફો | ભાર | ભારિત નફો |
|---|---|---|---|
| 2015 | 10,000 | 1 | 10,000 |
| 2016 | 40,000 | 2 | 80,000 |
| 2017 | 50,000 | 3 | 1,50,000 |
| કુલભાર = 6 કુલ ભારિત નફો = | | | 2,40,000 |

$$\text{ભારિત સરેરાશ નફો} = \frac{\text{કુલ ભારિત નફો}}{\text{કુલ ભાર}}$$

$$= \frac{2,40,000}{6} = 40,000$$

પાઘડી = ભારિત સરેરાશ નફો × ખરીદીના વર્ષો

$= 40,000 \times 2$

$= 80,000$

**1.7.5 અધિક નફાની ખરીદીના આધારે મૂલ્યાંકન :**

અમુક ધંધાનું જોખમ ધ્યાનમાં લેતા, ધંધામાં રોકેલી મૂડી પર વ્યાજબી વળતર ચૂકવવા અને સંચાલન માટેના ખર્ચા બાદ કરતાં યોગ્ય વળતર મળે તેને સામાન્ય નફો કહે છે. સામાન્ય નફા કરતાં વધુ નફો મળે તો તે વધારાના નફાને અધિક નફો કહે છે.

અધિક નફો એટલે સામાન્ય નફો અને અપેક્ષિત નફા વચ્ચેનો તફાવત દા.ત. એક પેઢીમાં સરેરાશ મૂડી રૂ. 50,000 રોકાયેલ હોય અને અપેક્ષિત વળતર દર 10% હોય તો અપેક્ષિત વળતર = 50,000 × 10% = રૂ. 5,000 થશે. જો ધંધામાં સામાન્ય નફો રૂ. 7,500 થયો હોય તો, અધિક નફો = સામાન્ય નફો - અપેક્ષિત નફો

$= 7,500 - 5,000$

$= 2,500$

પાઘડી = અધિક નફો × અમુક ખરીદીના વર્ષો

$= 2,500 \times 2$

= રૂ. 5,000

**1.7.6 મૂડીકૃત નફાની રીતે મૂલ્યાંકન (સરેરાશ નફાનું મૂડીકરણ) (Capitalization of Average Profits) :**

આ પદ્ધતિમાં સરેરાશ નફો હવાલા સાથે શોધવામાં આવે છે. ત્યારબાદ અપેક્ષિત વળતરને આધારે નફાનું મૂડીકરણ કરીને ધંધાની અપેક્ષિત મૂડીમાંથી ધંધાની ચોખ્ખી મિલકત બાદ કરતાં જે વધારો આવે તે ધંધાની પાઘડી ગણાય છે.

નીચે પ્રમાણેના Step માં પાઘડી શોધવામાં આવે છે.

Step-1 સરેરાશ ચોખ્ખો નફો (હવાલા પછીનો)

Step-2 અપેક્ષિત વળતર દરને આધારે નફાનું મૂડીકરણ

$$\text{મૂડીકૃત નફો} = \frac{\text{અંદાજી નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}}$$

Step-3 ચોખ્ખી મિલકત = કુલ મિલકતો - કુલ દેવા

Step -4 પાઘડી = મૂડીકૃત નફો - ચોખ્ખી મિલકત

= (Step -2) – (Step-3)

**ઉદા-3** માર્મિક લિમિટેડ કુલ મિલકત રૂ. 1,70,000 છે જ્યારે કુલ દેવા રૂ.70,000 છે. છેલ્લા 5 વર્ષનો નફો રૂ. 10,000, રૂ.12,000, રૂ. 11000, રૂ. 14,000 અને રૂ. 13,000 હતો. કંપનીનો મેનેજિંગ ડિરેક્ટર. મફત સેવા આપતો હતો. પરંતુ હવે તેને રૂ. 3,000 પગાર આપવો પડશે. જ્યારે મકાનનું વાર્ષિકભાડું રૂ. 4,000 ચૂકવવાનું રહેશે નહીં. અપેક્ષિત વળતરનો દર 10% છે. તો માર્મિક લિમિટેડની પાઘડી શોધો.

જ. Step - 1 સરેરાશ ચોખ્ખો નફો

$$= \frac{10,000+12,000+11,000+14,000+13,000}{5}$$

$$= \frac{60,000}{5} \qquad = 12,000$$

- મેનેજિંગ ડિરેકટરનો પગાર

+ મકાન વાર્ષિક ભાડું ચો. સરેરાશ નફો

ચો. સરેરાશ નફો

Step - 2 નફાનું મૂડીકરણ = $\frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતર દર}}$

$$= \frac{13,000}{10} \times 100$$

= રૂ. 1,30,000

Step - 3 ચોખ્ખી મિલકત = કુલ મિલકત - કુલ દેવા

= 1,70,000 - 70,000

= 1,00,000

**Step -4** પાઘડી = મૂડીકૃત નફો - ચોખ્ખી મિલકત

= 1,30,000 - 1,00,000

= 30,000

### 1.7.7 અધિક નફાની વર્ષાસન પદ્ધતિ : (Annurty Method) :

આ પદ્ધતિ અનુસાર પાઘડીની ગણતરી કરવામાં સરેરાશ નફાને આધારરૂપ ગણવામાં આવે છે. આ પદ્ધતિનો આશય એ છે કે પાઘડી પેટે ચૂકવેલ રકમ પછીના ચાર કે પાંચ વર્ષમાં વ્યાજ સહિત મળી જવી જોઈએ. આ હેતુથી પાઘડી તરીકે કેટલી રકમ ચૂકવવી જેથી વ્યાજની ખાદ્ય ન પડે તે એન્યુઈટી ટેબલ પરથી નક્કી કરાય છે.

**ઉદા-4** પ્રાર્થના લિમિટેડનો સરેરાશ નફો રૂા. 50,000 હોય અને તે ત્રણ વર્ષની ખરીદીના ધોરણે ગણવાની હોયતો રૂ.1 ની એન્યુઈટીની ત્રણ વર્ષની 10% લેખે વર્તમાન રકમ રૂ. 2.2468 થાય.

પાઘડની રકમ = કુલ નફો 1,50,000 × 2.2468

= 3,37,020 ÷ 3 વર્ષ

રૂ. = 1,12,340

તેનો અર્થ એ થાય કે પાઘડી પેટે રૂ. 1,12,340 આપી એ તો 10% લેખે ત્રણ વર્ષે તેની કુલ રકમ રૂ.1,50,000 થશે.

એન્યુઈટીના કોઠા ઉપરથી દર શોધી શકાય.

**ઉદા-5** X ભાગીદારી પેઢીની પાઘડી અધિક નફામાંથી પાંચ ગણી છે. સરેરાશ વાર્ષિક નફો રૂ. 2,00,000 છે. રોકાયેલ સરેરાશ મૂડી રૂ.10,00,000 છે. અપેક્ષિત વળતર દર 10% છે. ભાગીદારનું મહેનતાણું વાર્ષિક રૂ.50,000 ગણવાનું છે.

જ. (1) સરેરાશ નફો = 20,00,00

- ભાગીદારીનું મહેનતાણું <u>50,000</u> 1,50,000

(2) સરેરાશ રોકાયેલી મૂડી 10,00,000

(3) અપેક્ષિત વળતર દર 10% પ્રમાણે

અપેક્ષિત વળતર = 10,00,000 × 10%

= 1,00,000

(4) અધિક નફો = સરેરાશ ચોખ્ખો નફો - અપેક્ષિત નફો

= 1,50,000 - 1,00,000

= 50,000

(5) પાઘડી = અધિક નફો × 5

= 50,000 × 5

= 2,50,000

**ઉદા-6** તુષાર બ્રધર્સનું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| **જવાબદારી** | | **રકમ રૂ.** | **મિલકત-લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|---|
| મૂડી | | | જમીન-મકાન | 2,80,000 |
| તુષાર | 1,30,000 | | યંત્રો | 1,20,000 |
| વિશાલ | 1,20,000 | 2,50,000 | દેવાદારો | 6,000 |
| લેણદારો | | 30,000 | સ્ટોક | 8000 |
| લોન | | 1,40,000 | રોકડ | 6000 |
| | | **4,20,000** | | **4,20,000** |

કંપનીનો છેલ્લાં 3 વર્ષનો નફો નીચે મુજબ હતો.

2017-18 60,000

2016-17 50,000

2015-16 40,000

પેઢી આવતા વર્ષથી મેનેજરની નિમણૂંક કરશે તેને વાર્ષિક રૂ. 10,000 પગાર આપવો પડશે. પેઢીએ તા. 31-3-2018 ના રોજ નવું મકાન ખરીદેલ હોવાથી મકાનનું ભાડું વાર્ષિક રૂ. 20,000 આપવું પડશે નહિ. બૅન્ક ડિપોઝીટ પર વ્યાજનો દર 8% છે. જ્યારે ધંધામાં જોખમ વળતરનો દર 2% છે. ઉપરની માહિતીને આધારે

(1) સરેરાશ નફાના મૂડીકરણને આધારે તેમજ

(2) અધિક નફાના મૂડીકરણને આધારે પાઘડીની ગણતરી કરો.

**જવાબ :** (1) સરેરાશ નફાના મૂડીકરણને આધારે પાઘડી

જ. (i) ચોખ્ખી મિલકત = કુલ મિલકત – કુલ દેવા

= 2,20,000 - 1,70,000

= 2,50,000

(ii) સરેરાશ નફો ભવિષ્યમાં જાળવી શકાય તેવો.

$$\text{સરેરાશ નફો} = \frac{60,000 + 50,000 + 40,000}{3}$$

= રૂ. 50,000

| | |
|---|---|
| સરેરાશ નફો : | રૂ. 50,000 |
| બાદ : મેનેજરનો પગાર : | રૂ. 10,000 |
| ઉમેરો : મકાનનું ભાડું | 20,000 |
| ભવિષ્યમાં જાળવી શકાય તેવો સરેરાશ નફો | 60,000 |

$$\text{(iii) મૂડીકૃત નફો} = \frac{\text{ભવિષ્યમાં જાળવી શકાય તેવો સરેરાશ નફો} \times 100}{\text{અપેક્ષિત વળતરનો દર}}$$

$$= \frac{60,000 \times 100}{10}$$

= રૂ. 6,00,000

(iv) પાઘડી = મૂડીકૃત નફો – ચોખ્ખી મિલકત

= રૂ. 3,50,000

(2) અધિક નફાના મૂડીકરણને આધારે પાઘડી

(i) રોકાયેલી મૂડી = કુલ મિલકત – કુલ દેવા

= 4,20,000 – 1,70,000

= રૂ. 2,50,000

$$\text{(ii) અપેક્ષિત વળતર} = \frac{\text{રોકાયેલીમૂડી} \times \text{અપેક્ષિત વળતરનો દર}}{100}$$

$$= \frac{2,50,000 \times 10}{100}$$

= રૂ. 25,000

(iii) ભવિષ્યમાં જાળવી શકાય તેવો સરેરાશ નફો = રૂ. 60,000

(iv) અધિક નફો = ભવિષ્યમાં જાળવી શકાય તેવો સરેરાશ નફો – અપેક્ષિત વળતર

= રૂ. 60,000 – રૂ. 25,000

= રૂ. 3,50,000

(v) પાઘડી = અધિક નફો × 2 વર્ષ

અપેક્ષિત વળતરનો દર = 35,000 × 2 વર્ષ

= રૂ. 70,000

**ઉદા-7** પવન લિ. નું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

31-3-2018ના રોજનું પાકું સરવૈયું

| દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી દરેક રૂ.10નો | 3,60,000 | રોકડ અને બેક | 34,000 |
| | | પાઘડી | 20,000 |
| અનામત અને વધારો | 40,000 | પ્લાન્ટ | 2,40,000 |
| | | ફર્નિચર | 10,000 |
| લેણદારો | 1,00,000 | સ્ટૉક | 1,60,000 |
| દેવીહૂંડીઓ | 40,000 | દેવાદારો | 80,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 10,000 | અગાઉથી ચૂકવેલા ખર્ચા | 6,000 |
| | **5,50,000** | | **5,50,000** |

**વધારાની માહિતી :**

(1) મિલકતનું નીચે પ્રમાણે મૂલ્યાંકન કરવામાં આવ્યું.

| | | | |
|---|---|---|---|
| પ્લાન્ટ | રૂ. 2,20,000 | સ્ટૉક | રૂ. 1, 74,000 |
| ફર્નિચર | રૂ. 12,000 | દેવાદારો | રૂ. 72,000 |

(2) છેલ્લા ત્રણ વર્ષના અંતે કરવેરા પછીનો નફો અને ઉપયોગમાં લેવાનો યોગ્ય ભાર નીચે મુજબ છે.

| વર્ષ | નફો રૂ. | ભાર |
|---|---|---|
| 31-3-2016 | 60,000 | 1 |
| 31-3-2017 | 66,000 | 2 |
| 31-3-2018 | 62,000 | 3 |

(3) આવા જ પ્રકારના ધંધામાં રોકાયેલી મૂડી ઉપર વ્યાજબી વળતરનો દર 10% છે.

અધિક નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે પાઘડીની કિંમત નક્કી કરવાની છે. છેલ્લા ત્રણ વર્ષના નફાની ભારિત સરેરાશને ધ્યાનમાં લઈ અધિક નફો ગણવાનો છે.

જ. (1) રોકાયેલી મૂડી :

| | | | |
|---|---|---|---|
| મિલકત = | પ્લાન્ટ | રૂ. 2,20,000 | |
| | ફર્નિચર | રૂ. 12,000 | |
| | સ્ટૉક | રૂ. 1,74,000 | |
| | દેવાદારો | રૂ. 72,000 | |
| | અગાઉથી ચૂકવેલ ખર્ચ | રૂ. 6,000 | |
| | રોકડ અને બૅંક | રૂ. 34,000 | 5,18,000 |
| - દેવા | | | |
| | લેણદારો | રૂ. 1,00,000 | |
| | દેવીહૂંડી | રૂ. 40,000 | |
| | બાકી ખર્ચા | રૂ. 10,000 | 1,50,000 |
| | ચોખ્ખી મિલકત | = રોકાયેલી મૂડી | = 3,68,000 |

(2) અપેક્ષિત નફો = રોકાયેલી મૂડી × અપેક્ષિત નફાનો દર

= 3,68,000 × 10 %

= 36,800

(3) સરેરાશ નફો= (ભારિત સરેરાશ નફો)

| વર્ષ | નફો | | ભાર | | ભારિત નફો |
|---|---|---|---|---|---|
| 31-3-2016 | 60,000 | × | 1 | = | 60,000 |
| 31-3-2017 | 66,000 | × | 2 | = | 1,32,000 |
| 31-3-2018 | 62,000 | × | 3 | = | 1,86,000 |
| | કુલભાર | = | 6 | | 3,78,000 |

$$\text{સરેરાશ નફો} = \frac{\text{કુલ ભારિત નફો}}{\text{કુલ ભાર}}$$

$$= \frac{3,78,000}{6}$$

= 63,000

(4) અધિક નફો = સરેરાશ નફો – અપેક્ષિત નફો

= 63,000 – 36,400

= 26,200

(5) પાઘડી = અધિક નફો × 3

= 26,200 × 3

= રૂ. 78,600

ઉદા-8 રીમા પ્રા. લિ. નું તા. 31-3-2018 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારી | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈક્વિટી શૅર મૂડી | | જમીન-મકાન | 2,00,000 |
| ઈક્વિટી શૅર મૂડી | | મકાન | 1,80,000 |
| (દરેક રૂ. 10 નો તેવા) | 2,00,000 | યંત્રો | 1,80,000 |
| અનામત વધારો | 30,000 | ફર્નિચર | 20,000 |
| 10%ની લોન | 3,00,000 | સ્ટૉક | 60,000 |
| લેણદારો | 40,000 | દેવાદારો | 70,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 30,000 | રોકડ-બૅન્ક | 40,000 |
| | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | 30,000 |
| | **6,00,000** | | **6,00,000** |

વધારાની માહિતી નીચે મુજબ છે.

(1) કાયમી મિલકતની બજાર કિંમત 10% વધારે છે.

(2) કરવેરા બાદનો છેલ્લા ત્રણ વર્ષનો નફો નીચે મુજબ છે.

| વર્ષ | નફો (રૂ.) |
|---|---|
| 2017-18 | 80,000 |
| 2016-17 | 50,000 |
| 2015-16 | 20,000 |

(3) અપેક્ષિત વળતરનો દર 10%

અધિક નફાની બે વર્ષની ખરીદીને આધારે પાઘડીની કિંમત નક્કી કરો. ભૂતકાળના છેલ્લા ત્રણ વર્ષના નફાની ભારિત સરેરાશને ધ્યાનમાં લઈ અધિક નફો ગણવાનો છે.

જ. (1) રોકાયેલી મૂડી = કુલ મિલકત – કુલ દેવા

| | રૂ. | |
|---|---|---|
| મકાન | 2,20,000 | |
| યંત્રો | 1,98,000 | |
| ફર્નિચર | 22,000 | |
| સ્ટૉક | 60,000 | |
| દેવાદારો | 70,000 | |
| રોકડ બૅન્ક | 40,000 | |
| | **6,10,000** | |
| બાદ દેવા | | |
| 10% ની લૉન | 3,00,000 | |
| લેણાદારો | 40,000 | |
| ચૂક. બાકી ખર્ચા | 30,000 | 3,70,000 |
| રોકાયેલી મૂડી | 2,40,000 | |

(2) અપેક્ષિત નફો $= \dfrac{\text{રોકાયેલીમૂડી} \times \text{અપેક્ષિત વળતરનો દર}}{100}$

$$= \frac{2,40,000 \times 10}{100}$$

= રૂ. 24,000

(3) સરેરાશ વાર્ષિક નફો

| વર્ષ | નફો (રૂ.) | ભાર | ભારિત નફો |
|---|---|---|---|
| 2015-16 | 20,000 | 1 | 20,000 |
| 2016-17 | 50,000 | 2 | 1,00,000 |
| 2017-18 | 80,000 | 3 | 2,00,000 |
| | | 6 | 3,60,000 |

સરેરાશ વાર્ષિક નફો $=$ રૂ. $\dfrac{3,60,000}{6}$

= રૂ. 60,000

(iv) અધિક નફો = સરેરાશ વાર્ષિક નફો – અપેક્ષિત નફો

= રૂ. 60,000 – રૂ. 24,000

= રૂ. 36,000

(v) પાઘડી = અધિક નફો × વર્ષની ખરીદી

= રૂ. 36,000 × 2

= રૂ. 72,000

**ઉદા-9** નીચેની માહિતી પરથી સરેરાશ નફાના મૂડીકરણના ધોરણે પાઘડીની કિંમત શોધો. (મૂડીકૃત નફાની રીત)

| | |
|---|---|
| ધંધાનો વાર્ષિક સરેરાશ નફો | રૂ. 12,000 |
| ધંધાની કુલ મિલકત | રૂ. 3,50,000 |
| ધંધાના કુલ મિલકત | રૂ. 2,00,000 |
| અપેક્ષિત વળતરનો દર | 6% |

જ. (1) સરેરાશ નફો = 12,000

(2) નફાનું મૂડીકરણ $= \frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતર દર}}$

$= \frac{12000}{6} \times 100$

= 2,00,000

(3) ચોખ્ખી મિલકત = કુલ મિલકત – કુલ દેવા

= 3,50,000 - 2,00,000

= 1,50,000

(4) પાઘડી = મૂડીકૃત નફો – ચો. મિલકત

= 20,00,00 – 1,50,000

= 50,000

**ઉદા-10** નીચેની વિગતો પરથી ચોખ્ખા નફાના મૂડીકરણની રીતે પાઘડી શોધો.

| | રૂ. |
|---|---|
| મિલકત | 3,50,000 |
| જવાબદારીઓ | 85,000 |
| સરેરાશ વાર્ષિક નફો | 40,000 |
| 10%ની પ્રેફ. શૅરમૂડી | 1,00,000 |

મિલકતની બજાર કિંમત 10% વધારે ગણો.

અપેક્ષિત વળતરનો દર 10% છે.

જ. (1) સરેરાશ નફો = 40,000

(2) મૂડીકૃત નફો $= \frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતર દર}}$

$$= \frac{40,000}{10} \times 100$$

$$= 4,00,000$$

(3) ચોખ્ખી મિલકત = કુલ મિલકત - કુલ જવાબદારી

= (3,50,000

10% વધારો + 35,000)

= 3,85,000 - 85,000

= 30,00,00

(4) પાઘડી = મૂડીકૃત નફો - ચોખ્ખી મિલકત

= 40,00,00 - 30,00,00

= 1,00,000

**ઉદા-11** જય લિ. નો કરવેરાની જોગવાઈ કર્યા પછીનો પાંચ વર્ષનો નફો નીચે મુજબ છે.

| **વર્ષ** | **નફો (રૂ.)** |
|---|---|
| 1 | 48,000 |
| 2 | 47,000 |
| 3 | 44,000 |
| 4 | 46,000 |
| 5 | 35,000 |

અપેક્ષિત વળતરનો દર 10%

ભરપાઈ મૂડી રૂ. 8,00,000

એન્યુઈટી ટેબલના આધારે 10% લેખે રૂ.1 ની પાંચ વર્ષની એન્યુઈટી 3.78 થશે.

મૂડીકૃત કરવાની પદ્ધતિ મુજબ પાઘડીની કિંમત શોધો.

જ. સરેરાશ નફો $= \frac{\text{પાંચ વર્ષનો કુલ નફો}}{\text{૫ વર્ષ}}$

$$= \frac{48,000+47,000+44,000+46,000+35,000}{5}$$

$$= \frac{2,20,000}{5}$$

$$= 44,000$$

(2) પાઘડીની રકમ = 44,000 × 5 વર્ષ

= 2,20,000

(3) એન્યુઈટી પ્રમાણે = 2,20,000 × 3.78

પાઘડી = 8,31,600

**પાઘડીના મૂલ્યાંકન અંગે રોકાણોની સમજૂતી :**

પાઘડીના મૂલ્યાંકન અંગે 'રોકાણો' મિલકતતરીકે ધ્યાનમાં લેવા કે ન લેવાં તેની સમજૂતી અંગે રોકાણોનું વર્ગીકરણ નીચે મુજબ છે.

| ધંધાકીય રોકાણો (જે મિલકતની ગણતરી વખતે ધ્યાનમાં લેવા) | બિન ધંધાકીય રોકાણો (જે મિલકતની ગણતરી વખતે ધ્યાનમાં ન લેવા) |
|---|---|
| ૧. ગૌણ કંપનીના શૅરમાં રોકાણ | ૧. સામાન્ય અનામત ભંડોળનાં રોકાણો |
| ૨. ડિબેન્ચર પરત નિધિના રોકાણો | ૨. સરકારી જામીનગીરીઓ |
| ૩. પ્રો.ફંડના રોકાણો | ૩. 'રોકાણ' શબ્દ મુજબ દર્શાવેલ રોકાણો |
| ૪. ડૂબત નિધિ (સીકિંગ ફંડ)ના રોકાણો | ૪. ફાજલ બચત સ્વરૂપનાં રોકાણો વગેરે |
| ૫. ઘસારા ફંડના રોકાણો | |
| ૬. મિલકત સમારકામ/નવિનીકરણ અનામતના રોકાણો વગેરે. | |

ધંધાકીય રોકાણોનું વ્યાજ / વળતર / ડિવિડન્ડ ધંધાકીય આવક તરીકે નફાની ગણતરીમાં સામેલ રાખવું પરંતુ બિનધંધાકીય રોકાણોનું વ્યાજ/વળતર/ડિવિડન્ડ ધંધાના નફામાં સામેલ હોય ત્યારે તે બાદ કરવું. નફો કર સહિત હોય તો રોકાણોનું વ્યાજ કર સહિત બાદ થાય. જો નફો કર બાદનો હોય તો રોકાણોનું વ્યાજ પણ કર બાદનું ગણીને તે બાદ કરવું.

**ઉદા-12** શ્રીમદ્ પ્રા. લિ. નું તા. 31-3-2018 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| જવાબદારી | રકમ રૂ. | મિલકત | રકમ રૂ. |
|---|---:|---|---:|
| | | પાઘડી | 60,000 |
| 45,000 ઇક્વિટી શૅર | | મકાન | 2,00,000 |
| (દરેક રૂ. 10 નો તેવા) | 4,50,000 | યંત્રો | 1,20,000 |
| 20,000, 10%ના પ્રેફરન્સ | | ફર્નિચર | 50,000 |
| શૅર દરેક રૂ. 10 નો | 2,00,000 | 10% ની બાંધી મુદતની | |
| સામાન્ય અનામત | 1,00,000 | થાપણ | |
| લેણદારો | 80,000 | પ્રોવિડન્ડ ફંડના રોકાણો | 1,10,000 |
| દેવીહૂંડી | 20,000 | દેવાદારો | 1,30,000 |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ | 30,000 | સ્ટૉક | 1,42,000 |
| કરવેરાની જોગવાઈ | 70,000 | રોકડ-બૅન્ક | 18,000 |
| પ્રૉવિડન્ડ ફંડ | 1,00,000 | સંશોધન અને વિકાસ ખર્ચ | 2,000 |
| | **10,50,000** | | **10,50,000** |

**વધારાની માહિતી**

(1) ચાલુ વર્ષ દરમ્યાન કરવેરાની જોગવાઈ નફાના 50% લેખે કરેલ છે.

(2) અગાઉના બે વર્ષનો કરવેરા પહેલાંનો નફો રૂ. 2,20,000 વર્ષ 2015-16 અને વર્ષ 2016-17 નો નફો રૂ. 3,00,000 હતો.

(3) કાયમી મિલકતની બજાર કિંમત 10% વધારે છે.

(4) છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ નફાને આધારે અધિક નફાની બે ગણી પાઘડી ગણો. અપેક્ષિત વળતરનો દર 10%

**જવાબ :** (1) રોકાયેલી મૂડી = કુલ મિલકત – કુલ દેવા – પ્રેફરન્સ શૅર મૂડી

| **મિલકત** | **રૂ.** |
|---|---|
| મકાન | 2,20,000 |
| યંત્રો | 1,32,000 |
| ફર્નિચર | 55,000 |
| પ્રો.ફંડના રોકાણો | 1,10,000 |
| દેવાદારો | 1,30,000 |
| સ્ટૉક | 1,42,000 |
| રોકડ-બૅન્ક | 18,000 |
| **કુલ મિલકત** | **80,700** |
| બાદ દેવા | |
| લેણદારો | 80,000 |
| દેવીહૂંડી | 20,000 |
| બૅન્ક ઑવર ડ્રાફ્ટ | 30,000 |
| કરવેરા જોગવાઈ | 70,000 |
| પ્રૉવિડન્ટ ફંડ | 1,00,000 |
| **કુલ દેવા** | **3,00,000** |
| = ચોખ્ખી મિલકત | 50,7000 |
| બાદ : પ્રેફરન્સ શૅરમૂડી | 2,00,000 |
| રોકાયેલી મૂડી | 3,07,000 |

(2) અપેક્ષિત નફો $= \frac{\text{રોકાયેલીમૂડી} \times \text{અપેક્ષિત વળતરનો દર}}{100}$

$$= \frac{3,07,000 \times 10}{100}$$

= રૂ. 30,700

(3) સરેરાશ વાર્ષિક નફો

| **વર્ષ** | **કરવેરા પહેલાનો નફો (રૂ.)** |
|---|---|
| 2015-16 | 3,00,000 |
| 2016-17 | 2,20,000 |
| 2017-18 | 1,40,000 |

6,60,000 ÷ 3 ÷ રૂ. 2,20,000

કરવેરા પહેલાનો નફો રૂ.2,20,000

| | |
|---|---|
| બાદ : બાંધી મુદતની થાપણનું વ્યાજ | રૂ.20,000 |
| | 20,00,000 |
| બાદ : કરવેરા 50% | 1,00,000 |
| = કરબાદ નફો | 1,00,000 |
| બાદ : પ્રેફરન્સ શેર ડિવિડન્ડ | 20,000 |
| = સરેરાશ વાર્ષિક નફો | 80,000 |

(4) અધિક નફો = સરેરાશ વાર્ષિક નફો – અપેક્ષિત વળતર

= 80,000 – 30,700

= રૂ. 49,300

(5) પાઘડી = અધિક નફો × 2

= 49,300 × 2

= રૂ. 98,600

## <u>સ્વાધ્યાય</u>

(1) પાઘડીનો અર્થ આપી પાઘડીની ગણતરી (મૂલ્યાંકન) કરવાનાં સંજોગો જણાવો.

(2) પાઘડીની કિંમતને અસર કરતાં પરિબળો સમજાવો.

(3) પાઘડીની ગણતરીની જુદી જુદી પદ્ધતિઓ સમજાવો.

(4) વિવિધ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદ કરી જવાબ આપો.

(1) ધંધામાં જોખમનું પ્રમાણ વધારે હોય તો પાઘડી ----

(અ) સામાન્ય હોય (બ) વધુ હોય (ક) ઓછી હોય (ડ) શૂન્ય હોય

**જવાબ : (બ)**

(2) અધિક નફો = ----

(અ) સરેરાશ નફો - અપેક્ષિત નફો (બ) સરેરાશ નફો + અપેક્ષિત નફો

(ક) અપેક્ષિત નફો - સરેરાશ નફો (ડ) અપેક્ષિત નફો + સરેરાશ નફો

**જવાબ : (અ)**

(3) અપેક્ષિત વળતરના દરના આધારે સરેરાશ નફાની મૂડીકૃત કિંમત = ----

(અ) અધિક નફો (બ) ભારિત સરેરાશ નફો

(ક) પાઘડી (ડ) મૂડીકૃત નફો

**જવાબ : (ડ)**

(4) નફામાં વધઘટ થતી હોય ત્યારે પાઘડીના મૂલ્યાંકન વખતે કયો નફો ધ્યાનમાં લેવાય છે.

(અ) મૂડીકૃત નફો (બ) સાદો સરેરાશ નફો

(ક) ભારિત સરેરાશ નફો (ડ) અધિક નફો

**જવાબ : (બ)**

(5) મૂડીકરણની રીતે પાઘડી = ----

(અ) મિલકત - દેવા (બ) મૂડીકૃત નફો - ચોખ્ખી મિલકત

(ક) મૂડીકૃત નફો + ચોખ્ખી મિલકત (ડ) ચોખ્ખી મિલકત - મૂડીકૃત નફો

**જવાબ : (બ)**

(6) વર્ષો વર્ષ નફાની રકમમાં સતત વધારો થતો હોય ત્યારે પાઘડી ગણતાં ---- નફો ધ્યાનમાં લેવાશે.

(અ) સાદો સરેરાશ નફો (બ) મૂડીકૃત નફો

(ક) ભારિત સરેરાશ નફો (ડ) અધિક નફો

**જવાબ : (ક)**

(7) પાઘડીનું મૂલ્યાંકન કરતી વખતે ધંધામાં રોકાયેલી મૂડી કે સરેરાશ રોકાયેલી મૂડી નક્કી કરતી વખતે ---- પ્રકારના રોકાણો ધ્યાનમાં લેવાતાં નથી.

(અ) કાયમી રોકાણો (બ) બિન ધંધાકીય રોકાણો

(ક) ધંધાકીય રોકાણો (ડ) ચાલુ રોકાણો

**જવાબ : (બ)**

(8) સરેરાશ નફાના મૂડીકરણના ધોરણે પાઘડીની કિંમતની ગણતરી કરો.

| | |
|---|---|
| ધંધાનો વાર્ષિક સરેરાશ નફો | રૂ. 38,400 |
| ધંધાની કુલ મિલકત | રૂ. 11,20,000 |
| ધંધાના કુલ દેવા | રૂ. 6,40,000 |
| અપેક્ષિત વળતરનો દર | 6% |

(અ) રૂ. 1,60,000 (બ) 2,88,000 (ક) રૂ. 6,40,000 (ડ) 1,05,600

**જવાબ : (અ)**

(9) પાઘડીનું મૂલ્યાંકન કરતી વખતે ધંધામાં રોકાયેલી મૂડી કે સરેરાશ રોકાયેલી મૂડી નક્કી કરતી વખતે કયા પ્રકારનાં રોકાણો ધ્યાનમાં લેવાતા નથી ?

(અ) કાયમી રોકાણો (બ) બિન ધંધાકીય રોકાણો

(ક) ધંધાકીય રોકાણો (ડ) ચાલુ રોકાણો

**જવાબ : (બ) બિન ધંધાકીય રોકાણો**

(10) ધંધાની કુલ મિલકત રૂ. 18,00,000 દેવા 10,00,000 અપેક્ષિત વળતર દર 12.5%, વાર્ષિક સરેરાશ નફો રૂ.1,16,000 હોય ત્યારે મૂડીકૃત નફાના ધોરણે પાઘડી શોધો.

(અ) રૂ. 1,25,000 (બ) 4,00,000 (ક) રૂ. 1,28,000 (ડ) 1,16,000

**જવાબ : (ક)**

## <u>વ્યવહારિક દાખલા</u>

(1) A, B અને C એક પેઢીના ભાગીદારો છે. તેમનું નફાનુકશાન પ્રમાણ 2:2:1 છે. ભાગીદારી કરારમાં ભાગીદારના મૃત્યુ પેઢીની પાઘડી છેલ્લા સાત વર્ષના સરેરાશ નફાની ચાર વર્ષની ખરીદી જેટલી ગણવી. C મૃત્યુ પામે છે. તો પાઘડીની રકમ શોધો. છેલ્લા સાત વર્ષનો નફો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| 1 | રૂ.20,000 (મકાન વેચાણના નફા રૂ. 10,000 સહિત) |
| 2 | રૂ.12,500 |
| 3 | રૂ.22,500 |
| 4 | રૂ.25,000 (વીમા પ્રીમિયમ રૂ. 5,000 નોંધાયેલ નથી) |
| 5 | રૂ.10,000 |

6 રૂ.25,000

7 રૂ.22,500

**જવાબ :** સરેરાશ નફો રૂ. 17,500, પાઘડી રૂ. 70,000

(2) નીચેની માહિતી પરથી છેલ્લા ચાર વર્ષના ભારિત નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે પાઘડી શોધો.

| વર્ષ | નફો |
|---|---|
| 31-3-2015 | 20,200 |
| 31-3-2016 | 24,800 |
| 31-3-2017 | 20,000 |
| 31-3-2018 | 30,000 |

નફાને અનુક્રમે 1, 2, 3 અને 4 ભાર આપો. 2016-2017ના વર્ષમાં મકાન સમારકામ રૂ. 6,000 મહેસૂલી ખર્ચ ગણેલ જે મૂડી ખર્ચ ગણવાનો છે. તેમજ દર વર્ષે સંચાલન ખર્ચ રૂ. 48,00 વધારાના ગણવાના રહી ગયેલ છે.

**જવાબ :** હવાલા પછી નો નફો અનુક્રમે રૂ. 15,400, 20,000, 21,200 અને 25,000. ભારિત સરેરાશ નફો રૂ. 21,980 × 3 = 65,940. પાઘડી = 65,940)

(3) નીચેની માહિતીને આધારે સરેરાશ નફાના મૂડીકરણની રીતે ધંધાની પાઘડી શોધો.

| | |
|---|---|
| ધંધાની કુલ મિલકત | 2,00,000 |
| ધંધાના કુલ દેવા | 50,000 |

છેલ્લા પાંચ વર્ષનો નફો અનુક્રમે

રૂ. 24,000, રૂ.20,000, રૂ.32,000, રૂ.24,000 અને રૂ. 30,000 વાર્ષિક મેનેજરને રૂ. 5,000નો પગાર આપવાનો બાકી રહી ગયેલ છે. જ્યારે ઑફિસભાડું રૂ. 4,000 વધારાનું ચૂકવાઈ ગયેલ છે. જે ભવિષ્યમાં ચૂકવવાનું નથી.

અપેક્ષિત વળતર દર 10% છે.

**જવાબ :** પાઘડી : રૂ. 1,00,000, ચોખ્ખો નફો રૂ. 25,000, મૂડીકૃત નફો રૂ. 2,50,000, ચોખ્ખો મિલકત રૂ. 1,50,000)

4. નીચેની માહિતીને આધારે પેઢીની પાઘડી (1) અધિક નફાની 4 ગણી (2) સરેરાશ નફાના મૂડીકરણની રીતે તેમજ (3) અધિક નફાના મૂડીકરણની રીતે ગણો.

| | |
|---|---|
| (1) પરચૂરણ મિલકત | રૂ. 9,27,342 |
| (2) ચાલુ જવાબદારી | રૂ. 52,492 |
| (3) નફો અનુક્રમે | રૂ. 1,19,500, રૂ. 1,17,000, રૂ. 1,22,000, રૂ. 1,23,500 |
| (4) સરેરાશ મૂડીરોકાણ | રૂ. 90,00,00 |
| (5) સામાન્ય વાર્ષિક મેનેજરનો પગાર | રૂ. 18,000 |
| (6) અપેક્ષિત વળતરનો દર = 10% | |

**જવાબ** (1) અધિક નફાને આધારે પાઘડી રૂ. 50,000

સરેરાશ નફો રૂ. 1,20,500 - 18,000 પગાર - અપેક્ષિત નફો 90,000 = અધિક નફો

12,500 × 4 ગણી = 50,000

(2) નફાનું મૂડીકરણ પ્રમાણે પાઘડી = 1,50,150

નફો હવાલા પછીનો 1,02,500

નફાનું મૂડીકરણ 10% પ્રમાણે 10,25,000

ચો. મિલકત રૂ. 8,74,850

(3) અધિક નફો 12,500, 10 % અપેક્ષિત દર પ્રમાણે મૂડીકરણ = 1,25,000

(5) નીચેની માહિતી પરથી અધિક નફાની 5 વર્ષની ખરીદીને આધારે પેઢીની પાઘડી નક્કી કરો.

| | |
|---|---|
| (1) સરેરાશ રોકાયેલી મૂડી | રૂ.5,00,000 |
| (2) અપેક્ષિત વળતરનો દર | 12% |
| (3) ભાગીદારોનો વાર્ષિક પગાર | રૂ.40,000 |
| (4) સરેરાશ વાર્ષિક નફો | રૂ. 1,20,000 |

**જવાબ :** પાઘડી રૂ.80,000, સરેરાશ નફો રૂ. 80,000

(6) પેઢીની કુલ મિલકત રૂ.9,50,000 જ્યારે દેવા રૂ.2,30,000 છે. સરેરાશ નફો રૂ. 1,13,400 છે અધિક નફાની બે વર્ષની ખરીદીને આધારે પાઘડીની કિંમત રૂ.1,00,000 છે. તો પેઢીની રોકાયેલી મૂડી પર અપેક્ષિત વળતર દર શોધો.

**જવાબ :** અપેક્ષિત વળતર દર 12%

| | |
|---|---|
| રોકાયેલી મૂડી | રૂ.7,20,000 |
| અધિક નફો | રૂ.50,000 |
| અપેક્ષિત નફો | રૂ.86,000 |

અપેક્ષિત દર $= \dfrac{86,400 \times 100}{7,20,000} = 12\%$

(7) એક કંપનીનો કરવેરોની જોગવાઈ પછીનો છેલ્લો પાંચ વર્ષનો નફો અનુક્રમે રૂ.48,000, રૂ.41,000, રૂ.44,000, રૂ.45,000 અને રૂ.42,000 છે.

ધંધામાં રોકાયેલી મૂડી 3,00,000, અપેક્ષિત વળતર દર = 10%

એન્યુઈટી કોઠા મુજબ દર રૂ. 3.78 હોય તો પાઘડીની કિંમત શોધો.

**જવાબ :** પાઘડી રૂ.52,920, અધિક નફો રૂ.14,000, સરેરાશ નફો રૂ.44,000, અપેક્ષિત નફો 30,000, પાઘડી = 14,000 × 3.78 = 52,920)

(8) રિયાન બ્રધર્સનું તા. 31-3-2018 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| **જવાબદારી** | | **રકમ રૂ.** | **મિલકત** | **રકમ રૂ.** |
|---|---|---|---|---|
| મૂડી | | | જમીન-મકાન | 5,60,000 |
| રિયાન | 2,60,000 | | યંત્રો | 2,40,000 |
| વિશાલ | 2,40,000 | 5,00,000 | દેવાદારો | 12,000 |
| લેણદારો | | 60,000 | સ્ટૉક | 1,60,000 |
| લોન | | 2,80,000 | રોકડ | 12,000 |
| | | **8,40,000** | | **8,40,000** |

કંપનીનો છેલ્લાં 3 વર્ષનો નફો નીચે મુજબ હતો.

| | |
|---|---|
| 2017-18 | 1,20,000 |
| 2016-17 | 1,00,000 |
| 2015-16 | 40,000 |

પેઢી આવતા વર્ષથી મેનેજરની નિમણૂંક કરશે તેને વાર્ષિક રૂ. 20,000 પગાર આપવો પડશે. પેઢીએ તા. 31-3-2018 ના રોજ નવું મકાન ખરીદેલ હોવાથી મકાનનું ભાડું વાર્ષિક રૂ. 40,000 આપવું પડશે નહિ. બૅન્ક ડિપોઝીટ પર વ્યાજનો દર 8% છે. જ્યારે ધંધામાં જોખમ વળતરનો દર 2% છે. ઉપરની માહિતીને આધારે

(1) સરેરાશ નફાના મૂડીકરણને આધારે તેમજ

(2) અધિક નફાના મૂડીકરણને આધારે પાઘડીની ગણતરી કરો.

**(જવાબ :** રોકાયેલી મૂડી રૂ. 5,00,000, સરેરાશ નફો રૂ. 1,20,000, મૂડીકૃત નફો રૂ. 12,00,000, પાઘડી રૂ. 7,00,000)

**જવાબ :** (1) સરેરાશ નફાના મૂડીકરણને આધારે પાઘડી

જ. (i) ચોખ્ખી મિલકત = કુલ મિલકત – કુલ દેવા

= 4,20,000 – 1,70,000

= 2,50,000

(ii) સરેરાશ નફો ભવિષ્યમાં જાળવી શકાય તેવો.

(9) આશા લિમિટેડનું તા. 31-3-2018 ના રોજનું પાકું સરવૈયું

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકત | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | | જમીન-મકાન | 19,00,000 |
| (રૂ. 10નો એક એવો | | યંત્રો | 6,00,000 |
| 2,00,000 | | ચાલુ મિલકત | 4,75,000 |
| ઈક્વિટી શૅર | 10,00,000 | પ્રાથમિક ખર્ચ | 25,000 |
| 10%ની પ્રૅફરન્સ શૅરમૂડી | | 2,80,000 | |
| (રૂ. 10નો એક એવા | | | |
| 40,000 શૅર | 2,50,000 | | |
| સામાન્ય અનામત | 2,00,000 | | |
| નફા નુકશાન ખાતુ | 2,00,000 | | |
| લેણદારો | 1,50,000 | | |
| પ્રોવિડન્ડ ફંડ | 1,00,000 | | |
| કારીગર બચત ફંડ | 1,00,000 | | |
| | **20,00,000** | | **20,00,000** |

**વધારાની માહિતી :**

(1) જમીન, મકાન, યંત્રો તથા ચાલુ મિલકતની બજાર કિંમત અનુક્રમે રૂ. 10,00,000, રૂ. 4,00,000 અને રૂ. 4,50,000 છે.

(2) આ કંપનીના જેવો જ ધંધો કરતી અને ડિવિડન્ડ આપતી કંપનીના ઇક્વિટી શૅરની બજાર કિંમત તેની વસૂલ રકમ કરતાં બે ગણી છે.

(3) 60% લેખે કરવેરાની જોગવાઈ કર્યા પહેલાંનો છેલ્લાં ચાર વર્ષનો નફો અને ઉપયોગમાં લેવાનો યોગ્ય ભાર નીચે મુજબ છે.

ઉપરની માહિતી પરથી અધિક નફાની ચાર વર્ષની કિંમતના આધારે પાઘડીની કિંમત શોધો.

**(જવાબ :** રોકાયેલી મૂડી રૂ. 12,50,000
અપેક્ષિત નફો રૂ. 1,00,000
સરેરાશ નફો રૂ. 1,10,000
અધિક નફો રૂ. 10,000
પાઘડી રૂ. 40,000

(10) કર્મ પ્રા. લિ. નું તા. 31-3-2018 ના રોજનું પાકું સરવૈયું

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકત | રકમ રૂ. |
|---|---|---|---|
| ઇક્વિટી શૅરમૂડી | | જમીન-મકાન | 3,00,000 |
| (રૂ. 10નો એક તેવા) | 3,00,000 | યંત્રો | 2,70,000 |
| | | ફર્નિચર | 30,000 |
| સામાન્ય અનામત | 45,000 | સ્ટોક | 90,000 |
| 10%ની લોન | 4,50,000 | દેવાદારો | 1,05,000 |
| લેણદારો | 60,000 | બૅન્ક | 60,000 |
| દેવીહૂંડી | 45,000 | સંશોધન - વિકાસ ખર્ચ | 45,000 |
| | **9,00,000** | | **9,00,000** |

**વધારાની માહિતી :**

(1) કાયમી મિલકતની કિંમત 10% વધારે ગણવી.

(2) કરવેરા બાદ છેલ્લા ત્રણ વર્ષનો નફો નીચે મુજબ છે.

| **વર્ષ** | **નફો (રૂ.)** |
|---|---|
| 2015-16 | 30,000 |
| 2016-17 | 75,000 |
| 2017-18 | 1,20,000 |

(3) અપેક્ષિત વળતરનો દર 10% છે.

(4) છેલ્લા ત્રણ વર્ષના ભારિત સરેરાશ નફાને આધારે અધિક નફાની બે વર્ષની ખરીદીને આધારે પાઘડીની ગણતરી કરો.

**(જવાબ :** રોકાયેલી મૂડી રૂ. 3,60,000
અપેક્ષિત નફો રૂ. 36,000

| | |
|---|---|
| વાર્ષિક સરેરાશ નફો | રૂ. 90,000 |
| અધિક નફો | રૂ. 52,500 |
| પાઘડી | રૂ. 1,05,000 |

(11) અક્ષર પ્રા. લિ. નું તા. 31-3-2018 ના રોજનું પાકું સરવૈયું

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકત | રકમ રૂ. |
|---|---|---|---|
| 90,000 ઇક્વિટી શૅર | | પાઘડી | 1,20,000 |
| દરેક રૂ. 10નો | 9,00,000 | કાયમી મિલકત | 7,40,000 |
| 40,000, 10%ના | | 10% ની સરકારી | |
| પ્રેફરન્સ શૅર | | જામીનગીરીઓ | 4,00,000 |
| 10%નો | 4,00,000 | પ્રૉવિડન્ડ ફંડના રોકાણો | 2,20,000 |
| સામાન્ય અનામત | 2,00,000 | દેવાદારો | 2,60,000 |
| લેણદારો | 1,60,000 | સ્ટૉક | 2,84,000 |
| દેવીહૂંડી | 40,000 | બૅન્ક | 36,000 |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ | 60,000 | જાહેરાત ઝૂંબેશ ખર્ચ | 40,000 |
| કરવેરાની જોગવાઈ | 1,40,000 | | |
| પ્રૉવિડન્ડ ફંડ | 2,00,000 | | |
| | **21,00,000** | | **21,00,000** |

**વધારાની માહિતી :**

(1) કાયમી મિલકતની બજાર કિંમત 10% વધારે છે.

(2) ચાલુ વર્ષ દરમ્યાન કરવેરાની જોગવાઈ નફાના 50% લેખે કરેલ છે.

(3) વર્ષ 2015-16 નો તેમજ વર્ષ 2016-17 નો 50% કરવેરો પહેલાંનો નફો અનુક્રમે રૂ. 6,00,000 અને રૂ. 4,40,000 હતો.

(4) છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ નફાને આધારે અધિક નફાની બે ગણી પાઘડી ગણો.

(5) અપેક્ષિત વળતરનો દર 10% છે.

(**જવાબ** : રોકાયેલી મૂડી રૂ. 6,14,000, અપેક્ષિત નફો રૂ. 61,400, સરેરાશ વાર્ષિક નફો રૂ. 1,60,000, અધિક નફો રૂ. 98,600, પાઘડી રૂ. 1,97,200)

એકમ 2

# શેરનું મૂલ્યાંકન (Valuation of Shares)

: રૂપરેખા :


2.1 પ્રસ્તાવના

2.2 શૅરના મૂલ્યાંકનને અસર કરતા પરિબળો

2.3 શૅરના મૂલ્યાંકનની જરૂરિયાત

2.4 શૅરના મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓ

2.5 હક્કના શૅરનું મૂલ્યાંકન

2.6 બોનસ શૅરનું મૂલ્યાંકન

- સ્વાધ્યાય
- વ્યવહારિક દાખલા


## 2.1 પ્રાસ્તાવિક :

વર્તમાન સમયમાં ધંધાના પ્રકારોમાં એકાકી પેઢી ભાગીદારી પેઢી, ખાનગી કંપની અને જાહેર કંપની જેવા વિવિધ સ્વરૂપ અસ્તિત્ત્વમાં છે.જેમાંથી એકાંકી પેઢી અને ભાગીદારી પેઢી શૅર બહાર પાડી શકતી નથી. જ્યારે ખાનગી કંપની માત્ર પોતાનાં અંગત સભ્યોને જ શૅર આપી શકે છે. તે જાહેર જનતાને શૅર ખરીદવા માટે આમંત્રણ આપી શકતી નથી. માત્ર જાહેર કંપની જ શૅર ખરીદવા માટે જાહેર જનતાને આમંત્રણ આપે છે અને તેના દ્વારા મૂડી એકત્રિત કરે છે. આમ જાહેર કંપની જ શૅર બહાર પાડી મૂડી મેળવી શકે છે.

**શૅરનો અર્થ :** શૅર એટલે કંપનીની કુલ મૂડીને નાના-નાના વિભાગોમાં ફેરબદલી કરી શકાય તેમ ભાગોમાં વહેંચવામાં આવે છે અને આવા દરેક ભાગને શૅર તરીકે ઓળખવામાં આવે છે. શૅરના મુખ્ય બે પ્રકાર છે. (1) ઈક્વિટી શૅર (2) પ્રેફરન્સ શૅર. જેમાં કંપનીએ ઈક્વિટી શૅર બહાર પાડવા ફરજિયાત છે. જ્યારે પ્રેફરન્સ શૅર બહાર પાડવા ફરજિયાત નથી. જ્યારે શૅર બહાર પાડવામાં આવે છે ત્યારે શૅર કોઈ એક નિશ્ચિત કિંમતથી બહાર પાડવામાં આવે છે. બીજી કિંમત છે શૅરની દાર્શનિક કિંમત હોય છે. શૅરની બજાર કિંમત શૅરની દાર્શનિક કિંમત કરતા વધુ કે ઓછી હોય છે. શૅરની બજાર કિંમત જે તે કંપનીની આર્થિક અને નાણાંકીય સ્થિતિને આધારે નક્કી થતી હોય છે.

શૅરની લેવડ-દેવડ શૅર બજારમાં થતી હોય છે. તેમાં ખરીદનાર અને વેચનારને આધારે શૅરનો બજાર ભાવ નક્કી થતો હોય છે. ખાનગી કંપનીના શૅરનું શૅર બજારમાં ખરીદ-વેચાણ થતું નથી. તેના પર આર્ટિકલ્સ ઓફ એસોસિયેશન દ્વારા નિયંત્રણ મૂકવામાં આવેલ છે.

શૅરના બજારભાવને કંપનીની આર્થિક સ્થિતિ સિવાય પણ ઘણા બધા પરિબળો અસર કરતા હોય છે. જેવા કે સરકારી નીતિ, બૅંક દર, ફુગાવાની સ્થિતિ, દેશની રાજકીય પરિસ્થિતિ વગેરે જેવા પરિબળો પણ શૅરના બજાર ભાવને અસર કરતા જોવા મળે છે.

**શૅરનું મૂલ્યાંકન એટલે** જે તે તારીખે શૅરની ઉપજી શકતી કિંમત. આમ આ પ્રકરણમાં આપણે કંપનીની શૅરની બજારમાં ઉપજી શકતી કિંમત શોધવાનો એટલે કે શૅરનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરીશું.

## 2.2 શૅરનાં મૂલ્યાંકનને અસર કરતા પરિબળો :

શૅરના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળોને બે વિભાગ વહેંચી શકાય છે.

(A) કંપનીના આંતરિક પરિબળો

(B) કંપની બહારનાં પરિબળો એટલે કે બાહ્ય પરિબળો.

**(A) કંપનીનાં આંતરિક પરિબળો :**

કંપનીના આંતરિક પરિબળો એટલે એવા પરિબળો છે કે જેના ઉપર કંપનીના સંચાલકો અંકુશ ધરાવતા હોય. આવા પરિબળો નીચે મુજબ છે.

**(1) ધંધાની આર્થિક સ્થિતિ :** ધંધાની આર્થિક સ્થિતિ એટલે કે ધંધા પાસે રહેલ મિલકત અને જવાબદારી જે ધંધા પાસે દેવા કરતા મિલકતનું પ્રમાણ વધુ હોય તો તેવા ધંધાના શૅરની કિંમત વધુ હોઈ શકે છે. જ્યારે એનાથી વિપરિત સ્થિતિ હોય એટલે કે ધંધામાં મિલકતકરતા દેવું વધુ હોય તો તેવા ધંધાના શૅરની કિંમત નીચી હોઈ શકે છે. આમ ધંધાની આર્થિક સ્થિતિ શૅરના મૂલ્યાંકનને અસર કરે છે.

**(2) કંપનીની નફાકારકતા :** કંપનીની નફાકારકતા એટલે કંપનીની નફો કમાવવાની ક્ષમતા જે કંપનીની નફાકારકતા વધુ હશે તે ધંધાના શૅરની કિંમત વધુ ઊંચી જઈ શકે છે અને જે ધંધામાં નફાકારકતા ઓછી હશે તેવા ધંધાના શૅરનું મૂલ્ય ઓછું નક્કી થતું જોવા મળે છે. કંપનીની નફાકારકતા એ શૅરના મૂલ્યને અસર કરતું અગત્યનું પરિબળ છે.

**(3) ડિવિડન્ડની ચૂકવણી :** જે ધંધામાં નિયમિત રીતે શૅર હોલ્ડરને ડિવિડન્ડ યોગ્ય દરે અથવા દર વર્ષે વધતા દરે ચૂકવવામાં આવે તેવા શૅરનું મૂલ્ય બજારમાં વધુ જોવા મળે છે. અને જે કંપની દ્વારા નિયમિત રીતે ડિવડન્ડ ચૂકવવામાં નથી આવતું તેવા ધંધાનું શૅરનું મૂલ્ય ઓછું જોવા મળે છે. જ્યારે લોકો કોઈ કંપનીના શૅર ખરીદવાનું નક્કી કરતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે કંપની દ્વારા ચૂકવતા ડિવિડન્ડની રકમ પણ તપાસતા હોય છે અને તેને આધારે તેઓ તે શૅર જે તે કિંમતે ખરીદવા કે નહીં તેનો નિર્ણય કરતા હોય છે.

**(4) કંપનીની શાખ અને પ્રતિષ્ઠા :** સામાન્ય રીતે જે કંપનીની બજારમાં શાખ અને પ્રતિષ્ઠા સારી હોય છે. તેવા ધંધાના શૅરનું મૂલ્યાંકન પણ ઊંચી કિંમત કરવામાં આવતું હોય છે કારણ કે લોકોને તે ધંધા ઉપર વિશ્વાસ હોય છે કે તેના રોકાણનું તેને યોગ્ય વળતર મળી રહેશે. આમ કંપનીની શાખ અને પ્રતિષ્ઠા પણ શૅરના મૂલ્યાંકનને અસર કરે છે.

**(5) કંપનીનું મૂડી માળખું :** મૂડી માળખું એટલે કંપનીમાં કેટલા પ્રકારની મૂડીની બનેલ છે એટલે કે કંપનીની માલિકીની મૂડી કેટલી છે ? અને ઉછીની મૂડી કેટલી છે. માલિકીની મૂડી અને ઉછીની મૂડીનું પ્રમાણ પણ કંપનીના શૅરના મૂલ્યાંકનને અસર કરે છે.

**(B) બાહ્ય પરિબળો :**

બાહ્ય પરિબળો એટલે એવા પરિબળો કે જેના ઉપર સંચાલકોનો કોઈ કાબુ હોતો નથી. આવા પરિબળો નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) સરકારી નીતિ :** જે ધંધાને અનરૂપ સરકારી નીતિ હોય છે. તેવા પ્રકારના ધંધાના શૅરનું મૂલ્ય ઊંચું જોવા મળે છે. સરકારી નીતિ જે તે સરકારના નિર્ણયપર આધારિત હોય છે. આમ, સરકારી નીતિ પર સંચાલકોનો કોઈપણ કાબુ હોતો નથી. જો સરકારી નીતિ ધંધાને અનુકૂળ હોય તો તે ધંધાના શૅરનું મૂલ્ય ઊંચુ જોવા મળે છે અને જે ધંધાને પ્રતિકૂળ સરકારી નીતિ હોય તેવા ધંધાના શૅરનું મૂલ્ય નીચું જોવા મળે છે.

**(2) દેશની રાજકીય પરિસ્થિતિ :** જો દેશની રાજકીય પરિસ્થિતિ સ્થિર હોય તો, તે દેશનો વિકાસ પણ સારી રીતે થતો જોવા મળે છે. અને જો દેશનો વિકાસ થશે તો તેની સાથે દેશની અંદર રહેલા ઉદ્યોગોનો પણ વિકાસ થતો જોવા મળે છે આમ જે દેશમાં રાજકીય સ્થિરતા જોવા મળે છે. તેવા દેશના ઉદ્યોગનો વિકાસ પણ સારી રીતે થતો હોય છે જેને કારણે શૅરનાં મૂલ્યમાં વધારો થતો જોવા મળે છે. આથી વિપરિત સ્થિતિ જોવા મળે તો શૅરના મૂલ્યાંકનમાં ઘટાડો જોવા મળે છે.

(3) **રોકાણકારોનું વલણ :** દેશના રોકાણકારોની શૅરમાં નાણાં રોકવાની ઈચ્છા પણ શૅરનાં મૂલ્યાંકનને અસર કરે છે. હાલના સમયમાં દેશના રોકાણકારો જમીન-મકાન, સોના-ચાંદી વગેરે જેવી વસ્તુઓમાં રોકાણ કરવાની સાથે સાથે શૅરમાં પણ રોકાણ કરવાનું વલણ વધતું જોવા મળે છે. રોકાણકારો જુદાજુદા ક્ષેત્રોમાંથી જે ક્ષેત્રમાં રોકાણ કરે છે તેવા ક્ષેત્રની કંપનીના શૅરનું મૂલ્યાંકન વધુ હોય છે. આમ રોકાણકારોનું રોકાણ કરવાનું વલણ શૅરનાં મૂલ્યાંકનને અસર કરે છે.

(4) **બજારની પરિસ્થિતિ :** જો બજારમાં તેજીની પરિસ્થિતિ હોય તો કંપનીના શૅરનું મૂલ્યાંકન વધુ હોય છે અને જો બજારમાં મંદીની પરિસ્થિતિ જોવા મળતી હોય તો ત્યારે કંપનીના શૅરનું મૂલ્યાંકન નીચું આંકવામાં આવતું હોય છે.

## 2.3 શૅરનાં મૂલ્યાંકનની જરૂરિયાત :

શૅરના મૂલ્યાંકન અંગેની જરૂરિયાત નીચે મુજબની છે.

- કંપનીઓનાં સંયોજન, સમાવેશ અને પુનઃરચના વખતે શૅરનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.
- જ્યારે પ્રેફરન્સ શૅરનું ઈક્વિટી શૅરમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે શૅરનું મૂલ્યાંકન જરૂરી છે.
- ભાગીદારી પેઢીના વિસર્જન સમયે જો પેઢી મિલકત તરીકે શૅર ધરાવતી હોય તો તેવા સમયે શૅરનું મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.
- જ્યારે કોઈ એક કંપની બીજી કંપનીના સંચાલન પર અંકુશ મેળવવા માંગતી હોય ત્યારે તે કંપની મોટા જથ્થામાં શૅરની ખરીદી કરતા હોય છે અ તેવા સંજોગામાં શૅરની વ્યાજબી કિંમત નક્કી કરવા માટે શૅરનું મૂલ્યાંકન જરૂરી બને છે.
- કંપનીને જ્યારે ધિરાણ મેળવવાની જરુર હોય ત્યારે કંપની ધિરાણ સામે તારણ તરીકે જો શૅર આપતી હોય તો તેવા સંજોગામાં શૅરનું વર્તમાન મૂલ્ય નક્કી કરવું જરૂરી છે.
- જ્યારે ખાનગી ક્ષેત્રની કંપનીઓનું જાહેર ક્ષેત્રમાં રૂપાંતર કરે ત્યારે કંપનીઓના શૅર હોલ્ડરોને વળતર ચૂકવવા શૅરનું વર્તમાન મૂલ્ય આંકવું જરૂરી બને છે.
- જાહેર કંપનીના શૅરના ભાવ પર આંતરીક તેમજ બાહ્ય પરીબળો અસર કરતા હોય છે. આવા સંજોગોમાં કંપનીની આર્થિક સ્થિતિના સંદર્ભમાં શૅરની વ્યાજબી કિંમત નક્કી કરવા શૅરનું મૂલ્યાંકન જરૂરી છે.

## 2.4 શૅરના - મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓ અને વ્યાવહારિક ઉદાહરણો :

શૅરના મૂલ્યાંકનની મુખ્ય બે પદ્ધતિઓ છે.

(1) શૅરની આંતરીક કિંમત

(2) શૅરની બજાર કિંમત

આમ છતાં જુદા-જુદા હેતુસર શૅરનું મૂલ્યાંકન નીચેની ત્રણ પદ્ધતિએ કરવામાં આવે છે.

(1) શૅરની આંતરીક કિંમત

(2) શૅરની બજાર કિંમત

(3) શૅરની વ્યાજબી કિંમત

### 2.4.1 શૅરની આંતરિક કિંમતની પદ્ધતિ :

**શૅરની આંતરિક કિંમત શોધવા માટે ચોખ્ખી મિલકતની ગણતરી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા**

(1) પ્રશ્નમાં જે મિલકતની નવી કિંમત આપેલી હોય તો નવી કિંમત ધ્યાનમાં લેવી

(2) પ્રશ્નમાં પાઘડીની નવી કિંમત આપેલી હોય ત્યારે પાઘડીની નવી કિંમત ધ્યાનમાં લેવી. નવી કિંમત આપેલ ન હોય તો જૂની પાઘડી ધ્યાનમાં ન લેવી.

(3) જો કોઈ મિલકતની નવી કિંમત આપેલ ન હોય ત્યારે ચોપડે કિંમત જ ધ્યાનમાં લેવી પરંતુ તે મિલકતનું ઘસારા ભંડોળ પાકું સરવૈયુંમાં મૂડી-દેવા બાજુ દર્શાવેલ હોય તો ઘસારા ભંડોળ મિલકતની કિંમતમાંથી બાદ કરવું. પરંતુ જો મિલકતની નવી કિંમત હોય તો ઘસારા ભંડોળ બાદ થશે નહિ, માત્ર નવી કિંમત ધ્યાનમાં લેવી.

(4) ચોખ્ખી મિલકતગણતી વખતે અવાસ્તવિક મિલકતધ્યાનમાં લેવી જોઈએ નહિ. કારણકે બજારમાં તેનું કશું પણ ઉપજી શકતું નથી. દા.ત. બાહેધરી કમિશનના પ્રાથમિક અને પ્રસારિત ખર્ચા, ડિબેન્ચર અને શૅરવટાવ વગેરે ધ્યાનમાં લેવાશે નહિ.

(5) કુલ દેવા ગણતી વખતે નફા-નુકશાન ખાતુ, મૂડી અનામત, સામાન્ય - અનામત ધ્યાનમાં ન લેવા જોઈએ.

(6) જ્યારે કંપનીનું વિસર્જન થાય ત્યારે જો કંપનીના મૂડી માળખામાં ઈક્વિટી પ્રૅફરન્સ શૅર અને પ્રૅફરન્સ શૅર બન્ને હોય તો સૌપ્રથમ વિસર્જન સમયે પ્રૅફરન્સ શૅર પર કંપની નિશ્ચિત ડિવિડન્ડ ચૂકવે છે. તેથી પ્રૅફરન્સ શૅરમૂડી પણ ચો.મિ. ગણતી વખતે ધ્યાનમાં લેવામાં આવતી નથી.

(7) જ્યારે પાઘડીનું મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે માત્ર ધંધાકીય રોકાણો જ ધ્યાનમાં લેવાશે. પરંતુ જ્યારે શૅરનું મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે ધંધાકીય તેમજ બિનધંધાકીય બન્ને પ્રકારના રોકાણો ધ્યાનમાં લેવામાં આવશે.

**ધંધાકીય રોકાણો :** ગૌણ કંપનીના શૅર, ડિબેન્ચર પરત નિધિના રોકાણો, ઘસારાફંડના રોકાણો, પ્રો.ફંડના રોકાણો, સિકિંગફંડના રોકાણો કુલ મિલકતની ગણતરી કરતી વખતે ધ્યાનમાં લેવાશે.

**ઉદા.1** નીચેની માહિતી પરથી ઇક્વિટી શૅરની આંતરિક કિંમત શોધો. માહી કંપની પાસે કુલ મિલકત 80,00,00 છે અને કુલ દેવા રૂ. 20,00,00 છે. કંપની દરેક રૂ.100નો એવા 3,000 ઈક્વિટી શૅર ધરાવે છે.

**જવાબ :** ચો. મિલકત = કુલ મિલકત- કુલ દેવા

= 8,00,000 - 2,00,000

= 60,00,00

$$\text{ઈક્વિટી શૅરની આંતરિક કિંમત} = \frac{\text{ઈક્વિટી શૅર હોલ્ડરોને ફાળે આવતી ચોખ્ખી મિલકત}}{\text{ઈક્વિટી શૅરની સંખ્યા}}$$

$$= \frac{6,00,000}{3,000}$$

= રૂ. 2,00

**ઉદા-2** યોગેશ કંપની દરેક રૂ.100નો અવી 5,000 ઈક્વિટી શૅર ધરાવે છે તેમજ રૂ.100નો એક એવા 1,500 પ્રૅફરન્સ શૅર ધરાવે છે. નીચેની માહિતીને આધારે ઈક્વિટી શૅર તેમજ પ્રૅફરન્સ શૅરની આંતરિક કિંમત શોધો.

**જવાબ :** કુલ મિલકત = રૂ. 16,00,000 છે. જ્યારે કુલ દેવા રૂ. 2,50,000

ચો.મિ = કુલ મિલકત - કુલદેવા

= 16,00,000 - 2,50,000

= 13,50,000

બાદ : પ્રૅફરન્સ શૅરમૂડી = 1,500,00 (1,500 × 100)

ઈક્વિટી શૅર હોલ્ડરના ફાળે આવતી ચો.મિ. = 1,20,000

$$\text{ઈક્વિટી શૅરની આંતરિક કિંમત} = \frac{\text{ઈક્વિટી શૅર હોલ્ડરોને ફાળે આવતી ચોખ્ખી મિલકત}}{\text{ઈક્વિટી શૅરની સંખ્યા}}$$

$$= \frac{12,00,000}{5,000}$$

= રૂ. 240

$$\text{પ્રેફરન્સ શૅરની આંતરિક કિંમત} = \frac{15,00,000}{1,500}$$

= રૂ. 100

**નોંધ**

(1) જ્યારે કંપનીના મૂડી માળખામાં પ્રેફરન્સ શૅર પણ હોય ત્યારે ઈક્વિટી શૅરની આંતરિક કિંમત શોધતી વખતે ચો.મિ. માટે તેમજ ઈક્વિટી શૅર કો.ના ફાળે આવતી ચો.મિ. શોધવા માટે ચો.મિ. માંથી પ્રેફરન્સ શૅરમૂડી બાદ કરવી. કારણ કે કંપની ધારાની જોગવાઈ મુજબ કંપનીના વિસર્જન સમયે પ્રેફરન્સ શૅર ઈક્વિટી શૅર કરતા પહેલા પ્રથમ પરત કરવામાં આવે છે. તેથી ચો.મિ.માંથી બાદ કરવી.

- સામાન્ય રીતે ઈક્વિટી શૅરની કિંમતમાં વધ-ઘટ થતી હોવાથી તેનું મૂલ્યાંકન કરવામાં આવતું હોય છે. પ્રેફરન્સ શૅરનું મૂલ્યાંકન કરવામાં આવતું નથી. કારણ કે તેનું મૂલ્ય મોટાભાગે સ્થિર રહે છે. પ્રેફરન્સ શૅરની આંતરિક કિંમત શોધતા તેની કિંમત તેની દાર્શનિક કિંમત જેટલી જ રહે છે.

$$\text{પ્રેફરન્સ શૅરની આંતરિક કિંમત} = \frac{\text{પ્રેફરન્સ શૅર મૂડી + ચૂ. બાકી ડિવિડન્ડ}}{\text{પ્રેફરન્સ શૅરની સંખ્યા}}$$

### 2.4.2 શૅરની બજાર કિંમતની પદ્ધતિ

મુખ્યત્ત્વે ઈક્વિટી શૅરની બે કિંમતો હોય છે.

(1) દાર્શનિક કિંમત (2) બજાર કિંમત

ઈક્વિટી શૅરની દાર્શનિક કિંમત હંમેશા સ્થિર રહે છે. જે શૅર બહાર પાડતી વખતે નક્કી થયેલ હોય છે. જ્યારે શૅરની બજાર કિંમતમાં વધારો - ઘટાડો જોવા મળે છે.

રોકાણકાર કોઈપણ કંપનીમાં શૅર ખરીદી રોકાણ કરતાં પહેલા કંપની કેટલું ડિવિડન્ડ આપશે. રોકાણમાંથી વળતર કેટલું પ્રાપ્ત થશે તે બધું વિચારે છે. આ બધી બાબતો માટે શૅરની બજાર કિંમત શોધવામાં આવે છે.

બજાર કિંમત શોધવા માટે નીચેના સુત્રનો ઊપયોગ કરવો.

$$\text{શૅરની બજાર કિંમત} = \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times \text{શૅરદીઠ ભરપાઈ રકમ}$$

પ્રશ્નમાં ડિવિડન્ડ અને અપેક્ષિત વળતરના દરને બદલે રકમ આપેલી હોય તે મુજબ બજાર કિંમત શોધવી.

**શૅરની બજારકિંમત શોધતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા.**

(1) પ્રશ્નમાં આપેલી માહિતીના આધારે કંપનીનો સરેરાશ નફો શોધવો. સરેરાશ નફો ગણતી વખતે જો નફો દર વર્ષે વધતો હોય તો નિયમાનુસાર ભારિત સરેરાશ નફો શોધવો.

(2) બજાર કિંમત શોધતી વખતે જો કંપનીમાં ડિરેક્ટર ફીમાં વધારો કે ઘટાડો થતો હોય તેમજ ભાડુ, કરવેરા વગેરેમાં વધારો કે ઘટાડો થતો હોય તો તે ધ્યાનમાં લેવી.

(3) નફો અને વહેંચણીપાત્ર નફો અલગ છે. વહેંચણીપાત્ર નફો શોધવા માટે ડિબેન્ચર પર વ્યાજ,

ઘસારાની જોગવાઈ, અનામત ખાતે લઈ જવાની રકમ, કરવેરાની જોગવાઈ વગેરે ધ્યાનમાં લેવામાં આવે છે.

**ઉદા-3** રાજ કંપનીની નીચેની માહિતી પરથી ઈક્વિટી શૅર અને પ્રેફરન્સ શૅરની આંતરિક કિંમત શોધી કાઢો.

- કંપનીની પાસે કુલ મિલકત = 24,60,000 અને કુલ દેવા રૂ.4,60,000 છે.

કંપની રૂ. 100નો એક એવા 5,000 ઈક્વિટી શૅર ધરાવે છે અને રૂ. 100 નો એક એવાં 2,000 પ્રેફરન્સ શૅર ધરાવે છે. પ્રેફરન્સ શૅર પર એક વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે.

(1) સૌ પ્રથમ ઈક્વિટી શૅરની આંતરિક કિંમત શોધીશું.

| | | |
|---|---|---|
| | કુલ મિલકત | = 24,60,000 |
| બાદ : | કુલ દેવા | = 4,60,000 |
| | મિલકત(ચોખ્ખી) | = 20,00,000 |
| બાદ : | પ્રેફરન્સ શૅરમૂડી | = 2,20,000 (પ્રેફરન્સ શૅરમૂડી + ચૂ. બાકી ડિવિડન્ડ) |
| | ઈક્વિટી શૅર હોલ્ડરોના ફાળે આવતી ચો. મિલકત | = 17,80,000 |

(2) $\text{ઈક્વિટી શૅરની આંતરિક કિંમત} = \frac{\text{ઇ.શેર.હો.ના ફાળે આવતી મિલકતો}}{\text{ઇ.શેરની સંખ્યા}}$

$= \frac{17,80,000}{5,000}$

= રૂ. 356

(3) $\text{પ્રેફરન્સ શૅરની આંતરિક કિંમત} = \frac{\text{પ્રે. શેરમૂડી + ચૂ. બાકી ડિવિડન્ડ}}{\text{પ્રે. શેરની સંખ્યા}}$

$= \frac{2,00,000 + 20,000}{2,000}$

$= \frac{2,20,000}{2,000}$

= રૂ. 110

પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ $= 2,00,000 \times \frac{10}{100} = 20,000$

કંપનીની મૂડી માળખામાં પ્રેફરન્સ શૅર પણ ઉપલબ્ધ હોય તો તેમને નિશ્ચિત ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે. ડિવિડન્ડની રકમ પણ નફામાંથી બાદ કરવામાં આવે છે.

**ઉદા-4** નીચેની માહિતી પરથી રચના લિમિટેડની ઈક્વિટી શૅરની બજાર કિંમત શોધો.

ધંધામાં અપેક્ષિત વળતરનો દર 10% ગણવામાં આવે છે. ધંધાના મૂડી માળખામાં રૂ. 100 નો એક એવા 5,000 ઇ. શૅર છે. કંપનીનો છેલ્લા 3 વર્ષનો કરબાદ નફો અનુક્રમે રૂ. 2,00,000, રૂ. 2,20,000 અને રૂ. 1,80,000 હતો.

કંપની દર વર્ષે રૂ. 25,000 અનામત ખાતે લઈ જાય છે.

**જવાબ :** (1) $\text{સરેરાશ નફો} = \frac{2,00,000 + 2,20,000 + 1,80,000}{3} = \frac{6,00,000}{3} = 2,00,000$

| | | |
|---|---|---|
| બાદ : | અનામત ખાતે લઈ જવાની રકમ | = 25,000 |
| | વહેંચણી પાત્ર નફો | = 1,75,000 |

(2) ભરપાઈ ઈક્વિટી શૅરમૂડી = 5,000 × 100 = 5,00,000

(3) $\text{ડિવિડન્ડનો દર} = \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઇ ઇ. શેરમૂડી}} \times 100$

$$= \frac{17,50,000}{5,00,000} \times 100 = 35\%$$

(4) ઈક્વિટી શૅરની બજાર કિંમત $= \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times$ 1 શૅરની ભરપાઈ કિંમત

$$= \frac{35}{10} \times 100$$

= રૂ. 350

**ઉદા-5** મયુર લિમિટેડ રૂ.100નો 1 એવા 3,000 ઈક્વિટી શૅર રૂ.80 ભરપાઈ ધરાવે છે. તેમજ 12% પ્રેફરન્સ શૅર દરેક રૂ.100નો એવા 1000 શૅર ધરાવે છે.

- તેમનો 50% કરબાદ છેલ્લા 3 વર્ષનો નફો અનુક્રમે 1,50,000, 1,20,000 અને 90,000 હતો.
- કંપનીના ડિરેક્ટર ફીમાં રૂ.14,000નો વધારો થશે તેમજ સંચાલન ખર્ચમાં 7,000નો ઘટાડો થશે.
- અપેક્ષિત વળતરનો દર 12% છે.
- કંપની દર વર્ષે રૂ. 15,000 અનામત ખાતે લઈ જાય છે. ઈક્વિટી શૅરની બજાર કિંમત શોધો.

**જવાબ :** (1) વહેંચણી પાત્ર નફાની ગણતરી :

| | | |
|---|---|---|
| સરેરાશ નફો = $\frac{1,50,000+1,20,000+90,000}{3} = \frac{360000}{3}$ | = | 1,20,000 |
| બાદ : ડિરેક્ટર ફીમાં વધારો | = | 14,000 |
| | = | 1,06,000 |
| ઉમેરો : સંચાલન ખર્ચમાં ઘટાડો | = | 7,000 |
| | = | 1,13,000 |
| બાદ : અનામત ખાતે લઈ જવાની રકમ | = | 15,000 |
| | | 98,000 |
| - પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ $(1,00,000 \times \frac{12}{100})$ | = | 1,2000 |
| વહેંચણી પાત્ર નફો | = | 86,000 |

(2) કંપનીની ભરપાઈ ઈક્વિટી શૅરમૂડી = 3,000 ઈક્વિટી શૅર × 80

= 2,40,000

(3) ડિવિડન્ડનો દર $= \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઈ ઇ. શેરમૂડી}} \times 100$

$$= \frac{86000}{240000} \times 100$$

= 35.83

(4) ઈક્વિટી શૅરની બજાર કિંમત $= \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times$ ઈક્વિટી શૅરની ભરપાઈ કિંમત

$$= \frac{35.83}{12} \times 80$$ = રૂ. 238.86

**2.4.3 શૅરની વ્યાજબી કિંમત :**

- શૅરની આંતરિક કિંમત તેમજ બજાર કિંમતને આધારે બંને કિંમતની સરેરાશ કિંમત શોધવાથી મળતી કિંમતને શૅરની વ્યાજબી કિંમત કહેવામાં આવે છે.

- **વ્યાજબી કિંમત શા માટે ?**

ઘણીવાર શૅરની આંતરિક કિંમત તેમજ તેની બજાર કિંમત વચ્ચે ઘણો મોટા તફાવત જોવા મળે છે. આનુ કારણ જ્યારે ઈક્વિટી શૅરની આંતરિક કિંમત શોધવામાં આવે ત્યારે જો કંપનીની મિલકત વધારે હોય તો આંતરિક કિંમત વધારે આવે છે. જ્યારે બજાર કિંમત ઓછી આવે છે, કારણ કે ડિવિડન્ડનો ઓછો જોવા મળે છે. આમ, બન્ને કિંમતને ધ્યાને લઈ સરેરાશ કાઢવામાં આવે છે.

તે મળતી કિંમતને વ્યાજબી કિંમત કહેવામાં આવે છે.

$$\text{શૅરની વ્યાજબી કિંમત} = \frac{\text{શૅરની આંતરિક કિંમત + બજાર કિંમત}}{2}$$

શૅરની વ્યાજબી કિંમત શોધવાની હોય ત્યારે નીચેની પ્રક્રિયા મુજબ ગણતરી કરવી.

(1) સૌ પ્રથમ ચોખ્ખી મિલકતની ગણતરી કરવી.

ચો.મિ. = કુલ મિલકત- કુલ દેવા

જેમાં કુલ મિલકતમાં અવાસ્તવિકત મિલકત, બિનધંધાકીય રોકણો અને પાઘડીની જૂની કિંમત ધ્યાનમાં ન લેવી.

(2) $\text{અપેક્ષિત નફો} = \text{ચો.મિ.} \times \frac{\text{અપેક્ષિત વળતરદર}}{100}$

(3) સરેરાશ નફાની ગણતરી

સરેરાશ નફો શોધી તેમાંથી અનુક્રમે બિનધંધાકીય રોકાણોનું વ્યાજ કરવેરા અને ડિવિડન્ડ બાદ કરવું.

(4) અધિક નફો = સરેરાશ ચોખ્ખો નફો - અપેક્ષિત નફો

(5) પાઘડી = અધિક નફો × વર્ષ (ખરીદીના વર્ષ અથવા ગણી)

(6) શૅરની આંતરિક કિંમત

(A) જ્યારે પ્રશ્નમાં નવી પાઘડીની રકમ આપેલ હોય ત્યારે

$$\text{આંતરિક કિંમત} = \frac{\text{ચો.મિ (નવી પાઘડી સહિત)} + \text{બિ.ધં.રોક} + \text{શેરના બાકી હપ્તા}}{\text{ઇ.શેરની સંખ્યા}}$$

(B) જ્યારે પ્રશ્નમાં નવી પાઘડીની રકમ આપેલ ન હોય ત્યારે

$$\text{આંતરિક કિંમત} = \frac{\text{ચો.મિ} + \text{બિ.ધં.રોક} + \text{શેરના બાકી હપ્તા}}{\text{ઇ.શેરની સંખ્યા}}$$

(7) $\text{શૅરની બજાર કિંમત માટે ડિવિડન્ડનો દર} = \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઇ ઇ.શેરમૂડી}} \times 100$

- વહેંચણી પાત્ર નફા માટે આપેલા નફામાંથી અનુક્રમે કરવેરા અને પ્રેફરન્સ શૅર ડિવિન્ડ બાદ કરવું.

(8) $\text{શૅરની બજારકિંમત} = \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times \text{ઈક્વિટી શૅર ભરપાઈ કિંમત}$

(9) $\text{શૅરની વ્યાજબી કિંમત} = \frac{\text{શેરની આંતરિક કિંમત} + \text{શેરની બજારકિંમત}}{2}$

ઉદા.6 : રાધા લિ.નું તા. 31-3-2017 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| મૂડી -દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| દરેક રૂ. 100 નો એક એવા | | પાઘડી | 1,25,000 |
| 6,000 ઈક્વિટી શૅર | 6,00,000 | યંત્રો | 4,20,000 |
| દરેક રૂ.100નો એક એવા | | જમીન - મકાન | 5,75,000 |
| 4,000 પ્રેફરન્સ શૅર | 40,00,00 | ફર્નિચર | 35,000 |
| લેણદારો | 85,000 | દેવાદારો | 90,000 |
| દેવીહૂંડી | 65,000 | લેણીહૂંડી | 76,000 |
| 8% ના. ડિબેન્ચર્સ | 30,00,00 | આખરસ્ટૉક | 94,000 |
| યંત્રનું ઘસારાફંડ | 10,000 | રોકડ | 45,000 |
| | **14,60,000** | | **14,60,000** |

નીચેની બાબતોને ધ્યાનમાં રાખી ઈક્વિટી શૅરની આંતરિક કિંમત શોધો.

(1) ઈ.મૂડી પર અપેક્ષિત વળતરનો દર 10% છે.

(2) કંપનીનો સરેરાશ વાર્ષિક નફો રૂ. 3,40,000 છે જે 50% લેખે કરબાદ કર્યા પછીનો છે.

(3) કંપનીની પાઘડી અધિક નફાથી બે ગણી આંકવાની છે.

(4) જમીન -મકાનની બજાર કિંમત રૂ.6,00,000 છે.

**જવાબ :**

(1) સૌ પ્રથમ ચોખ્ખી મિલકતશોધીશું.

ચો.મિ. = કુલ મિલકત – કુલ દેવા

યંત્રો = 4,10,000 (4,20,000 - 10,000 ઘસારાફંડ)

જમીનમકાન = 6,00,000

ફર્નિચર = 35,000

દેવાદારો = 90,000

લેણીહૂંડી = 76,000

આખરસ્ટૉક = 94,000

રોકડ = <u>45,000</u>

કુલ મિલકત = 13,50,000

કુલ દેવા :

8% ના ડિબેન્ચર્સ = 3,00,000

લેણદારો = 85,000

દેવીહૂંડી = <u>65,000</u>

કુલ દેવા = 4,50,000

ચો.મિ. = 13,50,000 - 4,50,000

= 9,00,000

ઈક્વિટી શૅર હો. ના ફાળે આવતી ચો.મિ. = 9,00,000 - 4,00,000 (પ્રેફરન્સ શૅરમૂડી)

રોકાયેલી મૂડી = 5,00,000

(2) અપેક્ષિત નફાની ગણતરી

$$\text{અપેક્ષિત નફો} = \text{રોકાયેલી મૂડી} \times \frac{\text{અપેક્ષિત વળતરનો દર}}{100}$$

$$= 5{,}00{,}000 \times \frac{10}{100}$$

= રૂ. 50,000

(3) સરેરાશ નફાની ગણતરી :

કરવેરા બાદ નફો = રૂ. 6,40,000

બાદ : પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ = <u>40,000</u> $(4{,}00{,}000 \times \frac{10}{100})$

= રૂ. 6,00,000

(4) અધિક નફો = સરેરાશ નફો - અપેક્ષિત નફો

= 60,00,00 - 50,00,00

= રૂ. 1,00,000

(5) પાઘડી = અધિક નફો × ખરીદીના વર્ષ

= 1,00,000 × 2

= રૂ. 2,00,000

(6) $$\text{ઈક્વિટી શૅરની આંતરિક કિંમત} = \frac{\text{ચો. મિલકત}}{\text{ઈ. શેરની સંખ્યા}}$$

ઈક્વિટી શૅર હૉલ્ડરના ફાળે આવતી ચો.મિ. અથવા રોકાયેલી મૂડી શોધવા માટે, રોકાયલી મૂડી, નવી પાઘડી, બિનધંધાકીય રોકાણો અને શૅરના બાકી હપ્તા ઉમેરવા.

$$\text{શૅરની આંતરિક કિંમત} = \frac{5{,}00{,}000 + 2{,}00{,}000}{6{,}000}$$

$$= \frac{7{,}00{,}000}{6{,}000}$$

= રૂ. 116.67

**પ્રશ્નમાં પાઘડીની નવી કિંમત આપેલ હોય.**

**ઉદા-7** પારૂલ લિ.નું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**<u>પાકું સરવૈયું.</u>**

| મૂડી -દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી (દરેક રૂ.100નો) | 1,50,00,00 | પાઘડી | 90,00,00 |
| 10% પ્રેફરન્સમૂડી (દરેક રૂ.100નો) | 50,00,00 | જમીન-મકાન | 12,50,000 |
| સામાન્ય અનામત | 50,00,00 | યંત્રો | 8,50,000 |
| 12% ડિબેન્ચર્સ | 30,00,00 | ચાલુ મિલકત | 1,00,0000 |
| ચાલુ - દેવા | 1,20,00,00 | | |
| | **40,00,000** | | **40,00,000** |

નીચેની માહિતીને આધારે ઈક્વિટી શૅરની વ્યાજબી કિંમત શોધો.

(1) પાઘડીની નવી કિંમત 10,00,000 નક્કી થઈ.

(2) જમીન-મકાનનીની કિંમતમાં 50,000 નો ઘટાડો થયો.

(3) ચાલુ મિલકતની કિંમત રૂ. 9,50,000

(4) અપેક્ષિત વળતરનો દર 12% છે.

(5) 50% લેખે કરવેરા બાદ નફો = 5,50,000 છે.

**જવાબ :** (1) ચો.મિ. ગણતરી

| **કુલ મિલકત** | | **કુલ દેવા** | | |
|---|---|---|---|---|
| પાઘડી - | 100,0000 | 12% ડિબેન્ચરર્સ | = | 30,00,00 |
| જમીનમકાન | 1,20,00,00 | ચાલુ દેવા | = | 1,20,00,00 |
| યંત્રો | 8,50,000 | 10% પ્રેફરન્સ મૂડી | = | 50,00,00 |
| ચાલુ મિલકત | 9,50,000 | કુલ દેવા | = | 20,00,000 |
| કુલ મિલકત | 40,00,000 | કુલ દેવા | | |

રોકાયેલી મૂડી/ ચો. મિ.= કુલ મિલકત – કુલ દેવા

= 40,00,000 – 20,00,000

= રૂ. 20,00,000

(2) અપેક્ષિત નફો $= \text{ચો.મિ.} \ \frac{\text{અ.વ.દર}}{100}$

$= 20,00,000 \times \frac{12}{100}$

= રૂ. 2,40,000

(3) સરેરાશ નફાની ગણતરી

| | | |
|---|---|---|
| 50% કરવેરા બાદ નફો | = | 5,50,000 |
| બાદ : બિનધંધાકીય રોકાણોનું વ્યાજ | = | - |
| બાદ : કરવેરા | = | - |
| બાદ : પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ $(5,00,000 \times \frac{10}{100})$ | | 50,000 |
| | | રૂ. 50,00,00 |

(4) શૅરની આંતરિક કિંમત

$= \frac{\text{ચો.મિ (નવી પાઘડી સહિત)} + \text{બિન ધંધાકીય રોકાણ} + \text{શેરના બાકી હપ્તા}}{\text{ઇ. શેરની સંખ્યા}}$

$= \frac{20,00,000 + 10,00,000}{15,000}$

$= \frac{30,00,000}{15,000}$

= રૂ. 200

(5) શૅરની બજાર કિંમત $\frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times$ 1 ઈક્વિટી શૅરની ભરપાઈ કિંમત

$= \frac{33.33}{12} \times 100$

= રૂ. 277.75

- ડિવિડન્ડનો દર $= \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઈ શેરમૂડી}} \times 100$

$= \frac{5,00,000}{15,00,000} \times 100$

$= 33.33\%$

- શેરની વ્યાજબી કિંમત $= \frac{\text{ઇ.શેરની આંતરિક કિંમત} + \text{શેરની બજારકિંમત}}{2}$

$= \frac{200 + 277.75}{2}$

$= 238.87$

**નવી પાઘડી પ્રશ્નમાં આપેલી ન હોય.**

ઉદા-8 નિલેષ લિ.નું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| મૂડી -દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| દરેક રૂ.100નો 5500 | 5,50,000 | જમીન-મકાન | 8,00,000 |
| ઈક્વિટી શૅર | | યંત્રો | 2,40,000 |
| 10% ની પ્રૅફરન્સ શૅરમૂડી | 2,50,000 | ફર્નિચર | 1,60,000 |
| લેણદારો | 1,65,000 | દેવાદારો | 65,000 |
| દેવીહૂંડી | 1,00,000 | આખરસ્ટૉક | 76,000 |
| સા.અનામત | 1,80,000 | રોકડ બૅંક | 1,04,000 |
| 10% ના ડિબેન્ચરર્સ | 2,00,000 | | |
| | **14,45,000** | | **14,45,000** |

- નીચેની માહિતી પરથી ઈક્વિટી શૅરની આંતરિક કિંમત, બજારકિંમત અને વ્યાજબી કિંમત શોધો.

(1) જમીન - મકાનની કિંમતમાં 80,000ના ઘટાડો કરવો, જ્યારે યંત્રોની કિંમતમાં 60,000નો વધારો કરવો.

(2) દેવાદારોમાં રૂ. 5,000ની ઘાલખાધ પડી.

(3) નવી પાઘડી અધિક નફાના બે ગણી આંકવી.

(4) અપેક્ષિત વળતરનો દર 10% છે.

(5) કરવેરાનો દર 50% છે.

(6) કરવેરા પહેલાનો નફો રૂ. 3,00,000 છે.

**જવાબ**

(1) ચો.મિ. ની ગણતરી

| | | |
|---|---|---|
| કુલ મિલકત | : જમીન-મકાન | = 7,20,000 |
| | યંત્રો | = 3,00,000 |
| | ફર્નિચર | = 1,60,000 |
| | દેવાદાર | = 60,000 |

| | | |
|---|---|---|
| આખર સ્ટૉક | = | 76,000 |
| રોકડ બૅંક | = | 1,04,000 |
| કુલ મિલકત | = | 14,20,000 |

**કુલ દેવા :**

| | | |
|---|---|---|
| 10% પ્રેફરન્સ શૅરમૂડી | = | 2,50,000 |
| લેણદારો | = | 1,65,000 |
| દેવીહૂંડી | = | 100,000 |
| 10% ડિબેન્ચરર્સ | = | 20,00,00 |
| કુલ દેવા | = | 7,15,000 |

ચો.મિ. (રોકાયેલી મૂડી) = કુલ મિલકત - કુલ દેવા

= 14,20,000 - 7,15,000

= રૂ. 7,05,000

(2) $\text{અપેક્ષિત નફો} = \frac{\text{ચોખ્ખી મિલકત} \times \text{અપેક્ષિત વળતરનો દર}}{100}$

$= 7,05,000 \times \frac{10}{100}$

= રૂ. 70,500

**(3) સરેરાશ ચોખ્ખો નફો**

| | | |
|---|---|---|
| નફો | = | 30,00,00 |
| બાદ : બિનધંધાકીય રોકાણોનું વ્યાજ | | - |
| | = | 30,00,00 |
| બાદ : 50% કરવેરા | = | 1,50,000 |
| | = | 1,50,000 |
| બાદ : પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ = $2,50,000 \times \left(\frac{10}{100}\right)$ | = | 25,000 |
| ચોખ્ખો નફો | = | 1,25,000 |

(4) અધિક નફો = સરેરાશ ચોખ્ખો નફો - અપેક્ષિત નફો

= 1,25,000 - 70,500

= રૂ. 54,500

(5) પાઘડી = અધિક નફો × ખરીદીના વર્ષો

= 54,500 × 2

= રૂ. 1,09,000

(6) ઈક્વિટી શૅરની આંતરિક કિંમત બિન ધંધાકીય રોકાણો

$= \frac{\text{ચો.મિ + નવી પાઘડી + બિન ધંધાકીય રોકાણો + શેરના બાકી હપ્તા}}{\text{ઇ. શેરની સંખ્યા}}$

$$= \frac{7,05,000 + 1,09,000 + 0 + 0}{5,500}$$

$$= \frac{8,14,000}{5,500}$$

$= રૂ.\ 148$

(7) ઈક્વિટી શૅરની બજાર કિંમત $= \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times 1$ શૅરની ભરપાઈ કિંમત

$$= \frac{22.72}{10} \times 100$$

$= 227.2$

ડિવિડન્ડનો દર $= \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઈ શેરમૂડી}} \times 100$

$$= \frac{1,25,000}{5,50,000} \times 100$$

$= 22.72\%$

| <u>વહેંચણીપાત્ર નફો</u> | <u>રૂ.</u> |
| --- | --- |
| નફો | = 30,00,00 |
| બાદ : 50% કરવેરા | = 1,50,000 |
| | = 1,50,000 |
| બાદ : પ્રૅફરન્સ શૅર ડિવિડન્ડ $(2,50,000 \times \frac{10}{100})$ | = 25,000 |
| વહેંચણીપાત્ર નફો | = 1,25,000 |

(8) ઈક્વિટી શૅરની વ્યાજબી કિંમત

$$= \frac{\text{ઇ.શેરની આંતરિક કિંમત} + \text{શેરની બજારકિંમત}}{2}$$

$$= \frac{148 + 227.2}{2}$$

$= રૂ.\ 187.6$

**ઉદા.9** નીચેની માહિતી જાનકી લિ. ને લગતી છે. જેના આધારે તેના ઇક્વિટી શૅરની બજાર કિંમત શોધો.

(1) કંપની દરેક રૂ. 100નો એવા 3,000 ઇક્વિટી શૅર ધરાવે છે જેની ભરપાઈ કિંમત રૂ. 80 છે.

(2) કંપની દરેક રૂ. 100નો એવા 10% ના 1,000 પ્રૅફરન્સ શૅર ધરાવે છે.

(3) કંપની દર વર્ષે રૂ. 12,500 ડિબેન્ચર પરતનિધિ ખાતે અને 10,500 અનામત ખાતે લઈ જાય છે.

(4) અંદાજપત્ર મુજબ આગામી સમયમાં સંચાલન ખર્ચમાં રૂ. 25,000ને વધારો થશે.

(5) ધંધામાં અપેક્ષિત વળતરનો દર 10% છે.

(6) કંપનીનો કરવેરા બાદ કર્યો. પછીનો છેલ્લા 3 વર્ષનો નફો અનુક્રમે નીચે મુજબ છે.

| વર્ષ | 2015-16 | 2016-17 | 2017-18 |
|---|---|---|---|
| નફો | રૂ. 1,35,000 | રૂ. 1,32,000 | રૂ. 1,23,000 |

**જવાબ :**

$$\text{બજાર કિંમત} = \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times 1 \text{ શૅરની ભરપાઈ કિંમત}$$

$$= \frac{30}{10} \times 80$$

$$= \text{રૂ. } 240$$

$$\text{ડિવિડન્ડ નો દર} = \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઇ શેરમૂડી}} \times 100$$

$$= \frac{72000}{240000} \times 100$$

$$= 30\%$$

**વહેંચણીપાત્ર નફો**

| | | |
|---|---|---|
| સરેરાશ નફો = $\frac{\text{કુલ નફો}}{\text{વર્ષની સંખ્યા}} = \frac{390000}{3} =$ | | 1,30,000 |
| બાદ : સંચાલન ખર્ચમાં વધારો | = | 25,000 |
| | = | 1,05,000 |
| બાદ : ડિબેન્ચર પરતનિધિ ખાતે લઈ ગયા | = | 12,500 |
| | = | 92,500 |
| બાદ : અનામત ખાતે લઈ ગયા | = | 10,500 |
| | = | 82,000 |
| બાદ : પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ $(100,000 \times \frac{10}{100})$ | = | 10,000 |
| વહેંચણીપાત્ર નફો | = | 72,000 |

- **બે પ્રકારના ઈક્વિટી શૅર ધરાવતી કંપનીના શૅરની બજારકિંમત :**

**ઉદા-10** ઉત્તમ લિ. નું તા.31-3-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| **મૂડી -દેવા** | **રકમ રૂ.** | **મિલકત-લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| ઈક્વિટી મૂડી : | | જમીન-મકાન | 3,25,000 |
| A ઈક્વિટી શૅર દરેક રૂ.100નો | 1,50,000 | સાચા યંત્રો | 1,75,000 |
| 75 ભરપાઈ | | ફર્નિચર | 73,000 |
| B ઈક્વિટી શૅર દરેક રૂ.100નો | 1,50,000 | દેવાદાર | 27,000 |
| પૂરા ભરપાઈ | | રોકડ / બૅંક | 10,000 |
| 10% ની પ્રેફરન્સ શૅરમૂડી | 1,50,000 | | |
| લેણદારો | 60,500 | | |
| દેવીહૂંડી | 19,500 | | |
| સા. અનામત | 80,000 | | |
| | **6,10,000** | | **6,10,000** |

નીચેની માહિતીને આધારે બંન્ને પ્રકારના ઈક્વિટી શૅરની બજાર કિંમત શોધો.

(1) કંપનીનો સરેરાશ નફો રૂ. 60,000 હતો. (વહેંચણી પાત્ર)

(2) અપેક્ષિત વળતરનો દર 10% હતો.

- ડિવિડન્ડનો દર $= \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઈ શેરમૂડી}} \times 100$

$= \frac{60,000}{3,00,000} \times 100$ (1,50,000 + 1,50,000) (A શૅરમૂડી + B શૅરમૂડી)

$= 20\%$

- બજારકિંમત $= \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times$ ઈક્વિટી શૅરની ભરપાઈ કિંમત

- A $= \frac{20}{10} \times 75 =$ રૂ. 150

- B $= \frac{20}{10} \times 100 =$ રૂ. 200

- **બે પ્રકારના ઈક્વિટી શૅરની આંતરિક કિંમત અને બજાર કિંમત શોધવાનું :**

**WËk11**

તા.31-3-2016ના રોજનું દિપક લિ.નું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| **મૂડી -દેવા** | **રકમ રૂ.** | **મિલકત-લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| A 100 નો એક એવા | 2,50,000 | પાઘડી | 1,25,000 |
| 2500 ઇ. શૅર | | જમીન-મકાન | 1,69,000 |
| B 50નો એક એવા 3,000 ઇ. શૅર | 1,50,000 | સાંચા - યંત્રો | 84,000 |
| 10% ની પ્રૅફરન્સ શૅર મૂડી | 80,000 | ફર્નિચર | 52,000 |
| સામાન્ય અનામત | 70,000 | દેવાદારો | 72,520 |
| લેણદારો | 12,000 | લેણી હૂંડી | 26,000 |
| પ્રૉવિડન્ટ ફંડ | 35,000 | આખરસ્ટૉક | 84,000 |
| દેવીહૂંડી | 26,000 | રોકડ બૅંક | 10480 |
| | **6,23,000** | | **6,23,000** |

**વધારાની માહિતી**

(1) જમીન - મકાનની કિંમત 1,60,000 અને યંત્રની કિંમત 80,000 ગણવી.

(2) દેવાદારોની કિંમત રૂ. 72,000 નક્કી થઈ.

(3) પાઘડી છેલ્લા 3 વર્ષના સરેરાશ નફાથી 3 ગણી આંકવી.

(4) અપેક્ષિત વળતરનો દર 10% છે.

(5) છેલ્લા 3 વર્ષનો કરવેરા બાદ નફો 1,50,000 હતો.

**જવાબ**

(1) ચો.મિ. = કુલ મિલકત - કુલ દેવા

| મિલકત : | | દેવા : | |
|---|---|---|---|
| જમીન - મકાન | = 1,60,000 | પ્રૉવિડન્ડટ ફંડ | = 35,000 |
| યંત્ર | = 80,000 | પ્રેફરન્સ મૂડી | = 80,000 |
| દેવાદારો | = 72,000 | લેણદારો | = 1,2000 |
| ફર્નિચર | = 52,000 | દેવીહૂંડી | = 2,60,000 |
| લેણીહૂંડી | = 26,000 | કુલ દેવા | = 1,53,000 |
| આખરસ્ટૉક | = 84,000 | | |
| રોકડ | = 10480 | | |
| કુલ મિલકત | = 4,84,480 | | |

ચોખ્ખી મિલકત = 4,84,480 − 1,53,000

= 3,31,480

(2) અપેક્ષિત નફો $= 3,31,480 \times \frac{10}{100} = 33,148$

(3) સરેરાશ નફો $= \frac{1,50,000}{3} = 50,000$

બાદ : પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ $(80,000 \times \frac{10}{100}) = \frac{8,000}{42,000}$

(4) અધિક નફો = સરેરાશ ચો. નફો - અપેક્ષિત નફો

= 42,000 - 33,148

= રૂ. 8,852

(5) પાઘડી = અધિક નફો × ખરીદીના વર્ષો

= 8,852 × 3

= રૂ. 26,556

(6) ઈક્વિટી શૅર હોલ્ડરના ફાળે આવતી ચો.મિ.

ચો. મિલકત + નવી પાઘડી

= 3,31,480 + 26,556

= રૂ. 3,58,036

(7) બંન્ને પ્રકારના શૅરની ભરપાઈ કિંમતને આધારે પ્રમાણ

A ઈક્વિટી શૅર (100 × 2,500) = 2,50,000

B ઈક્વિટી શૅર (50 × 3,000) = 1,50,000

પ્રમાણ = 25 : 15 (5 : 3)

**નોંધ :** જ્યારે બે અથવા બેથી વધારે પ્રકારના ઈક્વિટી શૅરની આંતરિક કિંમત શોધતી વખતે જો શૅરની દાર્શનિક કિંમત એક સમાન ન હોય ત્યારે શૅર હોલ્ડરને ફાળે આવતી ચો.મિ. બન્ને શૅરની ભરપાઈ કિંમતના પ્રમાણ મુજબ ફાળવણી કરવી.

A ઈક્વિટી શૅરના ફાળે આવતી ચો.મિ. $= 3,58,036 \times \frac{5}{8} = 2,23,772.5$

B ઈક્વિટી શૅરના ફાળે આવતી ચો.મિ. $= 3,58,036 \times \frac{3}{8} = 1,34,263.5$

(8) ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = $\frac{\text{ઈ.શેરના ફાળે આવતી ચો.મિ}}{\text{ઈ.શેરની સંખ્યા}}$

A ઈક્વિટી શૅર = $\frac{223772.5}{2500}$ = રૂ. 89.50

B ઈક્વિટી શૅર = $\frac{1342635}{3000}$ = રૂ. 44.75

(9) ઈક્વિટી શૅરની બજાર કિંમત = $\frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}}$ × 1 શૅરની ભરપાઈ કિંમત

A ઈક્વિટી શૅર = $\frac{10.5}{10} \times 100$

= રૂ. 105

B ઈક્વિટી શૅર = $\frac{10.5}{10} \times 50$

= રૂ. 52.5

(10) ડિવિડન્ડનો દર = $\frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઇ શેરમૂડી}} \times 100$

= $\frac{42,000}{4,00,000} \times 100$

= 10.5 %

**ઉદા-12** નિયતિ લિ.નું તા. 31-3-2017ના રોજનં પાકું સરવૈયું નીચે મુજબ છે.

**<u>પાકું સરવૈયું</u>**

| મૂડી -દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| 6500 ઈક્વિટી શૅર દરેક | 6,50,000 | પાઘડી | 2,00,000 |
| રૂ.100 | | જમીન મકાન | 7,00,000 |
| 10% પ્રેફરન્સ શૅરમૂડી | 4,00,000 | યંત્રો | 3,50,000 |
| 10% ના ડિબેન્ચર | 2,50,000 | રોકાણો | |
| સામાન્ય અનામત | 1,25,000 | (1) 10% ના ફોરમી લિ. | 1,00,000 |
| લેણદારો | 90,000 | ના ડિબેન્ચર | |
| દેવીહૂંડી | 48,000 | (2) ગૌણ કંપનીના શૅર | 50,000 |
| પ્રો.ફંડ | 37,000 | દેવાદારો | 80,000 |
| | | આખરસ્ટૉક | 70,000 |
| | | રોકાણો | 50,000 |
| | **16,00,000** | | **16,00,000** |

**વધારાની માહિતી**

(1) જમીન મકાનની કિંમત રૂ. 6,00,000 ગણવી.

(2) યંત્રોની કિંમતમાં રૂ.50,000 નો વધારો થશે.

(3) આ પ્રકારનો ધંધો કરતી કંપનીનો અપેક્ષિત વળતરનો દર. 30% છે. જ્યારે તેની શૅરની કિંમત 2 ગણી છે.

(4) પાઘડી અધિક નફાના 5 વર્ષની ખરીદીના આધારે ગણવાની છે.

(5) દેવાદારો પર 10% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(6) કંપનીનો 50% કર પહેલાનો નફો રૂ.2,35,000 છે.

- ઉપરની માહિતી પરથી ઈકવિટી શૅરની આંતરિક કિંમત બજારકિંમત તેમજ વ્યાજબી કિંમત શોધો.

**જવાબ :**

**(1) <u>ચો.મિ. ની ગણતરી</u> :**

| **<u>મિલકત</u>** | | **<u>દેવા</u>** | |
|---|---|---|---|
| જમીન-મકાન | 60,00,00 | ડિબેન્ચરર્સ | 2,50,000 |
| યંત્રો | 40,00,00 | લેણદારો | 90,000 |
| દેવાદારો | 72,000 | દેવીહૂંડી | 48,000 |
| આ.સ્ટૉક | 70,000 | પ્રો. ફંડ | 37,000 |
| રોકડ | 50,000 | | 4,25,000 |
| ગૌણ કં.ના શૅર | 50,000 | + પ્રૅફરન્સ શૅરમૂડી | 40,00,00 |
| કુલ મિલકત | 12,42,000 | કુલ દેવા | 8,25,000 |

ચો.મિ. = કુલ મિલકત - કુલ દેવા

= 12,42,000 - 8,25,000

= રૂ. 4,17,000

(2) અપેક્ષિત નફો $= 4{,}17{,}000 \times \frac{15}{100} = 62{,}550$

| | | |
|---|---|---|
| જો, 2 ગણી | | 30% અ.વ.દર |
| તો, | (?) | 15% અ.વ.દર |

(3) <u>ચોખ્ખા સરેરાશ નફાની ગણતરી</u>

| | |
|---|---|
| કુલ નફો | = 23,500 |
| બાદ : બિનધંધાકીય રો. વ્યાજ | = 10,000 |
| | = 2,25,000 |
| બાદ : કરવેરા | = 1,12,500 |
| | = 1,12,500 |
| બાદ : પ્રૅફરન્સ શૅર ડિવિડન્ડ $(40{,}00{,}00 \times \frac{10}{100})$ | = 40,000 |
| | = 72,500 |

(4) અધિક નફો = સરેરાશ નફો – અપેક્ષિત નફો

= 72,500 - 62,550

= રૂ. 9,950

(5) પાઘડી = અધિક નફો × ખરીદીના વર્ષ

$= 9{,}950 \times 5$

= રૂ. 49,750

(6) શૅરની આંતરિક કિંમત $= \dfrac{\text{ચો.મિ + નવી પાઘડી + બિન ધંધાકીય રોકાણો}}{\text{ઈ.શેરની સંખ્યા}}$

$= \dfrac{4{,}17{,}000 + 49{,}750 + 1{,}00{,}000}{6{,}500}$

$= \dfrac{5{,}66{,}750}{6{,}500}$

= રૂ. 81.19

(7) ઈક્વિટી શૅરની બજાર કિંમત $= \dfrac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times$ એક શૅરની ભરપાઈ કિંમત

$= \dfrac{11.92}{15} \times 100$

= રૂ. 79.46

(8) ડિવિડન્ડનો દર $= \dfrac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઈ શેરમૂડી}} \times 100$

$= \dfrac{77{,}500}{6{,}50{,}000} \times 100$

= 11.92%

(9) વહેંચણી પાત્ર નફો :

| | | |
|---|---|---|
| કુલ નફો | = | 2,35,000 |
| બાદ : કરવેરા (50%) | = | 1,17,500 |
| | = | 1,17,500 |
| બાદ : ડિવિડન્ડ (40,00,00 × $\frac{10}{100}$) | = | 40,000 |
| વહેંચણીપાત્ર નફો | = | 77,500 |

(10) વ્યાજબી કિંમત $= \dfrac{\text{આંતરિક કિંમત + બજાર કિંમત}}{2}$

$= \dfrac{87.19 + 79.47}{2}$

$= \dfrac{166.66}{2}$

= રૂ. 83.33

ઉદા. **13.** ધર્મરાજ લિ. નું તા. 31-3-2015 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| **મૂડી -દેવા** | **રકમ રૂ.** | **મિલકત-લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| 4,000 ઈક્વિટી શૅર દરેક | | | |
| રૂ.100નો રૂ.75 ભરપાઈ | 3,00,000 | માહિ લિ. ના 10% ના | 50,000 |
| 12% ની પ્રેફરન્સ શૅરમૂડી | 1,50,000 | ડિબેન્ચરર્સ | |
| 10% ના ડિબેન્ચરર્સ | 75,000 | કાયમી મિલકત | 4,50,000 |
| | | ચાલુ મિલકત | 3,00,000 |
| ચાલુ દેવા | 3,25,000 | અવાસ્તવિક મિલકત | 50,000 |
| | **8,50,000** | | **8,50,000** |

**વધારાની માહિતી :**

(1) કાયમી મિલકતની કિંમત રૂ. 5,50,000 ગણવી.

(2) માહી લિ. ના ડિબેન્ચરર્સનું વ્યાજ કરપાત્ર છે.

(3) ચાલુ મિલકતની કિંમત રૂ. 3,20,000 આંકી

(4) પાઘડીની નવી કિંમત રૂ. 1,64,000 નક્કી થઈ

(5) અપેક્ષિત વળતરનો દર 15% છે.

(6) 50% લેખે કરવેરા પહેલાનો નફો રૂ. 2,00,000 છે.

**જવાબ :**

(1) ચોખ્ખી મિલકતની ગણતરી :

ચો.મિ. = કુલ મિલકત- કુલ દેવા

| | | | |
|---|---|---|---|
| પાઘડી (નવી) | = 1,64,000 | દેવા : | |
| કાયમિ મિલકત | = 5,50,000 | પ્રેફરન્સ શૅરમૂડી | = 1,50,000 |
| ચાલુ મિલકત | = 3,20,000 | ડિબેન્ચરર્સ | = 75,000 |
| કુલ મિલકત | = 10,34,000 | દેવા | = 3,25,000 |
| | | **કુલ દેવા** | = **5,50,000** |

ચો.મિ. = 10,34,000 - 5,50,000

= 4,84,000

**નોંધ :** ચો.મિ. 4,84,000 નવી પાઘડી સહિત છે.

(1) $\text{આંતરિક કિંમત} = \frac{\text{ચો.મિ.} + \text{બિન ધં. રોકાણો} + \text{શેરના બાકી હપ્તા}}{\text{શેરની સંખ્યા}}$

$= \frac{4,84,000 + 50,000 + 1,00,000}{4,000}$

$= \frac{6,34,000}{4,000}$

= રૂ. 158.5

(2) (i) વહેંચણીપાત્ર નફો :

| | |
|---|---|
| નફો : | = 2,00,000 |
| બાદ : કરવેરા (50%) | = 1,00,000 |
| | = 1,00,000 |

બાદ : ડિવિડન્ડ $15,000 \times \frac{12}{100} = 1,00,000$

$= 82,000$

(ii) ડિવિડન્ડનો દર $= \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઈ શેરમૂડી}} \times 100$

$= \frac{82,000}{3,00,000} \times 100$

$= 27.33\%$

(iii) બજાર કિંમત $= \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times$ શૅરદીઠ ભરપાઈ રકમ

$= \frac{27.33}{15} \times 75$

= રૂ. 136.65

**ઉદા. 14.** M.V.D.C. નું તા. 31-3-2,008ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| **મૂડી -દેવા** | **રકમ રૂ.** | **મિલકત-લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| શૅર મૂડી | | પાઘડી | 2,00,000 |
| રૂ.10ના 1 એવા 40,000 | 4,00,000 | મકાન | 2,00,000 |
| A. ઈક્વિટી શૅર | | યંત્રો | 20,00,00 |
| B. ઇ શૅર રૂ. 10 નો એ | 3,20,000 | 10% ના રોકાણો | 1,00,000 |
| એવરેજ ભરપાઈ (40,000) | | સ્ટૉક | 20,00,00 |
| ઈક્વિટી શૅર રૂ. 10નો એવા | | દેવાદારો | 1,50,000 |
| 2,000 શૅર રૂ. 6 ભરપાઈ | 1,20,000 | બૅંક | 83,000 |
| સામાન્ય - અનામત | 70,000 | અ.મૂ.ખર્ચ | 5,000 |
| 10% ના ડિબેન્ચરર્સ | 100,000 | શૅર વટાવ | 5,000 |
| ન.નુ. ખાતુ | 30,000 | | |
| મૂ.બાકી પગાર | 10,000 | | |
| લેણદારો | 65,000 | | |
| ઘસારાભંડોળ | | | |
| જમીન - મકાન 8,000 | | | |
| યંત્રો 20,000 | 28,000 | | |
| | **11,43,000** | | **11,43,000** |

**વધારાની માહિતી**

(1) પાઘડીની કિંમત રૂ. 1,32,000 અને મકાનની કિંમત 40,00,00 આંકવામાં આવી.

(2) રૂ.10,000 સિવાયના દેવાદારો સદ્ધર છે.

(3) કંપની સામે કામદારનો વળતરનો દાવો રૂ. 40,000નો ચાલે છે તેને રૂ. 25,000 ચૂકવવા એવું લવાદનું સમાધાન સ્વીકાર્યું છે.

(4) અપેક્ષિત વળતરનો દર 10% છે.

(5) છેલ્લા 3 વર્ષનો ચો. નફો અનુક્રમે 2,00,000, 1,42,500 અને 1,65,000 નો હતો. નફાના 20% દર વર્ષે સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવે છે.

(6) દરેક પ્રકારના ઈક્વિટી શૅરની (1) આંતરિક કિંમત (2) બજાર કિંમત (3) વ્યાજબી કિંમત

(ગુજરાત યુનિ. એપ્રિલ-2010)

(1) <u>ચો.મિ. ની ગણતરી</u>

| | | |
|---|---|---|
| પાઘડી | = | 1,32,000 |
| મકાન | = | 40,00,00 |
| યંત્રો | = | 1,80,000 (20,00,00 - 20,000) |
| 10% રોકાણો | = | 100,000 |
| સ્ટૉક | = | 20,00,00 |
| દેવાદારો | = | 1,40,000 (1,50,000 - 10,000) |
| બૅંક | = | 83,000 |
| અગાઉથી ચૂકવેલ ખર્ચ | = | 5,000 |
| કુલ મિલકત | = | 12,40,000 |
| <u>દેવા :</u> | | |
| 10% ના ડિબેન્ચર્સ | = | 1,00,000 |
| લેણદારો - | = | 65,000 |
| ચૂ. બાકી પગાર | = | 1000 |
| દાવો ચૂ. બાકી | = | 25,000 |
| કુલ દેવા | = | 2,00,000 |

ચો.મિ. = કુલ મિલકત - કુલ દેવા

= 12,40,000 - 2,00,000

= રૂ. 10,40,000

(2) શૅરના બાકી હપ્તા

B = 40,000 × 2 = 80,000

C = 20,000 × 4 = 80,000

= રૂ. 1,60,000

(3) શૅરની આંતરિક કિંમત $= \frac{\text{ચો.મિ. (નવી પાઘડી સહિત) + શેરના બાકી હપ્તા}}{\text{ઈ.શેર સંખ્યા}}$

$$= \frac{10,40,000 + 160000}{100000(A + B + C)}$$

$$= \frac{1200000}{100000}$$

= રૂ. 12

B ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = આંતરિક કિંમત - બાકી હપ્તા

= 12 - 2

= રૂ. 10

ઈક્વિટી શૅરની આંતરિક કિંમત= 12 - 4

= રૂ. 8

(4) <u>સરેરાશ નફો :</u>

| | | |
|---|---|---|
| 2,006 | | = 2,00,000 |
| 2,007 | | = 1,42,500 |
| 2,008 | = 1,65,000 | |
| બાદ : ઘા.અના. | = 10,000 | |
| બાદ : દાવો | = <u>25,000</u> | = <u>1,30,000</u> |
| | 3 વર્ષનો નફો | <u>4,72,500</u> |

સરેરાશ નફો $= \frac{472500}{3} = 1,57500$

બાદ : 20% અનામત = <u>31,500</u>

વહેંચણીપાત્ર નફો = 1,26,000

(5) શૅરની બજાર કિંમત $= \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times 1$ શૅરની ભરપાઈ કિંમત

A ઈ શૅર $= \frac{15}{10} \times 10$

= રૂ. 15

B ઈક્વિટી શૅર $= \frac{15}{10} \times 8$

= રૂ.12

C ઈક્વિટી શૅર$= \frac{15}{10} \times 9$

= રૂ. 9

(6) ડિવિડન્ડનો દર $= \frac{\text{વહેંચણીપાત્ર નફો}}{\text{ભરપાઇ શેરમૂડી}} \times 100$

$= \frac{1,26,000}{8,40,000} \times 100$

= 15%

(7) શૅરની વ્યાજબી કિંમત $= \frac{\text{આંતરિક કિંમત} + \text{બજાર કિંમત}}{2}$

A ઈક્વિટી શૅર $= \frac{12+15}{2} = \frac{27}{2}$

= રૂ.13.50

B ઈક્વિટી શૅર = $\frac{10+12}{2}$ = $\frac{22}{2}$

= રૂ.11

C ઈક્વિટી શૅર = $\frac{8+9}{2}$ = $\frac{17}{2}$

= રૂ. 8.50

## 2.5 હક્કના શૅરનું મૂલ્યાંકન

સામાન્ય રીતે ચાલું કંપની પોતાની નાણાંકીય જરૂરિયાત પૂર્ણ કરવા માટે શૅર બહાર પાડે છે. આ બહાર પાડેલા શૅર ખરીદવા માટે જૂના શૅર હોલ્ડરને પ્રથમ તક આપે છે. આ શૅર એટલે હક્કના શૅર કોઈ પણ કંપની સારી રીતે ચાલી રહી હોય વેચાણ અને નફો વધતો જતો હોય તેની લોકોને માંગને પહોંચી વળવા માટે તેમણે ધંધાનો વિસ્તાર કરવો પડે છે. વિસ્તરણ માટે કંપનીને મૂડીની જરૂરિયાત ઊભી થાય છે. આ મૂડીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે તેઓ ફરીથી શૅર બહાર પાડે છે. આ બહાર પાડેલા શૅરની ખરીદી નો પ્રથમ અધિકાર કંપનીના જૂના શૅર હોલ્ડરોને આપવામાં આવતો હોવાથી આવા શૅરને હક્કના શૅર કહેવામાં આવે છે.

હક્કના શૅર ધારણ કરનાર શૅર હોલ્ડર પોતાને મળેલા હક્કના શૅરનું વેચાણ કરી શકે છે. અને હક્કના શૅર રાખી જૂના શૅર પણ વેચી શકાય છે. માત્ર જૂના શૅરનું વેચાણ કરવામાં આવે તો હક્ક બાદ વેચાણ કહેવાય છે. અને જો હક્કના શૅરની સાથે જૂના શૅર પણ વહેંચવામાં આવે તો હક્ક સાથે વેચાણ કહેવાય છે.

હક્કના શૅરની કિંમત શોધવા માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરવો.

R = $\frac{r}{N+r}$ (M-S)

R = હક્કની કિંમત

r = હક્કના શૅરની સંખ્યા

N = જુના શૅરની સંખ્યા

M = શૅરની બજારકિંમત

S = શૅરની માંગેલી કિંમત

**ઉદા-15** મોનિકા લિ. ના રૂ. 100 ના શૅરની બજાર કિંમત રૂ220 છે. તેને દર 5 શૅરે 1 શૅર રૂ. 150 ના ભાવે ખરીદવાનો હક્ક આપે છે. તો હક્કના શૅરની કિંમત શોધો.

| | | | |
|---|---|---|---|
| જૂના શૅરની કિંમત | (5 × 220) | = | 1100 |
| + નવા હક્કના શૅરની માંગેલી કિંમત = | (1 × 150) | = | 150 |
| | | | 12,50 |

∴ શૅરની સરેરાશ કિંમત = $\frac{1,250}{6}$ = 208.33

હક્કની કિંમત = જૂના શૅરનો બજારભાવ - હક્કની કિંમત

= 220 - 208.33

= 11.67

અથવા : સૂત્રની મદદથી હક્કના શૅરની કિંમત :

$$\text{હક્કની કિંમત} = \frac{r}{N+r}(\text{m} - \text{s})$$

$$= \frac{1}{(5+1)}^{(220\text{-}150)}$$

$$= \frac{1}{6} \times 70$$

$$= 11.67$$

**અધૂરા અને અપૂર્ણ ભરપાઈ ઈક્વિટી શૅરની આંતરિક અને બજારકિંમત :**

## 2.6 બોનસ-શૅરનું મૂલ્યાંકન :

ઘણીવાર આપણને સાંભળવા મળતું હોય છે કે આ કંપનીને બૉનસ શૅર આપ્યા. કંપની એ 2 : 1 ના પ્રમાણમાં બૉનસ શૅર આપ્યા. તો ખરેખર આ બૉનસ શૅર છે શું ?

આપણે સૌ જાણીએ છીએ કે માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. સમયાંતરે તેમાં વધારો થતો આવ્યો. આમ, ધધંધાના સ્વરૂપો પણ બદલાયા. દા.ત. એકાંકી વેપારી પેઢી, ભાગીદારી પેઢી અને હવે કંપની સ્વરૂપ અસ્તિત્ત્વમાં છે.

એકાંકી સ્વરૂપમાં બધો જ નફો ધંધાનો માલિક લઈ જતો જ્યારે ભાગીદારી પેઢીમાં ધંધાના ભાગીદારો નફો વહેંચી લેતા. આમ, કંપનીમાં પણ કંપની પોતાનો નફો ઈક્વિટી શૅર હોલ્ડરોને ડિવિડન્ડ તરીકે ચૂકવે છે. પરંતુ, કંપની બધો જ નફો શૅર હોલ્ડરોને વહેંચતી નથી. પરંતુ તેમાંથી કંપનીએ નક્કી કર્યા મુજબ નફાનો અમુક ભાગ જ શૅર હોલ્ડરોને ચૂકવવામાં આવે છે જ્યારે બાકીનો ભાગ અનામત ખાતે લઈ જવામાં આવે છે. જેમ જેમ ધંધાની પ્રતિષ્ઠા સમાજમાં વધતી જાય તેમ - તેમ ધંધાનું વેચાણ અને નફો વધે છે. અને ધંધાનું અનામતનું પ્રમાણ વધે છે. જ્યારે આ અનામત ફંડોની રકમ વધુ થઈ જાય છે ત્યારે આ નફો કંપની પોતાના શૅર હોલ્ડરને જ વહેંચે છે. પરંતુ ડિવિડન્ડ તરીકે નહિ. આ એકઠો થયેલો નફો કંપની પોતાના શૅર હોલ્ડરોને વહેચવા માટે રોકડ સ્વરૂપે નહિ પરંતું બોનસ શૅરના રૂપે આપે છે. કંપની પોતાના ચાલુ શૅરહોલ્ડરોને તેમણે ધારણ કરેલા શૅરના પ્રમાણમાં કોઈપણ અવેજ લીધા વગર બોનસ શૅર ફાળવવામાં આવે છે.

કંપની જ્યારે બોનસ શૅર પોતાના શૅર હોલ્ડરોને આપે છે ત્યારે શૅરહોલ્ડરોની શૅર સંખ્યામાં વધારો થાય છે. તેથી બોનસ શૅર ફાયદાકારક છે અને કંપનીની શૅરમૂડીમાં પણ બોનસ શૅરના પ્રમાણમાં વધારો જોવા મળે છે. જ્યારે ચોખ્ખી મિલકતમાં ફેરફાર રોકડ બેંકની અવેજમાં થતો નથી. તેથી દરેક શૅર દીઠ આવતી ચો.મિ. માં ઘટાડો થાય છે અને શૅરની કિંમતમાં પણ ઘટાડો જોવા મળે છે. આમ, બોનસ શૅરના મૂલ્યાંકન માટે ચોખ્ખી મિલકતપદ્ધતિ ધ્યાનમાં લેવાય છે.

**બોનસ શૅરનું ઉદાહરણ**

**ઉદા. 16** કપિલ લિ. ની શૅરમૂડી 10,000 શૅર દરેક રૂ.10નો તેવા પૂરેપૂરા ભરપાઈ થયેલા શૅરની બનેલી છે. કંપની પાસે અનામત ભંડોળ રૂ. 50,000 છે. જો કંપની ચાર શૅર 1 શૅર બોનસ આપે તો ગણતરી કરો.

(અ) બોનસ શૅર પહેલાંનું શૅરનું આંતરિક મૂલ્ય.

(બ) બૉનસ શૅર બહાર પાડ્યા પછીનું શૅરનું આંતરિક મૂલ્ય

(ગુ.યુ.ટી.વાય બી.કોમ, ઓક્ટો- 1995)

(દ.ગુ.યુ. ટી.વાય.બી.કોમ. નવે.-2,003)

**જવાબ :** સૌ પ્રથમ ચો. મિલકતશોધીશું અથવા રોકાયેલી મૂડી શોધીશું.

ચો.મિ. = કુલ મિલકત - કુલ દેવા

રો.મૂ = ઈક્વિટી શૅર મૂડી + અનામત ભંડોળ

$= 1,00,000 + 50,000$

= રૂ. 1,50,000

(1) બૉનસ શૅર બહાર પડાયા પહેલાની આંતરિક કિંમત

આંતરિક કિંમત = $\frac{\text{રો. મૂડી}}{\text{શૅરની સંખ્યા}} = \frac{1,50,000}{10,000} = 15$

(2) શૅર બહાર પાડ્યા પછીની આંતરિક કિંમત

4 શૅર : 1 બોનસ શૅર

10,000 : (?)

$10,000 \times \frac{1}{4} = 2,500 = 10,000 + 2,500 = 12,500$ કુલ શૅર સંખ્યા

શૅરમૂડી $= 12,500 \times 100 = 1,25,000$

રોકાયેલ મૂડી = શૅરમૂડી + અનામત

$= 1,25,000 + 25,000$

$= 1,50,000$

આંતરિક કિંમત = $\frac{\text{રો. મૂડી}}{\text{શૅરની સંખ્યા}}$

$= \frac{1,50,000}{12,500}$

= રૂ. 12

## <u>સ્વાધ્યાય</u>

**(1) બહુવિકલ્પી પ્રશ્નો [MCQ]**

(1) ચોખ્ખી મિલકતના આધારે શૅરની ---- કિંમત શોધવામાં આવે છે ?

(અ) વ્યાજબી (બ) બજાર (ક) દાર્શનિક (ડ) આંતરિક

(2) શૅરની ---- કિંમત ક્યારેય બદલાતી નથી.

(અ) દાર્શનિક મૂલ્ય (બ) વ્યાજબી મૂલ્ય (ક) બજાર મૂલ્ય (ડ) આપેલ તમામ

(3) શૅર મૂલ્યાંકનની પદ્ધતિ કેટલી છે ?

(અ) 2 (બ) 3 (ક) 4 (ડ) 5

(4) કઈ કંપનીના શૅરના સોદા શૅરબજારમાં થતાં નથી.

(અ) ખાનગી કંપની (બ) જાહેર કંપની (ક) અ અને બ (ડ) એક પણ નહીં

(5) ABC કંપનની ઈક્વિટી શૅર સંખ્યા 5,000 છે જ્યારે કુલ મિલકત 1,00,0000 અને કુલ દેવા 50,00,00 છે. શૅરની આંતરિક કિંમત શોધો.

(અ) 150 (બ) 100 (ક) 300 (ડ) 250

(6) શૅરના મૂલ્યાંકન સમયે કયાં પ્રકારના રોકાણો ધ્યાનમાં લેવાશે ?

(અ) ધંધાકીય રોકાણો (બ) બિનધંધાકીય રોકાણો

(ક) અ અને બ બન્ને (ડ) એક પણ નહિ

(7) નીચેનામાંથી કઈ મિલકતશૅરના મૂલ્યાંકનમાં ધ્યાનમાં લેવાશે નહિ ?

(અ) પ્રાથમિક ખર્ચ (બ) આખર સ્ટૉક (ક) પાઘડી (ડ) દેવાદારો

(8) શૅરની બજાર કિંમત શોધવાનું સૂત્ર જણાવો.

(અ) શે. બજાર કિંમત $= \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{અપેક્ષિત વળતર દર}} \times 1$ શૅરની ભરપાઈ કિંમત

(બ) બજાર કિંમત $= \frac{\text{ડિવિડન્ડનો દર}}{\text{વહેંચણીપાત્ર નફો}} \times 100$

(ક) બજાર કિંમત $= \frac{\text{અ.વ.દર}}{\text{ડિવિડન્ડનો દર}} \times 1$ શૅરની ભરપાઈ કિંમત

(ડ) એક પણ નહિ

(9) કંપની પોતાના જૂના શૅરહોલ્ડરે ધારણ કરેલા શૅર ખરીદવાનો પ્રથમ અધિકાર આપે છે આ શૅર એટલે ----

(અ) પ્રેફરન્સ શૅર (બ) હક્કના શૅર (ક) બૉનસ શૅર (ડ) ઈક્વિટી શૅર

(10) શૅરની આંતરિક કિંમત અને બજારકિંમતનો ઉપયોગ શૅરની કઈ કિંમત શોધવા માટે થાય છે ?

(અ) દાર્શનિક કિંમત (બ) ચોખ્ખી કિંમત (ક) વ્યાજબી કિંમત (ડ) એક પણ નહિ.

(11) શૅરની આંતરિક કિંમત રૂ. 100 છે બજારકિંમત 2,00 છે તો વ્યાજબી કિંમત શોધો ?

(અ) 150 (બ) 100 (ક) 3,00 (ડ) 250

(12) શૅરની આંતરિક કિંમત રૂ. 2,00 છે. બજાર કિંમત 150 છે તો બજારકિંમત શોધો.

(અ) 3,00 (બ) 250 (ક) 150 (ડ) 100

(13) અધિક નફો = -----

(અ) સરેરાશ નફો - અપેક્ષિત નફો (બ) અપેક્ષિત નફો - સરેરાશ નફો

(ક) વહેંચણી પાત્ર નફો - સરેરાશ નફો (ડ) સરેરાશ નફો - વહેંચણી પાત્ર નફો

(14) પ્રેફરન્સ શૅરની આંતરિક કિંમત શોધતી વખતે પ્રેફરન્સ શૅરમૂડીમાં શું ઊમેરવામાં આવશે ?

(અ) પ્રેફરન્સ શૅરનું લિસ્ટીંગ ખર્ચ (બ) પ્રેફરન્સ શૅર ચઢત ડિવિડન્ડ

(ક) અ અને બ (ડ) પ્રેફરન્સ શૅરનો ચઢત વ્યાજ

(15) ડિવિડન્ડનો દર = 20% છે, અપેક્ષિત વળતર દર 10% છે. શૅરની ભરપાઈ કિંમત રૂ.100 છે તો બજાર કિંમત શોધો.

(અ) 150 (બ) 200 (ક) 250 (ડ) 300

(16) વહેંચણીપાત્ર નફો શોધવા માટે નીચેનામાંથી કયાં ખર્ચ બાદ કરવામા આવશે.

(અ) કરવેરા (બ) પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ

(ક) અ અને બ બંન્ને (ડ) એકપણ નહિ.

(17) શૅરના મૂલ્યાંકન માટે જ્યારે પાઘડી આપેલ ન હોય તો પાઘડી શોધવા માટે કયો નફો આવશ્યક બનશે ?

(અ) અધિક નફો (બ) અપેક્ષિત નફો (ક) ડિવિડન્ડ બાદ નફો (ડ) વહેંચણી પાત્ર નફા

(18) Honest Ltd ના ઈક્વિટી શૅરની બજારકિંમત શોધો.

ડિવિડન્ડનો દર 20% અ.વ. દર 10%

1 ઈક્વિટી શૅરની મૂળકિંમત 100 છે જ્યારે ભરપાઈ કિંમત શૅરદીઠ 80 છે.

(અ) 160 (બ) 260 (ક) 2,00 (ડ) 140

(19) ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 2,00 છે. શૅરની સંખ્યા 5,000 છે તો ચો.મિલકતશોધો ?

(અ) 1,00,0000 (બ) 1,00,000 (ક) 1,00,0000 (ડ) 10,000

(20) સરેરાશ રોકાયેલ મૂડી × અપેક્ષિત વળતરનો દર = ..... ?

(અ) અધિક નફો (બ) અપેક્ષિત નફો

(ક) સરેરાશ નફો (ડ) વહેંચણી નફો

**MCQ ના જવાબો**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | (ડ) | 2. | (અ) | 3. | (બ) | 4. | (અ) | 5. | (બ) | 6. | (ડ) | 7. | (અ) |
| 8. | (અ) | 9. | (બ) | 10. | (ક) | 11. | (અ) | 12. | (ડ) | 13. | (અ) | 14. | (બ) |
| 15. | (બ) | 16. | (ક) | 17. | (અ) | 18. | (અ) | 19. | (અ) | 20. | (બ) | | |

**સૈદ્ધાંતિક પ્રશ્નો :**

(1) શૅર મૂલ્યાંકન એટલે શું ? શૅર મૂલ્યાંકનને અસર કરતા પરિબળો (ગુ.યુ.એફ.વાય.બીકોમ, સૌ.યુ.ઓક્ટો.-95)

(2) શૅર મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિ (ગુ.યુ. એફ.વાય.બી.કોમ)

(3) શૅરના મૂલ્યાંકને અસર કરતાં પરિબળો (સૌ.યુ.95,97, 98, ટી.વાય.બી.કોમ 2,005)

(4) શૅરની આંતરિક કિંમત, બજાર કિંમત અને વ્યાજબી કિંમતના ખ્યાલ સૂત્રોની મદદથી સમજાવો. (ગુ.યુ.બી.કોમ-3 ડિસે 2016)

(5) ટૂંકનોંધ લખો.

(1) શૅરના મૂલ્યાંકનની જરૂરિયાત (સૌ.યુ.નિ. -1991)

(2) શૅરના મૂલ્યાંકનનું મહત્ત્વ (સૌ.યુ.નિ. - 1996)

(3) બોનસ શૅરનું મૂલ્યાંકન (ગુ.યુ.વાય)

(4) હક્કનું મૂલ્યાંકન (ગુ.યુ. 1994)

**(2) વ્યવહારૂ દાખલા**

**આંતરિક કિંમતનો પ્રશ્ન**

પ્ર.1 ડિમ્પલ લી. ની વિગતો નીચે મુજબ છે.

(1) જમીન - મકાન = 12,00,000 યંત્રો 8,40,000

(2) ચાલુ દેવા - 5,20,000

(3) રૂ.100 નો 1 એવા 6,000 ઈક્વિટી શૅર = 6,00,000

(4) 10%ના ડિબેન્ચરર્સ - 2,30,000

**વધારાની માહિતી**

(1) જમીન-મકાનની નવી કિંમત = 11,50,000 અને યંત્રોની કિંમત 8,50,000 નક્કી થઈ.

(2) ચાલુ દેવાની કિંમતમાં 80,000નો વધારો થયો.

ઉપરની માહિતી પરથી ઈક્વિટી શૅરની આંતરિક કિંમત શોધો.

(**જવાબ :** ચોખ્ખી મિલકત= 11,70,000, ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 195)

**પાઘડીનો મુદ્દો**

પ્ર.2 નવનીત લિમિટેડનું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| મૂડી - દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| રૂ.100 નો 1 એવા 5,000 | | પાઘડી | | 54,000 |
| ઈક્વિટી શૅર (ઈક્વિટી શૅરમૂડી) | 5,00,000 | મકાન | | 6,40,000 |
| પ્રેફરન્સ શૅરમૂડી (રૂ.100નો 1 એવા | | યંત્રો | | 4,60,000 |
| 2,000 શૅર) | 2,00,000 | દેવાદારો | 74,000 | |
| 12% ના ડિબેન્ચરર્સ | 1,80,000 | - ઘા. અના. | 4,000 | 70,000 |
| પ્રૉવિડન્ટ ફંડ | 48,000 | આખરસ્ટૉક | | 50,000 |
| લેણદારો | 96,000 | રોકડ સિલક | | 26,000 |
| દેવીહૂંડી | 76,000 | | | |
| સામાન્ય અનામત | 20,00,00 | | | |
| | **13,00,000** | | | **13,00,000** |

નીચેની માહિતી પરથી નવનીત લિમિટેડના ઈક્વિટી શૅરની આંતરિક કિંમત શોધો.

(1) કંપનીની નવી પાઘડી રૂ. 75,000 નક્કી થઈ.

(2) મકાનની કિંમતમાં રૂ.40,000નો ઘટાડો કરવો જ્યારે યંત્રોની કિંમતમાં રૂ.40,000 નો વધારો કરવો.

(3) દેવાદારોની કિંમત રૂ. 65,000 નક્કી થઈ.

(4) રૂ.26,000ના લેણદારો હવે ચૂકવવાના નથી.

(**જવાબ :** ચોખ્ખી મિલકત= 7,42,000 ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 148.4)

**પ્ર.3** નીચેની માહિતી પરથી શૅરની આંતરિક કિંમત શોધો.

(1) શૅરનો વ્યાજબી ભાવ = રૂ. 112

(2) સામાન્ય વળતરનો દર = 10%

(3) ડિવિડન્ડનો દર (સરેરાશ) = 16%

(4) ઈક્વિટી શૅર દરેક રૂ. 100નો જેના પર રૂ. 80 ભરપાઈ છે (દ.ગુ.યુ.ટી.વાય.બી.કોમ.)

(**જવાબ :** બજાર કિંમત = 128, શૅરની આંતરિક કિંમત = 96)

**પ્ર.4** નીચેની માહિતી પરથી દીપાલી લિ. ની શૅર વ્યાજબી કિંમત શોધો.

(1) શૅરની મૂળ કિંમત = રૂ. 100

(2) શૅરદીઠ ભરપાઈ = રૂ. 90

(3) વસૂલ આવેલ ઈક્વિટી શૅરમૂડી રૂ. 4,50,000

(4) સરેરાશ વાર્ષિક નફો રૂ. 90,000

(5) ચોખ્ખી મિલકત(બજાર કિંમતે) રૂ. 4,75,000

(6) અપેક્ષિત વળતરનો દર - 10%

(સૌ.યુનિ. એપ્રિલ 89,91, 05 ગુણ)

(**જવાબ :** શૅરની આંતરિક કિંમત = 105, શૅરની બજાર કિંમત = 180 શૅરની વ્યાજબી કિંમત = 142.50, ડિવિડન્ડનો દર = 20%)

**પ્ર.5** નીચેની માહિતી જયદિપ લિમિટેડની છે. તા. 31-3-2018ના રોજનું પાકું - સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| મૂડી - દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| **મૂડી માળખું :** | | પાઘડી | 80,000 |
| રૂ. 100 નો 1 એવા | | જમીન-મકાન | 10,60,000 |
| 7,000 ઈક્વિટી શૅર પૂર્ણ | | યંત્રો | 8,20,000 |
| ભરપાઈ | 700,000 | ફર્નિચર | 40,000 |
| રૂ.100નો 1 એવા | | રોકાણો | |
| 3,000 પ્રેફરન્સ શૅર | 3,00,000 | (ગૌણ કંપનીના શૅર) | 1,20,000 |
| સામાન્ય અનામત | 3,00,000 | દેવાદારો | 1,20,000 |
| 10% ના ડિબેન્ચરર્સ | 6,00,000 | સ્ટૉક | 90,000 |
| લેણદારો | 2,50,000 | રોકડ | 70,000 |
| દેવીહૂંડી | 2,50,000 | | |
| બૅંક ઑવરડ્રાફ્ટ | 100,000 | | |
| | **24,00,000** | | **24,00,000** |

નીચેની માહિતીના આધારે ઈક્વિટી શૅરની આંતરિક કિંમત શોધો.

(1) જમીન-મકાનની બજાર કિંમત રૂ. 10,00,000 છે.

(2) યંત્રોની કિંમતમાં રૂ. 20,000નો ઘટાડો કરવો

(3) પાઘડીની કિંમત અધિક નફાથી 3 ગણી નક્કી કરવી.

(4) કંપનીનો 50% લેખે કરવેરા બાદ નફો રૂ. 1,40,000 કરવો.

(5) રોકાયેલી મૂડી પર વળતરનો દર 8% છે.

**(જવાબ :** ચોખ્ખી મિલકત(પાઘડી માટે) = 7,40,000, અપેક્ષિત નફો = 5,92,00, સરેરાશ નફો= 1,10,000, અધિક નફો = 5,08,00, પાઘડી = 1,01,600, ચોખ્ખી મિલકત(શૅરની આંતરિક કિંમત માટે) = 8,41,6,00, શૅરની આંતરિક કિંમત = 120.22)

**પ્ર.6** રાહુલ લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| મૂડી - દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| **ઈક્વિટી શૅર મૂડી :** | | જમીન-મકાન | 20,00,00 |
| A ઈક્વિટી શૅર દરેક રૂ.100નો | | યંત્રો | 1,80,000 |
| 1 એવા 2,000 ઈક્વિટી શૅર | | દેવાદારો | 26,250 |
| રૂ. 75 ભરપાઈ | 1,50,000 | રોકડ બૅંક | 28,750 |
| B ઈક્વિટી શૅર દરેક રૂ.100નો | | | |
| 1 એવા 2500 ઈક્વિટી શૅર | | | |
| પૂર્ણ ભરપાઈ | 2,50,000 | | |
| લેણદારો | 2,0500 | | |
| દેવીહૂંડી | 14,500 | | |
| | **4,35,000** | | **4,35,000** |

**વધારાની માહિતી**

(1) અપેક્ષિત વળતરનો દર 12% છે.

(2) કંપનીનો સરેરાશ વાર્ષિક નફો રૂ. 80,000 છે.

(3) A અને B ઇક્વીટી શૅરની બજાર કિંમત શોધો.

**(જવાબ :** ડિવિડન્ડનો દર = 20% ઈક્વિટી શૅરની બજાર કિંમત - A = 125 B = 166.67)

**પ્ર.7** નીચેની માહિતી પરથી ભાવિન લિમિટેડના ઈક્વિટી શૅરની આંતરિક તેમજ બજાર કિંમત શોધો.

**તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી - દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| દરેક રૂ. 100નો 1 એવા | | જમીન - મકાન | 5,35,000 |
| 4,500 ઈક્વિટી શૅર | 4,50,000 | યંત્રો | 3,95,000 |
| દરેક રૂ. 100નો 1 એવા | | ફર્નિચર | 1,25,000 |
| 1,500 10% પ્રેફ. શૅર | 1,50,000 | દેવાદારો | 62,000 |
| 10% ડિબેન્ચર્સ | 1,20,000 | આખરસ્ટૉક | 78,000 |
| સામાન્ય અનામત | 2,25,000 | રોકડ બૅંક | 1,20,000 |
| ચાલુ દેવા | 3,70,000 | | |
| | **13,15,000** | | **13,15,000** |

**વધારાની માહિતી**

(1) જમીન - મકાનની કિંમત અને યંત્રોની કિંમતમાં અનુક્રમે 20%નો અને 10% નો ઘટાડો કરવો.

(2) દેવાદારો પર 10% ઘાલખાધ અનામતની જોગવાઈ કરવાની છે.

(3) અપેક્ષિત વળતરનો દર 10% છે.

(4) પાઘડી સરેરાશ નફા જેટલી ગણવાની છે.

(5) છેલ્લા 3 વર્ષનો નફો નીચે મુજબ છે.

2015-16 = 1,05,000

2016-17 = 95,000

2017-18 = 1,75,000

**(જવાબ :** ચોખ્ખી મિલકત(પાઘડી માટે) = 5,21,800, અપેક્ષિત નફો = 52,180

સરેરાશ નફો = 1,10,000 પાઘડી = 11,00,000

ચોખ્ખી મિલકત(શૅરની આંતરિક કિંમત માટે) = 6,31,800

ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 140.40 બજાર કિંમત = 244.4, ડિવિડન્ડનો દર = 24.44)

**પ્ર.8** નીચેની વિગતો પરથી રૂ.100નો 1 એવા જેના પર રૂ.80 ભરાયેલો છે.
તેવા ઈક્વિટી શૅરની વ્યાજબી કિંમત શોધો.

| | |
|---|---|
| (1) વસૂલ આવેલી ઈક્વિટી શૅરમૂડી | 4,00,000 |
| (2) ચોખ્ખી મિલકત (બજારકિંમત) | 4,80,000 |
| (3) કરવેરાની જોગવાઈ કર્યો પછીનો સરેરાશ વાર્ષિક નફો | 64,000 |
| (4) અપેક્ષિત વળતરનો દર 10% | |

**જવાબ :** ઈક્વિટી શૅરની આંતરીક કિંમત = 116, બજાર કિંમત = 128, ડિવિડન્ડ નો દર = 16, શૅરની વ્યાજબી કિંમત = 122)

**પ્ર. 9** જિતુ લિ. ની કુલ શૅરમૂડી રૂ. 100નો 1 એવા 20,000 ઈક્વિટી શૅર છે. જેમાં 12,000 ઈક્વિટી શૅર, શૅર દિઠ રૂ. 80 લેખે ભરપાઈ છે. બાકીના 10% પ્રેફરન્સ શૅર દરેક રૂ.100 લેખે છે.

ચાલુ વર્ષનો કુલ નફો રૂ. 6,00,000 છે જે 50% કરવેરા પહેલાનો છે. ઈક્વિટી શૅર પર જાહેર કરેલ ડિવિડન્ડ છેલ્લા 3 વર્ષનું અનુક્રમે 15%, 10% અને 20% છે. કંપની પોતાના નફામાંથી દર વર્ષે 50,000 સામાન્ય અનામત ખાતે લઈ જાય છે.

શૅર હૉલ્ડર્સ હવે પછીના વર્ષોમાં એકંદરે અપેક્ષિત વળતર ઝંખે છે. આ માહિતી પરથી ઈક્વિટી શૅરની ઉપજના ધોરણે કિંમત શોધો.

***(સૌ.યુ.નિ.ટી.વી.બી.કોમ. - માર્ચ 2,008)***

**(જવાબ :** વહેંચણી પાત્ર નફો = 1,70,000, ડિવિડન્ડનો દર = 17.70 ઈક્વિટી શૅરની બજાર કિંમત = 94.4)

**પ્ર. 10** દર્શના લિમિટેડનું તા. 31-3-2016ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| મૂડી - દેવા | | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|---|
| રૂ.100નો 1 એવા 15,000 | | | પાઘડી | 20,00,00 |
| ઈક્વિટી શૅર | | 1,50,00,00 | જમીન-મકાન | 80,00,00 |
| રૂ.100નો 1 એવા 2,500 | | | ફર્નિચર | 1,40,000 |
| 10% ના પ્રેફરન્સ શૅર | | 2,50,000 | યંત્ર | 6,40,000 |
| 12% ના ડિબેન્ચરર્સ | | 2,50,000 | રોકાણો | |
| સામાન્ય અનામત | | 1,89,500 | (1) 12% ના ડિબેન્ચર્સ | |
| લેણદારો | | 1,71,500 | પરત નિધિના રોકાણો | 1,50,000 |
| દેવીહૂંડી | | 89,000 | (2) 15% ની સરકારી | |
| <u>ઘસારા ભંડોળ</u> | | | જામીનગીરીના રોકાણો | 3,00,000 |
| જમીન-મકાન | 60,000 | | દેવાદારો | 1,40,000 |
| ફર્નિચર | 30,000 | | આખરસ્ટૉક | 89,000 |
| યંત્ર | <u>40,000</u> | 1,30,000 | બૅંક સિલક | 1,21000 |
| | | **25,80,000** | | **25,80,000** |

**વધારાની માહિતી :**

(1) જમીન - મકાન અને ફર્નિચરની નવી કિંમત અનુક્રમે 8,20,000 અને 10,00,000 નક્કી થઈ.

(2) અપેક્ષિત વળતરનો દર 12% છે.

(3) કંપનીનો 50% લેખે કરવેરા બાદ કર્યો પહેલાનો નફો રૂ. 5,45,000 છે.

(4) પાઘડીનો અધિક નફાથી 2 ગણી ગણવાની છે.

(5) દેવાદારો પૈકી રૂ. 40,000ના દેવાદાર નાદાર જાહેર થયા.

- ઉપરની માહિતી પરથી ઈક્વિટી શૅરની આંતરિક તેમજ બજાર કિંમતની ગણતરી કરો.

**જવાબ :** રોકાયેલી મૂડી (પાઘડી માટે) = 11,59,500, અપેક્ષિત નફો = 1,39,140

સરેરાશ ચોખ્ખો નફો = 2,25,000, અધિક નફો = 1,10,860.

પાઘડી = 2,21,720, રોકાયેલી મૂડી (શૅરની આંતરિક કિંમત માટે) = 16,81,220

ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 112.08, ડિવિડન્ડનો દર = 16.5%

ઈક્વિટી શૅરની બજાર કિંમત = 137.50

**પ્ર.11** આર સંધ્યા લિમિટેડનું તા. 31-3-2,008 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| મૂડી - દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | | પાઘડી | 60,000 |
| 20,000 ઈક્વિટી શૅર દરેક રૂ.10નો | | મકાન | 40,000 |
| રૂ.7.5 ભરપાઈ | 1,50,000 | યંત્રો | 60,000 |
| 20,000 શૅર દરેક રૂ.10નો | | સ્ટૉક | 1,20,000 |
| રૂ. 5 ભરપાઈ | 1,00,000 | દેવાદારો | 1,45,000 |
| પ્રૅફરન્સ શૅરમૂડી | | રોકડ/બૅંક | 26,000 |
| 8% ના પ્રૅફરન્સ શૅર | | અ.ચૂકવેલ વીમો | 2,000 |
| 5,000 દરેક રૂ.10નો | 50,000 | પ્રાથમિક ખર્ચા | 3,000 |
| સામાન્ય અનામત | 4,000 | | |
| ન.નું. ખાતું | 10,000 | | |
| પ્રૉવિડન્ડ ફંડ | 20,000 | | |
| ઘસારા ભંડોળ | | | |
| મકાન - 40,000 | | | |
| યંત્ર - 12,000 | 52,000 | | |
| લેણદારો | 35,000 | | |
| ચૂકવવાના બાકી ખર્ચા | 5,000 | | |
| બેંક - ઑવરડ્રાફ્ટ | 30,000 | | |
| | **4,56,000** | | **4,56,000** |

નીચેની માહિતીને ધ્યાનમાં લઈ તમારે ઈક્વિટી શૅર તેમજ પ્રૅફરન્સ શૅરનું આંતરિક મૂલ્ય શોધો.

(1) મકાનની કિંમત રૂ. 50,000 આંકવામાં આવી છે.

(2) પાઘડીની કિંમત રૂ. 65,000 આંકવામાં આવી છે.

(3) રૂ.3,000 સિવાયના બાકીના દેવાદારો સદ્ધર છે.

(4) રૂ. 10,000નો બૉનસનો દાવો ચૂકવવાનો બાકી છે.

(5) કંપનીનો કરવેરાબાદ છેલ્લા 3 વર્ષનો નફો નીચે મુજબ હતો.

રૂ. 3,6000, રૂ. 33,000 અને રૂ. 39,000

(6) રોકાયેલી મૂડી પર અપેક્ષિત વળતરનો દર 10% છે.

(7) 2008ના વર્ષનું પ્રૅફરન્સ શૅરનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. (ગુ.યુ.ટી.વાય.બી.કોમ)

**(જવાબ :** ચોખ્ખી મિલકત(પાઘડી માટે) = 2,99,000, અપેક્ષિત નફો = 29,900, ચો.મિ. આંતરિક કિંમત માટે ) = 4,49,000, ઈક્વિટી શૅર ની આંતરિક કિંમત A શૅર = 8.725, B શૅર = 6.225, પ્રેફરન્સશેરની આંતરિક કિંમત = 10.80)

**પ્ર-12** રૂચિત લિ. નું તા. 31-3-2018નું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારી | રકમ રૂ. | મિલકત | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| 10% ના 20,000 પ્રેફરન્સ શૅર | | પાઘડી | | 15,200 |
| દરેક રૂ. 10 નો | 2,00,000 | મકાન | 27,000 | |
| 20,000 ઈક્વિટી શૅર દરેક રૂ. 10નો | 2,00,000 | - ઘસારો | 10,000 | 2,60,000 |
| સામાન્ય અનામત | 64,000 | યંત્રો | 2,50,000 | |
| નફા-નુકાસન ખાતુ | 16,000 | -ઘસારો | 10,000 | 2,40,000 |
| 15%ના ડિબેન્ચર | 80,000 | ફર્નિચર | 12,800 | |
| લેણદારો | 10,000 | - ઘસારો | 800 | 1,2000 |
| દેવીહૂંડી | 5,000 | પ્રોવિડન્ટ ફંડના રોકાણો | | 20,000 |
| ચૂ.બાકી ખર્ચા | 8,000 | હર્નિશ લિ. ના 12% ના ડિબેન્ચર | | 22,800 |
| પ્રોવિડન્ટ ફંડ | 20,000 | (વ્યાજ કરપાત્ર છે.) | | |
| | | (દાર્શનિક કિંમત રૂ. 24,000) | | |
| | | સ્ટૉક | | 16,000 |
| | | દેવાદારો | 1,2000 | |
| | | - ઘા. અનામત | 800 | 11,200 |
| | | રોકડ-બૅંક | | 5,800 |
| | **6,03,000** | | | **6,03,000** |

**વધારાની માહિતી :**

(1) મકાનની હાલની બજાર કિંમત રૂ. 2,84,800 છે.

(2) કંપનીનો સરેરાશ વાર્ષિક નફો રૂ. 1,12,000 છે. (50% કર પહેલાનો)

(3) ધંધામાં રોકાયેલી મૂડી પર અપેક્ષિત વળતરનો દર 10% ગણાય છે.

(4) કંપનીની પાઘડીની કિંમત રૂ. 30,400 ગણવાની છે.

ઉપરની વિગતો પરથી કંપનીના ઈક્વિટી શૅરની વ્યાજબી કિંમત શોધો.

***(સૌ.યુ.ટી.વાય.બી.કોમ. માર્ચ-2010)***

**(જવાબ :** રોકાયેલી મૂડી = 2,89,600, શૅરની આંતરિક કિંમત = 16 શૅરની બજાર કિંમત = 18, ડિવિડન્ડનો દર = 18% વહેંચણી પાત્ર નફો = 36,000)

**પ્ર-13** કિરણ લિ.નું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારી | રકમ રૂ. | મિલકત | રકમ રૂ. |
|---|---|---|---|
| A - ઈક્વિટી શૅર દરેક રૂ. 100નો | | પાઘડી | 2,40,000 |
| 6,000 શૅર રૂ. 80 ભરપાઈ | 4,80,000 | જમીન-મકાન | 5,42,000 |
| B - ઈક્વિટી શૅર દરેક રૂ. 100 નો | | યંત્રો | 3,38,000 |
| 5,000 શૅર. પૂર્ણ ભરપાઈ | 5,00,000 | દેવાદારો | 96,000 |
| સામાન્ય અનામત | 40,500 | આખર સ્ટૉક | 84500 |
| ડિબેન્ચરર્સ | 1,20,000 | બૅંક સિલક | 56500 |
| લેણદારો | 84,000 | પ્રાથમિક ખર્ચ | 43,000 |
| દેવીહૂંડી | 75,500 | | |
| પ્રૉવિડન્ટ ફંડ | 1,00,000 | | |
| | **14,00,000** | | **14,00,000** |

**વધારાની માહિતી**

(1) પાઘડીની નવી કિંમત રૂ. 2,00,000 નક્કી થઈ.

(2) જમીન-મકાનની કિંમતમાં 22,000નો ઘટાડો કરવો જ્યારે યંત્રોમાં 12,000નો વધારો કરવો.

(3) દેવાદાર પર 15% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(4) કંપનીનો 50% લેખે કરવેરા બાદ નફો રૂ. 1,47,000 હતો.

(5) અપેક્ષિત વળતરનો દર 15% છે.

ઉપરની માહિતી પરથી ઈક્વિટી શૅરની આંતરિક તેમજ બજાર કિંમત શોધો. તેમજ વ્યાજબી કિંમત ગણો.

**જવાબ** - A ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 73.20, B ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 93.91, ચોખ્ખી મિલકત= 9,13,100, આંતરિક કિંમત = 93.91, B ડિવિડન્ડનો દર = 15%, બજારકિંમત = A ઈક્વિટી શૅરની = 100, B ઈક્વિટી શૅરની = 125 વ્યાજબી કિંમત-A ઈક્વિટી શૅરની =86.6, B ઈક્વિટી શૅરની = 109.1)

**પ્ર-14** આસ્થા લિ.ની માહિતી પરથી તેના ઈક્વિટી શૅરની બજાર કિંમત શોધી કાઢો.

(A) દરેક રૂ. 100નો એક એવા 5,000 ઈક્વિટી શૅર જેના પર રૂ. 80 ભરપાઈ છે.

(B) દરેક રૂ. 100નો એક એવા 1,500 10% ના પ્રેફરન્સ શૅર પૂર્ણ ભરપાઈ

(C) કંપનીના નિયમોનુસાર કંપની દર વર્ષે રૂ. 1,25,000 સામાન્ય અનામત ખાતે લઈ જાય છે.

(D) અંદાજપત્ર મુજબ આગામી સમયમાં સંચાલન ખર્ચમાં રૂ. 20,000નો ઘટાડો થશે.

(E) અપેક્ષિત વળતરનો દર 15% છે.

(F) કંપનીનો 50% લેખે કરવેરા બાદ કર્યા પછીનો નફો રૂ. 2,00,000 છે.

(**જવાબ :** વહેંચણી પાત્ર નફો = 80,000, ડિવિડન્ડનો દર = 20% ઈક્વિટી શૅરની બજાર કિંમત = 106.61)

**પ્ર-15** રોહિત લી. નું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| મૂડી-દેવા | રકમ રૂ. | મિલકત-લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| રૂ.100નો એક એવા | | પાઘડી | 1,74,000 |
| 5,000 ઈક્વિટી શૅર | 5,00,000 | જમીન-મકાન | 2,80,000 |
| રૂ.100 નો એક એવા | | યંત્રો | 1,89,000 |
| 2500 10% ના પ્રેફરન્સ શૅર | 2,50,000 | ફર્નિચર | 1,26,000 |
| 12% ના ડિબેન્ચર | 20,000 | દેવાદારો | 100,000 |
| સામાન્ય અનામત | 1,25,000 | લેણીહૂંડી | 54,000 |
| લેણદારો | 87,250 | આખર સ્ટૉક | 1,95,000 |
| બૅંક ઑવર ડ્રાફ્ટ | 12,480 | રોકડ સિલક | 50,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 25,000 | પ્રાથમિક ખર્ચ | 32,000 |
| | **1,200,000** | | **1,200,000** |

**વધારાની માહિતી :**

(1) પાઘડી અધિક નફાથી 2 ગણી આંકવાની છે.

(2) અપેક્ષિત વળતરનો દર 10% છે.

(3) જમીન-મકાનની કિંમત રૂ. 30,00,00 નક્કી થઈ

(4) યંત્રોની કિંમતમાં રૂ.11000 નો વધારો કરવો.

(5) દેવાદારોમાં રૂ. 10,000નો દેવાદાર નાદાર જાહેર થયો.

(6) 50% લેખે કરવેરા બાદ કર્યો પછીનો છેલ્લા 4 વર્ષનો કુલ નફો રૂ. 50,00,00 છે.

**(જવાબ :** પાઘડી માટે - રોકાયેલ મૂડી / ચોખ્ખી મિલકત= 3,40,000, અપેક્ષિત નફો = 34,000, સરેરાશ ચોખ્ખો નફો = 1,00,000, અધિક નફો = 66,000, પાઘડી = 1,32,000, શૅરની આંતરિક કિંમત માટે રોકાયેલ મૂડી = 4,72,000, શૅરની આંતરિક કિંમત = 94.40, શૅરની બજાર કિંમત = 2,00, ડિવિડન્ડનો દર = 20% વહેંચણી પાત્ર નફો = 1,00,000, શૅરની વ્યાજબી કિંમત = 147.2)

**પ્ર.16** ગુજરાત લિ.નું તા. 31-3-2,002નું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારી | રકમ રૂ. | મિલકત | રકમ રૂ. |
|---|---|---|---|
| દરેક રૂ. 100 નો એક એવા | | મકાન | 3,75,000 |
| 4,500 ઈક્વિટી શૅર | 4,50,000 | ફર્નિચર | 2,25,000 |
| 10% ના પ્રેફરન્સ શૅર | 1,50,000 | રોકાણો | 45,000 |
| સામાન્ય અનામત | 45,000 | દેવાદારો | 75,000 |
| લેણદારો | 105,000 | રોકડ-બૅંક | 45,000 |
| દેવીહૂંડી | 15,000 | | |
| | **7,65,000** | | **7,65,000** |

- આ ઉપરાંત નીચેની માહિતી પરથી ઈક્વિટી શૅરની વ્યાજબી કિંમત શોધો.

(1) મકાનની બજાર કિંમત 30% અને ફર્નિચરની બજારકિંમત 20% વધારે છે.

(2) રોકાણોની બજાર કિંમત રૂ. 52,500 છે.

(3) દેવાદારો પર 10% ઘાલખાધની શક્યતા છે.

(4) અપેક્ષિત વળતરનો દર 10% છે.

(5) ડિવિડન્ડ વહેંચાયા પહેલાનો સરેરાશ નફો રૂ.1,11000 છે.

(6) પાઘડીની કિંમત રૂ. 63,000 ગણવી.

***(સૌ.યુ.એસ.વાય.બી.કોમ. એપ્રિલ - 2003)***

**જવાબ :** રોકાયેલી મૂડી= 6,52,500, ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 159, શૅરની બજાર કિંમત = 177.75, ડિવિડન્ડનો દર = 21.33%, સરેરાશ નફો = 96,000, વ્યાજબી કિંમત = 168.37)

**પ્ર.17** અમર લિ.નું તા. 31-3-2,003ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારી | | રકમ રૂ. | મિલકત | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી રૂ. 100નો | | | પાઘડી | 50,000 |
| એક એવા 1,500 શૅર પૂરા | | | જમીન-મકાન | 2,00,000 |
| ભરપાઈ | | 1,50,000 | ફર્નિચર | 35,000 |
| 8% ના પ્રેફરન્સ શૅર દરેક રૂ. | | | 10% ની સરકારી જામીનગીરીના | |
| 100 નો તેવા 500 શૅર | | | રોકાણો | 60,000 |
| પૂરા ભરપાઈ | | 50,000 | 9% ના ડિબેન્ચર પરત | |
| સામાન્ય અનામત | | 30,000 | નિધિના રોકાણો | 40,000 |
| નફા-નુકશાન | | 60,000 | ચાલુ મિલકત | 1,10,000 |
| ડિબેન્ચર પરતનિધિ | | 40,000 | પ્રાથમિક ખર્ચ | 5,000 |
| ઘસારાની જોગવાઈ : | | | | |
| જમીન-મકાન | 40,000 | | | |
| ફર્નિચર | 7,000 | 47,000 | | |

| | | | |
|---|---|---|---|
| 15% ના ડિબેન્ચરર્સ | 60,000 | | |
| લેણદારો | 25,000 | | |
| કારીગર અકસ્માત વળતર ફંડ | 20,000 | | |
| કામદાર નફાભાગ ભંડોળ | 18,000 | | |
| | **5,00,000** | | **5,00,000** |

- નીચેની વિગતો ધ્યાનમાં લઈને

(અ) અધિક નફાથી 4 ગણી પાઘડી ગણવાની છે.

(બ) ઈક્વિટી શૅરની વ્યાજબી કિંમત ગણવાની છે.

(1) જમીન-મકાનની બજાર કિંમત રૂ. 3,00,000 છે.

(2) આ કંપની જેવો ધંધો કરતી અને 20% ડિવિડન્ડ આપતી કંપનીના શૅરના ભાવ વસૂલ કરતા બમણાં છે.

(3) કંપનીના છેલ્લા 4 વર્ષનો નફો નીચે મુજબ છે.

2000 = 1,00,000, 2001 = 1,30,000, 2002 = 1,20,000, 2003 = 1,50,000

(4) કરવેરાનો દર 50% છે.

***(દક્ષિણ ગુજરાત યુનિ. ટી.વાય.બી.કોમ)***

**(જવાબ :** રોકાયેલ મૂડી (પાઘડી માટે) = 3,25,000, અપેક્ષિત નફો = 3,2500 ચોખ્ખો સરેરાશ નફો = 55,500, અધિક નફો = 23,000

પાઘડી = 92,000, રોકાયેલ મૂડી (ઈક્વિટી શૅરની આંતરિક કિંમત માટે) = 4,77,000, ઈક્વિટી શૅરની આંતરિક કિંમત = 318, બજારકિંમત = 390, ડિવિડન્ડનો દર = 39%, વહેંચણીપાત્ર નફો = 58,500, વ્યાજબી કિંમત = 354)

**પ્ર-18** રમેશ લિમિટેડનું તા. 31-3-2015 ના રોજનું પાકું - સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારી | રકમ રૂ. | મિલકત | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| 10%ના 40,000 પ્રેફરન્સ | | પાઘડી | | 30,400 |
| શૅર દરેક રૂ. 10 નો તેવા | 40,00,00 | જમીન-મકાન | 5,40,000 | |
| 40,000 ઈક્વિટી શૅર | | - ઘસારો | 20,000 | 5,20,000 |
| દરેક રૂ.10નો તેવા | 40,00,00 | યંત્રો | 50,00,00 | |
| સામાન્ય અનામત | 1,28,000 | - ઘસારો | 20,000 | 4,80,000 |
| નફા-નુકશાન ખાતુ | 32,000 | ફર્નિચર | 25,600 | |
| 15% ના ડિબેન્ચર | 1,60,000 | - ઘસારો | 16,00 | 24,000 |
| પ્રૉવિડન્ટ ફંડ | 40,000 | રોકાણો : | | |
| લેણદારો | 32,000 | 10% પ્રોવિડન્ટ ફંડ સામે | | |
| દેવીહૂંડીઓ | 14,000 | ના રોકાણો | 40,000 | |
| | | + સ્પંદન લિ. ના 12% | | |
| | | ના ડિબેં. (દાર્શનિક | | |
| | | કિંમત રૂ.48,000 અને | 45,600 | 85,600 |
| | | વ્યાજ કરપાત્ર) | | |
| | | સ્ટૉક | | 32,000 |
| | **12,06,000** | | | **12,06,000** |

**વધારાની માહિતી :**

(1) જમીન અને મકાનની હાલની બજારકિંમત રૂ. 5,69,600 છે.

(2) કંપનીનો સરેરાશ વાર્ષિક નફો (50 % લેખે કરબાદ કર્યા પહેલાનો) રૂ. 2,24,000 છે.

(3) આજ પ્રકારના ધંધામાં રોકાયેલી મૂડી પર અપેક્ષિત વળતરનો દર 10% ગણાય છે.

(4) કંપનીની પાઘડીની કિંમત રૂ. 60,800 આંકવામાં આવી છે.

ઉપરની વિગતો ઉપરથી કંપનીના ઈક્વિટી શૅરની વ્યાજબી કિંમત શોધો.

***(સૌ.યુ.બી.કોમ. સેમ-4, એપ્રિલ - 2016)***

**જવાબો :** ચોખ્ખી મિલકત= 6,40,000, આંતરિક કિંમત = રૂ.16 વહેંચણીપાત્ર નફો રૂ. 72,000, ડિવિડન્ડનો દર = 18% શૅરની બજાર કિંમત = રૂ.18, શૅરની વ્યાજબી કિંમત = રૂ.17)

# એકમ 3

# નાદારીના હિસાબો (પ્રાંતિય નાદારી કાયદો - 1920 પ્રમાણે)

## : રૂપરેખા :


3.1 આટલું શીખશો

3.2 પ્રાસ્તાવિક - અર્થ

3.3 નાદારીના કાયદાનો સંક્ષિપ્ત પરિચય

3.4 નાદાર જાહેર થવા અંગેની વિધિ/પ્રક્રિયા

3.5 સ્થિતિદર્શક નિવેદન અને તૂટખાતુ (અર્થ અને સમજૂતી)

3.6 સ્થિતિનિદર્શક નિવેદનનો અને તૂટખાતાનો નમૂનો

3.7 નાદારીના હિસાબો વખતે કેટલીક વિશિષ્ટ બાબતોની નોંધ (1થી 9)

3.8 વ્યવહારું ઉદાહરણો (1થી 8) (પૂર્ણ જવાબ - સમજૂતી સહિત)

3.9 ભાગીદારી પેઢીની નાદારી : મહત્ત્વના મુદ્દાઓ અને સમજૂતીદર્શક ઉદાહરણ (પૂર્ણ-જવાબ સમજૂતી સહિત)

3.10 હેતુલક્ષી વ્યાવહારિક ઉદાહરણો (ઉકેલ સાથે)

3.11 સંક્ષિપ્તસાર

- સ્વાધ્યાય
  - સૈદ્ધાંતિક પ્રશ્નો
  - હેતુલક્ષી પ્રશ્નો (ટૂંકાજવાબો સાથે)
  - બહુવિકલ્પ પ્રશ્નો (Multiple Choice Questions)
  - વ્યાવહારિક પ્રશ્નો (માર્ગદર્શક ટૂંકા જવાબો સાથે)


## 3.1 આટલું શીખશો

આ પ્રકરણમાંથી આપ નીચેના મુદ્દાઓ અંગે જ્ઞાન-સમજ-માહિતી મેળવી શકશો.

1. નાદારી અને નાદારનો અર્થ સમજશો.
2. નાદારના રક્ષણ અને લેણદારના હિત માટે નાદારી કાયદાનો સંક્ષિપ્ત પરિચય મેળવશો.
3. અદાલત મારફતે નાદાર જાહેર થવાની કામગીરી સમજી શકશો.
4. નાદાર વ્યક્તિ/પેઢીની મિલકત અને દેવા અંગેની સ્થિતિ અંગે સમજણ મેળવી શકશો.
5. નાદાર વતી નિમાયેલ 'રિસીવર' અથવા 'ઑફિસીઅલ એસાઇની' દ્વારા થતી હિસાબી પ્રક્રિયા વિશે જ્ઞાન પ્રાપ્ત કરી શકશો.
6. નાદારીનાં સંજોગોમાં વિશિષ્ટ હિસાબી મુદ્દાઓ અને તેની હિસાબી પતાવટ અંગે સમજ મેળવી શકશો.
7. સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતા મુજબ 'તૂટ' શોધવાની હિસાબી પ્રક્રિયાથી જ્ઞાન-સમજ વિકસાવી સ્વાધ્યાયના પ્રશ્નો ઉકેલવા સક્ષમ બનશો.

## 3.2 પ્રાસ્તાવિક - અર્થ

"નાદારી" એટલે દેવુ ચૂકવવાની અસમર્થતા. "નાદાર એટલે અસદ્ધર વ્યક્તિ. જેને માટે ધંધાકીય મિલકતમાંથી ધંધાકીય દેવુ પૂરેપૂરું ન ચૂકવી શકાય તેવી પરિસ્થિતિને "ધંધાકીય એકમની નાદારીની" તરીકે ઓળખવામાં આવે છે.

ધંધાના માલિક (એકાકી વેપારી / ભાગીદારો) પાસેથી સબળ લેણદારો નબળા લેણદારોના ભોગે પોતાનું લેણું વસૂલ કરી લે. ઉપરાંત નાદાર જાહેર થવાની અણી પર પહોંચેલ વ્યક્તિઓ પર જાનમાલના ખતરાનો ભય પણ ઊભો થાય છે. લેણદારો તેને શારીરિક અને માનસિક રીતે પરેશાન કરે તેવું બનવાની શક્યતાઓ છે. લેણદારો વચ્ચે નાદાર વ્યક્તિની મિલકતની વહેંચણી પણ ન્યાયી

રીતે થવી જોઈએ. નાદાર વ્યક્તિ / પેઢી અને તેના લેણદારોને રક્ષણ આપતા કાયદા ઈ.સ. 1909 અને ઈ.સ. 1920માં પસાર કરેલ છે. જે એકાકી વેપારી અને ભાગીદારી પેઢી માટેની જોગવાઈ ધરાવે છે. કંપનીઓને નાદારીના આ કાયદાઓ લાગુ પડતા નથી, પરંતુ સંયુક્ત હિસ્સાવાળી કંપનીઓ માટે 2013ના કંપની ધારામાં જોગવાઈઓ કરવામાં આવે છે. તેમજ હાલની સ્થિતિએ ભારતમાં નાદારીના સંજોગોમાં "The Insolvency and Bankruptcy code - 2016" મુજબ Individuals, partnership firms અને Corporate Person's Liquidation પ્રક્રિયા માટે નવા કાનૂન લાગુ થાય છે.

## 3.3 નાદારીના કાયદાનો સંક્ષિપ્ત પરિચય :

નીચેના બે કાયદાઓ ભારતમાં અમલમાં છે.

**(1) ધી પ્રેસિડેન્સી ટાઉન્સ ઈન્સોલ્વન્સી એક્ટ, 1909 :**

બ્રિટિશ શાસન વખતના પ્રેસિડન્સી ટાઉન્સ - મુંબઈ, ચેન્નઈ અને કોલકત્તાને જ આ કાયદો લાગુ પડે છે / અમલમાં છે.

(આપણા અભ્યાસક્રમ મુજબ આ કાયદા પ્રમાણે અભ્યાસ કરવાનો નથી)

**(2) પ્રોવિન્શિયલ ઈન્સોલ્વન્સી એક્ટ, 1920:**

મુંબઈ, ચેન્નઈ અને કોલકતા સિવાયના ભારતનાં શહેરો અને ગ્રામ્યવિસ્તારના વેપારીઓને આ કાયદો લાગુ પડે છે.

(આ કાયદા મુજબ આપણે વ્યવહારું ઉદાહરણો - પ્રશ્નોનો અભ્યાસ કરવાનો છે તેમ અભ્યાસક્રમની સૂચના છે.)

## 3.4 નાદાર જાહેર થવા અંગેની વિધિ / પ્રક્રિયા :

સક્ષમ અદાલતને કાયદાની કેટલીક જોગવાઈઓનું પાલન કરતી અરજીની ચકાસણી બાદ ખાતરી થાય કે દેવાદારની સ્થિતિ ખરેખર અસદ્ધર છે એટલે બધાં લેણદારોને નોટિસ દ્વારા જણાવવામાં આવે છે અને અરજીની સુનાવણીની તારીખ નક્કી કરવામાં આવે છે.

કાયદાની શરત મુજબ દેવાદારની દેવાની રકમ રૂ. 500થી વધુ હોવી જોઈએ. ઉપરાંત તેણે નાદારીનું કૃત્ય કર્યું હોય. જેમ કે તેણે પોતાના લેણદારોને નોટિસ આપી દેવાની ચૂકવણી મુલતવી રાખ્યાનું કે ચૂકવણી માટે અસમર્થ હોવાની જાણ કરી હોય.

સુનાવણીની તારીખે બધા લેણદારોને સાંભળ્યા બાદ અદાલત તેને "નાદાર જાહેર કરતો હુકમ" કરે છે.

ધી પ્રોવિન્શિયલ ઈન્સોલ્વન્સી એક્ટ મુજબ નાદારીની કાર્યવાહીનું વહન કરતા આ અધિકારીને "રિસીવર" કહે છે. રિસીવર જાહેર થયેલ વ્યક્તિની પેઢીની મિલકત વેચી ઉપજેલ રોકડમાંથી નાદારના લેણદારોને તેમના દરજ્જા મુજબ અને કાયદાની જોગવાઈઓ ધ્યાનમાં લઈને ચૂકવણી કરે છે.

આ અધિકારી અદાલતને એક અહેવાલ આપે છે. આ અહેવાલમાં અધિકારીએ પોતે સંપન્ન કરેલ કાર્યવાહીની તમામ વિગતો અને નાદારીની "નાદારી" તરીકેની જે પરિસ્થિતિ ઊભી થઈ તેનાં એટલે કે નાદારીના કારણો દર્શાવવામાં આવે છે.

અદાલત "મુક્તિનો હુકમ" બહાર પાડે તો તે મળ્યા બાદ વેપારી કે પેઢી નવેસરથી પોતાનું જીવન શરૂ કરી શકે છે. આમ, કાયદો તેને નવજીવન આપે છે.

## 3.5 સ્થિતિનિદર્શક નિવેદન અને તૂટખાતું : અર્થ અને સમજૂતી

નાદારની આર્થિક સ્થિતિને લેણદારો સમક્ષ રજૂ કરવા માટે 1920ના પ્રાંતિય નાદારીના કાયદા નીચે નિમાયેલ 'રિસીવર' દ્વારા એકાકી વેપારી કે ભાગીદારી પેઢીની - દેવા - મિલકત - લેણાંની આર્થિક નાણાંકીય પરિસ્થિતિ જે પત્રક વડે દર્શાવાય છે તેને સ્થિતિદર્શક નિવેદન કહે છે. અદાલત દ્વારા નાદાર જાહેર થયા બાદ આ પત્રક તૈયાર કરીને રિસીવર દ્વારાં દર્શાવવામાં આવે છે.

આ પત્રકમાં નાદારે ચૂકવવા પડશે તેમ ધારેલ દેવાઓની રકમ તેમણે રજૂ કરેલા કાચા દેવા તેમજ અન્ય સ્થિતિને આધારે દેવાની વિગત તરીકે રજૂ થાય છે. તેમાં "ચાર પ્રકારનાં દેવા" ક્રમશઃ લિસ્ટ તરીકે દર્શાવાય છે.

**લિસ્ટ 'A' : બિનસલામત લેણદારો :** જેમાં પરચુરણ બાકી દેવા, ખર્ચ - ખરીદીના લેણદારો, દેવી હૂંડી, બૅંક ઑવરડ્રાફ્ટ, નકારવાની શક્યતાવાળી હૂંડીઓ, સ્ત્રીધન ગણાય તેવી નાદારની પત્નીની લોન, એકાકી વેપારીના કિસ્સામાં અંગત દેવા, પસંદગીના ન ગણાય તેવા લેણદારો - દેવા, વગેરે દર્શાવાય છે.

**લિસ્ટ - 'B' : સંપૂર્ણ સલામત લેણદારો :** જે લેણદારોએ નાદારને ઉછીના આપેલાં હોય પરંતુ તે સામે જામીનગીરી તરીકે કોઈ મિલકતગીરો કે તારણ તરીકે લીધી હોય તે મિલકતની ઉપજ રકમ સામે તેના લેણાં ઓછા હોય તો તેવા લેણાં વસૂલવા જે લેણદારો પૂર્ણપણે સલામત હોય તેવા લેણદારો અહીં દર્શાવાય છે. તેમને કોઈ રકમ ચૂકવવાની ન હોય તેની ઉપજનો વધારો સામે મિલકતની ઉપજમાં લઈ જવાય છે.

**લિસ્ટ - 'C' :** અપૂર્ણ સલામત લેણદારો : જે લેણદારોએ નાદારને પૂરી પાડેલ ઉછીની રકમ વસૂલ કરવા માટે મિલકત તારણ તરીકે, ગીરો રૂપે પોતાની પાસે ધરાવતી હોય પરંતુ તે મિલકતની ઉપજથી પૂરેપૂરાં પોતાના લેણા વસૂલ ન થઈ શકે તેમ હોવાથી તેઓ અમુક અંશે સલામત લેણદારો અને અમુક અંશે અસલામત લેણદારો ગણાય છે. જો આવા લેણદારો કોઈ મિલકતઉપર પ્રથમ ગીરો હક્ક ને બદલે દ્વિતીય ગીરો હક્ક ધરાવતા હોય તો તેઓને પ્રથમ ગીરો હક્કવાળા લેણદારોને ગીરો મિલકતની ઉપજમાંથી રકમ મળ્યા બાદ  વધતી રકમનો લાભ મળે છે તેથી લિસ્ટ - B નો મિલકતનો ઉપજ વધારો લિસ્ટ C માં લેણદારોમાથી બાદ થાય છે.

**લિસ્ટ - D એટલે પસંદગીના લેણદારો :** જેમાં ધી પ્રોવિન્શિયલ ઇન્સોલ્વન્સી એક્ટ, 1920 મુજબ સરકારનું, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું, પંચાયતનું કે કોર્પોરેશન વેરા, આવકવેરો, બાકી લેણું જે નાદારનું દેવું ગણાય તે પૂરેપૂરું  પસંદગીના લેણદાર તરીકે દર્શાવાય છે. આ ઉપરાંત નાદારની પેઢીમાં કામગીરી કરતા કારકૂન, નોકર, મજૂર વગેરેને વ્યક્તિગત રૂ. 20 થી વધુ નહીં તેવો પગાર, મજૂરી, વેતન પસંદગીનું દેવું ગણીને આ લિસ્ટમાં દર્શાવાશે ધ્યાનમાં રાખવું કે તે સિવાયનું પગાર વેતન કે આવું દેવું બિનસલામત લેણદારો લિસ્ટ - A માં દર્શાવશે.

આમ, સ્થિતિ દર્શક નિવદેનમાં દેવાની વિગત નીચે લિસ્ટ  A, B, C અને D મુજબનાં વર્ગીકૃત લેણદારો રજૂ કરવામાં આવે છે.

મિલકતની વિગતમાં નાદારે દર્શાવેલ પેઢીની મિલકત ઉપરાંત એકાંકી વેપારીનાં કિસ્સામાં અંગત મિલકત પણ ઉપજ કિંમતે દર્શાવાય છે. જે માટે લિસ્ટ : E, F, G અને H શીર્ષક નીચે મિલકતની ચોપડા કિંમત અને ઉપજ કિંમત દર્શાવાશે. અંગત મિલકત એકાકી વેપારીનાં કિસ્સા સિવાય દરેક મિલકતની ચોપડા કિંમત અને ઉપજ કિંમત નોંધવામાં આવે છે. જો ઉપજ કિંમત વધુ હોય તો તફાવત તે મિલકતમાં નફો/ લાભ ગણીને તૂટ ખાતામાં આવક બાજુ તૂટમાં ઘટાડો કરવાની વિગત  તરીકે તે નોંધવામાં આવશે. પરંતુ જો ચોપડા કિંમત કરતા ઉપજ કિંમત ઓછી હોય તો 'તફાવત' ખોટ / નુકશાન તરીકે તૂટખાતે જાવક બાજુ તૂટમાં વધારો કરતી બાબત તરીકે નોંધવામાં આવશે.

**લિસ્ટ - E : પરચુરણ મુક્ત મિલકત** નીચે પેઢીની કે વ્યક્તિગત અંગત મિલકત જે ગીરવે કે તારણ તરીકે નથી, મુક્ત છે તે દર્શાવા જેમ કે, જમીન, મકાન-વાહન, ફેક્ટરી, કમ્પ્યુટર્સ, રોકાણો, સ્ટૉક, રોકડ-બૅંક વગેરે દર્શાવાશે. જો સ્વૈચ્છિક હેરફેર રદ થાય તો તેવી મિલકતની ઉપજ પણ અહીં નોંધવામાં આવે છે.

**લિસ્ટ - F દેવાદારો અથવા ચોપડે લેણું :** તરીકે દર્શાવાય છે. દેવાદારોમાં સદ્ધર જેની ચોપડા કિંમત એટલી જ ઉપજ કિંમત હોય તેવા દેવાદારો 'સદ્ધર' શીર્ષક પ્રથમ નોંધવા તે બાદ 'શકમંદ' (સંશિયત) દેવાદારો નોંધવા જેની ચોપડા કિંમત કરતા ઉપજ હંમેશા ઓછી હોય. તેમજ ડૂબત શીર્ષક નીચે વસૂલ જ ન થઈ શકે તેવા દેવાદારો દર્શાવાશે. જેની ચોપડા કિંમત સામે ઉપજ કિંમત શૂન્ય / કંઈ પણ નહિ તરીકે હોય. શકંમદ મુજબ અને ડૂબત મુજબ દેવાદારો પાસેથી વસૂલ ન થઈ શકતી રકમ 'ઘાલખાધ' તરીકે  નક્કી કરીને તૂટ ખાતે 'નુકશાન' ગણી જાવક બાજુએ List - F મુજબ ઘાલખાધ તરીકે દર્શાવવી.

**લિસ્ટ - G - એટલે લેણીહૂંડીઓ :** જે હૂંડીઓ પાકતી તારીખે વટાવવા મોકલી ન હોય તેમજ વસૂલ કરવા માટે હજૂ મોકલવવાની ન હોય તેવી લેણી હૂંડીઓ આ શીર્ષક નીચે ચોપડા કિંમત અને ઉપજ કિંમતના ખાતામાં દર્શાવાશે. તેનો તફાવત તૂટ ખાતે લઈ જવાય છે.

**લિસ્ટ - 'B' નો વધારો** જો કોઈ હોય અને તેનો ઉપયોગ લિસ્ટ - 'C' માટે ન હોય તે સંજોગોમાં આવો વધારો ઉપજનાં ખાનામાં લિસ્ટ G પછી મિલકત તરીકે દર્શાવાશે. આ રીતે લિસ્ટ E, F, G તેમજ લિસ્ટ B ના વધારા સહિત ઉપજના ખાતાનો સરવાળો થશે. જે મિલકતની કુલ ઉપજ ગણાય. આ ઉપજમાંથી સૌપ્રથમ નાદારીનાં ખર્ચા, રિસીવરનું મહેનતાણું બાદ થશે. તે પછી જે ઉપજ રહે તેમાંથી લિસ્ટ - D મુજબ પસંદગીના લેણદારોને રકમ "સામે મુજબ" ચૂકવાશે તે બાદ જે વધારો રહે તે મિલકતની ચોખ્ખી ઉપજ ગણાય. તે રકમ સામે નાદારીનાં ચૂકવવા પડશે તેમ ધારેલ છે. તેવી રકમનો સરવાળો સરખાવતા જે તફાવત (ખૂટતી રકમ) મળે તેને તૂટ કહેવામાં આવે છે. આવી તૂટની રકમનું વિગતવાર વર્ણન તૂટ ખાતામાં હોય છે. અહીં ''તૂટ'' ખાતું એટલે લિસ્ટ 'H' જે આ સ્થિતિદર્શક નિવેદન મુજબ સામાન્ય ગણતરી વડે નિર્ધારિત થાય છે.

**હવે તૂટ ખાતું (લિસ્ટ-H) શું છે તે સમજીએ**

સ્થિતિદર્શક નિવેદન મુજબ, તૂટ એટલે કે નાદારે દેવું ચૂકવવાની રકમ સામે તેની પાસે ઉપલબ્ધ મિલકતની ઉપજ વચ્ચેનો તફાવત આ તૂટ ઉદ્‌ભવવા માટેના જે વિવિધ કારણો છે તેનું વિવરણ પણ રિસીવરે અદાલતમાં રજૂ કરવાનું રહે છે. તેથી તે વિવરણને તૂટખાતુ (લિસ્ટ - H) કહે છે. આ ખાતાની ડાબી બાજુએ આવકો (+) દર્શાવાય છે જ્યારે જમણી બાજુએ જાવકો (-) દર્શાવાય છે. આ તૂટખાતું નાદારે ધંધો શરૂ કર્યા તારીખથી નાદારની અરજી તારીખ સુધીનાં સમયગાળા માટે બનાવવામાં આવે છે.

## 3.6 સ્થિતિદર્શક નિવેદનનો અને તૂટખાતાનો નમૂનો :

**સ્થિતિદર્શક નિવદેનનો નમૂનો**

**શ્રી......નું. તા. ..... ના રોજનું સ્થિતિદર્શક નિવેદન**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|
| કાચાં દેવા રૂ. | દેવાની વિગત (નાદારે દર્શાવ્યા મુજબ) | ચૂકવી પડશે તેવી ધારેલ રકમ રૂ. | મિલકતની વિગત નાદારે દર્શાવ્યા મુજબ | ચોપડા કિંમત રૂ. | ઉપજ કિંમત રૂ. |
| ✓ | **List - A :**<br>બિનસલામત લેણદારો : | ✓ | **List - E**<br>પરચૂરણ મિલકત<br>(List -F, G, B, C) સિવાયની મિલકત | ✓ | ✓ |
| | **List - B**<br>સંપૂર્ણ સલામત લેણદારો ✓<br>(-) ગીરો લોન ઉપજ ✓<br>વધારો સામે (-) ✓ મુકવો | NIL | List - F દેવાદારો<br>સલામત / સધ્ધર<br>શકમંદ<br>ડૂબત | <br>✓<br>✓<br>NIL | <br>✓<br>✓<br>✓ |
| ✓ | List - C<br>સંપૂર્ણ સલામત લેણદારો ✓<br>(-) ગીરો મિલકત ની ઉપજ ✓ | ✓ | List - G લેણીહૂંડી<br>+ List B નો વધારો સામેથી લાવ્યા<br>= મિલકતની કુલ ઉપજ | ✓<br>✓ | ✓<br>✓ |
| | **List - D** | | | → | ✓ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ✓ | પસંદગીના લેણદારો (-) સામે મુજબ ચૂકવ્યા ✓ | ✓ | બાદ : નાદારી ખર્ચ<br>રીસીવર મહેનતાણું<br>List - D સામે મુજબ ચૂકવ્યા<br>મિલકતની ચોખ્ખી ઉપજ | →<br>→<br>→<br>→ | (-) ✓<br>(-)<br>(-)✓<br>✓ |
| | | | List - H મૂડીતૂટ તૂટખાતામાં દર્શાવ્યા મુજબ) | → | ? |
| | **કુલ** | ✓ | **કુલ** | | ✓ |

**તૂટ ખાતુ List H નું વર્ણન) નો નમૂનો**

**શ્રી .....નું તા..... થી તા..... સુધીના સમયગાળાનું તૂટખાતું**

| આવક (+) | રૂ. | જાવક (-) | રૂ. |
|---|---|---|---|
| (1) મિલકતના દેવા પરનો તા : ..... ના રોજનો વધારો (શરૂ મૂડી) | ✓ | (1) તા.... ના રોજ દેવા - જવાબદારી નો મિલકતપરનો વધારો (શરૂની તૂટ) | ✓ |
| (2) દરેક વર્ષનો ધંધાકીય ખર્ચ બાદ કર્યા પછીનો ચો.નફો. | ✓ | (2) ધંધો શરૂ કર્યા તા.... થી નાદારી હુકમ સુધીમાં દર વર્ષ મુજબ ચોખ્ખી ખોટ | ✓ |
| (3) ધંધો શરૂ કર્યા તારીખથી નાદારીની તારીખ સુધીમાં અન્ય સાધનો વગેરેમાંથી આવક અથવા નફો | ✓ | (3) લિસ્ટ -F મુજબ ઘાલખાધ (દેવાદારોમાં ઘાલખાધ) | ✓ |
| (4) મૂડી પરનું વ્યાજ | ✓ | (4) લિસ્ટ - G મુજબ ઘાલખાધ (લેણીહૂંડીમાં નુકશાન / ખોટ) | ✓ |
| (5) મિલકતવેચાણનો નફો (લિસટ E, B, C વગેરેમાં ચોપડા કરતા ઉપજ કિંમત વધુ હોય ત્યારે) | ✓ | (5) ધંધાકીય ખર્ચ સિવાયના ખાસ બીજા ખર્ચ જેમ કે ઉપાડ, ઉપાડનું વ્યાજ, ઘરખર્ચ, દંડ કે પૅનલ્ટી વગેરે | ✓ |
| (6) અંગત મિલકત (જો અંગત દેવા જવાબદારી બાદ ન કરીએ તો કુલ રકમ દર્શાવવી) | ✓ | (6) અન્ય ધંધાકીય સિવાયના નુકશાન / ખોટ - નુકશાન, શરત, જુગાર, લોટરી, નુકશાન વગેરે. | ✓ |
| (7) અન્ય તૂટમાં ઘટાડો કરતી વિગત અને રકમ | ✓<br>✓ | (7) મિલકતઉપજ નુકશાન (લિસ્ટ E, B, C મુજબ) જો મિલકતની ચોપડા કિંમત સામે ઉપજ કિંમત ઓછી હોય તો વટાવેલી હૂંડી અંગે નુકશાન મુજબની જવાબદારી | ✓ |
| (8) તૂટ (સ્થિતિ દર્શક નિવદેનમાં દર્શાવ્યા મુજબ) | ? | (8) અંગત દેવા (જો અંગત મિલકતમાંથી બાદ દર્શાવ્યા ન હોય તો) | ✓ |

| | | | |
|---|---|---|---|
| | | (9) નાદારીના ખર્ચા, વિસર્જન ખર્ચ, રિસીવરનું મહેનતાણું વગેરે | ✓ |
| | | (10) તૂટમાં વધારો કરતી વિગત અને રકમ | |
| કુલ | ✓ | જાવક ખર્ચ કે નુકશાન હોય ત્યારે કુલ | ✓ |

## 3.7 નાદારીના હિસાબો વખતે કેટલીક વિશિષ્ટ બાબતોની નોંધ :

**(1) સ્વૈચ્છિક હેરફેર (Voluntary Transfer)**

ઘણીવાર નાદાર અપ્રમાણિકતા અને બદઈરાદાથી પોતાની મિલકતમિત્રો કે સગાસંબંધીઓના નામે ફેરબદલ કરે અને લેણદારોના હિતને નુકશાન પહોંચાડે. આવી ફેરબદલી રદ કરવાને લગતી જોગવાઈ નાદારીના કાયદામાં કરેલ છે. જો નાદાર થતી વ્યક્તિએ નાદારીની અરજી તારીખના અગાઉના બે વર્ષના ગાળા દરમિયાન અવેજ લીધા સિવાય કોઈ પણ વ્યક્તિને મિલકતફેરબદલ કરી આપેલ હોય તો તે રદબાતલ ગણાય છે. રિસીવર કે એસાઈની આવી મિલકતપરત મેળવી શકે છે. અને અંગત મિલકતના હવાલાની જેમ સ્થિતિદર્શક નિવેદનના લિસ્ટ 'E' અને તૂટ ખાતામાં (+) ડાબી બાજુ દર્શાવે છે. જો મિલકતની હેરફેર અવેજ લઈને સેવાના બદલામાં કરી હોય તો તે કાયદેસર ગણાય છે.

ઉપરોક્ત નિયમોને નીચેના બે અપવાદ છે.

(અ) લગ્ન પહેલાં કે લગ્નના અવેજ તરીકે મિલકતની ફેરબદલી થઈ હોય.

(બ) વ્યક્તિએ અવેજ આપીને શુદ્ધ દાનતથી મિલકતની ફેરબદલી પોતાની તરફેણમાં મેળવી હોય.

**નોંધ :** ઉપરોક્ત હિસાબી અસર સ્વૈચ્છિક હેરફેર લેણદારને થઈ હોય તો નોંધને પાત્ર બને છે. પરંતુ લેણદાર ન હોય મિત્ર, સગા કે સંબંધી કોઈ હોય તો તે સંજોગોમાં રિસીવર આવી મિલકતપરત મેળવે તેને લિસ્ટ E માં ઉપજના ખાનામાં દર્શાવાશે. અને તૂટખાતામાં ડાબી બાજુ આવક તરીકે દર્શાવશે.

**(2) કપટયુક્ત પસંદગી :**

નાદાર વ્યક્તિ એકાકી વેપારી તરીકે ધંધામાં હોય ત્યારે પોતાના લેણદારોને રકમ ચૂકવવામાં ચૂકવણીનો ક્રમ ન જાળવે અને કપટપૂર્વક ઈરાદાથી લેણદારને ચૂકવણીમાં ખોટો અગ્રતાક્રમ આપે, જો નાદારીની અરજી તારીખ અગાઉના 3 માસમાં આવી કોઈ ઘટના બની હોય તો રિસીવર લેણદારોની ખાતાવહી ઉપરથી તારીખ અને સમય મુજબ લેણદારને યોગ્ય ક્રમમાં રકમ ચૂકવી છે કે કેમ તેની તપાસમાં ક્રમ ન જળવાતો હોય તો તેવી ચૂકવણી કપટયુક્ત પસંદગીના નામે રદ ગણે છે અને તેને લીધે આવો લેણદાર રદ થાય. તેથી બિનસલામત દેવું તેટલું વધે છે અને તેટલી જાવક પણ તૂટ ખાતામાં વધે છે વ્યવહાર રદ થતા આ રીતે ચૂકવેલ રકમ રીસિવરને પરત મળે છે તેથી લિસ્ટ E માં આવક વધે છે. મિલકતતરીકે અને તૂટખાતામાં પણ આવક વધે છે. તેટલો લેણદાર લિસ્ટ - A માં વધે છે તૂટ ખાતે તેને ચૂકવવાની તરીકે જાવક પણ વધે.

**(3) નાદારની પત્નિની લોન :**

નાદાર પતિએ ભૂતકાળમાં પત્ની પાસે કોઈ લોન લીધી હોય તો તે બિનસલામત દેવા તરીકે List - A નીચે દર્શાવાશે. જો પત્નીની લોન પુરેપુરી સ્ત્રી ધન હોય તે, List - A નીચે પુરી રકમ દર્શાવવી. પરંતુ જો નાદારની પત્નીની લોન પૈકી અમુક રકમ સ્ત્રીધન ન ગણાય તેવી હોય એટલે કે નાદારની પત્નીને નાદારે ભૂતકાળમાં ઘરખર્ચ કે બચત માટે પોતાની કમાણીમાંથી કોઈ રકમ આપી હોય અને તે રકમનો સમાવેશ નાદારની પત્નીની લોનમાં થતો હોય તો તે નાદારની પત્નીની લોનમાંથી સ્ત્રીધન ન ગણાય તેવી રકમ તરીકે બાદ કરવામાં આવશે અને તૂટખાતામાં તે દેવું કોઈને ચૂકવવાનું ન હોય આવક બાજુ દર્શાવાશે.

**(4) નાદારની જીવનવીમા પોલિસી :**

આ રકમ નાદારની અંગત મિલકતછે તેનું શરણમૂલ્ય ધ્યાનમાં લેવાય છે અને તે રકમથી લિસ્ટ-E મુજબની મિલકત વધે છે. તૂટખાતામાં આવક તરીકે નોંધાય છે જો જીવનવીમા પોલિસી તારણ કે ગીરવે હોય તો તેની ઉપજ List - E માં નોંધવાને બદલે List - B અથવા List - C માં લેણદારોને ચૂકવવા માટે દર્શાવવામાં આવે છે અને તૂટ ખાતે આવક બાજુ દર્શાવાય છે.

**(5) નાદારની અંગત મિલકત અને અંગત દેવા :**

વ્યક્તિગત એકાંકી નાદારીના સંજોગમાં નાદારની મિલકત અને દેવા ધંધાના હોય કે અંગત હોય તેને અહીં એક જ ગણવામાં આવે છે. તેથી ધંધાકીય મિલકતોની જેમ જ નાદારની અંગત મિલકતો પણ ધ્યાનમાં લેવાશે અને હિસાબોમાં દર્શાવાશે. List - E માં અને તૂટ ખાતે આવક બાજુ એ જ રીતે અંગત દેવા જવાબદારી પણ હિસાબોમાં લેવાશે અને List - A નીચે અને તૂટ ખાતામાં જાવક બાજુએ દર્શાવાશે.

**(6) નાદારીનો ખર્ચ અને રિસીવરનું મહેનતાણું :**

કાનૂની ખર્ચની દૃષ્ટિએ આ પ્રકારના ખર્ચ મિલકતની કુલ ઉપજમાંથી સૌપ્રથમ બાદ કરવાના રહે છે અને સ્થિતિદર્શક નિવેદનમાં તે રીતે નોંધવાના રહે છે. બીજી અસર તૂટ ખાતાની જાવક બાજુ નોંધવામાં આવે છે.

**(7) નકરાય તેવી વટાવેલી હૂંડીની જવાબદારી :**

જે લેણીહૂંડીઓ વટાવવા માટે અથવા વેચાણવેરો કરીને અન્યને આપેલ હોય તેવી હૂંડીઓ લેણીહૂંડી ન રહેતા વટાવેલી હૂંડી ગણાય છે. જો આવી વટાવેલી હૂંડી નાદારે કોઈ લેણદારને તેને ચૂકવવાની રકમ સામે આપી હોય તો તેણે તેટલી રકમથી લેણદાર ઘટાડેલ હોય. હવે જો આવી હૂંડી પાકતી તારીખે નકારાય તેમ છે. તેવી માહિતી રિસીવરને મળે તો રિસીવર આવી વટાવવા પાત્ર હૂંડીઓ નકારાશે તેથી તે અંગેનો લેણદાર જે રદ કરી નાખેલ તે હવે ફરીથી ઊભો થશે તેથી List - A નીચે ન કરાય તેવી હૂંડીનો લેણદાર નોંધવામાં આવશે. અને તેને રકમ ચૂકવવાનું નક્કી થતા તૂટ ખાતે તેટલી જાવક વધશે.

**(8) લેણદારે જતી કરેલી રકમ અંગે :**

જો દેવામાં ઘટાડો થાય તે રીતે લેણદાર રકમ જતી કરે તો :

આ સંજોગોમાં લિસ્ટ -A ની રકમમાં ઘટાડો થશે અને તેટલી જ રકમથી તૂટ ખાતામાં આવક બાજુ નોંધ કરવામાં આવશે.

**(9) મૂડી પરના વ્યાજ અંગે :**

આવી રકમ તૂટમાં ઘટાડો કરતી રકમ તરીકે આવક બાજુએ નોંધવામાં આવે છે.

- પરંતુ જો ધંધાની શરૂઆતથી મૂડી પર આવુ વ્યાજ ગણવામાં આવેલ ન હતું અને નોંધવામાં ન આવેલ તેવી માહિતી હોય તો તૂટખાતામાં જ મૂડી પરનું વ્યાજ આવક તરીકે નોંધી. તરત જાવક બાજુએ પણ નોંધવામાં આવશે.

## 3.8 વ્યવહારું ઉદાહરણો (પૂર્ણ જવાબ અને સમજૂતી સહિત)

એક મિલકતપર બે ગીરો લેણદારો, નાદારની પત્નીની લોન, સ્વૈચ્છિક હેરફેર, મૂડી પરનું વ્યાજના મુદ્દાઓ :

**ઉદા-1** શ્રી નાથાલાલ તા. 31-3-05ના રોજ નાદારીની અરજી કરી ત્યારે તેની સ્થિતિ નીચે મુજબ હતી.

| | |
|---|---|
| - પસંદગીના લેણદારો | 10,000 |
| - બિન સલામત લેણદારો | 20,00,00 |
| - વટાવેલી હૂંડી જવાબદારી | 2,000 |

| | |
|---|---|
| - યંત્ર પર પ્રથમ ગીરો લોન | 30,000 |
| - યંત્ર પર બીજી ગીરો લોન | 70,000 |
| - નાદારી ખર્ચ / રિસીવર મહેનતાણું | 5,000 |

**અન્ય માહિતી**

(1) બિન સલામત લેણદારોમાં નાદારની પત્નીની લોન 10,000 સમાયેલ છે. 80% રકમ તેણીએ સ્ત્રીધનમાંથી આપી છે.

(2) નાથાલાલે તા.1-1-04 ના રોજ તેના મિત્રને રૂ. 50,000 કિંમતની એક મિલકત(વાહન) ભેટ આપેલ તા. 31-3-05 ના રોજ તેની કિંમત રૂ. 20,000 છે.

(3) ત્રણ વર્ષ પહેલા નાદારે વેપારી તરીકે રૂ. 1,00,000 ની મૂડીથી ધંધો શરૂ કરેલ જેના પર વાર્ષિક 10% વ્યાજ ગણવું.

(4) પ્રથમ બે વર્ષનો કુલ નફો રૂ. 100,000 અને ત્રીજો વર્ષે ખોટ રૂ.60,000

(5) શ્રી નાથાલાલનો કુલ ઉપાડ રૂ. 62,000 છે.

(6) મિલકતોની માહિતી નીચે હતી.

| **મિલકત નામ** | **ચોપડે કિંમત રૂ.** | **ઉપજ કિંમત રૂ.** |
|---|---|---|
| મકાન | 80,000 | 50,000 |
| યંત્ર | 1,50,000 | 70,000 |
| દેવાદાર | 50,000 | 30,000 |
| સ્ટૉક | 1,20,000 | 50,000 |
| રોકડ - બૅંક | 18,000 | 18,000 |

આ માહિતી ધ્યાનમાં લઈ શ્રી નાથાલાલ માટે સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતુ તૈયાર કરો.

જવાબ: પ્રથમ કેટલીક સમજૂતી સ્પષ્ટ કરી લઈએ.

**નોંધ : 1** નાદારની પત્નીની લોન રૂ. 10,000 પૈકી 80% લેખે રૂ. 8,000 બિન સલામત લેણદારોમાં રહેશે. સ્ત્રીધન તરીકે, જ્યારે 20% રકમ રૂ. 2,000 સ્ત્રીધન ન ગણાય. તેવી લોન બિનસલામત લેણદારોમાંથી બાદ થશે. અને બીજી અસર તૂટ ખાતામાં આવક તરીકે થશે.

**નોંધ : 2** મિત્રને આપેલ વાહન નાદારીની અરજી અગાઉના 2 વર્ષની ઘટના હોવાથી સ્વૈચ્છિક હેરફેર ગણાય અને રિસીવર તે રદ કરે તો વાહનની ઉપજ રૂ.20,000 લિસ્ટ - E નીચે દર્શાવાય અને તૂટ ખાતે આવક બાજુ નોંધાય. મૂળકિંમત રૂ. 50,000ની કોઈ નોંધ ન થાય.

**નોંધ : 3** મૂડી પરનું વ્યાજ વાર્ષિક 10% ગણી તૂટ ખાતાની આવકબાજુ નોંધવું.

**નોંધ : 4** ગીરો યંત્ર અંગે નોંધ :

| | |
|---|---|
| યંત્રની મૂ.કિં. | રૂ. - 1,50,000 |
| બાદ ઉપજ | રૂ. - 70,000 |
| = | રૂ. 80,000 |

યંત્ર ઉપજ ખોટ, તૂટ ખાતે જાવક બાજુ નોંધાય.

આ યંત્ર ઉપર પ્રથમ ગીરો લોન રૂ. 30,000 છે. જે સામે યંત્રની ઉપજ રૂ. 70,000 છે. તેથી યંત્ર પ્રથમ ગીરો લોન લિસ્ટ - B નીચે દર્શાવાશે. જ્યારે રૂ. 70,000ની ઉપજમાંથી પ્રથમગીરો લોન રૂ. 30,000 બાદ જતા બાકીની ઉપજ રૂ. 40,000 સામે બીજી ગીરો લોન સરખાવતા તે સંપૂર્ણ સલામત લેણદાર તરીકે લિસ્ટ - C નીચે દર્શાવાશે.

(1) **શ્રી નાથાલાલનું તા. 31-3-2,005ના રોજનું સ્થિતિદર્શક નિવેદન**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|
| કાચા દેવા રૂ. | દેવાની વિગત | ચુકવવી પડે તેવી રકમ (ધારેલ) રૂ. | મિલકતોની રકમ | ચોપડે કિંમત રૂ. | ઉપજ કિંમત રૂ. |
| | **List - A બિનસલામત લેણદારો** | | **List - E પરચૂરણ મુક્ત મિલકતો** | | |
| 2,00,000 | બિ.સ.લે. 2,00,000 | | વાહનની સ્વૈ. હેરફેર રદ થતાં | - | 20,000 |
| | (-) સ્ત્રીધન ગણાય તેવી લોન 2,000 | 1,98,000 | મકાન | 80,000 | 50,000 |
| | | | સ્ટોક | 1,20,000 | 50,000 |
| | વટાવેલી હુંડીની જવાબદારી | 2,000 | રોકડ બેંક | 1,8,000 | 18,000 |
| | List - B સંપૂર્ણ સલામત લેણદારો | | List - F દેવાદારો | 50,000 | 30,000 |
| - | યંત્ર પ્રથમ ગીરો લોન | | List - G લેણીહુંડી | - | - |
| 30,000 | 30,000 | | | | |
| (-) | યંત્ર ઉપજ 70,000 | | કુલ મિલકતોની ઉપજ | | **1,68,000** |
| | - 40,000 | NIL | | | |
| | વધારો L-C માં લઈ ગયા. | | (-) નાદારી ખર્ચ અને | | |
| 70,000 | **List - C અપૂર્ણ સલા. લેણદાર** | | રીસીવર મહેનતાણું | | -5,000 |
| | યંત્ર બીજી ગી.લો. 70,000 | | (-) લિસ્ટ D ને સામે મુજબ ચૂકવ્યા | | -10,000 |
| (-) | L-B માંથી લાવ્યા 40,000 | 30,000 | | | |
| | **List - D પસંદગી લેણદારો** | | **મિલકતોની ચોખ્ખી ઉપજ** | | 1,53,000 |
| | | | List H મૂડીતૂટ (?) | | 77,000 |
| | કુલ 10,000 | | | | |
| (-) | સામે મુજબ 10,000 | - | | | |
| | | 2,30,000 | | | 2,30,000 |

(2) **ત્રણ વર્ષ માટે તૂટ ખાતું**

(+) (-)

| આવક | રૂ. | જાવક | રૂ. |
|---|---|---|---|
| - શરૂ મૂડી | 1,00,000 | -યંત્ર ઉપજ ખોટ | |
| - પ્રથમ બે વર્ષનો નફો | 1,00,000 | (નોંધ - 4 મુજબ) | 80,000 |
| - મૂડી પરનું વ્યાજ | | - વટાવેલી હુંડીની | |
| (10,000 × 10% × 3 વર્ષ) | 30,000 | જવાબદારી | 2,000 |
| -સ્ત્રીધન ન ગણાય તેવી | | - રિસીવર મહેનતાણું અને | |
| પત્નીની લોન (10,000 - 8,000) | 2,000 | નાદારી ખર્ચ | 5,000 |

| | | | |
|---|---|---|---|
| - સ્વૈચ્છિક હેરફેર રદ થતા વાહનની ઉપજ | 20,000 | - ત્રીજો વર્ષે ખોટ | 60,000 |
| - તૂટ સ્થિતિ દર્શક નિવેદન મુજબ | 77,000 | - કુલ ઉપાડ | 62,000 |
| | | - મકાન ઉપજ ખોટ | 30,000 |
| | | - List - F મુજબ ઘાલખાધ | 20,000 |
| | | - સ્ટૉક ઉપજ ખોટ | 70,000 |
| | **3,29,000** | | **3,29,000** |

**લેણદારનું વર્ગીકરણ અને ગીરો મિલકતના મુદ્દાઓ**

**ઉદા-2** શ્રી રાજે તા. 30મી જૂન, 2010ના રોજ નાદારીની અરજી કરી હતી. નીચેની વિગતો પરથી સ્થિતિદર્શક નિવેદન અને તૂટખાતું તૈયાર કરો :

| **વિગત** | **રૂ.** |
|---|---|
| માલ અંગેના લેણદારો | 75,000 |
| દેવીહૂંડી | 5,000 |
| શૅર પર અધિકાર ધરાવતા લેણદારો | 40,000 |
| વટાવેલ હૂંડીની જવાબદારી (જે પૈકી રૂ.3,000 નકારવા સંભવ છે.) | 7,000 |
| સ્ટૉક પર ગીરો લોન | 15,000 |
| કારખાના પર અધિકાર ધરાવતા લેણદારો | 10,000 |
| દેવાદારો : સદ્ધર | 25,000 |
| દેવાદારો શકમંદ (ઉપજવા ધારેલ રૂ. 2,000) | 10,000 |
| શૅર (ઉપજવા ધારેલ રૂ. 16,000) | 15,000 |
| સ્ટૉક (ઉપજવા ધારેલ રૂ. 40,000) | 60,000 |
| બૅંક સિલક | 100 |
| કારખાનું (ઉપજવા ધારેલ રૂ. 11,000) | 20,000 |
| લેણીહૂંડી | 1,400 |
| યંત્રો (ઉપજવા ધારેલ રૂ. 12,000) | 15,000 |
| ફિક્ષ્ચર્સ (ઉપજવા ધારેલ રૂ. 1,500) | 3,000 |
| કોટેજિસ (ઉપજવા ધારેલ રૂ. 3,000) | 6,800 |
| ભાડું કરવેરાના પસંદગીના લેણદારો | 3,000 |

છ વર્ષ પહેલાં તા. 1- 7 ના રોજ તેમની મૂડી રૂ. 50,000ની હતી. છ વર્ષ દરમિયાન રૂ.45,500નો નફો થયો હતો અને રૂ. 25,000ની ખોટ ગઈ હતી. મૂડી ઉપર કુલ 15,000 વ્યાજ ગણવામાં આવ્યું હતું. એમનો ઉપાડ રૂ. 77,200 હતો.

**જવાબ :**

સ્થિતિદર્શક નિવેદન અને તૂટખાતું તૈયાર કરતાં પહેલાં ઉપરોક્ત વિગતો અનુસાર લેણદારોનું વર્ગીકરણ સ્પષ્ટ કરતી નીચે દર્શાવેલ વિગતો ખાસ ધ્યાનમાં લઈશું.

(1) સ્ટૉક પર અધિકાર ધરાવતાં લેણદારો રૂ. 15,000 જ્યારે સ્ટૉકની ઉપજવા ધારેલ કિંમત રૂ. 40,000 છે તેથી સ્ટૉક પર અધિકાર ધરાવતા લેણદારો સંપૂર્ણ સલામત લેણદારો ગણાશે. આ જ પ્રમાણે કારખાના પર ગીરો લોન રૂ. 10,000 છે, જ્યારે કારખાનાની ઉપજ રૂ. 11,000 છે જે ગીરો લોનની રકમ કરતાં વધું છે તેથી કારખાના પર ગીરો લોન સંપૂર્ણ સલામત લેણદાર ગણાશે.

(2) શૅર પર અધિકાર ધરાવતા લેણદારોની રકમ રૂ. 40,000 છે જ્યારે શૅરની ઉપજવા ધારેલ કિંમત રૂ. 16,000 છે જે લેણદારોની રકમ કરતાં ઓછી ચૂકવણી પાત્ર રકમ છે તેથી શૅર પર અધિકાર ધરાવતા લેણદારો અપૂર્ણ સલામત લેણદારો ગણાશે.

**જવાબ :**

(4) **શ્રી રાજનું તા. 30-6-2010 ના રોજનું સ્થિતિદર્શક નિવેદન**

| કાચાં દેવા રૂ. | દેવા (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકત (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઉપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|
| | **લિસ્ટ - A મુજબ** | | **લિસ્ટ E મુજબ** | | |
| | બિનસલામત લેણદારો: | | મિલકત : | | |
| 75,000 | માલ અંગેના લેણદારો | યંત્રો | 15,000 | 1,2000 | |
| | 75,000 | | ફિક્ષ્ચર્સ | 3,000 | 1,500 |
| 5,000 | દેવીહૂંડી 5,000 | | કોટેજિસ | 68,00 | 3,000 |
| 7,000 | નકરાય તેવી | | બૅંક સિલક | 100 | 100 |
| | હૂંડી 3,000 | 83,000 | લિસ્ટ E નો સરવાળો | | 16,600 |
| | લિસ્ટ B મુજબ સં. સ. લે. | | લિસ્ટ F મુજબ | | |
| 15,000 | સ્ટૉક પર ગીરો | | દેવાદારો : | | |
| | લેણદાર 15,000 | | | | |
| | બાદઃ સ્ટૉકની | | સદ્ધર | 25,000 | 25,000 |
| | ઉપજ 40,000 | | શકમંદ | 10,000 | 2,000 |
| | વધારો સામે | | લિસ્ટ G મુજબ | | |
| | લઈ ગયા 25,000 | | લેણીહૂંડી | 1,400 | 1,400 |
| 10,000 | કારખાના પર | | ઉમેરો : લિસ્ટ B મુજબ | | |
| | ગીરો લોન 10,000 | | વધારો સામેથી લાવ્યા : | | |
| | બાદઃ કારખાનાની | | સ્ટૉક - ઉપજનો વધારો | | 25,000 |
| | ઉપજ 11000 | | કારખાના - ઉપજનો વધારો | | 1000 |
| | વધારો સામે | | | | 71000 |
| | લઈ ગયા 1000 | | બાદ : સામે દર્શાવ્યા | | |
| | | | અનુસાર પસંદગીના લેણદારો | | 3,000 |
| | | | મિલકતની ચો. ઉપજ = | | 68,000 |
| | લિસ્ટ C મુજબ | | લિસ્ટ H માં સમજાવ્યા | | |
| | અપૂર્ણ સલામત લેણદારો: | | તુટ (?) | | **39,000** |

| | | | | |
|---|---|---|---|---|
| 40,000 | શૅર પર ગીરો | | | |
| | લેણદારો 40,000 | | | |
| | બાદ:શૅરની | | | |
| | ઉપજ 16,000 | 24,000 | | |
| | લિસ્ટ D મુજબ | | | |
| | પસંદગીના લેણદારો: | | | |
| 3,000 | લેણદારો : 3,000 | | | |
| | બાદ: સામે દર્શાવ્યા | | | |
| | મુજબ 3,000 | – | | |
| **1,55,000** | | **1,07,000** | | **1,07,000** |

(2) **શ્રી રાજનું તા. 30-6-2010ના રોજનું તૂટ ખાતું**

| વિગત (+) | રૂ. | વિગત (–) | રૂ. |
|---|---|---|---|
| શરૂઆતની મૂડી | | છ વર્ષ દરમિયાન | |
| (તા.1-7-04) | 50,000 | ધંધાકીય ખોટ | 25,000 |
| મૂડી પર વ્યાજ | 15,000 | લિસ્ટ F મુજબ ઘાલખાધ | 8,000 |
| છ વર્ષ દરમિયાન નફો | 45,500 | (10,000- 2,000) | |
| મિલકતવેચાણનો નફો: | | ઉપાડ | 77,200 |
| શૅર વેચાણ પર નફો | 1000 | વટાવેલ હૂંડી નકરાવાથી | |
| તૂટ : લિસ્ટ H મુજબ | | ઉદ્‌ભવેલ નુકશાન | 3,000 |
| (સ્થિતિદર્શક નિવેદનમાં | | લિસ્ટ E મુજબ મિલકત | |
| જણાવ્યા અનુસાર) | 39,000 | વેચાણની ખોટ : | |
| | | યંત્ર વેચાણ ખોટ | 3,000 |
| | | ફિક્ષ્ચર્સ વેચાણની ખોટ | 1,500 |
| | | કોટેજિસ વેચાણની ખોટ | 3,800 |
| | | કારખાનાની ઉપજમાં ખોટ | |
| | | (20,000 - 11,000) | 9,000 |
| | | સ્ટૉકની ઉપજમાં ખોટ | |
| | | (60,000 - 40,000) | 20,000 |
| | **1,50,500** | | **1,50,500** |

**પસંદગીના લેણદારોની ગણતરીનો મુદ્દો :**

**ઉદા-3** શ્રી કમભાગી તા. 31-12-2010ના રોજ નાદારી માટે અરજી કરી તે દિવસે તેમના ચોપડા નીચેની બાકીઓ દર્શાવતા હતા :

| બાકી | | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|
| મૂડી | | - | 1,90,000 |
| યંત્રો (ઉપજવા ધારેલ રૂ. 90,000) | | 1,56,000 | - |
| લેણીહૂંડી (ઉપજવા ધારેલ રૂ. 10,000) | | 16,000 | - |
| મકાન પર બોજધારી બૅંક ઑવરડ્રાફ્ટ | | - | 65,000 |
| ધંધાનો સ્ટૉક (ઉપજવા ધારેલ રૂ-. 1,10,000) | | 20,00,00 | - |
| મકાન (ઉપજવા ધારેલ રૂ. 1,00,000) | | 1,95,000 | - |
| ફર્નિચર (ઉપજવા ધારેલ રૂ. 20,000) | | 24,000 | - |
| સ્ટૉક પર બોજધારી લેણદાર | | - | 2,30,000 |
| લેણદારો | | - | 2,26,000 |
| અન્ય મિલકત (ઉપજવા ધારેલ રૂ. 30,000) | | 44,000 | - |
| દેવાદારો (1) સદ્ધર | 30,000 | | |
| (2) શકમંદ (ઉપજશે 40%) | 20,000 | | |
| (3) ડૂબત | 25,000 | 75,000 | - |
| હાથ પર રોકડ | | 1,000 | - |
| | | **7,11,000** | **7,11,000** |

કમભાગી ત્રણ વર્ષ પહેલાં રૂ. 2,85,000ની શરૂઆતની મૂડીથી તા. 1-1-2,008ના રોજ ધંધો શરૂ કર્યો હતો. પહેલાં વર્ષે રૂ. 35,000નો નફો થયો હતો જ્યારે બીજા અને ત્રીજા વર્ષે અનુક્રમે રૂ. 30,000 અને 40,000 ની ખોટ કરી હતી. આ ત્રણ વર્ષ દરમિયાન તેમનો ઊપાડ રૂ. 60,000 હતો.

વટાવેલી હૂંડી અંગેની જવાબદારી રૂ. 65,000 છે. જે પૈકી રૂ. 20,000 ચૂકવવા પડશે તેમ માનવામાં આવે છે.

તેમની અંગત મિલકત અને જવાબદારીઓ અનુક્રમે રૂ. 26,000 અને રૂ. 17,000 છે. મિલકતના રૂ. 20,000 ઉપજવા ધારેલ છે.

રિસીવરનો ખર્ચ રૂ. 4,000 અંદાજવામાં આવ્યો. લેણદારોમાં બે કલાર્કનો પગાર રૂ. 280 લેખે ત્રણ માસનો પગાર, માસિક રૂ. 200 લેખે બે માસનું ભાડું અને ત્રણ કામદારોને દરેકને રૂ. 90 લેખે ચાર માસની મજૂરીનો સમાવેશ થાય છે.

ઉપરની માહિતી પરથી સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરો.

**જવાબ :**

(1) ધી પ્રોવિન્શિયલ ઇન્સોલ્વન્સી એક્ટ, 1,920 મુજબ મકાનભાડું પસંદગીના લેણદાર તરીકે ગણાતું નથી. નાદારીની અરજીની તારીખ અગાઉના ચાર માસનો કારકૂન, નોકર કે મજૂરનો રૂ. 20થી વધુ નહિ તેવી પગારની રકમ (એક મજૂર) કારકુન દીઠ, આ મુજબ :

| | |
|---|---|
| બે કલાર્કનો પગાર વધુમાં વધુ કલાર્ક દીઠ રૂ. 20 × 2 | = રૂ.40 |
| ત્રણ કામદારોનો પગાર વધુમાં વધુ કામદાર દીઠ રૂ. 20 × 3 | = રૂ.60 |
| પસંદગીના લેણદારોની કુલ રકમ | રૂ. 100 |

(2) ઉપરોક્ત રકમ (રૂ.100) નો સમાવેશ લેણદારોમાં થાય છે. તેથી લેણદારોની રકમ રૂ. (2,26,000 - 100) રૂ. 2,25,900નો બિનસલામત લેણદારોમાં સમાવેશ થશે.

(3) વટાવેલ હૂંડી પૈકી રૂ. 20,000 ની વટાવેલ હૂંડી ચૂકવવી પડશે. તેથી વટાવેલી હૂંડીની ચૂકવવા પાત્ર જવાબદારી રૂ. 20,000 નો બિનસલામત લેણદારો દર્શાવતા લિસ્ટ A માં સમાવેશ થશે. તૂટમાં વધારો કરતી વિગત તરીકે તૂટ ખાતાની જમણી બાજુએ દર્શાવવામાં આવશે. ખાસ ધ્યાનમાં લો કે વટાવેલી હૂંડી સંભવિત દેવા તરીકે હિસાબી ચોપડામાં નહીં નોંધાયેલ બાબત છે. તેથી તેની બે અસર આપવામાં આવે છે.

(4) કમભાગીની અંગત મિલકતની ઉપજ લિસ્ટ E માં દર્શાવાશે. અને બીજી અસર તૂટમાં ઘટાડો કરતી વિગત તરીકે તૂટ ખાતાની ડાબી બાજુ દર્શાવાશે. જ્યારે અંગત જવાબદારીઓ લિસ્ટ A મુજબ બિન સલામત લેણદારો તરીકે દર્શાવાશે. તૂટમાં વધારો કરતી વિગત તરીકે બીજી અસર, તૂટ ખાતાની જમણી બાજુઓ દર્શાવવામાં આવશે.

(5) રિસીવરનો ખર્ચ રૂ. 4,000 સ્થિતિદર્શક નિવેદનમાં મિલકતબાજુ મિલકતની કુલ ઉપજમાંથી બાદ થશે. તૂટમાં વધારો કરતી વિગત તરીકે બીજી અસર તૂટ ખાતાની જમણી બાજુ દર્શાવવામાં આવશે.

(6) મકાન પર બોજધારી બૅંક ઑવરડ્રાફ્ટ રૂ.65,000, મકાનના ઉપજવા ધારેલ રૂ.100,000 તેથી સંપૂર્ણ સલામત લેણદાર ગણાશે.

(7) સ્ટૉક પર બોજધારી લેણદાર રૂ. 2,30,000 સ્ટૉકના ઉપજવા ધારેલ રૂ. 1,10,000 તેથી અપૂર્ણ સલામત લેણદાર ગણાશે.

**શ્રી કમભાગીનું તા. 31-12-2010 ના રોજનું સ્થિતિ દર્શક નિવેદન**

| કુલ દેવા રૂ. | દેવા (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકત (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઉપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|
| | <u>લિસ્ટ - A મુજબ</u> | | <u>લિસ્ટ E મુજબ મિલકત</u> | | |
| | <u>બિન સલામત લેણદારો:</u> | | યંત્રો | 1,56,000 | 90,000 |
| 2,25,000 | લેણદારો | 2,25,900 | ફર્નિચર | 24,000 | 20,000 |
| 65,000 | વટાવેલી હૂંડી | 20,000 | અન્ય મિલકત | 44,000 | 30,000 |
| 17,000 | અંગત જવાબદારીઓ | 17,000 | હાથ પર રોકડ | 1000 | 1000 |
| | <u>લિસ્ટ B મુજબ</u> | | અંગત મિલકત | - | 20,000 |
| | <u>સંપૂર્ણ સલામત લેણદારો</u> | | લિસ્ટ E નો સરવાળો | | 1,61000 |
| 65,000 | બૅંક ઑવરડ્રાફ્ટ 65,000 | | <u>લિસ્ટ F મુજબ દેવાદારો :</u> | | |
| | બાદ: મકાનની | | સદ્ધર | 30,000 | 30,000 |
| | ઉપજ 100,000 | | શકમંદ | 20,000 | 8,000 |
| | <u>લિસ્ટ C સંપૂર્ણ સલામત</u> | ડૂબત | 25,000 | - | |
| 230,000 | લેણદારો 2,30,000 | | <u>લિસ્ટ G મુજબ લેણી હૂંડી</u> | 16,000 | 10,000 |
| | બાદ: સ્ટૉકની | | ઉમેરો: લિસ્ટ B મુજબ | | |
| | ઉપજ 1,10,000 | 1,20,000 | વધારો સામેથી લાવ્યાં | | 35,000 |
| | લિસ્ટ D મુજબ | | | | 2,44,000 |
| | | | બાદ : રિસીવરનો ખર્ચ | | 4,000 |
| | | | પસંદગીના લેણદારો | | 2,40,000 |
| | | | બાદ : સામે દર્શાવ્યા અનુસાર | | |
| | | | પસંદગીના લેણદાર | | 100 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 100 | લેણદારો 100<br>બાદ : સામે<br>દર્શાવ્યા મુજબ 100 | - | લિસ્ટ H માં સમજાવ્યા મુજબ<br>તૂટ (?) | | 2,39,900<br><br>1,43,000 |
| | **6,03,000** | **3,82,900** | | | **3,82,900** |

તૂટખાતું તૈયાર કરતાં પહેલાં ખાસ ધ્યાનમાં લો કે તા. 31-12-2010 ના રોજ તૈયાર કરવામાં આવેલ કાચા સરવૈયામાં દર્શાવેલ મૂડી, આખરની મૂડી છે. તૂટ ખાતામાં ડાબી બાજુ શરૂઆતની મૂડી, નફો દર્શાવવામાં આવશે. જ્યારે ખોટ અને ઉપાડ તૂટ ખાતાની જમણી બાજુ દર્શાવવામાં આવશે.

ઉ **શ્રી કમભાગીનું તા. 31-12-2010ના રોજનું તૂટખાતું** જ

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| શરૂઆતની મૂડી | | છેલ્લા બે વર્ષ દરમિયાન ધંધામાં | |
| (તા 1-1-2,008) | 2,85,000 | ખોટ (30,000 + 40,000) | 70,000 |
| પ્રથમ વર્ષ દરમિયાન નફો | 35,000 | લિસ્ટ F મુજબ ઘાલખાધ | |
| અંગત મિલકત | 20,000 | (1,2000 + 25,000) | 37,000 |
| <u>તૂટ : લિસ્ટ H મુજબ</u> | | ઉપાડ | 60,000 |
| સ્થિતિદર્શક નિવેદનમાં | | અંગત જવાબદારીઓ | 17,000 |
| જણાવ્યા અનુસાર | 1,43,000 | વટાવેલ હૂંડી નકરાવાથી | |
| | | ઉદ્ભવેલ નુકશાન | 20,000 |
| | | રિસીવરનો ખર્ચ | 4,000 |
| | | ગીરો મુકેલ મકાન | |
| | | ઉપજમાં ખોટ | 95,000 |
| | | <u>લિસ્ટ E મુજબ મિલકત</u> | |
| | | <u>વેચાણની ખોટ :</u> | |
| | | યંત્ર વેચાણની ખોટ | 66,000 |
| | | ફર્નિચર | 4,000 |
| | | અન્ય મિલકત | 14,000 |
| | | લિસ્ટ G મુજબ લેણીહૂંડી | |
| | | ઉપજમાં ખોટ | 6,000 |
| | **4,83,000** | | **4,83,000** |

**લેણદાર - દાવો જતો કરે, વટાવેલી હૂંડીની જવાબદારી, તેમજ દેવાદારોની ગણતરી, સ્ત્રીધનનો મુદ્દો, સ્વૈચ્છિક હેરફેર, બિનસલામત લેમદારો જેવા વિવિધ મુદ્દાઓ :**

**ઉદા-4** તા. 1-1-2011ના રોજ શ્રી દાઉદ નાદાર થયા. તેમની સ્થિતિ નીચે મુજબ હતી.

| | |
|---|---|
| મકાન (ઉપજવા ધારેલ રૂ. 3,6000) | 40,000 |
| યંત્રો (ઉપજવા ધારેલ રૂ. 15,000) | 24,000 |
| સ્ટૉક (ઉપજવા ધારેલ રૂ. 5,000) | 7,000 |
| લેણીહૂંડીઓ (ઉપજવા ધારેલ રૂ. 3,000) | 3,200 |
| રોકડ સિલક | 300 |

દેવાદારો રૂ. 4,000 (જેમાંથી રૂ. 1,500 સદ્ધર છે.) જે પૈકી વસૂલ થશે તેમ ધારેલ 18,00

કુલ લેણદારો રૂ. 7,8000 જે પૈકી રૂ. 9,000 નો લેણદાર યંત્ર પર પ્રથમ ગીરો હક્ક ધરાવે છે. રૂ. 7500 નો બીજો લેણદાર યંત્ર પર દ્વિતીય ગીરો હક્ક ધરાવે છે. કુલ લેણદારો પૈકી રૂ. 1,500 પસંદગીના, રૂ. 500 નો એક લેણદારો તેનો દાવો જતો કરે છે.

વટાવેલી હૂંડીઓ રૂ. 6,000 માંથી રૂ. 2,000 નકારવાનો સંભવ છે. રિસીવરનો અંદાજી ખર્ચ અને મહેનતાણું રૂ. 1,2,00 છે. તા. 1-1-2,009ના રોજ શ્રી દાઉદે રૂ. 500નું ટાઈપરટર તેની સાળીને ભેટ આપેલ છે. આ ઉપરાંત તા.15-12-2010ના રોજ તેમણે બીજા લેણદાર કરતાં પોતાના મિત્ર વિજય ને પ્રથમ પસંદગી આપીને રૂ. 2,000 દેવા પેટે આપ્યા હતા. શ્રી દાઉદે તા. 1-1-2,008 ના રોજ રૂ. 13,500ની મૂડીથી વેપાર શરૂ કર્યો હતો. પ્રથમ વર્ષમાં રૂ. 3,000 નફો થયો હતો. પછીના બીજા અને ત્રીજા વર્ષમાં રૂ. 7,000 ખોટ ગઈ હતી. સમગ્ર સમયનો ઉપાડ રૂ. 9,000 હતો. તેના ઉપાડમાંથી તેણે તેની પત્ની માટે રૂ. 6,00 ની કિંમતનું ઝવેરાત ખરીદ્યુ હતું. તેની પત્નીએ ધંધાનું દેવુ ચૂકવવા આ ઝવેરાત આપ્યું છે. જેની ઉપજવા ધારેલ કિંમત રૂ. 500 છે. પ્રોવિન્શિયલ ઇન્સોલ્વન્સી એક્ટ, 1920 અનુસાર સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરો.

**જવાબ :**

(1) કુલ લેણદારો પૈકી રૂ. 500 નો લેણદાર પોતાનું લેણું જતું કરે છે તેથી કુલ લેણદારો રૂ. 500 થી ઘટશે. દેવું ચૂકવવાનું થતાં જે ફાયદો થાય છે તેથી તૂટમાં ઘટાડો થશે. તેથી બીજી અસર તરીકે તૂટ ખાતાની ડાબી બાજુ, તૂટમાં ઘટાડો કરતી વિગત તરીકે રૂ. 500 દર્શાવાશે.

(2) દેવાદારો કુલ રકમ 4,000 પૈકી વસૂલ થવા ધારેલ કુલ રૂ. 1,8,00. દેવાદાર રૂ. 4,000 પૈકી સદ્ધર રૂ. 1,500 છે. તેથી શકમંદ રૂ. (4,000 - 1,500) 2,500 ગણશે. દેવાદારો પૈકી વસૂલ થવા ધારેલ કુલ રૂ. 1,8,00 પૈકી રૂ. 1,500 સદ્ધર દેવાદારો પાસેથી મળેલ રકમ છે. તેથી બાકી મળતી રકમ રૂ. (1,8,00 - 1,500) = 3,00 : શકમંદ લેણા (રૂ. 2,500) પેટે મળેલી ગણાશે.

(3) લિસ્ટ A મુજબના બિન સલામત લેણદારોની ગણતરી : રૂ.

| | | |
|---|---|---|
| કુલ લેણદારો | | 7,8000 |
| બાદ : યંત્ર પર પ્રથમ ગીરો લેણદાર | 9,000 | |
| યંત્ર પર બીજો ગીરો લેણદાર | 7500 | |
| પસંદગીના લેણદાર | 1,500 | |
| બિનસલામત લેણદારો | 500 | 18,500 |
| | | 59,500 |

(4) નાદારીની અરજીની તા. 1-1-2011ના અગાઉનાં બે વર્ષના કોઈપણ અવેજ લીધા વગર રૂ. 500નું ટાઈપરાઈટર સાળીને ભેટ આપેલ છે. જે સ્વૈચ્છિક હેરફેર ગણાશે. તેથી ટાઈપરાઈટર પરત લેવાશે. જેની એક અસર સ્થિતિદર્શક નિવેદનમાં લિસ્ટ E અનુસારની મિલકત અનુસાર ઉપજવા ધારેલ કિંમતના ખાનામાં રૂ. 500 દર્શાવવામાં આવેશે. જ્યારે બીજી અસર તૂટ ખાતામાં ડાબી બાજુ તૂટમાં ઘટાડો કરતી વિગત તરીકે દર્શાવાશે.

(5) નાદારે પોતાના મિત્ર વિજયને તા. 15-12-2010ના રોજ બીજા લેણદાર કરતાં પસંદગી આપી

રૂ. 2,000ની ચૂકવણી કરેલ જે પછીના ત્રણ માસમાં એટલે કે 1-1-2011ના રોજ નાદારીની અરજી થયેલ અને નાદાર જાહેર થયેલ. તેથી આ પસંદગી કપટ પસંદગી ગણાશે જેની ચાર અસર આપવામાં આવશે. રૂ. 2,000ની રકમ પરત મેળવી લિસ્ટ E અનુસારના ઉપજવા ધારેલ કિંમતના ખાનામાં દર્શાવવામાં આવશે. બીજી અસર તૂટ ખાતાની ડાબી બાજુ, તૂટમાં ઘટાડો કરતી વિગત તરીકે દર્શાવવામાં આવશે. ત્રીજી અસર લિસ્ટ A માં લેણદારોમાં વધારો થશે રૂ. 2,000 અને તૂટ ખાતાની જમણી બાજુ ચોથી અસર તૂટમાં વધારો કરતી વિગત.

**શ્રી દાઉદનું તા. 1-1-2011 ના રોજનું સ્થિતિદર્શક નિવેદન**

| કુલ દેવા રૂ. | દેવા (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકત (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઉપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|
| | લિસ્ટ - A મુજબ | | લિસ્ટ E પ. મિલકત | | |
| | બિન સલામત લેણદારો: | | મકાન | 40,000 | 36,000 |
| 59,500 | બિનસલામત લેણદારો 59,000 | | સ્ટૉક | 7,000 | 5,000 |
| | | | રોકડ સિલક | 300 | 300 |
| 6,000 | નકરાય તેવી હૂંડી 2,000 | | મિત્ર વિજય પાસેથી | - | 2,000 |
| 2,000 | મિત્ર વિજય પાસેથી | | પરત (કપટ પસંદગી) | | |
| | પરત (કપટ પસંદગી) | | | | |
| | થતાં બિનસલામતદેવું 2,000 | 63,500 | | | |
| | લિસ્ટ B મુજબ | | સાળી પાસેથી પરત | | |
| | સંપૂર્ણ સલામત લેણદારો : | | થયેલ ટાઈપરાઈટર | - | 500 |
| 9,000 | યંત્ર પર પ્રથમ | | પત્નીનું અંગત | | |
| | ગીરો હક્કલેણદારો 9,000 | | ઝવેરાત ધંધામાં લાવ્યા | - | 500 |
| | બાદઃ યંત્રની ઉપજ 15,000 | | લિસ્ટ E નો સરવાળો | | 44,300 |
| | 6,000 | | લિસ્ટ F દેવાદારો : | | |
| | વધારો લિસ્ટ C માં – 6,000 | - | સદ્ધર | 1,500 | 1,500 |
| | લિસ્ટ C : | | શકમંદ | 2500 | 300 |
| | અપૂર્ણ સલામત લેણદારો | | લિસ્ટ G : | | |
| 7,500 | યંત્ર પર બીજો ગીરો | | લેણી હૂંડી : | 32,00 | 3,000 |
| | હક્ક લેણદારો 7500 | | મિલકતની કુલ ઉપજ | | 49,100 |
| | બાદઃ વધારો | | બાદ : રિસીવરનો ખર્ચ | | 1,200 |
| | લિસ્ટ B માંથી 6,000 | 1,500 | | | 47,900 |
| | લિસ્ટ D | | બાદઃ સામે દર્શાવ્યા | | |
| | પસંદગીના લેણદારો : | | અનુસાર પસંદગીના લેણદારો | | 1,500 |
| 1,500 | પસંદગીના લેણદારો 1,500 | | | | 46,400 |
| | બાદ : સામે | | | | |
| | દર્શાવ્યા મુજબ 1,500 | – | લિસ્ટ H માં સમજાવ્યા મુજબ | | |
| | | | તૂટ (?) | | 18,600 |
| **85,500** | | **65,000** | | | **65,000** |

**શ્રી દાઉદનું**

(+) **તૂટ ખાતુ (તા. 1-1-08થી 1-1-11)** (–)

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| શરૂઆતની મૂડી (1-1-08) | 13,500 | બે વર્ષની ધંધાકીય ખોટ | 7,000 |
| પ્રથમ વર્ષનો નફો | 3,000 | ત્રણેય વર્ષનો ઉપાડ | 9,000 |
| લેણદારે જતી કરેલ રકમ | 500 | વટાવેલ હૂંડી નકરાવાથી | |
| સાળી પાસેથી ટાઈપરાઈટર પરત | 500 | ઉદ્ભવેલ નુકશાન | 2,000 |
| | | રીસીવરનો ખર્ચ | 1,200 |
| મિત્ર લેણદાર વિજય પાસેથી પરત રકમ | 2,000 | લિસ્ટ F મુજબ ઘલાખાધ | 2,200 |
| પત્નીનું અંગત ઝવેરાત (નોંધ-6) | 500 | (2,500 - 300) | |
| **તૂટ : લિસ્ટ H** મુજબ | | લિસ્ટ G મુજબ લેણીહૂંડી | |
| સ્થિતિદર્શક નિવેદનમાં | | ઉપજમાં નુકશાન | |
| જણાવ્યા અનુસાર | 18,600 | (3,200-3,000) | 200 |
| | | ગીરો યંત્રની ઉપજમાં ખોટ | 9,000 |
| | | લિસ્ટ E મુજબ મિલકત | |
| | | વેચાણની ખોટ : | |
| | | મકાન | 4,000 |
| | | સ્ટૉક | 2,000 |
| | | મિત્ર લેણદાર વિજય પ્રત્યે દેવું | 2,000 |
| | **38,600** | | **38,600** |

(6) પત્નીએ પરત કરેલ ઝવેરાત જેની ઉપજવા ધારેલ કિંમત રૂ. 500 છે. તે ઝવેરાત પતિએ કરેલ ઉપાડમાંથી ખરીદવામાં આવેલ. જેની બે અસર આપવામાં આવશે. લિસ્ટ-E મુજબની મિલકતો અનુસાર ઉપજવા ધારેલ કિંમતના ખાનામાં રૂ. 500 દર્શાવાશે. જ્યારે બીજી અસર તૂટ ખાતામાં ડાબી બાજુ તૂટમાં ઘટાડો કરતી વિગત તરીકે દર્શાવાશે.

**અંદાજી તૂટનો મુદ્દો, મિલકત ઉપજ શોધવી પડે, આખરમૂડી શોધવા પાકું સરવૈયું બનાવવું પડે, પસંદગીનાં લેણદારોની ગણતરી જેવા મહત્ત્વના મુદ્દાઓ**

**ઉદા-4** શ્રીયુત નીરવે નાદારની અરજી કરી અને નીચેના પસંદગીનાં દેવા ધ્યાનમાં લીધા વગર તેની તૂટ રૂ. 21,600 અંદાજી હતી. તેણે તા. 31-12-2010ના રોજ તેમના ચોપડા મુજબ રૂ.41,400ની મિલકતો હતી. જેમાં રૂ. 3,000ની કિંમતનાં યંત્રોનો સમાવેશ થતો હતો. આ યંત્રના ફક્ત 45% ઉપજવાનો અંદાજ હતા. તેનાં દેવા રૂ.30,600ના હતાં. જે પૈકી રૂ. 1,200નાં દેવા યંત્રો પરના અધિકારથી સંપૂર્ણ સલામત હતો. મજૂરી રૂ. 900, પગાર રૂ. 1,950, વેચાણવેરો રૂ. 750.

ઉપરની વિગતો પરથી મિસ્ટર નીરવનું સ્થિતિદર્શક નિવેદન અને તૂટખાતું તૈયાર કરો.

**જવાબ :**

(1) યંત્રો સિવાયની મિલકતોની ઉપજ કિંમત આપી નથી. નાદારીની તૂટ રૂ.21,600 આપેલ છે. બિનસલામત લેણદારો, તૂટ તથા અન્ય માહિતીના આધારે યંત્રો સિવાયની મિલકતોની ઉપજ કિંમત નીચે મુજબ નક્કી થશે :

| | |
|---|---|
| કુલ દેવા | 30,600 |
| બાદ : યંત્રો પરના અધિકારથી સંપૂર્ણ સલામત દેવા | 1,200 |
| બિનસલામત લેણદારો | 29,400 |

નાદારની તૂટ = બિનસલામત લેણદારો - તેમની વચ્ચે વહેંચવા લાયક રકમ

$\therefore$ 21,600 = 29,400 – ?

$\therefore$ બિનસલામત લેણદારો વચ્ચે વહેંચવા લાયક રકમ = 29,400 – 21,600 = 7,800 ગીરો મુક્ત (યંત્રો સિવાયની) મિલકતની ઉપજ કિંમત નીચે મુજબ ગણાશે.

ગીરો મુક્ત મિલકતની ઉપજ કિંમત = બી.સ.લે. વચ્ચે વહેંચવા લાયક રકમ – ગીરો યંત્રની ઉપજનો ઘસારો

$\therefore$ ગીરો મુક્ત મિલકતની ઉપજ કિંમત = 7,800

- (ગીરો યંત્ર 3,000ના 45% લેખે ઉપજ રૂ. 3150 – સં.સ.લે. રૂ. 1,200)

$\therefore$ ગીરો મુક્ત મિલકતની ઉપજ કિંમત = 7,800 – 150 = 7,650

(2) દાખલામાં ધંધો શરૂ કર્યાની તારીખ, ધંધાકીય નફો - ખોટ, ઉપાડ વગેરેની વિગતો આપી નથી. તા. 31-12-2010ના રોજ નાદારીની અરજી કરી તે તારીખનું પાકું સરવૈયું તૈયાર કરવાથી તા. 31-12-2010ના રોજની આખરની મૂડી મળી રહેશે. (જે શરૂની મૂડી + નફો - ખોટ વગેરેની અસર પછીની હશે.)

આ શોધાયેલ મૂડી એ આખરની મૂડી (નફો- ખોટ - ઉપાડની અસરો પછીની છે.) તૂટ ખાતામાં દર્શાવાશે. તેથી ધંધો ચાલ્યો તે દરમ્યાનનો નફો - ખોટ - ઉપાડ વગેરે તૂટ ખાતામાં દર્શાવવાના રહેતા નથી. ખાસ ધ્યાનમાં લો કે પસંદગીના લેણદારોની કુલ રકમ રૂ. (900 + 1,950 + 750) = 3,600 પહેલાંની અંદાજેલ તૂટથી ઉપરોક્ત સમગ્ર ગણતરી કરી છે. તેથી આખરની મૂડી શોધવા માટે તા. 31-12-2010ના રોજ તૈયાર કરવામાં આવતા પાકું સરવૈયુંમાં પસંદગીના લેણદારોની રકમ દેવા તરીકે મૂડી - દેવા બાજુ દર્શાવવામાં આવશે નહિ.

**તા.31-12-2010ના રોજનું પાકું સરવૈયું**

| (3) મૂડી - દેવા | રૂ. | મિલકત-લેણાં | રૂ. |
|---|---|---|---|
| આખરની મૂડી(તા. 31-12-10) (?) | 10,800 | યંત્રો | 3,000 |
| યંત્રો પર ગીરો લોન | 1,200 | અન્ય મિલકત (41,400 - 3,000) | 38,400 |
| બિનસલામત લેણદારો | 29,400 | | |
| | **41,400** | | **41,400** |

(4) પસંદગીના લેણદારોની કુલ રકમ રૂ. 3,600 ધ્યાનમાં લીધા વગર દાખલાની રકમમાં જ દર્શાવેલ - અંદાજેલ તૂટ રૂ. 21,600 છે. સ્થિતિદર્શક નિવેદનમાં લિસ્ટિ D મુજબ પસંદગીના લેણદારો અને તેને ચૂકવણી દર્શાવવામાં આવશે તેથી અંદાજેલા તૂટમાં વધારો થશે. વાસ્તવિક કે હકીકતલક્ષી તૂટ આવશે. તેની બીજી અસર તૂટ ખાતામાં જમણી બાજુ દર્શાવવામાં આવશે.

**મિસ્ટર નિરવનું તા. 31-12-2010 ના રોજનું સ્થિતિદર્શક નિવેદન**

| કુલ દેવા રૂ. | દેવા (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકત (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઉપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|---|
| | લિસ્ટ - A મુજબ | | | લિસ્ટ E મુજબ મિલકત: | | |
| 29,400 | બિન સલામત લેણદારો : | 29,400 | | (41,400- 3,000) | 38,400 | 7,650 |
| | લિસ્ટ B મુજબ | | | લિસ્ટ E નો સરવાળો | | 7,650 |
| | સંપૂર્ણ સલામત લેણદારો: | | | લિસ્ટ F મુજબ દેવાદારો: | – | – |
| 1,200 | યંત્ર પર ગીરો લોન | 1,200 | | લિસ્ટ G મુજબ લેણીહૂંડી | – | – |
| | બાંદ યંત્રની ઉપજ | 1,350 | | મિલકતની કુલ ઉપજ | | 7,650 |
| | વધારો સામે લઈ ગયા | 150 | – | | | |
| | લિસ્ટ C મુજબ | | | ઉમેરો : લિસ્ટ B મુજબ | | |
| | સંપૂર્ણ સલામત લેણદારો : | – | – | વધારો સામેથી લાવ્યા | | 150 |
| | લિસ્ટ D મુજબ | | | બાદ : સામે દર્શાવ્યા | | 7,800 |
| | પસંદગીના લેણદારો : | | | અનુસાર પસંદગીના લેણદારો | | |
| 900 | મજૂરી | 900 | | | | 3,600 |
| 1,950 | પગાર | 1,950 | | મિલકતની ચો. ઉપજ | | 4,200 |
| 750 | વેચાણવેરો | 750 | | લિસ્ટ H માં | | |
| | | 3,600 | | સમજાવ્યા મુજબ | | |
| | બાદ : સામે | | | તૂટ (?) | | 25,200 |
| | દર્શાવ્યા મુજબ | 3,600 | - | | | |
| **34,200** | | **29,400** | | | | **29,400** |

**મિસ્ટર નિરવનું તા. 31-12-2,006 ના રોજનું તૂટ ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| આખરની મૂડી (31-12-10) | 10,800 | ગીરો યંત્રની ઉપજમાં ખોટ | 1,650 |
| તૂટ : લિસ્ટ H મુજબ | | લિસ્ટ E મુજબની મિલકતમાં ખોટ : | |
| સ્થિતિદર્શક નિવેદનમાં | | (38,400-7,650) | 30,750 |
| જણાવ્યા અનુસાર | 25,200 | ચોપડે નહિ નોંધાયેલ પસંદગીનું દેવું | |
| | | (મજૂરી 900 + પગાર 1,950 + | |
| | | વેચાણવેરો 750) | 3,600 |
| | **36,000** | | **36,000** |

એકાકી વેપારી પેઢીમાં નાદારી વખતે અંગત મિલકત અને અંગત દેવાનો મુદ્દો તેમજ શરૂની મૂડી શોધવા કાચું સરવૈયું બનાવવું પડે તે મુદ્દો :

**ઉદા-5** શ્રી દેવ તા. 31-12-2010ના રોજ નાદાર થાય છે. તેની મિલકત અને દેવાની વિગતો નીચે પ્રમાણે છે.

| વિગત | ધંધાના દેવા રૂ. | અંગત દેવા રૂ. |
|---|---|---|
| લેણદારો | 6,000 | 2,000 |
| દેવીહૂંડી | 2,000 | - |
| વટાવેલી હૂંડી | 2,000 | - |

| વિગત | ધંધાની મિલકત | |
|---|---|---|
| | ચોપડે કિંમત રૂ. | ઉપજવા ધારેલ રૂ. |
| ફર્નિચર | 1,000 | 4,00 |
| સ્ટૉક | 5,000 | 1,000 |
| દેવાદારો | 3,000 | 1,000 |
| રોકડ | 100 | 100 |
| મકાન | 5,900 | 3,000 |

| વિગત | અંગત મિલકત | |
|---|---|---|
| | ચોપડે મિલકત રૂ. | ઉપજવા ધારેલ રૂ. |
| લેણાં | 1,500 | 500 |
| રોકડ | 2,00 | 2,00 |
| મકાન | 4,000 | 2,000 |

ધંધાના લેણદારો પૈકી એક લેણદાર રૂ. 3,000 નો હતો, જે ધંધાના સ્ટૉક ઉપર ગીરો હક્ક ધરાવતો હતો તથા ધંધાના મકાન ઉપર પ્રથમ ગીરો હક્ક ધરાવતો હતો. બીજો એક લેણદાર રૂ. 1,500નો હતો તે ધંધાના મકાન ઉપર બીજો હક્ક ધરાવતો હતો. ધંધાના લેણદારોમાં એક કારકુનના 5 માસના કુલ રૂ. 3,00ના પગારનો સમાવેશ થતો હતો. રિસીવર ખર્ચ રૂ. 100 થયો હતો.

દેવના અંગત લેણદારો તેના અંગત મકાન પર ગીરો હક્ક ધરાવતા હતા. વટાવેલી હૂંડીઓમાંથી રૂ.2,00ની હૂંડી નકરાવાની શક્યતા છે. શ્રીદેવ બે વર્ષ પહેલાં ધંધો શરૂ કર્યો હતો. પહેલાં વર્ષે રૂ. 2,000 નફો કર્યો હતો. જ્યારે બીજા વર્ષ રૂ. 5,000નું નુકશાન કર્યું હતું. તેનો વાર્ષિક ઉપાડ રૂ. 2,000 હતો. આ માહિતી પરથી શ્રીદેવનું સ્થિતિદર્શક નિવેદન તથા તૂટ ખાતું તૈયાર કરો.

**ઉકેલ:**

(1) શ્રીદેવની શરૂઆતની મૂડી આપી નથી. જે તા. 31-12-2010ના રોજનું કાચું સરવૈયું તૈયાર કરી શોધવામાં આવશે. વટાવેલી હૂંડી ચોપડે ન હોય તેથી કા.સ.માં ન દર્શાવવા. શ્રી દેવની અંગત મિલકત અને દેવા કા.સ.માં ન દર્શાવાય.

**શ્રીદેવનું તા. 31-12-2010ના રોજનું કાચું સરવૈયું.**

| બાકી | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| ફર્નિચર | 1,000 | - |
| સ્ટૉક | 5,000 | - |
| દેવાદારો | 3,000 | - |
| રોકડ | 100 | - |
| મકાન | 5,900 | - |

| | | |
|---|---|---|
| લેણદારો | - | 6,000 |
| દેવીહૂંડી | - | 2,000 |
| નફા-નુકાસન ખાતું (2,009 - નફો, 2,010 ખોટ) | 5,000 | 2,000 |
| ઉપાડ (વાર્ષિક ઉપાડ, 2,000 × 2 વર્ષ) | 4,000 | - |
| શરૂઆતની મૂડી (1-1-2,009ના રોજ)(?) | - | 14,000 |
| | **24,000** | **24,000** |

(2) બિનસલામત લેણદારની રકમ નીચે મુજબ નક્કી થશે :

| | | રૂ. |
|---|---|---|
| ધંધાના કુલ લેણદારો | | 6,000 |
| બાદ : ધંધાના સ્ટૉક અને મકાન ઉપર પ્રથમ ગીરો હક્ક ધરાવતા સંપૂર્ણ સલામત લેણદાર | 3,000 | |
| મકાન પર બીજો ગીરો હક્ક ધરાવતા અપૂર્ણ સલામત લેણદારો | 1,500 | |
| પસંદગીના લેણદાર-કારકૂનના પગારની વધુમાં વધુ રકમ | 20 | 4520 |
| | | 1480 |

(3) શ્રી દેવ એકાકી વેપારી છે તેથી તેની અંગત મિલકત અને દેવા ધંધાની મિલકત અને દેવામાં ઉમેરવામાં આવે. અંગત મિલકત અને દેવાની એક અસર સ્થિતિદર્શક નિવેદનમાં અને બીજી અસર તૂટ ખાતામાં દર્શાવવામાં આવશે.

(4) તા. 1-1-2,009 થી 31-12-2010 બે વર્ષનો ઉપાડ = 2,000 × 2 = 4,000

(5) દેવના અંગત લેણદારો રૂ. 2,000 જે તેના અંગત મકાન પર ગીરો હક્ક ધરાવતા હતા. અંગત મકાનની ઉપજવા ધારેલ કિંમત પણ રૂ. 2,000 છે. તેથી અંગત લેણદારો સંપૂર્ણ સલામત લેણદાર તરીકે લિસ્ટ B માં દર્શાવાશે.

### શ્રીદેવનું તા. 31-12- 2010ના રોજનું સ્થિતિદર્શક નિવેદન

| કુલ દેવા રૂ. | દેવા (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકત (દેવાદારના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઉપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|---|
| | લિસ્ટ - A મુજબ | | | લિસ્ટ E મુજબ મિલકત : | | |
| | બિન સલામત લેણદારો : | | | ફર્નિચર | 1,000 | 400 |
| 1,480 | લેણદારો | 1,480 | | રોકડ | 100 | 100 |
| 2,000 | દેવીહૂંડી | 2,000 | | અંગત રોકડ | - | 200 |
| 2,000 | નકરાય તેવી હૂંડી | 200 | 3,680 | લિસ્ટ E નો સરવાળો | | 700 |
| | લિસ્ટ B મુજબ | | | લિસ્ટ F મુજબ | | |
| | સંપૂર્ણ સલામત લેણદારો: | | | દેવાદારો : | | |
| 3,000 | સ્ટૉક - મકાન પર ગીરો | | | સદ્ધર | - | - |
| | હક્ક ધરાવતા | | | સંશયિત | 3,000 | 1,000 |
| | લેણદારો | 3,000 | | સંશયિત - અંગત | 1,500 | 1,500 |
| | બાદ : સ્ટૉક | | | ડૂબત | - | - |
| | મકાનની ઉપજ | | | | | |
| | (1000 + 3,000) | 4,000 | | લિસ્ટ G મુજબ | | |
| | વધારો લિસ્ટ Cમાં | 1,000 | – | લેણી હૂંડી : | - | –2,200 |
| | બાદ : અંગત લેણદાર | 2,000 | | મિલકતની કુલ ઉપજ | | 100 |
| | અંગત મકાનની ઉપજ | 2,000 | – | બાદઃ રિસીવરનો ખર્ચ | | 2,100 |
| | લિસ્ટ C મુજબ | | | બાદ : સામે દર્શાવ્યા | | |
| | અપૂર્ણ સલામત લેણદારો : | | | અનુસાર પસંદગીના | | |
| 1,500 | મકાન પર બીજો ગીરો | | | લેણદારો | | 20 |
| | હક્કા ધરાવતો | | | | | 2,080 |
| | લેણદાર | 1,500 | | | | |
| | બાદ : વધારો | | 500 | લિસ્ટ H માં | | |
| | લિસ્ટ B મુજબ | 1,000 | | સમજાવ્યા મુજબ તૂટ (?) | | 2,100 |
| | લિસ્ટ D મુજબ | | | | | |
| | પસંદગીના લેણદારો : | | | | | |
| 20 | કારકૂનનો પગાર | 20 | | | | |
| | બાદ : સામે | | | | | |
| | દર્શાવ્યા મુજબ | 20 | – | | | |
| **12,000** | | | **4,180** | | | **4,180** |

**શ્રી દેવનું તા. 31-12-2010 ના રોજનું તૂટ ખાતુ (તા.1-1-2,009 થી 31-12-2010)**

| વિગત (+) | | રૂ. | વિગત (–) | | રૂ. |
|---|---|---|---|---|---|
| શરૂઆતની મૂડી (1-1-2,009) | | 14,000 | 2010 ના વર્ષની ખોટ | | 5,000 |
| 2009ના વર્ષનો નફો | | 2,000 | ઘાલખાધ લિસ્ટ F મુજબ : | | |
| | | | ધંધાકીય દેવાદારમાં | 2,000 | |
| અંગત મિલકત : | | | અંગત દેવાદારમાં | 1,000 | 3,000 |
| દેવાદારો | 1,500 | | ઉપાડ (2,000 × 2) | | 4,000 |
| રોકડ | 2,00 | | | | |
| મકાન | 4,000 | 5,700 | ગીરો ધંધાકીય સ્ટૉક | | |
| તૂટ : લિસ્ટ H મુજબ | | | ઉપજની ખોટ | | 4,000 |
| સ્થિતિ દર્શક નિવેદનમાં | | | ગીરો ધંધાકીય - મકાનની | | 2,900 |
| જણાવ્યા અનુસાર | | 2,100 | ઉપજની ખોટ | | |
| | | | ગીરો અંગત - મકાનની | | |
| | | | ઉપજની ખોટ | | 2,000 |
| | | | લિસ્ટ E મુજબ મિલકત | | |
| | | | વેચાણની ખોટ : | | |
| | | | ફર્નિચર | | 600 |
| | | | વટાવેલ હૂંડી નકારવાથી | | |
| | | | ઉદ્ભવેલ નુકશાન | | 200 |
| | | | અંગત લેણદારો | | 2,000 |
| | | | રિસીવરનો ખર્ચ | | 100 |
| | | **23,800** | | | **23,800** |

**કાચું સરવૈયું બનાવીને ખૂટતી વિગત શોધવાનો મુદ્દો**

**ઉદા-6** શ્રી સારંગે 1 એપ્રિલ 2011ના રોજ નાદારીની અરજી નોંધાવી તે તારીખે તેમની નાણાંકીય સ્થિતિ નીચે મુજબ હતી.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| બિન સલામત લેણદાર | 1,48,000 |
| પત્નીની લોન (50% સ્ત્રીધન) | 20,000 |
| જમીન-મકાન પર હક ધરાવતા લેણદારો | 80,000 |
| મશીનરી પર હક ધરાવતા લેણદારો | 30,000 |
| મજૂરીના બાકી દેવા (3 કારકૂન, 2 માસ પગાર) | 6,000 |
| પગારના બાકી દેવા (2 કર્મચારીના, 3 માસના) | 12,000 |
| ભાડાના બાકી દેવા (4 માસના) | 2,000 |
| વટાવેલી હૂંડી (રૂ.12,000ની નકરાયેલ) | 20,000 |
| જમીન -મકાન (ઉપજવા ધારેલ રૂ. 1,00,000) | 40,000 |
| મશીનરી (ઉપજવા ધારેલ રૂ. 20,000) | 80,000 |

| | |
|---|---|
| ફર્નિચર (ઉપજવા ધારેલ રૂ. 4,000) | 20,000 |
| દેવાદારો | 80,000 |
| સ્ટૉક (બજારકિંમત રૂ. 20,000) | 80,000 |
| લેણી હૂંડી (ઉપજવા ધારેલ રૂ. 16,000) | 20,000 |
| હાથ પર રોકડ | 200 |

દેવાદારોની કુલ રકમ પૈકી 50% સદ્ધર છે. બાકીના દેવાદારોમાંથી 60% શકમંદ છે.જેના રૂ.20,000 ઉપજવા ધારેલ છે. જ્યારે બાકીના દેવાદારો ડૂબત ધારવામાં આવેલ છે.

શ્રી સારંગે 1 એપ્રિલ 2,005ના રોજ રૂ. 1,40,000ની મૂડીથી ધંધો શરૂ કરેલ. પ્રથમ 4 વર્ષ દરમિયાન નફો રૂ. 1,10,000 કરેલ હતાં પરંતુ ત્યાર બાદ ધંધામાં ખોટ હતી જેની રકમ જાણવા મળી નથી. મૂડી પર વ્યાજ રૂ. 40,000 ગણવામાં આવેલ. આ બધા વર્ષ દરમિયાન શ્રી સારંગે દર મહિને રૂ. 2,000 ઉપાડ કરેલ

આ માહિતી પરથી સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતુ તૈયાર કરો.

**જવાબ :**

તા. 1-4-05 થી તા. 31-3-11 = 6 વર્ષ માટે ધંધામાં નફો - નુકશાન નક્કી કરવાનું રહે છે. જે પૈકી પ્રથમ 4 વર્ષ માટે નફો દર્શાવેલ છે તેથી પાંચમાં અને છઠ્ઠા વર્ષે જે ખોટ ઉદ્ભવી હોય તેની રકમ શોધવા કાચું સરવૈયું બનાવવુ પડે.

(1) **કાચુ સરવૈયું 1-4-11 ના રોજ**

| ઉધાર બાકી | રકમ રૂ. | જમા બાકી | રકમ રૂ. |
|---|---|---|---|
| કુલ ઉપાડ | | શરૂ મૂડી | 1,40,000 |
| (માસિક 2,000 × 12 માસ | | પ્રથમ 4 વર્ષ કુલ નફો | 1,10,000 |
| × 6 વર્ષ) | 1,44,000 | મૂડી પરનું કુલ વ્યાજ | 40,000 |
| જમીન - મકાન | 40,000 | બિનસલામત લેણદાર | 1,48,000 |
| મશીનરી | 80,000 | પત્નીની લોન | 20,000 |
| ફર્નિચર | 20,000 | જમીન-મકાન લેણદારો | 80,000 |
| દેવાદાર | 80,000 | મશીનરી પર લેણદારો | 30,000 |
| લેણીહૂંડી | 20,000 | મજૂરી બાકી દેવા | 6,000 |
| હાથ પર રોકડ | 2,00 | પગાર બાકી દેવા | 12,000 |
| સ્ટૉક | 80,000 | ભાડાના બાકી દેવા | 2,000 |
| <u>છેલ્લા બે વર્ષની ખોટ (?)</u> | 12,38,00 | | |
| (જે તૂટ ખાતે જાવક ગણાય) | | | |
| | **5,88,000** | | **5,88,000** |

**શ્રી સારંગનું તા. 1-4-11 ના રોજનું સ્થિતિદર્શક નિવેદન**

| 1<br>કાચાં<br>દેવા | 2<br>દેવાની વિગત<br>તેવી રકમ | 3<br>ચૂકવવી પડે<br>રૂ. | 4<br>મિલકતોની રકમ<br>રૂ. | 5<br>ચોપડે કિંમત | 6<br>ઉપજ કિંમત |
|---|---|---|---|---|---|
| | List - A બિનસલામત લેણદારો | | List E મુકત મિલકત | | |
| | | | ફર્નિચર | 20,000 | 4,000 |
| 1,48,000 | બિન સલા. લેણદાર | 1,48,000 | સ્ટૉક | 80,000 | 20,000 |
| 20,000 | પત્ની લોન (50%) | 10,000 | હાથ પર રોકડ | 200 | 200 |
| 6,000 | મજૂરી દેવા (પસંદગી બાદ) | 5,940 | | | |
| 12,000 | પગારના દવા (12,000-40) | 11,960 | | | |
| 2,000 | ભાડાના બાકી દેવા | 2,000 | | | |
| 20,000 | વટાવેલી હૂંડીના દેવા | 12,000 | | | |
| | | | **List : F દેવાદારો** | | |
| | | | (કુલ 80,000) | | |
| | List : B સંપૂર્ણ સલામત લેણદાર | | સદ્ધર (50%) | 40,000 | 40,000 |
| | | | શકમંદ (40,000ના 60%) | 24,000 | 20,000 |
| 80,000 | જમીન-મકાન-ગીરો લેણ 80,000 | | ડૂબત | 16,000 | - |
| | (-: જ.મ. ઉપજ 100,000 | | | | |
| | (વધારો સામે) -20,000 | Nil | List G લેણી હૂંડી | 20,000 | 16,000 |
| | List : C અપૂણ સલા. લેણદાર | | | | |
| | | | + List B નો વધારો | | |
| | | | સામેથી લાવ્યા | | 20,000 |
| 30,000 | મશીનરી ગીરો લેણ. 30,000 | | | | |
| (-) | મશીનરી ઉપજ 20,000 | 10,000 | મિલકતની કુલ ઉપજ | - | 1,20,200 |
| | List : D પસંદગીના લેણદાર | | List D ને સામે | | |
| | | | મુજબ ચૂકવ્યા | | − 100 |
| - | મજૂરી પસંદગી મુજબ | | મિલકત ચોખ્ખી ઉપજ | | 1,20,100 |
| | (20 × 3) = 60 | | | | |
| | પસંદગીનો પગાર40 = 40 | | | | |
| | (1 વ્યક્તિના 20) 100 | - | | | |
| | સામે મુજબ ચૂકવ્યા − 100 | | List : H મુજબ મૂડીતૂટ | | 79,800 |
| | | **1,99,900** | | | **1,99,900** |

**તૂટ ખાતુ તા. 1-4-05 થી 1-4-11 - 6 વર્ષ**

| આવક (+) | રકમ રૂ. | જાવક (-) | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| શરૂમૂડી | 1,40,000 | છેલ્લા 2 વર્ષની ખોટ | | 1,23,800 |
| પ્રથમ 4 વર્ષનો નફો | 1,10,000 | કુલ ઉપાડ | | 1,44,000 |
| મૂડી પરનું વ્યાજ | 40,000 | - ગીરો મશીનરીની | | |
| સ્ત્રીધન ન ગણાય તેવી લોન | 10,000 | ઉપજમાં ખોટ | | |
| જમીન - મકાન વેચાણ નફો | | (80,000 - 20,000) | | 60,000 |
| (10,000 ઉપજ કિંમત - | | - વટાવેલી હૂંડીની | | |
| 40,000 મૂળકિંમત) | 60,000 | જવાબદારી (નકરાયેલ રૂ.) | | 12,000 |
| | | - ફર્નિચર ઉપજ ખોટ | | 16,000 |
| | | - List F મુજબ ઘાલખાધ | | |
| | | શકમંદ - | 4,000 | |
| | | ડૂબત (ઘાલ) | 16,000 | 20,000 |
| તુટ (સ્થિતિદર્શક નિવેદન મુજબ) | 79,800 | - સ્ટૉકની ઉપજ ખોટ | | 60,000 |
| | | - લેણીહૂંડી ઉપજ ખોટ | | 4,000 |
| | **4,39,800** | | | **4,39,800** |

**ગીરો મિલકતની ઉપજ કે ખોટ લેણદારો અંગે વિવિધ ગણતરીઓ સૂચવાતા મુદ્દાઓ**

**ઉદા.7** શ્રી કરોડીમલ તા. 31-12-07ના રોજ નાદાર જાહેર થયા. તે તારીખે તેમની મિલકત રૂ. 3,30,000 અને દેવા રૂ. 2,70,000 હતા. ધારવામાં આવેલી તૂટ રૂ. 60,000 હતી.

- એક લેણદાર રૂ. 30,000 નો હતો જેની પાસે 60,000નું એક યંત્ર ગીરો હતું. આ યંત્રની કિંમત 60% ઓછી ઉપજે છે.
- બીજા લેણદાર રૂ. 36,000 પાસે રૂ. 30,000ની કિંમતનો સ્ટૉક ગીરો હતો. જેની ઉપજવા ધારેલ કિંમત તેના લેણાં કરતાં 20% વધુ હતી.
- 8 કારકૂનનો 4 માસનો દરેક કારકુન દીઠ પગાર રૂ. 100 ચૂકવવો બાકી હતો.
- ઉપરની બધી જ વિગતોનો સમાવેશ ઉપર દર્શાવેલ મિલકતો અને દેવામાં કરવામાં આવેલ હતો. આ ઉપરાંત નીચેના હવાલા ધ્યાનમાં લેવાના છે.

(1) રિસીવર ખર્ચ રૂ. 1,200

(2) 3 વર્ષનો ટેક્ષ રૂ. 3,600

(3) વટાવેલી હૂંડીઓ રૂ. 30,000ની જે પૈકી 40% હૂંડીઓ નકારાય તેવી સંભાવના

(4) તેમની ખાનગી મિલકત રૂ. 24,000 ની હતી જેની ઉપજ કિંમત રૂ. 18,000 ધારેલ છે.

(5) તેમના ખાનગી દેવા રૂ. 6,000 હતા.

- આ માહિતી પરથી શ્રી કરોડીમલ માટે સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરો.

જવાબ :

## શ્રી કરોડીમલનું તા. 31-12-07 ના રોજનું સ્થિતિદર્શક નિવેદન

| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|
| કાચાં દેવા | દેવાની વિગત તેવી રકમ | ચૂકવવી પડે રૂ. | મિલકતની રકમ રૂ. | ચોપડે કિંમત | ઉપજ કિંમત |
| | <u>List - A બિન સલામત</u> | | List E મુક્ત મિલકત | | |
| | <u>લેણદાર</u> | | નોંધ - 5 | | |
| 2,03,840 | પરચૂરણ બિનસલામત | | પરચૂરણ મુક્ત મિલકત | 2,40,000 | 1,42,800 |
| | લેણદાર (નોંધ 7) | 2,03,840 | (નોંધ - 1) | | |
| 30,000 | નકરાય તેવી હૂંડીની જવા. | | ખાનગી મિલકત (ઉપજ) | | 18,000 |
| | (40% 30,000ના) | 12,000 | | | |
| | ખાનગી દેવા | 6,000 | | | |
| | <u>List - B સંપૂર્ણ સલામત</u> | | List F દેવાદારો | – | – |
| | <u>લેણદાર</u> | | | | |
| 36,000 | ગીરો સ્ટૉક લેણ. 3,6000 | | List G લેણીહૂંડી | – | – |
| (-) | ગીરો સ્ટૉક ઉપજ | | + | | |
| | (નોંધ - 4 મુજબ) 43,200 | | List B નો વધારો | | |
| | વધારો સામે - 7,200 | Nil | સામેથી લાવ્યા | – | 7,200 |
| | લઈ ગયા. | | મિ.ની કુલ ઉપજ | | 1,68,000 |
| | <u>List - C અપૂર્ણ સલા.</u> | | (-) રિસિવર ખર્ચ | | (-1,200) |
| | <u>લેણદાર</u> | | (-) સામે મુજબ | | |
| 30,000 | યંત્ર ગીરો લેણદાર 30,000 | | List - D ને ચૂકવ્યા | | (-3,760) |
| (-) | યંત્ર ઉપજ (નો-3) 24,000 | 6,000 | | | |
| | મિલકતોની ઉપજ | | મિ.ની.ચો. ઉપજ | | 1,63,043 |
| | પસંદગી પગાર | | <u>List H મૂડીતૂટ</u> | | |
| 160 | (8કારકૂન × 20રૂ.મળે) 160 | | (તૂટ ખાતે દર્શાવ્યા | | |
| | સરકારી ટેક્ષ <u>3,600</u> | | મુજબ) | | 64,800 |
| | 3760 | | | | |
| (-) | સામે મુજબ ચૂકવ્યા <u>3760</u> | - | | | |
| **2,70,000** | | **2,27,840** | | | **2,27,840** |

**તૂટ ખાતુ**

| આવક (+) | રકમ રૂ. | જાવક (-) | રકમ રૂ. |
|---|---|---|---|
| ધારવામાં આવેલી તૂટ | | ગીરો યંત્રની ઉપજ | 36,000 |
| (મિલકત રૂ. 3,30,000 દેવા રૂ. 2,70,000 | | ખોટ (નોંધ - 3) | |
| પરનો વધારો) | 60,000 | - પરચૂરણ મફત | |
| - ગીરો સ્ટૉકની ઉપજનો નફો | | મિલકતની ઉપજ | |
| (નોંધ : 4) | 13,200 | ખોટ (નોંધ -6) | 97,200 |
| - ખાનગી મિલકત | 18,000 | - રિસીવરનો ખર્ચ | 1,200 |
| | | - સરકારી ટેક્ષ | 3,600 |
| | | - નકરાય તેવી હૂંડીની | |
| | | જવાબદારી | 12,000 |
| તૂટ : (સ્થિતિદર્શક નિવેદન | | | |
| મુજબ) | 64,800 | ખાનગી દેવા | 6,000 |
| | **1,56,000** | | **1,56,000** |

**જરૂરી ગણતરીઓ**

(1) ગીરો સિવાયની મુક્ત મિલકતની ચોપડા કિંમત શોધવી

| | | |
|---|---|---|
| - કુલ મિલકત | | 3,30,000 |
| (-) યંત્ર ગીરો - | 60,000 | |
| સ્ટૉક ગીરો - | 30,000 | – 90,000 |
| - List E માટે મુક્ત મિલકતને ચોપડા કિંમત | | 2,40,000 |

(2) ગીરો મિલકત સહીત મિલકતની કુલ ઉપજ શોધવી

આમ ધારવામાં આવેલી તૂટ = ચૂકવવા પડ તેવા દેવા – મિલકતની કુલ ઉપજ

60,000 = 2,70,000 - મિલકતની કુલ ઉપજ

મિલકતની કુલ ઉપજ = 2,70,000 - 60,000

ગીરો મિલકત સહી મિ. હ. ઉ. = 2,10,000

(3) ગીરો યંત્રની ઉપજને આધારે નફો/નુકશાન અને તેના લેણદારનું લિસ્ટ નક્કી કરવું.

| | |
|---|---|
| યંત્રની મૂ.કિ. | 60,000 |
| (-) યંત્રની ઉપજ ખોટ | |
| (60,000ના 60%) | 36,000 (તૂટ ખાતે જાવક) |
| યંત્રની ઉપજ | 24,000 |

જેની સામે લેણદાર રૂ. 30,000 તેથી આ લેણદાર List - C માં જાય

(4) ગીરો યંત્રની ઉપજ શોધવી નફો/નુકશાન શોધવા અને તેના લેણદારનું લિસ્ટ નક્કી કરવું

લેણદાર રૂ. 36,000 નો તેના 20% સ્ટૉકની વધુ કિંમત ઉપજે છે.

સ્ટૉકની ઉપજ = (36,000 + તેના 20% વધુ)

| | |
|---|---|
| | = 36,000 + 7,200 = |
| સ્ટૉકની ઉપજ | = 43,200 |
| (-) સ્ટૉકની મૂળ કિંમત | 30,000 |
| **સ્ટૉકની ઉપજ નફો** | **= 13,200** |

(5) ગીરો મિલકતસિવાય મુક્ત મિલકતમાં ચોપડા કિંમત સામે ઉપજ શોધીને મુક્ત મિલકતનો નફો / નુકશાન શોધવો.

| | |
|---|---|
| નોંધ નં. 2 મુજબ ગીરો સહિત મિલકતની કુલ ઉપજ | 2,10,000 |
| (-) ગીરોની ઉપજ | - 24,000 |
| (-) ગીરો સ્ટૉકની ઉપજ | - 43,200 |
| પરચૂરણ મુક્ત મિલકતની ચોખ્ખી ઉપજ | 1,42,800 |

(6) મુક્ત મિલકતની ચોપડા કિંમત

| | |
|---|---|
| મુક્ત મિલકતની ચોપડા કિંમત | 2,40,000 |
| (-) મુક્ત મિલકતની ઉપજ કિંમત | 1,42,800 |
| - પરચૂરણ મિલકતની ઉપજ ખોટ | 97,200 |
| (તૂટ ખાતે જાવક) | |

(7) બિન સલામત લેણદરોની રકમ શોધવી

| | | |
|---|---|---|
| નાદારે દર્શાવેલા કુલ દેવા | | 2,70,000 |
| (-) ગીરો સ્ટૉકનો લેણદાર | 36,000 | |
| (-) ગીરો યંત્રનો લેણદાર | 30,000 | |
| (-) પસંદગીનો પગાર | 160 | 66,160 |
| **પરચૂરણ બિનસલામત લેણદાર** | | **2,03,840** |

**શરૂ મૂડી શોધવા સૂત્રનો ઉપયોગ કરવાનો હોય પસંદગીના લેણદારો, ભાડુ, બિનસલામત લેણદારોની ગણતરીના મુદ્દા**

**ઉદા.8** શ્રી મધુએ તા. 31-12-2012 ના રોજ નાદારી માટે અરજી કરી તે દિવસે તેના ચોપડામાં નીચેની બાકીઓ દર્શાવેલી છે.

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| મૂડી | | 90,000 |
| યંત્ર (ઉપજવા ધારેલ 45,000) | 56,000 | - |
| લેણીહૂંડી (ઉપજવા 5,000 ધારેલ) | 6,000 | - |
| મકાન પર બોજધારી B.O.D. | - | 55,000 |
| ધંધા સ્ટૉક (ઉપજવા ધારેલ 1,10,000) | 1,00,000 | - |
| મકાન (ઉપજવા ધારેલ 70,000) | 95,000 | - |
| ફર્નિચર | 24,000 | - |
| સ્ટૉક પર બોજધારી લેણદારો | - | 1,30,000 |
| લેણદારો | - | 1,26,000 |
| અન્ય મિલકત (ઉપજવા ધારેલ 20,000) | 44,000 | - |

| | | | |
|---|---|---|---|
| **દેવાદારો :** | | | |
| સંધ્ધર | 30,000 | | |
| શકમંદ | 20,000 | | |
| (ઉપજવા ધારેલ 40%) | | | |
| ડૂબત | 25,000 | 75,000 | |
| હાથ પર રોકડ | | 1,000 | |
| | | **4,01,000** | **4,01,000** |

વટાવેલી હૂંડીઓ અંગે રૂ. 35,000 ની જવાબદારી હતી જે પૈકી રૂ. 20,000 માટે હવે કોઈ જવાબદારી નથી.

શ્રી મધુની અંગત મિલકત અને જવાબદારી અનુક્રમે રૂ. 16,000 અને રૂ. 7,000 હતી. મિલકતના રૂ.11000 ઉપજવા ધારેલ છે.

રિસીવરનો ખર્ચ રૂ. 2,000 અંદાજવામાં આવ્યો છે. લેણદારોમાં સમાયેલ રૂ. 3,000ના એક લેણદારે શ્રી મધુની તરફેણમાં પોતાનો દાવો જતા કરેલ છે.

લેણદારોમાં 2 કલાર્કનો માસિક રૂ. 280 લેખે 3 માસનો પગાર તેમજ માસિક રૂ. 200 લેખે 2 માસનું ભાડું અને 3 કામદારોને દરેક ને રૂ. 90 લેખે 4 માસની મજૂરીનો સમાવેશ થાય છે.

શ્રી મધુએ 3 વર્ષ પહેલા ધંધો શરૂ કર્યો હતો. અને પહેલા વર્ષે રૂ. 25,000 નફો થયેલ બીજા અને ત્રીજા વર્ષે અનુક્રમે રૂ. 30,000 અને 40,000ખોટ ગઈ. આ 3 વર્ષ દરમિયાન શ્રી મધુનો કુલ ઉપાડ રૂ. 40,000 હતો.

1,920 ના નાદારીના કાયદા મુજબ શ્રી મધુ માટે સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરો.

**જવાબ :**

**નોંધ - 1 શરૂમૂડી શોધવી :**

શરૂની મૂડી = આખરની મૂડી + ખોટ + ઉપાડ - નફો

શરૂની મૂડી = 90,000 + ખોટ 70,000 + ઉપાડ 40,000 - નફો 25,000

શરૂમૂડી = 1,75,000

તૂટ ખાતે આવકજાવક બાજુ નોંધવી.

<u>નોંધ - 2 પસંદગીના લેણદારો (List - D) નક્કી કરવા.</u>

- 2 કલાર્કનો દરેક નો રૂ. 20 લેખે કાયદા મુજબ પગાર રૂા = 40

3 કામદારોને દરેકને રૂ. 20 કાયદા મુજબ જરૂરી = 60

પસંદગીનો પગાર અને મજૂરી રૂ. 100

**નોંધ :** કુલ લેણદારોમાંથી ઉપરોક્ત રૂ. 100 બાદ થશે. જ્યારે બાકી ભાડું જો સરકારી હોય તો તે પસંદગીનું ગણાય અને ઉપરની ગણતરીમાં લેવાય. અહીં સ્પષ્ટતા નથી તેથી બાકી ભાડાની રકમ બિન સલામત લેણદારોમાં ગણાયેલી હોય.

| **નોંધ -3 બિનસલામત લેણદારો** | **રૂ.** |
|---|---|
| લેણદારો | 1,26,000 |
| (-) પસંદગીના લેણદારો | −100 |
| (-) એક લેણદારે જતો કરે દાવે (તૂટ ખાતે આવક) | −3,000 |
| | **1,22,900** |

| | |
|---|---|
| + નકરાય તેવી વટાવેલી હૂંડીની જવાબદારી (તૂટ ખાતે જાવક) (35,000 – 20,000) | 15,000 |
| + અંગત દેવા (તૂટ ખાતે જાવક) | 7,000 |
| લિસ્ટ - A = બિનસલામત લેણદારો | **1,44,900** |

**શ્રીમધુનું તા. 31-12-2012ના રોજનું સ્થિતિ દર્શકનું નિવેદન**

| કાચાં દેવા | દેવાની વિગત તેવી રકમ | | ચૂકવવી પડે રૂ. | મિલકતની રકમ રૂ. | ચોપડે કિંમત | ઉપજ કિંમત |
|---|---|---|---|---|---|---|
| | **List - A બિન સલામત** | | | List E મુક્ત મિલકત | | |
| – | **લેણદાર** (નોંધ - 3) | | 1,44,900 | યંત્ર | 56,000 | 45,000 |
| | | | | ફર્નિચર | 24,000 | 20,000 |
| | | | | અન્ય મિલકત | 44,000 | 30,000 |
| | | | | હાથ પર રોકડ | 1,000 | 1,000 |
| | List - B સંપૂર્ણ સલામત | | | અંગત મિલકત(ઉપજ) | - | 11,000 |
| | લેણદાર | | | | | |
| – | મકાનગીરો B.O.D. | 55,000 | | | | |
| | (–) મકાન ઉપજ | 70,000 | | List F : દેવાદારો | | |
| | વધારો સામે લઈ ગયા | -15,000 | | સદ્ધર | 30,000 | 30,000 |
| | | | | શકમંદ | 20,000 | 8,000 |
| | | | | ડૂબત | 25,000 | - |
| | List - C અપૂર્ણ સલામત | | | List G લેણીહૂંડી | 6,000 | 5,000 |
| – | લેણદાર | | | List B નો વધારો | | |
| | સ્ટૉક ગીરો લેણદાર | 1,30,000 | | સામેથી લાવ્યા | - | 15,000 |
| | સ્ટૉક ઉપજ | 1,10,000 | 20,000 | મિલકત કુલ ઉપજ | | 165,000 |
| | | | | (-) રિસીવર ખર્ચ | | 2,000 |
| | | | | (-) List D ને સામે | | |
| | | | | મુજબ ચૂકવ્યા | | 100 |
| | | | | મિલકતની ચોખ્ખી ઉપજ | | 1,62,900 |
| | List D પસંદગી લેણદાર | | | | | |
| – | પગાર અને મજુરી | | | | | |
| | (નોંધ -2) | 100 | | | | |
| – | સામે મુજબ ચૂકવ્યા | 100 | – | List H મૂડી તૂટ : | | 2,000 |
| | | | | તૂટ ખાતામાં દર્શાવ્યા | | |
| | | | | પ્રમાણે | | |
| | | | **1,64,900** | | | **1,64,900** |

**તૂટ ખાતુ (3 વર્ષ માટે)**

| આવક (+) | રકમ રૂ. | જાવક (–) | રકમ રૂ. |
|---|---|---|---|
| શરૂમૂડી (નોંધ-1) | 1,75,000 | બીજા વર્ષની ખોટ | 30,000 |
| પ્રથમ વર્ષનો નફો | 25,000 | ત્રીજા વર્ષની ખોટ | 40,000 |
| સ્ટૉકની ઉપજમાં નફો | 10,000 | 3 વર્ષ કુલ ઉપાડ | 40,000 |
| (1,10,000 - 1,00,000) | | યંત્રની ઉપજમાં ખોટ | 11,000 |
| અંગત મિલકતની ઉપજ | 11,000 | (56,000 - 45,000) | |
| | | લેણીહૂંડીની ઉપજમાં | |
| | | નુકશાન (6,000 - 5,000) | 1,000 |
| એક લેણદારે જતો કરેલ દાવો | 3,000 | ગીરો મકાનની ઉપજમાં | |
| મૂડી તૂટ (સ્થિતિદર્શક) | 2,000 | (ખોટ 95,000 -70,000) | 25,000 |
| નિવેદનમાં દર્શાવ્યા મુજબ | | ફર્નિચર ઉપજ ખોટ | |
| | | (24,000 - 20,000) | 4,000 |
| | | અન્ય મિલકતની | |
| | | ઉપજમાં ખોટ | |
| | | (44,000 - 30,000) | 14,000 |
| | | List F મુજબ ઘાલખાધ | |
| | | (75,000 - 30,000 - 8,000) | 37,000 |
| | | વટાવેલી હૂંડી અંગે | |
| | | નકરાય તેવી જવાબદારીઓ | 15,000 |
| | | અંગત જવાબદારી | 7,000 |
| | | રિસીવર ખર્ચ | 2,000 |
| | **2,26,000** | | **2,26,000** |

## 3.9 ભાગીદારી પેઢીની નાદારી : મહત્ત્વના મુદ્દાઓ

એકાકી વેપારીની નાદારી અને ભાગીદારી પેઢીની નાદારી વિશે કાયદામાં મોટા ભાગની જોગવાઈઓ - બાબતો - કાર્યવાહીઓ સરખી જ છે. છતાં હિસાબની દૃષ્ટિએ કેટલાક તફાવતો છે, જે નીચે દર્શાવેલાં છે :

(1) એકાકી વેપારીની નાદારીમાં ધંધાના મિલકત-દેવા તેમજ અંગત મિલકત દેવા વચ્ચે કોઈ તફાવત રાખવામાં આવતો નથી. ભાગીદારી પેઢીની નાદારીમાં ભાગીદાર અને પેઢીનાં દેવા - મિલકત અંગે નીચે પ્રમાણે વિધિ અનુસરવાની છે :

   (i) નાદારી વખતે સૌ પહેલાં પેઢીની મિલકત પેઢીનાં દેવાની ચૂકવણી માટે ઉપયોગમાં લેવાય છે.

   (ii) જો પેઢીની મિલકતમાંથી કોઈ વધારો રહેતો તેનો ઉપયોગ દરેક ભાગીદારના ભાગના પ્રમાણમાં તેને ફાળવી અપાય છે. આ રીતે પેઢીમાંથી મળતી રકમનો ઉપયોગ ભાગીદાર અંગત દેવાની ચૂકવણી માટે કરી શકે છે.

(2) દરેક ભાગીદાર અને પેઢી માટે જુદાં જુદાં સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતાં તૈયાર કરવામાં આવે છે.

(3) ભાગીદારની પોતાની ખાનગી મૂડી નક્કી કરવા માટે તેનું અંગત પાકું સરવૈયું બનાવાય છે. પેઢીમાંની તેની મૂડી અંગત પાકા સરવૈયા માટે રોકાણ ગણવામાં આવે છે અને મિલકત-લેણાં બાજુ દર્શાવવામાં આવે છે.

(4) ભાગીદારનું પોતાનું તૂટ ખાતુ જે અંગત તૂટ બતાવે તે પેઢીના ચોપડે ન આવે, કારણ કે તેના માટે પેઢી જવાબદાર નથી.

(5) ભાગીદારની અંગત મૂડી નીચે મુજબ પણ શોધી શકાય : અંગત મૂડી = અંગત મિલકત + પેઢીમાં રોકેલ મૂડી - અંગત દેવા.

(6) જો ભાગીદારની પોતાની અંગત મિલકતનો વધારો હોય તો પેઢીના ચોપડે આવે, કારણ કે કાયદા મુજબ તેનો ઉપયોગ પેઢીના દેવા ચૂકવવા માટે થઈ શકે છે. આ વધારાની નોંધ પેઢીનું સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતામાં એમ બે અસર થાય.

(7) ભાગીદારનું અંગત સ્થિતિદર્શક નિવેદન તૈયાર કરવામાં આવે તેમાં પેઢીમાંથી તેની મૂડી અંગત રોકાણ તરીક મિલકતના લિસ્ટ E માં દર્શાવાય છે. આ રોકાણની ઉપજ કિંમત શૂન્ય ગણાય, કારણ કે પેઢી નાદાર હોય છે. આ નુકશાન અંગત તૂટ ખાતાની જમણી બાજુ દર્શાવાય છે.

(8) જો પેઢીનાં દેવા સામે ભાગીદારની અંગત મિલકતગીરવી હોય ત્યારે આવું દેવુ પેઢી માટે તો બિનસલામત લેણદાર જ ગણાય. પેઢીમાંથી બિનસલામત લેણદાર તરીકે તેને ચૂકવણી થાય ત્યાર પછી જ તૂટની રકમ તે ભાગીદારની અંગત ગીરવી મિલકતમાંથી વસૂલ કરી શકે. આથી ભાગીદારને નુકશાન થાય તે તેનાં તૂટ ખાતાની જમણી બાજુ લખાય છે.

(9) જો ભાગીદારની વ્યક્તિગત મિલકતમાંથી કોઈ વધારો રહે તો તે તેણે પેઢીને આપવો પડે છે. પેઢીનાં દેવાની ચૂકવણી માટે તેનો ઉપયોગ થઈ શકે છે.

(10) જ્યારે કોઈપણ ભાગીદારી પેઢીના તમામ ભાગીદારોને નાદાર જાહેર કરવામાં આવે ત્યારે તે ભાગીદારી પેઢી નાદાર ગણાય છે.

**ઉદા.9** A અને B ની પેઢી જેણે તા. 31-12-2010ના રોજ નાદારી નોંધાવી છે. તેનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.:

| દેવા | | રૂ. | મિલકત | રૂ. |
|---|---|---|---|---|
| A ની મૂડી | 2,000 | | રોકડ | 200 |
| B ની મૂડી | 3,000 | 5,000 | ફર્નિચર | 800 |
| | | | દેવાદારો | 2,400 |
| બૅંક ઑવરડ્રાફ્ટ નં. 1 | | 2,000 | યંત્રો | 2,000 |
| બૅંક ઑવરડ્રાફ્ટ નં. 2 | | 1,000 | સ્ટૉક | 2,600 |
| લેણદારો | | 2,000 | નફા-નુકશાન ખાતું | 2,000 |
| | | **10,000** | | **10,000** |

પેઢીના લેણદારોમાં નીચે જણાવેલ દેવાનો સમાવેશ થતો હતો. બે માસનું ભાડુ રૂ. 2,00, બે કારકુનોને 4 માસનો કારકુન દીઠ મહિને રૂ. 100 લેખે પગાર, 4 મજૂરોની 5 માસની મજૂર દીઠ રૂ. 20 લેખે મજૂરી તથા છેલ્લા બે વર્ષનો ટેક્ષ રૂ. 140 બૅંક ઑવરડ્રાફ્ટ નં. 1 ની પાસે A ના મકાનના દસ્તાવેજો ગીરો છે, જ્યારે બૅંક ઑવરડ્રાફ્ટ નં. 2 ની પાસે પેઢીનાં યંત્રો ગીરો છે.

પેઢીનાં યંત્રોના રૂ. 800 ઉપજે તેમ છે તથા દેવાદારો પાસેથી રૂ. 1,600 વસૂલ આવે તેમ છે. સ્ટૉકની ઉપજવા ધારેલ કિંમત રૂ. 600 છે. જ્યારે ફર્નિચરના રૂ. 600 ઓછા ઉપજે તેમ છે. રિસીવરનો ખર્ચ રૂ. 200 થાય છે.

A ની ખાનગી મિલકતમાં મકાન રૂ. 3,000નું છે. તથા લેણું રૂ. 1,000 નું છે. મકાનના રૂ. 2,500, તેમજ લેણાંના રૂ. 500 ઉપજે તેમ છે. તેનું દેવું રૂ. 2,500 નું છે.

B ની ખાનગી મિલકત રૂ. 3,000 ની કિંમતની છે. જેના રૂ. 2,000 ઉપજે છે. તેમાં દેવા રૂ. 1,800નાં છે.

ઉપરની માહિતી પરથી પેઢીનાં તથા ભાગીદારોનાં સ્થિતિદર્શક નિવદેનો અને મૂડી તૂટખાતાં તૈયાર કરો.

**જવાબ :**

(1) દરેક ભાગીદારનું અંગત સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતુ તૈયાર કરવામાં આવશે.

(2) ભાગીદારી પેઢીની નાદારીનો દાખલો ગણતી વખતે :

(i) સૌ પ્રથમ સદ્ધર ભાગીદારનું સ્થિતિદર્શક નિવદેન તથા તૂટ ખાતું તૈયાર કરવું.

(ii) ત્યાર પછી ભાગીદારી પેઢીનું સ્થિતિદર્શક નિવેદન તથા તૂટ ખાતું તૈયાર કરવું.

(iii) અને છેલ્લે, નાદાર ભાગીદારનું સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતુ તૈયાર કરવું.

(3) જે ભાગીદારની અંગત મિલકતની ઉપજ તેનાં અંગત દેવા કરતાં વધુ હોય તે સદ્ધર ભાગીદાર ગણાય અત્રે ખાસ ધ્યાનમાં લો કે ભાગીદાર સદ્ધર કે નાદાર છે તે નક્કી કરવા માટે તેની કોઈ અંગત મિલકત, પેઢીનાં કોઈ લેણદાર પાસે ગીરો હોય તો તે મિલકત ધ્યાનમાં લેવી નહિ. આ મુજબ.

ભાગીદાર A નું મકાન પેઢીના બૅંક ઑવરડ્રાફ્ટ સામે ગીરો મૂકાયેલ છે. તેથી તે ધ્યાનમાં લેવાશે નહિ. હવે બાકી રહેતી મિલકતતરીકે રૂ. 1,000 નું લેણું છે. જેની ઉપજ રૂ. 500 ધારવામાં આવે છે A નું અંગત દેવું રૂ. 2,500 નું છે. આ રીતે તેના અંગત દેવા કરતાં મિલકતની ઉપજ ઓછી છે. તેથી ભાગીદાર A નાદાર ગણાશે જ્યારે,

ભાગીદાર B ની ખાનગી મિલકતની ઉપજ રૂ. 2,000 છે જ્યારે તેનું અંગત દેવું રૂ.1,800 નું છે તેથી ભાગીદાર B સદ્ધર ગણાશે. તેથી સદ્ધર ભાગીદાર B સ્થિતિદર્શક નિવેદન અને તૂટખાતું સૌ પ્રથમ તૈયાર કરવામાં આવશે. જે માટે Bની મૂડી નક્કી કરવાની રહેશે જે નીચે મુજબ ગણાશે.

B ની અંગત મૂડી = અંગત મિલકતની ચોપડે દર્શાવેલ કિંમત + પેઢીમાં રોકેલ મૂડી (રોકાણ) - અંગત દેવું

B ની અંગત મૂડી = 3,000 + 3,000 - 1,800 = રૂ. 4,200

**શ્રી B નું તા. 31-12-2010ના રોજનું અંગત સ્થિતિદર્શક નિવેદન**

| કુલ દેવા રૂ. | દેવા (દેવાદારોના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકત (દેવાદારોના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઉપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|
| | લિસ્ટ A મુજબ | | લિસ્ટ E મુજબ મિલકતઃ | | |
| | બિન સલામત લેણદારોઃ | | મિલકત | 3,000 | 2,000 |
| 1,800 | લેણદારો | 1,800 | પેઢીમાં મૂડી (રોકાણ) | 3,000 | - |
| | <u>લિસ્ટ H માં દર્શાવ્યા</u> | | | | |
| | મુજબ વધારો (?) | 200 | | | |
| **1,800** | | **2,000** | | **2,000** | |

**શ્રી B નું તા. 31-12-10નો રોજનું તૂટ ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| અંગત મૂડી | | મિલકત ઉપજમાં ખોટ : | |
| (31-12-2010ના રોજ) | 4,200 | પરચૂરણ મિલકત | 1,000 |
| | | પેઢીમાં રોકાણ | 3,000 |
| | | વધારો : લિસ્ટ H મુજબ | |
| | | સ્થિતિદર્શક નિવેદનમાં | |
| | | જણાવ્યા અનુસાર | 200 |
| | **4,200** | | **4,200** |

સદ્ધર ભાગીદાર B નું અંગત સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કર્યા પછી હવે A અને B ની ભાગીદારી પેઢીનું સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ નાદાર ભાગીદાર A નું અંગત સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરવામાં આવશે.

**A અને B ની ભાગીદારી પેઢીનું તા. 31-12-2010ના રોજનું સ્થિતિદર્શક નિવેદન**

| કુલ દેવા રૂ. | દેવા (દેવાદારોના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકત (દેવાદારોના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઉપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|
| | લિસ્ટ A મુજબ | | લિસ્ટ E મુજબ મિલકત : | | |
| | બિન સલામત લેણદારો: | | ફર્નિચર | 800 | 200 |
| 1,780 | લેણદારો 2,000 | | સ્ટૉક | 2,600 | 600 |
| | બાદઃ પસંદગી | | રોકડ | 200 | 200 |
| | ના લેણદાર 220 | | B ની અંગત | | |
| | | 1,780 | મિલકતનો વધારો | - | 200 |
| 2,000 | બૅંક ઑવરડ્રાફ્ટ 1,200 | 3,780 | લિસ્ટ E નો સરવાળો | | 1,200 |
| | લિસ્ટ B મુજબ | | લિસ્ટ F મુજબ દેવાદારો | 2,400 | 1,600 |
| | સંપૂર્ણ સલામત લેણદારો : | | લિસ્ટ G મુજબ લેણીહૂંડી | - | - |
| | લિસ્ટ C મુજબ | | મિ.ની કુલ ઉપજ | | 2,800 |
| | અપૂર્ણ સલામત લેણદારો : | – | બાદઃ રિસીવરનો ખર્ચ | | 200 |
| 1,000 | બૅંક ઑવર ડ્રાફ્ટ | | 2,600 | | |
| | નં. 2 1,000 | | બાદઃ સામે દર્શાવ્યા અનુસાર | | |
| | બાદ : યંત્રની | | | | |
| | ઉપજ 800 | 200 | પસંદગીના લેણદારો | | 220 |
| | લિસ્ટ D મુજબ | | મિ.ની કુલ ઉપજ | | 2,380 |
| | પસંદગીના લેણદારો: | | લિસ્ટ H માં | | |
| 220 | પસંદગીનાલેણદારો 220 | | સમજાવ્યા મુજબ તૂટ (?) | | 1,600 |
| | દર્શાવ્યા મુજબ 220 | – | | | |
| **5,000** | | **3,980** | | | **3,980** |

પસંદગીના લેણદારો : (લિસ્ટ - D)

| | | |
|---|---|---|
| કારકુનનો પગાર | 2 × રૂ. 20 | = 40 |
| મજૂરની મજૂરી | 2 × રૂ. 20 | = 40 |
| બે વર્ષનો ટેક્ષ | | 140 |
| | પસંદગીના લેણદારો | 220 |

અત્રે એ ગણતરી પણ આવશ્યક બને છે કે બૅંક ઑવરડ્રાફ્ટ નં. 1 ની કુલ રકમ રૂ. 2,000 પેટે રિસીવર કેટલી રકમ ચૂકવશે.

જો રૂ. 3,980ના બિનસલામત લેણદારોને ચૂકવવા પાત્ર કુલ રકમ રૂ. 2,380 હોય તો બિન સલામત લેણદાર તરીકે બૅંક ઑવરડ્રાફ્ટ નં. 1 રૂ. 2,000 પેટે કેટલી ચૂકવણી ?

બૅંક ઑવર ડ્રાફ્ટ નં. 1 પેટે ચૂકવી શકાય તેવી રકમ = $\frac{2,000 \times 2,380}{3,980}$ = રૂ. 1,196

હવે બૅંક ઑવરડ્રાફ્ટ પેટે બાકી રહેતી લેણી રકમ રૂ. (2,000 – 1,196) = રૂ. 804 A ની અંગત મિલકતમાંથી વસૂલ કરશે, કારણ કે બૅંક ઑવરડ્રાફ્ટ નં. 1 ની પાસે A ના મકાનના દસ્તાવેજો ગીરો છે.

**(+) A અને B ની ભાગીદારી પેઢીનું તા. 31-12-2010ના રોજનું તૂટ ખાતું (–)**

| વિગત | | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|---|
| આખરની મૂડી (31-12-2010) | | | ચોખ્ખું નુકશાન | 2,000 |
| A | 2,000 | | લિસ્ટ F મુજબ ઘાલખાધ | 800 |
| B | 3,000 | 5,000 | ગીરો યંત્રની ઉપજમાં ખોટ | 1,200 |
| B ની અંગત મિલકતનો | | | લિસ્ટ E મુજબની મિલકતમાં | |
| | | | ખોટ : | |
| વધારો - લિસ્ટ H મુજબ | | 200 | ફર્નિચર | 6,00 |
| તૂટ : લિસ્ટ H મુજબ | | | સ્ટૉક | 2,000 |
| સ્થિતિદર્શક નિવેદનમાં | | | રિસીવરનો ખર્ચ | 2,00 |
| જણાવ્યા અનુસાર | | 1,600 | | |
| | | **6,800** | | **6,800** |

હવે નાદાર ભાગીદાર A નું અંગત સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું નીચે મુજબ તૈયાર કરવામાં આવશે. આ સૌપ્રથમ A ની અંગત મૂડી નક્કી કરવાની રહેશે. જે નીચે મુજબ ગણાશે.

A ની અંગત મૂડી = અંગત મિલકત+ પેઢીમાં રોકાયેલ મૂડી - અંગત દેવા

A ની અંગત મૂડી = 4,000 + 2,000 - 2,500 = રૂ. 3,500

**શ્રી A નું 31-12-2010ના રોજનું અંગત સ્થિતિદર્શક નિવેદન**

| કુલ દેવા રૂ. | દેવા (દેવાદારોના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચૂકવવા પડશે તેમ ધારેલ રૂ. | મિલકત (દેવાદારોના દર્શાવ્યા અને ધારણા પ્રમાણે) | ચોપડે દર્શાવેલ કિંમત રૂ. | ઉપજવા ધારેલ કિંમત રૂ. |
|---|---|---|---|---|---|
| | લિસ્ટ A મુજબ | | લિસ્ટ F મુજબ દેવાદારો : | | |
| | બિન સાલમત લેણદારો: | | દેવાદારો | 1,000 | 500 |
| 2,500 | લેણદારો | 2,500 | ઉમેરો : વધારો સામેથી | | |
| | લિસ્ટ B મુજબ સંપૂર્ણ | | લિસ્ટ B મુજબ લાવ્યા | | 1,696 |
| | સંપૂર્ણ સલામત લેણદારો | – | મિ. ની કુલ ઉપજ | | 2,196 |
| 804 | બેંક ઑવર ડ્રાફ્ટ | | લિસ્ટ H માં | | |
| | નં.1 804 | | દર્શાવ્યા મુજબ તૂટ (?) | | 305 |
| | બાદ : મકાનની | | | | |
| | ઉપજ 2,500 | | | | |
| | વધારો સામે લ.ગ. 1,696 | – | | | |
| **3304** | | **2,500** | | | **2,500** |

ઉ **શ્રી B નું તા. 31-12-2010ના રોજનું તૂટ ખાતું** જ

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| અંગત મૂડી (31-12-10ના રોજ) | 3,500 | દેવાદારોમાં લિસ્ટ F મુજબ | |
| **તૂટ :** લિસ્ટ H મુજબ | | ઘાલખાધ | 500 |
| સ્થિતિદર્શક નિવેદનમાં | | ગીરો મકાનની ઉપજમાં ખોટ | 500 |
| જણાવ્યા અનુસાર | 304 | પેઢીમાં રોકાણ ડૂબી જતાં | 2,000 |
| | | પેઢીના લેણદાર બૅંક - ઑવર | |
| | | ડ્રાફ્ટ નં. 1 એ ચૂકવેલ | 804 |
| | **3,804** | | **3,804** |

## 3.10 હેતુલક્ષી વ્યવહારિક ઉદાહરણો (ઉકેલ સાથે)

**ઉદા.1 :** નાદાર જાહેર થયેલ શ્રી રમેશ રૂ. 2,00,000ની મૂડી પર 8 ટકા લેખે 1 વર્ષનું વ્યાજ અને પસંદગીના લેણદારો - પગાર, મજુરી , આવકવેરો રૂ.4,000 ધ્યાનમાં લીધા વગર રૂ. 76,000 ની તૂટ અંદાજે છે તેની સુધારેલ છેવટની તૂટ નક્કી કરો.

**ઉકેલ :**

નાદારની મૂડી વ્યાજ ચૂકવવાનું રહેતું નથી. પસંદગીના લેણદારોની કુલ રકમ 4,000 ચૂકવવા પાત્ર બનતાં બિનસલામત લેણદારોને ભાગે આવતી ચૂકવવાપાત્ર જે તે રકમમાં રૂ. 4,000નો ઘટાડો થશે. પરિણામે તૂટમાં વધારો થશે. સુધારેલ છેવટની તૂટ = 76,000 + 4,000 = રૂ. 80,000)

**ઉદા.2 :** મિ. શર્મા પોતાનાં દેવા પૂરેપૂરાં ચૂકવી શકે તેમ નથી. કોર્ટે તેમને નાદાર જાહેર કર્યા. તેમના નહિ ચૂકવાયેલા ખર્ચ અંગેના લેણદારો નીચે મુજબ છે :

(1) કરવેરાના બાકી દેવા રૂ. 500

(2) દસ કારીગરોને દરેકને મહિને રૂ. 100 લેખે બે માસની મજૂરીનાં બાકી દેવા.

(3) મહિન રૂ. 3,00 લેખે બે માસનું મકાનનું બાકી ભાડુ.

જો બિનસલામત લેણદારોને 25% લેખે ડિવિડન્ડ ચૂકવણીમાં આવ્યું હોય તો ઉપરના દરેકને તેમનાં લેણાં પેટે કેટલી રકમ મળવાપાત્ર થશે તે શોધો.

**ઉકેલ:**

**કુલ મળવાપાત્ર રકમ દર્શાવતું પત્રક**

| વિગત | કુલ લેણદારો રૂ. | પસંદગીના લેણદારો રૂ. | બિનસલામત લેણદારો રૂ. | પસંદગીના રૂ. | ચૂકવણી બિનસલામત રૂ. | કુલ રૂ. |
|---|---|---|---|---|---|---|
| (1) કરવેરા | 500 | 500 | - | 500 | - | 500 |
| (2) કારીગર પગાર (10 × 100 × 2) | 2,000 | (10કારીગર × 20) 200 | 1,800 | 200 (1,800ના25%) | 450 650 | |
| (3) ભાડુ (300 × 2) | 600 | - | 6,00 | - | 150 (6,00 ના 25%) | 150 |
| **કુલ** | **3,100** | **700** | **2,400** | **700** | **600** | **1,300** |

**ઉદા.3 :** શ્રી મનજી નાદાર જાહેર થયા ત્યારે તેમનાં દેવા નીચે મુજબ હતાં.

(i) પાંચ નોકરોનો માસિક રૂ. 100 લેખે 2 માસનો પગાર

(ii) ચાર મજૂરોની માસિક રૂ. 50 લેખે 3 માસની મજૂરી

(iii) મકાન માલિકનું ત્રણ માસનું મકાન ભાડું રૂ. 600

(iv) ગુજરાત સરકારનો વેચાણવેરો રૂ. 2,000

(v) કેન્દ્ર સરકારનો વેચાણવેરો રૂ. 3,000

(vi) મ્યુનિસિપલ ઓક્ટ્રોય અને હાઉ ટેક્ષ રૂ. 1000

નીચેના સંજોગોમાં પસંદગીના લેણદારોની ગણતરી કરો.

(i) જો નાદાર અમદાવાદ વેપારી હોય તો

(ii) જો નાદાર મુંબઈના વેપારી હોય તો

**ઉકેલ:**

(i) નાદાર અમદાવાદના વેપારી હોય તો તેને ધી પ્રોવિન્શિયલ ઇન્સોલ્વન્સી એક્ટ, 1920 લાગુ પડે તે મુજબ પસંદગીના લેણદારોની ગણતરી નીચે મુજબ થશે.

(i) સરકાર કે સ્થાનિક સરકારનું દેવું પૂરેપૂરુ (2,000 + 3,000 + 1000) રૂ. 6,000

(ii) નોકર દીઠ 4 માસનો પગાર અથવા રૂ. 20 બે માંથી ઓછી હોય તે રકમ (20 × 5 નોકરી) રૂ. 100

(iii) મજૂરી દીઠ 4 માસનો પગાર અથવા રૂ. 20 બે માંથી ઓછી હોય તે રકમ (20 × 4) રૂ. 80

(iv) મકાનમાલિકનું ભાડું પ્રેફરન્શિયલ નથી. રૂ. 6,180

(2) એ નાદાર મુંબઈના વેપારી હોય તો ધી પ્રેસિડન્સી ટાઉન્સ ઇન્સોલ્વન્સી એક્ટ, 1,909 નો કાયદો લાગુ પડે તે મુજબ પ્રેફરન્શિયલ લેણદારોની ગણતરી નીચે મુજબ થશે.

| | | |
|---|---|---|
| (i) | સરકાર અથવા સ્થાનિક સરકારનું દેવુ પૂરેપૂરું | રૂ. 6,000 |
| (ii) | નોકર દીઠ 4 માસનો પગાર અથવા રૂ. 300 બેમાંથી ઓછી હોય તે રકમ, એક કારકુનનો માસિક રૂ. 100 લેખે 2 માસ નો પગાર રૂ. 200 બાકી છે જે રૂ. 300થી વધતો નથી તે પૂરેપૂરો પ્રેફરન્શિયલ ગણાશે. (200 × 5 નોકર) | રૂ. 1,000 |
| (iii) | મજૂર દીઠ 4 માસ ની મજૂરી અથવા રૂ. 100 બે માંથી ઓછી હોય તે રકમ, એક મજૂરની માસિક રૂ. 50 લેખે 3 માસની રૂ. 150 મજૂરી બાકી છે. પરંતુ વધુમાં વધુ રૂ. 100 પ્રેફરન્શિયલ ગણાય તેથી (100 × 4 મજૂર) | રૂ. 400 |
| (iv) | મકાનમાલિકનું એક માસનું ભાડું (600 ÷ 3 માસ) | રૂ. 200 |
| | **પસંદગીના લેણદારો** | રૂ. 7,600 |

**ઉદા.4 :** મહેતાજી નાદાર જાહેર થયા ત્યારે તેમની દુકાનના બે કર્મચારીઓનો છ માસનો પગાર, દરેકન રૂ. 200 લેખે, મકાનમાલિકનું 5 માસનું ભાડું રૂ. 400 માસિક લેખે અને ઈન્કમટેક્ષ રૂ.5,000 ચૂકવવાની બાકી છે.

(1) ધી પ્રેસિડેન્સી ટાઉન્સ ઈન્સોલ્વન્સી એક્ટ, 1909 મુજબ પસંદગીના લેણદારોની ગણતરી કરો.

(2) ધી પ્રોવિન્સિયલ ઈન્સોલ્વન્સી એક્ટ, 1920 મુજબ પસંદગીના લેણદારોની ગણતરી કરો.

**ઉકેલ :**

(1) ધી પ્રેસિડેન્સી ટાઉન્સ ઈન્સોલ્વન્સી એક્ટ, 1909 મુજબ (નાદાર મુબઈ, ચેન્નઈ કે કલકત્તાના હોય ત્યારે)

| | | |
|---|---|---|
| (i) | મકાનમાલિકનું એક માસનું ભાડું (રકમ ગમે તેટલી હોય) | રૂ. 400 |
| (ii) | સરકારના કરવેરા પૂરેપૂરા | રૂ. 5,000 |
| (iii) | કારકૂન દીઠ 4 માસનો પગાર અથવા રૂ. 300 બે માંથી ઓછી હોય તે રકમ - ચાર માસનો પગાર રૂ. 800 થાય. તેથી કારકૂન દીઠ રૂ. 300 ધ્યાનમાં લેવાશે (300 × 2 કારકૂન) | રૂ. 600 |
| | **પસંદગીના લેણદારો** | રૂ. 6,000 |

(2) ધી પ્રોવિન્શિયલ ઈન્સોલ્વસી એક્ટ, 1920 (નાદાર ઉપરના ત્રણ સિવાયના કોઈપણ સ્થળે રહેતા હોય ત્યારે)

| | | |
|---|---|---|
| (i) | મકાનમાલિકનું ભાડું - પ્રેફરન્સિયલ નથી. | - |
| (ii) | સરકારના કરવેરા પૂરેપૂરા | રૂ. 5,000 |
| (iii) | કારકૂન કે મજૂરદીઠ, 4 માસનો પગાર કે મજૂરી અથવા રૂ. 20 બે માં ઓછું હોય તે રકમ (20 × 2 કારકૂન) | રૂ. 40 |
| | **પસંદગીના લેણદારો** | રૂ. 5,040 |

**ઉદા.5 :** મહેશ નાદાર થયો. તેના કુલ બિનસલામત લેણદારો રૂ. 95,000 ની સામે રૂ. 4,500 ચૂકવી રૂ. 50,000 તૂટ દર્શાવી. પણ ખરેખર એક લેણદાર શ્રી શિવ પોતાના લેણાના રૂ. 10,000 માંથી 50% રકમ જતી કરેલ છે. આ બાબતને ધ્યાનમાં લઈને શ્રી શંભુ રૂ. 10,000 લેણાં હોય તો તેને પ્રથમ કેટલા મળ્યા હશે અને હવે વધારોનો કેટલો લાભ થશે તે ગણી બતાવો.

ઉકેલ :

$$\text{શંભુને પ્રથમ મળેલ રકમ} = \frac{10,000 \times 45,000}{95,000} = 4,737$$

નવી પરિસ્થિતિમાં કુલ લેણદારોરૂ. = 95,000

- શિવ જતી કરેલ રકમ રૂ. = 5,000

= 90,000

90,000ના લેણદારોને રૂ. 45,000 ચૂકવ્યા તેથી શ્રી શંભુ રૂ. 10,000 પેટે રૂ. 5,000 ચૂકવશે.

આમ, શંભુ વધારાનો લાભ રૂ. 5,000 - 4,737 = રૂ. 263 થશે.

## 3.11 સંક્ષિપ્ત સાર :

જ્યારે કોઈ વ્યક્તિ પોતાનું દેવુ ચૂકવવા અસમર્થ બને ત્યારે તે નાદાર ગણાય. નાદાર કાયદેસર નાદાર જાહેર થઈ, પછીથી સ્વમાનભેર જીવી શકે તે માટે ભારતમાં અંગેના 1909 અને 1920ના બે કાયદાઓ અમલમાં છે. તે પૈકી 1920નો કાયદો અભ્યાસક્રમમાં છે.

વ્યક્તિ કે ભાગીદારી પેઢી નાદારી માટે અરજી કરે ત્યારે બાદ તેણે સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતુ તૈયાર કરવાના રહે છે. જે માટે નીચેના મુદ્દાઓ ખાસ ધ્યાનમાં લેવા જરૂરી છે.

એકાકી વેપારીની નાદારીમાં સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરવાની વિશિષ્ટ હિસાબી કાર્યવાહી માટે નીચે દર્શાવેલ મહત્ત્વના મુદ્દાઓને ધ્યાનમાં લેવાના રહે છે.

(1) સ્થિતિદર્શક નિવેદનની ''દેવા'' બાજુ ડાબી બાજુ ચાર લિસ્ટ - A, B, C અને D અનુક્રમે બિનસલામત, સંપૂર્ણ સલામત, અપૂર્ણ સલામત અને પસંદગીના લેણદારો દર્શાવે છે. ''મિલકત'' બાજુ - જમણી બાજુ ત્રણ લિસ્ટ : E, F, G અનુક્રમે મુક્ત મિલકત, દેવાદારો અને લેણીહૂંડી દર્શાવે છે, જ્યારે લિસ્ટ H અનુસાર તૂટ દર્શાવવામાં આવે છે.

(2) લિસ્ટ C અનુસાર ''અપૂર્ણ'' સલામત લેણદારોની રકમમાંથી મિલકત જામીનગીરીની ઉપજ કિંમત બાદ કર્યો પછી વધતી રકમ ''ચૂકવવા પડશે તેમ ધારેલ'' ખાનામાં દર્શાવવામાં આવે છે. એટલી રકમ બિનસલામત ગણાશે.

(3) લિસ્ટ E અનુસાર દર્શાવવામાં આવતી મુક્ત મિલકત એટલે કે ગીરવી સિવાયની મુક્ત મિલકત જ આ લિસ્ટમાં દર્શાવવામાં આવે છે.

(4) દરેક મિલકતની ચોપડા કિંમત અને ઉપજ કિંમત વચ્ચેનો તફાવત નફો કે ખોટ - નુકશાન તરીકે તૂટ ખાતાની અનુક્રમે ડાબી બાજુ કે જમણી બાજુ દર્શાવવામાં આવે છે. ચોપડા કિંમત કરતાં વધુ કિંમત ઉપજે તો તફાવત ડાબી બાજુ (+) અને ઓછી કિંમત ઉપજે તો તફાવત જમણી બાજુ (-) નોંધાય છે.

(5) લિસ્ટ G અનુસાર લેણી હૂંડીઓ (હાથ પરની) દર્શાવો.

(6) અંગત મિલકત પણ ચોપડે હોતી નથી તેથી બે અસર આવે સ્થિતિદર્શક નિવેદનમાં - ગીરવી હોય તો લિસ્ટ B કે C માં અને મુક્ત મિલકતહોય તો લિસ્ટ E માં દર્શાવવામાં આવશે. બીજી અસર તૂટ ખાતામાં મૂડીમાં વધારો કરતી વિગત તરીકે ડાબી બાજુ (+) દર્શાવવામાં આવે છે. અંગત જીવનવીમા પોલિસીના શરણમૂલ્યની પણ અંગત મિલકતજેવી જ બે અસર આવે.

(7) મૂડી પર વ્યાજનો હવાલો ''બાકી'' હોય તો તેની નોંધની બે અસર થાય.

   (i) નુકશાન તરીકે તૂટ ખાતાની જમણી બાજુ (-) દર્શાવાય, અને

   (ii) મૂડી વધતી હોવાથી તૂટ ખાતાની ડાબી બાજુ (+) દર્શાવાય. ખાસ ધ્યાનમાં લો કે મૂડી પરના વ્યાજના હવાલાની બંને અસર તૂટ ખાતામાં આવે. તેથી આ હવાલો ન નાંખીએ તો પણ ચાલે.

(8) પસંદગીના લેણદારોને પણ જો પૂરી રકમ ચૂકવી શકાય તેમ ન હોય તો બાકીની રકમ લિસ્ટ D ના બહારના ખાનામાં દર્શાવો.

(9) જ્યારે જે તે જવાબદારી કે દેવુ જે લેણદારને ચૂકવવાનું હોય તે થોડી ઘણી રકમ જતી કરે તો જવાબદારી ઓછી - ઘટવાના પરિણામે ફાયદો કે નફો ઉદ્ભવે છે. આ સંજોગોમાં જવાબદારી અનુસાર જે રકમ ચૂકવવાપાત્ર રહે, તે રકમ સ્થિતિદર્શક નિવેદનમાં ડાબી બાજુ દેવા તરીકે દર્શાવવામાં આવે છે. જે રકમથી જવાબદારી ઘટે એટલે કે ન ચૂકવવાપાત્ર રકમ ફાયદો - નફો ગણી તૂટ ખાતાની ડાબી બાજુ (+) દર્શાવવામાં આવે છે.

(10) ભાગીદારી પેઢીની નાદારીના હિસાબોમાં નીચેના મુદ્દા ધ્યાનમાં રાખો :

(i) પેઢીની મિલકત પેઢીની દેવાની ચૂકવણી માટે અને ભાગીદારીની પેઢી અંગત મિલકત અંગત દેવાની ચૂકવણી માટે ઉપયોગમાં લેવાય.

(ii) અંગત મિલકતનો વધારો પેઢીમાં લાવવો પડે. અંગત તૂટ માટે પેઢી જવાબદાર નથી.

(iii) દરેક ભાગીદાર અને પેઢીનાં સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું જુદાં તૈયાર કરો.

(iv) ભાગીદારની અંગત મૂડી નક્કી કરવા માટે અંગત પાકું સરવૈયું તૈયાર કરો.

(v) પેઢીના દેવા સામે ભાગીદારની અંગત મિલકત ગીરવી હોય તો પેઢી માટે તે બિનસલામત લેણદાર ગણાય.

(vi) ભાગીદારનું પેઢીમાં રોકાણ - મૂડીની ઉપજ કિંમત શૂન્ય ગણાય.

(vii) ભાગીદારની અંગત મૂડી = અંગત મિલકત + પેઢીમાં મૂડી - અંગત દેવા

(11) દાખલામાં વિગતો ખૂટતી હોય તો નીચેના મુદ્દા ધ્યાનમાં રાખો :

(i) શરૂઆતની મૂડી, ચોખ્ખો નફો કે ચોખ્ખી ખોટ કે બીજા નુકશાન ન આપ્યા હોય - વિગત ખૂટતી હોય તો કાચું સરવૈયું બનાવી આ ખૂટતી વિગતો ગણવામાં શોધવામાં આવે છે. કાચું સરવૈયું તૈયાર કરવામાં આવે ત્યારે મિલકત - દેવાની ચોપડે દર્શાવેલ કિંમત જ ધ્યાનમાં લેવી, હવાલા ધ્યાનમાં ન લેવા, વટાવેલ લેણીહૂંડીઓ ધ્યાનમાં ન લેવી (તે ચોપડે ન લેવા, વટાવેલ લેણી હૂંડીઓ ધ્યાનમાં ન લેવી (તે ચોપડે ન હોય તે માટે), અંગત મિલકત અને અંગત દેવા પણ ધ્યાનમાં ન લેવા. તફાવત - ખૂટતી વિગત દર્શાવે છે.

(ii) કેટલીક વાર તૂટની રકમ આપવામાં આવે છે, પરંતુ મિલકતની ઉપજ કિંમત આપવામાં આવતી નથી. અહીં સ્થિતિદર્શક નિવેદન તૈયાર કરી આપવામાં આવતી નથી. અહીં સ્થિતિદર્શક નિવેદન તૈયાર કરી નીચેના સૂત્રનો ઉપયોગ કરવાથી જે તે ખૂટતી વિગત મળી રહે છે.

તૂટ = ચૂકવવાં પડશે તેવાં દેવા - મિલકતની ઉપજવા ધારેલ કિંમત.

$\therefore$ મિલકતની ઉપજ કિંમત = ચૂકવવાં પડશે તેમ ધારેલ દેવા - તૂટ

(iii) દાખલામાં મૂડી ન આપી હોય તો નીચેના સૂત્રની મદદથી તે શોધી શકાય. :

મૂડી = મિલકત - દેવા

(12) નાદારીની અરજી તારીખ અગાઉનાં બે વર્ષ દરમિયાન કરેલી સ્વૈચ્છિક હેરફેર રદ ગણો. સ્થિતિદર્શક નિવેદનમાં લિસ્ટ E માં મિલકતવધે અને તૂટ ઘટે તેથી તૂટ ખાતાની ડાબી બાજુ બીજી અસર દર્શાવવામાં આવશે. જે લેણદારો પાસેથી મિલકતમળે તે લેણદારો ફરી ઊભા થાય. તેથી સ્થિતિદર્શક નિવેદનમાં બિનસલામત લેણદારો વધે. તેથી લિસ્ટ A માં દર્શાવવામાં આવશે.

આવી જ અસર ત્રણ માસ અગાઉ આપેલ કપટ પસંદગીની પણ આપવાની રહે છે.

(13) નાદારીનો ખર્ચ અને રિસીવરનું મહેનતાણું પણ ચોપડે ન નોંધાયેલ હિસાબી બાબત છે. હિસાબી

ચોપડે નોંધ કરતાં - હવાલા નોંધ અનુસાર તેની પણ બે અસર થાય છે. સ્થિતિદર્શક નિવેદનમાં જમણી બાજુ ઉપજ કિંમતમાં કુલ સરવાળામાંથી બાદ થાય અને બીજી અસર નુકસન તરીકે તૂટ ખાતાની જમણી બાજુ (-) દર્શાવવામાં આવે છે.

(14) અંગત દેવા પણ ચોપડે નોંધાયેલ હોતાં નથી. તેથી તેની પણ બે અસર દર્શાવાય. સ્થિતિદર્શક નિવેદનમાં દેવા બાજુ એક અસર દર્શાવવામાં આવશે. ખાસ ધ્યાનમાં લો કે અંગત દેવા સામે અંગત મિલકતગીરવી હોય તો અંગત દેવા લિસ્ટ B કે C માં દર્શાવવામાં આવશે બિન સલામત હોય તો લિસ્ટ A માં દર્શાવવામાં આવશે. બીજી અસર તૂટ ખાતાની જમણી બાજુ (-) નુકશાન તરીકે દર્શાવવામાં આવશે.

(15) વટાવેલી લેણીહૂંડી પાક્યા તારીખે નકરાય તો આ વટાવેલી હૂંડી નાદારે ચૂકવવાની રહે છે. પરંતુ નાદારીના કારણે નકરાયેલ વટાવેલ હૂંડીઓ બિનસલામત જવાબદારી તરીકે ગણાશે. પરિણામે વટાવેલી લેણી હૂંડીની કુલ રકમ સ્થિતિદર્શક નિવેદનની ડાબી બાજુ બિનસલામત લેણદાર - લિસ્ટ A માં "કુલ દેવા" નાં ખાનામાં દર્શાવાય. જે હૂંડીઓ નકારવાની શક્યતા હોય તેના અંગે ચૂકવવી પડે તેવી રકમ "ચૂકવવા પડશે તેમ ધારેલ" ખાનામાં દર્શાવવામાં આવે છે. આ નકારવાની શક્યતાવાળી વટાવેલી હૂંડીની રકમ નાદારે ચૂકવવાની રહેશે તેથી નુકશાન તરીકે તેની બીજી અસર તૂટ ખાતાની જમણી બાજુ દર્શાવવામાં આવશે.

(16) લિસ્ટ F અનુસાર દેવાદારો સદ્ધર, સંશયિત અને ડૂબેલા એમ ત્રણ પ્રકારમાં દર્શાવવામાં આવે છે. જે અંગેની ઘાલખાધ તૂટ ખાતાની જમણી બાજુ (-) નોંધો.

(17) લિસ્ટ D અનુસાર પસંદગીના લેણદારોની રકમ "ચૂકવવા પડશે તેમ ધારેલ" ખાનામાં અપવાદ સિવાય ન દર્શાવાય. પરંતુ તે રકમ સામી બાજુએ લિસ્ટ E, F અને G ના કુલ સરવાળામાંથી બાદ કરવામાં આવે છે. જો પગાર, મજૂરીની રકમ લેણદાર તરીકે આપી હોય તો પ્રોવિન્શિયલ ઈન્સોલ્વન્સી એક્ટ 1920 મુજબ જે રકમ પસંદગીની નક્કી થાય તે જ બાદ થાય, બાકીની રકમ બિન સલામત ગણવી.

(18) લિસ્ટ B મુજબ સંપૂર્ણ સલામત લેણદારોને ચૂકવણી પછી મિલકતનો વધારો હોય તો મિલકતબાજુ - સામી બાજુ લઈ જવાય છે જો આ ગીરવી મિલક્ત અંગે "બીજા ગીરવી હક્ક" ની સૂચના હોય તો તે મુજબ વધારો લિસ્ટ C માં લઈ જવાય છે. સંપૂર્ણ સલામત લેણદારો પાસે જો મિલકતગીરવે હોય તો આવી મિલકત લિસ્ટ E માં ન દર્શાવાય તે ખાસ ધ્યાનમાં રાખો. લિસ્ટ B અનુસાર સંપૂર્ણ સલામત લેણદારની રકમ "ચૂકવવા પડશે તેમ ધારેલ" ખાનામાં ન આવે તે પણ ખાસ ધ્યાનમાં રાખો.

## <u>સ્વાધ્યાય</u>

### 3.12.1 સૈદ્ધાંતિક પ્રશ્નો :

(1) નાદાર પોતાનાં દેવા ચૂકવી શકે તેમ ન હોય ત્યારે સ્થિતદર્શક નિવેદનમાં જુદા જુદા લિસ્ટ હેઠળ આપવાની થતી વિગતો આપો.

(2) સ્વૈચ્છિક હેરફેર એટલે શું તેની **સમજૂતી** આપો.

(3) કપટયુક્ત પસંદગી એટલે શું ?તે અંગે નાદારીના કાયદામાં શી જોગવાઈ છે ?

(4) નીચેના પર ટૂંકનોંધ લખો. :

(i) નાદારીના કાયદા મુજબ પસંદગીના લેણદાર

(ii) નાદારીના કાયદા મુજબ સ્વૈચ્છિક હેરફેર અને કપટયુક્ત પસંદગીના

(iii) નાદારીના હિસાબમાં લિસ્ટ 'H'

(iv) વટાવેલી હૂંડી અંગે નકારાય તેની જવાબદારી

(v) નાદારની પત્ની લોન અને સ્રી ધન

- **હેતુલક્ષી પ્રશ્નો :**

(1) નાદારીના હિસાબમાં લિસ્ટ 'H' માં દર્શાવાતી આઈટમ લખો.

(2) એક નાદારે પોતાના બિનસલામત લેણદારોને 25% લેખે અભારી ચૂકવણી કરી. તેની તૂટ રૂ.75,000 નક્કી થયેલી છે. પાછળથી ખ્યાલ આવ્યો કે ઉપરોક્ત ગણતરી કરતી વખેત નાદારીનું ખર્ચ અને રિસીવરના મહેનતાણાની રકમ રૂ. 10,000 નોંધવાની રહી ગઈ છે. રૂ. 10,000ના એક લેણદારને આને કારણે કેટલી રકમ ઓછી મળશે તે જણાવો.

**(જવાબ અને સમજૂતી :**

હાલનું લિ.સ. દેવું રૂ. 1,00,000 જેમાં 25% લેખે રૂ. 25,000 ચૂકવ્યા અને તૂટ રૂ. 75,000 થઈ.

નવી ગણતરી મુજબ રૂ. 25,000 બાદ નાદારી ખર્ચ રૂ. 10,000 = ચૂકવવા પાત્ર રકમ રૂ. 15,000, રૂ. 1,00,000 ના બિનસલામત લેણદારોને રૂ.15,000 ચૂકવાશે. એટલે કે 15% રકમ ચૂકવશે.

રૂ.10,000ના લેણદારને પહેલાં મળતી રકમ રૂ. 2,500 હવે મળશે. રૂ. 1,500 તેથી તેને રૂ. 1,000 ઓછા મળશે.)

(3) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે સમજાવો. (કારણો સહિત)

(i) રાજકોટમાં નાદાર કે ચૂકવવાનું મકાનભાડું પૂરેપૂરુ પ્રેફરન્શિયલ છે.

(ii) નાદાર વેપારીની પત્નીની લોન ચૂકવવાની હોતી નથી.

(iii) વટાવેલી પણ નકરાય એવી લેણી હૂંડીઓ લિસ્ટ G માં દર્શાવાય છે.

(iv) કાનપુરમાં નાદાર થયેલ વ્યક્તિના કારકૂનનો 4 માસનો પગાર રૂ. 4,00 સુધી પ્રેફરન્શિયલ ગણાય.

(v) નાદાર વેપારીની જીવનવીમા પોલીસીની નોંધ ફક્ત સ્થિતિદર્શક નિવેદનમાં મિલકતતરીકે થાય છે.

**(જવાબ અને સમજૂતી :**

(i) ખોટું : 1920ના કાયદામાં ભાડું પ્રેફરન્શિયલ ગણાતું નથી.

(ii) ખોટું : લોન જો પતિ તરફથી મળેલ બચતમાંથી હોય તો જ ચૂકવવાની હોતી નથી.

(iii) ખોટુ : આવી હૂંડીઓ સંભવિત દેવું ગણાય.

(iv) ખોટું : 4 માસનો પગાર, મહત્તમ રૂ. 20 સુધી પ્રેફરન્શિયલ ગમાય.

(v) ખોટું : આ નોંધ, સ્થિતિદર્શક નિવેદન ઉપરાંત તૂટ ખાતામાં ડાબી બાજુ થાય છે.)

(4) અમદાવાદના હિતેશભાઈ તા. 31-5-2,007ના રોજ નાદાર જાહેર થયા.

નીચેની વિગતોના આધારે પસંદગીના લેણદારોની ગણતરી કરો.

(i) દુકાનનું બે માસનું ભાડું માસિક રૂ. 500 લેખે.

(ii) બે કારકૂનનો ચાર માસનો પગાર માસિક રૂ. 150 લેખે.

(iii) ત્રણ મજૂરની મજૂરી - કુલ બાકી રૂ. 270

(iv) ઈન્કમટેક્ષ અને સૅલ્સ ટેક્ષના બાકી દેવા અનુક્રમે રૂ. 4500 અને રૂ. 1750

**(જવાબ અને સમજૂતી)**

પસંદગીના લેણદારો 1920ના કાયદા મુજબ નીચે મુજબ નક્કી થશે.

કારકૂન દીઠ રૂ. 20 લેખે × 2 = રૂ. 40

\+ મજૂરી દીઠ રૂ. 20 લેખે × 3 = રૂ. 60

+ સૅલ્સ ટેક્ષ + ઈન્કમટેક્ષ = રૂ. 6,250

= રૂ. 6,350

ભાડુ પસંદગીના લેણદારમાં ગણાય નહિ.)

- **બહુવિકલ્પી પ્રશ્નો (Multiple Choice Questions)**

(1) પ્રોવિન્સિયલ ઈન્સોલ્વન્સી એક્ટ મુજબ નાદારી અંગે કાનૂની હિસાબી કાર્યવાહી કરતા અધિકારીને ---- કહે છે.

(અ) કેશિયર (બ) ઓફિસીયલ એસાઈની

(ક) રિસીવર (ડ) લિક્વિડેટર

(2) 'સ્ત્રીધન' તરીકે નીચે પૈકી નાદારી અંગે કયો મુદ્દો સાચો છે.

(અ) પતિની બચત (બ) નાદારની પત્નીની લોન

(ક) મિલકત (ડ) નહિ ચૂકવવાનું દેવું

(3) નાદારની અરજી મંજૂર થયા બાદ નાદારીના હિસાબ તરીકે, નીચે પૈકી શું - શું તૈયાર કરવું પડે છે ?

(અ) સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતુ

(બ) છેવટનું આવક-જાવક પત્રક અને મૂડી ખાતું

(ક) છેવટનું વેપાર ન.નુ. ખાતું તથા પાકુ સરવૈયું

(ડ) માલમિલકતનિકાલ ખાતુ અને મૂડી ખાતું

(4) એકાકી વેપારી માટે નાદારની જીવન વીમા પોલીસી નાદારની દેવુ ચૂકવવા મિલકતતરીકે ગણાય કે કેમ ?

(અ) ગણાય (બ) ન ગણાય

(ક) તેની પર લોન હોય તો જ ગણાય. (ડ) એકપણ જવાબ નહિ.

(5) નીચે પૈકી નાદારની મિલકતની ઉપજમાંથી ચૂકવણી કોને થાય છે.

(અ) સંપૂર્ણ સલામત લેણદારોને (બ) પસંદગીના લેણદારોને

(ક) રિસિવરના ખર્ચ મહેનતાણાની રકમ (ડ) બિનસલામત લેણદારોને

(6) સરકારી આવકવેરાનાં દેવા કયા શિર્ષક નીચે ચૂકવાશે.

(અ) બિનસલામત લેણદારો (બ) અપૂર્ણ સલામત લેણદારો

(ક) સલામત લેણદારો (ડ) પસંદગીના લેણદારો

(7) લેણી હૂંડીઓ માટે કયું લિસ્ટ છે.

(અ) List - H (બ) List - G

(ક) List - A (ડ) List - F

(8) શકમંદ અને ડૂબત દેવાદારોની ઘાલખાધ ક્યાં નોંધવામાં આવશે ?

(અ) સ્થિતિદર્શક નિવેદનમાં દેવા બાજુ (બ) કાચાં દેવા તરીકે

(ક) તૂટ ખાતામાં જાવક બાજુ (ડ) તૂટ ખાતામાં આવક બાજુ

(9) "પરચુરણ મુક્ત મિલકત" સ્થિતિદર્શક નિવેદનમાં કયાં શિર્ષક નીચે દર્શાવશે.

(અ) List - E (બ) List - C

(ક) List - A (ડ) List - H

(10) List - H નું અન્ય એક નામ એટલે,

(અ) તૂટ ખાતું (બ) પસંદગીના લેણદારો

(ક) દેવાદારો (ડ) બિનસલામત લેણદારો

(11) પસંદગીનો ન ગણાય તેવા પગાર કયા શીર્ષક નીચે સ્થિતિદર્શક નિવેદનમાં દર્શાવાશે.

(અ) List - B નીચે (બ) List - E નીચે

(ક) List - A નીચે (ડ) List - D નીચે

(12) સ્થિતિદર્શક નિવેદન મુજબ તૂટ અને List - H નાં વિવરણ (તૂટખાતા) મુજબની તૂટ ....

(અ) અસમાન હોવી જોઈએ (બ) સમાન હોવી જોઈએ

(બ) હવાલાં નાખીને દૂર કરવી જોઈએ (ડ) આમાંથી એક પણ નહિ.

(13) List - 'B' નો વધારો એટલે શું ?

(અ) સંપૂર્ણ સલામતને ગીરો મિલકતની ઉપજ ચૂકવતા રહે તો વધારો

(બ) અપૂર્ણ સલામત લેણદારોને ચૂકવાતી રકમ

(ક) મિલકત તરીકે ના ગણાય.

(ડ) આમાંથી એકપણ નહિ.

(14) જ્યારે ભાગીદારી પેઢીની નાદારીનો મુદ્દો હોય ત્યારે, ભાગીદારનું પોતાનું તૂટ ખાતું જે 'અંગત તૂટ' બતાવે તે ---- ચોપડે ન આવે .

(અ) એ ભાગીદારીનાં (બ) પેઢીની મૂડી માટે

(ક) પેઢીના (ડ) બધાં ભાગીદારોનાં મૂડી ખાતે કે

(15) શરૂની મૂડી સ્થિતિદર્શક નિવેદનમાં નોંધવામાં આવે છે કે કેમ ?

(અ) ના (બ) ના

(ક) ખૂટતી માહિતી તરીકે નોંધાય (ડ) આમાંથી એક પણ નહિ.

**જવાબો :**

(1) ક (2) બ (3) અ (4) અ (5) ક (6) ડ (7) બ (8) ક (9) અ (10) અ (11) ક (12) બ (13) અ (14) ક (15) અ

- **વ્યવહારિક પ્રશ્નો : (માર્ગદર્શક ટૂંકા જવાબો સાથે)**

(1) શ્રી લકી તા. 31-12-2,006ના રોજ નાદાર જાહેર થાય છે. તેની નીચેની માહિતી પરથી તેનું સ્થિતિદર્શક નિવેદન અને તૂટખાતું તૈયાર કરો :

કુલ લેણદારો રૂ. 62,000 જેમાં રૂ. 1,000ના પસંદગીના લેણદારો, મકાન પર પ્રથમ ગીરો હક્ક ધરાવતા લેણદારો રૂ. 15,000 અને મકાન પર બીજો હક્ક ધરાવતા રૂ. 14,000ના લેણદારોનો સમાવેશ થાય છે.

મકાન રૂ. 32,000નું છે. જેમાં રૂ. 25,000 ઉપજવા ધારેલ છે. "દેવાદારો" રૂ. 14,000ના છે. ઘાલખાધ રૂ. 2,000 અંદાજેલી છે. યંત્રની ચોપડે દર્શાવેલી કિંમતના 60 ટકા લેખે રૂ. 1,2000 ઉપજવા ધારેલ છે સ્ટૉક રૂ. 6,000 છે. જેના રૂ. 4,000 ઉપજવા ધારેલ છે. બૅંક સિલક રૂ. 1,000 છે.

તેણે તા. 1-1-02 ના રોજ રૂ. 20,000ની મૂડીથી ધંધો શરૂ કર્યો હતો. દર વર્ષે આગલા વર્ષ કરતા રૂ. 200 વધારે ચાર વખત ઉપાડ કર્યો હતો. તેનો 2,006ના વર્ષમાં ઉપાડ રૂ. 1,800 હતો. ધંધાના પ્રથમ ચાર વર્ષનો નફો રૂ. 4,200 હતો. છેલ્લા વર્ષે ધંધામાં રૂ. 6,200 ની ખોટ ગઈ છે.

તા. 8-12-06ના રોજ પોતાના લેણદાર મિત્રને રૂ. 4,000 કપટ યુક્ત પસંદગીના ચૂકવ્યા

હતા. તા. 9-12-06ના રોજ પોતાની પુત્રીના - લગ્નપ્રસંગે તેણીને રૂ. 1,000 ભેટ આપ્યા હતા. તા. 31-12-06ના રોજ અગાઉથી વટાવેલી એક હૂંડી રૂ. 1,200 ની નકરાઈ છે.

**(જવાબ અને સમજૂતી) :**

બિનસલામત લેણદારો લિસ્ટ A 37,200, મિત્રને ચૂકવણી રૂ. 4,000ની 4 અસર આપો. લગ્નપ્રસંગે રૂ. 1,000, ભેટની કોઈ અસર આપવાની નથી. કુલ ઉપાડ રૂ. 7,000 તૂટ 92,00. તૂટ ખાતાનો સરવાળો રૂ.37,400, સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો રૂ. 41,200)

**(2)** શ્રી રમેશ તા. 31-12-10ના રોજ નાદારી માટે અરજી કરી. તે દિવસે તેમની મિલકત અને દેવા અંગેની વિગતો નીચે મુજબ છે.

| **વિગત** | **ચોપડે કિંમત રૂ.** | **ઉપજવા ધારેલ કિંમત રૂ.** |
|---|---|---|
| ફર્નિચર | 5,500 | 2,100 |
| સ્ટૉક | 27,500 | 6,300 |
| દેવાદારો | 16,500 | 5,800 |
| રોકડ | 550 | 550 |
| મકાન | 32,450 | 16,500 |
| લેણદારો | 32,000 | - |
| દેવીહૂંડી | 12,000 | - |
| વટાવની હૂંડીઓ | 9,500 | - |

ધંધાના લેણદારો પૈકી એક લેણદાર રૂ. 16,500નો હતો જે ધંધાના સ્ટૉક ઉપર ગીરો હક્ક ધરાવતો હતો. અને ધંધાના મકાન પર પ્રથમ ગીરો હક્ક ધરાવતો હતો. બીજો એક લેણદાર રૂ. 8,250 નો હતો જે મકાન પર બીજો ગીરો હક્ક ધરાવતો હતો.

લેણદારોમાં બે કારકૂનનો પાંચ માસનો કુલ પગાર રૂ. 1,800 નો સમાવેશ થતો હતો. રિસીવર ખર્ચ રૂ. 500 થયો હતો.

શ્રી રમેશના અંગત લેણદારો રૂ. 5,000ના હતા. જે તેના અંગત મકાન કે જેની ચોપડે કિંમત રૂ. 12,000 હતી જેના રૂ. 5,000 ઉપજે તેમ હતા તેની સામે ગીરો હક્ક ધરાવતા હતા.

શ્રી રમેશ પાસે રૂ. 8,500 પ્રીમિયમ ભરેલ જીવનવીમા પોલિસી છે. તેનું શરણમૂલ્ય 3,850 પ્રાપ્ત થાય તેમ છે.

શ્રી રમેશે બે વર્ષ પહેલાં ધંધો શરૂ કર્યો પહેલા વર્ષે રૂ. 12,000 નો નફો અને બીજા વર્ષે 22,000ની ખોટ કરી હતી, તેનો વાર્ષિક ઉપાડ રૂ. 18,000 હતો.

ઉપરની વિગતો પરથી સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરો.

**(જવાબ અને સમજૂતી) :**

(1) નાદારીની તારીખનું પાકું સરવૈયું બનાવી ધંધો શરૂ કર્યો તારીખ 1-1-09ની મૂડી શોધી કાઢો. સરવૈયાનો સરવાળો રૂ. 1,40,500 અને શરૂની મૂડી રૂ. 84,500 (2) આખરની મૂડી હવાલા બાદની રૂ. 38,500(તા. 31-12-10 ના રોજની) (3) સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો રૂ. 21,160 (4) તૂટ ખાતાનો સરવાળો રૂ. 1,09,750 (5) તૂટ રૂ. 9,400 (6) પસંદગીના લેણદારો રૂ. 40 (7) બિનસલામત લેણદારો રૂ. 19,210)

**(3)** શ્રી રાકેશ એ તા. 31મી ડિસેમ્બર, 2010ના રોજ નાદારી માટે અરજી કરી તે દિવસે તેનું કાચું સરવૈયું નીચે મુજબ હતું :

| ઉધાર બાકી | રૂ. | જમા બાકી | રૂ. |
|---|---|---|---|
| રોકડ | 700 | મૂડી | 10,500 |
| દેવાદારો | 16,800 | પરચુરણ લેણદારો | 28,000 |
| જમીન-મકાન | 21,000 | બૅંક ઓવરડ્રાફ્ટ | 7,000 |
| ફર્નિચર | 3,500 | જમીન-મકાન પર | |
| સ્ટૉક | 21,000 | તારણવાળા લેણદારો | 17,500 |
| | **63,000** | | **63,000** |

વટાવેલી હૂંડીઓ અંગેની જવાબદારી રૂ. 3,500 ની છે જે પૈકી રૂ. 1,400 ની નકારાશે. તેમ માનવામાં આવે છે. ઘાલખાધ રૂ. 7,000ની અંદાજી છે. પરચૂરણ લેણદારોમાં રૂ. 700 પસંદગીના લેણદારોનો સમાવેશ થાય છે. જમીન-મકાનના રૂ. 10,500, સ્ટૉકના રૂ. 24,500 અને ફર્નિચરના રૂ. 1,400 ઉપજવા ધારેલ છે.

તેણે તા. 1 લી જાન્યુઆરી 2008 ના રોજ ધંધો શરૂ કર્યો હતો. પહેલાં વર્ષે રૂ.21,000ની ખોટ હતી. બીજા વર્ષે રૂ. 7,000 નફો કર્યો હતો. અને ત્રીજા વર્ષે 10,500ની ખોટ કરી હતી. આ ત્રણ વર્ષે દરમિયાન તેનો ઉપાડ અનુક્રમે રૂ. 10,800, રૂ. 4,000 અને રૂ. 2,000 હતો.

ઉપરોક્ત માહિતી પરથી શ્રી રાકેશનું મૂડીતૂટ ખાતું અને સ્થિતિદર્શક નિવેદન તૈયાર કરો.

**(જવાબ અને સમજૂતી** : કાચું સરવૈયું છેલ્લા વર્ષનું આપેલું છે. તેમાં રહેલી મૂડી, 10,500માં ત્રણ વર્ષનાં પરિણામો મુજબ ખોટ અને ત્રણ વર્ષનો ઉપાડ તેમાં ઉમેરો અને નફો બાદ કરો. જેથી શરૂ મૂડી રૂ. 51,800 મળશે. તૂટ રૂ. 7,000 તૂટ ખાતાનો સરવાળો રૂ. 69,300, સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો રૂ. 42,700)

(4) શ્રી રઘુ તા. 31-3-13ના રોજ નાદાર જાહેર થયા તે તારીખે તેમનું સરવૈયું નીચે મુજબ હતું.

| જવાબદારીઓ | રૂ. | મિલકત | રૂ. |
|---|---|---|---|
| મૂડી | 10,000 | રોકડ | 250 |
| લેણદારો | 8,000 | લેણીહૂંડી | 7,250 |
| દેવીહૂંડી | 7,000 | દેવાદારો | 15,000 |
| બૅંક લૉન | 7500 | યંત્રો | 3,750 |
| | | સ્ટૉક | 1,250 |
| | | ન.નુ. ખાતું | 5,000 |
| | **32,500** | | **32,500** |

શ્રી રઘુએ બે વર્ષ અગાઉ રૂ. 10,000 ની મૂડીથી વેપાર શરૂ કર્યો હતો. બે વર્ષમાં રૂ. 2,500 નફો કર્યો હતો. અને તેટલી જ રકમનો ઉપાડ કર્યો હતો.

યંત્રોના રૂ. 2,500 ઉપજે તેમ છે. યંત્રો બૅંક લૉન સામે ગીરો મૂકેલા છે. દેવાદારો પાસેથી રૂ. 5,000 મળે તેમ લાગે છે અને સ્ટૉકના રૂ. 250 ઉપજે તેમ લાગે છે. લેણીહૂંડીના ફક્ત રૂ. 2,250 ઉપજશે.

તેમની પાસે એક ખાનગી મકાન રૂ. 5,000ની કિંમતનું છે. જેના રૂ.3,000 ઉપજે તેમ છે. આ મકાન તેના ખાનગી લેણદારોની રૂ. 22,00ની લેણી રકમ પેટે ગીરો લખી આપેલ છે. સરવૈયામાં દર્શાવેલ લેણદારો પૈકી રૂ.500 ઈન્કમટેક્ષના છે.

આ ઉપરાંત સહકારી બૅંકમાંથી શ્રી રઘુના સસરાએ લીધેલ લોન રૂ. 10,000ના જામીન થયેલા તે લોન પરત ન થવાથી ભરવાની છે.

તા. 1-5-12ના રોજ વધુ તેના પુત્રને રૂ.10,000ની કિંમતનું સ્કુટર ભેટ આપેલું જેની આશરે રૂ. 6,000 ની કિંમત ઉપજશે. રિસીવર નો ખર્ચ રૂ. 8,00 થયો છે.

ઉપરની માહિતી પરથી પ્રોવિન્શિયલ ઇન્સોલ્વન્સી એકટ મુજબ સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતુ તૈયાર કરો.

(જવાબ અને **સમજૂતી)** : (1) બિન સલામત લેણદારોમાં (i) પરચૂરણ લેણદારો રૂ. 7500 (ii) દેવી હૂંડી રૂ. 7,000 અને (iii) સહકારી બૅંકની સસરાની લોનની જવાબદારીના રૂ. 10,000 = કુલ રૂ. 24,500 (2) અપૂર્ણ સલામત લેણદારો : બૅંક લોનની બાકી જવાબદારી રૂ. 5,000 (3) કુલ ચૂકવવાપાત્ર દેવા રૂ. 29500 (4) કુલ મિલકતની ઉપજ રૂ. 14,550 (5) મૂડી તૂટ રૂ. 16,250 (6) તૂટ ખાતાનો સરવાળો રૂ. 35,550 (7) નિવેદનનો સરવાળો રૂ. 29,500)

(5) શ્રી દેવ તા. 1લી એપ્રિલ 2,008ના રોજ રૂ. 1,00,000 ની મૂડીથી ધંધો શરૂ કર્યો તેણે સરેરાશ વાર્ષિક રૂ. 8,000 ઉપાડ કરેલ હતો. તેનો પ્રથમ ત્રણ વર્ષનો નફો રૂ. 22,000 હતો. પછીના બે વર્ષના હિસાબો તેણે બનાવ્યા ન હતા. તા. 31મી માર્ચ, 2013 ના રોજ તેની સામે નાદારીનો હુકમ કરવામાં આવ્યો. તેણે આપેલી નીચેની વિગતો ઉપરથી તેનું તા. 31 મી માર્ચ, 2013 ના રોજનું સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરો.

| વિગત | | રૂ. |
|---|---|---|
| ફ્રિ હોલ્ડ મિલકત પર ગીરો લોન | | 12,000 |
| અપૂર્ણ સલામત લેણદાર (જીવનવીમા પોલીસની જામીનગીરી | | |
| સામે, જેનું શરણમૂલ્ય રૂ. 18,000) | | 30,000 |
| મકાન-માલિક : 2 માસનું ભાડું | | 600 |
| કારકૂન પગાર : 2 માસનો | | 800 |
| મ્યુનિસિપલ વેરા | | 700 |
| શ્રીમતિ દેવની લોન (સ્રી ધનમાંથી) | | 15,000 |
| વટાવેલ હૂંડીઓ રૂ. 32,000 જેના ચૂકવવા પડશે. | | 12,000 |
| ફ્રિહોલ્ડ મિલકત (જેના ઉપજવા ધારેલ રૂ. 50,000) | | 90,000 |
| યંત્રોની કિંમત રૂ. 50,000 જેના પર માંડી વાળેલ ઘસારો | | |
| રૂ. 15,000, તેના ઉપજવા ધારેલ | | 16,000 |
| ફ્રિહોલ્ડ મિલકત પર બીજો ગીરો લોન | | 20,000 |
| દેવાદારો : સદ્ધર | 22,000 | |
| શકમંદ (ઉપજવા ધારેલ રૂ. 8,400) | 10,800 | |
| ડૂબત | 6,100 | 38,900 |
| ફિક્ષ્ચર્સ અને ફિટિંગ્ઝની કિંમત રૂ. 3,200 જેના ઉપજવા ધારેલ | | 1,500 |
| ધંધાનો સ્ટૉક રૂ. 27,000 જેના ઉપજવા ધારેલ | | 12,000 |
| હાથ પર રોકડ સિલક | | 200 |

શ્રી દેવે પોતાના પુત્રને એક સાઈકલ તા. 1 લી જાન્યુઆરી 2013ના રોજ બક્ષિસ આપી હતી. સાઈકલની ઉપજવા ધારેલ કિંમત રૂ. 600 છે. રિસીવર ખર્ચ રૂ. 2,400 થયો છે.

**જવાબ અને સમજૂતી :**

(1) બિનસલામત લેણદારો રૂ. 80,360, અપૂર્ણ સલામત લેણદારો રૂ.12,000, પસંદગીના લેણદારો રૂ. 740 (2) પુત્રને બક્ષિસ આપેલ સાઈકલ રૂ. 600 સ્વૈચ્છિક હેરફેર ગણાશે. (3) લિસ્ટ H

મુજબ તૂટ રૂ. 1,68,00 (4) સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો રૂ. 92,360 તૂટ ખાતાનો સરવાળો રૂ. 15,74,00)

**(6)** શ્રી દાસે તા. 31-3-2013ના રોજ નાદારીની અરજી કરી ત્યારે તેની સ્થિતિ નીચે મુજબ હતી.

**(i) મિલકત :**

| મિલકતનું નામ | ચોપડે કિંમત રૂ. | ઉપજવા યોગ્ય કિંમત રૂ. |
|---|---|---|
| મકાન | 2,25,000 | 1,05,000 |
| મશીનરી | 1,20,000 | 75,000 |
| સ્ટૉક | 60,000 | 45,000 |
| દેવાદારો | 75,000 | 45,000 |
| લેણીહૂંડી | 1,2000 | 1,2000 |
| રોકડ - બૅંક | 15,000 | 15,000 |
| અન્ય મિલકત | 1,20,000 | 30,000 |

**(ii) લેણદારો :**

| | |
|---|---|
| બિનસલામત લેણદારો | 30,00,00 |
| પસંદગીના લેણદારો | 15,000 |
| મકાન પર પ્રથમ ગીરો લોન | 45,000 |
| મકાન પર બીજી ગીરો લોન | 1,05,000 |

(iii) ત્રણ વર્ષ પહેલાં શ્રી દાસે રૂ. 1,50,000ની મૂડી નથી ધંધો શરૂ કર્યો અને આ મૂડી પર વાર્ષિક 10% વ્યાજ ગણવામાં આવે છે. પ્રથમ બે વર્ષનો કુલ નફો રૂ. 1,50,000 જ્યારે ત્રીજા વર્ષની ખોટ રૂ. 90,000 છે. તેનો ઉપાડ રૂ. 93,000 છે.

(iv) વટાવેલ હૂંડી 15,000 છે. જેમાંથી રૂ. 3,000ની હૂંડી નકારાશે.

(v) રિસીવર ખર્ચ અને મહેનતાણું રૂ. 7,500 છે.

(vi) બિનસલામત લેણદારોમાં નાદારની પત્નીની લોન રૂ. 15,000 સમાયેલ છે. 80% રકમ તેણીએ સ્ત્રીધનમાંથી આપેલ છે.

(vii) શ્રી દાસે 1-1-2012ના રોજ પોતાના મિત્રને રૂ. 75,000ની કિંમતનું ધંધાનું કમ્પ્યુટર બક્ષિસ આપેલ છે. તા. 31-3-2013ના રોજ તેની કિંમત રૂ. 30,000 છે.

ઉપરની વિગતો પરથી શ્રી દાસનું સ્થિતિદર્શક તથા તૂટ ખાતું તૈયાર કરો.

(**જવાબ અને સમજૂતી** : સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો રૂ. 3,45,000, તૂટ રૂ. 1,15,500, તૂટ ખાતાનો સરવાળો રૂ. 4,93,500)

**(7)** શ્રી રમણ તા. 31-3-2013ના રોજ નાદારીની અરજી કરી ત્યારે તેની સ્થિતિ નીચે મુજબ હતી :

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| પસંદગીના લેણદારો | 10,000 | યંત્ર પર પ્રથમ ગીરો લોન | 30,000 |
| બિનસલામત લેણદારો | 20,00,00 | યંત્ર પર બીજી ગીરો લોન | 70,000 |
| વટાવેલી હૂંડીના જવાબદારી | 2,000 | રિસીવર ખર્ચ | 5,000 |

બિનસલામત લેણદારોમાં પત્નીની લોન રૂ. 10,000 સમાયેલ છે. 80% રકમ તેણીએ સ્ત્રીધનમાંથી આપેલ છે.

રમણ તા. 1-1-2012ના રોજ તેના મિત્રને રૂ. 50,000 ની કિંમતની ગાડી ભેટ આપેલ તા. 31-3-2013ના તેની કિંમત રૂ. 20,000 છે. ત્રણ વર્ષ પહેલાં તેણે રૂ. 1,00,000ની મૂડી થી ધંધો શરૂ કર્યો, જેના પર વાર્ષિક 10% વ્યાજ ગણવું. પ્રથમ બે વર્ષ કુલ નફો રૂ. 1,00,000 અને ત્રીજા વર્ષે ખોટ રૂ. 60,000 તેનો કુલ ઉપાડ રૂ. 62,000 છે.

| મિલકતનું નામ | ચોપડે કિંમત રૂ. | ઉપજવા યોગ્ય કિંમત રૂ. |
|---|---|---|
| મકાન | 80,000 | 50,000 |
| યંત્રો | 1,50,000 | 70,000 |
| દેવાદાર | 50,000 | 30,000 |
| સ્ટૉક | 1,20,000 | 50,000 |
| રોકડ - બૅંક | 18,000 | 18,000 |

ઉપરની વિગતો પરતી સ્થિતિદર્શક નિવેદન અને તૂટખાતું તૈયાર કરો.

**(જવાબ અને સમજૂતી :** કુલ બિનસલામત લેણદારો રૂ. 2,00,000 સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો રૂ. 2,30,000, તૂટ 77,000 અને તૂટ ખાતાને સરવાળો રૂ. 3,29,000)

**(8)** શ્રી શર્મા તા 31-12-2012ના રોજ નાદારી માટે અરજી કરી. તે દિવસે તેમનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| મૂડી દેવા | રૂ. | મિલકત- લેણાં | રૂ. |
|---|---|---|---|
| મૂડી | 41,500 | મકાન | 40,000 |
| શ્રીમતી શર્માની લોન | 10,000 | યંત્રો | 20,000 |
| દેવીહૂંડી | 9100 | દેવાદારો | 15,000 |
| ખર્ચના બાકી દેવા | 8,00 | રોકડ | 500 |
| લેણદારો | 509,00 | બૅંક | 1,000 |
| બૅંક ઑવરડ્રાફ્ટ | 11,500 | સ્ટૉક | 13,500 |
| | | ન.નુ. ખાતું | 10,000 |
| | | સટ્ટાનું નુકશાન | 23,800 |
| | **1,23,800** | | **1,23,800** |

નીચે આપેલી વિગતો ધ્યાનમાં લઈ શ્રી શર્મા ધી પ્રોવિન્શયલ ઇન્સોલ્વન્સી એક્ટ મુજબ સ્થિતિદર્શક નિવેદન તેમજ તૂટ ખાતું તૈયાર કરો. :

(1) યંત્રો બૅંક ઑવરડ્રાફ્ટ સામે ગીરવી છે. યંત્રોનાં રૂ. 1,08,00 ઉપજ્યા છે.

(2) લેણદારોને બે કારકૂનોનો માસિક રૂ. 150 લેખે પાંચ માસનો પગાર ચૂકવવાના બાકીનો સમાવેશ થાય છે.

(3) ખર્ચના બાકીના દેવામાં મકાનમાલિકને ચૂકવવાનું બે માસનું બાકી ભાડું રૂ. 500 અને રૂ. 3,00 સરકારી વેરાનો સમાવેશ થાય છે.

(4) રૂ.8,000ના એક લેણદારે પોતાન 20% રકમ જતી કરેલ છે.

(5) શ્રીમતી શર્માની લોનનો 60% હિસ્સો સ્ત્રીધનમાંથી મેળવેલો છે.

(6) મિલકતની ઉપજ નીચે મુજબ છે. મકાન રૂ. 33,800

સ્ટૉક રૂ. 14,900

(7) દેવાદારોમાં રૂ. 5,000ના સદ્ધર છે. રૂ. 5,000 ના શકમંદ દેવાદારો પાસેથી 40% રકમ મળશે. બાકીના ડૂબેલા છે.

(8) બૅંકે તા.31-12-2012ના રોજ શર્મા ખાતામાં રૂ.60 વ્યાજના જમાં કરેલ છે. જેનો સમાવેશ સરવૈયાની બૅંક સિલકમાં થયેલ નથી.

(9) વટાવેલી હૂંડીઓ 3,000 છે. જેમાંથી 2/3 ભાગની નકારાય તેમ છે.

(10) શ્રી શર્મા ગેટિંગે બૅંકમાંથી લીધેલી લોન રૂ. 4,200ના જમીન થયેલ ગેટિંગ આ લોન ભરવા અસમર્થ જાહેર થતાં શર્મા તે ભરપાઈ કરવી પડશે.

(11) તા. 31-3-2011 ના રોજ શર્મા તેમના પુત્રને રૂ. 18,000 ની કિંમતનું સ્કુટર બક્ષિસ આપેલ છે. જેના હાલ રૂ. 13500 ઉપજે તેમ છે.

(12) શ્રી શર્મા તા. 1-2-2,009ના રોજ રૂ. 60,000 ની મૂડીથી ધંધો શરૂ કર્યો હતો. પ્રથમ બે વર્ષ તેમણે રૂ. 25,500નો નફો કર્યો હતો. જ્યારે ત્રીજા વર્ષ ખોટ રૂ. 12,000ની કરી હતી. ચારેય વર્ષ દરમિયાન તેમનો સરેરાશ વાર્ષિક ઉપાડ રૂ. 8,000 નો હતો.

**(જવાબ અને સમજૂતી)** : (1) બિનસલામત લેણદારો રૂ. 71,060 (2) પસંદગીના લેણદારો રૂ. 340 (3) તૂટ રૂ. 1,340 (4) સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો રૂ. 71,760 (5) તૂટ ખાતાનો સરવાળો રૂ. 1,07,400

આખરની મૂડીમાંથી શરૂની મૂડી શોધવી હોય તો હવાલામાં આપેલ નફો, મૂડીનું વ્યાજ બાદ થાય અને ખોટ તેમજ ઉપાડ ઉમેરાય પણ આવી વિગતો પાકું સરવૈયું માં જ આપેલી હોય તે ધ્યાનમાં ન લેવાય. અહીંયા ચોથા વર્ષનું (2012) નું નુકશાન રૂ. 10,000 અને સટ્ટાનું નુકશાન રૂ. 23,800 સરવૈયામાં આપેલ છે. શરૂની મૂડી શોધવા તે ધ્યાનમાં લેવાશે નહિ. આખરની મૂડી રૂ. 41,500 - નફો રૂ. 25,500 + ખોટ 12,000 + ઉપાડ રૂ. 32,000 = શરૂ મૂડી રૂ. 60,000 જો કે આ શૅરમૂડી દાખલામાં આપેલી છે. તૂટ ખાતામાં ચારેય વર્ષનો નફો કે ખોટ તેમજ સટ્ટાનું નુકશાન દર્શાવાશે. બૅંકે જમા કરેલું વ્યાજ લિસ્ટમાં E માં તેમજ તૂટ ખાતાની ડાબી બાજુ મૂકો)

(9) શ્રી ચંપક તા. 1-4-2,009ના રોજ રૂ. 51,000ની મૂડીથી ધંધો શરૂ કર્યો. તેઓ દર વર્ષે રૂ. 7,000 નો ઉપાડ કરતાં હતાં. તેમનો પ્રથમ બે વર્ષનો સરેરાશ વાર્ષિક નફો રૂ,. 15,000 હતો, પરંતુ તેમણે છેલ્લા વર્ષના હિસાબો તૈયાર કર્યા નથી. તા. 31-3-2012 ના રોજ તેમની સામે નાદારીનો હુકમ થયો.

| મિલકત | ચોપડે | ઉપજવા | જવાબદારીઓ | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ફર્નિચર | 4,000 | 2,000 | પરચૂરણ લેણદારો | 30,000 |
| સંચા - યંત્રો | 17,000 | 7,000 | ફ્રિ હોલ્ડ મિલકત પર ગીરો લોન | 10,000 |
| ફ્રિ-હોલ્ડ મિલકત | 40,000 | 25,000 | ફ્રિ હોલ્ડ મિલકત પર બીજો બોજ | 1,2000 |
| સ્ટૉક | 99,00 | 5,000 | શ્રીમતી ચંપકની લોન | |
| રોકાણો | 118,00 | 6,000 | (30% સ્ત્રીધનમાંથી) | 5,000 |
| રોકડ | 2,000 | 2,000 | મકાન માલિકનું 3 માસનું ભાડું | 600 |
| નકારાય તેવી | | | 5 કારકૂનનો 6 માસનો બાકી પગાર | |
| વટાવેલી હૂંડી | 2,000 | - | (માસિક રૂ.100 લેખે) | 3,000 |
| પરચુરણ દેવાદારોઃ | | | | |
| સદ્ધર | 10,000 | 10,000 | મ્યુ.કોર્પો. ના બાકી વેરા | 5,000 |
| શકમંદ | 5,000 | 2,000 | | |
| ડૂબત | 5,000 | - | રોકાણોથી સલામત લેણદારો | 13,600 |

**(જવાબ અને સમજૂતી** : (1) કાચું સરવૈયું બનાવીને છેલ્લા બે વર્ષની ખોટ શોધવી. જે રૂ. 30,000 મળશે. કાચા સરવૈયાનો સરવાળો રૂ. 1,55,700 (2) List - 'C' ની રકમ રૂ. 7,600 List - 'B' નો વધારો ઉમેરાતા કુલ મિલકતની ઉપજ 31,000 બાદ : List - 'D' ને ચૂકવ્યા 600 મુજબ મિલકતની ચોખ્ખી ઉપજ રૂ. 30,400 સામે ચૂકવવા પડશે તેમ ધારેલ દેવા (List 'A' + List 'C' = રૂ. 44,600. તેથી List - 'H' મુજબ તૂટ રૂ. 14,200, સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો 44,600 અને તૂટ ખાતાનો સરવાળો 98,700.)

**(10)** શ્રી રામલાલ તા. 31-3- 13 ના રોજ નાદારીની અરજી કરી તે દિવસે તેમના ચોપડા નીચેની બાકીઓ દર્શાવતા હતા :

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. | ઉપજવા ધારેલ રૂ. |
|---|---|---|---|
| મૂડી | - | 1,42,500 | - |
| મશીનરી | 1,17,000 | - | 67,500 |
| લેણીહૂંડી | 12,000 | - | 7,500 |
| મકાન પર બોજધારી | - | 48,750 | - |
| ધંધાનો સ્ટૉક | 1,50,000 | - | 82,500 |
| મકાન | 1,46,250 | - | 75,000 |
| ફર્નિચર | 18,000 | - | 15,000 |
| સ્ટૉક પર બોજધારી લેણદારો | - | 1,72,500 | - |
| લેણદારો | - | 1,69,500 | - |
| અન્ય મિલકત | 33,000 | - | 22,500 |
| દેવાદાર : સદ્ધર | 22,500 | - | 22,500 |
| શકમંદ | 15,000 | - | 40% |
| ડૂબત | 18,750 | - | - |
| હાથ પર રોકડ | 750 | - | 750 |
| | **5,33,250** | | **5,33,250** |

વટાવેલી હૂંડી અંગેની જવાબદારી રૂ. 48,750 છે જે પૈકી રૂ. 15,000 ચૂકવવા પડશે. તેમ માનવામાં આવે છે.

તેમની અંગત મિલકત અને જવાબદારીઓ અનુક્રમે રૂ. 19,500 અને રૂ. 12,750 છે. મિલકતના રૂ. 15,000 ઉપજવા ધારેલ છે.

રિસીવરનો ખર્ચ રૂ.3,000 અંદાજવામાં આવ્યો.

લેણદારોમાં 5 કલાર્કનો માસિક રૂ. 400 લેખે પાંચ માસના પગારનો અને રૂ. 400 મ્યુનિસિપલ કૉર્પોરેશનના કરવેરાનો સમાવેશ થાય છે.

રામલાલ ત્રણ વર્ષ પહેલા રૂ. 2,13,750 ની શરૂઆતની મૂડીથી તા. 1-4-2010 ના રોજ ધંધો શરૂ કર્યો હતો. પહેલા વર્ષે રૂ. 26,750નો નફો થયો હતો. જ્યારે બીજા અને ત્રીજા વર્ષે અનુક્રમે રૂ. 22,500 અને રૂ. 30,000 ની ખોટ કરી હતી. આ ત્રણ વર્ષ દરમિયાન તેમનો ઉપાડ રૂ. 45,000 હતો.

ઉપરની માહિતી પરથી સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરો.

**(જવાબ અને સમજૂતી) :** શ્રી રામલાલ નાદારીના હિસાબો : List - A રૂ. 1,96,750, List - B નો વધારો સામે લઈ ગયા. 20,250, List C રૂ. 90,000, List - D ને સામે મુજબ ચૂકવ્યા. રૂ. 500, List - E રૂ. 1,20,750; List - F ઉપજ 28,500, List - G : 7,500, (List - B નો વધારો સહિત કુલ ઉપજ 1,83,000માંથી રિસિવર ખર્ચ અને List D ને ચૂકવેલ બાદ જતા ચોખ્ખી ઉપજ રૂ. 1,79,500, List - H મુજબ તૂટ રૂ. 1,07,250 સ્થિતિદર્શક નિવેદનનો સરવાળો રૂ.2,86,750, તૂટ ખાતાનો સરવાળો રૂ. 3,62,250)

# એકમ 4

# આગના દાવાના હિસાબો (સ્ટૉક વીમા પોલિસી) આધારે

## : રૂપરેખા :


4.1 પ્રાસ્તાવિક : અર્થ

4.2 સ્ટૉકના નુકશાન અંગે દાવાની રકમની ગણતરી

4.3 સરેરાશ કલમ (Average Clause) અર્થ-ઉદાહરણ સમજૂતી

4.4 કાચાં નફાની ટકાવારીની સમજૂતી

- વ્યવહારિક ઉદાહરણો
- હેતુલક્ષી પ્રશ્નો
- સ્વાધ્યાય


## 4.1 પ્રાસ્તાવિક : અર્થ

વર્તમાન સમયમાં દરેક ધંધાકીય એકમ સામે અનેક પ્રકારનાં જોખમો રહેલા છે. આવા જોખમો જેવા કે આગ, અકસ્માત, ધરતીકંપ, ચોરી, લૂંટ-ફાટ અને હડતાલ જેવા છે. આવા જોખમો ધંધાકીય એકમની પ્રગતિ સામે મોટો પડકાર ઊભો કરે છે. આ જોખમોને અટકાવી શકાતા નથી. પરંતુ તેને લીધે થતા નુકશાન સામે રક્ષણ મેળવવા માટે જુદીજુદી વીમા કંપનીઓ અસ્તિત્ત્વમાં આવી છે.

વીમા કંપનીઓ પ્રીમિયમ લઈને આવા જોખમો સામે વેપાર ધંધાને રક્ષણ પૂરું પાડે છે. જુદા-જુદા જોખમો પૈકી આગ લાગવાથી ધંધાને મોટું નુકશાન થાય છે જેની સામે વીમા કંપની ધંધાદારી એકમને વળતર આપે છે.

વીમા પ્રીમિયમ એ ધંધાદારી પેઢી માટે મહેસૂલી ખર્ચ છે. ધંધાદારી એકમ સ્ટૉક અંગે નુકશાનીના વળતર માટે જે દાવો વીમા કંપની સમક્ષ રજૂ કરે છે તેને "સ્ટૉક અંગેનો આગનો દાવો" કહે છે. જે વીમો લેવામાં આવે છે તેને "આગનો વીમો" કહે છે.

આગના દાવાના પ્રશ્નને સમજવા માટે તેને નીચેના ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવે છે.

(1) માત્ર માલ અને સ્ટૉકનો વીમો લીધેલ હોય

(2) નફા કે નુકશાનની સામે વીમો લીધેલ હોય

(3) કાયમી મિલકતના રક્ષણ માટે વીમો લીધેલ હોય

## 4.2 સ્ટૉકના નુકશાન અંગે દાવાની રકમની ગણતરી :

ધંધાદારી પેઢીમાં આગ લાગે ત્યારે ગોડાઉનમાં કેટલી રકમનો સ્ટૉક હતો તે જાણવું ખૂબ મુશ્કેલ હોય છે. કારણ કે વેપારીઓ સ્ટૉકપત્ર રાખતા હોતા નથી આથી આગ લાગે ત્યારે દુકાનમાં, કારખાનામાં કે ગોડાઉનમાં કેટલો સ્ટૉક હતો તે જાણવા માટે સ્ટૉકપત્રક બનાવવામાં આવે છે અને તેના આધારે વીમા કંપની સમક્ષ કેટલી રકમનો દાવો રજૂ કરવાનો છે તે જાણી શકાય છે.

**સ્ટૉક પત્રકનો નમૂનો**

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | ---- |
| ઉમેરો : આગ લાગ્યા તારીખ સુધીની ખરીદી બાદ | | |
| ખરીદ પરત | ---- | |
| ઉમેરો : ખરીદીને લગતા ખર્ચાઓ (જેવા કે રેલ્વે નૂર, જકાત, મજૂરી, | + | + |
| આવક - માલ ગાડાભાડુ) | ---- | ---- |

| | | | |
|---|---|---|---|
| બાદ : | આગ લાગ્યા તારીખ સુધીનું વેચાણ બાદ વેચાણપરત | | ----- |
| ઉમેરો : | રોકડ વેચાણની ઉચાપત | | ----- |
| બાદ : | કાચો નફો | | ---- |
| | | | ---- |
| ઉમેરો : | અન્ય રીતે ગયેલ માલ (જેમ કે નમૂના તરીકે આપેલ માલ, અંગત વપરાશ માટે લીધેલ માલ, ધર્માદામાં આપેલ માલ) | | + ---- |
| | આગ લાગ્યા તારીખે બાકી વધેલ આખર સ્ટૉક | | ---- |

ઉપરોક્ત સ્ટૉક પત્રક બનાવીને સૌ પ્રથમ આગ લાગ્યા તારીખે કેટલો માલ ગોડાઉનમાં હતો તે જાણી શકાય છે. તેના આધારે વીમા કંપની સમક્ષ કેટલી રકમનો દાવો રજૂ કરવાનો છે તે નક્કી કરવામાં આવે છે. આ માટે દાવાની રકમનું પત્રક નીચે મુજબ બનાવવામાં આવે છે.

**દાવાની રકમનું પત્રક**

| વિગત | રકમ રૂ. |
|---|---|
| આગ લાગ્યા તારીખે બાકી રહેલ આખર સ્ટૉક | ---- |
| બાદ : આગમાંથી બચી ગયેલ માલ | ---- |
| ઉમેરો : આગ બુઝાવવાનો ખર્ચ | ---- |
| વીમા કંપની સમક્ષ રજૂ કરવાની દાવાની રકમ | ---- |

આગ લાગ્યા તારીખે ગોડાઉનમાં કેટલો સ્ટૉક હતો તે જાણવા માટે સ્ટૉક પત્રકને બદલે કાચું વેપાર ખાતુ બનાવી (મેમોરેન્ડમ ટ્રેડિંગ ઍકાઉન્ટ) બનાવી આખર સ્ટૉક નીચે મુજબ જાણી શકાય છે.

**<u>કાચા-વેપાર ખાતાનો નમૂનો</u>**

| વિગત | | રકમ રૂ | વિગત | | રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | ---- | વેચાણ | ---- | |
| ખરીદી | ---- | | (-) વેચાણ પરત | ---- | ---- |
| (-) ખરીદ પરત | ---- | | નમૂના તરીકે આપેલ માલ | ---- | ---- |
| ખરીદીના ખર્ચાઓ જેવાં કે મજૂરી, આવક માલ ગાડાભાડું, રેલવે નૂર, જકાત) | | ---- | અંગત વપરાશ માટે લીધેલ માલ | | ---- |
| | | | ધર્માદામાં આપેલ માલ | | ---- |
| | | | આખર સ્ટૉક (?) | | ---- |
| કાચો નફો | | ---- | | | |
| | | ---- | | | ---- |

## 4.3 સરેરાશ કલમ (Average of Clause) અર્થ-ઉદાહરણ-સમજૂતી

સામાન્ય રીતે વીમો ઉતરાવનાર ધંધાનો માલિક માલ કે મિલકતને નુકશાન થાય ત્યારે વીમા કંપની પાસે દાવાની રજૂઆત કરી પોતાને થયેલું નુકશાન ભરપાઈ કરે છે. વીમા કંપની પણ વીમો ઉતરાવનાર વ્યક્તિને તેનું નુકશાન ભરપાઈ કરી આપવા માટે જવાબદાર હોય છે.

વીમા કંપની જેટલી રકમનો પેઢીએ વીમો ઉતરાવેલ હોય તે પ્રમાણમાં દાવાની રકમ ચૂકવે છે. એટલે કે જો પેઢીનો માલિક જરૂર કરતાં વધુ રકમનો વીમો ઉતરાવે તો પણ વીમા કંપની ફક્ત થયેલા નુકશાન જેટલી જ દાવાની રકમ ચૂકવે છે. અને જો પેઢીનો માલિક સ્ટૉકની કિંમત કરતાં ઓછી રકમનો વીમો ઊતરાવે તો વીમા કંપની દાવાની પૂરેપૂરી રકમ મંજૂર કરતી નથી, પરંતુ જેટલી રકમનો વીમો ઊતરાવેલ હોય તે પ્રમાણમાં દાવાની રકમ વીમા કંપની ચૂકવે છે. જેને "સરેરાશ કલમ" કહે છે. આમ, જો વીમો ઊતરાવનાર માલ કે મિલકતની રકમ કરતાં ઓછી રકમનો વીમો લીધેલ હોય તો બાકીનું નુકશાન માલિકે જાતે જ ભોગવવાનું રહે છે.

સરેરાશ કલમ મુજબ દાવાની રકમ સમજવા માટે નીચે મુજબ ઉદાહરણ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

$$\text{સરેરાશ કલમ મુજબ દાવાની રકમ} = \frac{\text{ખરેખર થયેલ નુકશાન} \times \text{વીમા પોલીસીની રકમ}}{\text{સ્ટૉકની મૂળ કિંમત}}$$

**ઉદા.1** એક વેપારીના ગોડાઉનમાં આગ લાગવાથી રૂ. 17,000નો મિલકતનો માલ બળી ગયો હતો. આ સમયે ગોડાઉનમાં રૂ. 22,000 નો માલ સ્ટૉકમાં હતો. વેપારીએ સ્ટૉકનો વીમો રૂ. 11,000નો લીધેલો હતો તો વીમા કંપની વેપારીનો કેટલી રકમનો દાવો મંજૂર કરશે તે શોધો અને વેપારીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**જવાબ :** અહીં વેપારીએ સ્ટૉકની કિંમત કરતા ઓછી રકમનો વીમો લીધેલ હોવાથી સરેરાશ કલમ મુજબ દાવાની રકમ શોધવામાં આવશે.

$$\text{દાવાની રકમ} = \frac{\text{ખરેખર થયેલ નુકશાન} \times \text{વીમા પોલીસીની રકમ}}{\text{સ્ટૉકની મૂળ કિંમત}}$$

$$= \frac{17,000 \times 11,000}{22,000}$$

$$= \text{રૂ. } 8,500$$

**આમનોંધ :**

| **તારીખ** | **વિગત** | **ખા.પા.** | **ઉધાર રૂ.** | **જમા રૂ** |
|---|---|---|---|---|
| | વીમા કંપની ખાતે ઉ. | | 8,500 | - |
| | આગથી થયેલ નુકશાન ખાતે ઉ. | | 8,500 | - |
| | તે આગથી બળી ગયેલ માલ ખાતે | | | 17,000 |

**સમજૂતી :**

- સરેરાશ કલમનો ઉપયોગ ત્યારે જ થાય છે કે જ્યારે સ્ટૉક કે મિલકતની કિંમત વધારે હોય અને વીમો ઉતરાવનાર માલિકે ઓછી રકમનો વીમો ઊતરાવેલો હોય.
- જો વીમો ઉતરાવનારે સ્ટૉક કે મિલકતની કિંમત કરતા વધુ રકમનો વીમો ઉતરાવેલ હોય તો પણ વીમા કંપની વેપારીને થયેલ ખરેખર નુકશાન જેટલી રકમનો દાવો ચૂકવશે.
- જો વીમો ઉતરાવનાર વેપારીએ સ્ટૉક કે મિલકતની કિંમત જેટલો જ વીમો ઉતરાવેલ હોય તો પણ વીમા કંપની વેપારીને ગયેલ ખરેખર નુકશાન જેટલી જ રકમનો દાવો સ્વીકારશે.

## 4.4 કાચા નફાની ટકાવારીની સમજૂતી :

આગ લાગેલ સમયે વેચાણ ઉપર કાચા નફાનો દર શોધવા માટે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા.

- જો દાખલામાં વેચાણ કિંમત ઉપર કાચા નફાનો દર આપેલો હોય તો કાચા વેપાર ખાતામાં ઉધાર બાજુ વેચાણના અમુક ટકા લેખે કાચા નફાની રકમ લખવામાં આવે છે.
- જો દાખલામાં મૂળકિંમત ઉપર કાચા નફાનો દર આપેલો હોય તો સૌપ્રથમ મૂળકિંમતને રૂપિયા 100 ધારીને તેમાં કાચો નફો ઉમેરીને વેચાણ કિંમત શોધવામાં આવે છે.
- જો દાખલામાં કાચા નફાનો દર આપેલો ન હોય તો આગળના વર્ષનું વેપારખાતુ તૈયાર કરી કાચા નફાનો દર નીચે મુજબ શોધવામાં આવશે.

$$\text{કાચા નફાનો દર} = \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$$

- જો દાખલામાં કાચા નફાનો દર આપેલ ન હોય અને આગળના બે કે તેથી વધુ વર્ષની વિગતો જેવી કે શરૂઆતનો સ્ટૉક, ખરીદી અને વેચાણ આપેલ હોય ત્યારે ખાનાવાળી પદ્ધતિથી વેપાર ખાતુ તૈયાર કરી કાચા નફાનો દર શોધવામાં આવશે.
- જો કાચા નફાનો દર આગળના બે કે તેથી વધુ વર્ષનો શોધેલો હોય અને તેમાં સતત વધારો થતો હોય તો ભારિત સરેરાશ પદ્ધતિનો ઉપયોગ કરી કાચા - નફાનો દર શોધવામાં આવશે.
- જો કાચા-નફાનો દર આગળના વર્ષોમાં સતત ઘટતો હોય તો છેલ્લા વર્ષનો કાચા - નફાનો દર ધ્યાનમાં લેવામાં આવશે.
- જો કાચા નફાનો દર આગળના વર્ષોમાં વધ-ઘટ થતો હોય ત્યારે કાચા નફાનો સરેરાશ દર શોધવામાં આવે છે.

● **વ્યવહારિક ઉદારણો :**

**ઉદા.2** મેસર્સ શાહ ટ્રેડર્સના ગોડાઉનમાં તા. 5-11-2016 ના રોજ આગ લાગી. આગમાં મોટાભાગનો માલ નાશ પામ્યો હતો. પરંતુ તેમાંથી રૂ. 15,000નો માલ બચાવેલ હતો. હિસાબના ચોપડા પરથી નીચેની માહિતી મેળવવામાં આવેલ હતી.

| | **વિગત** | **રકમ રૂ.** |
|---|---|---|
| (1) | તા 1-4-2016ના રોજ સ્ટૉકની કિંમત | 70,000 |
| (2) | તા. 1-4-2016થી તા. 5-11-2016 સુધીની ખરીદી | 3,50,000 |
| (3) | તા. 1-4-2016 થી તા. 5-11-2016 સુધીનું વેચાણ | 4,00,000 |
| (4) | આવક-માલ ગાડાભાડું | 55,000 |

(5) આગળના ત્રણ વર્ષના હિસાબો પરથી માલૂમ પડ્યું કે વેચાણ ઉપર કાચા નફાનો દર 20% છે.

(6) શાહ ટ્રેડર્સે રૂા. 1,00,000 ના સ્ટૉકના વીમાની પોલીસી લીધેલ હતી.

(7) આગ બુઝાવવાનો ખર્ચ 4,000 થયેલ છે.

ઉપરની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

**જવાબ :** **કાચુ વેપાર ખાતું**

**ઉધાર** **તા. 1-4-2016 થી તા. 5-11-2016** **જમા**

| **વિગત** | **રકમ રૂ** | **વિગત** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 70,000 | વેચાણ | 4,00,000 |
| ખરીદી | 3,50,000 | આખર સ્ટૉક (?) | 1,75,000 |
| આવક-માલ ગાડા ભાડું | 55,000 | | |
| કાચો નફો<br>(4,00,000 × 25%) | 1,00,000 | | |
| | **5,75,000** | | **5,75,000** |

આગ લાગ્યા તારીખે આખર સ્ટૉકની કિંમત = 1,75,000

(-) બચાવી લીધેલ માલ = 15,000

1,60,000

આગ લાગ્યા તારીખે આખર સ્ટૉક રૂ. 1,75,000 છે. જ્યારે વીમા પોલીસી રૂ. 1,00,000 ની છે. તેથી અહીં સરેરાશ કલમ મુજબ દાવાની રકમ શોધવામાં આવશે.

**સરેરાશ કલમ મુજબ દાવાની રકમ :**

$$= \frac{\text{ખરેખર નુકશાન} \times \text{વીમા પોલીસીની રકમ}}{\text{આખર સ્ટૉકની કિંમત}}$$

$$= \frac{1,60,000 \times 1,00,000}{1,75,000}$$

$= 91,428.57$

| | | |
|---|---|---|
| સરેરાશ કલમ મુજબ દાવાની રકમ | = | 91,428.57 |
| (+) આગ બુઝાવવાનો ખર્ચ | = | +4,000.,00 |
| દાવાની રકમ | = | 95,428.57 |

**ઉદા-3** મેસર્સ રાવલ બ્રધર્સના ગોટાઉનમાં તા. 22-6-15ના રોજ આગ લાગી હતી. મેસર્સ રાવલ બ્રધર્સે રૂ. 90,000 ની વીમાની પોલીસી લીધેલ હતી. નીચેની માહિતી ઉપરથી દાવાની રકમની ગણતરી કરો.

| | **વિગત** | **રકમ રૂ.** |
|---|---|---|
| (1) | તા 1-1-14ના રોજ સ્ટૉકની કિંમત | 1,15,000 |
| (2) | 2014ના વર્ષ દરમિયાનની ખરીદી | 5,00,000 |
| (3) | 2014ના વર્ષ દરમિયાન કુલ વેચાણ | 7,40,000 |
| (4) | 2014ના વર્ષ દરમિયાન ખરીદ પરત | 40,000 |
| (5) | 2014ના વર્ષ દરમિયાન વેચાણ પરત | 40,000 |

તા. 1-1-2015 થી તા. 22-6-2015 સુધીના વ્યવહારોની માહિતી નીચે મુજબ છે.

- ખરીદી રૂ.1,00,000
- વેચાણ રૂ.2,10,000
- ધર્માદામાં આપેલ માલ રૂ.15,000

મેસર્સ રાવલ બ્રધર્સે રૂ.40,000 આગ બુઝાવવાનો ખર્ચ કરેલ હતો અને આગમાં બચાવી લીધેલ માલની કિંમત રૂ. 10,000 છે.

**જવાબ :**

**ઉધાર** **વેપાર ખાતુ (તા.1-1-2014 થી 31-12-2014)** **જમા**

| વિગત | | રકમ રૂ | વિગત | | રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 1,15,000 | વેચાણ | 7,40,000 | |
| ખરીદી | 50,00,00 | | (-) વેચાણ પરત | 40,000 | 70,00,00 |
| (-) ખરીદ પરત | 40,000 | 4,60,000 | આખર સ્ટૉક | | 50,000 |
| કાચો નફો (?) | | 1,75,000 | | | |
| | | **7,50,000** | | | **7,50,000** |

**સમજૂતી :**

અહીં દાખલામાં કાચા નફાનો દર આપેલ નથી પરંતુ આગળના વર્ષોની વિગત મુજબથી વેપાર ખાતુ બનાવી કાચા નફાનો દર શોધવામાં આવશે.

$$\text{કાચા નફાનો દર} = \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{1,75,000}{7,00,000} \times 100$$

$= 25\%$

ઉધાર **કાચું વેપારખાતું (1-1-15 થી 22-6-15 સુધી)** જમા

| વિગત | રકમ રૂ | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 50,000 | વેચાણ | 2,10,000 |
| ખરીદી | 2,60,000 | ધર્માદામાં આપેલ માલ | 15,000 |
| કાચો નફો | 52,500 | આખર સ્ટૉક (?) | 1,37,500 |
| (2,10,000 × 25%) | | | |
| | **3,62,500** | | **3,62,500** |

આગ લાગ્યા તારીખે આખર સ્ટૉકની કિંમત = 1,37,500

(-) આગમાં બચાવી લીધેલ માલની કિંમત = 10,000

1,27,500

**સમજૂતી :**

અહીં આગ લાગ્યા તારીખે આખર સ્ટૉકની કિંમત રૂ. 137500 છે, જ્યારે વીમા પોલીસીની રકમ રૂ.90,000 છે જેથી સરેરાશ કલમ મુજબ દાવાની રકમ શોધવામાં આવશે.

$$\text{સરેરાશ કલમ મુજબ દાવાની રકમ} = \frac{\text{ખરેખર નુકશાન} \times \text{વીમા પોલીસીની રકમ}}{\text{આખર સ્ટૉકની કિંમત}}$$

$$= \frac{1,27,500 \times 90,000}{1,37,500}$$

= રૂ. 83,455

સરેરાશ કલમ મુજબ દાવાની રકમ = રૂ. 83,455

(+) આગ બુઝાવવાનો ખર્ચ = રૂ. 4,000

વીમા કંપની સમક્ષ રજૂ કરવાની દાવાની રકમ = રૂ. 87,455

**ઉદા-4** મેસર્સ મહેતા બ્રધર્સના કારખાનામાં તા. 20-4-2016ના રોજ આગ લાગી હતી તે સમયે રૂ. 5,000 સિવાયનો માલનો સ્ટૉક નાશ પામ્યો હતો. નીચેની માહિતી પરથી વીમા કંપની સમક્ષ રજૂ કરવાનું દાવાનું પત્રક તૈયાર કરો.

| વિગત | 2013 | 2014 | 2015 | 2016 |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 27,090 | 32,400 | 36,000 | 36,900 |
| ખરીદી બાદ ખરીદી પરત | 2,12,900 | 1,91,200 | 2,14,600 | 90,000 |
| વેચાણ બાદ વેચાણ પરત | 3,00,000 | 2,80,000 | 3,10,000 | 1,00,000 |
| મજૂરી ખર્ચ | 18,000 | 20,000 | 22,000 | 8,000 |
| મિલકતપર ઘસારો | 22,500 | 18,250 | 21,250 | 12,350 |

આખર માલના સ્ટૉકની કિંમત તેની પડતર કિંમત કરતાં 10% ઓછી આંકવામાં આવતી હતી તમારી ગણતરી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**જવાબ :**

અહીં દાખલામાં કાચા નફાનો દર આપેલો નથી તેથી આગળના ત્રણ વર્ષના કાચા નફાનો દર ખાનાવાળું વેપાર ખાતું તૈયાર કરીને શોધવામાં આવશે અને આ કાચા નફાનો દર વર્ષ 2016 માટે લાગુ કરવામાં આવશે.

અહીં સ્ટૉકની કિંમત તેની પડતર કિંમત કરતા ઓછી કિંમતે બતાવવામાં આવે છે. આથી સૌ પ્રથમ સ્ટૉકની પડતર કિંમત (મૂળકિંમત) નીચે મુજબ શોધવામાં આવશે.

ધારો કે મૂળકિંમત = 100

ચોપડે કિંમત = 90

$$\frac{\text{ચોપડે કિંમત}}{90} = \frac{\text{મૂળ કિંમત}}{100}$$

27090 = ?

વર્ષ 2013 $= \frac{27,090 \times 100}{90} = 30,100$

વર્ષ 2014 $= \frac{32,400 \times 100}{90} = 36,000$

વર્ષ 2015 $= \frac{36,000 \times 100}{90} = 40,000$

વર્ષ 2016 $= \frac{36,900 \times 100}{90} = 41,000$

**કાચું વેપાર ખાતું**

**ઉધાર (તા. 1-1-2016 થી તા. 20-4-2016 સુધીનું) જમા**

| વિગત | રકમ રૂ | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 41,000 | વેચાણ | 1,00,000 |
| ખરીદી | 90,000 | આખર સ્ટૉક (?) | 64,000 |
| મજૂરી | 8,000 | | |
| કાચો નફો (100,000 × 25%) | 25,000 | | |
| | **1,64,000** | | **1,64,000** |

**સમજૂતી :**

કાચા નફાના દરની ગણતરી નીચે મુજબ છે.

કાચા નફાનો દર $= \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$

2013 $= \frac{75,000}{3,00,000} \times 100 = 25\%$

2014 $= \frac{72,800}{2,80,000} \times 100 = 26\%$

2015 $= \frac{74,400}{3,10,000} \times 100 = 24\%$

અહીં કાચા નફાના દરમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વધ-ઘટ જોવા મળે છે. આથી સાદી સરેરાશ મુજબ કાચા નફાનો દર શોધવામાં આવશે.

સરેરાશ કાચા નફાનો દર $= \frac{25+26+24}{3} = 25\%$

આગ લાગ્યા તારીખે સ્ટૉક $= 64,000$

(-) બચાવેલ માલ $= \underline{5,000}$

વીમા કંપની સમક્ષ રજૂ કરવાની દાવાની રકમ 69,000

**નોંધ :** અહીં દાખલામાં આપેલ મિલકતના ઘસારાની કોઈ નોંધ વેપાર ખાતામાં થશે નહીં.

**ઉદા-5** પટેલ એન્ડ પટેલ બ્રધર્સની પેઢીમાં તા.2-6-2017 ના રોજ આગ લાગી જેમાં હિસાબના મોટા ભાગના ચોપડા બળી ગયેલ હતા. આગથી બચી ગયેલ માલની કિંમત રૂ. 5,775 હતી. નીચેની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| તા. 1-1-16 ના રોજ સ્ટૉકની કિંમત | 55,000 |
| તા. 1-1-16 થી 31-12-16 સુધીની ખરીદી | 4,00,000 |
| તા. 1-1-16થી 31-12-16 સુધીનું વેચાણ | 5,25,000 |
| વર્ષ 2016 દરમ્યાન મજૂરી ખર્ચ | 29,550 |
| તા. 31-12-16 ના રોજ સ્ટૉકની કિંમત | 72,000 |

તા. 1-1-2016ના રોજ સ્ટૉકનું મૂલ્યાંકન તેની મૂળકિંમત કરતાં 10% વધારે કિંમતે કરેલું હતું જ્યારે તા. 31-12-16ના રોજ સ્ટૉકનું મૂલ્યાંકન તેની મૂળકિંમત કરતા 10% ઓછી કિંમતે કરેલું હતું.

હિસાબો તપાસતા માલૂમ પડ્યું કે વર્ષ - 2016માં ઑફિસ માટે ખરીદેલ ફર્નિચર જેની કિંમત રૂ.5,800 હતી તે ભૂલથી ખરીદીમાં નોંધાયેલ છે.

તા. 1-1-17 થી તા. 2-6-2017 સુધીના વ્યવહારો નીચે મુજબ છે.

ખરીદી રૂ. 3,25,000 વેચાણ રૂ.4,00,000

એપ્રિલ 2017 માં રૂ.1,000ની પડતર કિંમતનો માલ જાહેરાત તરીકે આપેલ હતો, જેની ચોપડે નોંધ કરવાની બાકી છે.

તા. 1-1-17 થી તા. 2-6-17 દરમિયાન કારકુને પેઢીમાંથી રોકડ વેચાણની ઉચાપત રૂ. 7,500 કરેલી હતી. કારકૂનને ત્યારબાદ પેઢીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

**જવાબ :** અહીં દાખલામાં કાચા નફાનો દર આપેલ નથી તેથી સૌપ્રથમ આગળના વર્ષનું વેપારખાતુ બનાવી કાચા નફાનો દર શોધવામાં આવશે.

- ફર્નિચરની ખરીદી ભૂલથી ખરીદીમાં નોંધાયેલ છે. તેથી તેને બાદ કરવામાં આવશે.
- શરૂઆતના સ્ટૉકની ગણતરી

ધારો કે મૂળ કિંમત $= 100$

ચોપડે કિંમત $= 110$

| ચોપડે કિંમત | મૂળકિંમત |
|---|---|
| 110 | 100 |
| 55,000 | ? |

$$\frac{55,000 \times 100}{110} = 50,000$$

આખરના સ્ટૉકની ગણતરી

ધારો કે મૂળકિંમત = 100

ચોપડે કિંમત = 90

$$\frac{\text{ચોપડે કિંમત}}{90} = \frac{\text{મૂળ કિંમત}}{100}$$

72,000 = ?

$$\frac{72,000 \times 100}{90} = 80,000$$

**ઉધાર** **વેપાર ખાતુ (તા.1-1-16 થી તા. 31-12-16)** **જમા**

| **વિગત** | | **રકમ રૂ** | **વિગત** | **રકમ રૂ.** |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 50,000 | વેચાણ | 5,25,000 |
| ખરીદી | 4,00,000 | | આખર સ્ટૉક | 80,000 |
| (-) ફર્નિચર ખરીદી | 5,800 | 3,94,200 | | |
| મજૂરી | | 29,550 | | |
| કાચો નફો (?) | | 1,31,250 | | |
| | | **6,05,000** | | **6,05,000** |

$$\text{કાચા નફાનો દર} = \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$$

$$= \frac{1,31,250}{5,25,000} \times 100$$

$$= 25\%$$

**દાવાની રકમ દર્શાવતું પત્રક**

| | **વિગત** | | **રકમ રૂ.** | **રકમ રૂ.** |
|---|---|---|---|---|
| | શરૂઆતનો સ્ટૉક | | | 80,000 |
| ઉમેરો : | ખરીદી | | | 3,25,000 |
| | | | | 4,05,000 |
| બાદ : | વેચેલ માલની પડતર | | | |
| | વેચાણ | 4,00,000 | | |
| | (+) રોકડ વેચાણની ઉચાપત | + 7,500 | 4,07,500 | |
| | (-) કાચો નફો (4,07,500 × 25% | | – 1,01,875 | 3,05,625 |
| | | | | 99,375 |
| | બાદ : જાહેરાત માટે આપેલ માલ | | | – 1,000 |
| | આગ લાગ્યા તારીખે આખરસ્ટૉક | | | 98,375 |
| | (-) બચાવેલ માલ | | | 5,775 |
| | વીમા કંપની સમક્ષ રજૂ કરવાની દાવાની રકમ | | | 92,600 |

**ઉદા-6** પારેખ ટ્રેડર્સના ગોડાઉનમાં તા. 2-4-17ના રોજ આગ લાગી. મોટા ભાગનો માલ આગમાં બળી ગયો હતો. જેમાં રૂ. 3,265 નો માલ બચાવી લેવાયેલો હતો. હિસાબી ચોપડા ઉપરથી નીચેની માહિતી મળી શકે છે. તેના ઉપરથી દાવાની રકમની ગણતરી કરો.

**(1) તા. 31-12-16ના રોજની બાકીઓ :**

| | | |
|---|---|---|
| - | સ્ટૉકની મૂળ કિંમત | 50,000 |
| | લેણદારો | 10,000 |
| | દેવાદારો | 30,250 |

**(2) તા. 1-1-17 થી તા. 2-4-2017 સુધીના વ્યવહારો :**

| | | |
|---|---|---|
| - | લેણદારોને ચૂકવેલી રોકડ | 40,250 |
| - | લેણદારોને પરત કરેલ માલ | 3,750 |
| - | લેણદારો પાસેથી મળેલ વટાવ | 1,250 |
| - | લેણદારોની બાકી(તા.2-4-17) | 70,375 |
| - | દેવાદારો પાસેથી મળેલી રોકડ | 45,700 |
| - | દેવાદારો પાસે થયેલી ઘાલખાધ | 1,250 |
| - | દેવાદારોને આપેલ વટાવ | 2,250 |
| - | દેવાદારોએ પરત કરેલ માલ | 1,650 |
| - | રોકડ વેચાણ | 35,850 |
| - | દેવાદારોની બાકી (તા.2-4-17) | 30,000 |
| - | રોકડ ખરીદી | 27,500 |

પેઢી માલનું વેચાણ પડતર કિંમત ઉપર 25% નફો મળે તે રીતે કરે છે. જરૂરી ગણતરી દર્શાવો.

**જવાબ :**

- અહીં દેવાદારનું ખાતુ બનાવી ઉધાર વેચાણ શોધવામાં આવશે.
- અહીં લેણદારનું ખાતુ બનાવી ઉધાર ખરીદી શોધવામાં આવશે.

**દેવાદારોનું ખાતુ**

| વિગત | રકમ રૂ | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા | 30,250 | મળેલ રોકડ | 45,700 |
| **ઉધાર વેચાણ (?)** | 50,600 | ઘાલખાધ | 1,250 |
| | | આપેલ વટાવ | 2,250 |
| | | પરત માલ | 1,650 |
| | | બા.આ. લઈ ગયા | 30,000 |
| | **80,850** | | **80,850** |

**લેણદારોનું ખાતું**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| રોકડ ખાતે | 40,250 | બાકી આગળ લાવ્યા | 10,000 |
| પરત માલ | 3,750 | **ઉધાર ખરીદી (?)** | 1,05,625 |
| મળેલ વટાવ | 1,250 | | |
| બાકી આ. લઈ ગયા | 70,375 | | |
| | **1,15,625** | | **1,15,625** |

**કાચુ વેપાર ખાતું**

**(તા. 1-1-17 થી તા. 2-4-17)**

| વિગત | | રકમ રૂ. | વિગત | | રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 50,000 | વેચાણ | | |
| ખરીદી | | | રોકડ વેચાણ | 35,850 | |
| રોકડ ખરીદી | 27,500 | | ઉધાર વેચાણ (+) | 50,600 | 86,450 |
| ઉધાર ખરીદી (+) | 1,05,625 | | આખર સ્ટૉક (?) | | 1,13,965 |
| કાચો નફો | | 17,290 | | | |
| | | **2,00,415** | | | **2,00,415** |

અહી દાખલામાં કાચા નફાનો દર પડતર કિંમત ઉપર આપેલ છે. જેથી વેચાણ કિંમત ઉપર કાચા નફાનો દર નીચે મુજબ શોધવામાં આવશે.

ધારો કે પડતર કિંમત = 100

(+) કાચો નફો = 25

વેચાણ કિંમત = 125

$$\frac{\text{વેચાણ કિંમત}}{125} = \frac{\text{કાચો નફો}}{25}$$

86450 = ?

$$\frac{86,450 \times 25}{125} = 17,290$$

- આગ લાગ્યા તારીખે સ્ટૉકની કિમત = 1,13,965

(-) બચાવેલ માલની રકમ = - 3265

દાવાની રકમ = 1,10,700

**ઉદા-7** સાંગાણી ટ્રેડર્સના ગોડાઉનમાં તા. 21-4-16ના રોજ આગ લાગી હતી. મોટા ભાગનો માલ આગમાં બળી ગયેલ હતો. નીચેની માહિતી પરથી વીમા કંપની સમક્ષ રજૂ કરવાનું દાવાનું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| તા. 1-1-16ના રોજ સ્ટૉકની કિંમત | 17,000 |
| તા. 1-1-16થી તા. 21-4-2016 સુધીની ખરીદી | 1,50,000 |
| તા. 1-1-16 થી તા. 21-4-2016 સુધીનું વેચાણ | 1,50,000 |
| આવક - માલ ગાડાભાડું | 5,000 |
| મજૂરી | 10,500 |
| જાહેરાત ખર્ચ | 20,150 |

**વધારાની માહિતી**

(1) પેઢી સ્ટૉક હંમેશા તેની મૂળકિંમત કરતા 15% ઓછી કિંમતે મૂલ્યાંકન કરે છે.

(2) પેઢીએ તા. 31-3-16ના રોજ એક યંત્ર ખરીદ્યું હતું આ યંત્રને ગોઠવવાની મજૂરી રૂ. 1,500 ચૂકવેલ હતી. ભૂલથી તેનો સમાવેશ મજૂરી ખર્ચમાં થઈ ગયેલ છે.

(3) પેઢીએ તા. 1-4-16ના રોજ રૂ. 1,000 નો પડતર કિંમતનો માલ અંગત વપરાશ માટે લીધેલ હતો. જેની ચોપડે નોંધ થઈ નથી.

(4) ખરીદીનું એક ભરતિયું રૂ. 8,500નું ખોવાઈ ગયેલ હોવાથી તેની નોંધ કરવાની બાકી છે.

(5) પેઢીના કારકૂન પિયુષભાઈએ રૂ. 5,000ની રકમની રોકડ વેચાણની ઉચાપત કરેલ હતી. જેની નોંધ કરવાની બાકી છે.

(6) પેઢીનો છેલ્લા ત્રણ વર્ષનો વેચાણ કિંમત ઉપર કાચા નફાનો દર નીચે પ્રમાણે છે.

| વર્ષ | કાચા નફાનો દર |
|---|---|
| 2013 | 12 % |
| 2014 | 15 % |
| 2015 | 17 % |

(7) આગમાં બચાવેલ માલની કિંમત રૂ. 3,350

(8) આગ બુઝાવવાનો ખર્ચ રૂ. 2,000

**જવાબ :**

**આગના દાવાનું પત્રક**

**(તા.1-1-16 થી તા. 21-4-16 સુધીનું)**

| વિગત | | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | | 20,000 |
| ઉમેરો ખરીદી | | 1,50,000 | |
| (+) નહીં નોંધાયેલ ખરીદી | | 8,500 | 1,58,500 |
| | | | 1,78,500 |
| ઉમેરો : આવકમાલ ગાડાભાડું | | | 5,000 |
| મજૂરી | | 10,500 | |
| (-) યંત્ર ગોઠવવાની મજૂરી | | 1,500 | 9,000 |
| બાદ : | | | –1,92,500 |
| વેચેલ માલની પડતર | | | |
| વેચાણ | 1,50,000 | | |
| (+) રોકડ વેચાણની ઉચાપત | 5,000 | | |
| | 1,55,000 | | |
| (-) કાચો નફો (1,55,000 × 15.5%) | 24,025 | 1,30,975 | |
| (+) અંગત વપરાશ માટે લીધેલ માલ | | 1,000 | 1,31,975 |
| આગ લાગ્યા તારીખે આખર સ્ટૉક | | | 60,525 |
| (-) બચાવી લીધેલ માલ | | | (-) 3,350 |
| | | | 57,175 |
| (+) આગ બુઝાવવાનો ખર્ચ | | | + 2,000 |
| વીમા કંપની સમક્ષ રજૂ કરવાનું દાવાનું પત્રક | | | 59,175 |

**સમજૂતી :**

**(1) શરૂઆતનો સ્ટૉક**

અહીં શરૂઆતનો સ્ટૉક તેની મૂળકિંમત કરતા 15% ઓછી કિંમતે દર્શાવેલ છે. જેથી તેની મૂળકિંમત નીચે મુજબ શોધવામાં આવશે.

ધારો કે મૂળ કિંમત = 100

ચોપડે કિંમત = 85

| ચોપડે કિંમત | મૂળ કિંમત |
|---|---|
| 85 | 100 |
| 17,000 | ? |

$$= \frac{17,000 \times 100}{85} = 20,000$$

**(2) કાચા નફાનો દર :**

અહીં કાચા નફાનો દર છેલ્લા ત્રણ વર્ષથી સતત વધે છે. આથી ભારિત સરેરાશ પદ્ધતિ મુજબ કાચા નફાનો દર નીચે મુજબ શોધવામાં આવશે.

| વર્ષ | કાચા નફાનો દર | ભાર | ભારિત નફો |
|---|---|---|---|
| 2013 | 12 | 1 | 12 |
| 2014 | 15 | 2 | 30 |
| 2015 | 17 | 3 | 51 |
| | | 6 | 93 |

ભારિત દર $= \frac{93}{6} = 15.5$

(3) યંત્ર ગોઠવવાની મજૂરી ભૂલથી મજૂરી ખર્ચમાં સમાયેલ હોવાથી તેને મજૂરીમાંથી બાદ કરવામાં આવશે.

(4) અહીં કારકૂન દ્વારા રોકડ વેચાણની ઉચાપત થયેલી હોવાથી તેટલું વેચાણ ઓછું નોંધાયેલ હશે. આથી તેટલી રકમ વેચાણમાં ઉમેરવામાં આવશે.

**સામાન્ય અને અસામાન્ય માલના વ્યવહારો :**

પેઢીમાં ઘણી વખત બે પ્રકારના માલના વ્યવહાર જોવા મળે છે. જેમાં એક સામાન્ય માલ અને બીજુ અસામાન્ય માલ.

સામાન્ય માલ એટલે જે માલ પેઢીમાંથી ઝડપથી વેચાય જતો હોય છે અને તેના પર મળેલ કાચા નફાને સામાન્ય માલનો કાચો નફો કહે છે. પરંતુ કેટલીક વખત પેઢીમાં અમુક માલ ધીમો વેચાતો હોય અથવા ખામીવાળો હોય અથવા બગડેલો હોય ત્યારે આવા માલને અસામાન્ય માલ કહે છે અને તેના પર મળેલ કાચાનફાને અસામાન્ય માલનો કાચો નફો કહે છે.

આગ લાગે ત્યારે વીમાં કંપની સમક્ષ દાવાની જે રકમ શોધવામાં આવે છે ત્યારે ફક્ત સામાન્ય માલના કાચા નફાને ધ્યાનમાં લેવાય છે. આથી આવા સમયે પેઢીના માલિકે સામાન્ય માલ અને અસામાન્ય માલને જુદો પાડવો પડે છે.

દાખલામાં જ્યારે સામાન્ય માલ અને અસામાન્ય માલના વ્યવહારો આપેલ હોય ત્યારે દાખલો ગણતી વખતે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા.

(1) સૌપ્રથમ વેપાર ખાતામાં ઉધાર બાજુ અને જમા બાજુ સામાન્ય માલ અને અસામાન્ય માલના બે ખાના અલગ-અલગ બનાવવા.

(2) દાખલામાં આપેલ સૂચના મુજબ સામાન્ય માલ અને અસામાન્ય માલને જુદો પાડી તેના પર કાચો નફો કે કાચી ખોટ શોધવામાં આવે છે.

(3) દાવાની રકમ શોધવા માટે ફક્ત સામાન્ય માલના કાચા નફાના દરને ધ્યાનમાં લેવાય છે.

**ઉદા-8**

પારેખ ટ્રેડર્સના ગોડાઉનમાં તા. 25-5-2016ના રોજ આગ લાગી રૂ. 5,000 સિવાયનો બધો માલ આગમાં બળી ગયો. નીચેની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| તા. 1-1-15 ના રોજ સ્ટૉક | 1,05,000 |
| તા. 31-12-15ના રોજ સ્ટૉક | 78,500 |
| 2015ના વર્ષ દરમિયાનની ચોખ્ખી ખરીદી | 4,60,000 |
| 2015ના વર્ષ દરમિયાન ચોખ્ખુ વેચાણ | 6,25,000 |
| 2015ના વર્ષ દરમિયાનની મજૂરી | 21,000 |
| તા. 1-1-16 થી તા.25-5-16 સુધીની ખરીદી | 80,500 |
| તા. 1-1-16 થી તા. 25-5-16 સુધીનું વેચાણ | 1,25,000 |

તા. 31-12-15ના રોજ સ્ટૉકમાં અમુક માલ એવો હતો કે જેની મૂળકિંમત રૂ.12,000 હતી જેમાંથી રૂ. 7,500નો માલ ખામીવાળો હોવાથી માંડી વાળેલ હતો. આ માંડી વાળેલ માલમાંથી રૂ. 5,000 ની મૂળકિંમતનો માલ તા. 25-3-16ના રોજ રૂ. 4,000માં વેચવામાં આવેલ હતો અને બાકીનો માલ મૂળકિંમતે દર્શાવવામાં આવેલ હતો.

**જવાબ :**

**વેપાર ખાતુ**

**(તા.1-1-15 થી તા. 31-12-15 સુધીનું)**

| વિગત | રકમ રૂ. | વિગત | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 1,05,000 | વેચાણ | | 6,25,000 |
| ખરીદી | 4,60,000 | આખર સ્ટૉક | 78,500 | |
| મજૂરી | 21,000 | (+) માંડી વાળેલ સ્ટૉક | + 7,500 | 86,000 |
| કાચો નફો (?) | 1,25,000 | | | |
| | **7,11,000** | | | **7,11,000** |

**સમજૂતી**

(1) આખર સ્ટૉકની ગણતરી વખતે રૂ. 7,500નો માલ ખામીવાળો હતો અને માંડી વાળેલ હતો. આથી તેને આખર સ્ટૉકમાં ઉમેરવામાં આવશે.

(2) $\text{કાચા નફાનો દર} = \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$

$$= \frac{1,25,000}{6,25,000} \times 100 = 20\ \%$$

**કાચુ વેપાર ખાતું**

**(તા.1-1-16 થી તા. 25-5-16)**

ઉ. જ.

| વિગત | સામાન્ય | અસામાન્ય | કુલ | વિગત | સામાન્ય | અસામાન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| શરૂ સ્ટૉક | 74,000 | 12,000 | 86,000 | વેચાણ | 1,21,000 | 4,000 | 1,25,000 |
| ખરીદી | 80,500 | - | 80,500 | કાચી ખોટ | - | 1,000 | 1,000 |
| કાચો નફો | 24,200 | - | 24,200 | આખર સ્ટૉક | 57,700 | 7,000 | 6,47,00 |
| (1,21,000 × 20%) | | | | | | | |
| | **1,78,700** | **12,000** | **1,90,700** | | **1,78,700** | **12,000** | **1,90,700** |

**સમજૂતી :**

(1) અહી વર્ષ 2015માં અસામાન્ય માલના વ્યવહારો ન હોવાથી તે વર્ષમાં ખાનાવાળું વેપારખાતું બનાવેલ નથી.

(2) વર્ષ 2016માં અસામાન્ય માલના વ્યવહારો હોવાથી તે વર્ષે ખાનાવાળું વેપારખાતું બનાવેલ છે.

(3) રૂ.5,000ની મૂળકિંમતનો ખામીવાળો માલ રૂ. 4,000માં વેચેલ છે. જેથી રૂ. 1,000ની ખોટ ગયેલી છે. હવે બાકીનો માલ રૂ. 7,000 (12,000 - 5,000) જે આખર સ્ટૉક તરીકે દર્શાવવામાં આવશે.

**<u>દાવાનું પત્રક</u>**

| | |
|---|---|
| આગ લાગ્યા તારીખે આખર સ્ટૉક | = રૂ.64,700 |
| (-) આગમાં બચાવી લીધેલ માલ | = રૂ. 5,000 |
| વીમા કંપનીની સમક્ષ રજૂ કરવાનું દાવાનું પત્રક | 59,700 |

**ઉદા-9** મેસર્સ ધ્રુવ ટ્રેડર્સના ગોડાઉનમાં તા. 25-3-2016ના રોજ આગ લાગી. આગમાં મોટા ભાગનો માલ બળી ગયેલ હતો. રૂ. 9,130નો માલ બચાવી લીધેલ હતો.

નીચેની માહિતી પરથી વીમા કંપની સમક્ષ રજૂ કરવાનું દાવાનુ પત્રક તૈયાર કરો.

(1) તા. 1-1-2016ના રોજ સ્ટૉકની કિંમત રૂ. 90,000 હતી જે તેની મૂળકિંમત કરતાં 10% ઓછી કિંમતે દર્શાવેલ હતો.

(2) તા. 1-1-2016થી તા. 25-3-2016 સુધીની ખરીદી રૂ. 6,00,000 હતી. જેમાં રૂ. 10,000 ની કિંમતનો માલ તા. 27-3-16ના રોજ મળેલ હતો.

(3) તા. 1-1-16થી તા. 25-3-16 સુધીનું કુલ વેચાણ રૂ. 7,10,000 હતું જેમાં જાગડ વેચાણ રૂ. 45,000 નું સમાયેલું હતું. આ જાગડ માલનું વેચાણ પડતર ઉપર 50% નફો મળે તે રીતે વેચવામાં આવેલ હતું.

(4) તા.1-1-16થી તા. 25-3-16 સુધીમાં કુલ મજૂરી ખર્ચ રૂ. 25,000 કરેલ હતો જેમાં યંત્ર ખરીદીનો મજૂરી ખર્ચ રૂ. 5,000 ભૂલથી તેમાં સમાયેલ હતો.

(5) જાન્યુઆરી 2016માં રૂ. 15,000નો ખરીદેલ માલ ખામીવાળો હોવાથી રૂ. 3,000 ખોટથી ફેબ્રુઆરી 2016માં વેચેલ હતો.

(6) છેલ્લા ત્રણ વર્ષના વેચાણ અને કાચા નફાની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વેચાણ | કાચો નફો |
|---|---|---|
| 2013 | 5,25,000 | 1,05,000 |
| 2014 | 6,00,000 | 1,32,000 |
| 2015 | 5,50,000 | 1,05,500 |

(7) પેઢીનું હિસાબી વર્ષ 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બર સુધીનું છે.

**જવાબ** **કાચુ વેપાર ખાતુ**

**(તા. 1-1-16 થી તા. 25-3-16)**

| વિગત | સામાન્ય | અસામાન્ય | વિગત | સામાન્ય | અસામાન્ય |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 1,00,000 | - | વેચાણ 7,10,000 | | |
| ખરીદી 6,00,000 | | | (-) નુકશાની માલ 12,000 | | |
| (-) નહીં 10,000 | | | (-) જાંગડ માલ 45,000 | 6,53,000 | 12,000 |
| નોંધેલ માલ | | | કાચી ખોટ (નુકશાની | | |
| (-) અસામાન્ય 15,000 માલ | 5,75,000 | 15,000 | વાળા માલની) | - | 3,000 |
| મજૂરી 25,000 | | | જાંગડ માલ | 30,000 | - |
| (-) યંત્રની 5,000 મજૂરી | 20,000 | - | આખર સ્ટૉક | 1,49,130 | - |
| કાચો નફો (6,53,000×30%) | 1,37,130 | | | | |
| | **8,32,130** | **15,000** | | **8,32,130** | **15,000** |

**સમજૂતી :**

(1) શરૂઆતનો સ્ટૉક

ધારો કે મૂળ કિંમત = 100

ચોપડે કિંમત = 90

$$\frac{\text{ચોપડે કિંમત}}{90} \qquad \frac{\text{મૂળકિંમત}}{100}$$

90,000 = ?

$$\frac{90,000 \times 100}{90} = 1,00,000$$

(2) $\text{કાચા નફાનો દર} = \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$

$$2013 = \frac{1,05,000}{5,25,000} \times 100 = 20\%$$

$$2014 = \frac{1,32,000}{6,00,000} \times 100 = 22\%$$

2015 $= \dfrac{1,15,500}{5,50,000} \times 100 = 21\%$

$(1,05,500 + 10,000 = 1,15,500)$

સરેરાશ દર $= \dfrac{20+22+21}{3} = 21\%$

**(3) જાગડ વેચાણની મૂળકિંમત**

અહી જાગડ વેચાણ પડતર કિંમત પર 50% નફો ચડાવીને વેચેલ છે જેથી તેની મૂળકિંમત નીચે મુજબ શોધવામાં આવશે.

| | |
|---|---|
| ધારો કે મૂળકિંમત | = 100 |
| (+) નફો | = 50 |
| વેચાણ કિંમત | 150 |
| <u>વેચાણ કિંમત</u> | <u>મૂળકિંમત</u> |
| 150 | 100 |
| 45,000 | ? |

$= \dfrac{45,000 \times 100}{150} = 30,000$

**દાવાની રકમની ગણતરી :**

| | |
|---|---:|
| આગ લાગ્યા તારીખે આખરસ્ટૉક | 1,49,130 |
| (-) બચાવેલ માલ | <u>9,130</u> |
| દાવાની રકમ | 1,40,000 |

**ઉદા-10**

મેસર્સ શેઠ બ્રધર્સના કારખાનામાં તા. 31-7-16ના રોજ આગ લાગી હતી. આગમાં મોટા ભાગનો સ્ટૉક બળી ગયો હતો. નીચેની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

| વિગત | 2013 | 2014 | 2015 | 2016 |
|---|---:|---:|---:|---:|
| શરૂઆતનો સ્ટૉક | 15,675 | 17,575 | 18,525 | 19,475 |
| ખરીદી | 3,65,625 | 3,77,175 | 4,25,220 | 2,75,000 |
| વેચાણ | 5,00,000 | 5,25,000 | 5,75,000 | 3,50,000 |
| ખરીદી પરત | 1,125 | 2,425 | 5,000 | 3,500 |
| વેચાણ પરત | 10,000 | 12,500 | 15,500 | 13,000 |
| મજૂરી ખર્ચ | 5,000 | 5,500 | 6,125 | 4,950 |
| ઘસારો | 12,125 | 13,625 | 14,525 | 13,500 |

પેઢી સ્ટૉકનું મૂલ્યાંકન તેની મૂળ કિંમત કરતા 5% ઓછી કિંમતે કરે છે.

**જવાબ :**

ઉધાર                    વેપાર ખાતુ                    જમા

| વિગત | 2013 | 2014 | 2015 | વિગત | 2013 | 2014 | 2015 |
|---|---|---|---|---|---|---|---|
| શરૂનો સ્ટૉક | 16,500 | 18,500 | 19,500 | વેચાણબાદ | | | |
| ખરીદી બાદ | | | | વેચાણ પરત | 4,90,000 | 5,12,500 | 5,59,500 |
| ખરીદી પરત | 3,64,500 | 3,74,750 | 4,20,210 | આખર સ્ટૉક | 18,500 | 19,500 | 20,500 |
| મજૂરી | 5,000 | 5,500 | 6,000 | | | | |
| કાચો નફો (?) | 1,22,500 | 1,33,250 | 1,34,280 | | | | |
| | **5,08,500** | **5,32,000** | **5,80,000** | | **5,08,500** | **5,32,000** | **5,80,000** |

**સમજૂતી :**

(1) શરૂઆતના સ્ટૉકની ગણતરી :

ધારો કે મૂળ કિંમત = 100

ચોપડે કિંમત = 95

$$\frac{\text{ચોપડે કિંમત}}{95} = \frac{\text{મૂળકિંમત}}{100}$$

15675 = ?

$$2013 = \frac{15,675 \times 100}{95} = 16,500$$

$$2014 = \frac{17,575 \times 100}{95} = 18,500$$

$$2015 = \frac{18,525 \times 100}{95} = 19,500$$

$$2016 = \frac{19,475 \times 100}{95} = 20,500$$

(2) $\text{કાચા નફાનો દર} = \frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$

$$2013 = \frac{1,22,500}{4,90,000} \times 100 = 25\%$$

$$2014 = \frac{1,33,250}{5,12,500} \times 100 = 26\%$$

$$2015 = \frac{1,34,280}{5,59,500} \times 100 = 24\%$$

$$\text{સરેરાશ દર} = \frac{25 + 26 + 24}{3} = 25\%$$

**કાચુ વેપાર ખાતુ**

| વિગત | | રકમ રૂ | વિગત | | રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 20,500 | વેચાણ | 3,50,000 | |
| ખરીદી | 2,75,000 | | વેચાણ પરત- | 13,000 | 3,37,000 |
| ખરીદીપરત | - 3,500 | 2,71,500 | આખર સ્ટૉક (?) | | 43,750 |
| મજૂરી | | 4,500 | | | |
| કાચો નફો | | 84,250 | | | |
| (3,37,000 × 25 %) | | | | | |
| | | **3,80,750** | | | **3,80,750** |

આગ લાગ્યા તારીખે આખરસ્ટૉકની કિંમત રૂ. 43,750.

**(6) સૈદ્ધાંતિક અને હેતુલક્ષી પ્રશ્નો**

**(I) સૈદ્ધાંતિક પ્રશ્નો**

(1) સરેરાશ કલમ (ક્લોઝ)નો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

(2) ટૂંકનોંધ લખો : સરેરાશ કલમ

**(II) હેતુલક્ષી પ્રશ્નો**

(1) પારિભાષિક શબ્દોની સમજૂતી આપો.

– સરેરાશ કલમ

– સરેરાશ સ્ટૉક

**(2) ખાલી જગ્યા પૂરો.**

(1) વીમા પોલિસીમાં સરેરાશ કલમનો સમાવેશ ............. ને નિરુત્સાહ કરે છે.

(2) સ્ટૉકના નુકશાનના દાવાની રકમ નક્કી કરવા માટે આગ લાગ્યા તારીખે સ્ટૉકની રકમ અને ............. વચ્ચેનો તફાવત ધ્યાનમાં લેવામાં આવે છે.

(3) આગનો વીમો ............. ને રક્ષણ આપે છે.

(4) શરૂઆતનો સ્ટૉક રૂ. 13,500, ખરીદી રૂ. 82,500, વેચાણ રૂ. 1,20,000, બચાવેલ માલ રૂ. 1,260 અને કાચા નફાનો દર પડતર ઉપર 50% હોય તો આગથી બળી ગયેલ માલની કિંમત ............. રૂ. થશે.

(5) છેલ્લા ત્રણ વર્ષથી કાચા નફાનો દર અનુક્રમે 10%, 12% અને 16% છે તો આગ લાગ્યાના વર્ષે કાચા નફાનો દર ........... ટકા થશે.

(6) છેલ્લા ત્રણ વર્ષથી કાચા નફાનો દર અનુક્રમે 11%, 10% અને 12% હોય તો આગ લાગ્યાના વર્ષે કાચા નફાનો દર ........... ટકા થશે.

**જવાબ**

(1) અલ્પવીમો (2) બચાવેલ માલ (3) વાસ્તવિક મિલકત (4) રૂ. 1,440 (5) 27.33% (6) 11%

**(7) વ્યવહારિક પ્રશ્નો**

**પ્ર.1** મેસર્સ પટેલ એન્ડ પટેલ બ્રધર્સના ગોડાઉનમાં તા. 25-6-16ના રોજ આગ લાગી. આગમાં મોટા ભાગનો માલ બળી ગયો હતો. પરંતુ રૂ. 1,120નો માલ બચી ગયેલ હતો. નીચેની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો. પેઢીનું હિસાબી વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર છે.

(1) તા. 1-1-16ના રોજ સ્ટૉક રૂ. 55,000 હતો. આ સ્ટૉક તેની મૂળકિંમત કરતા 10% વધુ કિંમતે દર્શાવેલ હતો.

(2) તા. 1-1-16 થી તા. 25-6-16 સુધીની ચોખ્ખી ખરીદી રૂ. 1,50,000 છે.

(3) તા. 1-1-16 થી તા. 25-6-16 સુધીનું ચોખ્ખું વેચાણ રૂ. 2,25,000 છે.

(4) મજૂરી ખર્ચ રૂ. 15,000 છે. જેમાં યંત્ર ગોઠવવાની મજૂરીના રૂ. 1,500 સમાયેલાં છે.

(5) માલિકે અંગત વપરાશ માટે રૂ. 1,000 નો માલ પેઢીમાંથી લીધેલ હતો. જેની ચોપડે નોંધ કરવાની બાકી છે.

(6) પેઢીનો છેલ્લા ત્રણ વર્ષનો કાચા નફાનો દર અનુક્રમે 17%, 19% અને 18% છે.

(7) પેઢીએ રૂ. 25,000ની વીમા પોલીસી લીધેલી છે.

(8) આગ બુઝાવવાનો ખર્ચ રૂ.2,000 છે.

**જવાબ :**

આખર સ્ટૉક રૂ. 28,000, સરેરાશ કલમ મુજબ દાવાની રકમ રૂ. 24,000, વીમા કંપની સમક્ષ રજૂ કરવાના દાવાની રકમ રૂ. 26,000, કાચા નફાનો દર 18%)

**પ્ર.2** મેસર્સ ગાંધી ટ્રેડર્સ ગોડાઉનમાં આગ લાગી. આ સમયે મોટાભાગના હિસાબી ચોપડાઓ બળી ગયેલ હતા. આગમાં રૂ. 2,500નો માલ બચાવી લીધેલ હતો. પેઢીએ રૂ. 1,00,000ની વીમા પોલિસી લીધેલી હતી. નીચેની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

| **વિગત** | **રકમ રૂ.** |
|---|---|
| તા.1-4-16ના રોજ સ્ટૉક | 55,000 |
| તા. 31-3-16ના રોજ સ્ટૉક | 77,000 |
| તા. 1-4-16 થી 31-3-17 સુધીની ખરીદી | 3,25,000 |
| તા. 1-4-16 થી તા. 31-3-17 સુધીનું વેચાણ | 4,30,000 |
| 2016-17ના વર્ષ દરમિયાન આવક-માલ ગાડાભાડું | 17500 |
| તા. 1-4-17 થી તા. 25-10-17 સુધીની ખરીદી | 1,50,000 |
| તા. 1-4-17 થી તા. 25-10-17 સુધીનું વેચાણ | 2,10,000 |

પેઢી સ્ટૉકનું મૂલ્યાંકન તેની મૂળકિંમત કરતા 10% વધુ કિંમતે કરે છે.

**જવાબ :**

દાવાની રકમ રૂ. 60,000, 2016-17ના વર્ષનો કાચો નફો રૂ 1,07,500, કાચા નફાનો દર 25%, આગ લાગ્યા તારીખે આખર સ્ટૉક રૂ. 62,500)

**પ્ર.3** મેસર્સ કલ્યાણ બ્રધર્સના ગોડાઉનમાં તા. 1-7-14 ના રોજ આગ લાગી, આગમાં મોટાભાગનો માલ બળી ગયેલ હતો. રૂ.2,500 નો માલ બચાવી લેવામાં આવ્યો હતો. નીચેની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

| **વિગત** | **રકમ રૂ.** |
|---|---|
| તા. 1-1-14ના રોજ સ્ટૉક | 17,000 |
| તા. 1-1-14 થી 1-7-14 સુધીની ખરીદી | 3,10,000 |
| તા. 1-1-14 થી 1-7-14 સુધીનું વેચાણ | 5,25,000 |
| ખરીદ પરત | 10,000 |
| રેલ્વે નૂર | 2,500 |

પેઢી સ્ટૉકનું મૂલ્યાંકન તેની મૂળકિંમત કરતાં 15% ઓછી કિંમતે કરે છે.

**અન્ય વિગત**

| વર્ષ | ખરીદી | વેચાણ | કાચો નફો |
|---|---|---|---|
| 2011 | 3,00,000 | 4,00,000 | 1,00,000 |
| 2012 | 4,25,000 | 6,00,000 | 1,32,000 |
| 2013 | 3,75,000 | 5,25,000 | 1,05,000 |

**જવાબ :**

દાવાની રકમ રૂ. 60,000, કાચા નફાનો દર અનુક્રમે 25%, 22%, 20% છે. આગ લાગ્યા તારીખે આખરસ્ટૉક રૂ. 62,500)

**પ્ર.4** મેસર્સ દવે ટ્રેડર્સના કારખાનામાં તા. 20-4-2012 ના રોજ આગ લાગી. આગમાં મોટા ભાગનો માલ બળી ગયેલ હતો. નીચેની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| તા. 1-1-12ના રોજ સ્ટૉક | 35,000 |
| તા. 1-1-12 થી તા.20-4-12 સુધીની ખરીદી બાદ ખરીદી પરત | 5,00,000 |
| તા. 1-1-12થી તા. 20-4-12 સુધીનું વેચાણ બાદ વેચાણ પરત | 6,50,000 |
| આવક-માલ ગાડાભાડું | 10,000 |
| જાવક-માલ ગાડાભાડું | 30,500 |
| મજૂરી | 25,750 |
| જાહેરાત ખર્ચ | 12,125 |

**અન્ય માહિતી :**

(1) પેઢી દ્વારા સ્ટૉક તેની મૂળકિંમત કરતા 20% ઓછી કિંમતે દર્શાવવામાં આવતો હતો.

(2) રૂ. 25,000 ની ખરીદીનું એક બીલ ખોવાઈ ગયેલ હોવાથી ખરીદીમાં લખવાનું બાકી છે.

(3) એક કારકૂનને તા.15-3-2012થી નોકરીએ રાખેલ હતો. ત્યારથી તે દરરોજ રૂ. 100 રોકડ વેચાણની ઉચાપત કરતો હતો. તા.20-4-2012ના રોજ તેને પેઢીમાંથી કાઢી મૂકવામાં આવેલ હતો.

(4) જાહેરાત તરીકે રૂ. 6,290 નો માલ ગ્રાહકો ને આપેલ હતો. જેની નોંધ કરવાની બાકી છે.

(5) છેલ્લા ત્રણ વર્ષથી વેચાણકિંમત ઉપર કાચા નફાનો દર નીચે મુજબ હતો.

| વર્ષ | કાચા નફાનો દર |
|---|---|
| 2,009 | 25% |
| 2010 | 22% |
| 2011 | 20% |

(6) આગમાં રૂ. 5,000નો માલ બચાવી લીધેલ હતો અને પેઢીએ આગ બુઝાવવાનો ખર્ચ રૂ. 1,200 કરેલ હતો.

(7) મજૂરીની રકમમાં રૂ. 5,750 ની યંત્ર ગોઠવવાની મજૂરીના સમાયેલા છે.

**જવાબ :** દાવાની રકમ રૂ. 8,62,00, કાચા નફાનો દર 20% કાચો નફો 1,30,740, આગ લાગ્યા તારીખે આખર સ્ટૉક રૂ. 90,000 રોકડ વેચાણની ઉચાપત રૂ. 3,700)

**પ્ર.5** મહેતા બ્રધર્સના કારખાનામાં તા. 31-1-17ના રોજ આગ લાગી કારખાનામાં મોટા ભાગનો માલ બળી ગયો હતો. નીચેની માહિતી ઉપરથી દાવાની રકમની ગણતરી કરો.

(1) તા.1-1-17ના રોજ સ્ટૉકની કિંમત રૂ. 65,000 હતી

(2) તા. 1-1-17થી તા. 31-1-17 સુધીની ખરીદી રૂ. 1,60,000 હતી. જેમાં રૂ. 10,000નો માલ તા. 12-2-17ના રોજ મળ્યો હતો. આ ઉપરાંત ખરીદીમાં કેટલાક અસામાન્ય માલની ખરીદી સમાયેલ હતી.

(3) તા.1-1-17 થી તા. 31-1-17 સુધીનું વેચાણ રૂ. 2,25,000 હતું જે પૈકી રૂ. 10,000નો જાગડ વેચાણનો તેમાં સમાવેશ થયેલો છે. આ જાગડ વેચાણમાંથી 50% માલ માટે તા. 31-1-17 સુધીમાં ગ્રાહક પાસેથી કોઈ સૂચના પેઢીને મળેલ નથી.

(4) રૂ. 5,000નો માલ ખામીવાળો હતો જેની કિંમત રૂ. 4,000 આંકવામાં આવી હતી. આ માલનો સમાવેશ તા. 1-1-17ના રોજ સ્ટૉકમાં થયેલ હતો.

(5) તા.31-1-17ના રોજ આડતિયાં પાસે વેચાયા વિનાનો માલ પડી રહેલ હતો. જેની કિંમત રૂ. 6,000 છે. જે આડતિયાને તા. 15-1-17ના રોજ મોકલેલ હતો.

(6) બધો જ નુકશાનીવાળો માલ (ખામીવાળો માલ) રૂ. 3,000 માં વેચેલ હતો. જેનો સમાવેશ ઉપર નોંધેલ (3) માં વેચાણમાં થયેલ છે. આ માલ પડતર કિંમત ઉપર 50% ખોટ ખાઈને વેંચેલ હતો.

(7) છેલ્લા ત્રણ વર્ષની વેચેલ માલની પડતર અને કાચા નફાની વિગતો નીચે મુજબ છે :

| વર્ષ | વેચેલ માલની પડતર | કાચો નફો |
|---|---|---|
| 2014 | 1,20,000 | 30,000 |
| 2015 | 1,84,500 | 40,500 |
| 2016 | 2,10,600 | 59,400 |

**જવાબ :** દાવાની રકમ રૂ. 26,000, કાચો નફો રૂ. 44,000, કાચા નફાનો દર 20% ખામીવાળા માલની કાચી ખોટ રૂ. 3,000 અહીં સામાન્ય અને અસામાન્ય માલના ખાનાવાળું વેપાર ખાતું બનાવવામાં આવશે.)

**પ્ર.6** મેસર્સ પાંચાણી ટ્રેડર્સના કારખાનામાં તા. 20-12-17 ના રોજ આગ લાગી મોટા ભાગનો માલ આગમાં બળી ગયો હતો. નીચેની માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

| વિગત | 2014 | 2015 | 2016 | 2017 |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 31,350 | 35,150 | 37,050 | 38,950 |
| ખરીદી | 7,31,250 | 7,54,350 | 8,50,440 | 5,50,000 |
| વેચાણ | 10,00,000 | 10,50,000 | 11,50,000 | 7,00,000 |
| ખરીદ પરત | 2,250 | 4,850 | 10,000 | 7,000 |
| વેચાણ પરત | 20,000 | 25,000 | 31,000 | 26,000 |
| મજૂરી ખર્ચ | 10,000 | 11,000 | 12,250 | 9,900 |

પેઢી સ્ટૉકનું મૂલ્યાંકન તેની મૂળકિંમત કરતાં 5% ઓછી કિંમતે કરેલ છે.

(**જવાબ :** દાવાની રકમ 87,500, કાચા નફાનો દર અનુક્રમે 25%, 26% અને 24% છે. સરેરાશ કાચા નફાનો દર 25% છે. કાચો નફો અનુક્રમે 2,45,000, 2,66,500, 2,68,560 અને 1,68,500)

BAOU Education for All

डॉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી. કોમ. સેમેસ્ટર-4

COE401- BC

# એકાઉન્ટિંગ & ફાઈનાન્સ-2

## વિભાગ

# 2


| | | |
|---|---|---|
| **એકમ-5** | **આગના દાવાના હિસાબો (નફા-નુકસાન પોલિસીના આધારે)** | **3-28** |
| **એકમ-6** | **ઘસારાના હિસાબો** | **29-66** |
| **એકમ-7** | **ખાતાકીય (વિભાગીય) હિસાબો** | **67-86** |
| **એકમ-8** | **મૂડી માળખું (Capital Structure)** | **87-107** |

| | | |
|---|---|---|
| લેખન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. મનીષ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રી એમ.પી.એન્ડ બી.એ.પટેલ ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,<br>અમદાવાદ. |
| | ડૉ. જૈમીન પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,<br>શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| | ડૉ. ધર્મેન્દ્ર મિસ્ત્રી | પ્રિન્સીપાલ,<br>એમ.સી.શાહ કોમર્સ કોલેજ અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | શ્રી ઘનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | શ્રી દિવ્યેશ વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. જિતલ રાઠોડ | આસિસ્ટન્ટ પ્રોફેસર(ગુજરાતી),<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |



| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | સુધારેલ પુનઃ આવૃત્તિ (2026) | |

ISBN : 978-93-93519-47-4



<u>સર્વાધિકાર સુરક્ષિત</u>

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

એકમ 5

# આગના દાવાના હિસાબો (નફા-નુકસાન પોલિસીના આધારે)

## : રૂપરેખા :


5.1 પ્રસ્તાવના - અર્થ

5.2 નફાના નુકસાનની પોલિસી અંગેના દાવાની રકમની ગણતરી

5.3 પારિણામિક નફા-નુકસાનની પોલિસીની રકમ નક્કી કરવી

5.4 મિલકતો અને સ્ટોકના નુકસાન અંગેની આમનોંધ

● સ્વાધ્યાય


## 5.1 પ્રસ્તાવના - અર્થ

આજના સમયમાં કોઈપણ ધંધાકીય એકમ સામે વિવિધ પ્રકારના જોખમો રહેલા છે. આવા જોખમો જેવા કે ધરતીકંપ, ચોરી, લૂંટફાટ, આગ, અકસ્માત અને હડતાલ જેવા છે. આવા જોખમો ધંધાકીય એકમનો વિકાસ અટકાવે છે. જે ધંધાકીય એકમની પ્રગતિ સામે એક મોટો પડકાર ઊભો કરે છે. આવા જોખમોને અટકાવી શકાતા નથી. પરંતુ આવા જોખમોને થતાં નુકસાન સામે રક્ષણ મેળવવા માટે જુદી-જુદી વીમા કંપનીઓ અસ્તિત્ત્વમાં આવી છે.

વિવિધ પ્રકારના જોખમો સામે રક્ષણ આપવા માટે વીમા કંપનીઓ પ્રીમિયમ લઈને ધંધાકીય એકમોને રક્ષણ પૂરું પાડે છે. આ બધા જોખમોમાં ધંધામાં આગ લાગવાથી ધંધાને મોટું નુકસાન થાય છે. જેની સામે વીમા કંપની ધંધાકીય એકમને વળતર આપે છે.

વીમા કંપનીઓને ચૂકવવામાં આવતું પ્રીમિયમ ધંધાકીય એકમ માટે મહેસૂલી ખર્ચ છે. આગ લાગવાથી થોડા સમય માટે ધંધાકીય પ્રવૃત્તિ બંધ થઈ જાય છે. જેથી એકમના નફામાં ઘટાડો થાય છે. તેમજ કંપનીની કાયમી મિલકતોને નુકસાન થાય છે. જેની સામે વીમા કંપની વળતર આપે છે.

## 5.2 નફાના નુકસાનની પોલિસી અંગેના દાવાની રકમની ગણતરી

ધંધાકીય એકમમાં આગ લાગે ત્યારે સામાન્ય રીતે ધંધાની પ્રવૃત્તિઓ બંધ થઈ જાય છે. જ્યારે સ્થિર ખર્ચાઓ ચૂકવવા પડે છે. આવા સ્થિર ખર્ચા ઉત્પાદન ચાલુ રહે કે બંધ રહે ચૂકવવા પડતાં હોવાથી કંપનીને ખોટ જાય છે. આથી ધંધાના માલિકો આવા નફાના નુકસાન માટે રક્ષણ મેળવવા માટે વીમા પોલિસી લેતા હોય છે. જેને પારિણામિક નુકસાનની પોલિસી પણ કહે છે.

આવા નફા-નુકસાનની ગણતરી કરતી વખતે નીચેની કેટલીક બાબતોની વિચારણા કરવામાં આવે છે.

### 1) ગુમાવેલ વેચાણ :

સૌ પ્રથમ ધંધાના માલિકો દ્વારા આગ લાગવાથી વેચાણમાં કેટલો ઘટાડો થયો તે શોધવામાં આવે છે. આ માટે આગળના વર્ષમાં થયેલા વેચાણ સાથે ચાલુ વર્ષ દરમિયાન તેટલા સમય દરમિયાન ખરેખર વેચાણને સરખાવવામાં આવે છે. સ્વાભાવિક છે કે આગ લાગ્યાના વર્ષમાં વેચાણ ઓછું થયેલ હોય છે જેને ગુમાવેલ વેચાણ પણ કહેવાય છે.

ઉદાહરણ :

ધારો કે તા. 01/04/2020ના રોજ આગ લાગી હોય અને ધંધો 3 માસ બંધ રહેલ હોય તો તા. 30/06/2021 સુધી ધંધામાં વેચાણ થયેલ નહીં હોય. આ સમય દરમિયાન વેચાણ રૂ. 1,00,000 થયેલ છે. હવે આ જ સમય દરમિયાન આગળના વર્ષે વેચાણ રૂ. 1,60,000 (તા. 01/04/2019 થી તા. 30/06/2019) છે. આથી કહી શકાય કે આ સમય દરમિયાન ધંધામાં રૂ. 60,000 (1,60,000 - 1,00,000) નું વેચાણ ઓછું કહેવાય છે. જેને ગુમાવેલ વેચાણ પણ કહી શકાય છે.

જો આગળના વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે વેચાણમાં વધારાની કે ઘટાડાની શક્યતા હોય તો તેને ધ્યાનમાં લઈ ગુમાવેલ વેચાણ નીચે મુજબ શોધી શકાય છે.

ધારો કે ચાલુ વર્ષે વેચાણમાં 10% વધારો થવાનો હોય ત્યારે ગુમાવેલ વેચાણ નીચે મુજબ શોધી શકાય છે.

| | | |
|---|---|---|
| તા. 01/04/2019 થી તા. 30/06/2019 સુધીનું વેચાણ | = | 1,60,000 |
| (+) વેચાણમાં વધારો (1,60,000 × 10%) | = | (+) 16,000 |
| | | 1,76,000 |
| (-) તા. 01/04/2020 થી તા. 30/06/2020 સુધીનું વેચાણ | = | (-) 1,00,000 |
| ગુમાવેલ વેચાણ | = | 76,000 |

ધારો કે ચાલુ વર્ષે વેચાણમાં 20% ઘટાડો થવાની શક્યતા હોય તો ગુમાવેલ વેચાણ નીચે મુજબ શોધી શકાય છે.

| | | |
|---|---|---|
| તા. 01/04/2019 થી તા. 30/06/2019 સુધીનું વેચાણ | = | 1,60,000 |
| (-) વેચાણમાં ઘટાડો (1,60,000 × 20%) | = | (-) 32,000 |
| | | 1,28,000 |
| (-) તા. 01/04/2020 થી તા. 30/06/2020 સુધીનું વેચાણ | = | (-) 1,00,000 |
| ગુમાવેલ વેચાણ | = | 28,000 |

**2) બાંયધરી સમયગાળો :**

સામાન્ય રીતે આગ લાગ્યા પછી ધંધાનું કામકાજ અસ્તવ્યસ્ત થઈ જાય છે અને ફરીથી નિયમિત કામકાજ શરૂ થતા સમય લાગે છે. આ સમયને બાંયધરી સમયગાળો કહે છે. જેનો ઉલ્લેખ વીમા પોલિસીમાં કરવામાં આવે છે.

**3) સ્થાયી ખર્ચા :**

ધંધામાં ખર્ચા સામાન્ય રીતે બે પ્રકારના હોય છે. જેમાં એક ચલિત ખર્ચા કે જે ઉત્પાદનના વધારા સાથે વધે છે અને ઘટાડા સાથે ઘટે છે. જ્યારે બીજા સ્થિર ખર્ચા છે જે ઉત્પાદન ચાલુ રહે કે બંધ, આવા ખર્ચા ચૂકવવા પડે છે. જેમકે કાયમી કર્મચારીનો પગાર, કારખાનાનું ભાડું, કરવેરા, વીમો, લૉન અને ડિબેન્ચરનું વ્યાજ તેમજ કાયમી મિલકતોનો ઘસારો આવા ખર્ચાઓ ઉત્પાદન બંધ હોય તો પણ ચૂકવવા પડે છે.

**4) દાવાની રકમની ગણતરી :**

વીમા કંપની આગના દાવાની રકમ નક્કી કરતી વખતે નીચે મુજબ બે સૂત્રનો ઉપયોગ કરી ટકાવારી શોધવામાં આવે છે.

A) $$\frac{\text{ગયા વર્ષનો ચોખ્ખો નફો + ગયા વર્ષના સ્થિર ખર્ચા}}{\text{ગયા વર્ષનું વેચાણ}} \times 100$$

B) $$\frac{\text{વીમા પોલિસીની રકમ}}{\text{આગ લાગ્યા તારીખે પૂરા થતાં બાર મહિનાનું વેચાણ}} \times 100$$

ઉપર મુજબ આપેલ ટકાવારીમાં જે ઓછા ટકા હોય તેને ધ્યાનમાં લેવામાં આવે છે. આ ઓછા ટકાને ગુમાવેલ વેચાણ સાથે લાગુ પાડી દાવાની રકમ નક્કી કરવામાં આવે છે.

પ્રથમ ટકાવારી વીમા કંપનીએ ભોગવેલ ખરેખર નુકસાન દર્શાવે છે. જો આ ટકાવારી ઓછી હોય તો એમ કહી શકાય કે વીમા કંપનીનું ખરેખર નુકસાન ઓછું છે.

બીજી ટકાવારી વીમા કંપની પ્રીમિયમના પ્રમાણમાં વધુમાં વધુ કેટલી રકમ ચૂકવશે તે દર્શાવે છે. જો આ ટકાવારી ઓછી હોય તો એમ કહી શકાય કે વીમો ઓછો લીધેલ હોવાથી ઓછી રકમની ચૂકવણી કરશે.

ઉપર મુજબ ટકાવારી શોધતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે.

1) અહીં સ્થિર ખર્ચા એટલે જેનો વીમો લીધે હોય તેવા સ્થિર ખર્ચાઓ જ ધ્યાનમાં લેવાય છે.

2) અહીં નફો એટલે સ્થિર ખર્ચા સહિતનો ધ્યાનમાં લેવામાં આવે છે. એટલે જ ટકાવારી શોધવા ચોખ્ખા નફામાં સ્થિર ખર્ચા ઉમેરવામાં આવે છે.

3) આગ લાગ્યા તારીખે પૂરા થતા માસનું વેચાણ ....

   ધારો કે તા. 01/04/2020માં ધંધામાં આગ લાગે ત્યારે તા. 31/03/2020 સુધી પૂરા થતા 12 માસનું વેચાણ ધ્યાનમાં લેવું એટલે કે તા. 01/04/2019 થી તા. 31/03/2020 સુધીનું વેચાણ.

4) છેલ્લા નાણાકીય વર્ષનું વેચાણ ....

   અહીં ગયા વર્ષનું વેચાણ ધ્યાનમાં લેવાય છે. એટલે કે જો ધંધામાં તા. 01/04/2020ના રોજ આગ લાગી હોય અને પેઢીનું હિસાબી વર્ષ 1 જાન્યુઆરી થી સુધી 31 ડિસેમ્બર સુધીનું ગણાશે.

5) દાવાની રકમ = ગુમાવેલ વેચાણ × ઓછામાં ઓછા ટકા

## 5) વ્યવહારિક ઉદાહરણો

### ઉદા. 1

ધી ઇન્ડિયા લિ.ના મકાનમાં તા. 01/05/2019 ના રોજ આગ લાગી. પેઢીએ નફાના નુકસાનની પોલિસી રૂ. 60,000ની લીધી છે. બાંયધરીનો સમયગાળો 3 માસનો છે. તા. 31/12/2018ના રોજ પૂરા થતા વર્ષનું વેચાણ રૂ. 5,00,000 હતું અને ચોખ્ખો નફો રૂ. 60,000 હતો. નફા નુકસાન ખાતે સ્થિર ખર્ચાના રૂ. 7,500 ઉધારવામાં આવ્યા હતા.

ધી ઇન્ડિયા લિ.માં તા. 01/05/2019 થી તા. 31/03/2019 સુધીનું વેચાણ રૂ. 1,03,000 હતું. જ્યારે તા. 01/05/2018 થી તા. 31/07/2018 સુધીનું વેચાણ રૂ. 1,83,000 હતું. તા. 30/04/2019ના રોજ પૂરા થતાં બાર માસનું વેચાણ રૂ. 6,00,000 છે. દાવાનું આગ પત્રક તૈયાર કરો.

**જવાબ : ગુમાવેલ વેચાણ**

| | | |
|---|---|---|
| તા. 01/05/2018 થી તા. 31/07/2018 સુધીનું વેચાણ | = | 1,83,000 |
| (-) તા. 01/05/2019 થી તા. 31/07/2019 સુધીનું વેચાણ | = | (-) 1,03,000 |
| ગુમાવેલ વેચાણ | = | 80,000 |

**વેચાણ પર નફાની ટકાવારી**

A) $= \dfrac{\text{ગયા વર્ષનો ચોખ્ખો નફો + ગયા વર્ષના સ્થિર ખર્ચા}}{\text{ગયા વર્ષનું વેચાણ}} \times 100$

$= \dfrac{60{,}000 + 7{,}500}{5{,}00{,}000} \times 100$

$= 13.5\%$

B) $= \dfrac{\text{વીમા પોલિસીની રકમ}}{\text{આગ લાગ્યા તારીખે પૂરા થતાં બાર મહિનાનું વેચાણ}} \times 100$

$= \dfrac{60{,}000}{6{,}00{,}000} \times 100$

$= 10\%$

**દાવાની રકમ**

ગુમાવેલ નફો = ગુમાવેલ વેચાણ × ઓછામાં ઓછા ટકા

= 80,000 × 10%

= 8,000

**ઉદા. 2**

શ્રી મનોજે નફા નુકસાનની પોલિસી લીધેલ હતી. પોલિસીની રકમ રૂ. 45,000 હતી. બાંયધરીનો સમયગાળો 4 માસનો છે.

તા. 31/12/2018ના રોજ પૂરા થતા વર્ષનો ચોખ્ખો નફો રૂ. 30,000 છે. (જેમાં રૂ. 45,000 સ્થિરખર્ચા ઉધાર્યા પછીનો) આ સમયનું વેચાણ રૂ. 7,50,000 હતું

તા. 01/06/2019ના રોજ પેઢીના મકાનમાં આગ લાગી. આગ લાગ્યા તારીખે પૂરા થતા 12 માસનું વેચાણ રૂ. 3,00,000 હતું. આગ લાગ્યાના વર્ષ દરમિયાન ધંધો ખોરવાઈ ગયો. તે સમયનું વેચાણ રૂ. 80,000 હતું. અને આ જ સમય દરમિયાન પાછલા વર્ષનું વેચાણ રૂ. 1,60,000 હતું. વર્ષ 2018ની સરખામણીએ વર્ષ 2019માં વેચાણમાં 10% વધારો થશે અને નફામાં 3%નો વધારો થશે.

ઉપરોક્ત માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

**જવાબ :**

આગ લાગ્યાની તારીખ = તા. 01/06/2019

બાંયધરી સમય = 4 માસ

બાંયધરી સમયગાળો = તા. 01/06/2019 થી તા. 30/09/2019

ગયા વર્ષનો તે જ સમયનો ગાળો = તા. 01/06/2018 થી તા. 30/09/2018

**ગુમાવેલ વેચાણ**

| | | |
|---|---|---|
| તા. 01/06/2018 થી તા. 30/09/2018 સુધીનું વેચાણ | = | 1,60,000 |
| (+) વેચાણમાં વધારો (1,60,000 × 10%) | = | (+) 16,000 |
| | | 1,76,000 |
| (-) તા. 01/06/2019 થી તા. 30/09/2019 સુધીનું વેચાણ | = | (-) 80,000 |
| ગુમાવેલ વેચાણ | = | 96,000 |

**વેચાણ પર નફાની ટકાવારી**

A) $= \dfrac{\text{ગયા વર્ષનો ચોખ્ખો નફો + ગયા વર્ષના સ્થિર ખર્ચા}}{\text{ગયા વર્ષનું વેચાણ}} \times 100$

$= \dfrac{30,000 + 45,000}{7,50,000} \times 100$

= 10%

અહીં નફામાં 2% વધારો થયેલ છે. તેથી 10% + 2% = 12%

B) $= \dfrac{\text{વીમા પોલિસીની રકમ}}{\text{આગ લાગ્યા તારીખે પૂરા થતાં બાર મહિનાનું વેચાણ}} \times 100$

$= \dfrac{45,000}{3,30,000\ (3,00,000 + 30,000)} \times 100$

= 13.64%

**દાવાની રકમ**

ગુમાવેલ નફો = ગુમાવેલ વેચાણ × ઓછામાં ઓછા ટકા

= 96,000 × 12%

ગુમાવેલ નફો = 11,520

**ઉદા. 3**

મેસર્સ કમનસીબ લિમિટેડના મકાનમાં તા. 01/05/2018ના રોજ આગ લાગી. કંપનીએ નફા નુકસાનની રૂ. 99,000ની પોલિસી લીધી હતી. બાંયધરી સમયગાળો 4 માસનો છે. તા. 01/05/2018 થી તા. 31/08/2018 સુધીનું વેચાણ રૂ. 3,00,000 હતું. જ્યારે તા. 01/05/2017 થી તા. 31/08/2017 સુધીનું વેચાણ રૂ. 5,00,000 હતું. કંપનીનું તા. 01/05/2017 થી તા. 30/04/2018 સુધી પૂરા થતાં બાસ માસનું વેચાણ રૂ. 10,00,000 હતું. કંપની તેના હિસાબો 31મી ડિસેમ્બરના રોજ બનાવે છે. વર્ષ 2017ના વર્ષનું નફા નુકસાન ખાતું નીચે આપેલું છે.

ઉ. નફા નુકસાન ખાતું જ.

ઉ. નફા નુકસાન ખાતું જ

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 1,00,000 | વેચાણ | 8,00,000 |
| ખરીદી | 5,00,000 | આખર સ્ટોક | 63,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 70,000 | રોકાણોનું વ્યાજ | 12,000 |
| કારખાનાના ખર્ચા | | શૅરનું ડિવિડન્ડ | 5,000 |
| સ્થિર ખર્ચ | 10,000 | | |
| ચલિત ખર્ચ | 67,000 | | |
| ઓફિસ સ્થિર ખર્ચ | 30,000 | | |
| વેચાણ વિતરણ ખર્ચ | | | |
| ચલિત ખર્ચ | 30,000 | | |
| સ્થિર ખર્ચ | 10,000 | | |
| ચોખ્ખો નફો | 63,000 | | |
| | **8,80,000** | | **8,80,000** |

વર્ષ 2017ની સરખામણીમાં વર્ષ 2018માં વેચાણમાં 10% ઘટાડો થવાનો અંદાજ છે. તેમજ આગ બુઝાવવાનો ખર્ચ રૂ. 5,000 થયો હતો.

ઉપરોક્ત માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

**જવાબ : ગુમાવેલ વેચાણ**

| | | |
|---|---|---|
| તા. 01/05/2017 થી તા. 31/08/2017 સુધીનું વેચાણ | = | 5,00,000 |
| (-) વેચાણમાં ઘટાડો 10% | = | (-) 50,000 |
| | | 4,50,000 |
| (-) તા. 01/05/2018 થી તા. 31/08/2018 સુધીનું વેચાણ | = | (-) 3,00,000 |
| ગુમાવેલ વેચાણ | = | 1,50,000 |

**નફાની ટકાવારી**

$$= \frac{\text{ગયા વર્ષનો ચોખ્ખો નફો + ગયા વર્ષના સ્થિર ખર્ચા}}{\text{ગયા વર્ષનું વેચાણ}} \times 100$$

$$= \frac{46{,}000 + 50{,}000}{8{,}00{,}000} \times 100$$

$$= \frac{96{,}000}{8{,}00{,}000} \times 100$$

$= 12\%$

નોંધ-1 :

અહીં નફા નુકસાન ખાતામાં ચોખ્ખો નફો રૂ. 63,000 જેમાંથી બિનધંધાકીય આવક જેમ કે રોકાણોનું વ્યાજ રૂ. 12,000 અને શૅરનું ડિવિડન્ડ રૂ. 5,000 બાદ કરવામાં આવશે.

નોંધ-2 :

અહીં સ્થિર ખર્ચા નીચે મુજબ શોધવામાં આવશે.

| | | |
|---|---|---|
| કારખાનાના સ્થિર ખર્ચા | = | 10,000 |
| ઓફિસના સ્થિર ખર્ચા | = | 30,000 |
| વેચાણ વિતરણના સ્થિર ખર્ચા | = | 10,000 |
| | | 50,000 |

B) $= \dfrac{\text{વીમા પોલિસીની રકમ}}{\text{આગ લાગ્યા તારીખે પૂરા થતાં બાર મહિનાનું વેચાણ}} \times 100$

$= \dfrac{99,000}{9,00,000\ (10,00,000 - 1,00,000)} \times 100$

$= 11\%$

**દાવાની રકમ**

દાવાની રકમ = ગુમાવેલ વેચાણ × ઓછામાં ઓછા ટકા

= 1,50,000 × 11%

= 16,500

**કુલ દાવાની રકમ**

| | | |
|---|---|---|
| દાવાની રકમ | = | 16,500 |
| (+) આગ બુઝાવવાનો ખર્ચ | = | (+) 5,000 |
| | = | 21,500 |

**ઉદા. 4**

મેસર્સ રૂપમ સ્ટોર્સના ગોડાઉનમાં તા. 01/05/2019 ના રોજ આગ લાગી. પેઢીએ નફાના નુકસાનની રૂ. 58,320ની પોલિસી લીધેલ હતી. વેચાણની વિગત નીચે મુજબ હતી.

તા. 01/05/2019 થી તા. 31/10/2019 સુધીનું વેચાણ રૂ. 2,00,000

તા. 01/05/2018 થી તા. 31/10/2018 સુધીનું વેચાણ રૂ. 3,80,000

તા. 01/05/2018 થી તા. 30/04/2019 સુધીનું વેચાણ રૂ. 4,50,000

તા. 01/09/2018 થી તા. 30/04/2019 સુધીનું વેચાણ રૂ. 3,50,000

નુકસાનીનો સમયગાળો 6 માસનો હતો. પરંતુ ધંધો 4 માસમાં વ્યવસ્થિત ચાલુ થઈ ગયો હતો. પેઢીનું હિસાબી વર્ષ 31મી ડિસેમ્બરે પૂરું થાય છે. 2018ના વર્ષનું નફા-નુકસાન ખાતું નીચે મુજબ છે.

**ઉ. નફા નુકસાન ખાતું જ.**

ઉ. નફા નુકસાન ખાતું જ

| વિગત | | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | | 50,000 | વેચાણ | 3,50,000 |
| ખરીદી | | 2,50,000 | ફર્નિચર વેચાણનો નફો | 19,000 |
| પ્રત્યક્ષ મજૂરી | | 30,000 | રોકાણોનું વ્યાજ | 17,000 |
| ઉત્પાદન ખર્ચા | | | આખર સ્ટોક | 54,000 |
| ચલિત ખર્ચ | 6,500 | | | |
| સ્થિર ખર્ચ | 8,500 | 15,000 | | |
| વહીવટી ખર્ચ | | | | |
| ચલિત ખર્ચ | 11,500 | | | |
| સ્થિર ખર્ચ | 9,500 | 21,000 | | |
| વેચાણ વિતરણ ખર્ચ | | | | |
| ચલિત ખર્ચ | 3,500 | | | |
| સ્થિર ખર્ચ | 5,500 | 9,000 | | |
| ચોખ્ખો નફો | | 65,000 | | |
| | | **4,40,000** | | **4,40,000** |

2019ના વર્ષમાં વેચાણમાં 8% અને નફામાં 3%નો વધારો થવાનો અંદાજ છે. દાવાની રકમ રૂ. 12,000 નક્કી થઈ છે. જેમાં આગ બુઝાવવાના ખર્ચ રૂ. 2,400નો સમાવેશ થાય છે.

ઉપરની માહિતી પરથી ચાલુ વર્ષના બાંયધરી સમયનું વેચાણ નોંધો.

**જવાબ :**

નોંધ-1 :

અહીં બાંયધરી સમયગાળો 6 માસનો છે. પરંતુ ખરેખર 4 માસમાં જ ધંધો વ્યવસ્થિત ચાલુ થઈ ગયો છે. તેથી 4 માસ જ બાંયધરી સમય ધ્યાનમાં લેવાશે.

નોંધ-2 :

અહીં દાવાની રકમ આપી દીધેલ છે. જેના આધારે ગુમાવેલ વેચાણ શોધવામાં આવશે. અને ત્યારબાદ તેના આધારે બાંયધરી સમયનું વેચાણ આપણને મળશે.

**નફાની ટકાવારી**

$$= \frac{\text{ગયા વર્ષનો ચોખ્ખો નફો + ગયા વર્ષના સ્થિર ખર્ચા}}{\text{ગયા વર્ષનું વેચાણ}} \times 100$$

$$= \frac{29,000 + 23,500}{3,50,000} \times 100$$

$= 15\%$

$= 15\% + 3\% = 18\%$

**આગના દાવાના હિસાબો**
**(નફા-નુકસાન પોલિસીના આધારે)**

1) નફા નુકસાન ખાતા મુજબ ચોખ્ખો નફો = 65,000
(-) ફર્નિચર વેચાણનો નફો = (-)19,000
(-) રોકાણોનું વ્યાજ = (-)17,000
ખરેખર ચોખ્ખો નફો = 29,000

2) કુલ સ્થિર ખર્ચા

ઉત્પાદન ખર્ચ - સ્થિર = 8,500
વહીવટી ખર્ચ - સ્થિર = 9,500
વેચાણ વિતરણ ખર્ચ - સ્થિર = 5,500
23,500

$$= \frac{\text{વીમા પોલિસીની રકમ}}{\text{આગ લાગ્યા તારીખે પૂરા થતાં બાર મહિનાનું વેચાણ}} \times 100$$

$$= \frac{58{,}320}{4{,}86{,}000\ (4{,}50{,}000 + 8\%)} \times 100$$

= 12%

**દાવાની રકમ**

દાવાની રકમ = 12,000
(-) આગ બુઝાવવાનો ખર્ચ = (-) 2,400
= 9,600

દાવાની ચોખ્ખી રકમ = ગુમાવેલ વેચાણ × ઓછામાં ઓછા ટકા

9,600 = ગુમાવેલ વેચાણ × 12 / 100

$$\text{ગુમાવેલ વેચાણ} = \frac{9{,}600 \times 100}{12}$$

ગુમાવેલ વેચાણ = રૂ. 80,000

આગ લાગ્યાની તારીખ = તા. 01/05/2019

ખરેખર બાંયધરી સમય = 4 માસ

બાંયધરી સમયગાળો = તા. 01/05/2019 થી તા. 31/08/2019

અહીં આપણને રૂ. 80,000 ગુમાવેલ વેચાણ તા. 01/05/2019 થી તા. 31/08/2019 સુધીનું મળી ગયેલ છે. જ્યારે નવા વર્ષનું વેચાણ નીચે મુજબ શોધવામાં આવશે.

તા. 01/05/2018 થી તા. 30/04/2019 સુધીનું વેચાણ = 4,50,000
તા. 01/09/2018 થી તા. 30/04/2019 સુધીનું વેચાણ = (-) 3,50,000
તા. 01/05/2018 થી તા. 31/08/2018 સુધીનું વેચાણ = 1,00,000

| | | |
|---|---|---|
| **ગુમાવેલ વેચાણ** | = | આગળના (પાછલા) વર્ષનું વેચાણ - બાંયધરી સમયનું વેચાણ |
| 80,000 | = | 1,00,000 - બાંયધરી સમયનું વેચાણ |
| બાંયધરીનું વેચાણ | = | 1,00,000 - 80,000 |
| | = | 20,000 રૂ. |

## 5.3 પારિણામિક નફાના નુકસાનની પોલિસીની રકમ નક્કી કરવી

સામાન્ય રીતે દરેક ધંધાકીય એકમ એવું વિચારીને નફાના નુકસાનની પોલિસી લેતી હોય છે કે તેમને પૂરેપૂરું નુકસાનનું વળતર મળી રહે પરંતુ વાસ્તવમાં આવું થતું નથી. કારણકે જો ધંધાકીય એકમ ઓછી રકમનો વીમો ઉતરાવે તો તેણે જેટલો વીમો લીધો હોય તેટલું જ વળતર મળે છે. એટલે કે પૂરું વળતર મળતું નથી. એનાથી વિરુદ્ધ જો વધારે વીમો ઉતરાવેલ હોય તો તેણે જેટલું નુકસાન ગયેલ હોય તેટલું જ વળતર મળે છે. આથી દરેક સંચાલકોએ કેટલો વીમો લેવો જોઈએ તે નક્કી કરવું અગત્યનું બને છે.

વીમા પોલિસીની રકમ નક્કી કરતી વખતે સામાન્ય રીતે બિન ધંધાકીય આવક, બિન ધંધાકીય ખર્ચા અને ધંધાના સ્થિર ખર્ચાનો વિચાર કરવામાં આવે છે. બિન ધંધાકીય ખર્ચાઓ એટલે એવા ખર્ચાઓ જે રોજબરોજના વ્યવહારોમાં થતાં ન હોય. જેમ કે આગ કે અકસ્માતથી નુકસાન, મિલકત વેચાણનું નુકસાન, ચોરીથી નુકસાન વગેરે. બિન ધંધાકીય આવકો જેવીકે રોકાણોનું વ્યાજ, શૅરનું ડિવિડન્ડ, મિલકત વેચાણનો નફો વગેરે. આવા ખર્ચ અને આવકો ચોખ્ખા નફામાંથી કાઢી નાંખવામાં આવે છે.

સ્થિર ખર્ચા એટલે એવા ખર્ચ કે જેમાં ઉત્પાદનનાં વધારા કે ઘટાડાની કોઈ અસર જોવા મળતી નથી. એટલે કે આવા ખર્ચાઓ ચૂકવવા પડે છે. દા.ત. કારખાનાનું ભાડું, મિલકતનો ઘસારો, વીમા પ્રીમિયમ, બેંક લૉનનું વ્યાજ, કરવેરા, કાયમી કર્મચારીનો પગાર વગેરે. વીમા પોલિસી જે વર્ષ માટે લેવાની હોય તે વર્ષ સામાન્ય વર્ષ હોય તો આગળના વર્ષના ચોખ્ખા નફા અને સ્થિર ખર્ચના સરવાળા જેટલો વીમો લેવામાં આવે છે. પરંતુ જો વેચાણમાં વધારો કે ઘટાડો થવાની શક્યતા તેને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

**ઉદા. 5**

નેશનલ લિ. તા. 31/12/2018ના રોજનું વેપાર ખાતું અને નફા નુકસાન ખાતું નીચે મુજબ છે. તેના પરથી કેટલી રકમનો વીમો લેવો તે નક્કી કરવાનું છે. એવું માનવામાં આવે છે કે બધા સ્થિર ખર્ચાનો વીમો લેવામાં આવે છે.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 50,000 | વેચાણ | 7,00,000 |
| ખરીદી | 3,55,000 | આખર સ્ટોક | 80,000 |
| મજૂરી | | | |
| કુશળ કામદાર | 10,000 | | |
| બિનકુશળ કામદાર | 15,000 | | |
| કાચો નફો – નફા નુકસાન ખાતે લઈ ગયા | 3,50,000 | | |
| | **7,80,000** | | **7,80,000** |
| પગાર (૭૦% સ્થિર) | 50,000 | કાચો નફો – | 3,50,000 |
| ડિબેન્ચર વ્યાજ | 10,000 | વેપાર ખાતેથી લાવ્યા | |
| વીમા પ્રીમિયમ | 10,500 | ફર્નિચર વેચાણનો નફો | 10,000 |
| ભાડું | 7,500 | | |
| કરવેરા | 4,200 | | |
| ફર્નિચર ઘસારો | 5,800 | | |
| જાહેરાત ખર્ચ (૬૦% સ્થિર) | 50,000 | | |
| બેંક લૉનનું વ્યાજ | 30,000 | | |
| વીજળી ખર્ચ | 80,000 | | |
| ચોખ્ખો નફો | 1,12,000 | | |
| | **3,60,000** | | **3,60,000** |

**જવાબઃ પારિણામિક નફા નુકસાનની પૉલિસીની રકમ દર્શાવતું પત્રક**

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| નફા નુકસાન ખાતા મુજબ ચોખ્ખો નફો | | 1,12,000 |
| ઉમેરો : સ્થિર ખર્ચાઓ | | |
| મજૂરી - કુશળ કામદાર | 10,000 | |
| પગાર (50,000 - 70%) | 35,000 | |
| ડિબેન્ચર વ્યાજ | 10,000 | |
| વીમા પ્રીમિયમ | 10,500 | |
| ભાડું | 7,500 | |
| કરવેરા | 4,200 | |
| ફર્નિચર ઘસારો | 5,800 | |
| જાહેરાત ખર્ચ (50,000 - 60%) | 30,000 | |
| બેંક લૉનનું વ્યાજ | 30,000 | 1,43,000 |
| | | 2,55,000 |
| બાદ : બિન ધંધાકીય આવકો | | |
| ફર્નિચર વેચાણનો નફો | | (-) 10,000 |
| વીમા પોલિસીની રકમ | | **2,45,000** |

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| | | 2,55,000 |
| બાદ : બિન ધંધાકીય આવકો | | |
| ફર્નિચર વેચાણનો નફો | | (-) 10,000 |
| વીમા પોલિસીની રકમ | | **2,45,000** |

## 5.4 મિલકતો અને સ્ટોકના નુકસાન અંગેની આમનોંધ

ધંધાકીય એકમમાં આગ લાગે ત્યારે સંચાલકો કે માલિકો આગથી થયેલ નુકસાન સામે વીમા પોલિસી લેતા હોય છે. આ માટે સંચાલકો આખા ફેક્ટરીનો, યંત્રો અને સ્ટોકનો વીમો લેતા હોય છે. હવે જ્યારે આગ લાગે ત્યારે ધંધાના માલિકો આગથી થયેલ નુકસાન અંગેનો દાવો વીમા કંપની સમક્ષ રજૂ કરતાં હોય છે.

સામાન્ય રીતે વીમા કંપનીના કર્મચારીઓ આ દાવાની ખરાઈ કરવા માટે જાત તપાસ કરતાં હોય છે અને ત્યારબાદ દાવો મંજૂર કરતાં હોય છે. જ્યારે દાવો સ્વીકારવામાં આવે ત્યારે જ હિસાબો લખવામાં આવતાં હોય છે. આ માટે નીચે મુજબ આમનોંધ પસાર કરવામાં આવે છે.

**A) સ્થિર મિલકતો (સ્થાયી મિલકત) અંગે આમનોંધ**

**1) વીમા કંપની પૂરેપૂરી રકમનો દાવો મંજૂર કરે ત્યારે .......**

વીમા કંપની ખાતે ઉ.

તે મિલકત ખાતે

**2) વીમા કંપની દાવાની ઓછી રકમ મંજૂર કરે ત્યારે .......**

**a) વીમા કંપની દાવો મંજૂર કરે ત્યારે**

વીમા કંપની ખાતે ઉ.

તે મિલકત ખાતે

**b) વીમા કંપની દાવો મંજૂર કરે ત્યારે**

આગથી થયેલ નુકસાન ખાતે ઉ.

તે મિલકત ખાતે

અથવા

ઉપર મુજબની બે આમનોંધ કરવાના બદલે સંયુક્ત આમનોંધ નીચે મુજબ કરી શકાય.

વીમા કંપની ખાતે ઉ.

આગથી થયેલ નુકસાન ખાતે ઉ.

તે મિલકત ખાતે

વીમા કંપની જેટલી રકમનો દાવો ઓછો મંજૂર કરે તેને "આગથી થયેલ નુકસાન" કહેવાય છે. જેને આકસ્મિક નુકસાન કહેવાય છે. તેથી તેને "પ્રસારિત

ખર્ચા" તરીકે ગણવામાં આવે છે. અને દરેક વર્ષે થોડી થોડી રકમ નફા નુકસાન ખાતે લઈ જઈને માંડી વાળવામાં આવે છે.

**3) વીમા કંપની દાવાની વધુ રકમ મંજૂર કરે ત્યારે :**

સામાન્ય રીતે વીમા કંપની ક્યારેય ધંધાના માલિકો દ્વારા મૂકવામાં આવેલ દાવાની રકમ કરતાં વધારે રકમનો દાવો મંજૂર કરે નહીં. પરંતુ જ્યારે વધુ પડતા ઘસારાને કારણે મિલકતની ચોપડે કિંમત ઓછી હોય પરંતુ મિલકતની ખરેખરી કિંમત વધુ હોય ત્યારે આ પ્રકારનું બની શકે છે.

**a) વીમા કંપની દાવો સ્વીકારે ત્યારે**

વીમા કંપની ખાતે ઉ.

તે મિલકત ખાતે

**b) વીમા કંપની જેટલી રકમનો દાવો વધારે મંજૂર કરે ત્યારે**

મિલકત ખાતે ઉ.

તે આગથી થયેલ નુકસાન ખાતે

અથવા

ઉપર મુજબની બે આમનોંધ કરવાના બદલે નીચે મુજબ સંયુક્ત આમનોંધ પણ કરી શકાય.

વીમા કંપની ખાતે ઉ.

તે મિલકત ખાતે

તે આગથી થયેલ નુકસાન ખાતે

અહીં આગથી થયેલ નુકસાન ખાતું એટલા માટે જમા કરવામાં આવે છે કે આ નફાનો ઉપયોગ અન્ય મિલકતોના આગથી થયેલ નુકસાન ઘટાડવા માટે કરવામાં આવે છે.

**B) સ્ટોકના દાવા અંગેની આમનોંધ**

ધંધાકીય એકમમાં આગ લાગે ત્યારે માલના સ્ટોકને નુકસાન થાય છે. આ નુકસાન બે પ્રકારનું થાય છે. જેને આગથી નાશ પામેલ સ્ટોક (Destroyed Stock) કહેવામાં આવે છે. અને બીજું જેમાં સ્ટોક સંપૂર્ણપણે નાશ પામ્યો ન હોય પરંતુ અંશતઃ નાશ પામ્યો હોય તેને "આગથી નુકસાન પામેલ સ્ટોક" કહેવામાં આવે છે. આવા સમયે નીચે મુજબ આમનોંધ થશે.

**1) વીમા કંપની દાવો મંજૂર કરે ત્યારે**

વીમા કંપની ખાતે ઉ.

તે આગથી નાશ પામેલ સ્ટોક ખાતે

તે આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે

**2) આગથી નાશ પામેલ અને આગથી નુકસાન પામેલ સ્ટોક વેપાર ખાતે લઈ જવામાં આવે ત્યારે ....**

આગથી નાશ પામેલ સ્ટોક ખાતે ઉ.

આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે ઉ.

તે વેપાર ખાતે

**3) આગથી નુકસાન પામેલ સ્ટોકનું વેચાણ કરવામાં આવે ત્યારે ....**

રોકડ / બેંક ખાતે ઉ.

તે આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે

**4) આગથી નાશ પામેલ અને આગથી નુકસાન પામેલ સ્ટોકની ઉધાર બાકી નુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારે**

નફા નુકસાન ખાતે ઉ.

તે આગથી નાશ પામેલ સ્ટોક ખાતે

તે આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે

**5) આગથી નાશ પામેલ અને આગથી નુકસાન પામેલ સ્ટોકનું જમા બાકી નફા નુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારે**

આગથી નાશ પામેલ સ્ટોક ખાતે ઉ.

આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે ઉ.

તે નફા નુકસાન ખાતે

**C) નફાના નુકસાનની પોલિસી અંગે આમનોંધ**

ધંધાકીય એકમમાં પારિણામિક નુકસાનની પોલિસી લેવામાં આવી હોય ત્યારે વીમા કંપની દાવાની જે રકમ મંજૂર કરે છે તેમાં ચાલુ વર્ષની રકમ ''નફા નુકસાન ખાતે'' લઈ જવાશે અને આવતા વર્ષની રકમ ''નફા નુકસાન ઉપલક'' ખાતે લઈ જવામાં આવશે. આવા સમયે આમનોંધ નીચે મુજબ થશે.

વીમા કંપની ખાતે ઉ.

તે નફા નુકસાન ખાતે (ચાલુ વર્ષનો નફો)

તે નફા નુકસાન ઉપલક ખાતે (આવતા વર્ષનો નફો)

**D) આગ બુઝાવવાના ખર્ચાઓ અંગે આમનોંધ**

ધંધાના માલિકો સામાન્ય રીતે ધંધામાં આગ લાગે ત્યારે તેને બુઝાવવા અંગે ખર્ચ કરે છે. આ ખર્ચ વીમા કંપની ચૂકવતી હોય છે. આવા સમયે નીચેની બે આમનોંધ કરવામાં આવે છે.

1) આગ બુઝાવવાનો ખર્ચ કરવામાં આવે ત્યારે

આગ બુઝાવવાના ખર્ચ ખાતે ઉ.

તે રોકડ ખાતે

2) વીમા કંપની ખર્ચાનો દાવો મંજૂર કરે ત્યારે

વીમા કંપની ખાતે ઉ.

તે આગ બુઝાવવાના ખર્ચ ખાતે

**E) વીમા કંપની બધા પ્રકારના દાવાની રકમ ચૂકવે ત્યારે**

બેંક ખાતે ઉ.

તે વીમા કંપની ખાતે

**ઉદા. 6**

મેસર્સ કમનસીબ એન્ડ સન્સના મકાનમાં આગ લાગી અને પૂરેપરું ફર્નિચર, યંત્રો અને મોટા ભાગનો સ્ટોક નાશ પામ્યો. નેશનલ વીમા કંપની સમક્ષ નીચે દર્શાવેલ વિગતોને લગતી વસૂલની માટે માંગણી કરેલ છે.

| વિગત | ચોપડે કિંમત રૂ. | વીમા કંપનીએ મંજૂર કરેલ દાવો રૂ. |
|---|---|---|
| આગથી નાશ પામેલ સ્ટોક | 70,000 | 50,000 |
| આગથી નુકસાન પામેલ સ્ટોક | 1,00,000 | 80,000 |
| નફાનું નુકસાન | 50,000 | 40,000 |
| આગ બુઝાવવાનો ખર્ચ | 1,000 | 1,000 |
| ફર્નિચર | 40,000 | 30,000 |
| યંત્રો | 1,20,000 | 90,000 |

નુકસાન પામેલ માલનો સ્ટોક રૂ. 10,000માં વેચવામાં આવેલ હતો. નફા નુકસાન તરીકે વીમા કંપનીએ આપવાની રકમ પૈકી 40% રકમ આવતા વર્ષ માટેના નફાને લગતી છે. વીમા કંપનીએ દાવાની રકમ ચૂકવી આપે છે. તેમ માનીને પેઢીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

જવાબ : મેસર્સ કમનસીબ એન્ડ સન્સના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1) | નેશનલ વીમા કંપની ખાતે ઉ. | | 2,91,000 | |
| | તે આગથી નાશ પામેલ સ્ટોક ખાતે | | | 50,000 |
| | તે આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે | | | 80,000 |
| | તે નફા નુકસાન ખાતે (40,000 - 60%) | | | 24,000 |
| | તે નફા નુકસાન ઉપલક ખાતે (40,000 - 40%) | | | 16,000 |
| | તે ફર્નિચર ખાતે | | | 30,000 |
| | તે યંત્રો ખાતે | | | 90,000 |
| | (બા. જે. વીમા કંપની પાસે દાવાની રકમ લેણી થઈ તેના.) | | | |
| 2) | આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે ઉ. | | 1,00,000 | |
| | આગથી નાશ પામેલ સ્ટોક ખાતે ઉ. | | 70,000 | |
| | તે વેપાર ખાતે | | | 1,70,000 |
| | (બા. જે. નાશ પામેલ અને નુકસાન પામેલ સ્ટોક વેપાર ખાતે લઈ ગયા તેના) | | | |

| તારીખ | વિગત | ખા.પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 3) | બેંક ખાતે ઉ. | | 10,000 | |
| | તે આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે | | | 10,000 |
| | (બા. જે. નુકસાન પામેલ માલનું વેચાણ કર્યું તેના) | | | |
| 4) | નફા નુકસાન ખાતે ઉ. | | 10,000 | |
| | તે આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે | | | 10,000 |
| | (બા. જે. નુકસાન પામેલ સ્ટોક પર થયેલ નુકસાન નફા નુકસાન ખાતે લઈ ગયા) | | | |
| 5) | નફા નુકસાન ખાતે ઉ. | | 20,000 | |
| | તે આગથી નાશ પામેલ સ્ટોક ખાતે | | | 20,000 |
| | (બા. જે. નાશ પામેલ સ્ટોકનું નુકસાન નફા નુકસાન ખાતે લઈ ગયા) | | | |
| 6) | આગથી નુકસાન ખાતે ઉ. | | 40,000 | |
| | તે ફર્નિચર ખાતે | | | 10,000 |
| | તે યંત્રો ખાતે | | | 30,000 |
| | (બા. જે. ફર્નિચર અને યંત્રોનું નુકસાન આગથી નુકસાન ખાતે લઈ ગયા) | | | |
| 7) | બેંક ખાતે ઉ. | | 2,91,000 | |
| | તે નેશનલ વીમા કંપની ખાતે | | | 2,91,000 |
| | (બા. જે. વીમા કંપની પાસેથી દાવાની રકમ મળી) | | | |

**ઉદા. 7**

નિરમા કંપનીમાં 2019ના વર્ષમાં આગ લાગવાથી નુકસાન થયું. નિરમા કંપનીએ આ માટે ઇન્ડિયા વીમા કંપની સમક્ષ નીચે દર્શાવેલ વિગતો માટે વસૂલાતની માંગણી કરી.

| વિગત | માંગણી કરેલ રકમ રૂ. | વીમા કંપનીએ મંજૂર કરેલ રકમ રૂ. |
|---|---|---|
| નાશ પામેલ ફર્નિચર | 5,000 | 4,700 |
| નુકસાન પામેલ યંત્રો | 10,000 | 9,500 |
| નફાનું નુકસાન | 30,000 | 24,000 |
| નુકસાન પામેલ માલનો સ્ટોક | 15,000 | 7,500 |
| નાશ પામેલ માલનો સ્ટોક | 8,000 | 5,000 |
| આગ બુઝાવવાનો ખર્ચ | 500 | 500 |

નુકસાન પામેલ માલનો સ્ટોક રૂ. 9,000માં વેચી દેવામાં આવ્યો. નફાના નુકસાન

તરીકે વીમા કંપનીએ આપવાની કબૂલ રકમ પૈકી 70% રકમ આવતા વર્ષ માટેના નફાને લગતી છે.

વીમા કંપનીએ નુકસાન પામેલ યંત્રનો મરામત ખર્ચ રૂ. 9,800 કર્યો હતો. નવા ફર્નિચર માટેનો ખર્ચ રૂ. 4,000 થયેલ છે. આગ બુઝાવવાનો ખર્ચ ખરેખર ચૂકવવામાં આવેલ ખર્ચ જેટલો જ હતો. તા. 31 ડિસેમ્બર સુધીમાં બધા ખર્ચા ચૂકવી આપવામાં આવ્યા હતા. વીમા કંપનીએ દાવાની રકમ ચૂકવી આપી છે. તેમ માનીને પેઢીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો અને જરૂરી ખાતાઓ તૈયાર કરો.

**જવાબ :** નિરમા કંપનીના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | ખા. પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1) | ઇન્ડિયા કંપની ખાતે ઉ. | | 51,200 | |
| | તે નાશ પામેલ ફર્નિચર ખાતે | | | 4,700 |
| | તે નુકસાન પામેલ યંત્ર ખાતે | | | 9,500 |
| | તે નફા નુકસાન ઉપલક ખાતે | | | 16,800 |
| | તે નફા નુકસાન ખાતે | | | 7,200 |
| | તે નુકસાન પામેલ માલના સ્ટોક ખાતે | | | 7,500 |
| | તે નાશ પામેલ માલના સ્ટોક ખાતે | | | 5,000 |
| | તે આગ બુઝાવવાના ખર્ચ ખાતે | | | 500 |
| | (બા. જે. વીમા કંપનીએ દાવાની રકમ મંજૂર કરી તેના) | | | |
| 2) | આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે ઉ. | | 15,000 | |
| | આગથી નાશ પામેલ સ્ટોક ખાતે ઉ. | | 8,000 | |
| | તે વેપાર ખાતે | | | 23,000 |
| | (બા. જે. નાશ પામેલ અને નુકસાન પામેલ સ્ટોક વેપાર ખાતે લઈ ગયા તેના) | | | |
| 3) | બેંક ખાતે ઉ. | | 9,000 | |
| | તે આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે | | | 9,000 |
| | (બા. જે. નુકસાન પામેલ માલનું વેચાણ કર્યું તેના) | | | |
| 4) | આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે ઉ. | | 1,500 | |
| | તે નફા નુકસાન ખાતે | | | 1,500 |
| | (બા. જે. નુકસાન પામેલ માલનું વેચાણ કર્યું તેના) | | | |
| 5) | નફા નુકસાન ખાતે ઉ. | | 3,000 | |
| | તે આગથી નુકસાન પામેલ સ્ટોક ખાતે | | | 3,000 |
| | (બા. જે. નુકસાન પામેલ સ્ટોક પર થયેલ નુકસાન નફા નુકસાન ખાતે લઈ ગયા) | | | |

| તારીખ | વિગત | | ખા. પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|---|
| 6) | યંત્રો ખાતે | ઉ. | | 9,800 | |
| | ફર્નિચર ખાતે | ઉ. | | 4,000 | |
| | આગ બુઝાવવાના ખર્ચ ખાતે | ઉ. | | 5,000 | |
| | તે બેંક ખાતે | | | | 14,300 |
| | (બા. જે. યંત્રો, ફર્નિચર અને ખર્ચના ચૂકવ્યા તેના)) | | | | |
| 7) | આગથી નુકસાન ખાતે | ઉ. | | 300 | |
| | તે યંત્રો ખાતે | | | | 300 |
| | (બા. જે. યંત્રોનું નુકસાન આગથી નુકસાન ખાતે લઈ ગયા) | | | | |
| 8) | ફર્નિચર ખાતે | ઉ. | | 700 | |
| | તે આગથી નુકસાન ખાતે | | | | 700 |
| | (બા. જે. યંત્રોનું નુકસાન આગથી નુકસાન ખાતે લઈ ગયા) | | | | |
| 9) | બેંક ખાતે | ઉ. | | 51,200 | |
| | તે ઈન્ડિયા કંપની ખાતે | | | | 51,200 |
| | (બા. જે. વીમા કંપની પાસેથી દાવાની રકમ મળી) | | | | |

ઉ. ઈન્ડિયા કંપનીનું ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ફર્નિચર ખાતે | 4,700 | બેંક ખાતે | 51,200 |
| યંત્ર ખાતે | 9,500 | | |
| નફા નુકસાન ઉપલક ખાતે | 16,800 | | |
| નફા નુકસાન ખાતે | 7,200 | | |
| નુકસાન પામેલ માલના સ્ટોક ખાતે | 7,500 | | |
| નાશ પામેલ માલના સ્ટોક ખાતે | 5,000 | | |
| તે આગ બુઝાવવાના ખર્ચ ખાતે | 500 | | |
| | **51,200** | | **51,200** |

ઉ. ફર્નિચર ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| બેંક ખાતે | 4,000 | ઇન્ડિયા કંપની ખાતે | 4,700 |
| આગથી થયેલ નુકસાન ખાતે | 700 | | |
| | **4,700** | | **4,700** |

ઉ. યંત્ર ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| બેંક ખાતે | 9,800 | ઇન્ડિયા કંપની ખાતે | 9,500 |
| | | આગથી થયેલ નુકસાન ખાતે | 300 |
| | **9,800** | | **9,800** |

ઉ. નફા નુકસાન ઉપલક ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| | | ઇન્ડિયા કંપની ખાતે | 16,800 |

ઉ. નફા નુકસાન ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| નાશ પામેલ સ્ટોક ખાતે | 3,000 | ઇન્ડિયા કંપની ખાતે | 7,200 |
| | | નુકસાન પામેલ સ્ટોક ખાતે | 1,500 |

ઉ. નુકસાન પામેલ માલના સ્ટોકનું ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| વેપાર ખાતે | 15,000 | ઇન્ડિયા કંપની ખાતે | 7,500 |
| નફા નુકસાન ખાતે | 1,500 | બેંક ખાતે | 9,000 |
| | **16,500** | | **16,500** |

ઉ. નાશ પામેલ માલના સ્ટોકનું ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| વેપાર ખાતે | 8,000 | ઇન્ડિયા કંપની ખાતે | 5,000 |
| | | નફા નુકસાન ખાતે | 3,000 |
| | **8,000** | | **8,000** |

ઉ. આગ બુઝાવવાના ખર્ચનું ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| બેંક ખાતે | 500 | ઇન્ડિયા કંપની ખાતે | 500 |
| | **500** | | **500** |

ઉ. બેંક ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ઇન્ડિયા કંપની ખાતે | 51,200 | યંત્ર ખાતે | 9,800 |
| આગથી નુકસાન પામેલ | | ફર્નિચર ખાતે | 4,000 |
| માલના સ્ટોક ખાતે | 9,000 | આગ બુઝાવવાના ખર્ચ ખાતે | 500 |

ઉ. આગથી થયેલ નુકસાનનું ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| યંત્ર ખાતે | 300 | ફર્નિચર ખાતે | 700 |

ઉ. વેપાર ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| | | નુકસાન પામેલ સ્ટોક ખાતે | 15,000 |
| | | નાશ પામેલ સ્ટોક ખાતે | 8,000 |

## સ્વાધ્યાય

**નીચે આપેલ પ્રશ્નોના બહુવિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

1. આગના વીમાની પોલિસી રક્ષણ મેળવવા લેવાય છે.

(અ) વાસ્તવિક મિલકતોને થયેલ મૂડી અને મહેસુલી નુકસાન માટે

(બ) વાસ્તવિક મિલકતોને થયેલ મહેસુલી નુકસાન માટે

(ક) અવાસ્તવિક મિલકતોને થયેલ મૂડી નુકસાન માટે

(ડ) ઉપરના બધા જ

2. આગનો વીમો રક્ષણ આપે છે.

(અ) વાસ્તવિક મિલકતોને (બ) અવાસ્તવિક મિલકતોને

(ક) અદૃશ્ય મિલકતોને (ડ) ધંધાના કર્મચારીઓને

3. પ્રમાણ વેચાણ અને બાંયધરી સમયગાળા દરમિયાનના ખરેખર વેચાણના તફાવતને .................... કહે છે.

(અ) ગુમાવેલું વેચાણ (બ) વધારાનું વેચાણ

(ક) બમણું વેચાણ (ડ) નફાનું નુકસાન

4. નફાના નુકસાનની પોલિસીમાં સરેરાશ કલમ રક્ષણ પૂરું પાડે છે.

(અ) કામદારોને (બ) વીમો આપનારને

(ક) વીમો લેનારને (ડ) બધાને

5. નફાના નુકસાનની પોલિસી નીચેનું નુકસાન ભરપાઈ કરવાની બાંયધરી આપે છે.

(અ) મૂડી નુકસાન (બ) મહેસુલી નુકસાન

(ક) અંદાજી નુકસાન (ડ) એક પણ નહિ

6. વીમાનો કરાર એ વેપારી અને વીમા કંપની વચ્ચે .............

(અ) નુકસાન અંગે વળતર ભરપાઈ કરી આપવાનો કરાર છે.

(બ) નવો ધંધો શરૂ કરવા અંગે છે.

(ક) જૂની પેઢી બંધ કરવાનો કરાર છે.

(ડ) પુનઃ સ્થાપના અંગેનો કરાર છે.

7. નફાના નુકસાનની પોલિસી બાંયધરી આપે છે.

(અ) મૂડી નુકસાન (બ) મહેસુલી નુકસાન

(ક) અંદાજી નુકસાન (ડ) ભવિષ્યનું નુકસાન

8. આગ લાગી ત્યારે કેટલી કિંમતનો સ્ટોક હતો, તે શોધવા માટે કયું પત્રક તૈયાર કરાય છે ?

(અ) સ્ટોક પત્રક (બ) ભંડોળ પ્રવાહ પત્રક

(ક) સ્થિતિ દર્શક પત્રક (ડ) રોકડ પ્રવાહ પત્રક

9. પારિણામિક નુકસાનની પોલિસી કોની સાથે સંબંધ ધરાવે છે ?

(અ) રોકાયેલી કુલ મૂડી (બ) કાચા નફાનો દર

(ક) વ્યાજ દર (ડ) ધંધાની કમાણી કરવાની શક્તિ

10. આગ લાગ્યા પછી વીમા કંપની સમક્ષ દાવો રજૂ થાય ત્યારે વીમો ઉતરાવનાર પેઢીના ચોપડે શું નોંધ થાય છે ?

(અ) આગથી નુકસાન ખાતે ઉધાર (બ) આગથી નફા ખાતે જમા

(ક) નફા નુકસાન ખાતે ઉધાર (ડ) કોઈ નોંધ ન થાય

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (અ) 2. (અ) 3. (અ) 4. (બ) 5. (બ) 6. (અ) 7. (બ)
8. (અ) 9. (બ) 10. (ડ)

**ટૂંકનોંધ લખો.**

1. પારિણામિક નુકસાન પોલિસી
2. ગુમાવેલ વેચાણ
3. નફાના નુકસાનની પોલિસી અંગે દાવાની રકમની ગણતરી
4. સ્થાયી ખર્ચા
5. મિલકતો અને સ્ટોકના નુકસાન અંગેની આમનોંધ

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.**

1. વીમા કંપની દાવાની વધુ રકમ મંજૂર કરે ત્યારે તે અંગેની આમનોંધ જણાવો.
2. સ્ટોકના દાવા અંગેની આમનોંધ જણાવો.
3. આગ બુઝાવવાના ખર્ચા અંગે આમનોંધ જણાવો.
4. મિલકતો અને સ્ટોકના નુકસાન અંગેની આમનોંધ જણાવો.
5. પારિણામિક નફાના નુકસાનની પોલિસીની રકમ નક્કી કરવા અંગે સમજાવો.
6. સ્થાયી ખર્ચા વિશે વિગતવાર સમજાવો.
7. ગુમાવેલ વેચાણ ઉદાહરણ સહિત સમજાવો.
8. પારિણામિક પોલિસી અંગે વિસ્તૃત ચર્ચા કરો.
9. નફાના નુકસાનની પોલિસી અંગે સમજાવો.
10. સ્થાયી ખર્ચાઓ વિશે વિસ્તૃત જાણકારી આપો.

**વ્યાવહારિક દાખલા**

1. નિરમા લિ.ના મકાનમાં તા. 01/08/16 ના રોજ આગ લાગી. કંપનીએ નફાના નુકસાનની પોલિસી રૂ. 15,300ની લીધેલ હતી. બાંયધરી સમયનો ગાળો 3 માસનો છે. તા. 31/12/2015ના રોજ પૂરા થતા બાર માસનું વેચાણ રૂ. 1,00,000 હતું અને ચોખ્ખો નફો રૂ. 10,000 હતો. જેમાં સ્થિર ખર્ચા રૂ. 6,000 બાદ કર્યા પછીનો છે. સ્થિર ખર્ચમાં રૂ. 1,000ના ખર્ચનો વીમો લીધેલ ન હતો. નિરમા લિ.માં તા. 01/08/2016 થી તા. 31/10/2016 સુધીનું વેચાણ રૂ. 60,000 હતું. જ્યારે તા. 01/08/2015 થી તા. 31/10/2015 સુધીનું વેચાણ રૂ. 85,000 હતું. તા. 31/07/2016ના રોજ પૂરા થતાં બાર માસનું વેચાણ રૂ. 90,000 હતું. દાવાનું પત્રક તૈયાર કરો.

   (જવાબ : ગુમાવેલ વેચાણ રૂ. 25,000, નફાની ટકાવારી A - 15%, B - 17%, દાવાની રકમ રૂ. 3,750. સમજૂતી માટે ઉદાહરણ - 1 જુઓ)

2. શ્રી બિપિને નફા નુકસાનની પોલિસી લીધી હતી. પોલિસીની રકમ રૂ. 16,500 હતી. બાંયધરી સમયગાળો 4 માસનો છે. તા. 01/06/2018ના રોજ મકાનમાં આગ લાગી.

તા. 31/12/2017ના રોજ પૂરા થતા બાર માસનું વેચાણ રૂ. 2,00,000 છે અને ગત વર્ષનો ચોખ્ખો નફો રૂ. 12,000 હતો. જે સ્થિર ખર્ચા રૂ. 12,000 ઉધાર્યા પછીનો છે.

આગ લાગ્યા તારીખે પૂરા થતા બાર માસનું વેચાણ રૂ. 1,00,000 હતું. આગ લાગ્યાના વર્ષ દરમિયાનનું વેચાણ રૂ. 60,000 હતું. અને આ જ સમય દરમિયાન આગળના વર્ષનું વેચાણ રૂ. 90,000 હતું. ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે વેચાણમાં 10% અને નફામાં 3%નો વધારો થવાની સંભાવના છે.

ઉપરોક્ત માહિતી પરથી દાવાની રકમની ગણતરી કરો.

(જવાબ : ગુમાવેલ વેચાણ રૂ. 36,000, નફાની ટકાવારી A - 15%, B - 10%, દાવાની રકમ રૂ. 3,600. સમજૂતી માટે ઉદાહરણ - 2 જુઓ)

3. અમદાવાદના શ્રી અમરના ગોડાઉનમાં તા. 01/05/2019ના રોજ આગ લાગી. તેમણે રૂ. 37,800ની નફા નુકસાનની પોલિસી લીધેલ હતી. નફા નુકસાનનો સમયગાળો 4 માસનો છે. તા. 01/05/2019 થી તા. 31/08/2019 સુધીનું વેચાણ રૂ. 1,00,000 હતું. અને આજ સમયગાળા દરમિયાન આગલા વર્ષનું વેચાણ રૂ. 1,80,000 હતું. તા. 01/05/2018 થી તા. 30/04/2019 સુધીનું વેચાણ રૂ. 3,00,000 હતું. શ્રી અમર તેના હિસાબો તા. 31 ડિસેમ્બરના રોજ બનાવે છે. 2018 વર્ષનું નફા નુકસાન ખાતુ નીચે આપેલ છે.

**નફા નુકસાન ખાતું**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 25,000 | વેચાણ | 3,00,000 |
| ખરીદી | 2,25,000 | આખર સ્ટોક | 30,000 |
| મજૂરી | 12,400 | ફર્નિચર વેચાણનો નફો | 10,000 |
| ઉત્પાદન ખર્ચ | 16,600 | રોકાણોનું વ્યાજ | 5,000 |
| ઓફિસ ખર્ચ સ્થિર | 10,000 | | |
| વેચાણ વિતરણ ખર્ચ | | | |
| ચલિત ખર્ચ | 11,000 | | |
| સ્થિર ખર્ચ | 9,000 | | |
| ચોખ્ખો નફો | 36,000 | | |
| | **3,45,000** | | **3,45,000** |

ગયા વર્ષની સરખામણીમાં વેચાણમાં 10% ઘટાડો થવાની ધારણા છે. આગ બુઝાવવાનો ખર્ચ રૂ. 3,500 થયો છે.

ઉપરની માહિતી પરથી દાવાની રકમ શોધો.

(જવાબ : ગુમાવેલ વેચાણ રૂ. 62,000, નફાની ટકાવારી A - 20%, B - 14%, દાવાની રકમ રૂ. 12,180. સમજૂતી માટે ઉદાહરણ - 3 જુઓ)

4. રિલાયન્સ કંપનીમાં તા. 01/05/2017 ના રોજ આગ લાગી. પેઢીએ નફાના નુકસાનની પોલિસી રૂ. 79,200ની લીધેલ હતી. વેચાણની વિગત નીચે મુજબ હતી.

તા. 01/05/2017 થી તા. 31/10/2017 સુધીનું વેચાણ રૂ. 3,00,000

તા. 01/05/2016 થી તા. 31/10/2016 સુધીનું વેચાણ રૂ. 5,00,000

તા. 01/05/2016 થી તા. 30/04/2017 સુધીનું વેચાણ રૂ. 6,00,000

તા. 01/09/2016 થી તા. 30/04/2017 સુધીનું વેચાણ રૂ. 4,50,000

નુકસાનીનો સમયગાળો 6 માસનો હતો. પરંતુ ધંધો 4 માસમાં વ્યવસ્થિત શરૂ થઈ ગયો હતો. પેઢીનું હિસાબી વર્ષ 31મી ડિસેમ્બરે પૂરું થઈ જાય છે. 2016ના વર્ષનું નફા નુકસાન ખાતું નીચે મુજબ છે.

**નફા નુકસાન ખાતું**

| વિગત | | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | | 50,000 | વેચાણ | 4,50,000 |
| ખરીદી | | 3,00,000 | આખર સ્ટોક | 30,000 |
| ઉત્પાદન ખર્ચ - ચલિત | | 40,000 | રોકાણોનું વ્યાજ | 10,000 |
| ઓફિસ ખર્ચા | | | શેરનું ડિવિડન્ડ | 6,000 |
| સ્થિર ખર્ચ | 8,500 | | | |
| ચલિત ખર્ચ | 7,500 | 16,000 | | |
| વેચાણ વિતરણ ખર્ચ | | | | |
| ચલિત ખર્ચ | 11,500 | | | |
| સ્થિર ખર્ચ | 8,500 | 20,000 | | |
| ચોખ્ખો નફો | | 70,000 | | |
| | | **4,96,000** | | **4,96,000** |

2017ના વર્ષમાં વેચાણમાં 10% અને નફામાં 2%નો વધારો થવાની ધારણા છે. દાવાની રકમ રૂ. 20,000 નક્કી થઈ છે. જેમાં આગ બુઝાવવાના ખર્ચ રૂ. 6,000નો સમાવેશ થાય છે.

ઉપરની માહિતી પરથી ચાલુ વર્ષના બાંયધરી સમયનું વેચાણ નોંધો.

(**જવાબ :** અહીં દાવાની રકમ આપી દીધી છે. તેમજ બાંયધરી સમયગાળો 6 માસનો છે. પરંતુ ધંધો 4 માસમાં વ્યવસ્થિત ચાલુ થઈ ગયેલ હોવાથી તે સમયનું બાંયધરી સમયનું વેચાણ શોધવામાં આવશે. નફાની ટકાવારી (A) 15.78% (B) 14%. ગુમાવેલ વેચાણ રૂ. 1,00,000 બાંયધરી સમયનું વેચાણ રૂ. 30,000 (સમજૂતી માટે ઉદાહરણ 4 જુઓ.)

5. શ્રી કમનસીબના નીચે આપેલ વેપાર ખાતું અને નફા નુકસાન ખાતા પરથી કેટલી રકમનો વીમો લેવાનો છે. તે રકમ નક્કી કરવાની છે. એમ ધારવામાં આવે છે કે બધા સ્થિર ખર્ચાઓનો વીમો ઉતારવો છે.

**નફા નુકસાન ખાતું**

| વિગત | | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | | 10,000 | વેચાણ | 2,00,000 |
| ખરીદી | | 70,000 | આખર સ્ટોક | 30,000 |
| કારખાના ખર્ચ | | | | |
| ચલિત | 8,500 | | | |
| સ્થિર ખર્ચ | 9,500 | 18,000 | | |
| કાચો નફો | | 1,32,000 | | |
| | | **2,30,000** | | **2,30,000** |
| પગાર (40% ચલિત) | | 30,000 | કાચો નફો | 1,32,000 |
| મુસાફરી ખર્ચ | | 8,000 | શૅરનું ડિવિડન્ડ | 3,000 |
| તાર-ટપાલ ખર્ચ | | 4,000 | મકાન વેચાણનો નફો | 2,000 |
| ભાડું | | 7,500 | | |
| કરવેરા | | 8,500 | | |
| જાહેરાત ખર્ચ (30% ચલિત) | | 40,000 | | |
| મકાન પર ઘસારો | | 15,000 | | |
| ચોખ્ખો નફો | | 24,000 | | |
| | | **1,37,000** | | **1,37,000** |

(જવાબ : ચોખ્ખો નફો રૂ. 24,000, ઉમેરો સ્થિર ખર્ચાઓ રૂ. 89,000 બાદ (-) બિનધંધાકીય આવકો રૂ. 5,000, દાવાની રકમ રૂ. 1,08,000)

6. રૂપમ સ્ટોર્સના ગોડાઉનમાં આગ લાગી. તા. 31/10/2019ના રોજ મકાન, ફર્નિચર અને મોટાભાગનો સ્ટોક નાશ પામ્યો છે. રિલાયન્સ કંપની સમક્ષ નીચે દર્શાવેલ વિગતોને લગતી વસુલાત માટે માંગણી કરી છે.

| વિગત | માંગણી કરેલ રકમ રૂ. | વીમા કંપનીએ મંજૂર કરેલ રકમ રૂ. |
|---|---|---|
| નફાનું નુકસાન | 1,00,000 | 70,000 |
| નુકસાન પામેલ માલનો સ્ટોક | 50,000 | 45,000 |
| નાશ પામેલ માલનો સ્ટોક | 60,000 | 50,000 |
| મકાન | 3,00,000 | 1,60,000 |
| ફર્નિચર | 35,000 | 29,800 |
| આગ બુઝાવવાનો ખર્ચ | 1,280 | 1,280 |

નુકસાન પામેલ માલનો સ્ટોક રૂ. 10,000માં વેચી દેવામાં આવ્યો. નફાના નુકસાન તરીકે મંજૂર કરેલ રકમ પૈકી 30% રકમ 2020ના વર્ષના નફાને લગતી છે. તા. 31મી ડિસેમ્બર સુધીમાં બધાં ખર્ચા ચૂકવી આપવામાં આવ્યા છે. વીમા કંપનીએ દાવાની રકમ ચૂકવી આપી છે. તેમ માની રૂપમ સ્ટોર્સના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

❖ ❖ ❖

એકમ 6

# ઘસારાના હિસાબો

## : રૂપરેખા :

6.1 પ્રસ્તાવના

6.2 ઘસારાનો અર્થ અને વ્યાખ્યા

6.3 ઘસારાનાં લક્ષણો

6.4 ઘસારાની જોગવાઈની જરૂરિયાત (હેતુઓ)

6.5 ઘસારાને અસર કરતાં પરિબળો

6.6 વાર્ષિક ઘસારાની રકમ અને ઘસારાનો દર નક્કી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ

6.7 ઘસારાપાત્ર મિલકતો

6.8 ઘસારો ગણવાની વિવિધ પદ્ધતિઓ

6.9 જુદી-જુદી મિલકત પર ઘસારાની પદ્ધતિ

6.10 સરખા હપ્તાની પદ્ધતિ

6.11 ઘટતી જતી બાકીની પદ્ધતિ

6.12 તફાવત : સીધી લીટીની પદ્ધતિ અને ઘટતી જતી બાકીની પદ્ધતિ

6.13 ઘસારો હિસાબી ચોપડે નોંધવાની પદ્ધતિઓ

● સ્વાધ્યાય

## 6.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે ઘસારો કાયમી કે સ્થિર મિલકતો પર ગણવામાં આવે છે. ધંધામાં અનેક પ્રકારની કાયમી મિલકતો ખરીદવી પડે છે. ધંધામાં બે પ્રકારની કાયમી મિલકતોનો સમાવેશ કરવામાં આવે છે. દૃશ્ય જેવી કે જમીન, યંત્રો, મકાન, વાહનો, કમ્પ્યુટર્સ વગેરે. ધંધામાં આ મિલકતોનો ઉપયોગ થતાં તેની કાર્યક્ષમતા ધીમે-ધીમે ઘટે છે. એટલે કે મિલકતોનું વપરાશીકરણ વધે છે. મિલકતોનું વપરાશીકરણ વધતાં તેનું મૂલ્ય ઘટે છે. ઘસારો એ ધંધાનું નુકસાન છે. ઘસારાને ખોટ તરીકે નફા-નુકસાન ખાતે ઉધારવામાં આવે છે. ધંધામાં અદૃશ્ય મિલકતો જેવી કે પાઘડી, પેટન્ટ, ટ્રેડમાર્ક વગેરે. ધંધામાં બે પ્રકારનાં - પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચાઓ હોય છે. ઘસારો એ એક પ્રકારનો પરોક્ષ ખર્ચો છે.

દરેક મિલકતોને પોતાનું ઉપયોગી આયુષ્ય હોય છે. મિલકતોના વપરાશને કારણે તેની કાર્યક્ષમતા સતત ઘટતી જાય છે. કાર્યક્ષમતામાં સતત ઘટાડો, ભૌતિક પરિબળોને કારણે, સમય પસાર થવાને કારણે કે નવી શોધખોળને કારણે મિલકતો અપ્રચલિત બને છે અને આમ મિલકતોનું ઉપયોગી આયુષ્ય ઘટે છે. નવી મિલકત અસ્તિત્વમાં આવતાં જૂની મિલકત ખર્ચાળ બને છે. ઘસારાની રકમ અન્ય ખર્ચની જેમ તે કોઈને રોકડમાં ચૂકવવાની હોતી નથી. ધંધામાં રહેલી રકમને કારણે જ્યારે જૂની મિલકત કાઢી નાંખી નવી મિલકત ખરીદવી પડે ત્યારે તે માટે નાણા મળી રહે છે. ઘસારાને ઘસારાની જોગવાઈ પણ કહેવામાં આવે છે. જૂની મિલકતને તેનું આયુષ્ય પૂરું થતાં ભંગાર તરીકે વેચવામાં આવે છે અને અને

ઘસારાની જોગવાઈ નવી મિલકતની ખરીદી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઘસારો ફક્ત વપરાશના કારણે જ નહીં પરંતુ સમયના વહેણ સાથે પણ ઉદ્ભવે છે.

મિલકતની કાર્યક્ષમતા ઘટતી જતી હોવાથી મિલકતોનું વપરાશી મૂલ્ય (Useful Value) કે ઉપયોગિતા મૂલ્યમાં સતત અને કાયમી ઘટાડો થાય છે તેને ઘસારા તરીકે ઓળખવામાં આવે છે. મિલકતની કિંમતમાં કોઈપણ કારણસર ક્રમશઃ અને કાયમી ઘટાડાને ઘસારો કહે છે. પરંતુ જમીન એ ઘસારાપાત્ર મિલકત નથી.

## 6.2 ઘસારાનો અર્થ અને વ્યાખ્યા

કોઈપણ મિલકતના વપરાશને કારણે, સમયના વહેણને કારણે કે બજાર કિંમતમાં કાયમી ઘટાડો થવાને પરિણામે તેની કિંમતમાં ઘટાડો થાય છે. તેને ઘસારો કહે છે.

"Depreciation is the gradual and permanent decrease in the value of an asset from any cause."

- Carter

સામાન્ય અર્થમાં ઘસારો એટલે મિલકતના મૂલ્યમાં નોંધપાત્ર ઘટાડો ગણી શકાય. મિલકતની પડતર કિંમત પૈકી તેના ઉપયોગી આયુષ્ય દરમિયાન માંડી વાળવામાં આવતી રકમ એટલે ઘસારો.

**વ્યાખ્યા :**

**કાર્ટર :**

"મિલકતની કિંમતમાં કોઈપણ કારણસર ક્રમશઃ અને કાયમી ઘટાડો થાય તેને ઘસારો કહેવામાં આવે છે."

**વિલિયમ પિકલ્સ :**

"મિલકતની ગુણવત્તામાં, જથ્થામાં કે કિંમતમાં થતાં કાયમી અને સતત ઘટાડાને ઘસારો કહી શકાય."

**સ્પાઈસર અને પેગ્લર :**

"ઘસારો એ આપેલા સમય દરમિયાન અમુક કારણોસર મિલકતોના અસરકારક આયુષ્યમાં ઘટાડાનું માપ છે."

ઉપર્યુક્ત વ્યાખ્યાઓ ઉપરથી સમજી શકાય કે કોઈપણ મિલકતના વપરાશ, સમયના વહેણ કે નવી શોધખોળના કારણે કે અન્ય કોઈ કારણસર તેના મૂલ્યમાં જે કાયમી ઘટાડો નોંધાય છે તેને ઘસારા તરીકે ઓળખવામાં આવે છે. ઘસારાને બિન-રોકડ મહેસૂલી ખર્ચ તરીકે નફા નુકસાન ખાતે ઉધારવામાં આવે છે. ઘસારો મિલકતની ઉપયોગી કિંમતમાં ઘટાડો સૂચવે છે. ઘસારો મિલકતની કિંમતમાં થતો ઘટાડો છે.

## 6.3 ઘસારાનાં લક્ષણો

**1) કાયમી મિલકત :**

ઘસારો એ ધંધાની કાયમી કે સ્થાવર મિલકતો પર ગણવામાં આવે છે. તેથી તેવી મિલકતોને ઘસારાપાત્ર મિલકતો પણ કહેવામાં આવે છે. તદ્ઉપરાંત પેટન્ટ, કોપીરાઈટ્સ, ટ્રેડમાર્ક જેવી અદૃશ્ય મિલકતો પણ તેમના નિર્ધારિત આયુષ્ય દરમિયાન ક્રમશઃ માંડી વાળવામાં આવે છે. પરંતુ ધંધાની ચાલુ મિલકતો જેમકે રોકડ, સ્ટોક, દેવાદાર વગેરે પર ઘસારો ગણવામાં આવતો નથી.

**2) વપરાશી મૂલ્ય :**

ઘસારો એ મિલકતાના વપરાશને લીધે તેના વપરાશી મૂલ્યમાં થતો ઘટાડો સૂચવે છે. ઘસારો કાયમી અને ક્રમશઃ ઘટાડો સૂચવે છે.

**3) મહેસૂલી ખર્ચ :**

ઘસારો એ બિન-રોકડ મહેસૂલી ખર્ચ છે. તેથી તે નફા નુકસાન ખાતામાં ઉધાર બાજુ નોંધવામાં આવે છે. ઘસારો એ મહેસૂલી ખર્ચ હોવા છતાં અન્ય ખર્ચાની જેમ રોકડમાં ચૂકવવામાં આવતો નથી, તેથી તે રકમ જોગવાઈ તરીકે ધંધામાં જ રહે છે.

**4) સમય :**

ઘસારો એ સમય સાથે સંકળાયેલો ખર્ચ છે.

**5) માંડી વાળેલ ખર્ચ :**

ફૂગાવાને કારણે મિલકતની કિંમત વધે છતાં ઘસારો માંડી વાળવો જ પડે છે. કારણકે વપરાશને કારણે અમુક વર્ષો પછી તે જે હેતુ માટે ખરીદવામાં આવી હોય તે હેતુ માટે ઉપયોગી રહેતી નથી.

**6) મિલકતના વપરાશ :**

ઘસારાનો આધાર મિલકતના વપરાશ પર છે. ઘસારો સામાન્ય રીતે વર્ષાન્તે ગણવામાં આવે છે.

**7) જોગવાઈ :**

ઘસારો એ એક પ્રકારની જોગવાઈ છે. ઘસારાને કારણે જ્યારે મિલકત બિનઉપયોગી થઈ જતાં કાઢી નાંખી નવી મિલકત ખરીદવી હોય ત્યારે તે માટે જરૂરી નાણાં મળી રહે તે માટેની જોગવાઈ છે.

**8) ઉપયોગિતા :**

ઘસારો એ મિલકતની ઉપયોગિતામાં ઘટાડો સૂચવે છે. જે ક્રમશઃ અને કાયમી હોય છે.

## 6.4 ઘસારાની જોગવાઈની જરૂરિયાત (હેતુઓ)

ધંધામાં નીચેનાં કારણોસર દરેક વર્ષે ઘસારા અંગેની જોગવાઈ કરવામાં આવે છે.

**1) સાચો નફો કે નુકસાન જાણવા :**

જ્યારે મિલકતનો ધંધામાં ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તેના વપરાશને લીધે તેની કિંમતમાં ઘટાડો થાય છે. આ પ્રકારની મિલકતમાં ઘટાડો બીજા ખર્ચાઓ અને નુકસાનની જેમ દરેક વર્ષે સાચો અને વાજબી નફો કે નુકસાન જાણવા માટે નફા-નુકસાન ખાતે ઉધારવામાં આવે છે. ધંધાનો સાચો અને વાજબી નફો-નુકસાન જાણવા માટે ઘસારો ધ્યાનમાં લેવો જરૂરી છે. મિલકત ધંધામાં નફો કરવામાં મદદરૂપ થાય તે માટે ખરીદવામાં આવે છે. તેથી તેના વપરાશને લીધેલ તેની કિંમતમાં થયેલ ઘટાડો સાચો નફો-નુકસાન ગણવા માટે ધ્યાને લેવો જરૂરી છે.

**2) સાચી પડતર શોધવા :**

વસ્તુ કે પેદાશના ઉત્પાદન માટે માલસામાન અને મજૂરીની સાથે-સાથે કારખાનાનું મકાન, યંત્રો જેવી કાયમી મિલકતો અનિવાર્ય છે. તેથી કારખાનામાં ઉત્પાદન કરેલ માલ કે

સેવાની સાચી પડતર જાણવા માટે જેમ ઉત્પાદનના અન્ય ખર્ચાઓ ધ્યાનમાં લેવા પડે છે તેમ ઘસારો પણ ધ્યાનમાં લેવો જરૂરી છે. ઉત્પાદન પડતર શોધવા માટે ઘસારો ધ્યાનમાં લેવો જરૂરી છે. જ્યારે યોગ્ય વેચાણ કિંમત નક્કી કરવાની હોય ત્યારે મિલકત પરનો ઘસારો ધ્યાનમાં લેવો જરૂરી છે.

**3) ધંધાની સાચી અને વાજબી પરિસ્થિતિ જાણવા :**

કોઈપણ એકમ કે પેઢીનાં પાકાં સરવૈયામાં મિલકતોની ઘસારા બાદ કિંમત દર્શાવવામાં આવે તો જ પાકું સરવૈયું ધંધાની સાચી અને વાજબી આર્થિક પરિસ્થિતિ રજૂ કરી શકે છે.

**4) મિલકતની પુનઃ સ્થાપના માટે :**

ચાલુ ધંધામાં જૂની મિલકતના સ્થાને નવી મિલકત વસાવવી જરૂરી બને છે. આ માટે એકમે દર વર્ષે ઘસારા જેટલી રકમ અલગ તારવી તેનું સદ્ધર જામીનગીરીઓમાં રોકાણ કરવામાં આવે તો જ્યારે નવી મિલકત વસાવવી જરૂરી બને ત્યારે જામીનગીરીઓનું વેચાણ કરી નવી મિલકત ખરીદવા માટેનું જરૂરી ભંડોળ ઊભું કરી શકાય છે.

**5) કંપનીધારાની જોગવાઈનું પાલન :**

કંપનીધારાની કલમ - 205 અનુસાર કોઈપણ કંપની નફામાંથી ઘસારાની જોગવાઈ કર્યા સિવાય ડિવિડન્ડ વહેંચી શકે નહિ. પરિણામે ઘસારો ગણવો ફરજિયાત છે. એકાંકી વેપારી કે ભાગીદારી પેઢી માટે ઘસારાની જોગવાઈ કરવી ફરજિયાત નથી. છતાં, સામાન્ય હિસાબી સિદ્ધાંતો અનુસાર ઘસારાપાત્ર મિલકતો ઉપર ઘસારાની જોગવાઈ કરવી જરૂરી છે.

**6) વસ્તુ કે સેવાની સાચી વેચાણ કિંમત નક્કી કરવા :**

વસ્તુ કે સેવાની વેચાણ કિંમત પર પેઢીના નફાનો આધાર હોય છે. વસ્તુ કે સેવાની વેચાણ કિંમત એ તેની પડતર કિંમત પર આધારિત છે. પડતર કિંમત નક્કી કરવા માટે ત્રણ પ્રકારનાં શિરોપરી ખર્ચાઓ (કારખાના, વહીવટી, વેચાણ-વિતરણ) ધ્યાનમાં લેવામાં આવે છે. અને આ શિરોપરી ખર્ચામાં કાયમી મિલકતો પર ઘસારો, વીમો, મરામત ખર્ચનો સમાવેશ થાય છે. તેથી સાચી ઉત્પાદન પડતર જાણવા અન્ય મહેસૂલી ખર્ચાની જેમ ઘસારાને પણ ખર્ચ તરીકે ધ્યાનમાં લેવો જરૂરી છે.

**7) ધંધાના ચૂકવેલ ખર્ચ પ્રમાણે :**

ધંધાના અન્ય મહેસૂલી ખર્ચની જેમ ઘસારો સમય પર આધારિત મહેસૂલી ખર્ચ છે. ઘસારો એ અગાઉથી ચૂકવાયેલ ખર્ચ છે. તેથી નિર્ધારિત રકમ પર આધારિત છે. આ નિર્ધારિત રકમ દરેક હિસાબી વર્ષને અંતે ઘસારા તરીકે માંડી વાળવામાં આવે છે.

ઘસારો એ મૂડી મિલકતોની ઉપયોગિતા પૂરી થવાને કારણે સામયિક બોજાને ખર્ચ સ્વરૂપે અંદાજવાની અને નોંધવાની પ્રક્રિયા છે.

## 6.5 ઘસારાને અસર કરતાં પરિબળો :

કોઈપણ દૃશ્ય કે અદૃશ્ય મિલકતોનો વપરાશ, સમયના વહેણ કે નવી શોધખોળના કારણે કે અન્ય કોઈ કારણસર તેના મૂલ્યમાં જે કાયમી ઘટાડો નોંધાય છે તેને ઘસારા તરીકે ગણવામાં આવે છે.

ઘસારો એટલે તેના ઉપયોગી આયુષ્ય દરમિયાન તેની કિંમતમાંથી દર વર્ષે માંડી વાળેલ રકમ. ઘસારો એ આપેલા સમય દરમિયાન અમુક કારણસર મિલકતના અસરકારક આયુષ્યમાં ઘટાડાનું માપ છે. મિલકતનો વપરાશ થવાને કારણે તેના મૂલ્યમાં ઘટાડો થાય છે.

એટલે કે મિલકતનો વપરાશ ઘસારાનું કારણ છે. તદ્ઉપરાંત બીજા કેટલાંક કારણો કે પરિબળો પણ ઘસારા માટે જવાબદાર છે જે નીચે મુજબ છે.

**1) ઉપયોગ કે વપરાશ :**

કોઈપણ કાયમી મિલકતના વપરાશને લીધે તેની કાર્યક્ષમતા ઘટે છે. મિલકતોની કાર્યક્ષમતા ઘટવાની સાથે-સાથે તેનું ઉપયોગી મૂલ્ય અને ઉપયોગી આયુષ્ય પણ ઘટે છે. જો મિલકતનો વધુ વપરાશ થાય તો વધુ ઘસારો લાગે છે. વધુ ઘસારો થવાથી મિલકતની કિંમતમાં પણ વધુ ઘટાડો થાય છે. મિલકતનું ઉપયોગી આયુષ્ય ઘટે છે. જેમકે એકમના યંત્રોનો ઉપયોગ બે થી ત્રણ પાળી માટે કરવામાં આવે તો યંત્રોને વધુ ઘસારો લાગે છે.

**2) નવી શોધખોળ અને સંશોધનના કારણે :**

નવી શોધખોળ અને સંશોધનને કારણે કેટલીકવાર જૂની મિલકત બિનઉપયોગી / અપ્રચલિત (Obsolate) થઈ શકે છે. નવી શોધખોળને પરિણામે બનાવેલા યંત્રો વસ્તુનું ઉત્પાદન ઝડપી, સસ્તું અને વધુ સારી ગુણવત્તાયુક્ત થઈ શકે તેથી જૂના યંત્રો ધંધામાં કામમાં આવી ન શકે અને જૂની મિલકતોનો ઉપયોગ નફાકારક રહેતો નથી. પરિણામે નફાકારકતા ઓછી થવાથી પણ મિલકતની કિંમતમાં ઘટાડો થાય છે. આવા સંજોગોમાં એકમ નવા પ્રકારનાં યંત્રો ખરીદે છે અને જૂના પ્રકારનાં યંત્રો વેચી દેવામાં આવે છે. આ પ્રકારનાં યંત્રો વેચવામાં થતાં નુકસાનને ઘસારો તરીકે ઓળખવામાં આવે છે.

**3) કુદરતી સંપત્તિમાં નોંધવામાં આવતો ઘટાડો :**

કોઈપણ ખાણની કિંમત તેમાં રહેલાં ખનિજ પર આધારિત છે. જ્યારે-જ્યારે ખાણમાંથી ખનિજ ખોદવામાં આવે છે ત્યારે ખનિજનું પ્રમાણ ઘટતું જાય છે. ખાણની બાબતમાં જ્યારે ખનિજ ખોદી લેવામાં આવે ત્યારે તેનો પૂરેપૂરો જથ્થો ખલાસ થઈ જાય ત્યારે ખાણ નકામી થઈ જાય છે અને કિંમત શૂન્ય થઈ જાય છે. જેમ-જેમ ખનિજને ખાણમાંથી ખોદીને કાઢવામાં આવે છે તેમ-તેમ તેની કિંમત ઘટે છે અને તેને ઘસારા તરીકે ગણવામાં આવે છે.

**4) અકસ્માત :**

કોઈપણ પ્રકારના અકસ્માતને કારણે દા.ત. ધંધાકીય એકમમાં આગ લાગવી. એકમની મિલકતને ખૂબ જ નુકસાન પહોંચે છે. પરિણામે મિલકતને થતું નુકસાન મિલકતની કાર્યક્ષમતા તેમજ તેના આયુષ્યને મર્યાદિત કરે છે.

**5) સમયના વહેણને કારણે :**

કેટલીક મિલકતોનું આયુષ્ય અમુક વર્ષ પૂરતું જ હોય છે. ખાસ કરીને લીઝ (ભાડા પેટે) રાખેલી મિલકત બાબતમાં આ પરિબળની અસર પૂરેપૂરી થાય છે. ભાડાપટ્ટો હંમેશા અમુક વર્ષો માટે હોય છે. અને આ સમય પૂરો થતાં પટ્ટો પૂરો થઈ જાય છે. પટ્ટા પેટે ચૂકવેલ રકમ મૂડી ખર્ચ તરીકે ગણવામાં આવે છે. જેટલાં વર્ષ માટેનો પટ્ટો હોય તેટલાં વર્ષમાં આ પટ્ટાની રકમ લખી વાળવામાં આવે છે. આ રીતે દર વર્ષે લખી વાળેલી રકમ ઘસારો છે.

**6) બજાર કિંમતમાં ઘટાડો :**

કોઈપણ કાયમી મિલકતની બજાર કિંમતમાં કાયમી ઘટાડો થવાથી ઘટાડા જેટલી રકમને ઘસારો ગણવામાં આવે છે.

**7) કુદરતી પરિબળો :**

પૂર, ધરતીકંપ, વાવાઝોડું, વરસાદ વગેરે કુદરતી પરિબળોને લીધે મિલકતોનું ઉપયોગી આયુષ્ય ઘટે છે અથવા મિલકત બિન-ઉપયોગી બને છે. આ રીતે કિંમતમાં થતો ઘટાડો પણ ઘસારો જ ગણાય છે. જેમકે જમીનની ફળદ્રુપતા ઓછી થવી, પ્રવાહી પદાર્થોનું બાષ્પીભવન વગેરે.

## 6.6 વાર્ષિક ઘસારાની રકમ અને ઘસારાનો દર નક્કી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ

મિલકતનો ઘસારો એ જુદા-જુદા પરિબળો પર આધાર રાખે છે. ઘસારાનો અંદાજ જેટલો વાસ્તવિક હોય તેટલી ઘસારાની કિંમત (ઘસારાની ગણતરીની કિંમત) વધુ વાસ્તવિક બને છે. વાર્ષિક ઘસારાની રકમ અને ઘસારાનો દર નક્કી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ નીચે મુજબ છે.

**1) મિલકતોની પડતર કિંમત :**

ઘસારાની ગણતરી હંમેશા કોઈપણ મિલકતની પડતર કિંમત પર જ ગણતરી કરવામાં આવે છે. પરિણામે મિલકતની પડતર કિંમત નક્કી કરવી ખૂબ જ જરૂરી છે. મિલકતની પડતર કિંમત નક્કી કરતી વખતે તેની ખરીદ કિંમતમાં જે તે મિલકતને વપરાશના સ્થળ સુધી લાવવાનો ખર્ચ તેમજ મિલકતની ગોઠવણીનો ખર્ચ ધ્યાનમાં લેવામાં આવે છે. જો કોઈ જૂની મિલકત ખરીદવામાં આવે ત્યારે તે જૂની મિલકતને ઉપયોગ કરવા માટે સમારકામ જરૂરી હોય તો તેનો સમારકામ ખર્ચ તેની પડતર કિંમતમાં ઉમેરવામાં આવે છે. ઉપર્યુક્ત બાબતને નીચે પ્રમાણે સૂત્રમાં ગોઠવી શકાય છે.

જ્યારે નવી મિલકત ખરીદવામાં આવે ત્યારે :

પડતર કિંમત = ખરીદ કિંમત + લાવવાનો કે વસાવવાનો ખર્ચ + ગોઠવણનો ખર્ચ

જ્યારે જૂની મિલકત ખરીદવામાં આવે ત્યારે :

પડતર કિંમત = ખરીદ કિંમત + મિલકતને ઉપયોગમાં લઈ શકાય તે માટેનાં ખર્ચા (મરામત ખર્ચ)

દા.ત. ચેન્નાઈની 'A' કંપનીએ અમદાવાદથી એક નવું યંત્ર રૂ. 80,000માં ખરીદ્યું. આ યંત્રને અમદાવાદથી ચેન્નાઈ લાવવાનો ખર્ચ રૂ. 10,000 થયો. આ યંત્રને કારખાનામાં ગોઠવવાનો ખર્ચ રૂ. 5,000 ચૂકવ્યો.

આ યંત્રની પડતર કિંમત = 80,000 + 10,000 + 5,000

= રૂ. 95,000 થાય.

**2) મિલકતનું ઉપયોગી આયુષ્ય :**

કોઈપણ મિલકત ખરીદ્યા પછી તેનું ઉપયોગી (કાર્યક્ષમ) આયુષ્ય અંદાજવામાં આવે છે. મિલકતનું કાર્યક્ષમ આયુષ્ય નક્કી કરતી વખતે કેટલીક ટેકનિકલ બાબતો, નવી શોધખોળની શક્યતાઓ, ભૂતકાળના અનુભવ તેમજ વેપારી ધોરણક્ષમતાને ધ્યાનમાં લેવામાં આવે છે.

**3) મિલકતની ભંગાર કિંમત :**

મિલકતના આયુષ્ય અંતે મિલકત બિનઉપયોગી બને છે. તેથી તેની અંદાજિત ભંગાર કિંમત નક્કી કરવામાં આવે છે. ઉપયોગી આયુષ્યને અંતે વેચી દેતાં તેની ભંગાર કિંમત ઉપજે છે અને તેટલે અંશે ઘસારાની ખોટ ઓછી થાય છે. મિલકત બિન ઉપયોગી બનતાં તેની ઉપજવા ધારેલ કિંમત એટલે ભંગાર કિંમત ઘસારાનો દર નક્કી કરતાં

ગણતરીમાં લેવાય છે.



**4) મિલકતને ખરીદવા માટે રોકાયેલી મૂડી પર વ્યાજ :**

કોઈપણ મિલકત ખરીદવા માટે ખૂબ મોટી રકમનું રોકાણ કરવું પડે છે. કોઈપણ મિલકતો જેમ કે કાયમી મિલકતો મોટેભાગે લૉનથી ખરીદવામાં આવે છે. મિલકત ખરીદ્યા પછી ઉત્પાદન શરૂ થાય નહીં ત્યાં સુધીનું વ્યાજ મિલકતની કિંમતમાં ઉમેરવામાં આવે છે. આવું રોકાણ અન્ય કરવામાં આવે તો વ્યાજ મળી શકે તેથી ઘસારાનો દર નક્કી કરતાં મિલકતમાં રોકાયેલ મૂડી પર વ્યાજ ધ્યાનમાં લેવું જોઈએ.

**5) મિલકતનું સમારકામ અને જાળવણી :**

મિલકતને લાંબા સમય સુધી કાર્યક્ષમ રાખવા માટે તેની જાળવણી કરવી જોઈએ. તેમજ સમયાંતરે સમારકામ પણ કરાવવું જરૂરી છે. ઘસારાનો દર નક્કી કરતી વખતે મિલકતોનું ઉપયોગી આયુષ્ય વધે અને વાર્ષિક ઘસારો ઓછો થાય તે બાબતનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. દરેક વર્ષે ઘસારાની રકમ અને સમારકામની રકમ વચ્ચે સમતુલન જળવાઈ રહે તે પણ ધ્યાનમાં લેવું જરૂરી છે.

**6) નવી શોધખોળ અને સંશોધનના પરિણામે મિલકત બિનઉપયોગી થઈ જવાની શક્યતાઓ :**

આજના યુગમાં નવી શોધખોળ અને સંશોધનને કારણે અમુક સમયે મિલકતો અપ્રચલિત બની જાય છે. તેથી મિલકતના બાકીના સમયગાળાને પણ ઘસારો નક્કી કરતાં ધ્યાનમાં લેવામાં આવે છે. જૂની મિલકતને દૂર કરી નવી વધુ ઉપયોગી મિલકત વસાવવી જરૂરી બને છે.

**7) મિલકતનો વપરાશ :**

કોઈપણ મિલકતની કાર્યક્ષમતા તેના વપરાશ ઉપર આધાર રાખે છે. જેમ વપરાશ વધારે તેમ મિલકત પર લાગતો ઘસારો વધારે ગણાય છે. મિલકતનું આયુષ્ય તેના સમય કરતાં તેના વપરાશ પર વધારે આધાર રાખે છે. જ્યારે યંત્રો એક કરતાં વધારે પાળી માટે વપરાય ત્યારે ઘસારો વધારે લાગે છે. આમ, ઘસારાનો દર નક્કી કરતી વખતે મિલકતનો વપરાશ પણ ધ્યાનમાં લેવો જરૂરી છે.

**8) અન્ય પરિબળો :**

ઉપર્યુક્ત પરિબળો સિવાયનાં જેમકે કુદરતી આફતો, મિલકતના ઉપયોગનો હેતુ, બજારભાવમાં ઘટાડાની શક્યતા, અકસ્માતની શક્યતા વગેરે બાબતો પણ ઘસારો ગણતી વખતે ધ્યાનમાં લેવી જરૂરી છે.

## 6.7 ઘસારાપાત્ર મિલકતો

ઘસારો એ ધંધાની સ્થાવર એટલે કે કાયમી મિલકતો પર ગણાય છે. તેથી આ પ્રકારની મિલકતોને ઘસારાપાત્ર મિલકતો કહેવામાં આવે છે. કેટલીક મિલકતોની કિંમતમાં તેના મર્યાદિત આયુષ્યને કારણે ઘટાડો થાય છે. કેટલીક મિલકતો પર ઘસારો ગણાતો નથી. કારણકે સમય પસાર થવાથી તે મિલકતની કિંમતમાં ઘટાડો થતો નથી. દા.ત. જમીન. ઘસારાપાત્ર મિલકતો માટે નીચે મુજબ સમજૂતી આપી શકાય.

1) જે મિલકતો એક કરતાં વધુ હિસાબી વર્ષ માટે ઉપયોગમાં લેવાતી હોય તે મિલકત ઘસારાપાત્ર મિલકત છે.

2) જે મિલકતો ધંધામાં ઉપયોગી બને તે હેતુથી ખરીદેલ હોય એટલે કે ખરીદ-વેચાણના હેતુ માટે ખરીદેલ ન હોય તેવી મિલકતોને ઘસારાપાત્ર મિલકત કહેવામાં આવે છે.

3) જે મિલકતની ખરીદી વપરાશના હેતુ માટે કરવામાં આવી હોય એટલે કે ખરીદ-વેચાણના હેતુ માટે ન કરવામાં આવી હોય તેવી મિલકત ઘસારાપાત્ર મિલકત ગણી શકાય છે.

4) જે મિલકતોનું મર્યાદિત આયુષ્ય હોય તે ઘસારાપાત્ર મિલકત કહેવાય. દા.ત. મકાન, વાહન, ફર્નિચર.

   જે મિલકતોનું આયુષ્ય અમર્યાદિત હોય તે ઘસારાપાત્ર મિલકત ન ગણાય. દા.ત. જમીન.

ઘસારાપાત્ર મિલકતોની યાદી નીચે મુજબ છે.

- મકાન
- સાંચા અને યંત્રો
- ફર્નિચર અને ફિક્ચર્સ
- છૂટાં ઓજારો
- વાહનો
- ઢોર-ઢાંખર
- પેટન્ટ, ટ્રેડમાર્ક અને કોપીરાઈટ
- ખાણ
- પાઘડી
- તેલ કે ગેસનાં કૂવા
- પટે રાખેલ મિલકત
- ક્રોકરી વગેરે.

## 6.8 ઘસારો ગણવાની વિવિધ પદ્ધતિઓ

1) સરખા હપ્તાની કે સીધી લીટીની પદ્ધતિ (Fixed Instalment or Straight Line Method)
2) ઘટતી જતી બાકીની પદ્ધતિ (Reducing balance Method or written down value Method)
3) એન્યુઈટી પદ્ધતિ અથવા વર્ષાસન પદ્ધતિ (Annuity Method)
4) ઘસારા ભંડોળ કે ઘસારા ફંડ કે સિંકીંગ ફંડની પદ્ધતિ (Depreciation Fund or Sinking fund)
5) પુનઃ મૂલ્યાંકનની પદ્ધતિ (Revaluation Method)
6) માઈલેજ પદ્ધતિ (Mileage Method)
7) ચક્રવૃદ્ધિ વ્યાજની પદ્ધતિ (Compound Interest Method)
8) એકમ દીઠ ઘટાડાની પદ્ધતિ (Depletion Method)
9) વીમા પોલિસીની પદ્ધતિ (Insurance Policy Method)
10) યાંત્રિક કલાક દરની પદ્ધતિ (Machine Houre Rate Method)

## 6.9 જુદી-જુદી મિલકત પર ઘસારાની પદ્ધતિ

| ક્રમ | મિલકત | ઘસારાની પદ્ધતિ |
|---|---|---|
| 1) | પાઘડી | પાઘડી અદશ્ય મિલકત હોવાથી દર વર્ષે નફા નુકસાન ખાતે લઈ જઈ માંડી વાળવા માં આવે છે. |
| 2) | વાહનો | માઈલેજ પદ્ધતિનો ઉપયોગ થાય છે. |
| 3) | મકાન | સીધી લીટીની પદ્ધતિ કે ઘટતી જતી બાકીની પદ્ધતિ |
| 4) | વીજળી કંપનીની મિલકતો | ચક્રવૃદ્ધિ વ્યાજની પદ્ધતિ |
| 5) | ખાણ, તેલના કૂવા વગેરે | એકમ દીઠ ઘસારો કાપવાની પદ્ધતિનો ઉપયોગ થાય છે. |
| 6) | જમીન | તેના પર ઘસારાની જોગવાઈ કરવામાં આવતી નથી. |
| 7) | ખૂબ મોટી કિંમતના પટા | એન્યુઈટી પદ્ધતિ |
| 8) | ભાડાપટ્ટે જમીન | સીધી લીટીની પદ્ધતિનો ઉપયોગ થાય છે. |
| 9) | પેટન્ટ્સ, ટ્રેડમાર્ક | સીધી લીટીની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. ક્યારેક ફેર આંકણીની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. |
| 10) | ફ્રિહોલ્ડ મકાન, પ્લાન્ટ અને યંત્રો વગેરે | સીધી લીટીની પદ્ધતિ અથવા ઘટતી જતી બાકીની પદ્ધતિનો ઉપયોગ કરવો. |
| 11) | હોટલના કપ-રકાબી, ડિશ વગેરે | પુનઃ મૂલ્યાંકન એટલે કે ફેર આંકણીની પદ્ધતિ |
| 12) | છૂટાં ઓજારો, ઢોર-ઢાંખર | ફેર આંકણી એટલે કે પુનઃ મૂલ્યાંકનની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. |

## 6.10 સરખા હપ્તાની પદ્ધતિ કે સીધી લીટીની પદ્ધતિ (Fixed Instalment or Straight Line Method)

આ પદ્ધતિમાં વાર્ષિક ઘસારાની રકમ દર વર્ષે એકસરખી રહે છે. આ પદ્ધતિ ખૂબ જ સરળ અને વધુ પ્રચલિત પદ્ધતિ છે. પ્રત્યેક વર્ષના ઘસારાનો આલેખ એક સીધી રેખામાં મળે છે. આ પદ્ધતિ અનુસાર મિલકતની મૂળ કિંમતમાંથી તેના ઉપયોગી આયુષ્ય અને ભંગારના વેચાણની ઉપજવા ધારેલ કિંમત બાદ કરીને જે રકમ આવે તેને મિલકતની જીંદગીના વર્ષો વડે ભાગવામાં આવે છે. આ રીતે જે રકમ આવે તેને વાર્ષિક ઘસારો ગણવામાં આવે છે. આ રકમ દર વર્ષે (એકસરખી રકમ) ઘસારા ખાતે ઉધારવામાં આવે છે અને મિલકત ખાતે જમા કરવામાં આવે છે. આ પદ્ધતિ મુજબ દર વર્ષે ઘસારા તરીકે એકસરખી રકમ માંડી વાળવામાં આવે છે.

**ઘસારાની રકમ નક્કી કરવાની રીત :**

આ પદ્ધતિમાં ઘસારાની રકમ નક્કી કરવા માટે મિલકતની પડતર કિંમતમાંથી તેની અંદાજિત ભંગાર કિંમત બાદ કરી કુલ ઘસારાપાત્ર રકમ નક્કી કરવામાં આવે છે. વાર્ષિક ઘસારાની રકમ નીચે આપેલ સૂત્રની મદદથી શોધી શકાય છે.

સૂત્ર : $D = \frac{C - S}{N}$

જ્યાં, D = Depreciation = વાર્ષિક ઘસારો

C = Cost Price = પડતર કિંમત

S = Scrap Value = ભંગાર કિંમત

N = Number of years of Useful life = ઉપયોગી આયુષ્યનાં વર્ષોની સંખ્યા

દા.ત. એક યંત્રની કિંમત રૂ. 90,000 છે. અને તેની અંદાજિત ભંગાર કિંમત રૂ. 10,000 આંકવામાં આવે છે. જો તેનું આયુષ્ય 10 વર્ષ અંદાજવામાં આવે તો સીધી લીટીની પદ્ધતિ મુજબ દરેક વર્ષે ઘસારાની રકમ નીચે મુજબ ગણાશે.

$$\text{ઘસારાની રકમ} = \frac{\text{મિલકતની પડતર કિંમત - ભંગાર કિંમત}}{\text{આયુષ્યનાં વર્ષો}}$$

$$= \frac{90{,}000 - 10{,}000}{10}$$

$$= \frac{80{,}000}{10}$$

= રૂ. 8,000

જો વાર્ષિક ઘસારાનો દર શોધવાં હોય તો નીચે મુજબ શોધવો.

આ પદ્ધતિમાં ઘસારાની રકમ નક્કી કરવા માટે ઘસારાનો દર આપવામાં આવે છે. આવા સંજોગોમાં મિલકતની પડતર કિંમત સાથે ઘસારાના દરનો ગુણાકાર કરવાથી વાર્ષિક ઘસારાની રકમ મળે છે.

આ પદ્ધતિ માટે નીચેનું સૂત્ર ઉપયોગમાં લઈ શકાય.

સૂત્ર : $D = \frac{C \times R}{100}$

જ્યાં, D = Depreciation = વાર્ષિક ઘસારો

C = Cost Price = પડતર કિંમત

R = Rate of Depreciation = ઘસારાનો દર

જો યંત્રની કિંમત રૂ. 90,000 હોય અને સીધી લીટીની પદ્ધતિ મુજબ ઘસારાનો દર 10% હોય તો ઘસારો = ?

જ્યાં, C = રૂ. 90,000, R = 10%

$$D = \frac{90{,}000 \times 10}{100}$$

ઘસારો = રૂ. 9,000

જો વાર્ષિક ઘસારાનો દર શોધવો હોય ત્યારે નીચેનું સૂત્ર ઉપયોગમાં લઈ શકાય છે.

$$R = \frac{D}{C} \times 100$$

D = 9,000, C = 90,000

$$R = \frac{9{,}000}{90{,}000} \times 100$$

R = 10%

**ઘસારાની ગણતરી માટેની સીધી લીટીની પદ્ધતિના ફાયદા :**

- મિલકત પર ઘસારો ગણવા માટેની ખૂબ જ સરળ અને પ્રચલિત પદ્ધતિ છે.
- આ પદ્ધતિ સમજવામાં ખૂબ જ સરળ છે.
- દર વર્ષે ઘસારાની રકમ એકસરખી આવે છે.
- આ પદ્ધતિમાં મિલકતના ઉપયોગી આયુષ્યના અંતે તેની ઉપજી શકે એવી કિંમત કે ભંગાર કિંમત ધ્યાનમાં લેવામાં આવે છે.
- મિલકતના આયુષ્યના અંતે મિલકતની પૂરેપૂરી કિંમત ઘસારા તરીકે માંડી વાળી શકાય છે અને તેની કિંમત શૂન્ય થઈ જાય છે.

**ઘસારાની ગણતરી માટેની સીધી લીટીની પદ્ધતિના ગેરફાયદા :**

- આ પદ્ધતિમાં નાણા ધંધામાં રોકાઈ રહેતાં હોવાથી મિલકતની પુનઃ સ્થાપના કરવી પડે ત્યારે નાણાની તકલીફ પડે છે.
- આ પદ્ધતિમાં મિલકતના વપરાશથી તેની કાર્યક્ષમતા ઘટે છે છતાં ઘસારાની રકમ યથાવત્ રહે છે.
- આ પદ્ધતિમાં મિલકતની પુનઃ સ્થાપના અંગે કોઈ જોગવાઈ કરવામાં આવતી નથી.
- મિલકતમાં રોકાયેલી મૂડીનું વ્યાજ ધ્યાનમાં લેવામાં આવતું નથી.
- મિલકતની ખરીદી અને વેચાણ વારંવાર કરવામાં આવે ત્યારે ગણતરીનું કાર્ય મુશ્કેલ બને છે.
- આ પદ્ધતિમાં ઘસારાની રકમ નક્કી કરતી વખતે વપરાશ કરતાં સમયને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. જેમકે એક પાળીમાં વપરાતાં યંત્રોનો ઘસારો અને બે પાળીમાં વપરાતાં યંત્રોનો ઘસારો સરખો ગણવામાં આવે છે.

**અનુકૂળતા :**

જે મિલકતોનું ઉપયોગી આયુષ્ય સરળતાથી નક્કી કરી શકાય તેમ હોય તેવી મિલકતો માટે આ પદ્ધતિ અનુકૂળ છે. જેમકે પેટન્ટ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ, ભાડા-પટ્ટાની મિલકત વગેરે.

## ઘસારાની હિસાબી નોંધો

### [i] મિલકતની ખરીદીના પ્રથમ વર્ષે

| તારીખ | વિગત | ખા. પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1) | મિલકત ખરીદવામાં આવે ત્યારે | | | |
| | મિલકત ખાતે (પડતર કિંમત) ઉ. | | - | |
| | તે બેંક ખાતે (ખરીદ કિંમત) | | | - |
| | તે બેંક / રોકડ ખાતે (ચૂકવેલ ખર્ચ) | | | - |
| | (બા.જે. મિલકતની ખરીદી કરી ખર્ચાઓ ચૂકવ્યા તેના.) | | | |
| 2) | હિસાબી વર્ષના અંતે ઘસારાની નોંધ | | | |
| | ઘસારા ખાતે ઉ. | | - | |
| | તે મિલકત ખાતે | | | - |
| | (બા.જે. ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 3) | ઘસારા ખાતું બંધ કરી નફા નુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારે | | | |
| | નફા નુકસાન ખાતે ઉ. | | - | |
| | તે ઘસારા ખાતે | | | - |
| | (બા.જે. ઘસારા ખાતું બંધ કરી નફા નુકસાન ખાતે) | | | |

### [ii] બીજા વર્ષથી દરેક હિસાબી વર્ષના અંતે અને મિલકતનું વેચાણ ન થાય / આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી

| તારીખ | વિગત | ખા. પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1) | હિસાબી વર્ષના અંતે ઘસારાની નોંધ | | | |
| | ઘસારા ખાતે ઉ. | | - | |
| | તે મિલકત ખાતે | | | - |
| | (બા.જે. ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 2) | ઘસારા ખાતું બંધ કરી નફા નુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારે | | | |
| | નફા નુકસાન ખાતે ઉ. | | - | |
| | તે ઘસારા ખાતે | | | - |
| | (બા.જે. ઘસારા ખાતું બંધ કરી નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |

દરેક હિસાબી વર્ષના અંતે, વાર્ષિક ઘસારાની રકમ વાર્ષિક હિસાબોમાં નફા નુકસાન ખાતે ઉધાર બાજુ અને સરવૈયામાં મિલકત-લેણાં બાજુ જે-તે મિલકતમાંથી બાદ કરીને દર્શાવાય છે.

**ઉદા. 1**

કાર્તિક લિમિટેડે તા. 01/04/2020ના રોજ રૂ. 60,000માં એક યંત્ર ખરીદ્યું. આ યંત્રને ગોઠવવાનો ખર્ચ રૂ. 10,000 થયો. આ યંત્રનું અંદાજિત આયુષ્ય 10 વર્ષ અને યંત્રની ભંગાર કિંમત રૂ. 10,000 અંદાજવામાં આવેલ છે. ઘસારાની સરખા હપ્તાની પદ્ધતિ મુજબ વાર્ષિક ઘસારાની રકમ અને વાર્ષિક ઘસારાનો દર શોધો. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે.

પ્રથમ ત્રણ વર્ષની આમનોંધ, યંત્ર ખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો. તથા પ્રથમ વર્ષના વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો.

જવાબ : **(1) વાર્ષિક ઘસારો** = $D = \frac{C - S}{N}$

D = વાર્ષિક ઘસારો = ?

C = પડતર કિંમત = ખરીદ કિંમત + ગોઠવણીના ખર્ચ

= 60,000 + 10,000 = 70,000

S = ભંગાર કિંમત = 10,000

N = કુલ આયુષ્યનાં વર્ષ = 10 વર્ષ

$$D = \frac{70,000 - 10,000}{10}$$

$$= \frac{60,000}{10}$$

વાર્ષિક ઘસારાની રકમ = 6,000

**(2) ઘસારાનો દર :** $R = \frac{D}{C} \times 100$

D = 6,000, C = 70,000

$$R = \frac{6,000}{70,000} \times 100$$

R = 8.5% (Round off to 8.6% પણ કરી શકાય.)

વાર્ષિક ઘસારાનો દર 8.5% છે.

### કાર્તિક લિમિટેડના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | ખા પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 01/04/20 | યંત્ર ખાતે ઉ. | | 70,000 | |
| | તે બેંક ખાતે | | | 60,000 |
| | તે રોકડ ખાતે | | | 10,000 |
| | (બા.જે. રૂ. 60,000નું યંત્ર ખરીદ્યું તથા રૂ. 10,000 ગોઠવણી ખર્ચના ચૂકવ્યા તેના.) | | | |
| 31/03/21 | ઘસારા ખાતે ઉ. | | 6,000 | |
| | તે યંત્ર ખાતે | | | 6,000 |
| | (બા.જે. રૂ. 6,000ના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/21 | નફા નુકસાન ખાતે ઉ. | | 6,000 | |
| | તે ઘસારા ખાતે | | | 6,000 |
| | (બા.જે. રૂ. 6,000ના ઘસારાની રકમ નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |
| 31/03/22 | ઘસારા ખાતે ઉ. | | 6,000 | |
| | તે યંત્ર ખાતે | | | 6,000 |
| | (બા.જે. રૂ. 6,000ના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/22 | નફા નુકસાન ખાતે ઉ. | | 6,000 | |
| | તે ઘસારા ખાતે | | | 6,000 |
| | (બા.જે. રૂ. 6,000ના ઘસારાની રકમ નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |
| 31/03/23 | ઘસારા ખાતે ઉ. | | 6,000 | |
| | તે યંત્ર ખાતે | | | 6,000 |
| | (બા.જે. રૂ. 6,000ના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/23 | નફા નુકસાન ખાતે ઉ. | | 6,000 | |
| | તે ઘસારા ખાતે | | | 6,000 |
| | (બા.જે. રૂ. 6,000ના ઘસારાની રકમ નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |
| | કુલ સરવાળો | | 1,06,000 | 1,06,000 |

ઉ ઘસારા ખાતું જ

| તારીખ | વિગત | નો પા | રકમ | તારીખ | વિગત | નો પા | રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 31/3/21 | યંત્ર ખાતે | | 6,000 | 31/3/21 | નફા નુકસાન ખાતે | | 6,000 |
| | | | 6,000 | | | | 6,000 |
| 31/3/22 | યંત્ર ખાતે | | 6,000 | 31/3/22 | નફા નુકસાન ખાતે | | 6,000 |
| | | | 6,000 | | | | 6,000 |
| 31/3/23 | યંત્ર ખાતે | | 6,000 | 31/3/23 | નફા નુકસાન ખાતે | | 6,000 |
| | | | 6,000 | | | | 6,000 |

ઉ યંત્ર ખાતું જ

| તારીખ | વિગત | નો પા | રકમ | તારીખ | વિગત | નો પા | રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 1/4/20 | બેંક ખાતે | | 60,000 | 31/3/21 | ઘસારા ખાતે | | 6,000 |
| 1/4/20 | રોકડ ખાતે | | 10,000 | 31/3/21 | બાકી આગળ લઈ ગયા | | 64,000 |
| | | | 70,000 | | | | 70,000 |
| 1/4/21 | બાકી આગળ લાવ્યા | | 64,000 | 31/3/22 | ઘસારા ખાતે | | 6,000 |
| | | | | 31/3/22 | બાકી આગળ લઈ ગયા | | 58,000 |
| | | | 64,000 | | | | 64,000 |
| 1/4/22 | બાકી આગળ લાવ્યા | | 58,000 | 31/3/23 | ઘસારા ખાતે | | 6,000 |
| | | | | 31/3/23 | બાકી આગળ લઈ ગયા | | 52,000 |
| | | | 58,000 | | | | 58,000 |
| 1/4/23 | બાકી આગળ લાવ્યા | | 52,000 | | | | |

**વાર્ષિક હિસાબોમાં અસર**

**તા. 31/03/21ના રોજ પૂરા થતાં વર્ષનું**

ઉ. નફા નુકસાન ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| યંત્રના ઘસારા ખાતે | 6,000 | | |

**તા. 31/03/21ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | યંત્ર | 70,000 | |
| | | (-) ઘસારો | - 6,000 | 64,000 |

## 6.11 ઘટતી જતી બાકીની પદ્ધતિ
## (Reducing balance Method or written down value Method)

આ પદ્ધતિમાં વાર્ષિક ઘસારાની રકમ દર વર્ષે ઘટતી જાય છે. તેથી આ પદ્ધતિને ઘટતી જતી બાકીની પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. આ પદ્ધતિ મુજબ દર વર્ષે મિલકતની શરૂઆતની બાકી પર નક્કી કરેલ ટકાવારી મુજબ ઘસારો ગણવામાં આવે છે. દર વર્ષે ઘસારો બાદ કર્યા પછી મિલકતની જે બાકી રહે તેના પર નિશ્ચિત દરે ઘસારો ગણાય છે. આમ દર વર્ષે મિલકતની બાકી ઘસારો બાદ કરવાથી ઘટતી જાય છે. અને તેના પર ઘસારો ગણાય છે. તેથી તેને "ઘટતી જતી બાકીની પદ્ધતિ" કહે છે.

**ઉદા. 2**

બ્રિન્દા એન્ડ કંપનીએ રૂ. 67,000ની કિંમતનું યંત્ર ખરીદ્યું. જેને ગોઠવવાનો ખર્ચ રૂ. 3,000 થયો. દર વર્ષે 5% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ પ્રથમ ત્રણ વર્ષ સુધી ઘસારાની ગણતરી કરો.

જવાબ :

પડતર કિંમત = 67,000 + 3,000 = રૂ. 70,000

**ઘસારાની ગણતરી**

| વિગત | રકમ રૂ. |
|---|---|
| યંત્રની પડતર કિંમત | 70,000 |
| (-) પ્રથમ વર્ષના અંતે ઘસારો (70,000 - 5%) | 3,500 |
| બીજા વર્ષના શરૂઆતની બાકી | 66,500 |
| (-) બીજા વર્ષનો ઘસારો (66,500 - 5%) | 3,325 |
| ત્રીજા વર્ષના શરૂઆતની બાકી | 63,175 |
| (-) ત્રીજા વર્ષનો ઘસારો (63,175 - 5%) | 3,159 |
| ચોથા વર્ષની શરૂઆતની બાકી | 60,016 |

**સમજૂતી**

1) દર વર્ષે 5% લેખે ઘસારાની ગણતરી થાય છે.

2) દર વર્ષે જે વર્ષની શરૂની બાકી ઉપર ઘસારો ગણાય છે. ઘસારાને કારણે દર વર્ષની શરૂની બાકી ઘટે છે. અહીં અનુક્રમે રૂ. 66,500, રૂ. 63,175 અને રૂ. 60,016 છે.

3) દર વર્ષે ઘસારાની રકમ પણ ક્રમશઃ ઘટતી જાય છે. જે અનુક્રમે રૂ. 3,500, રૂ. 3,325 અને રૂ. 3,159 છે. માટે આ પદ્ધતિ ઘટતી જતી બાકીની પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

**ઘટતી જતી બાકીની પદ્ધતિના ફાયદા :**

- આ પદ્ધતિ મુજબ ઘસારાની રકમ અને સમારકામ ખર્ચ વચ્ચે સમતોલન જળવાઈ રહે છે. આ પદ્ધતિ વૈજ્ઞાનિક છે. શરૂઆતના વર્ષોમાં જ્યારે સમારકામ ખર્ચ ઓછો હોય ત્યારે વધારે ઘસારો નફા-નુકસાન ખાતે લઈ જવામાં આવે છે. મિલકતનાં પાછલા વર્ષોમાં જ્યારે સમારકામ ખર્ચ વધુ થાય છે ત્યારે ઓછો ઘસારો ગણાય છે. અને ઘસારો તથા સમારકામની ભેગી અસર વર્ષે વર્ષે લગભગ સરખી જ રહે છે.
- મિલકતમાં વધારો કરવામાં આવે ત્યારે દરેક વખતે નવો દર શોધવાની જરૂરિયાત રહેતી નથી.
- આવકવેરાના કાયદા અનુસાર ઘટતી જતી બાકીની પદ્ધતિ ઘસારા માટે અપનાવવામાં આવી છે.
- મિલકતની કિંમત પૂરેપૂરી કદાપિ માંડી વળાતી નથી. તેથી દરેક વર્ષે નફા-નુકસાન ખાતે ઘસારા અંગે અમુક રકમ લઈ જઈ શકાય છે.

**ઘટતી જતી બાકીની પદ્ધતિના ગેરફાયદા :**

- આ પદ્ધતિ સરળ હપ્તાની પદ્ધતિ જેટલી સરળ નથી.
- આ પદ્ધતિ અનુસાર પણ સ્થિર હપ્તાની પદ્ધતિની જેમ મિલકતોમાં રોકાયેલ મૂડી પર વ્યાજ ધ્યાનમાં લેવાતું નથી.
- ઘસારાની ટકાવારી નક્કી કરવાનું કામ મુશ્કેલ છે. જો તેના અંદાજો ખોટા મૂકાય તો ઘસારાની રકમ યોગ્ય આવતી નથી.
- જ્યારે જૂની મિલકત કાઢી નાખી નવી મિલકત ખરીદવાની હોય ત્યારે જરૂરી રકમની જોગવાઈ હોતી નથી.

**ઘટતી જતી પદ્ધતિ કઈ મિલકત માટે અનુકૂળ ?**

- આ પદ્ધતિ પ્લાન્ટ, યંત્રો, મકાન, ફર્નિચર જેવી મિલકતો પર અનુકૂળ છે.

**હિસાબી નોંધ :**

આ પદ્ધતિમાં દર વર્ષે બે આમનોંધ થાય છે. એક ઘસારો માંડી વાળવાની અને બીજી ઘસારાની રકમ નફા નુકસાન ખાતે લઈ જવાની હોય છે. પહેલા વર્ષે મિલકત ખરીદી હોય ત્યારે મિલકત ખરીદીની તેમજ ઘસારાની આમનોંધ થાય છે. પરંતુ, તે ઘસારાની આમનોંધ કહી શકાય નહીં. આ પદ્ધતિ પ્રમાણે દર વર્ષે નફા નુકસાન ખાતે લઈ જવાની રકમ જુદી હોય છે.

**ઘસારાની રકમ નક્કી કરવાની રીત :**

આ પદ્ધતિમાં દર વર્ષે મિલકતની શરૂઆતની બાકી પર નક્કી કરેલ ટકાના દરે ઘસારો ગણવામાં આવે છે. ઘસારાની રકમ નક્કી કરવાનું સૂત્ર નીચે મુજબ છે.

સૂત્ર : વાર્ષિક ઘસારો = $D = \frac{C \times R}{100}$

જ્યાં, D = વાર્ષિક ઘસારો

C = પડતર કિંમત / જે-તે વર્ષની શરૂની બાકી

R = ઘસારાનો દર

આ પદ્ધતિની વિશિષ્ટતા એ છે કે અંદાજિત આયુષ્યના અંતે મિલકતની બાકી લગભગ તેની ભંગાર કિંમત જેટલી રહે છે.

**ઘસારાના દરની ગણતરી :**

આ પદ્ધતિ હેઠળ ઘસારાનો દર નીચેના સૂત્રની મદદથી શોધી શકાય છે.

$$R = 1 - \sqrt[n]{\frac{S}{C}}$$

જ્યાં, R = ઘસારાનો દર

n = અંદાજિત આયુષ્ય

S = ભંગાર કિંમત

C = પડતર કિંમત

જો કોઈ મિલકતની ખરીદ કિંમત રૂ. 2,00,000 હોય, તેની ભંગાર કિંમત રૂ. 20,000 હોય અને તેનું ઉપયોગી આયુષ્ય 8 વર્ષનું હોય તો ઘટતી જતી બાકીની પદ્ધતિ મુજબ ઘસારાનો દર શોધો.

ઘસારાનો દર $= R = 1 - \sqrt[n]{\frac{S}{C}} \quad = 1 - \sqrt[8]{\frac{20,000}{2,00,000}}$

$$= 1 - \sqrt[8]{0.1}$$

$$= 1 - 0.75 = 0.25 = 25\%$$

## 6.12 તફાવત : સીધી લીટીની પદ્ધતિ અને ઘટતી જતી બાકીની પદ્ધતિ

| ક્રમ | મુદ્દા | સીધી લીટીની પદ્ધતિ | ઘટતી જતી બાકીની પદ્ધતિ |
|---|---|---|---|
| 1) | ઘસારાની રકમની ગણતરી | આ પદ્ધતિમાં મિલકતની પડતર કિંમતમાંથી તેની અંદાજિત ભંગાર કિંમત બાદ કરી મળતી રકમને મિલકતના ઉપયોગી આયુષ્યના વર્ષો વડે ભાગી વાર્ષિક ઘસારાની ગણતરી કરવામાં આવે છે. | આ પદ્ધતિમાં મિલકતની કિંમત પર નક્કી કરેલ ટકાવારી મુજબ ઘસારો ગણાય છે. પરંતુ દર વર્ષે મિલકતની કિંમતમાંથી ઘસારો બાદ કર્યા પછીની જે રકમ આવે તેના પર બીજા વર્ષે નક્કી કરેલ દરે ઘસારો ગણવામાં આવે છે. |
| 2) | ઘસારાની રકમ | અહીં દર વર્ષે ઘસારાની રકમ એકસરખી રહે છે. | અહીં દર વર્ષે ઘસારાની રકમ ઘટતી જાય છે. |
| 3) | વારંવાર ગણતરી | ઘસારાની રકમ દરેક વર્ષે સરખી રહેતી હોવાથી ઘસારાની રકમની ગણતરી વારંવાર કરવી પડતી નથી. | ઘસારાની રકમ દર વર્ષે બદલાતી રહેતી હોવાથી ઘસારાની વારંવાર ગણતરી કરવી પડે છે. |
| 4) | આયુષ્યના અંતે ચોપડે કિંમત | આ પદ્ધતિ પ્રમાણે મિલકતના ઉપયોગી આયુષ્યને અંતે મિલકતની કિંમત શૂન્ય થઈ જાય છે. | આ પદ્ધતિમાં મિલકતના ઉપયોગી આયુષ્યને અંતે પણ મિલકતની કિંમત શૂન્ય થતી નથી. |
| 5) | મિલકતની કિંમત | આ પદ્ધતિમાં ઘસારો દર વર્ષે મિલકતની પડતર કિંમત પર ગણવામાં આવે છે. | આ પદ્ધતિમાં દર વર્ષે ઘસારો મિલકતની ઘસારા બાદ કિંમત એટલે કે જે-તે વર્ષની શરૂની બાકી પર ગણવામાં આવે છે. |
| 6) | ઘસારો અને સમારકામ ખર્ચ | આ પદ્ધતિમાં ઘસારાની રકમ અને સમારકામ ખર્ચ વચ્ચે સમતોલન જળવાતું નથી. | આ પદ્ધતિમાં ઘસારાની રકમ અને સમારકામ ખર્ચ વચ્ચે સમતોલ જળવાય છે. |
| 7) | કઈ મિલકતો માટે અનુકૂળ | ટૂંકું અને સુનિશ્ચિત આયુષ્યવાળી મિલકત માટે અનુકૂળ છે. | આ પદ્ધતિમાં દર વર્ષે મિલકતની ઘસારા બાદ કિંમત પર એટલે કે ઘટતી જતી બાકી પર ઘસારો ગણાય છે. |
| 8) | ગણતરીની સરળતા | આ પદ્ધતિમાં ઘસારાની ગણતરી એકદંરે સરળ છે. | આ પદ્ધતિમાં ઘસારાની ગણતરી જટિલ છે. |
| 9) | પ્રચલિતતા | આ પદ્ધતિ યુ.એસ.એ., બ્રિટન તેમજ કેનેડામાં વધુ પ્રચલિત છે. | આ પદ્ધતિ ભારતમાં વધુ પ્રચલિત છે. |

**ઉદા. 3**

મનિષ મેન્યુફેક્ચરીંગ લિમિટેડના ચોપડે તા. 01/04/2016 ના રોજ યંત્ર ખાતાની બાકી રૂ. 80,000 હતી. આ યંત્ર પાંચ વર્ષ પહેલાં ખરીદવામાં આવ્યું હતું. આ યંત્ર પર આજ સુધી માંડી વાળેલ ઘસારો રૂ. 60,000 હતો. જે સીધી લીટીની પદ્ધતિએ ગણવામાં આવ્યો હતો. વાર્ષિક ઘસારાની રકમ શોધો. અને યંત્રની પડતર કિંમત શોધો. ઘસારાની વાર્ષિક હિસાબોમાં અસર આપો.

જવાબ :

(1) આ દાખલામાં ઘસારાનો દર આપેલ ન હોવાથી, ઘસારાની રકમ નીચે મુજબ શોધવામાં આવશે. પાંચ વર્ષ દરમિયાન માંડી વાળેલ ઘસારો રૂ.60,000. જે સરખા વાર્ષિક હપ્તે માંડી વાળેલ છે.

તેથી 1 વર્ષનો ઘસારો $= \frac{60,000}{5}$ = રૂ. 12,000

સીધી લીટીની પદ્ધતિએ ઘસારો દર વર્ષે એક સરખો ગણવામાં આવે છે.

(2) મિલકતની પડતર કિંમત = ઘસારા બાદ કિંમત + આજ સુધી માંડી વાળેલ ઘસારો

= 80,000 + 60,000

= 1,40,000

(3) ઘસારાની વાર્ષિક હિસાબોમાં અસર

1) વર્ષનો ઘસારો નફા નુકસાન ખાતાની ઉધાર બાજુ બતાવાશે.

2) પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ મિલકતમાંથી બાદ થશે.

ઉ. નફા નુકસાન ખાતું (તા. **31/3/17**) જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| યંત્રનો ઘસારો | 12,000 | | |

પાકું સરવૈયું (તા. **31/3/17**)

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | યંત્ર | 80,000 | |
| | | (-) ઘસારો | - 12,000 | 68,000 |

**ઉદા. 4**

અનિલ લિમિટેડે તા. 01/04/14ના રોજ એક યંત્ર ખરીદ્યું હતું. તા. 01/04/18ના રોજ આ યંત્રની ઘસારા બાદ કિંમત રૂ. 84,000 હતી. આ યંત્ર પર સરખા હપ્તાની પદ્ધતિએ વાર્ષિક 10% લેખે ઘસારો ગણવામાં આવે છે. વાર્ષિક ઘસારાની રકમ શોધો અને યંત્રની પડતર કિંમત ગણો.

જવાબ :

(1) આ દાખલમાં મિલકતની પડતર કિંમત આપેલ નથી. તેમજ એકત્રિત ઘસારાની રકમ પણ આપેલ ન હોવાથી, ઘસારાની રકમ નીચે મુજબ નક્કી કરવામાં આવશે.

| | |
|---|---|
| ધારો કે યંત્રની પડતર કિંમત | રૂ. 100 |
| બાદ : ચાર વર્ષનો ઘસારો (તા. 01/04/14 થી તા. 01/04/18 સુધી) | |
| $(100 \times \frac{10}{100} \times 4)$ | રૂ. 40 |
| ∴ તા. 01/04/18ના રોજ ઘસારા બાદ કિંમત | રૂ. 60 |

| જો યંત્રની ઘસારા બાદ કિંમત | યંત્રની પડતર કિંમત |
|---|---|
| રૂ. 60 હોય તો | રૂ. 100 |
| રૂ. 84,000 હોય તો | (?) |

$$= \frac{100 \times 84,000}{60}$$

= રૂ. 1,40,000 યંત્રની પડતર કિંમત

(2) યંત્રનો વાર્ષિક ઘસારો નીચે મુજબ ગણાશે.

વાર્ષિક ઘસારો = યંત્રની પડતર કિંમત × ઘસારાનો દર

= 1,40,000 × 10% = 14,000

યંત્રનો વાર્ષિક ઘસારો રૂ. 14,000

### ઉદા. 5

અક્ષરા લિમિટેડે તા. 01/04/13ના રોજ રૂ. 90,000નું એક યંત્ર ખરીદ્યું.આ યંત્ર પર 10% લેખે ઘસારો માંડી વાળવાનો છે. સીધી લીટીની પદ્ધતિ મુજબ કંપનીના ચોપડે પ્રથમ બે વર્ષની આમનોંધ અને વાર્ષિક હિસાબોમાં તેની અસર દર્શાવો.

જવાબ : અહીં વાર્ષિક ઘસારાની રકમ રૂ. 9,000 થશે. (90,000 × 10%)

દર વર્ષે સરખી રકમની હિસાબી અસરો નીચે મુજબ થશે.

**અક્ષરા લિમિટેડના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 31/03/14 | ઘસારા ખાતે ઉ. | | 9,000 | |
| | તે યંત્ર ખાતે | | | 9,000 |
| | (બા.જે. રૂ. 9,000ના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/14 | નફા નુકસાન ખાતે ઉ. | | 9,000 | |
| | તે ઘસારા ખાતે | | | 9,000 |
| | (બા.જે. રૂ. 9,000ના ઘસારા ખાતું બંધ કરી નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |
| 31/03/15 | ઘસારા ખાતે ઉ. | | 9,000 | |
| | તે યંત્ર ખાતે | | | 9,000 |
| | (બા.જે. રૂ. 9,000ના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/15 | નફા નુકસાન ખાતે ઉ. | | 9,000 | |
| | તે ઘસારા ખાતે | | | 9,000 |
| | (બા.જે. રૂ. 9,000ના ઘસારા ખાતું બંધ કરી નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |
| | કુલ સરવાળો | | 36,000 | 36,000 |

ઉપર દર્શાવ્યા મુજબ દરેક હિસાબી વર્ષને અંતે ઘસારાની રકમ નફા નુકસાન ખાતે લઈ જઈ માંડી વાળવામાં આવે છે.

**વાર્ષિક હિસાબોમાં અસર**

**તા. 31/03/14ના રોજ પૂરા થતાં વર્ષનું**

ઉ. નફા નુકસાન ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| યંત્રનો ઘસારો | 9,000 | | |

**તા. 31/03/14ના રોજનું**

પાકું સરવૈયું

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | યંત્ર | 90,000 | |
| | | (-) ઘસારો | - 9,000 | 81,000 |

**તા. 31/03/15ના રોજ પૂરા થતાં વર્ષનું**

ઉ. નફા નુકસાન ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| યંત્રનો ઘસારો | 9,000 | | |

**તા. 31/03/15ના રોજનું**

પાકું સરવૈયું

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | યંત્ર | 81,000 | |
| | | (-) ઘસારો | - 9,000 | 72,000 |

**ઉદા. 6**

દક્ષ એન્ટરપ્રાઈઝના ચોપડામાં તા. 01/04/15ના રોજ યંત્ર ખાતાની બાકી રૂ. 75,000 છે. આ યંત્ર 5 વર્ષ પહેલાં ખરીદવામાં આવ્યું હતું. આ યંત્ર પર સરખા હપ્તાની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવેલ. અત્યાર સુધી માંડી વાળેલ કુલ ઘસારો રૂ. 65,000 છે. તો યંત્રની પડતર કિંમત તથા વાર્ષિક ઘસારાની રકમ શોધો.

જવાબ :

(1) સરખા હપ્તાની પદ્ધતિએ વાર્ષિક ઘસારાની રકમ $= \frac{\text{કુલ ઘસારો}}{\text{વપરાશનાં કુલ વર્ષ}}$

$= \frac{65,000}{5}$

સરખા હપ્તાની પદ્ધતિએ વાર્ષિક ઘસારાની રકમ = રૂ. 13,000

(2) યંત્રની પડતર કિંમત = યંત્રની શરૂઆતની બાકી + અત્યાર સુધીનો કુલ ઘસારો

= 75,000 + 65,000

= રૂ. 1,40,000 યંત્રની પડતર કિંમત

**ઉદા. 7**

કિશન એન્ટરપ્રાઈઝના ચોપડામાં તા. 01/04/12ના રોજ ફર્નિચર અને ફિક્સચર્સ ખાતાની બાકી રૂ. 40,000 હતી. સંસ્થાની જરૂરિયાત મુજબ તા. 01/07/13ના રોજ જૂનું ફર્નિચર રૂ. 20,000માં ખરીદવામાં આવ્યું. જેના પર ગોઠવણી અને અન્ય મરામત ખર્ચ રૂ. 5,000 થયા. તા. 01/07/13ના રોજ જૂનું ખરીદેલ ફર્નિચર અનુકૂળ ન આવતાં તા.31/03/15 ના રોજ રૂ. 5,000માં વેચી દીધું. મિલકત પર દર વર્ષે 10% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. ઉપરની વિગતો પરથી તા. 31/03/15 સુધીનું ફર્નિચર અને ફિક્સચર્સનું ખાતું તૈયાર કરો.

જવાબ : જરૂરી ગણતરી અને સમજૂતી :

(1) તા. 01/04/12ના ફર્નિચર પર ઘસારાની ગણતરી

| | વિગત | રૂ. |
|---|---|---|
| | તા. 01/04/12ના રોજ શરૂની બાકી | 40,000 |
| (-) | તા. 31/03/13ના રોજ ઘસારો | 4,000 |
| | તા. 01/04/13ના રોજ શરૂની બાકી | 36,000 |
| (-) | તા. 31/03/14ના રોજ ઘસારો | 3,600 |
| | તા. 01/04/14ના રોજ શરૂની બાકી | 32,400 |
| (-) | તા. 31/03/15ના રોજ ઘસારો | 3,240 |
| | તા. 01/04/15ના રોજ શરૂની બાકી | 29,160 |

(2) તા. 01/07/13ના રોજ ખરીદેલ જૂનાં ફર્નિચર માટેની ગણતરી

| | | રૂ. |
|---|---|---|
| | તા. 01/07/13ના રોજ પડતર કિંમત = (20,000 + 5,000) | 25,000 |
| (-) | તા. 31/03/14ના રોજ નવ માસનો ઘસારો $\frac{25,000 \times 10 \times 9}{100 \times 12}$ | 1,875 |
| | તા. 01/04/14ના રોજ ચોપડે કિંમત | 23,125 |
| (-) | તા. 31/03/15ના રોજ ઘસારો (23,125 × 10%) | 2,312 |
| | તા. 31/03/15ના રોજ ચોપડે કિંમત | 20,813 |
| (-) | વેચાણ કિંમત | 5,000 |
| | ફર્નિચર વેચાણનું નુકસાન | 15,813 |

ઉ ફર્નિચર ફિક્સચર્સનું ખાતું જ

| તારીખ | વિગત | નો પા | રકમ | તારીખ | વિગત | | નો પા | રકમ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1/4/12 | બાકી આગળ લાવ્યા | | 40,000 | 31/3/13 | ઘસારા ખાતે | | | 4,000 |
| | | | | 31/3/13 | બાકી આગળ લઈ ગયા | | | 36,000 |
| | | | 40,000 | | | | | 40,000 |
| 1/4/13 | બાકી આગળ લાવ્યા | | 36,000 | 31/3/14 | ઘસારા ખાતે | | | |
| 1/7/13 | બેંક ખાતે (જૂનું યંત્ર) | | 20,000 | | યંત્ર - 1 | 3,600 | | |
| 1/7/13 | રોકડ ખાતે | | 5,000 | | યંત્ર - 2 | 1,875 | | 5,475 |
| | (ગોઠવણી ખર્ચ) | | | 31/3/14 | બાકી આગળ લઈ ગયા | | | 55,525 |
| | | | 61,000 | | | | | 61,000 |
| 1/4/14 | બાકી આગળ લાવ્યા | | 55,525 | 31/3/15 | ઘસારા ખાતે | | | |
| | | | | | યંત્ર - 1 | 3,240 | | |
| | | | | | યંત્ર - 2 | 2,312 | | 5,552 |
| | | | | 31/3/15 | બેંક ખાતે (યંત્ર - 2નું વેચાણ) | | | 5,000 |
| | | | | 31/3/15 | નફા નુકસાન ખાતે (યંત્ર – 2 વેચાણની ખોટ) | | | 15,813 |
| | | | | | બાકી આગળ લઈ ગયા | | | 29,160 |
| | | | 55,525 | | | | | 55,525 |
| 1/4/15 | બાકી આગળ લાવ્યા | | 29,160 | | | | | |

**ઉદા. 8**

રૂપાણી એન્ડ કંપનીના ચોપડે તા. 01/04/18ના રોજ યંત્રોની ખરીદીની વિગતો નીચે મુજબ હતી. તેના પરથી પ્રથમ બે વર્ષ માટે યંત્ર ખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો.

1) તા. 01/04/18ના રોજ પડતર કિંમત રૂ. 60,000. જેનું અંદાજિત આયુષ્ય 8 વર્ષ છે. અને ભંગાર કિંમત રૂ. 4,000 છે.

2) તા. 01/10/18ના રોજ પડતર કિંમત રૂ. 1,00,000. જેનું અંદાજિત આયુષ્ય 10 વર્ષ છે. જેની ભંગાર કિંમત રૂ. 10,000 છે.

3) તા. 01/04/19ના રોજ પડતર કિંમત રૂ. 80,000. જેનું અંદાજિત આયુષ્ય 12 વર્ષ છે. જેની ભંગાર કિંમત રૂ. 8,000 છે.

4) તા. 01/10/19ના રોજ પડતર કિંમત રૂ. 1,20,000. જેનું અંદાજિત આયુષ્ય 10 વર્ષ છે. જેની ભંગાર કિંમત રૂ. 20,000 છે.

રૂ. 80,000ની પડતર કિંમતનું યંત્ર તા.31/03/20ના રોજ ચોપડે કિંમતના 20% નફાથી વેચી દીધું. યંત્ર પર સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવે છે.

જવાબ :

(1) સૌ પ્રથમ દરેક યંત્રનો વાર્ષિક ઘસારો નીચે મુજબ શોધવામાં આવે છે.

$$\text{ઘસારો} = \frac{\text{પડતર કિંમત - ભંગાર કિંમત}}{\text{અંદાજિત આયુષ્ય}}$$

$$\text{Þfk- 1} = \frac{60,000 - 4,000}{8} = \text{રૂ. } 7,000 \text{ વાર્ષિક ઘસારો}$$

$$\text{યંત્ર - 2} = \frac{1,00,000 - 10,000}{10} = \text{રૂ. } 9,000 \text{ વાર્ષિક ઘસારો}$$

$$\text{યંત્ર - 3} = \frac{80,000 - 8,000}{12} = \text{રૂ. } 6,000 \text{ વાર્ષિક ઘસારો}$$

$$\text{યંત્ર - 4} = \frac{1,20,000 - 20,000}{10} = \text{રૂ. } 10,000 \text{ વાર્ષિક ઘસારો}$$

(2) વેચેલ યંત્ર - 3ની ગણતરી

| | | |
|---|---|---|
| | તા. 01/04/19 પડતર કિંમત | 80,000 |
| (-) | ઘસારો | 6,000 |
| | તા. 31/03/20ના રોજ ચોપડે કિંમત | 74,000 |
| (+) | નફો (74,000 × 20%) | 14,800 |
| | વેચાણ કિંમત | 88,800 |

ઉ ઘસારા ખાતું જ

| તારીખ | વિગત | નોં પા | રકમ | તારીખ | વિગત | નોં પા | રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 31/3/19 | યંત્ર ખાતે (7,000 + 4,500) | | 11,500 | 31/3/19 | નફા નુકસાન ખાતે | | 11,500 |
| | | | 11,500 | | | | 11,500 |
| 31/3/20 | યંત્ર ખાતે (7,000 + 9,000 + 6,000 + 5,000 ) | | 27,000 | 31/3/20 | નફા નુકસાન ખાતે | | 27,000 |
| | | | 27,000 | | | | 27,000 |

ઉ યંત્ર ખાતું જ

| તારીખ | વિગત | નોં પા | રકમ | તારીખ | વિગત | નોં પા | રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 1/4/18 | બેંક ખાતે (યંત્ર - 1) | | 60,000 | 31/3/19 | ઘસારા ખાતે | | |
| 1/10/18 | બેંક ખાતે (યંત્ર - 2) | | 1,00,000 | | યંત્ર – 1 | | 7,000 |
| | | | | | યંત્ર – 2 (છ માસિક) | | |
| | | | | | (9,000 - 6/12) | | 4,500 |
| | | | | 31/3/19 | બાકી આગળ લઈ ગયા | | 1,48,500 |
| | | | 1,60,000 | | | | 1,60,000 |
| 1/4/19 | બાકી આગળ લાવ્યા | | 1,48,500 | 31/3/20 | ઘસારા ખાતે | | |
| 1/4/19 | બેંક ખાતે (યંત્ર - 3) | | 80,000 | | યંત્ર - 1 | | 7,000 |
| 1/10/19 | બેંક ખાતે (યંત્ર - 4) | | 1,20,000 | | યંત્ર - 2 | | 9,000 |
| 31/3/20 | નફા નુકસાન ખાતે | | | | યંત્ર – 3 | | 6,000 |
| | (યંત્ર – 3નો નફો ) | | 14,800 | | યંત્ર – 4 (છ માસિક) | | 5,000 |
| | | | | 31/3/20 | બેંક ખાતે | | |
| | | | | | (યંત્ર- 3નું વેચાણ) | | 88,800 |
| | | | | 31/3/20 | બાકી આગળ લઈ ગયા | | 2,47,500 |
| | | | 3,63,300 | | | | 3,63,300 |
| 1/4/20 | બાકી આગળ લાવ્યા | | 2,47,500 | | | | |

**ઉદા. 9**

નિરમા લિમિટેડે તા. 01/04/2017ના રોજ કેટલાક યંત્રો રૂ. 1,00,000માં ખરીદ્યા. તા. 01/10/2018ના રોજ બીજા યંત્રો રૂ. 1,50,000માં ખરીદ્યા અને તા. 01/10/2019ના રોજ વધારાના રૂ. 80,000માં ખરીદ્યા.

કંપનીએ પ્રથમ ખરીદેલા યંત્રોમાંથી 50% યંત્રો તા. 31/03/2019ના રોજ તેની ચોપડે કિંમત કરતાં 20% નફાથી વેચ્યા અને બાકીના 50% યંત્રો તા. 01/10/2019ના રોજ તેની ચોપડે કિંમત કરતાં 10% ખોટથી વેચ્યા.

કંપની બધા યંત્રો પર સીધી લીટીની પદ્ધતિ મુજબ મૂળ કિંમત પર 10% લેખે ઘસારો ગણે છે. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે. દરેક વર્ષો માટે યંત્ર ખાતું બનાવો.

જવાબ :

**યંત્ર - 1**

(A) તા. 31/03/19ના વેચેલ 50% યંત્રોની ગણતરી

| | | |
|---|---|---|
| | તા. 01/04/17ના રોજ પડતર કિંમત (1,00,000 × 50%) | 50,000 |
| (-) | તા. 31/03/18 સુધીનો ઘસારો (50,000 × 10%) | (-) 5,000 |
| | તા. 01/04/18ના રોજ શરૂની બાકી | 45,000 |
| (-) | તા. 31/03/19 સુધીનો ઘસારો (50,000 × 10%) | (-) 5,000 |
| | તા. 31/03/19ના રોજ ચોપડે કિંમત | 40,000 |
| (+) | નફો (40,000 × 20%) | (+) 8,000 |
| | વેચાણ કિંમત | 48,000 |

**યંત્ર - 1**

(B) તા. 01/10/19ના રોજ વેચેલ 50% યંત્રોની ગણતરી

| | | |
|---|---|---|
| | તા. 01/04/17ના રોજ પડતર કિંમત (1,00,000 × 50%) | 50,000 |
| (-) | તા. 31/03/18 સુધીનો ઘસારો (50,000 × 10%) | (-) 5,000 |
| | તા. 01/04/18ના રોજ શરૂની બાકી | 45,000 |
| (-) | તા. 31/03/19 સુધીનો ઘસારો (50,000 × 10%) | (-) 5,000 |
| | તા. 01/04/19ના રોજ શરૂની બાકી | 40,000 |
| (-) | તા. 01/10/19 સુધીનો ઘસારો ( 6 માસ માટે) | |
| | (50,000 × 10% = 5,000 × 6/12) | (-) 2,500 |
| | તા. 01/10/19ના રોજ ચોપડે કિંમત | 37,500 |
| (-) | નુકસાન (37,500 × 10%) | (-) 3,750 |
| | વેચાણ કિંમત | 33,750 |

**યંત્ર - 2**

| | | |
|---|---|---|
| | તા. 01/10/18ના રોજ પડતર કિંમત | 1,50,000 |
| (-) | તા. 31/03/19 સુધીનો ઘસારો (1,50,000 × 10% × 6/12) | (-) 7,500 |
| | તા. 01/04/19ના રોજ શરૂની બાકી | 1,42,500 |
| (-) | તા. 31/03/20 સુધીનો ઘસારો (1,50,000 × 10%) | (-) 15,000 |
| | તા. 01/04/20ના રોજ શરૂની બાકી | 1,27,500 |

**યંત્ર - 3**

| | | |
|---|---|---|
| | તા. 01/10/19ના રોજ પડતર કિંમત | 80,000 |
| (-) | તા. 31/03/20 સુધીનો ઘસારો (80,000 × 10% × 6/12) | (-) 4,000 |
| | તા. 01/04/20ના રોજ શરૂની બાકી | 76,000 |

ઉ યંત્ર ખાતું જ

| તારીખ | વિગત | નોં પા | રકમ | તારીખ | વિગત | નોં પા | રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 1/4/17 | બેંક ખાતે (યંત્ર - 1) | | 1,00,000 | 31/3/18 | ઘસારા ખાતે | | |
| | | | | | યંત્ર – 1 (5,000 + 5,000) | | 10,000 |
| | | | | 31/3/18 | બાકી આગળ લઈ ગયા | | 90,000 |
| | | | 1,00,000 | | | | 1,00,000 |
| 1/4/18 | બાકી આગળ લાવ્યા | | 90,000 | 31/3/19 | ઘસારા ખાતે | | |
| 1/10/18 | બેંક ખાતે (યંત્ર - 2) | | 1,50,000 | | યંત્ર – 1 (5,000 + 5,000) | | 10,000 |
| 31/3/19 | નફા નુકસાન ખાતે | | 8,000 | | યંત્ર - 2 | | 7,500 |
| | (યંત્રનો વેચાણનો નફો) | | | 31/3/19 | બેંક ખાતે (યંત્ર – 1 માંથી 50% વેચાણ) | | 48,000 |
| | | | | 31/3/19 | બાકી આગળ લઈ ગયા | | 1,82,500 |
| | | | 2,48,000 | | | | 2,48,000 |
| 1/4/19 | બાકી આગળ લાવ્યા | | 1,82,500 | 1/10/19 | બેંક ખાતે (યંત્ર – 1 માંથી 50% વેચાણ) | | 33,750 |
| 1/10/18 | બેંક ખાતે (યંત્ર - 3) | | 80,000 | | | | |
| | | | | 1/10/19 | નફા નુકસાન ખાતે (યંત્રવેચાણની ખોટ) | | 3,750 |
| | | | | 31/3/20 | ઘસારા ખાતે | | |
| | | | | | યંત્ર – 1 (વેચેલ યંત્ર પર) | | 2,500 |
| | | | | | યંત્ર - 2 | | 15,000 |
| | | | | | યંત્ર - 3 | | 4,000 |
| | | | | 31/3/20 | બાકી આગળ લઈ ગયા | | 2,03,500 |
| | | | 2,62,500 | | | | 2,62,500 |
| 1/4/20 | બાકી આગળ લાવ્યા | | 2,03,500 | | | | |

## 6.13 ઘસારો હિસાબી ચોપડે નોંધવાની પદ્ધતિઓ (Method of Recording Depreciation)

હિસાબના દૃષ્ટિકોણથી કાયમી મિલકતો પર ઘસારો નોંધવાની મુખ્ય બે પદ્ધતિઓ છે.

- ⇨ ઘસારાની રકમ જે-તે મિલકત ખાતે માંડી વાળવાની પદ્ધતિ (દર વર્ષે મિલકતની કિંમત ઘટાડવાની પદ્ધતિ)
- ⇨ ઘસારાની જોગવાઈનું ખાતું ઉભું કરવાની પદ્ધતિ (એકત્રિત થતા ઘસારાની પદ્ધતિ)

**⇨ ઘસારાની રકમ જે-તે મિલકત ખાતે માંડી વાળવાની પદ્ધતિ (દર વર્ષે મિલકતની કિંમત ઘટાડવાની પદ્ધતિ)**

આ પદ્ધતિમાં ઘસારાની રકમને દર વર્ષે મિલકત ખાતે જમા કરીને ઘસારા ખાતે ઉધાર કરવામાં આવે છે. જેનાથી મિલકતની કિંમત ઘટતી જાય છે. અને પાકાં સરવૈયામાં મિલકત તેની ઘસારા બાદ કિંમતે બતાવવામાં આવે છે.

**ઉદા. 10**

સોની લિમિટેડે તા. 01/04/2017ના રોજ રૂ. 80,000નું એક યંત્ર ખરીદ્યું. આ યંત્ર પર સીધી લીટીની પદ્ધતિ મુજબ 10% ઘસારો માંડી વાળવામાં આવે છે. કંપનીના ચોપડે પ્રથમ બે વર્ષની આમનોંધ અને બે વર્ષના વાર્ષિક હિસાબોમાં તેની અસર દર્શાવો.

જવાબ :

ઘસારો = 80,000 × 10% = 8,000

**સોની લિમિટેડના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 31/03/18 | ઘસારા ખાતે ઉ. | | 8,000 | |
| | તે યંત્ર ખાતે | | | 8,000 |
| | (બા.જે. પ્રથમ વર્ષના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/18 | નફા નુકસાન ખાતે ઉ. | | 8,000 | |
| | તે ઘસારા ખાતે | | | 8,000 |
| | (બા.જે. ઘસારા ખાતું બંધ કરી નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |
| 31/03/19 | ઘસારા ખાતે ઉ. | | 8,000 | |
| | તે યંત્ર ખાતે | | | 8,000 |
| | (બા.જે. બીજા વર્ષના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/19 | નફા નુકસાન ખાતે ઉ. | | 6,000 | |
| | તે ઘસારા ખાતે | | | 6,000 |
| | (બા.જે. ઘસારા ખાતું બંધ કરી નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |

**વાર્ષિક હિસાબોમાં અસર**

**તા. 31/03/18ના રોજ પૂરા થતાં વર્ષનું**

ઉ. નફા નુકસાન ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ઘસારા ખાતે | 8,000 | | |

**તા. 31/03/18ના રોજનું**

પાકું સરવૈયું

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | યંત્ર | 80,000 | |
| | | (-) ઘસારો | - 8,000 | 72,000 |

**તા. 31/03/19ના રોજ પૂરા થતાં વર્ષનું**

ઉ. નફા નુકસાન ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ઘસારા ખાતે | 8,000 | | |

**તા. 31/03/19ના રોજનું**

પાકું સરવૈયું

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | યંત્ર | 72,000 | |
| | | (-) ઘસારો | - 8,000 | 64,000 |

⇨ **ઘસારાની જોગવાઈનું ખાતું ઉભું કરવાની પદ્ધતિ (એકત્રિત થતા ઘસારાની પદ્ધતિ)**

આ પદ્ધતિમાં સૌ પ્રથમ ઘસારાની રકમ નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ ઘસારાની રકમ ઘસારા ખાતે ઉધાર કરી અને મિલકત ખાતે જમા કરવાના બદલે ઘસારાની જોગવાઈ ખાતે જમા કરવામાં આવે છે. આમ, આ પદ્ધતિમાં દર વર્ષે ઘસારાની રકમ ઘસારાની જોગવાઈ ખાતે એકત્રિત થતી હોવાથી ઘસારાની જોગવાઈનું ખાતું વધતું જશે. દર વર્ષે ઘસારાની રકમ ઘસારા ખાતે ઉધારીને નફા નુકસાન ખાતે જમા કરવામાં આવશે. એટલે કે દરેક હિસાબી વર્ષના અંતે પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ ઘસારાની જોગવાઈને મિલકતની પડતર કિંમતમાંથી બાદ કરીને દર્શાવવામાં આવે છે. ઘસારો દર વર્ષે ઘસારાની જોગવાઈ ખાતે એકત્રિત થતો હોવાથી આ પદ્ધતિને એકત્રિત ઘસારાની પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**ઉદા. 11**

બાટા કંપનીએ તા. 01/04/2016ના રોજ રૂ. 2,00,000ની કિંમતે યંત્ર ખરીદ્યું છે. યંત્ર પર દર વર્ષે સીધી લીટીની પદ્ધતિએ 10% લેખે ઘસારાની જોગવાઈ કરી ઘસારાની જોગવાઈનું ખાતું ઉભું કરવાની પદ્ધતિ મુજબ પ્રથમ બે વર્ષની આમનોંધ અને પ્રથમ બે વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો.

જવાબ :

ઘસારો = 2,00,000 × 10% = 20,000

**બાટા કંપનીના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા પા | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 31/03/17 | ઘસારા ખાતે ઉ. | | 20,000 | |
| | તે ઘસારાની જોગવાઈ ખાતે | | | 20,000 |
| | (બા.જે. પ્રથમ વર્ષના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/17 | નફા નુકસાન ખાતે ઉ. | | 20,000 | |
| | તે ઘસારા ખાતે | | | 20,000 |
| | (બા.જે. ઘસારાની રકમ નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |
| 31/03/18 | ઘસારા ખાતે ઉ. | | 20,000 | |
| | તે ઘસારાની જોગવાઈ ખાતે | | | 20,000 |
| | (બા.જે. બીજા વર્ષના ઘસારાની નોંધ કરી તેના) | | | |
| 31/03/18 | નફા નુકસાન ખાતે ઉ. | | 20,000 | |
| | તે ઘસારા ખાતે | | | 20,000 |
| | (બા.જે. ઘસારાની રકમ નફા નુકસાન ખાતે લઈ ગયા તેના) | | | |

ઉ ઘસારાની જોગવાઈ ખાતું જ

| તારીખ | વિગત | નોં પા | રકમ | તારીખ | વિગત | નોં પા | રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 31/3/17 | બાકી આગળ લઈ ગયા | | 20,000 | 31/3/17 | ઘસારા ખાતે | | 20,000 |
| | | | 20,000 | | | | 20,000 |
| 31/3/18 | બાકી આગળ લઈ ગયા | | 40,000 | 1/4/17 | બાકી આગળ લાવ્યા | | 20,000 |
| | | | | 31/3/18 | ઘસારા ખાતે | | 20,000 |
| | | | 40,000 | | | | 40,000 |

**વાર્ષિક હિસાબોમાં અસર**

**તા. 31/03/17ના રોજ પૂરા થતાં વર્ષનું**

ઉ. નફા નુકસાન ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ઘસારા ખાતે | 20,000 | | |

**તા. 31/03/17ના રોજનું**

પાકું સરવૈયું

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | યંત્ર | 2,00,000 | |
| | | (-) ઘસારાની જોગવાઈ ખાતું | - 20,000 | 1,80,000 |

**તા. 31/03/18ના રોજ પૂરા થતાં વર્ષનું**

ઉ. નફા નુકસાન ખાતું જ.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ઘસારા ખાતે | 20,000 | | |

**તા. 31/03/18ના રોજનું**

પાકું સરવૈયું

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત-લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | યંત્ર | 2,00,000 | |
| | | (-) ઘસારાની જોગવાઈ ખાતું | - 40,000 | 1,60,000 |

**સ્વાધ્યાય**

**નીચે આપેલ પ્રશ્નોના બહુવિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

1. ઘસારો ધંધાની કઈ મિલકતો પર ગણવામાં આવે છે ?

   (અ) કાયમી મિલકતો (બ) પ્રવાહી મિલકતો

   (ક) ચાલુ મિલકતો (ડ) અવાસ્તવિક મિલકતો

2. ઘસારો શેના પર આધારિત છે ?

   (અ) મૂડી (બ) સમય

   (ક) ધંધા (ડ) મિલકત

3. ઘસારો ધંધાના કેવા પ્રકારનો ખર્ચ છે ?

(અ) મૂડી ખર્ચ (બ) પ્રસારિત મહેસૂલી ખર્ચ

(ક) આકસ્મિક ખર્ચ (ડ) મહેસૂલી ખર્ચ

4. કઈ પદ્ધતિએ ઘસારો ગણતાં મિલકતની કિંમત શૂન્ય થઈ જાય ?

(અ) પુનઃ મૂલ્યાંકન પદ્ધતિ (બ) ઘટતી જતી બાકીની પદ્ધતિ

(ક) એન્યુઈટી પદ્ધતિ (ડ) સીધી લીટીની પદ્ધતિ

5. નીચે દર્શાવેલ મિલકતો પૈકી કઈ મિલકત ઘસારાપાત્ર નથી ?

(અ) ટ્રેડમાર્ક (બ) છૂટાં ઓજારો

(ક) જમીન (ડ) તેલનાં કૂવા

6. વાહનો પર ઘસારો કઈ પદ્ધતિએ ગણવો જોઈએ ?

(અ) ઘટતી જતી બાકીની પદ્ધતિ (બ) માઈલેજ પદ્ધતિ

(ક) યાંત્રિક કલાક દરની પદ્ધતિ (ડ) સરખા હપ્તાની પદ્ધતિ

7. નીચે આપેલાં ખર્ચા પૈકી કયો ખર્ચ રોકડમાં ચૂકવાતો નથી ?

(અ) મજૂરી (બ) ઘસારો

(ક) ભાડું (ડ) વ્યાજ

8. ઘસારાની કઈ પદ્ધતિ આવકવેરાની ગણતરી માટે વધુ પસંદ કરવા યોગ્ય છે ?

(અ) ઘટતી જતી બાકીની (બ) સીધી લીટીની

(ક) એન્યુઈટી (ડ) માઈલેજ પદ્ધતિ

9. સરખા હપ્તાની પદ્ધતિએ ઘસારાનો વાર્ષિક દર શોધવાનું સૂત્ર લખો.

(અ) $R = \frac{C}{D} \times 100$ (બ) $R = \frac{D}{C} \times 100$

(ક) $R = \frac{100}{C \times D}$ (ડ) $R = \frac{C \times D}{100}$

10. ......................... એ એક પ્રકારની જોગવાઈ છે.

(અ) આપેલ વટાવ (બ) આપેલ વ્યાજ

(ક) ઘાલખાધ (ડ) ઘસારો

11. ઘસારાની ગણતરી હંમેશા મિલકતની કઈ કિંમત પર થાય છે ?

(અ) ખરીદ (બ) પડતર

(ક) વેચાણ (ડ) એક પણ નહિ

12. ઘસારો ગણવાની કઈ પદ્ધતિ મુજબ સમારકામ અને ઘસારાની રકમ વચ્ચે સમતોલન જળવાઈ રહે છે ?

(અ) સરખા હપ્તાની પદ્ધતિ (બ) ઘટતી જતી બાકીની પદ્ધતિ

(ક) વર્ષાસન પદ્ધતિ (ડ) એકમ દીઠ ઘટાડાની પદ્ધતિ

13. ઘસારો એ મિલકતની ઉપયોગિતા મુજબ મૂલ્યમાં ........................ સૂચવે છે.

(અ) વધારો (બ) ઘટાડો

(ક) વધારો - ઘટાડો (ડ) એક પણ નહિ

14. યંત્ર વેચાણનું નુકસાન ક્યાં લખાય છે ?

(અ) યંત્ર ખાતાની જમા બાજુ (બ) યંત્ર ખાતાની ઉધાર બાજુ

(ક) ઘસારા ખાતાની જમા બાજુ (ડ) ઘસારા ખાતાની ઉધાર બાજુ

15. કઈ મિલકતનાં ઉપયોગી આયુષ્યનો સમયગાળો અગાઉથી નિશ્ચિત હોય છે ?

(અ) મકાન (બ) યંત્ર

(ક) ફર્નિચર (ડ) ભાડાપટ્ટાની મિલકત

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (અ) 2. (બ) 3. (ડ) 4. (ડ) 5. (ક) 6. (બ) 7. (બ)

8. (અ) 9. (બ) 10. (ડ) 11. (બ) 12. (બ) 13. (બ) 14. (અ)

15. (ડ)

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.**

1. ઘસારાનો અર્થ આપી તેના લક્ષણો સમજાવો.

2. આકાંક્ષા લિમિટેડે પોતાના યંત્રો પર 5% લેખે સરખા હપ્તાની પદ્ધતિએ ઘસારો ગણેલ છે. જો યંત્રના વાર્ષિક ઘસારાની રકમ રૂ. 6,000 હોય તો તેની પડતર કિંમત શોધો.

જવાબ : સૂત્ર $D = \frac{C \times R}{100}$

D = 6,000 R = 5% અને C = ?

$$6{,}000 = \frac{C \times 5}{100}$$

= રૂ. 1,20,000

C = રૂ. 1,20,000

3. તા. 01/04/13ના રોજ રૂ. 40,000માં એક યંત્ર ખરીદ્યું. યંત્ર પર 10% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો શોધવામાં આવે છે. તા. 31/03/14 ના રોજ ઘસારાની આમનોંધ લખો.

જવાબ :

| | | |
|---|---|---|
| પડતર કિંમત | = | રૂ. 40,000 |
| પ્રથમ વર્ષનો ઘસારો (40,000 × 10%) | = | રૂ. 4,000 |
| બીજા વર્ષના અંતે ઘસારા બાદ કિંમત | | |
| (40,000 -4,000) | = | રૂ. 36,000 |
| પ્રથમ વર્ષનો ઘસારો (36,000 × 10%) | = | રૂ. 3,600 |

| | | | |
|---|---|---|---|
| 31/3/15 | ઘસારા ખાતે ઉ. | 3,600 | |
| | તે યંત્ર ખાતે | | 3,600 |
| | (બા.જે. રૂ. 3,600 ઘસારાની નોંધ કરી તેના.) | | |

4. ઘસારાની વ્યાખ્યા આપી ઘસારા અંગેના પરિબળો સમજાવો.
5. વાર્ષિક ઘસારાની રકમ અને ઘસારાનો દર નક્કી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓની સમજૂતી આપો.
6. સરખા હપ્તાની પદ્ધતિ સમજાવો.
7. ઘસારાની ગણતરી કરવા માટેનાં હેતુઓ સ્પષ્ટ કરો.
8. ઘટતી જતી બાકીની પદ્ધતિ સમજાવો.
9. તફાવત આપો : સરખા હપ્તાની પદ્ધતિ અને ઘટતી જતી બાકીની પદ્ધતિ
10. ઘસારાપાત્ર મિલકતો વિશે સમજાવો.

**ટૂંકનોંધ લખો.**

1. ઘસારાનો અર્થ અને વ્યાખ્યા
2. ઘસારાની જોગવાઈના હેતુઓ
3. સરખા હપ્તાની પદ્ધતિના ફાયદા અને ગેરફાયદા
4. ઘટતી જતી બાકીની પદ્ધતિના ફાયદા અને ગેરફાયદા
5. ઘસારાપાત્ર મિલકત
6. ઘસારાને અસર કરતાં પરિબળો
7. સરખા હપ્તાની પદ્ધતિ
8. વાર્ષિક ઘસારાની રકમ અને ઘસારાનો દર નક્કી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ
9. ઘટતી જતી બાકીની પદ્ધતિ
10. ઘસારાનાં લક્ષણો

**વ્યાવહારિક પ્રશ્નો**

(1) યોગેશ લિમિટેડ તા. 01/04/2018ના રોજ રૂ. 76,000માં એક યંત્ર ખરીદ્યું. આ યંત્રને ગોઠવવાનો ખર્ચ રૂ. 4,000 થયેલ છે. આ યંત્રનું અંદાજી આયુષ્ય 10 વર્ષ છે. અને તેની અંદાજિત આયુષ્યના અંતે ભંગાર કિંમત રૂ. 16,000 અંદાજવામાં આવી છે. ઘસારાની

સરખા હપ્તાની પદ્ધતિ મુજબ વાર્ષિક ઘસારાની રકમ અને વાર્ષિક ઘસારાનો દર શોધો. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે.

પ્રથમ ત્રણ વર્ષની આમનોંધ યંત્ર ખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો તથા પ્રથમ વર્ષના વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો.

(જવાબ : વાર્ષિક ઘસારો રૂ. 6,400, ઘસારાનો દર 8%, યંત્ર ખાતાની બાકી તા. 31/03/19 રૂ. 73,600 તા. 31/03/20 રૂ. 67,200 તા. 31/03/21 રૂ. 60,800 પ્રથમ વર્ષે પાકાં સરવૈયામાં યંત્ર ખાતાની બાકી રૂ. 73,600 સમજૂતી માટે ઉદા. 1 જુઓ)

(2) રિલાયન્સ એન્ડ કંપનીએ રૂ. 90,000 કિંમતનું એક યંત્ર તા. 01/04/19ના રોજ ખરીદ્યું. જેને ગોઠવવાનો ખર્ચ રૂ. 10,000 થયો. દર વર્ષે 10% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ પ્રથમ ત્રણ વર્ષ સુધી ઘસારાની ગણતરી કરી પ્રથમ ત્રણ વર્ષ માટે યંત્ર ખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો.

(જવાબ :

| | 31/03/20 | 31/03/21 | 31/03/22 |
|---|---|---|---|
| ઘસારો | 10,000 | 9,000 | 8,100 |
| યંત્રની બાકી | 90,000 | 81,000 | 72,900) |

(3) પાયલ લિમિટેડના ચોપડામાં તા. 01/04/2018ના રોજ યંત્ર ખાતાની બાકી રૂ. 1,00,000 છે. કંપની દર વર્ષે વાર્ષિક 10% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણે છે. તા. 30/09/2018ના રોજ આ યંત્ર તેની ચોપડે કિંમતના 10% નુકસાનથી વેંચી દીધું. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખી યંત્ર ખાતું તૈયાર કરો.

(જવાબ : છ માસિક ઘસારો રૂ. 5,000, યંત્રની ચોપડે કિંમત રૂ. 95,000, યંત્ર વેચાણનું નુકસાન રૂ. 9,500, યંત્ર વેચાણની કિંમત રૂ. 85,500)

(4) પતંજલિ લિમિટેડના ચોપડે તા. 01/04/19ના રોજ યંત્રોની ખરીદીની વિગતો નીચે પ્રમાણે છે.

1) તા. 01/04/19ના રોજ પડતર કિંમત રૂ. 1,50,000 છે. જેનું અંદાજિત આયુષ્ય 8 વર્ષ અને ભંગાર કિંમત રૂ. 30,000 છે.

2) તા. 01/10/19ના રોજ પડતર કિંમત રૂ. 80,000 છે. જેનું અંદાજિત આયુષ્ય 5 વર્ષ અને ભંગાર કિંમત રૂ. 10,000 છે.

3) તા. 01/04/20ના રોજ પડતર કિંમત રૂ. 1,00,000 છે. જેનું અંદાજિત આયુષ્ય 9 વર્ષ અને ભંગાર કિંમત રૂ. 10,000 છે.

4) તા. 30/06/20ના રોજ પડતર કિંમત રૂ. 50,000 છે. જેનું અંદાજિત આયુષ્ય 10 વર્ષ અને ભંગાર કિંમત રૂ. 5,000 છે.

તા. 01/04/20ના રોજ રૂ. 1,00,000માં ખરીદેલ યંત્ર તા. 31/03/21ના રોજ ચોપડે કિંમત પર 10% નફાથી વેચી દીધું. યંત્ર પર સરખા હપ્તાની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવે છે. કંપનીના ચોપડે તા. 31/03/21 સુધીનું યંત્ર ખાતું તૈયાર કરો. પ્રથમ વર્ષના વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો.

(જવાબ :

| તારીખ | 31/03/20 | 31/03/21 |
|---|---|---|
| ઘસારો (રૂ.) | 22,000 | 42,375 |
| યંત્રની બાકી (રૂ.) | 2,08,000 | 2,25,625 |

તા. 31/03/21ના રોજ વેચેલ યંત્રની ચોપડે કિંમત રૂ. 90,000, નફો રૂ. 9,000, વેચાણ કિંમત રૂ. 99,000)

(5) ડાબર લિમિટેડે તા. 01/04/2017ના રોજ રૂ. 1,80,000ની કિંમતના યંત્રો ખરીદ્યા છે. જેનો ગોઠવવાનો ખર્ચ રૂ. 20,000 થયો. તા. 01/04/2018ના રોજ પ્રથમ ખરીદેલાં યંત્રો પૈકી 50% યંત્રો ચોપડે કિંમત પર 10% નફાથી વેચી દીધા અને તે જ તારીખે બીજા યંત્રો રૂ. 90,000ની કિંમતે ખરીદ્યા છે. જેનો ગોઠવવાનો ખર્ચ રૂ. 10,000 થયેલ છે. તા. 01/04/19ના રોજ પ્રથમ ખરીદેલ યંત્રો પૈકી બીજા 50% યંત્રો ચોપડે કિંમત પર 10% ખોટથી વેચી દીધા અને તે જ તારીખે બીજા યંત્રો રૂ. 70,000ની કિંમતે ખરીદ્યા છે. જેનો ગોઠવવાનો ખર્ચ રૂ. 10,000 થયેલ છે. યંત્રો પર વાર્ષિક 10% લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવે છે. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે. યંત્ર ખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો.

| (જવાબ : | 31/03/18 | 31/03/19 | 31/03/20 |
|---|---|---|---|
| ઘસારો | 20,000 | 19,000 | 17,000 |
| યંત્રની બાકી | 1,80,000 | 1,71,000 | 1,53,00) |

તા. 01/04/18ના રોજ વેચેલ 50% યંત્રોની વેચાણ કિંમત રૂ. 99,000 અને નફો રૂ. 9,000, તા. 01/04/19ના રોજ વેચેલ 50% યંત્રોની વેચાણ કિંમત રૂ. 72,900, ખોટ રૂ. 8,100)

❖ ❖ ❖

એકમ 7

# ખાતાકીય (વિભાગીય) હિસાબો

## : રૂપરેખા :

7.1 પ્રસ્તાવના

7.2 અર્થ

7.3 ખાતાકીય હિસાબના ફાયદા

7.4 ખાતાકીય હિસાબની મર્યાદા

7.5 વિભાગીય હિસાબના મુખ્ય ઉદ્દેશો

7.6 વિભાગીય હિસાબ અને શાખા હિસાબ વચ્ચેનો તફાવત

7.7 વિભાગ ખાતાની પદ્ધતિઓ

7.8 વિભાગ ખર્ચની ફાળવણી

7.9 ઉપસંહાર

● સ્વાધ્યાય

## 7.1 પ્રસ્તાવના :

જો વ્યવસાયમાં વિવિધ સ્વતંત્ર પ્રવૃત્તિઓ સામેલ હોય, અથવા વિવિધ વિભાગોમાં વહેંચાયેલી હોય, તો અલગ કાર્યો કરવા માટે, તેનું સંચાલન સામાન્ય રીતે દરેક વિભાગની કાર્યકારી પરિણામો શોધવા માટે તેની સંબંધિત ક્ષમતાઓને શોધવા માટે રસ ધરાવે છે. ખાતાકીય ખાતા તૈયાર કરવામાં આવે તો જ આ શક્ય બનશે. વિભાગોના એકાઉન્ટ્સ મેનેજમેન્ટ્સ માટે ખૂબ જ સહાયક છે કારણ કે તે વ્યવસાયને વધુ બુદ્ધિપૂર્વક અને અસરકારક રીતે નિયંત્રિત કરવા માટે જરૂરી માહિતી પ્રદાન કરે છે. તે તમામ પ્રકારના દુર્વ્યય (બગાડ) ને સરળતાથી ઓળખવામાં પણ મદદરૂપ થાય છે, દા.ત. સામગ્રી અથવા પૈસાની બગાડ ઉપરાંત, વિભાગો અથવા એકમો કે જેમાં વ્યવસાય વહેંચાયેલ હોઈ શકે છે તેની કામગીરીમાં અપૂર્ણતા અથવા અયોગ્યતા તરફ ધ્યાન દોરવામાં આવે છે.

## 7.2 અર્થ :

વિભાગ સામાનય રીતે મોટી સંસ્થાના ભાગ રૂપે સમજાય છે. શબ્દ 'વિભાગ' વિવિધ અર્થોને આવરી શકે છે. દા.ત. કોઈ દેશની અંદરનો ભૌગોલિક અથવા વહીવટી વિભાગ, કોઈ સરકારી મંત્રાલય અથવા કોઈ સંસ્થાના ભાગ જેવા કે યુનિવર્સિટીના અલગ-અલગ વિભાગો જેવા કે વહીવટી વિભાગ પરીક્ષા વિભાગ, એકાઉન્ટ વિભાગ, ઓડિટ વિભાગ વગેરે.

કંપનીની અંદરના વિભાગો ઘણાં બધાં વિવિધ પરિમાણોની આસપાસ ગોઠવી શકાય છે. દા.ત. કાર્ય, ઉત્પાદન, ગ્રાહક, ભૂગોળ અથવા પ્રક્રિયા.

નાણાકીય દૃષ્ટિકોણથી દરેક વિભાગ માટે થતી આવક અને ખર્ચને ધ્યાનમાં લેવું રસપ્રદ રહેશે. વિભાગીય હિસાબો એ નામાની એક પદ્ધતિ છે જે વ્યાવસાયિક ઉદ્યોગ-સાહસના દરેક વિભાગ અથવા શાખા માટે હિસાબી-પદ્ધતિનું એક અલગ ચોપડો જાળવે છે. જ્યાં સંસ્થાઓના વિવિધ વિભાગો માટે તેમના પરિણામોનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવા માટે હિસાબો તૈયાર કરવામાં

આવે છે અને જાળવવામાં આવે છે. પછી હિસાબી પદ્ધતિના આ વ્યક્તિગત પુસ્તકો વ્યવસાયના નાણાકીય નિવેદનોની તૈયારી માટે મુખ્ય કાર્યાલયના ખાતાઓ સાથે એકીકૃત કરવામાં આવે છે. ખાતાકીય હિસાબી પદ્ધતિનો અલગ ખાતામાં દરેક વિભાગના તમામ ખર્ચ અને આવકની નોંધણી કરવાનો છે. તે દરેક શાખાની નફાકારકતાને માપવામાં સક્ષમ કરે છે.

આવી હિસાબી માહિતી પ્રણાલી વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત સંસ્થા માટે યોગ્ય છે. વિભાગીય હિસાબો એ વ્યવસાયના ખર્ચ અને કામગીરી પર દેખરેખ રાખવા માટેનું એક અસરકારક સાધન છે જ્યાં એક જ છત હેઠળ વિવિધ શાખાઓ દ્વારા ઘણી પેદાશો બનાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, કાપડ ઉદ્યોગ વિવિધ છ પ્રકારના કાપડનું ઉત્પાદન કરી શકે છે જેમ કે ઊન, કપાસ અને જૂટ.

## 7.3 ખાતાકીય હિસાબના ફાયદા :

### 1. ખાતાકીય સરખામણીની સુવિધા આપે છે :

ખાતાકીય હિસાબ એ એક છે જે વ્યવસાયના વિવિધ વિભાગોની કામગીરીની તુલના કરવામાં સંચાલકોને સક્ષમ કરે છે. દરેક એકમ માટે હિસાબોનો એક અલગ ચોપડો તૈયાર કરવામાં આવ્યો છે જે આ એકમોની આવક અને ખર્ચને વ્યક્તિગત ધોરણે નોંધ કરે છે. તેમના પ્રભાવનું સ્તર નક્કી કરવા માટે નફાની ગણતરી કરવામાં આવે છે અને એક બીજા સાથે સરખામણી કરવામાં આવે છે.

### 2. નીતિઓની રચના :

યોગ્ય યોજનાઓ અને નીતિઓ ઘડવી એ ખાતાકીય હિસાબી દ્વારા ભજવવામાં આવતી મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. સંચાલકો હિસાબના વ્યક્તિગત ચોપડા દ્વારા દરેક એકમ વિશે વિગતવાર માહિતી મેળવે છે. તેઓ વિવિધ વિભાગોની કાર્યક્ષમતાનું સ્તર નક્કી કરવા માટે ચોપડાઓના આ સમૂહનું વિશ્લેષણ કરે છે. દરેક વ્યવસાય એકમનું યોગ્ય જ્ઞાન તેમને નફાકારકતા વધારવા માટે યોગ્ય પગલાં લેવા માટે સક્ષમ બનાવે છે.

### 3. વિસ્તરણ અને શટ ડાઉન (બંધ કરવા) નિર્ણયોમાં સહાય કરો :

વિભાગીય હિસાબ પદ્ધતિ કોઈ સંસ્થાના વિવિધ વિભાગોના વિસ્તરણ અથવા કોઈ વિભાગ બંધ કરવો કે ચાલું રાખવો તે નક્કી કરવામાં યોગ્ય ભૂમિકા ભજવે છે. ચોપડાઓના વ્યક્તિગત સમૂહ દ્વારા સંચાલકો એ શોધવામાં સક્ષમ છે કે કયા વ્યાવસાયિક કાર્યોમાં એકમોની વધુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે અને કઈ ભૂમિકા સૌથી ઓછી ભજવે છે. તેઓ પરિણામોના આધારે સરળતાથી નિર્ણય કરી શકે છે કે કયા એકમનું વધુ વિસ્તરણ થવું જોઈએ અને ક્યો બંધ કરવા જોઈએ.

### 4. એકમોની સફળતા અથવા નિષ્ફળતા જાણવા :

આ હિસાબો સંસ્થાના દરેક વિભાગના સફળતા દર અને નિષ્ફળતાને નિર્ધારિત કરે છે. આ વિભાગોનો દરેક ખર્ચ અને આવક તેની વાસ્તવિક નફાકારકતાની ગણતરી માટે યોગ્ય રીતે નોંધવામાં આવે છે. આ એકમો દ્વારા થતી આવકની માત્રા તેમની ભૂમિકામાં સફળ છે અને તેમના લક્ષ્યોને પૂરા કરવામાં નિષ્ફળ જાય છે તે વિશે સ્પષ્ટ વિચાર આપે છે.

### 5. ઓડિટર અને રોકાણકારોને મદદ કરે છે :

તે ઓડિટર અને રોકાણકારોને વ્યવસાયના દરેક એકમ વિશેની યોગ્ય રીતે બધી માહિતી પ્રદાન કરે છે. બધા ખર્ચ અને આવક જાણવા માટે ઓડિટર દરેક વ્યક્તિગત એકમના ખાતામાં સરળતાથી તપાસ કરી શકે છે અને ત્યાંથી તેમને નાણાકીય વ્યવહારોની ચોકસાઈ

ચકાસી શકાય છે. રોકાણકારો સંસ્થાના એકંદર મૂલ્ય વિશે સ્પષ્ટ દૃષ્ટિકોણ મેળવી શકે છે.

**6. કમિશન નક્કી કરવા :**

વિભાગીય હિસાબી પદ્ધતિ વ્યવસાયના વિવિધ વિભાગોમાં કાર્યરત સંચાલકના કમિશનની યોગ્ય ગણતરીમાં સહાય કરે છે. કમિશન મેનેજરોને તેમના સંબંધિત વિભાગો દ્વારા મેળવેલા નફાના આધારે ચૂકવણી કરવામાં આવે છે. યોગ્ય હિસાબો કે જે દરેક એકમ માટે અલગથી જાળવવામાં આવે છે તે તેમના નફાના સ્તરની યોગ્ય માત્રા આપે છે.

**7. સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપવા :**

તે સંસ્થામાં કાર્યરત તમામ કર્મચારીઓમાં સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપે છે. હિસાબી પદ્ધતિની આ પદ્ધતિ હેઠળ દરેક એકમના તમામ કાર્યોનું યોગ્ય રીતે નિરીક્ષણ કરવામાં આવે છે. વિભાગના સભ્યોને તેમના વિભાગોની કામગીરીના આધારે પુરસ્કાર આપવામાં આવે છે જે ખાતાના વિભાગીય ચોપડા દ્વારા બહાર આવે છે. આ કર્મચારીઓને એકંદર પ્રભાવમાં સુધારો કરવા માટે કાર્યક્ષમ રીતે કાર્ય કરવા પ્રેરણા આપે છે.

**8. નફાકારકતામાં વધારો કરવો :**

વ્યાવસાયિક સંગઠનના નફામાં વધારો કરવામાં વિભાગીય હિસાબી પદ્ધતિની કાર્યક્ષમ ભૂમિકા છે. હિસાબી પદ્ધતિની આ સિસ્ટમ કોઈપણ ભૂલો અને છેતરપિંડીને ટાળવા માટે વિવિધ એકમોથી સંબંધિત સંસ્થાના ખર્ચ અને આવકના દરેક પાસારૂ઼ી પર નજીકથી નજર રાખે છે. તે સુનિશ્ચિત કરે છે કે ન્યૂનતમ બગાડ સાથે તમામ સંસાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવે. સમયાંતરે સંચાલકોની કામગારીના આકલન દ્વારા સુધારાત્મક પગલાં લેવામાં મદદ કરે છે જેનાથી નફાના સ્તરમાં વધારો થાય છે.

## 7.4 ખાતાકીય હિસાબની મર્યાદા :

1. મેનેજરો કે જેમની પાસો વ્યાવસાયિક કુશળતાનો અભાવ હોય છે તેઓ આ ઉપક્રમોનું સંચાલન કરે છે.
૨. ખાતાકીય સંસ્થા લાંબા ગાળાના નાણાકીય નિર્ણયો લઈ શકતી નથી કારણ કે તે અંદાજપત્રીય ફાળવણી પર આધારીત છે.
3. વિભાગો ભૌગોલિક રીતે એકબીજાથી અલગ નથી. આમ વિવિધ વિભાગો વચ્ચે સામાન્ય ખર્ચની ફાળવણીની સમસ્યા ઊભી થાય છે અને તે એક અઘરું કામ છે.
4. તેમની મુખ્ય કચેરી સાથે વિભાગીય વેપાર એક જ છત હેઠળ હાથ ધરવામાં આવે છે, તેમ છતાં દરેક વિભાગ પ્રવૃત્તિની અલગ લાઇનનો વ્યવહાર કરે છે.

## 7.5 વિભાગીય હિસાબના મુખ્ય ઉદ્દેશો :

❖ **વિભાગીય હિસાબના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે : -**

1. શાખાઓના વ્યક્તિગત પ્રદર્શનના મૂલ્યાંકન ની પરિણામોની તુલના કરવામાં સરળતા આપે છે.
2. સંગઠનમાં દરેક વિભાગની આર્થિક સ્થિતિ શોધવા માટે.
3. દરેક શાખાના પરિણામો જાણ્યા પછી યોગ્ય યોજનાઓ અને વ્યૂહરચનાનું આયોજન કરવા માટે.

4. કામગીરીનું પરિણામ જાણ્યા પછી દરેક વિભાગના મેનેજરોને મહેનતાણું અને કમિશન આંકવા માટે.
5. બધા વિભાગના પ્રદર્શનને માપ્યા પછી યોગ્ય કાર્યવાહીનાં નિર્ણય ઘડતર માટે.
6. વ્યાવસાયિક સંગઠન વિશે સંપૂર્ણ વિગતવાર માહિતી પ્રદાન કરીને ખર્ચ નિયંત્રણ માટે.
7. વિવિધ વિભાગને ખર્ચની યોગ્ય ફાળવણી દ્વારા તમામ વિભાગના ખર્ચનું કાર્યક્ષમ સંચાલન માટે.
8. નફાકારકતામાં વધારો કરવા માટે અલગ શાખાઓ વચ્ચે સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપવા માટે.
9. વિભાગ ના પરિણામો અનુસાર વ્યાવસાયિક વિભાગોના વિસ્તરણ અને બંધને લગતા નિર્ણયો લેવા માટે.

## 7.6 વિભાગીય હિસાબ અને શાખા હિસાબ વચ્ચેનો તફાવત :

❖ **વિભાગીય હિસાબ અને શાખા હિસાબ વચ્ચેનો તફાવત નીચે મુજબ છે :**

| ક્રમ | વિભાગીય હિસાબ | શાખા હિસાબ |
|---|---|---|
| (1) | વિભાગો મુખ્ય સંસ્થાની સમાન છત હેઠળ સ્થિત હોય છે. | શાખાઓ મુખ્ય સંસ્થાથી જુદા જુદા સ્થળોએ અલગથી સ્થિત હોય છે. |
| (2) | બધા ખાતા એક જ સ્થળે જાળવવામાં આવે છે અને તે મુજબ ખાતાકીય વેપાર અને નફો અને ખોટ ખાતું તૈયાર કરવામાં આવે છે. | શાખાના કિસ્સામાં, તમામ શાખાના ખાતા રોકડ સિવાય તમામ મુખ્ય કાર્યાલયમાં રાખવામાં આવે છે. |
| (3) | વિભાગો ભૌગોલિક રીતે એકબીજાથી અલગ નથી. આમ વિવિભ વિભાગો વચ્ચે સામાન્ય ખર્ચની ફાળવણીની સમસ્યા ઊભી થાય છે અને તે એક અઘરું કામ છે. | શાખાઓ ભૌગોલિક રૂપે એકબીજાથી અલગ છે તેથી વિવિધ શાખાઓ વચ્ચે સામાન્ય ખર્ચની ફાળવણી કરવાની જરૂર નથી. |
| (4) | વિદેશી ચલણને ઘરેલું ચલણમાં રૂપાંતરિત કરવાની સમસ્યા ઊભી થતી નથી. | જો શાળા અન્ય દેશમાં સ્થિત હોય તો શાળાના વ્યવહારોનું મુખ્ય કચેરી જે દેશમાં સ્થિત હોય તે દેશના ચલણમાં રૂપાંતરની સમસ્યા મુખ્ય કચેરીના ખાતાઓના અંતિમકરણ સમયે ઉદ્‌ભવી શકે છે. |
| (5) | ખાતાના હવાલા અને તેની પતાવટનો પ્રશ્ન ખાતાકીય ખાતામાં ઉદ્‌ભવતા નથી કારણ કે ત્યાં કેન્દ્રિય ખાતાનો વિભાગ નથી. | સ્વતંત્ર શાખાના કિસ્સામાં, વર્ષના અંતમાં કેટલાંક હવાલા અને તેની પતાવટ કરવી જરૂરી છે. સંસ્થાના ચોખ્ખા પરિણામો શોધવા માટે, શાખાઓની |

| ક્રમ | વિભાગીય હિસાબ | શાખા હિસાબ |
|---|---|---|
| | | હવાલાની પતાવટ એ મુખ્ય કાર્ય છે. |
| (6) | તેમની મુખ્ય કચેરી સાથે વિભાગીય વેપાર એક જ છત હેઠળ હાથ ધરવામાં આવે છે, તેમ છતાં દરેક વિભાગ પ્રવૃત્તિ અલગ હોય છે. | સામાન્ય રીતે મુખ્ય કચેરી જે પ્રવૃત્તિ કરે છે તે જ પ્રવૃત્તિ શાળાઓ દેશના જુદાજુદા ભાગોમાં કરતી હોય છે. |
| (7) | તેઓ ખાતાકીય વેપાર અને નફા અને નુકસાનખાતું, સામાન્ય નફા અને નુકસાન એકાઉન્ટ તૈયાર કરે છે. | તેઓ શાખા સ્ટોક ખાતું, શાખાના દેવાદારોનું ખાતું, શાખા ખર્ચનો હિસાબ તૈયાર કરે છે. |
| (8) | આ સરખામણીમાં ઓછા ખર્ચાળ છે કારણ કે હિસાબનીશોની એક નાની ટીમ હિસાબો જાળવવા માટે નિમણૂંક કરી શકાય છે. | શાખા ખાતા જાળવવા માટે ખર્ચાળ છે કારણ કે તેમાં દરેક શાખા માટે હિસાબો જાળવવા હિસાબનીશોની મોટી ટીમ શામેલ છે. |

## 7.7 વિભાગ ખાતાની પદ્ધતિઓ :

❖ **ખાતાકીય ખાતાઓની બે પદ્ધતિઓ છે :**

**1. એકમ પદ્ધતિ :-**

હિસાબી ઉપચારની આ પદ્ધતિ હેઠળ, દરેક વિભાગને અલગ મથકોની જેમ ગણવામાં આવે છે અને વેપારની કાર્યક્ષમતા શોધવા માટે દરેક વિભાગને અલગ ખાતાનો સમૂહ રાખવામાં આવે છે. દરેક વ્યક્તિગત વિભાગના ખાતાઓ સ્વતંત્ર રીતે જાળવવામાં આવે છે. સંસ્થાના એકંદર પરિણામને શોધવા માટે તમામ વિભાગોના વિભાગીય પરિણામો એકત્રિત કરવામાં આવે છે અને ધ્યાનમાં લેવામાં આવે છે. આ પદ્ધતિને સ્વતંત્ર પદ્ધતિ અથવા એકમ પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**2. સ્તંભની પદ્ધતિ :-**

તે એકીકરણ પદ્ધતિ હોવાનું કહેવાય છે. હિસાબી અસરની આ પદ્ધતિ હેઠળ, સંસ્થાના તમામ વિભાગો માટે હિસાબી ચોપડાની વ્યવસ્થા કરવામાં આવે છે. ખાતાવાર વેપાર ચોપડા દરેક વ્યક્તિગત વિભાગ માટે સ્તંભ સ્વરૂપમાં સાથે સાથે "કુલ' માટે એક અલગ કોલમ (ખાના) સાથે તૈયાર કરવામાં આવે છે જેથી વિવિધ વિભાગોના વ્યક્તિગત પરિણામની પણ ખાતરી મળી શકે. પરંતુ સરવૈયું સંયુક્ત સ્વરૂપમાં તૈયાર કરવામાં આવે છે. અને માલની ખરીદી અને વેચાણને સમાવવા માટે, પેટાકંપનીના ચોપડાઓ અને ખાતાકીય ખાતામાં નજીવા ખાતાને ખાતાકીય અંતિમ ખાતા તૈયાર કરવા માટે ઈચ્છિત ખાતાકીય આંકડા પર પહોંચવા માટે દરેક વિભાગ માટે વધારાનું ખાનું આપવાનો ઈનકાર કરવો આવશ્યક છે. જો ત્યાં રોકડ ખરીદી અને રોકડ વેચાણનો મોટો જથ્થો છે, તો રોકડમેળમાં રોકડ ખરીદી અને વિવિધ વિભાગોના રોકડ વેચાણ માટે પણ અલગ ખાનામા રાખવી આવશ્યક છે.

વિભાગ મુજબના કુલ નફા અથવા નુકસાન જાણવા કોલમ (ખાનું) સ્વરૂપમાં એક વેપારખાતું તૈયાર કરવામાં આવે છે. વર્ગીકરણ વ્યવસાય જેવા ઉત્પાદન વિભાગ,

નાણાં વિભાગ, ખરીદી વિભાગ, વેચાણ વિભાગ, વગેરેના આધારે પણ કરી શકાય છે.

## 7.8 વિભાગ ખર્ચની ફાળવણી :

1. અમુક ખર્ચ, જે ખાસ વિભાગ માટે ખાસ લેવામાં આવે છે, તે સંબંધિત વિભાગને સીધા ફાળવણી કરી શકાય છે. ઉદાહરણ તરીકે, ગ્રાહકને માલનું વિતરણ માટે પરિવહનના ભાડા લેવાના વેચાણ અને વિતરણ વિભાગને ફાળવણી થઈ શકે છે.

2. કેટલાંક ખર્ચ તેમના ઉપયોગો અનુસાર ફાળવવામાં આવી શકે છે. ઉદાહરણ તરીકે, વીજળી ખર્ચ દરેક વિભાગ દ્વારા અથવા દરેક વિભાગના પેટા-મીટર દ્વારા ઉપયોગમાં લેવાતા એકમો અનુસાર વહેંચી શકાય છે. કેટલાંક ખર્ચના ઉદાહરણો જે કોઈ ખાસ વિભાગ સાથે સીધા સંબંધિત નથી તે નીચે મુજબ ભાગ પાડી શકે છે -

    1. દરેક વિભાગની ખરીદી અનુસાર કાર્ટેજ કે ગાડી ભાડું નૂર આવકના ખર્ચને વહેંચી શકાય છે.
    2. દરેક વિભાગમાં કાર્યરત સંપત્તિના મૂલ્ય અનુસાર અવમૂલ્યન વિભાજિત કરી શકાય છે.
    3. સંપત્તિના સમારકામ અને નવીકરણની ફાળવણી દરેક વિભાગ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી સંપત્તિના મૂલ્ય અનુસાર વહેંચી શકાય છે.
    4. દરેક વિભાગમાં મેનેજર દ્વારા આપેલ સમય પ્રમાણે મેનેજરના પગારની વહેંચણી કરવી જોઈએ.
    5. મકાન સમારકામ અને વીમા, ભાડા અને કર, વગેરે. - મકાનને લગતા તમામ ખર્ચ દરેક વિભાગ દ્વારા કબજે કરેલા જગ્યા મુજબ વહેંચવા જોઈએ.
    6. વેચાણ અને વિતરણ ખર્ચ- વેચાણ અને વિતરણ સંબંધિત તમામ ખર્ચ દરેક વિભાગના વેચાણ પ્રમાણે વહેચવામાં આવવા જોઈએ, જેમ કે સેલ્સમેનને ચૂકવવામાં આવેલ કમિશન, વેચાણ પછીની સેવા ખર્ચ, ખરાબ દેવાં અને છૂટ, વગેરે.
    7. પ્લાન્ટ અને મશીનરીનો વીમો - દરેક વિભાગમાં આવા પ્લાન્ટ અને મશીનરીનું મૂલ્ય એ વીમાનો આધાર છે.
    8. કર્મચારી / કાર્યકર વીમો - જૂથ વીમાના ચાર્જ દરેક વિભાગના સીધા વેતન ખર્ચ અનુસાર વહેચવા જોઈએ.
    9. મશીનના કામના કલાકો અને શક્તિ અનુસાર પાવર અને બળતણ ફાળવવામાં આવશે.

3. વિભાગીય હિસાબી પદ્ધતિ એ સંસ્થાના દરેક વિભાગના નાણાકીય લેવડ-દેવડને અલગથી જાળવવાની એક પદ્ધતિ છે જેથી દરેક વિભાગ દ્વારા કમાયેલી ચોક્કસ આવકની ખાતરી કરી શકાય. તે સંસ્થાને દરેક વિભાગ પર નિયંત્રણ રાખવામાં મદદ કરે છે. જો કે, વર્ષના અંતે, દરેક વિભાગ દ્વારા મેળવેલો નફો અથવા ખોટ એક વર્ષ દરમિયાન વ્યવસાયના એકંદર નફા / નુકસાનની ખાતરી કરવા માટે એકીકૃત થઈને સામાન્ય નફો અને ખોટ ખાતામાં સ્થાનાં તરિત થાય છે.

## 7.9 ઉપસંહાર :

1. વિભાગ P માંથી વિભાગ Q માં માલ સામાન મૂળ કિંમત પર 50 % નફા સાથે મોકલવામાં આવે છે. જો વિભાગ Q નો આખર નો માલ ₹.27,000 નો છે, તો માલ અનામત (સ્ટોક રિઝર્વ)ની રકમની ગણતરી કરો.

જવાબ:- આખરનો માલ ₹.27,000

માલ અનામત (સ્ટોક રિઝર્વ)ની રકમ

મૂળ કિંમત + નફો 100 + 50

વેચાણ કે ફેરબદલ કિંમત = 150

| વેચાણ કે ફેરબદલ કિંમત | નફો |
|---|---|
| 150 | 50 |
| 27000 | (?) |

$$\frac{27000 \times 50}{150} = 1000$$

માલ અનામત (સ્ટોક રિઝર્વ)ની રકમ ₹.9,000

2. રાજ લિ. નું તા.31-12-2020 ના રોજ પુરા થયેલા વર્ષ માટે ખાતાકીય વેપાર અને નફો અને નુકસાન ખાતું તૈયાર કરો જ્યા વિભાગ A સામાન્ય મૂળ ભાવે વિભાગ B ને માલ વેચે છે.

| ક્રમ | વિગત | વિભાગ - A | વિભાગ B |
|---|---|---|---|
| (1) | શરૂ નો સ્ટોક | 1,75,000 | |
| (2) | ખરીદી | 40,25,000 | 3,50,000 |
| (3) | માલની આંતર ટ્રાન્સફર | - | 12,25,000 |
| (4) | વેતન | 1,75,000 | 2,80,000 |
| (5) | વીજળી ખર્ચ | 17,500 | 2,45,000 |
| (6) | આખર સ્ટોક (મૂળ કિંમત) | 8,75,000 | 3,15,000 |
| (7) | વેચાણ | 40,25,000 | 26,25,000 |
| (8) | ઓફિસ ખર્ચ | 35,000 | 28,000 |

❖ **બેને વિભાગના ભેગા ખર્ચા :** **₹.**

| | | ₹. |
|---|---|---|
| (1) | પગાર (21:1) | 4,72,000 |
| (2) | છાપકામ અને સ્ટેશનરી ખર્ચ (3:1) | 1,57,500 |
| (3) | જાહેરાત ખર્ચ (વેચાણ ગુણોત્તર) | 14,00,000 |
| (4) | ઘસારો (1:3) | 21,000 |

જવાબ:- રાજ લિ. નું તા.31-12-2020 ના રોજ પુરા થયેલા વર્ષનું ખાતાકીય વેપાર અને નફા નુકસાન ખાતું

| વિગત | વિભાગ A | વિભાગ B | વિગત | વિભાગ A | વિભાગ B |
|---|---|---|---|---|---|
| શરૂનો સ્ટોક | 1,75,000 | | વેચાણ | 40,25,000 | 26,25,000 |
| ખરીદી | 40,25,000 | 3,50,000 | B ને માલની આંતર ટ્રાન્સફર | 12,25,000 | - |
| A તરફથી માલની આંતર ટ્રાન્સફર | - | 12,25,000 | આ. સ્ટોક | 8,75,000 | 3,15,000 |
| વેતન | 1,75,000 | 2,80,000 | | | |
| કાચો નફો | 17,75,000 | 10,85,000 | | | |
| | **61,25,000** | **29,40,000** | | **61,25,000** | **29,40,000** |
| વીજળી ખર્ચ | 17,500 | 2,45,000 | કાચો નફો | 17,75,000 | 10,85,000 |
| ઓફિસ ખર્ચ | 35,000 | 28,000 | | | |
| પગાર (2:1) | 3,15,000 | 1,57,500 | | | |
| છાપકામ અને સ્ટેશનરી ખર્ચ (3:1) | 1,18,125 | 39,375 | | | |
| જાહેરાત ખર્ચ વેચાણ ગુણોત્તર (4025 : 2625) | 8,47,368 | 5,52,632 | | | |
| ઘસારો (1:3) | 5,250 | 15750 | | | |
| નફો | 4,11,757 | 46,743 | | | |
| | **17,50,000** | **10,85,000** | | **17,50,000** | **10,85,000** |

3. વિમલ લિ.ના X અને Y એમ બે વિભાગો છે. વિભાગ Y (ઉત્પાદન વિભાગ) તેના કાચા માલ તરીકે વિભાગ X તરફથી માલ મેળવે છે. વિભાગ X વિભાગ Y ને મૂળ કિંમતે માલ મોકલે છે. નીચેની માહિતી માંથી 31-12-2020 ના રોજ પૂરા થયેલા વર્ષ માટે ખાતાકીય આવક પત્રક તૈયાર કરો.

| ક્રમ | વિગત | X ₹. | Y ₹. |
|---|---|---|---|
| (1) | શરૂનો સ્ટોક (01-01-2020) | 2,50,000 | 75,000 |
| (2) | ખરીદી (બાહ્ય વિક્રેતા) | 10,00,000 | 20,000 |
| (3) | વેચાણ (બાહ્ય ખરીદનાર) | 12,00,000 | 3,00,000 |
| (4) | આખર સ્ટોક (31-12-2020) | 1,50,000 | 50,000 |

❖ **વધારાની વિગત**

(1) બિલ્ડિંગ ઉપર ઘસારો 10% લેખે ગણવામાં આવે છે. બિલ્ડિંગની કિંમત ₹.10,5,000 છે. અને X અને Y વિભાગ અનુક્રમે 2/3 અને 1/3 ના પ્રમાણમા બિલ્ડિંગ વાપરે છે.

(2) વિભાગ X ₹.2,50,000 નો માલ વિભાગ Y ને મોકલાવે છે.

(3) ઉત્પાદન ખર્ચ ₹.10,000

(4) વેચાણ ખર્ચ ₹.15,000

(5) સામાન્ય ખર્ચ ₹.58,000

**જવાબ : ખાતાકિય આવક-પત્રક :**

| **વિગત** | **X ₹.** | **Y ₹.** | **કુલ (₹.માં)** |
|---|---|---|---|
| વેચાણ | 12,00,000 | 3,00,000 | 15,00,000 |
| Yને મોકલેલ માલ | 2,50,000 | | 2,50,000 |
| કુલ આવક (A) | **14,50,000** | **3,00,000** | **17,50,000** |
| બાદ : વેચેલ માલની કિંમત | | | |
| શરૂનો સ્ટોક | 2,50,000 | 75,000 | 3,25,000 |
| + ખરીદી | 10,00,000 | 20,000 | 10,20,000 |
| – આખરનો સ્ટોક | 1,50,000 | 50,000 | 2,00,000 |
| X પાસેથી મળેલ માલ - | - | 2,50,000 | 2,50,000 |
| ઉત્પાદન ખર્ચ ઉત્પાદન | - | 10,000 | 10,000 |
| Y વિભાગ દ્વારા કરવામા આવે છે | | | |
| એટલો બધો ખર્ચો Y વિભાગ ભોગવશે | | | |
| કુલ ખર્ચ (B) | 11,00,000 | 3,05,000 | 14,05,000 |
| કાચો નફો (A-B) | 3,50,000 | (5,000) | 3,45,000 |
| બાદ : વેચાણ ખર્ચ | | | |
| (વેચાણ આધારે 12:3) | 12,000 | 3,000 | 15,000 |
| ઘસારો (બિલ્ડિંગના વપરાશ પ્રમાણે) | 14,000 | 7,000 | 21,000 |
| નફો | 3,24,000 | (15,000) | 3,09,000 |
| બાદ : સામાન્ય ખર્ચ | | | 58,000 |
| **કુલ નફો** | | | **2,51,000** |

4. Z લિ.ના ત્રણ વિભાગ છે અને તે 31-03-2020 ના રોજ પુરા થતાં વર્ષની નીચે મુજબ માહિતી આપે છે.

| વિગત | A | B | C | કુલ |
|---|---|---|---|---|
| ખરીદ (એકમાં) | 6,000 | 12,000 | 14,400 | |
| ખરીદ (₹.) | | | | 6,00,000 |
| વેચાણ (એકમાં) | 6,120 | 11,520 | 14,976 | |
| વેચાણ કિંમત (એકમ દીઠ) | 40 | 45 | 50 | |
| આખર સ્ટોક (એકમાં) | 600 | 960 | 36 | |

ઉપરની માહિતીના આધારે ખાતાકીય વેપાર ખાતું તૈયાર કરો, અને વેચાણ પરના નફાના દર દરેક કિસ્સામાં સમાન છે.

**નોંધ -1** નફો ગાળો ગુણોત્તર

| | | | ₹. |
|---|---|---|---|
| વિભાગ A | 6,000 × 40 | એકમ દીઠ વેચાણ કિંમત | 2,40,000 |
| વિભાગ B | 12,000 × 45 | એકમ દીઠ વેચાણ કિંમત | 5,40,000 |
| વિભાગ C | 14,400 × 50 | એકમ દીઠ વેચાણ કિંમત | 7,20,000 |
| કુલ વેચાણ કિંમત | | | 15,00,000 |
| બાદ : ખરીદ કિંમત | | | 6,00,000 |
| **નફો** | | | **9,00,000** |

નફા ગાળા ગુણોત્તર $\frac{9,00,000}{15,00,000} \times 100 = 60\ \%$

**નોંધ :- 2** વિભાગ પ્રમાણે એકમ ખર્ચ અને ખરીદ ખર્ચ

| વિગત | A | B | C |
|---|---|---|---|
| વેચાણ કિંમત (એકમદીઠ) | 40 | 45 | 50 |
| બાદ : નફાગાળો ગુણોત્તર | | | |
| ૬૦% બધા જ વિભાગ માટે | (24) | (27) | (30) |
| સરખા | | | |
| ખરીદ કિંમત એકમ દીઠ (A) | 16 | 18 | 20 |
| ખરીદી (એકમો)(B) | 6000 | 12000 | 14400 |
| ખરીદ ખર્ચ (A×B) | 96,000 | 2,16,000 | 2,88,000 |

**નોંધ :- 3** વિભાગ પ્રમાણે શરૂનો સ્ટોક (એકમો)

| વિગત | A | B | C |
|---|---|---|---|
| વેચાણ (એકમો) | 6,120 | 11,520 | 14,9716 |
| + આખર સ્ટોક (એકમો) | 600 | 960 | 36 |
| | 6,720 | 12,480 | 15,012 |
| બાદ : ખરીદી (એકમો) | 6,000 | 12,000 | 14,400 |
| શરૂનો સ્ટોક એકમો | 720 | 480 | 612 |

**નોંધ :- 4** વિભાગ પ્રમાણે શરૂના સ્ટોકની કિંમત અને આખર સ્ટોક કિંમત

| વિગત | A | B | C |
|---|---|---|---|
| શરૂના સ્ટોકની કિંમત | 720 × 16 | 480 × 18 | 612 × 20 |
| | 11,520 | 8,640 | 12,240 |
| આખર સ્ટોક ની કિંમત | 600 × 16 | 960 × 18 | 36 × 20 |
| | 9,600 | 17,280 | 720 |

Z લિ નું 31-03-20ના રોજ પૂરા થતાં વર્ષનું ખાતાકિય વેપાર ખાતું.

| વિગત | A | B | C | વિગત | A | B | C |
|---|---|---|---|---|---|---|---|
| શરૂનો સ્ટોક (નોંધ-4) | 11,520 | 8,640 | 12,240 | વેચાણ | 2,44,800 (6120×40) | 5,18,400 (11520×45) | 7,48,800 (14976×50) |
| ખરીદી (નોંધ-2) | 96,000 | 2,16,000 | 2,88,000 | આ સ્ટોક (નોંધ-4) | 9,600 | 17,280 | 720 |
| નફો | 1,46,880 | 3,11,040 | 4,49,280 | | | | |
| | **2,54,400** | **5,35,6810** | **7,49,520** | | **2,54,400** | **5,35,680** | **7,49,520** |

5. મેસર્સ તેજસ એ ડિપાર્ટમેન્ટલ સ્ટોર છે. જેમાં ત્રણ X, Y અને Z વિભાગ છે. 31-03-2021 ના રોજ પૂરા થયેલા વર્ષ માટે ત્રણ વિભાગની માહિતી નીચે આપેલ છે.

**વિભાગીય ખાતું**

| વિગત | A | B | C |
|---|---|---|---|
| શરૂના સ્ટોક | 36,000 | 24,000 | 20,000 |
| ખરીદી | 1,32,000 | 88,000 | 44,000 |
| દેવાદારો (આપરના) | 15,000 | 10,000 | 10,000 |
| વેચાણ | 1,80,000 | 1,35,000 | 90,000 |
| આખર સ્ટોક | 45,000 | 17,500 | 21,000 |
| દરેક વિભાગમાં ફર્નિચરની કિંમત | 20,000 | 20,000 | 10,000 |
| દરેક વિભાગ ને ફાળવેલ જગ્યા (ચોરસ ફૂટમાં) | 3,000 | 2,500 | 2,000 |
| દરેક વિભાગમાં કર્મચારીઓની સંખ્યા | 25 | 20 | 15 |
| દરેક વિભાગમાં વીજળી વપરાશ (યુનિટમાં) | 300 | 200 | 100 |

અન્ય આવકની માહિતી નીચે આપેલ છે.

| **વિગત** | **રકમ ₹.** |
|---|---|
| ખરીદેલ માલનું ગાડાભાડું | ₹.3,000 |
| જાવક માલનું ગાડાભાડું | ₹.2,700 |
| પગાર | ₹.48,000 |
| જાહેરાત ખર્ચ | ₹.2,700 |
| વટાવ આપેલ | ₹.2,250 |
| વટાવ મળેલ | ₹.1,800 |
| ભાડું અને કર | ₹.7,500 |
| ફર્નિચર પર ઘસારો | ₹.1,000 |
| વીજળી ખર્ચ | ₹.3,000 |
| મજૂર કલ્યાણ ખર્ચ | ₹.2,400 |

ઉપરની માહિતી પરથી મેસર્સ તેજસનું 31-03-2021ના રોજ પૂરા થતાં વર્ષ માટે ખાતાકીય વેપાર અને નફા-નુકસાન ખાતું તૈયાર કરો. તમારે 5% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરવાની છે.

**જવાબ** : નોંધ : ખર્ચની વહેંચણી

| | |
|---|---|
| ખરીદેલ માલનું ગાડા ભાડું | ખરીદી (3:2:1) |
| જાવક માલનું ગાડા ભાડું | વેચાણ (4:3:2) |
| પગાર | કર્મચારીઓની સંખ્યા (5:4:3) |
| જાહેરાત ખર્ચ | વેચાણ (4:3:2) |
| વટાવ આપેલ | વેચાણ (4:3:2) |
| વટાવ મળેલ | ખરીદી (3:2:1) |
| ભાડુ અને કર | ફ્લોર સ્પેસ (6:5:4) |
| ફર્નિચર પર ઘસારો | ફર્નિચર (2:2:1) |
| મજૂર કલ્યાણ ખર્ચ | કર્મચારીઓની સંખ્યા (5:4:3) |
| વીજળી ખર્ચ | વપરાયેલ એકમો (3:2:1) |
| ઘાલખાધ અનામતની જોગવાઈ | બાકી દેવાદારો (3:2:2) |

## મેસર્સ તેજસનું 31-03-2021ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર અને નફા નુકસાન ખાતું (₹.માં)

| વિભાગ | X | Y | Z | કુલ | વિભાગ | X | Y | Z | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શરૂનો સ્ટોક | 36,000 | 24,000 | 20,000 | 80,000 | વેચાણ | 1,80,000 | 1,35,000 | 90,000 | 4,05,000 |
| ખરીદી | 1,32,000 | 88,000 | 44,000 | 2,64,000 | આખર સ્ટોક | 45,000 | 17,500 | 21,000 | 83,500 |
| ખરીદેલ માલનું ગાડા ભાડું | 1,500 | 1,000 | 500 | 3,000 | | | | | |
| કાચો નફો (ન× નુ ખાતે લઈ ગયા | 55,500 | 39,500 | 46,500 | 1,41,500 | | | | | |
| | **2,25,000** | **1,52,500** | **1,11,000** | **4,88,500** | | **2,25,000** | **1,52,500** | **1,11,000** | **1,88,500** |
| જાવક માલનું ગાડા ભાડું | 1,200 | 900 | 600 | 2,700 | કાચો નફો (વેપાર ખાતેથી લાવ્યા) | 55,500 | 39,500 | 46,500 | 1,41,500 |
| વીજળી ખર્ચ | 1,500 | 1,000 | 500 | 3,000 | | | | | |
| પગાર | 20,000 | 16,000 | 12,000 | 48,000 | વટાવ મેળવેલ | 900 | 600 | 300 | 1,800 |
| જાહેરાત ખર્ચ | 1,200 | 900 | 600 | 2,700 | | | | | |
| વટાવ આપ્યો | 1,000 | 750 | 500 | 2,250 | | | | | |
| ભાડું અને કર | 3,000 | 2,500 | 2,000 | 7,500 | | | | | |
| ઘસારો | 400 | 400 | 200 | 1,000 | | | | | |
| ઘાલખાધ અનામતની જોગવાઈ (દેવાદારો પર 5 % લેખે) | 750 | 500 | 500 | 1,750 | | | | | |
| મજૂર કલ્યાણ ખર્ચ | 1,000 | 800 | 600 | 2,400 | | | | | |
| નફો | 26,350 | 16,350 | 29,300 | 72,000 | | | | | |
| | **56,400** | **40,100** | **46,800** | **1,43,300** | | **56,400** | **40,100** | **46,800** | **1,43,300** |

6. વિભાગ P વિભાગ S ને મૂળ કિંમત પર 25% નફા સાથે અને વિભાગ Q ને મૂળ કિંમત પર 15% નફા સાથે માલ વેચે છે. વિભાગ S વેચાણ પર અનુક્રમે 20% અને 30% ના નફા પર માલ વેચે છે. વિભાગ Q મૂળ કિંમત પર અનુક્રમે P અને S ને 20% અને 10% નફા સાથે માલ વેચે છે.

વિભાગીય સંચાલકો ખાતાકીય વેચાણ પરના અવાસ્તવિક નફાને અધીન ચોખ્ખા નફામાં 10% કમિશન મેળવવાના હક્કદાર છે. મેનેજરનું કમિશન બાદ કર્યા પછીનો ખાતાવાર નફો નીચે મુજબ છે.

| **વિભાગ** | **₹.** |
|---|---|
| વિભાગ P | 90,000 |
| વિભાગ S | 60,000 |
| વિભાગ Q | 45,000 |

વર્ષના અંતે વિવિધ વિભાગો પર વધેલ સ્ટોક નીચે મુજબ છે :

**વિભાગ (₹.માં)**

| વિગત | P | S | Q |
|---|---|---|---|
| P માંથી ફેરબદલ | - | 18,000 | 14,000 |
| S માંથી ફેરબદલ | 48,000 | - | 38,000 |
| Q માંથી ફેરબદલ | 12,000 | 8,000 | - |

મેનેજર કમિશનને બાદ કર્યા પછી યોગ્ય યોગ્ય ખાતાવાર નફો મેળવો.

**જવાબ** : ખાતાવાર નફાની ગણતરી

| વિગત | વિભાગ-P | વિભાગ-S | વિભાગ-Q |
|---|---|---|---|
| મેનેજર્સ નુ કમિશન બાદ કર્યા પછીનો નફો | 90,000 | 60,000 | 45,000 |
| + મેનેજર્સ નું કમિશન (1/9) | 10,000 | 6,667 | 5,000 |
| | 1,00,000 | 66,667 | 50,000 |
| બાદ : સ્ટોક પર (નોંધ) અવાસ્તવિક નફો (નોંધ 1) | (5,426) | (21,000) | (2,727) |
| મેનેજરના કમિશન પહેલાંનો નફો | 94,574 | 45,667 | 47,273 |
| બાદ : મેનેજરનું કમિશન (10%) | 9,457 | 4,567 | 4,727 |
| મેનેજરનું કમિશન બાદ કર્યા પછીનો સાચો નફો | 85,117 | 41,100 | 42,546 |

**નોંધ 1 :**

| વિગત | વિભાગ-P | વિભાગ-S | વિભાગ-Q | કુલ |
|---|---|---|---|---|
| અવાસ્તવિક નફો<br>વિભાગ-P | | $\frac{25}{125} \times 18,000$<br>= 3600 | $\frac{15}{115} \times 14,000$<br>= 1826 | 5,426 |
| વિભાગ-S | $\frac{20}{100} \times 48,000$<br>= 9600 | - | $\frac{30}{100} \times 38,000$<br>= 11,400 | 21,000 |
| વિભાગ-Q | $\frac{20}{120} \times 12,000$<br>= 2,000 | $\frac{10}{110} \times 8,000$<br>=727 | | 2,727 |

❖ **સ્વઅધ્યયનના દાખલા :**

**1.** વિભાગ A માંથી વિભાગ B માં માલ સમાન મૂળ કિંમત પર 50% નફા સાથે મોકલવામાં આવે છે. જો વિભાગ B નો આખરનો માલ ₹. 54,000 નો છે તો માલ અનામતની રકમની ગણતરી કરો.

**(જવાબ ₹.18,000)**

**2.** વ્રજ લિ. નું 31-03-2021ના રોજ પૂરા થયેલા વર્ષ માટે ખાતાકીય વેપાર અને નફો અને નુકસાન ખાતું તૈયાર કરો. જ્યાં વિભાગ P સામાન્ય મૂળ ભાવે વિભાગ Q ને માલ વેચે છે.

| વિગત | વિભાગ - P | વિભાગ Q |
|---|---|---|
| શરૂ નો સ્ટોક | 3,50,000 | - |
| ખરીદી | 80,50,000 | 7,00,000 |
| માલની આંતર ફેરબદલી | - | 24,50,000 |
| વેતન | 3,50,000 | 5,60,000 |
| વીજળી ખર્ચ | 35,000 | 4,90,000 |
| આખર સ્ટોક (મૂળ કિંમત) | 17,50,000 | 52,50,000 |
| વેચાણ | 80,50,000 | 52,50,000 |
| ઓફિસ ખર્ચ | 70,000 | 56,000 |

બંને વિભાગના ભેગા ખર્ચા

| | |
|---|---|
| પગાર (2 : 1) | 9,44,000 |
| છાપકામ અને સ્ટેશનરી ખર્ચ (3:1) | 3,15,000 |
| જાહેરાત ખર્ચ (વેચાણ ગુણોત્તર) | 28,00,000 |
| ઘસારો (1:3) | 42,000 |

[ જવાબ : કાચો નફો વિભાગ P 35,50,000

| | | |
|---|---|---|
| | વિભાગ Q | 21,70,000 |
| નફો | વિભાગ P | 8,23,514 |
| | વિભાગ Q | 93,486 |
| નફાનુકસાન ખાતાનો સરવાળો | | P= 35,00,000 |
| | | Q= 21,70,000 ] |

3. નિકેત લી. ના A અને B એમ બે વિભાગો છે. વિભાગ B (ઉત્પાદન વિભાગ) તેના કાચા માલ તરીકે વિભાગ A તરફથી માલ મેળવે છે. વિભાગ A વિભાગ B ને મૂળ કિંમતે માલ મોકલે છે. નીચેની માહિતી પરથી તા. 31-12-20 ના રોજ પુરા થયેલા વર્ષ માટે ખાતાકિય આવક પત્રક તૈયાર કરો.

| વિગત | A | B |
|---|---|---|
| શરૂનો સ્ટોક (1-01-21) | 500,000 | 1,50,000 |
| ખરીદી (બાહ્ય સપ્લાયર) | 2,00,000 | 40,000 |
| વેચાણ (બાહ્ય ખરીદનાર) | 24,00,000 | 6,00,000 |
| આખર સ્ટોક (31-12-21) | 3,00,000 | 1,00,000 |

❖ **વધારાની વિગત :**

1. મકાન ઉપર ઘસારો 20% લેખે ગણવામાં આવે છે. મકાનની કિંમત ₹. 2,10,000 છે અને A અને B વિભાગ અનુક્રમે 2/3 અને 1/3 ના પ્રમાણમાં મકાન વાપરે છે.
2. વિભાગ A ₹.500,000 નો માલ વિભાગ B ને મોકલાવે છે.
3. ઉત્પાદન ખર્ચ ₹.20,000
4. વેચાણ ખર્ચ ₹.30,000
5. સામાન્ય ખર્ચ ₹.1,16,000

| | | |
|---|---|---|
| (જવાબ :- નફો | A = | 6,48,000 |
| | B = | (30,000) |
| | કુલ નફો = | 6,18,000 |
| | - સામાન્ય ખર્ચ = | (1,16,000) |
| | નફો = | 5,02,000 |

4. મૌલી લિ. ના ત્રણ વિભાગ છે. અને તે 31-03-21 ના રોજ પૂરા થતાં વર્ષ ની નીચે મુજબ માહિતી આપે છે.

| ખરીદ (એકમાં) | X | Y | Z | કુલ |
|---|---|---|---|---|
| ખરીદી (એકમાં) | 12,000 | 24,000 | 28,800 | |
| ખરીદી ₹. | | | | 12,00,000 |
| વેચાણ (એકમો) | 12,240 | 23,040 | 29,952 | |
| વેચાણ કિંમત (એકમ દીઠ) | 40 | 45 | 50 | |
| આખર સ્ટોક (એકમાં) | 12,00 | 1,920 | 72 | |

ઉપરની માહિતીના આધારે ખાતાકીય વેપાર ખાતું તૈયાર કરો અને વેચાણ પરના નફાના દર દરેક કિસ્સામાં સમાન છે.

[ **જવાબ :- નફો** X = 2,93,760
Y = 6,22,080
Z = 8,98,560 ]

5. મેસર્સ બિમલ એ ડિપાર્ટમેન્ટલ સ્ટોર છે. જેમાં ત્રણ A, B અને C વિભાગ છે. 31-03-20 ના રોજ પૂરા થયેલા વર્ષ માટે ત્રણ વિભાગની માહિતી નીચે આપેલ છે.

**વિભાગીય ખાતું (₹.માં)**

| વિગત | A | B | C |
|---|---|---|---|
| શરૂનો સ્ટોક | 72,000 | 48,000 | 40,000 |
| ખરીદી | 2,64,000 | 1,76,000 | 88,000 |
| દેવાદારો (અંત) | 30,000 | 20,000 | 20,000 |
| વેચાણ | 3,60,000 | 2,70,000 | 1,80,000 |
| આખર સ્ટોક | 90,000 | 35,000 | 42,000 |
| દરેક વિભાગમાં ફર્નિચરની કિંમત | 40,000 | 40,000 | 20,000 |
| દરેક વિભાગ દ્વારા રોકાયેલ ફ્લોર જગ્યા (ચોરસ ફૂટમાં) | 3000 | 2,500 | 2,000 |
| દરેક વિભાગમાં કર્મચારીઓની સંખ્યા | 25 | 20 | 15 |
| દરેક વિભાગ દ્વારા વીજળી વપરાશ (યુનિટમાં) | 300 | 200 | 100 |

❖ અન્ય આવકની માહિતી નીચે આપેલ છે :

| **વિગત** | **₹.** |
|---|---|
| ખરીદેલ માલનું ગાડાભાડું | 6,000 |
| વટાવ આપેલ | 4,500 |

| | |
|---|---|
| જાવક માલનું ગાડાભાડું | 5,400 |
| પગાર | 96,000 |
| જાહેરાત ખર્ચ | 5,400 |
| વટાવ મળ્યો | 3,600 |
| ભાડું અને કર | 15,000 |
| ફર્નિચર પર ઘસારો | 2,000 |
| વીજળી ખર્ચ | 6,000 |
| મજૂર કલ્યાણ ખર્ચ | 4,800 |

ઉપરની માહિતી પરથી મેસર્સ બિમલ નું 31-03-20 ના રોજ પુરા થતાં વર્ષ માટે ખાતાકીય વેપાર અને નફા નુકસાન ખાતું તૈયાર કરો. તમારે 5% લેખે ખરાબ દેવાની જોગવાઈ કરવાની છે.

**(જવાબ :- નફો** A = 52,700

B = 32,700

C = 58,600

**6.** વિભાગ A વિભાગ B ને મૂળ કિંમત પર 25% નફા સાથે અને વિભાગ C ને મૂળ કિંમત પર 15% નફા સાથે માલ વેચે છે. વિભાગ B વેચાણ પર અનુક્રમે 20% અને 30% ના નફા પર માલ વેચે છે. વિભાગ Cમૂળ કિંમત પર અનુક્રમે A અને B ને 20% અને 10% નફા સાથે માલ વેચે છે.

વિભાગીય સંચાલકો ખાતાકીય વેચાણ પરના અવાસ્તવિક નફાને અધીન ચોખ્ખા નફામાં 10% કમિશન મેળવવાના હકદાર છે મેનેજર કમિશન બાદ કર્યા પછી ખાતાકીય નફો, (પરંતુ અવાસ્તવિક નફાના હવાલા પહેલાં) નીચે મુજબ છે.

| **વિગત** | **₹.** |
|---|---|
| વિભાગ A | 1,80,000 |
| વિભાગ B | 1,20,000 |
| વિભાગ C | 90,000 |

વર્ષના અંતે વિવિધ વિભાગો પર પડેલો સ્ટોક નીચે મુજબ છે.

| વિગત | A | B | C |
|---|---|---|---|
| A માંથી ફેરબદલ | - | 36,000 | 28,000 |
| B માંથી ફેરબદલ | 96,000 | - | 76,000 |
| C માંથી ફેરબદલ | 24,000 | 16,000 | - |

મેનેજર્સ કમિશનને બાદ કર્યા પછી યોગ્ય ખાતાકીય નફો મેળવો.

[ **જવાબ :** મેનેજર નું કમિશન બાદ કર્યા પછીનો સાચો નફો

A = 1,70,234

B = 82,200

C = 85,092 ]

● **સ્વાધ્યાય :**

**1. સૈદ્ધાંતિક પ્રશ્નો :**

1. વિભાગીય એટલે શું ?
2. વિભાગીય હિસાબોનો અર્થ સમજાવો.
3. ખાતાકીય હિસાબોના ફાયદા વર્ણવો.
4. ખાતાકીય હિસાબોના ગેરફાયદા વિગતવાર સમજાવો.
5. વિભાગીય હિસાબોના મુખ્ય ઉદ્દેશો વર્ણવો.
6. વિભાગીય હિસાબો અને શાખા હિસાબોનો તફાવત જણાવો.
7. વિભાગ ખાતાની પદ્ધતિઓ સમજાવો.
8. એકમ પદ્ધતિ સમજાવો.
9. સ્તંભની પદ્ધતિ પર નોંધ લખો.
10. વિભાગીય ખર્ચની ફાળવણી કઈ રીતે કરવામાં આવે છે તે જણાવો.

**2. MCQ પ્રશ્નો :**

1. ________ હિસાબોમાં વ્યવસાયિક એન્ટરપ્રાઈઝના દરેક વિભાગ માટે એક અલગ પુસ્તક ફાળવે છે.

A) વિભાગીય　　B) શાખા

C) આડત　　D) ઉપરના બધા

2. નીચેનામાંથી ક્યા ખાતાકીય હિસાબના ફાયદા છે.

A) ખાતાકીય સરખામણીની સુવિધા

B) નીતિઓની રચના

C) વિસ્તરણ નિર્ણયો

D) ઉપરના બધાજ

3. નીચેનામાંથી ક્યા ખાતાકીય હિસાબોના ફાયદા છે ?

A) એકમની સફળતા જાણવા

B) કમિશન નક્કી કરવા

C) સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપવા

D) ઉપરના બધા જ

4. નીચેનામાંથી ક્યા ખાતાકીય હિસાબોના ફાયદા છે.

A) નફાકારકતામાં વધારો કરવા

B) ઓડિટરને મદદ કરવા

C) રોકાણકારને મદદ કરવા

D) ઉપરના બધા જ

5. એકમ પદ્ધતિને ____________ પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

A) સ્વતંત્ર　　B) સ્તંભ

C) એકીકરણ　　D) કોઈપણ નહિ

6. સ્તંભની પદ્ધતિને ____________ પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.
   A) એકમ  B) સ્વતંત્ર
   C) એકીકરણ  D) ઉપરમાંથી કોઈપણ નહીં
7. ખાતાકીય પદ્ધતિ એકાઉન્ટિંગમાં ____________ મદદ કરે છે.
   A) દરેક વિભાગના વેપારના પરિણામોનું અલગથી મૂલ્યાંકન
   B) દરેક વિભાગ પર અસરકારક આયોજન અને નિયંત્રણ
   C) બંને A અને B
   D) કોઈપણ નહીં
8. વેચાણ કમિશન ખર્ચના ક્યા પ્રમાણમાં વિભાગો વચ્ચે વહેંચવામાં આવે છે.
   A) દરેક વિભાગ દ્વારા સરેરાશ સ્ટોક
   B) દરેક વિભાગ દ્વારા વેચાયેલા એકમોની સંખ્યા
   C) દરેક વિભાગના વેચાણ પર
   D) ઉપરના બધા

❖ **જવાબ :**

| | | | |
|---|---|---|---|
| 1. | A | 2. | D |
| 3. | D | 4. | D |
| 5. | A | 6. | C |
| 7. | C | 8. | C |

❖ **નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો :**

(1) એકમ પદ્ધતિને સ્વતંત્ર પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે : ✓
(2) સ્તંભની પદ્ધતિને એકીકરણ પદ્ધતિ પણ કહેવાય છે : ✓
(3) મશીનના કાચના સમય અનુસાર પાવર ખર્ચ ફાળવવામાં આવશે : ✓
(4) મકાનને લગતા તમામ ખર્ચ દરેક વિભાગ દ્વારા કબજે કરેલા ફ્લોર સ્પેસ મુજબ વહેંચવા જોઈએ : ✓
(5) સંપત્તિ સમારકામ ખર્ચ ઉપયોગમાં લેવામાં આવતી સંપત્તિના મૂલ્ય અનુસાર વહેંચી શકાય છે. : ✓
(6) વિદેશી ચલણને ભરેલુ ચલણમાં ફેરવવાની સમસ્યા વિભાગીય હિસાબોમાં ઊભી થાય છે. : ✓
(7) વિભાગીય હિસાબો એ સસ્થાના દરેક વિભાગના નાણાકીય રેકોર્ડ્સને અલગ થી જાળવવાની એક પદ્ધતિ છે : ✓
(8) વિભાગીય હિસાબો દરેક વિભાગની આર્થિક સ્થિતિ શીખવા મદદ કરે છે. : ✓

***********************

**એકમ 8**

# મૂડી માળખું (Capital Structure)

## : રૂપરેખા :

8.1 પ્રસ્તાવના અને વ્યાખ્યા
8.2 આદર્શ મૂડી માળખાનાં લક્ષણો
8.3 મૂડી માળખાને અસર કરતાં પરિબળો
(અ) આંતરિક પરિબળો
(બ) બાહ્ય પરિબળો
8.4 મૂડી માળખાનાં પ્રકારો
8.4 મૂડી માળખાનું મહત્ત્વ
8.5 મૂડી માળખાનું મહત્ત્વ
8.6 ઈક્વિટી પરનાં વ્યાપારનો અર્થ અને તેનો ખ્યાલ
8.7 લિવરેજનો અર્થ અને પ્રકારો
(અ) કામગીરી લિવરેજ
(બ) નાણાકીય લિવરેજ
(ક) સંયુક્ત લિવરેજ
● સ્વાધ્યાય
● ટૂંકા પ્રશ્નો
● લાંબા પ્રશ્નો
● બહુવિકલ્પીય પ્રશ્નો

## 8.1 પ્રસ્તાવના અને વ્યાખ્યા

કોઈ પણ ધંધાકીય એકમ માટે મૂડી એ અગત્યનું પરિબળ છે. ધંધો કરવા માટે કેટલી મૂડીની જરૂર છે ? તે મૂડી કેવી રીતે પ્રાપ્ત કરવી ? આવા પ્રશ્નો વિશે વિચારણા કરવી એ ખૂબ જરૂરી છે. મૂડીની પસંદગીની વિચારણામાં ભૂલ થાય, તો તે મૂડી માળખાને અતિ મૂડીકરણ કે અલ્પ મૂડીકરણના જોખમમાં મૂકી દે છે. જે એકમને નિષ્ક્રિયતા તરફ દોરી જાય છે. સામાન્ય રીતે ધંધાનો પ્રકાર કયો છે ? તેના પર તેની મૂડીનો આધાર રહેલો છે.

**મૂડી માળખાનો અર્થ :**

- સરળ શબ્દોમાં મૂડી માળખુ એટલે મૂડી મેળવવા માટે વિવિધ પ્રકારની જામીનગીરીઓ બહાર પાડી નાણાંકીય ખાદ્ય પૂરી પાડવી.

**શ્રી જ્હોન હમ્પટનના મતે**

"મૂડી માળખું એ દેવુ અને માલિકીની જામીનગીરીઓનું બનેલું હોય છે. જે પેઢીની મિલકત માટે નાણાં પૂરા પાડે છે."

**શ્રી ગેસ્ટનબર્ગના મત પ્રમાણે**

"મૂડી માળખું એ મૂડીકરણનું બંધારણ છે. જેમાં બહાર પાડવાની જામીનગીરીઓનો પ્રકાર અને કુલ મૂડીકરણમાં દરેક જામીનગીરીઓનું પ્રમાણ કેટલું તે દર્શાવવામાં આવે છે."

**શ્રી હોગલેન્ડના મત પ્રમાણે**

"કંપનીની નાણાંકીય યોજના (મૂડીમાળખું) એટલે તેના શૅર અને નહીં ચૂંકવાયેલ બોન્ડના પ્રકાર."

જો કંપનીની કુલ મૂડી 5,00,000 રૂ. હોય જેમાં ઓર્ડિનરી શૅર, પ્રૅફરન્સ શૅર, ડિબેન્ચર કે બોન્ડ નીચે મુજબ હોઈ શકે.




| | |
|---|---|
| ઓર્ડિનરી શૅર | 3,50,000 |
| પ્રૅફરન્સ શૅર | 50,000 |
| ડિબેન્ચર | 1,00,000 |
| કુલ મૂડી | 5,00,000 |

## 8.2 આદર્શ મૂડી માળખાનાં લક્ષણો

મૂડી માળખું એ દરેક ધંધા માટે જુદા જુદા પ્રકારનું હોઈ શકે. સામાન્ય રીતે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઈને મૂડી માળખાની રચના કરવી જોઈએ.

| | |
|---|---|
| (1) હેતુલક્ષી | (6) સદ્ધરતા |
| (2) સરળ | (7) રક્ષણાત્મક |
| (3) કરકસરયુક્ત | (8) મૂડીપડતર |
| (4) રોકાણકારો માટે આકર્ષક | (9) તરલતા |
| (5) પરિવર્તનશીલ | (10) સમતોલ |

**(1) હેતુલક્ષી :**

મૂડી માળખું કંપનીના હેતુઓને ધ્યાનમાં રાખીને તૈયાર થવું જોઈએ. એકમના હેતુઓ જેટલા સ્પષ્ટ હશે તેટલું મૂડીમાળખું સરળ બનાવી શકાશે. મૂડી માળખું ફક્ત વર્તમાન હેતુઓને પૂર્ણ કરે તેવું જ નહીં પરંતુ ભવિષ્યના હેતુઓને પણ સિદ્ધ કરે તેવું હોવું જોઈએ. ઔદ્યોગિક એકમ અને વેપારી એકમના હેતુઓ અલગ અલગ હોવાથી બન્નેનું મૂડી માળખું અલગ અલગ બનવું જોઈએ.

**(2) સરળ :**

ધંધાકીય એકમનું મૂડી માળખું સરળ અને દરેકને સમજી શકાય તેવું હોવુ જોઈએ. સરળ મૂડી માળખું એટલે કે જેમાં માલિકીની મૂડી વધુ અને જામીનગીરીઓનું પ્રમાણ ઓછું હોય. સરળ મૂડીમાળખામાં જામીનગીરીઓના પ્રકાર ઓછા હોવાથી ભવિષ્યમાં નાણાંકીય જરૂરિયાત ઉદ્ભવતા નાણાં સરળાતાથી મેળવી શકાય છે. વિવિધ પ્રકારની જામીનગીરીઓનું બનેલું મૂડી માળખું જટિલ બની જાય છે.

**(3) કરકસરયુક્ત :**

જે મૂડી માળખામાં નાણાંની જરૂરિયાત સમયે ઓછા ખર્ચે નાણાં પ્રાપ્ત થાય. તેવા મૂડી માળખાને કરકસરયુક્ત માળખું કહેવાય. ધંધાની આવક મુજબ મૂડી માળખું નક્કી કરવું જોઈએ. ડિબેન્ચર અને પ્રૅફરન્સ શૅર ચૂકવણીનો દર નક્કી હોય છે. જ્યારે ઈક્વિટી શૅરના ડિવિડન્ડનો દર નક્કી હોતો નથી. ધંધાની આવક વધુ હોય ત્યારે ડિબેન્ચર બહાર પાડીને મૂડી મેળવવી હિતાવહ છે અને આવક ઓછી હોય તો ઈક્વિટી શૅર બહાર પાડી નાણાં મળવા વધુ હિતાવહ છે.

**(4) રોકાણકારો માટે આકર્ષક :**

મૂડીમાળખું રોકાણકારોને આકર્ષિત કરે તેવું હોવું જોઈએ. રોકાણકારોના રોકાણની સલામતી વધે તેવું આકર્ષક હોવું જોઈએ. મૂડીમાળખામાં જોખમનું પ્રમાણ, મૂડીના પ્રમાણ કરતા ઓછું હોવું જોઈએ. ડિબેન્ચર અને પ્રૅફરન્સ શૅરને ઈક્વિટી શૅરમાં રૂપાંતર કરવાની યોજના હોવી જોઈએ.

**(5) પરિવર્તનશીલ :**

આદર્શ મૂડીમાળખું સમય અને સંજોગો અનુસાર પરિવર્તિત થઈ શકે તેવું હોવું જોઈએ. મૂડીમાળખુ ભવિષ્યને ધ્યાનમાં રાખીને નાણાંકીય જરૂરિયાતોને સરળતાથી સંતોષી શકે તેવું પરિવર્તનશીલ હોવું જોઈએ. મૂડીમાં ઘટાડો કરવા માટે ડિબેન્ચર અને રિડીમેબલ પ્રૅફરન્સ શૅરનો સમાવેશ કરવો જોઈએ. તેજી અને મંદીના સમયમાં મૂડીમાં વધારો કે ઘટાડો કરી શકાય તેવું આદર્શ મૂડીમાળખું હોવું જોઈએ.

**(6) સદ્ધરતા :**

આદર્શ મૂડીમાળખું તેને કહેવાય જે ધંધાની સદ્ધરતામાં વધારો કરે. મૂડી માળખું એવી રીતે બનેલું હોવું જોઈએ કે જેમાં માલિકી ભંડોળ અને ઉછીના ભંડોળ વચ્ચે પ્રમાણ જાળવી શકાય અને ઉછીના ભંડોળના વ્યાજની ચૂકવણી સરળતાથી કરી શકાય. તે ધંધા માટે બોજા રૂપ ન લાગવું જોઈએ. વ્યાજની દષ્ટિએ કે કરવેરાની દષ્ટિએ બોજો ઓછો હોય તેવી જામીનગીરીઓ મેળવી ધંધાની સદ્ધરતામાં વધારો કરી શકાય છે.

**(7) રક્ષણાત્મક :**

ધંધામાં આવનારી જુદી-જુદી પરિસ્થિતિઓ જેવી કે તેજી, મંદી, હરિફાઈ, ટેક્નોલોજીમાં ફેરફાર વગેરે જેવી બાબતોનો સામનો સરળતાથી કરી શકાય તેવી પરિસ્થિતિના અનુસંધાનમાં મૂડી માળખું તૈયાર કરેલું હોવું જોઈએ. દરેક ધંધામાં ચડતી-પડતીના ક્રમમાંથી પસાર થવું પડતું હોય છે. આવી કટોકટીના સમયમાં મૂડી માળખામાં ફેરફાર કરી ધંધાનું રક્ષણ કરી શકાય તેવું રક્ષણાત્મક માળખું હોવું જોઈએ.

**(8) મૂડી પડતર :**

ધંધાકીય એકમ પોતાની નાણાંકીય જરૂરિયાતો સંતોષવા વિવિધ પ્રકારની જામીનગીરીઓ બહાર પાડે છે. આ પૈકી જે જામીનગીરી ઓછા ખર્ચે બહાર પાડી શકાતી હોય, જેમાં નાણાં મેળવવાનો ખર્ચ ઓછો આવતો હોય. તેવી મૂડી મેળવવી જોઈએ કે જેથી મૂડી પડતર ઓછી આવે. જુદી જુદી મૂડીના પ્રાપ્તિસ્થાનોનો સમન્વય કરી ઓછી મૂડી પડતર આવે તેવા આદર્શ મૂડી માળખાની રચના કરવી જોઈએ.

**(9) તરલતા :**

આદર્શ મૂડી માળખામાં તરલતા ખૂબ મહત્ત્વની છે. જેમ જેમ ધંધાની નાણાંકીય જવાબદારી ઊભી થાય તેમ તેમ આ જવાબદારી સરળતાથી ચૂકવી શકાય તેવી રોકડ તરલતા હોય તે પ્રકારનું મૂડીમાળખું રચવું જોઈએ. ઘણીવાર એવું પણ બને છે કે ધંધાકીય એકમ પાસે પૂરતા પ્રમાણમાં મિલકત હોવા છતા નાણાંકીય અછત ઊભી થાય છે. જેને કારણે ધંધો નિષ્ફળ જાય તેવા સંજોગો ઊભા થાય છે. કંપનીના મૂડીમાળખાની તરલતા અંગે ચોક્કસ ટકાવારી તો ન દર્શાવી શકાય પરંતુ કંપનીની પોતાની પરિસ્થિતિ અનુસાર તે અંગેનો નિર્ણય લેવાનો હોય છે.

**(10) સમતોલ (સમતુલા) :**

મૂડી માળખું સામાન્ય રીતે માલીકીની મૂડી અને ઉછીની મૂડી એમ બે પ્રકારની જામીનગીરીઓનું બનેલું હોય છે. જેમાં ઈક્વિટી શૅર, પ્રૅફરન્સ શૅર, ડિબેન્ચર, બૉન્ડઝ વગેરેનો સમાવેશ થાય છે. જેનું પ્રમાણ ધંધાનું કદ, પ્રકાર અને નાણાંકીય જરૂરિયાતના પ્રમાણમાં સમતોલ રાખવી જોઈએ.

## 8.3 મૂડી માળખાને અસર કરતાં પરિબળો

મૂડી માળખાના ઘડતર સમયે અનેક પરિબળોનો વિચાર કરવો પડે છે. આદર્શ મૂડીમાળખામાં બે પરિબળોનો સમાવેશ થાય છે.

(અ) આંતરિક પરિબળો

(બ) બાહ્ય પરિબળો

**મૂડી માળખાને અસર કરતાં પરિબળો**

| **આંતરિક પરિબળો** | **બાહ્ય પરિબળો** |
|---|---|
| (1) ધંધાનો પ્રકાર | (1) બજારની પરિસ્થિતિ |
| (2) ધંધાનું કદ | (2) વ્યાજનો દર |
| (3) ભાવિ જરૂરિયાત | (3) કરવેરાનું માળખું |
| (4) ધંધામાં જોખમનું પ્રમાણ | (4) રોકાણકારોનું વલણ |
| (5) ધંધાનો હેતુ | (5) નાણાંકીય સંસ્થાઓની નીતિ |
| (6) નાણાંકીય જરૂરિયાત | (6) કાનૂની અંકુશો |
| (7) મિલકતનું સ્વરૂપ | |

**(અ) આંતરિક પરિબળો :** ધંધાકીય મૂડીમાળખામાં આંતરિક પરિબળોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

**(1) ધંધાનો પ્રકાર :**

જુદા જુદા પ્રકારના ધંધાનું મૂડી માળખું જુદા-જુદા પ્રકારનું હોય છે. ધંધાના પ્રકારોમાં ઓછા જોખમવાળા, વધુ જોખમવાળા, મોજશોખની પેદાશવાળા, પ્રાથમિક જરૂરિયાતની પેદાશ વાળા, ઈજારાયુક્ત ઉત્પાદન, હરિફાઈ યુક્ત ઉત્પાદન વગેરે પ્રકારના ધંધાઓમાં મૂડી માળખું અલગ અલગ પ્રકારનું જોવા મળે છે.

મૂડી માળખામાં ઈક્વિટી શૅર જેવી જામીનગીરીઓનું જોખમનું પ્રમાણ વધારે હોય છે. જે ધંધાની કમાણી નિશ્ચિત હોય તેમણે સ્થિર વળતર ચૂકવી શકાય તેવા પ્રૅફરન્સ શૅર કે ડિબેન્ચર જેવી જામીનગીરીઓ બહાર પાડી શકાય.

**(2) ધંધાનું કદ :**

દરેક ધંધામાં મૂડી માળખાની જરૂરિયાત ધંધાના કદ પ્રમાણે વધારે કે ઓછા પ્રમાણમાં રહે છે. નાના કદના ધંધામાં મોટા ભાગે ઈક્વિટી શૅર (માલિકીની મૂડી) દ્વારા મૂડી મેળવી શકાય જ્યારે મોટા કદના ધંધામાં વિવિધ પ્રકારની જામીનગીરીઓનો ઉપયોગ કરી મૂડી માળખુ તૈયાર કરી શકાય.

**(3) ભાવિ જરૂરિયાત :**

ધંધાકીય એકમની ભવિષ્યની નાણાંકીય જરૂરિયાતોને લક્ષમાં રાખીને મૂડીમાળખાની રચના કરી શકાય છે. ધંધાની પ્રગતિ માટે જુદી જુદી વિકાસ યોજનાઓ માટે કેવા પ્રકારની જામીનગીરીઓની જરૂર પડશે. તે બાબતેને ધ્યાનમાં રાખીને મૂડી માળખું તૈયાર કરવામાં

આવે છે. ભવિષ્યમાં વધારે મૂડીની જરૂરિયાત ઉદ્‌ભવે તો કયા પ્રકારની જામીનગીરીઓમાંથી ઝડપથી મૂડી મેળવી શકાશે તેનો અંદાજ પણ મૂડી માળખામાં કરવામાં આવે છે.

**(4) ધંધામાં જોખમનું પ્રમાણ :**

ધંધામાં જોખમનું પ્રમાણ કેટલુ છે ? તે પરથી ધંધાની જામીનગીરીઓનો ખ્યાલ આવે છે. જો ધંધામાં જોખમનું પ્રમાણ વધારે હોય તો ઈક્વિટી શૅર દ્વારા નાણાં મેળવી શકાય અને જો ધંધામાં જોખમનું પ્રમાણ ઓછું હોય ત્યારે પ્રૅફરન્સ શૅર કે ડિબેન્ચર બહાર પાડીને નાણાં મેળવી શકાય. મોજ-શોખની ચીજવસ્તુ બનાવતી કંપનીમાં જોખમ વધુ હોય છે જેથી આવી કંપનીમાં માલિકીની મૂડી રાખવી વધુ હિતાવહ છે.

**(5) ધંધાનો હેતુ :**

ધંધાકીય એકમમાં ધંધાના હેતુને અનુરૂપ ધંધાનું મૂડીમાળખું તૈયાર થાય છે ધંધાની ભવિષ્યની યોજનાઓ, ધંધાનો મુખ્ય ધ્યેય, લાંબાગાળાની યોજનાઓ, શૅર હોલ્ડરોનો વળતરનો દર, ભવિષ્ય માટે રાખવામાં આવતી અનામતો, જોગવાઈઓ વગેરેને ધ્યાનમાં રાખીને મૂડીમાળખું તૈયાર કરવામાં આવે છે.

**(6) નાણાંકીય જરૂરિયાત :**

ધંધાકીય એકમને મૂડીમાળખામાં કયા પ્રકારની જામીનગીરીઓ રાખવી તે નક્કી કરતા પહેલા નાણાંકીય જરૂરિયાત કયા પ્રકારની છે ? તે નક્કી કરવું જરૂરી છે. જો ધંધાની જરૂરિયાત લાંબાગાળાની હોય તો ઈક્વિટી શૅર, પ્રૅફરન્સ શૅર કે ડિબેન્ચર બહાર પાડીને નાણાં મેળવી શકાય જ્યારે ધંધાકીય એકમની જરૂરિયાત ટૂંકા ગાળાની હોય તો ટૂંકા ગાળાની લૉન, કેશક્રેડિટ, બૅંક ઑવરડ્રાફ્ટ દ્વારા નાણાં મેળવી શકાય. આ રીતે નાણાંની જરૂરિયાત મુજબનું મૂડી માળખું તૈયાર કરી શકાય.

**(7) મિલકતનું સ્વરૂપ :**

ધંધાની કાયમી મિલકત અને ચાલુ મિલકતનું પ્રમાણ કેવું છે ? તેની અસર પણ મૂડી માળખાને થાય છે. જે એકમ પાસે કાયમી મિલકતનું પ્રમાણ વધુ હોય તો તેને તારણ પર મૂકી ડિબેન્ચર દ્વારા નાણાં મેળવી શકાય. પરંતુ જો એકમમાં ચાલુ મિલકતનું પ્રમાણ વધારે હોય તો મૂડી માળખામાં ડિબેન્ચરમાં બદલે ઈક્વિટી શૅરનો સમાવેશ કરી શકાય.

**(બ) બાહ્ય પરિબળો :**

બાહ્ય પરિબળો એટલે એવા પરિબળો કે જેના પર ધંધાકીય એકમનો અંકુશ હોતો નથી. જેને નીચે મુજબ દર્શાવેલ છે.

**(1) બજારની પરિસ્થિતિ :**

નાણાં પ્રાપ્ત કરવા બજારની સ્થિતિ ખૂબ અગત્યનું પરિબળ છે. બજારમાં બે પ્રકારની પરિસ્થિતિ જોવા મળે છે. 'તેજી' અને 'મંદી'. તેજીના સમયમાં શૅરના ભાવ વધુ હોય છે. તેમજ ધંધાની કમાણી વધુ હોય છે. ત્યારે રોકાણકારો શૅરમાં રોકાણ કરવા ઉત્સુક હોય છે. જ્યારે મંદીના સમયમાં પરિસ્થિતિ તેનાથી ઉલ્ટી જોવા મળે છે. માટે ત્યારે પ્રૅફરન્સ શૅર કે ડિબેન્ચર દ્વારા નાણાં મેળવી શકાય છે.

**(2) વ્યાજનો દર :**

વ્યાજનો દર મૂડીમાળખું નક્કી કરવા માટે ખૂબ અગત્યનું પરિબળ છે. જો વ્યાજનો દર નીચો હોય તો ધંધાકીય એકમમાં માલિકીની મૂડી (ઈક્વિટી શૅર) ના બદલે ઉછીની મૂડી (ડિબેન્ચર અને લોન)નું પ્રમાણ વધુ રાખી મૂડી માળખુ રચી શકાય. પરંતુ જો વ્યાજનો દર વધુ હોય તો ઉછીના ભંડોળ લેવાને બદલે ધંધામાં ઈક્વિટી શૅરનું પ્રમાણ વધારે રાખી શકાય.

**(3) કરવેરાનું માળખું :**

કરવેરા કયા પ્રકારની જામીનગીરી પર છે. તેની અસર મૂડી માળખા પર થાય છે. ડિબેન્ચર પર ચૂકવેલ વ્યાજ કંપનીની આવકની ગણતરી માટે ખર્ચ તરીકે મજરે મળે છે. જ્યારે ડિવિડન્ડ એ નફાની ફાળવણી તરીકે ગણવામાં આવે છે. જેથી તે ખર્ચ તરીકે મજરે મળતું નથી. ભારતમાં કરવેરાનો દર ઊંચો હોવાથી ડિબેન્ચર કે જાહેર થાપણો દ્વારા મૂડી મેળવવાનું વલણ વધુ હોય છે.

**(4) રોકાણકારોનું વલણ :**

દરેક રોકાણકારનું વલણ અલગ અલગ હોય છે. અમુક રોકાણકાર વધુ જોખમે વધુ નફાનો આગ્રહ રાખતા હોય છે. અમુક રોકાણકારો ઓછા જોખમે નિશ્ચિત વળતરની અપેક્ષા રાખતાં હોય છે. તેવા રોકાણકાર માટે ડિબેન્ચર જેવી જામીનગીરી બહાર પાડવામાં આવે છે. જ્યારે જોખમ ઉઠાવવા વાળા રોકાણકારો માટે ઈક્વિટી શૅર બહાર પાડી શકાય છે. આ રીતે રોકાણકારોને આકર્ષી નાણાં મેળવી શકાય છે.

**(5) નાણાંકીય સંસ્થાઓની નીતિ :**

બજારમાંથી નાણાં મેળવવા માટે નાણાંકીય સંસ્થાઓ પણ અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે નાણાંકીય સંસ્થાઓ પાસેથી ઓછા વ્યાજ દરથી નાણાં પ્રાપ્ત થઈ શકે તેમ હોય અથવા મિલકતને ગીરવે મૂકવા સિવાય ઓછા દરે નાણાં પ્રાપ્ત થઈ શકે તેમ હોય ત્યારે ડિબેન્ચર, બોન્ડઝ કે ઈક્વિટી શૅરનું પ્રમાણ ઘટાડી શકાય છે.

**(6) કાનૂની અંકુશો :**

દરેક ધંધાકીય એકમને સરકારના માળખામાં રહીને ધંધો કરવાનો હોય છે. દરેક દેશમાં નિયમો અલગ અલગ હોય છે. મૂડી માળખામાં ડિબેન્ચર કે પ્રૅફરન્સ શૅરનું પ્રમાણ વધારવા માટે સરકારે નિયત કરેલ માલિકીની મૂડી અને ઉછીની મૂડીનું પ્રમાણ જળવાઈ રહેવું જોઈએ.

## 8.4 મૂડી માળખાનાં પ્રકારો

**પ્રસ્તાવના :**

દરેક ધંધાકીય એકમે પોતાના મૂડીમાળખાને આદર્શ બનાવવા યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ. આદર્શ મૂડીમાળખાની રચનાનાં પરિણામે ધંધાકીય એકમ અલ્પમૂડીકરણ અથવા અતિમૂડીકરણની અસરોથી બચી શકે છે. જો ધંધાકીય એકમનું મૂડીમાળખું અયોગ્ય ઢબે રચાયું હશે. તો ધંધાને નુકશાન થવાની શક્યતા ઉદ્ભવે છે. આ કારણોસર ધંધાકીય એકમે પોતાના આદર્શ મૂડીમાળખાની રચના કરતા પહેલાં દરેક પ્રકારના મૂડી માળખાની વિચારણા કરવી હિતાવહ ગણાય.

**મૂડીમાળખાનાં પ્રકારો :**

મૂડી માળખામાં સમાવિષ્ટ થતી વિવિધ જામીનગીરીઓને આધારે મૂડીમાળખાના નીચે મુજબ વિવિધ પ્રકારો પાડી શકાય છે.

### 8.4.1 ફક્ત ઈક્વિટી શૅર ધરાવતું મૂડીમાળખું :

આ પ્રકારના મૂડી માળખામાં કંપની માત્ર ઈક્વિટી શૅર દ્વારાં નાણાં પ્રાપ્ત કરે છે. અન્ય પ્રકારી જામીનગીરીઓ જેવી કે પ્રૅફરન્સ શૅર, ડિબેન્ચર દ્વારા નાણાં પ્રાપ્ત કરવામાં આવતા નથી.પરંતુ ટૂંકા ગાળા કે મધ્યમ ગાળા માટે ઉદ્ભવતી નાણાંકીય જરૂરિયાત પૂર્ણ કરવા નાણાંકીય સંસ્થાઓ પાસેથી ઉછીના નાણાં મેળવવામાં આવે છે. જે ધંધામાં જોખમનું પ્રમાણ વધારે અને આવકની અનિશ્ચિતતા હોય ત્યાં આ પ્રકારના મૂડી માળખાને અપનાવવામાં આવે છે.

**ફાયદા :**

(1) આ મૂડીમાળખાથી કંપની પર નિશ્ચિત વળતરનો કોઈ બોજ પડતો નથી.

(2) આ મૂડીમાળખું એકદમ સરળ છે.

(3) આ મૂડીમાળખા માટે કંપનીએ કોઈ મિલકતતારણમાં આપવાની હોતી નથી તેથી કંપનીની મિલકત બોજામુક્ત રહે છે.

(4) કંપની ભવિષ્યમાં નવા શૅર કે હકના શૅર દ્વારા મૂડી પ્રાપ્ત કરી શકે છે.

(5) આ મૂડીમાળખામાં ડિવિડન્ડ નીતિ નક્કી કરવામાં સંચાલકો સ્વતંત્ર રહે છે.

(6) આ કાયમી પ્રકારની માલિકીની મૂડી હોવાથી નાણાં પરત અંગે કોઈ જોગવાઈ કરવી પડતી નથી.

**મર્યાદા :**

(1) આ પ્રકારના મૂડીમાળખાને પરિણામે ઈક્વિટી પરના વેપારનો લાભ પ્રાપ્ત થઈ શકતો નથી.

(2) આ પ્રકારનું મૂડી માળખું પ્રમાણમાં ખર્ચાળ છે.

(3) ફક્ત ઈક્વિટી શૅર મૂડીમાળખું ધરાવતી કંપનીનાં નબળાં આર્થિક વર્ષોમાં શૅરના ભાવ નીચા જાય છે અને આવા શૅર શૅર બજારમાં વેચવા મુશ્કેલ બને છે.

(4) ઈક્વિટી શૅરના ભાવોમાં વધુ પ્રમાણમાં વધઘટ હોવાથી સટ્ટો થતો જોવા મળે છે.

(5) ભવિષ્યના વિકાસના સમયે નવી મૂડી બહાર પાડતા વધારાના નવા ઈક્વિટી શૅરહોલ્ડરને વધારો થતો હોવાથી સંચાલનમાં દખલગીરી વધી જતી હોય છે.

(6) વધારાની મૂડી મેળવવા માટે જૂના શૅરહોલ્ડરોની મંજૂરી મેળવવાની હોય છે. જે જૂના શૅરહોલ્ડરો આવી મંજૂરી ન આપે તો કંપનીના ભવિષ્યના વિકાસ પર વિરુદ્ધ અસર થાય છે.

(7) આ પ્રકારનું મૂડીમાળખું ઘણી વખત અતિમૂડીકરણ તરફ લઈ જાય છે.

**8.4.2 ઈક્વિટી શૅર અને પ્રૅફરન્સ શૅરનું મૂડી માળખું :**

આ પ્રકારના મૂડીમાળખામાં ઈક્વિટી શૅરની સાથે પ્રૅફરન્સ શૅર દ્વારા મૂડી પ્રાપ્ત કરવામાં આવે છે. જોખમ ખેડનાર વ્યક્તિઓ ઈક્વિટી શૅરમાં રોકાણ કરે છે જ્યારે નિયત આવક મેળવવા ઈચ્છતી વ્યક્તિઓ પ્રૅફરન્સ શૅરમાં રોકાણ કરવાની ઈચ્છા રાખે છે.કંપની બંને પ્રકારનાં રોકાણકારોને આ મૂડીમાળખા દ્વારા આકર્ષી શકે છે. જે કંપની નાણાંકીય રીતે સદ્ધર હોય તેવી કંપની આ મૂડીમાળાખાને અપનાવે છે.

**ફાયદા :**

(1) આ મૂડી માળખાથી અતિમૂડીકરણની સમસ્યાનો ઉકેલ મેળવી શકાય છે.

(2) આ મૂડીમાળખા દ્વારા વધુ જોખમ ઉઠાવનારા અને ઓછું જોખમ ઉઠાવનારા બંને પ્રકારના રોકાણકારોને આકર્ષી શકાય છે.

(3) કંપની પોતાના પ્રૅફરન્સ શૅરહોલ્ડરોને નિશ્ચિત વળતર ચૂકવ્યા બાદ ઈક્વિટી શૅર હોલ્ડરોને વધારે વળતર આપી શકે છે.

(4) પ્રૅફરન્સ શૅર બહાર પાડીને સંચાલનમાં દખલગીરી અટકાવી શકાય છે.

(5) રીડિમેબલ પ્રકારના પ્રૅફરન્સ શૅર સરળતાથી પરત કરીને નાણાંકીય બોજ હળવો કરી શકાય છે.

(6) આ મૂડીમાળખામાં સરળતાથી પરિવર્તન લાવી શકાય છે.

(7) કંપની પ્રૅફરન્સ શૅર બહાર પાડીને ઈક્વિટીનાં વેપારનો ફાયદો મેળવી શકે છે.

**મર્યાદા :**

(1) જો કમ્યુલેટિવ પ્રકારનાં પ્રૅફરન્સ શૅર હોય તો ડિવિડન્ડનો બોજ ચાલુ રહે છે.

(2) પ્રૅફરન્સ શૅરહોલ્ડરોને કારણે અમુક હક અને અધિકારથી સંચાલનમાં દખલગીરી ઊભી થવાની શક્યતા રહે છે.

(3) પ્રૅફરન્સ શૅરના ઉપયોગથી ઈક્વિટી પરના વેપારનો વધારે લાભ મળતો નથી.

(4) સામાન્ય રીતે ડિબેન્ચર કરતાં પ્રૅફરન્સ શૅર દ્વારા મૂડી મેળવવાનો ખર્ચ વધુ આવે છે.

**8.4.3 ઈક્વિટી શૅર અને ડિબેન્ચર શૅરનું માળખુ :**

કંપનીની કમાણી નિશ્ચિત હોય, જોખમનું પ્રમાણ વધુ હોય અને કંપની વ્યાજનો બોજ સહન કરી શકે તે પ્રકારની કંપનીઓ પોતાના મૂડીમાળખામાં ઈક્વિટી શૅરની સાથે ડિબેન્ચર્સનો પણ સમાવેશ કરે છે. આ પ્રકારનું મૂડીમાળખું વર્તમાન સમયમાં પ્રચલિત થયું છે.

**ફાયદા :**

(1) ડિબેન્ચરના વ્યાજનો દર, પ્રૅફરન્સ શૅરનો ડિવિડન્ડના દર કરતા નીચો હોવાથી નાણાંકીય વ્યાજ બોજ ઘટે છે.

(2) આવા મૂડીમાળખા દ્વારા કંપની ઈક્વિટી પરનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

(3) ડિબેન્ચરનું વ્યાજ ધંધાના ખર્ચ તરીકે બાદ મળતું હોવાથી કરવેરામાં રાહત થાય છે.

(4) ડિબેન્ચર હોલ્ડરો એ કંપની માટે લેણદારો હોવાથી કંપનીના સંચાલનમાં જરા પણ દખલગીરી કરી શકતા નથી.

(5) મર્યાદિત સમય માટે મૂડીની જરૂર હોય ત્યારે ડિબેન્ચર દ્વારા મૂડી પ્રાપ્ત કરવી એ ઉત્તમ માર્ગ છે.

(6) નિયત આવક મેળવવાની ઈચ્છા રાખનારા રોકાણકારો ડિબેન્ચરમાં રોકાણ કરી શકે છે.

(7) આ પ્રકારનું મૂડીમાળખું સરળ અને પરિવર્તનશીલ હોય છે.

**મર્યાદા :**

(1) કંપનીની ભવિષ્યમાં દેવું કરવાની શક્તિમાં ઘટાડો થાય છે.

(2) ડિબેન્ચર ઊછીનાં નાણાં હોવાથી નિશ્ચિત વ્યાજનો બોજ સહન કરવો પડે છે.

(3) ડિબેન્ચર દેવુ હોવાથી કંપનીની બધી મિલકત પર ડિબેન્ચર હોલ્ડર્સનો પ્રથમ અધિકાર હોય છે.

**5.4.4 ઈક્વિટી શૅર, પ્રૅફરન્સ અને ડિબેન્ચર્સ શૅરનું મૂડી માળખું :**

વધુ પ્રમાણમાં મૂડીની જરૂરિયાતવાળી કંપનીઓ દરેક પ્રકારની જામીનગીરીઓ બહાર પાડીને મૂડી પ્રાપ્ત કરે છે. ભારતમાં આ પ્રકારનું મૂડીમાળખું મોટી કંપનીઓમાં ખૂબ જ પ્રચલિત છે.

**ફાયદા :**

(1) આ મૂડીમાળખા દ્વારા ઈક્વિટી પરનાં વેપારનાં લાભ મેળવી શકાય છે.

(2) આ મૂડીમાળખુ પરિવર્તનશીલ ગણાય છે.

(3) આ પ્રકારના મૂડીમાળખામાં સમાજનાં દરેક વર્ગના રોકાણકારોને આકર્ષી શકાય છે.

(4) ડિબેન્ચર હોલ્ડરો અને પ્રૅફરન્સ શૅર હોલ્ડરોનાં અમુક જ હક હોવાથી સંચાલનમાં દખલગીરી થતી નથી.

(5) આ મૂડીમાળખામાં વિવિધ પ્રકારની જામીનગીરીઓ બહાર પાડવાથી ખર્ચ ઓછો અને મૂડી વધુ પ્રાપ્ત કરી શકાય છે તેથી આ મૂડીમાળખું ઓછું ખર્ચાળ છે.

**મર્યાદા :**

(1) ડિબેન્ચર પર કંપનીની મિલકત તારણમાં હોવાથી કંપનીની શાખપાત્રતા પર અસર પડે છે.

(2) મંદીના સમયમાં માત્ર પ્રૅફરન્સ શૅરહોલ્ડરો અને ડિબેન્ચર હોલ્ડરોને વળતર ચૂકવાતા ઈક્વિટી શૅરહોલ્ડરોમાં અસંતોષ ઊભો થવાની શક્યતા વધે છે.

(3) આ મૂડીમાળખામાં દરેક પ્રકારની જામીનગીરીઓનો સમાવેશ થતો હોવાથી વધુ જટિલ છે.

(4) પ્રૅફરન્સ શૅરનું ડિવિડન્ડ નફાની ફાળવણી ગણાતું હોવાથી કરવેરામાં બાદ મળતું નથી.

(5) ઓછી કમાણી વખતે કે મંદીના સમયમાં ડિબેન્ચર પરનું વ્યાજ અને પ્રૅફરન્સ શૅર ડિવિડન્ડથી નાણાંકીય બોજ વધે છે.

## 8.5 મૂડી માળખાનું મહત્ત્વ

**(1) અલ્પમૂડીકરણ કે અતિમૂડીકરણ :** મૂડી માળખાની યોગ્ય રીતે રચના કંપનીમાં અલ્પમૂડીકરણ કે અતિમૂડીકરણની સ્થિતિ સર્જાવા દેતું નથી. આ બંને પરિસ્થિતિ એકમ માટે નુકશાનકારક છે.

**(2) મૂડીની પડતર :** રૂઢિગત માન્યતા મુજબ મૂડી માળખું મૂડીની પડતરને અસર કરે છે. મૂડી પડતરને પ્રૅફરન્સ શૅરના ડિવિડન્ડનો દર, ડિબેન્ચર વ્યાજનો દર, વટાવ અને પ્રીમિયમનો દર વગેરે બાબતો અસર કરે છે.

**(3) નાણાંકીય જોખમ :** ધંધામાં નાણાંકીય અને ધંધાકીય જોખમો ઉદ્ભવે છે. આ પૈકી યોગ્ય મૂડીમાળખાને કારણે નાણાંકીય જોખમ દૂર કરી શકાય છે.

**(4) ઈક્વિટી પરનો વેપાર :** જામીનગીરીઓનું પ્રમાણ વધારે હોય ત્યારે ઈક્વિટી પરનો વ્યાપાર કરી ઈક્વિટી શૅરહોલ્ડરને વધુ ડિવિડન્ડ આપી શકાય છે તેમજ શૅરના બજાર ભાવમાં વધારો થાય છે.

**(5) શૅરદીઠ ડિવિડન્ડ :** મૂડી માળખાને આધારે બહાર પાડેલી શૅરમૂડી પર કંપનીને કેટલું ડિવિડન્ડ મળશે તેનો આધાર નક્કી કરે છે.

## 8.6 ઈક્વિટી પરનાં વ્યાપારનો અર્થ અને તેનો ખ્યાલ

**પ્રસ્તાવના :** નાણાંકીય સંચાલનમાં એક મહત્ત્વની બાબત મૂડી માળખું છે. ઈક્વિટી એટલે સામાન્ય શૅર મૂડી અને સામાન્ય શૅરહોલ્ડરનો જેમના પર અધિકાર છે. તેવા ભંડોળો, મૂડીમાળખું એટલે વિવિધ પ્રકારની જામીનગીરીઓ દ્વારા મેળવવામાં આવેલ મૂડી. માલિકીની મૂડી અને ઉછીની મૂડીનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરીને ઈક્વિટી શૅરહોલ્ડરને વધુ ડિવિડન્ડ આપી શકાય.

**અર્થ :**

**એમ.એચ.વોટરમેન**, ના મત પ્રમાણે, ‘‘સ્થિર બોજાવાળા ભંડોળના પ્રાપ્તિસ્થાનો જેવા કે દેવુ અને પ્રૅફરન્સ શૅરમૂડીનો માલિકીની ઈક્વિટી મૂડી સાથે, મૂડી માળખામાં ઉપયોગ થાય તેને નાણાંકીય લિવરેજ અથવા ઈક્વિટી પરના વેપાર તરીકે વર્ણવી શકાય.’’

**શ્રી ગેસ્ટનબર્ગના મતે,** ‘‘જ્યારે કંપની તેના ધંધા માટે માલિકીની મૂડી ઉપરાંત ઉછીની મૂડીનો ઉપયોગ કરે ત્યારે તેને તે ઈક્વિટી પરનો વેપાર કહે છે તેવું કહી શકાય.’’

**પાતળી ઈક્વિટી :** જ્યારે ઈક્વિટી શૅરમૂડીનું પ્રમાણ ઉછીના લીધેલ મૂડીના પ્રમાણ કરતાં ઓછું હોય ત્યારે કંપની પાતળી ઈક્વિટી ધરાવે છે તેવું કહેવાય.

**જાડી ઈક્વિટી :** જ્યારે ઈક્વિટી શૅરમૂડીનું પ્રમાણ ઉછીની લીધેલી મૂડીના પ્રમાણ કરતાં વધુ હોય ત્યારે કંપની જાડી ઈક્વિટી ધરાવે છે, તેમ કહેવાય.

**મૂડીનું ગિયરીંગ :** માલિકીની મૂડી અને ઉછીની મૂડી વચ્ચેના પ્રમાણને મૂડી 'ગિયવંગ' તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે ઈક્વિટી શૅરમૂડીના પ્રમાણ કરતાં ઊછીની લીધેલી મૂડીનું પ્રમાણ ઓછું હોય ત્યારે તેને નીચું ગિયરીંગ કહે છે. જ્યારે ઇક્વિટી શૅરમૂડીની સરખામણીમાં ઉછીની મૂડીનું પ્રમાણ વધુ હોય ત્યારે, તેને મૂડીનું ઊંચું ગિયરીંગ કહેવાય છે.

**ફાયદા અથવા ઈક્વિટી પરનો વેપાર ક્યારે ફાયદાકારક બને ?**

(1) **કરવેરાનો દર :** કંપનીની કમાણી પર સરકાર કરવેરા નાખે છે. કંપની જે કાંઈ નફો કરે છે તેમાંથી કરવેરા ભરવા પડે છે. દા.ત. કંપનીની વ્યાજ ચૂકવ્યા બાદની કમાણી રૂ. 100 હોય અને જો કરવેરાના દર 20 ટકા હોય તો કંપનીનો વહેંચણી પાત્ર નફો રૂ. 80 રહેશે. પરંતુ જો કરવેરાના દર 80 ટકા હશે. તો કંપનીનો વહેંચણીપાત્ર નફો માત્ર રૂ. 20 રહેશે.

(2) **નફો કમાવવાની શક્તિ :** કંપનીની નફો કરવાની શક્તિ ઉત્તરોત્તર વધતી જતી હોય ત્યારે એક જ બાજુ વેપાર ફાયદાકારક નીવડે છે. આનું કારણ એ છે કે કંપનીની કમાણી વધતી જાય છે.

(3) **કમાણીનો ઊંચો દર :** જ્યારે કંપનીનો કમાણીનો દર ઊંચો હોય ત્યારે જ કંપની ઉછીની મૂડી પર વ્યાજ ચૂકવ્યા બાદ ઇક્વિટી શૅરહોલ્ડરોને ઊંચા દરે ડિવિડન્ડ ચૂકવી શકે છે.

(4) **પ્રૅફરન્સ શૅરનો ઉપયોગ :** કંપની પ્રૅફરન્સ શૅર દ્વારા જરૂરી નાણાં પ્રાપ્ત કરી શકે છે. પ્રૅફરન્સ શૅરમૂડી માલિકોની મૂડી હોવા છતાં તેને ઈક્વિટી ગણવામાં આવતી નથી. ઈક્વિટી પરના વેપાર માટે પ્રૅફરન્સ શૅરમૂડી લાભદાયી ગણાય.

(5) **સ્થિર અને કાયમી આવક :** કંપનીની આવકમાં સ્થિરતા હોય અને સતત રીતે સ્થિર આવક મળ્યા કરતી હોય ત્યારે ઉછીની મૂડીનું વ્યાજ નિયમિત રીતે ચૂકવી શકાય છે અને પરિણામે તે મૂડી બોજા સમાન બનતી નથી.

(6) **જોખમ અને વળતર :** દરેક ધંધામાં જોખમનું વધતું ઓછું પ્રમાણ હોય છે તેથી ધંધામાં રહેલું જોખમનું પ્રમાણ અને તે ધંધામાંથી મળતું વળતર ધ્યાનમાં લેવું જરૂરી છે.

(7) **પ્રવર્તમાન વ્યાજનો દર :** બજારમાં પ્રવર્તતા ધિરાણના વ્યાજના દર નીચા હશે તો ઉછીની મૂડીનો ધંધામાં ઉપયોગ ફાયદાકારક નીવડે. જો શરાફી મૂડીનો ઉપયોગ કરવામાં આવતો હોય તો શરાફી વ્યાજ તથા મૂડી પરત કરવાનો સમય પણ ધ્યાનમાં લેવા જોઈએ.

**મર્યાદા :**

માલિકીની મૂડી ઉપરાંત ઉછીની મૂડી લઈને ધંધામાં તેનો યોગ્ય રીતે ઉપયોગ કરીને જો નફાકારકતા વધારી શકતી હોય તો ઉછીની મૂડી ઉપર નિશ્ચિત દરે વ્યાજ ચૂકવી આપ્યા પછી ઈક્વિટી શૅરહોલ્ડરને ડિવિડન્ડ ચૂકવી શકાય. પરંતુ મંદીના સમયમાં વેચાણ ઘટે છે.

(1) **ભવિષ્યની યોજનાઓ માટે મૂડી મળતી નથી :** જેમ કંપની વધારે પ્રમાણમાં નાણાં ઉછીના મેળવે અને તેનો લાભકારક ઉપયોગ કરે તેમ ઈક્વિટી પરનો વેપાર વધે એ હકીકત છે. પરંતુ ભવિષ્યમાં જ્યારે કોઈ નવી યોજના માટે નાણાં મેળવવાનાં હોય ત્યારે કંપનીને મુશ્કેલી પડે છે.

(2) **કંપનીધારાનું નિયત્રણ :** કંપનીધારાની કલમ 293 મુજબ સંચાલકો કંપનીની ભરપાઈ થયેલી શૅરમૂડી અને સામાન્ય અનામત ભંડોળ જેટલી રકમ ઉછીની મૂડી તરીકે લઈ શકે છે. આ મર્યાદા કરતા વધુ ઉછીની મૂડી મેળવવી હોય તો સામાન્ય સભામાં ઠરાવ પસાર કરવો પડે છે.

(3) **મંદીના સમયમાં ઈક્વિટી પરનો વેપાર ઘટે :** એ સ્પષ્ટ છે કે ધંધામાં વ્યાજના સામાન્ય દર કરતાં કમાણીનો દર ઊંચો હોય તો જ ઉછીની મૂડીનું વ્યાજ ચૂકવ્યા પછી જ રકમ વધે અને તેમાંથી ઈક્વિટી શૅરહોલ્ડરને વધુ ડિવિડન્ડ વહેંચી શકાય.

(4) **સ્થિર મિલકતઉપર બોજો :** કંપનીની સ્થિર મિલકત ઉપર બોજો ઊભો કરીને ઉછીની મૂડી મેળવી હોય તો તે મિલકતઉપર નાણાં ધીરનારનો હક્ક ઊભો થાય છે.

(5) **અનિશ્ચિત આવક ધરાવતી કંપની માટે જોખમ :** જે કંપનીની આવક અનિશ્ચિત હોય અને તેમાં મોટા પ્રમાણમાં વધ-ઘટ થતી હોય તેવી કંપની માટે ઈક્વિટી પરનો વેપાર જોખમી ગણાય છે.

(6) **બદલાતા સંજોગોનું જોખમ :** ધંધાને અસર કરતાં પરિબળોમાં ફેરફાર થતા જ હોય છે. ફેશન, હરીફાઈ, કાચામાલની પ્રાપ્તિ, સરકારની નીતિ, વીજળી કાપ, કામદારના પ્રશ્નો, ટેક્નોલોજી વગેરે પરિબળો સ્થિર રહેશે તેવી ધારણા વાસ્તવિક નથી.

(7) **રહસ્ય જાળવણીમાં મુશ્કેલી :** કંપની જે સંસ્થાઓ પાસેથી ઉછીની મૂડી મેળવતી હોય છે. તે મોટે ભાગે ચોક્કસ શરતોને આધિન હોય છે. અહેવાલો નિયમિત રીતે મોકલી આપવા પડે છે તેથી કેટલીક ધંધાકીય પ્રવૃત્તિઓનું રહસ્ય જળવાતું નથી.

**ઈક્વિટી પરનાં વેપારની ગણતરી અને જરૂરી સૂત્રો :**

| | |
|---|---|
| વ્યાજ અને કરવેરા પહેલાંનો નફો EBIT (કાર્યકારી નફો | .......... |
| બાદ : ડિબેન્ચર વ્યાજ અને અન્ય વ્યાજ | .......... |
| કરવેરા પહેલાનો નફો (EBT / PBT) | .......... |
| કરબાદ નફો (EAT / PAT) | .......... |
| બાદ : પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ | .......... |
| ઈક્વિટી શૅર હોલ્ડરો માટે વહેંચણી પાત્ર નફો | .......... |

અગત્યનાં સૂત્રો :

$$\text{ડિવિડન્ડ દર} = \frac{\text{વહેંચણી પાત્ર નફો}}{\text{ઈક્વિટી શેરમૂડી}} \times 100$$

$$\text{શૅરદીઠ કમાણી EPS} = \frac{\text{વહેંચણી પાત્ર નફો}}{\text{ઈક્વિટી શેરની સંખ્યા}}$$

(Earning Per Share)

## 8.7 લિવરેજનો અર્થ અને પ્રકારો

**પ્રસ્તાવના :** કંપની પોતાની નાણાંકીય જરૂરિયાત સંતોષવા માલિકીના ભંડોળ કે દેવાનો ઉપયોગ કરે છે. માલિકીના ભંડોળમાં ઈક્વિટી શૅર અને નફાનું પુનઃરોકાણનો સમાવેશ થાય છે. જ્યારે દેવામાં ડિબેન્ચર લાંબાગાળાની લોન વગેરેનો સમાવેશ થાય છે. ઈક્વિટી શૅરહોલ્ડરો કંપનીને નાણાં પૂરા પાડીને જોખમ ઉઠાવે છે. તેથી તેમને વધુ વળતર મળે તેવો કંપનીના સંચાલકો પ્રયત્ન કરે છે.

**લિવરેજનો અર્થ :**

**જે.સી. વાન હોર્ન**ના શબ્દોમાં “જે માટે પેઢી સ્થિર ખર્ચ કે સ્થિર વળતર ચૂકવે છે તેવી મિલકતકે ભંડોળનો ઉપયોગ કરવો તેને લિવરેજ કહેવાય.”

**શ્રી શૈલી** અને **હેલી**ના શબ્દોમાં “ધંધાકીય એકમો પોતાના ધંધામાં સ્થિર ખર્ચા કે સ્થિર બોજાવાળી જામીનગીરીનો ઉપયોગ કરીને વધુ નફો મેળવવા પ્રયત્ન કરે છે તેને લિવરેજ તરીકે ઓળખવામાં આવે છે.”

**લિવરેજના પ્રકારો :**

(અ) **કાર્યકારી લિવરેજ :** ધંધામાં સ્થિર ખર્ચા હોય છે. જેમાં ઉત્પાદનની વધઘટ સાથે ફેરફાર થતો નથી. આથી જો વેચાણમાં વધારો થાય તો સ્થિર ખર્ચા સ્થિર હોવાને કારણે નફામાં વધુ પ્રમાણમાં વધારો હોય છે.

(બ) **નાણાંકીય લિવરેજ :** કંપની પોતાના મૂડી માળખામાં સ્થિર બોજાવાળી જામીનગીરીઓ જેવી કે ડિબેન્ચર, પ્રૅફરન્સ શૅરનો ઉપયોગ કરીને ઈક્વિટી શૅરહોલ્ડરો માટેના નફામાં વધારો કરી શકે છે તેને નાણાંકીય લિવરેજ કહે છે.

(ક) **સંયુક્ત લિવરેજ :** જ્યારે બન્ને લિવરેજની સંયુક્ત અસર હોય ત્યારે તેને સંયુક્ત લિવરેજ તરીકે ઓળખવામાં આવે છે.

(અ) **કામગીરી લિવરેજ**

**પ્રસ્તાવના :** કુલ ખર્ચમાં મુખ્યત્ત્વે બે પ્રકારના ખર્ચાઓનો સમાવેશ થાય છે. (1) સ્થિર ખર્ચા અને (2) ચલિત ખર્ચા. કુલ સ્થિર ખર્ચામાં ઉત્પાદન અને વેચાણની વધઘટ સાથે ફેરફાર થતો નથી. આ ખર્ચા સ્થિર હોય છે.

**કાર્યકારી લિવરેજનો અર્થ :**

**જ્હોન હેમ્પટન**ના મત પ્રમાણે "જ્યારે આવકનો ફેરફાર વ્યાજ અને કરવેરા પહેલાનાં નફામાં મહત્ત્વનો ફેરફાર લાવે ત્યારે કાર્યકારી લિવરેજ અસ્તિત્ત્વ ધરાવે છે તેમ કહેવાય."

**સોલોમન ઈઝરા**ના મત પ્રમાણે "કાર્યકારી નફાના અપ્રમાણસર વધઘટના વલણને કાર્યકરી લિવરેજ કહેવાય."

**શ્રી જેમ્સ વાર્ન હોર્ન**ના શબ્દોમાં "પેઢીમાં સ્થિર ખર્ચાને કારણે વેચાણના જથ્થામાં થતા ફેરફારને કારણે નફાની ટકાવારીમાં જે ફેરફાર થાય છે તે જથ્થાની ટકાવારીમાં થતાં ફેરફાર કરતાં વધુ હોય છે. જેને કાર્યકારી લિવરેજ કહે છે."

(અ) **ચલિત કાર્યકારી ખર્ચા :** જે ખર્ચ ઉત્પાદન કે વેચાણમાં થતી ફેરફારની સાથે પ્રમાણસર બદલાય તેને ચલિત કાર્યકારી ખર્ચ કહેવાય.

(બ) **સ્થિર કાર્યકારી ખર્ચા :** જે ખર્ચ ઉત્પાદન કે વેચાણમાં ફેરફાર થવા છતાં બદલાતાં ન હોય એટલે કે સમગ્ર વર્ષ દરમિયાન સ્થિર રહેતા હોય તેને સ્થિર કાર્યકારી ખર્ચા કહે છે.

દા.ત. - વીમો, યંત્રનો ઘસારો વગેરે.

$$DCL = \frac{Contribution}{EBIT} = \frac{\text{ફાળો}}{\text{કામગીરી નફો}}$$

**ઉદા.** એક પેઢીમાં રૂ. 10 લેખે 10,000 એકમોના રૂ. 100,000 ચલિત ખર્ચા અને રૂ.50,000 કુલ સ્થિર ખર્ચા છે જો એકમદીઠ વેચાણ કિંમત રૂ. 20 હોય તો નીચે મુજબ નફો પ્રાપ્ત થાય.

| | | |
|---|---|---|
| કુલ વેચાણ કિંમત (20 × 10,000) | | 2,00,000 |
| બાદઃ (1) ચલિત ખર્ચા (10 × 10,000) | 100,000 | |
| (2) સ્થિર ખર્ચા | 50,000 | 1,50,000 |
| કાર્યકારી નફો | | 50,000 |

હવે જો પેઢીમાં વેચાણ જથ્થામાં 20% ના વધારો થાય તો 10,000 એકમોના 40% લેખે 4,000 એકમોનો વધારો થાય. આથી કુલ વેચાણનો જથ્થો 14,000 એકમો થાય. આ સંજોગોમાં નફાની ગણતરી નીચે મુજબ થશે.

| વિગત | | રૂ. | |
|---|---|---|---|
| કુલ વેચાણ કિંમત (20 × 14,000) | | 2,80,000 | |
| બાદ : (1) ચલિત ખર્ચા (10 × 14,000) | 1,40,000 | | |
| (2) સ્થિર ખર્ચા | 50,000 | 1,90,000 | |
| કાર્યકારી નફો | | | 90,000 |

**નાણાંકીય લિવરેજ :**

**પ્રસ્તાવના :** સંચાલકોનો પ્રથમ ઉદ્દેશ મહત્તમ નફાનો છે. આ ઉપરાંત કંપનીના માલિકોને મહત્તમ વળતર મળે તે રીતે આયોજન કરતાં હોય છે. કંપનીના મૂડી માળખામાં પણ આ આયોજન કરવામાં આવે છે. જેથી ઈક્વિટી શૅર હોલ્ડરોને વધુમાં વધુ વળતર પ્રાપ્ત થાય.

**નાણાંકીય લિવરેજનો અર્થ :**

According to walterman M.H. "The use of the fixed charge source of funds, such as debt and perference capital along with the owner's equity in the capital structure is described as financial leverage or trading on equity."

- શ્રી આઈ.એમ. પાંડે તેમના પુસ્તક Financial Management માં જણાવ્યા મુજબ "The use of the fixed - charges sources of funds, such as debts and Perfence capital along with the owner's equity in the capital structure is described as financial leverage."
- શ્રી ઇઝરા સોલોમનના મતે "એકમની પ્રવૃત્તિ માટે નાણાં પૂરાં પાડવા ઉપયોગમાં લેવાતાં દેવા અને ઈક્વિટીના મિશ્રણને નાણાંકીય લિવરજ કહે છે."

ઉદા. એક કંપનીના મૂડી માળખામાં રૂ.10નો એક એવા 50,000 ઈક્વિટી શૅર છે અને કંપની રૂ. 1,00,000 નો નફો કમાય છે. ત્યારે ઈક્વિટી શૅરહોલ્ડરોનું વળતર નીચે મુજબ આવશે.

| | |
|---|---|
| નફો | 1,00,000 |
| ઈક્વિટી શૅર હોલ્ડરો માટેનો નફો | 1,00,000 |
| ઈક્વિટી શૅર મૂડી | 5,00,000 |

ઈક્વિટી શૅર મૂડી પર વળતર $= \frac{1,00,000}{5,00,000} \times 100$ 20%

- પરંતુ જો કંપનીના 10% ના રૂ. 2,50,000 ના ડિબેન્ચર અને બાકીની રૂ. 2,50,000 ની ઈક્વિટી હોય અને નફો રૂ. 1,00,000 હોય તો ઈક્વિટી મૂડી પરનું વળતર નીચે મુજબ આવશે.

| નફો | 1,00,000 |
|---|---|
| બાદ : ડિબેન્ચરનું વ્યાજ (2,50,000 ના 10%) | 25,000 |
| ઈક્વિટી શૅરહોલ્ડરો માટેનો નફો | 75,000 |
| ઈક્વિટી શૅરમૂડી | 2,50,000 |

ઈક્વિટી શૅરમૂડી પર વળતર $= \frac{75,000}{2,50,000} \times 100$ 30%

નાણાંકીય લિવરેજનું સૂત્ર : $DFL = \frac{EBIT}{EBT}$

**સંયુક્ત લિવરેજ :**

**પ્રસ્તાવના :** નાણાંકીય સંચાલકો કંપનીને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા અને ઈક્વિટી શૅરહોલ્ડરોને

સંપત્તિમાં વધારો કરવા માટે નાણાંકીય લિવરેજ અને કાર્યકારી લિવરેજને વિશિષ્ટ મહત્ત્વ આપે છે. આ બંને પ્રકારના લિવરેજની ધંધાના નફા ઉપર અનુકૂળ કે પ્રતિકૂળ અસર થાય છે. તેથી જ સંચાલકો આ બંને પ્રકારના લિવરેજની સંયુક્ત અસર ધ્યાનમાં લેવા માટે 'સંયુક્ત લિવરેજ'નો અભ્યાસ કરે છે.

**સંયુક્ત લિવરેજ :** જ્યારે કાર્યકારી લિવરેજ અને નાણાંકીય લિવરેજ સંયુક્ત સ્વરૂપે ધ્યાનમાં લેવામાં આવે ત્યારે તેને 'સંયુક્ત લિવરેજ' તરીકે ઓળખવામાં આવે છે સ્થિર કાર્યકારી ખર્ચને કારણે વસ્તુના ઉત્પાદન અને વેચાણ ઉપર તથા નિશ્ચિત વ્યાજવાળા દેવાને કારણે શૅરદીઠ કમાણી ઊપર કેવી અસર પેદા કરે છે. તે સંયુક્ત લિવરેજની કક્ષા દ્વારા જાણી શકાય.

સંયુક્ત લિવરેજની કક્ષા :

$$\text{સંયુક્ત લિવરેજ (DCL)} = \frac{\text{ફાળો (C)}}{\text{કાર્યકારી નફો - કુલ વ્યાજ (EBT)}}$$

**ઉદા-1** નિધિ લિ. ની ઈક્વિટી શૅરમૂડી રૂ. 100નો એક એવા 5,000 શૅરની બનેલી છે. કંપનીનો વ્યાજ અને કરવેરા પહેલાંનો નફો રૂ. 25,000 છે. તો કંપનીનો ઈક્વિટી શૅર પર ડિવિડન્ડનો દર અને શૅર દીઠ કમાણી (EPS) ની ગણતરી કરો. કરવેરાનો દર 50% છે.

જો કંપનીએ આ પૈકી રૂા. 100,000 10% નાં ડિબેન્ચર બહાર પાડ્યા હોય તો ઈક્વિટી શૅરનાં ડિવિડન્ડના દર પર શું અસર થાય તે શોધો.

| | |
|---|---|
| વ્યાજ અને કરવેરા પહેલાંનો નફો EBIT | 25,000 |
| - ડિબેન્ચર વ્યાજ | - |
| કરવેરા પહેલાંનો નફો | 25,000 |
| - કરવેરા 50% | 12,500 |
| ઈક્વિટી શૅર હોલ્ડરો માટે વહેંચણીપાત્ર નફો | 12,500 |

- ઈક્વિટી શૅરમૂડી પર વળતરનો દર (ડિવિડન્ડનો દર)

$$= \frac{\text{વહેંચણી પાત્ર નફો}}{\text{ઈક્વિટી શેરમૂડી}} \times 100$$

$$= \frac{12,500}{5,00,000} \times 100$$

$$= 2.5\%$$

- શૅરદીઠ કમાણી (EPS)

$$= \frac{\text{વહેંચણી પાત્ર નફો}}{\text{ઈક્વિટી શેરની સંખ્યા}}$$

$$= \frac{12,500}{5,000}$$

= રૂ. 2.50

- જો 10% ના 100,000 ડિબેન્ચર બહાર પાડ્યા હોય તો ઈક્વિટી શૅર 4,000 શૅર, 100ને એક તેવા

| | |
|---|---|
| EBIT | 25,000 |
| - ડિબેન્ચર વ્યાજ | 10,000 |
| (100,000 × 10%) | |
| કરવેરા પહેલાનો નફો | 15,000 |
| - Tax (કરવેરા) 50% | 7500 |
| વહેંચણી પાત્ર નફો | 7500 |

ડિવિડન્ડનો દર $= \frac{7,500}{4,00,000} \times 100$

$= 1.875\%$

શૅરદીઠ કમાણી (EPS) $= \frac{\text{વહેંચણી પાત્ર નફો}}{\text{ઈક્વિટી શેરની સંખ્યા}} = \frac{7,500}{4,000}$

= રૂ. 1.875

**ઉદા-2** એપલ લિ.નું મૂડીમાળખું રૂ. 3,00,000 નું બનેલું છે. જેમાં તેમની પાસે નીચે મુજબ વિકલ્પો છે તે પૈકી કયો વિકલ્પ શ્રેષ્ઠ ગણાય તે જણાવો.

| **વિકલ્પ** | **A** | **B** | **C** |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | 30,00,000 | 15,00,000 | 15,00,000 |
| દરેક રૂ. 100નો | | | |
| 10% ડિબેન્ચર | - | 15,00,000 | - |
| 12 % પ્રેફરન્સ શૅર | - | - | 15,00,000 |
| **કુલ** | **30,00,000** | **30,00,000** | **30,00,000** |

કંપનીનો વાર્ષિક નફો 15,00,000 અને કરવેરાનો દર 50% હોય તો દરેક વિકલ્પની કમાણી શોધો.

**જવાબ :**

| | **વિકલ્પ (1)** | **વિકલ્પ (2)** | **વિકલ્પ (3)** |
|---|---|---|---|
| વ્યાજ અને કરવેરા | 15,00,000 | 15,00,000 | 15,00,000 |
| પહેલાનો નફો (EBIT) | - | | |
| - ડિબેન્ચર વ્યાજ | - | 15,00,000 | - |
| (EBT) | 15,00,000 | 13,50,000 | 15,00,000 |
| - કરવેરા (Tax) 50% | 7,50,000 | 6,75,000 | 7,50,000 |
| PAT | 7,50,000 | 6,75,000 | 7,50,000 |
| - પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ | - | - | 1,80,000 |
| વહેચંણી પાત્ર નફો | 7,50,000 | 6,75,000 | 5,70,000 |

શૅરદીઠ કમાણી EPS $= \frac{\text{વહેંચણી પાત્ર નફો}}{\text{ઈક્વિટી શેરની સંખ્યા}}$

$$= \frac{7,50,000}{30,000\text{શેર}} \qquad \frac{6,75,000}{15,000\text{શેર}} \qquad \frac{5,70,000}{15,000\text{શેર}}$$

= 25 રૂ. 45 રૂ. 38 રૂ.

વિકલ્પ (2) નો EPS સૌથી વધુ છે. માટે તે વિકલ્પ શ્રેષ્ઠ ગણાય.

**ઉદા.-3** મિ. કપૂર પાસે નીચે મુજબ ત્રણ વિકલ્પ છે. કંપનીનો કરવેરાનો દર 50% છે. વ્યાજ અને કરવેરા પહેલાનો નફો રૂ. 50,000 છે. ઈક્વિટી પરના વેપારનો લાભ મેળવવા કંપનીને કયા પ્રકારની મૂડી માળખાની પસંદગી કરવી જોઈએ ?

| | **વિકલ્પ A** | **વિકલ્પ B** | **વિકલ્પ C** |
|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી (દરેક રૂ.10) | 1,50,000 | 1,30,000 | 1,00,000 |
| 10% પ્રેફરન્સ શૅરમૂડી | - | 20,000 | 20,000 |
| 12% ના ડિબેન્ચર્સ | - | - | 30,000 |
| કુલ મૂડી | 1,50,000 | 1,50,000 | 1,50,000 |

| **જવાબ :** | **વિકલ્પ A** | **વિકલ્પ B** | **વિકલ્પ C** |
|---|---|---|---|
| વ્યાજ અને કરવેરા પહેલાનો નફો (EBIT) | 50,000 | 50,000 | 50,000 |
| - ડિબેન્ચર વ્યાજ | - | - | 3,600 |
| EBT | 50,000 | 50,000 | 464,00 |
| - કરવેરા Tax 50% | 25,000 | 25,000 | 232,00 |
| PAT | 25,000 | 25,000 | 232,00 |
| - પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ | - | 2,000 | 2,000 |
| વહેંચણી પાત્ર નફો | 25,000 | 23,000 | 21,200 |

શૅરદીઠ કમાણી EPS $= \frac{\text{વહેંચણી પાત્ર નફો}}{\text{ઈક્વિટી શેરની સંખ્યા}}$

$$= \frac{25,000}{15,000} \qquad \frac{23,000}{13,000} \qquad \frac{21,200}{10,000}$$

= 1.67 રૂ. 1.77 રૂ. 2.12 રૂ.

ઉપરના ત્રણેય પૈકી વિકલ્પ 'C' ની શૅરદીઠ કમાણી વધુ છે. માટે તે વધુ સારો વિકલ્પ ગણાય.

**ઉદા.4** સુરમા કં. લી.નું કુલ વેચાણ 10,000 એકમો છે. એકમદીઠ વેચાણકિંમત રૂ. 10 છે. એકમદીઠ ખર્ચ રૂ. 6 છે. કુલ સ્થિર ખર્ચ રૂ.10,000 છે. કંપનીનું મૂડીમાળખું નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઈક્વિટી શૅરમૂડી (દરેક રૂ 100નો 1,000 શૅર) | રૂ. 1,00,000 |
| 12% ના ડિબેન્ચર્સ | રૂ. 50,000 |

કંપનીનો કરવેરાનો દર 50% છે. તો કંપનીની શૅરદીઠ કમાણી, કામગીરી લિવરેજ, નાણાંકીય લિવરેજ અને સંયુક્ત લિવરેજ શોધો.

| **જવાબ :** | એકમો 10,000 |
|---|---|
| કુલ વેચાણ (10,000 × 10 રૂ.) | 1,00,000 |
| - ચલિત, ખર્ચા (10,000 × 6 રૂ) | 60,000 |
| ફાળો | 40,000 |

| | |
|---|---|
| - સ્થિર ખર્ચ | 10,000 |
| EBIT વ્યાજ અને કરવેરા પહેલાનો નફો | 30,000 |
| - ડિબેન્ચર વ્યાજ (50,000 × 12%) | 6,000 |
| EBT | 24,000 |
| - કરવેરા Tax 50% | 12,000 |
| કરબાદ નફો. PAT | 12,000 |
| - પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ | - |
| વહેંચણી પાત્ર નફો | 12,000 |

શૅરદીઠ કમાણી EPS $= \frac{\text{વહેંચણી પાત્ર નફો}}{\text{ઈક્વિટી શેરની સંખ્યા}}$

$= \frac{12,000}{1,000} = 12$ રૂ.

(1) કામગીરી લિવરેજ (DOL) $= \frac{C}{EBIT} = \frac{\text{ફાળો}}{\text{વ્યાજ અને કરવેરા પહેલાનો નફો}}$

$= \frac{40,000}{30,000} = 1.33$

(2) નાણાંકીય લિવરેજ $= \frac{EBIT}{EBT} = \frac{\text{વ્યાજ અને કરવેરા પહેલાનો નફો}}{\text{કરવેરાનો નફો}}$

(DFL) $= \frac{30,000}{24,000} = 1.25$

(3) સંયુક્ત લિવરેજ $= \frac{C}{EBT} \quad \frac{\text{ફાળો}}{\text{કર પહેલાનો નફો}}$

$= \frac{40,000}{24,000} = 1.67$

## <u>સ્વાધ્યાય</u>

### ટૂંકા પ્રશ્નો

(1) ઈક્વિટી પરનાં વેપારનાં જોખમો પૈકી ગમે તે ત્રણ જણાવો.

- ઈક્વિટી પરનાં વેપારનાં મંદીના સમયમાં, કંપની ધારાનાં નિયંત્રણો, મિલકતપર ગીરો બોજ, રહસ્ય જાળવણી, અનિશ્ચિત આવક. સંજોગોમાં બદલાવ વગેરે જોખમો રહેલાં છે.

(2) ઊંચુ કામગીરી લિવરેજ એટલે શું ?

- જ્યારે ધંધામાં સ્થિર ખર્ચનું પ્રમાણ વધુ હોય ત્યારે ઊંચુ કામગીરી લિવરેજ ઉદ્ભવે છે.

(3) ડિબેન્ચરનાં પ્રકારો જણાવો.

(અ) ફેરબદલીને આધારે : (1) બેરર ડિબેન્ચર (2) રજિસ્ટર્ડ ડિબેન્ચર

(બ) જામીનગીરીને આધારે : (1) સાદા ડિબેન્ચર (2) ગીરો ડિબેન્ચર

(ક) પરતને આધારે : (1) રેડિમેબલ ડિબેન્ચર (2) નોન - રીડિમેબલ ડિબેન્ચર

(ડ) રૂપાંતરને આધારે : (1) સંપૂર્ણ રૂપાંતર પાત્ર (2) બિન રૂપાંતરપાત્ર ડિબેન્ચર (3) અંશત : રૂપાંતરપાત્ર ડિબેન્ચર

(4) સ્વેટ ઈક્વિટી શૅર એટલે શું ?

- સ્વેટ ઈક્વિટી શૅર એટલે કંપની તરફથી તેમના ડિરેક્ટરો કે કર્મચારીઓને વટાવથી અથવા રોકડ અવેજ વગર આપવામાં આવેલ શૅર.

(5) નીચું કામગીરી લિવરેજ એટલે શું ?

- જ્યારે ધંધામાં સ્થિર ખર્ચનું પ્રમાણ ઓછું હોય ત્યારે નીચું કામગીરી લિવરેજ ઉદ્ભવે છે.

(6) લિવરેજ એટલે શું ?

- ધંધા માટે સ્થિર ખર્ચ અથવા સ્થિર વળતર ચૂકવે તેવી મિલકતકે ભંડોળનો ઉપયોગને લિવરેજ કહેવાય છે.

(7) મૂડીમાળખું એટલે શું ?

- ધંધામાં જુદાં જુદાં પ્રકારની જામીનગીરીઓ દ્વારા મૂડીમાળખાની રચનાને મૂડી માળખું કહેવાય.

(8) લિવરેજનાં પ્રકારો જણાવો.

(1) નાણાંકીય લિવરેજ (2) કાર્યકારી લિવરેજ (3) સંયુક્ત લિવરેજ

(9) ડિબેન્ચરનાં કોઈ પણ ત્રણ લક્ષણો જણાવો

- ડિબેન્ચરનાં લક્ષણોમાં વ્યાજની મર્યાદિત આવક, ચોક્કસ તારીખે પરત, ઓછું જોખમ, નિયમિત આવક, મિલકત પર હક, સંચાલનમાં હક નથી વગેરેનો સમાવેશ થાય છે.

(10) ડિબેન્ચરનો અર્થ આપો.

- કંપનીના દેવા સૂચવતો, કંપનીના સામાન્ય મહોરથી અંકિત થયેલો દસ્તાવેજ એટલે ડિબેન્ચર

(11) ઈક્વિટી શૅરનો અર્થ આપો :

- ધંધામાં સૌથી વધુ જોખમ ઉઠાવતા, માલિકીની મૂડી જેના પર ડિવિડન્ડનો દર અનિશ્ચિત હોય છે તેવી મૂડીને ઈક્વિટી શૅર મૂડી કહેવાય છે.

(12) લાંબાગાળાની મૂડી / ભંડોળનો અર્થ આપો :

- ધંધાની કાયમી મિલકત જેવી કે પ્લાન્ટ, યંત્રો, જમીન, મકાન, ફર્નિચરમાં રોકવામાં આવેલી મૂડીને લાંબાગાળાની મૂડી તરીકે ઓળખી શકાય.

(13) આદર્શ મૂડીમાળખાનાં કોઈપણ ચાર લક્ષણો જણાવો.

- આદર્શ મૂડીમાળખાનાં લક્ષણોમાં સરળ, હેતુલક્ષી, તરલતા, સમતોલ, ઊંચી સદ્ધરતા વગેરેનો સમાવેશ થાય છે.

(14) મૂડી માળખાનાં પ્રકારો જણાવો.

(1) માત્ર ઈક્વિટી શૅર વાળું મૂડીકરણ

(2) ઈક્વિટી શૅર અને પ્રેફરન્સ શૅરવાળુ મૂડીમાળખું

(3) ઈક્વિટી શૅર અને ડિબેન્ચર્સવાળું મૂડીમાળખું

(4) ઈક્વિટી શૅર, પ્રેફરન્સ શૅર અને ડિબેન્ચર્સવાળું મૂડીમાળખું.

(15) ઈક્વિટી પરનાં વેપારનાં ત્રણ ફાયદા જણાવો.

- ઈક્વિટી પરનાં વેપારથી ઊંચુ ડિવિડન્ડ, કરવેરા લાભ, મૂડી પડતર ઘટાડો. સંચાલન અંકુશ, પરિવર્તનશીલ મૂડી માળખું નાણાંકીય જરૂરિયાત પૂર્ણ જેવા ફાયદા મેળવી શકાય છે.

(16) નાણાંકીય લિવરેજ એટલે શું ?

- ધંધાના મૂડીમાળખામાં ઈક્વિટી શૅરમૂડી સાથે સ્થિર બોજવાળી જામીનગીરી જેવી કે ડિબેન્ચર્સ અને પ્રેફરન્સ શૅરનો ઉપયોગને નાણાંકીય લિવરેજ તરીકે ઓળખી શકાય.

(17) નાણાંકીય લિવરેજથી મળતા કોઈ પણ ત્રણ ફાયદા જણાવો.

- નાણાંકીય લિવરેજથી વધુ મૂડીની પ્રાપ્તિ, નીચી મૂડી પડતર, કાર્યક્ષમ સંચાલન જેવા ફાયદા મળી શકે છે.

(18) લાંબાગાળાની મૂડીનાં કોઈપણ ત્રણ લક્ષણો જણાવો :

- લાંબાગાળાની મૂડીનાં લક્ષણોમાં વધુ જોખમ, ઓછી તરલતા અને ઘસારાની જોગવાઈ વગેરેનો સમાવેશ થાય છે.

(19) લાંબાગાળાનાં ભંડોળ નક્કી કરતાં કોઈ પણ ત્રણ પરિબળો જણાવો.

- લાંબાગાળાના ભંડોળ નક્કી કરતા પરિબળોમાં ધંધાનું કદ, ધંધાનો પ્રકાર, ટેક્નોલોજીમાં ફેરફાર વગેરેનો સમાવેશ થાય છે.

(20) ઈક્વિટી શૅરની કોઈ પણ ત્રણ લાક્ષણિકતાઓ જણાવો :

- ઈક્વિટી શૅરનાં લક્ષણોમાં મતાધિકાર, અનિશ્ચિત ડિવિડન્ડ, મર્યાદિત જવાબદારી વગેરેનો સમાવેશ થાય છે.

(21) પ્રેફરન્સ શૅરના પ્રકારો જણાવો.

(અ) ડિવિડન્ડના આધારે : (1) ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર (2) નોન ક્યુમ્યુલેટિવ શૅર

(બ) મૂડી પરતનાં આધારે : (1) રિડીમેબલ પ્રેફરન્સ શૅર (2) નોન રિડીમેબલ પ્રેફરન્સ શૅર

(ક) નફાભાગનાં આધારે (1) પાર્ટિસિપેટિંગ પ્રેફરન્સ શૅર (2) નોન પાર્ટસિપેટિંગ પ્રેફરન્સ શૅર

(ડ) રૂપાંતરનાં આધારે (1) કર્ન્વટિબલ પ્રેફરન્સ શૅર (2) નોન- કર્ન્વટિબલ પ્રેફરન્સ શૅર

22. પ્રેફરન્સ શૅરની કોઈપણ ત્રણ લાક્ષણિકતાઓ જણાવો.

- પ્રેફરન્સ શૅરની લક્ષણોમાં ડિવિડન્ડનો પ્રથમ હક્ક. નિશ્ચિત ડિવિડન્ડ. ઓછું જોખમ વગેરેનો સમાવેશ થાય છે.

23. પ્રેફરન્સ શૅર એટલે શું ?

- પ્રેફરન્સ શૅર એટલે એવા શૅર કે જે કંપનીના નફામાંથી અન્ય શૅરહોલ્ડરોને ડિવિડન્ડ આપતા પહેલા નિશ્ચિત ટકાના દરે ડિવિડન્ડ મેળવવાનો પ્રથમ હક તથા કંપની જ્યારે સમેટી લેવામાં આવે ત્યારે મૂડી પરત મેળવવાનો પ્રથમ હક ધરાવતા હોય.

24. કાર્યકારી લિવરેજનો અર્થ આપો.

- સ્થિર ખર્ચાને કારણે, વેચાણ એકમોમાં ફેરફાર થવાને કારણે, નફાની ટકાવારીમાં જે ફેરફાર ઉદ્ભવે તે વેચાણ એકમોની ટકાવારીમાં થતાં ફેરફાર કરતાં વધારે હોય છે. જેને કાર્યકારી લિવરેજ કહેવાય.

25. સંયુક્ત લિવરેજનો અર્થ આપો.

- નાણાંકીય લિવરેજ અને કામગીરી લિવરેજ બંનેની અનુકૂળ અને પ્રતિકૂળ અસરો થઈ શકે છે. આ બંને પ્રકારના લિવરેજની સંયુક્ત અસરનાં ઉપયોગથી ઉત્તમ નાણાંકીય લાભ મેળવી શકાય છે જેને સંયુક્ત લિવરેજ તરીકે ઓળખી શકાય.

## નિબંધ પ્રકારનાં લાંબા પ્રશ્નો

1. ઈક્વિટી પરના વેપારના ફાયદા (લાભ) સમજાવો.
2. લાંબાગાળાનાં ભંડોળ એટલે શું ? તેના લક્ષણોની ચર્ચા કરો.
3. મૂડીમાળખાનું મહત્ત્વ સ્પષ્ટ કરો.
4. નાણાંકીય લિવરેજનાં ફાયદા ચર્ચો
5. આદર્શ મૂડીમાળખાની લાક્ષણિકતાઓ ચર્ચો.
6. મૂડીમાળખાને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો.
7. ઈક્વિટી પરના વેપારનાં જોખમો (મર્યાદા) ચર્ચો.
8. લિવરેજનો અર્થ આપી તેના પ્રકારો વર્ણવો.
9. મૂડીમાળખાના પ્રકારો ટૂંકમાં સમજાવો.
10. લાંબાગાળાનાં ભંડોળ નક્કી કરવા કયા પરિબળો અસર કરે છે તે સમજાવો.
11. 'નાણાંકીય લિવરેજ એ બે ધારી તલવાર છે' - આ વિધાન સમજાવો.
12. મૂડીમાળખાનો અર્થ આપી આદર્શ મૂડીમાળખાનાં લક્ષણો જણાવો.
13. ઈક્વિટી પરનો વેપાર સમજાવી. પાતળી ઈક્વટી, જાડી ઈક્વિટીનો ખ્યાલ આપો.
14. ઈક્વિટી શૅરની લાક્ષણિકતાઓ સમજાવો.
15. પ્રેફરન્સ શૅરની લાક્ષણિકતાઓ સમજાવો.
16. ડિબેન્ચરનો અર્થ આપી તેના લક્ષણો જણાવો.
17. પ્રેફરન્સ શૅરના વિવિધ પ્રકારો વર્ણવો.
18. ડિબેન્ચરનાં પ્રકારો સમજાવો.
19. નીચેના શબ્દો સમજાવો.
    (i) પાતળી ઈક્વિટી
    (ii) જાડી ઈક્વિટી
    (iii) મૂડી ગીયરિંગ
20. લાંબાગાળાનાં ભંડોળ પૈકી નીચેનામાંથી ગમે તે એકની વિસ્તૃત ચર્ચા કરો.
    (i) ઈક્વિટી શૅર
    (ii) પ્રેફરન્સ શૅર
    (iii) ડિબેન્ચર્સ

### (ક) બહુવિકલ્પીય પ્રશ્નો

1. નીચેનામાંથી કયું આદર્શ મૂડી માળખાનું લક્ષણ છે ?
   (અ) સરળ (બ) તરલતા (ક) સમતોલ **(ડ) ઉપરનાં તમામ**
2. નીચેનામાંથી કયું મૂડી માળખાને અસર કરતું પરિબળ નથી ?
   (અ) વ્યાજનો દર (બ) ધંધાનું કદ (ક) કરવેરાનું માળખું **(ડ) વિદેશ નીતિ**
3. નીચેનામાંથી કયો લિવરેજ સ્થિર ખર્ચને ધ્યાનમાં લે છે ?
   (અ) નાણાકીય લિવરેજ **(બ) કામગીરી લિવરેજ**
   (ક) સંયુક્ત લિવરેજ (ડ) એક પણ નહીં

4. નીચેનામાંથી કયો લિવરેજ નાણાકીય ખર્ચને ધ્યાનમાં લે છે ?
   **(અ) નાણાંકીય લિવરેજ** (બ) કામગીરી લિવરેજ
   (ક) સંયુક્ત લિવરેજ (ડ) એકપણ નહીં
5. ઊંચુ કામગીરી લિવરેજ એટલે શું ?
   **(અ) સ્થિર ખર્ચનું વધુ પ્રમાણ** (બ) સ્થિર ખર્ચનું ઓછું પ્રમાણ
   (ક) નાણાંકીય ખર્ચનું વધુ પ્રમાણ (ડ) નાણાંકીય ખર્ચનું ઓછું પ્રમાણ
6. ઊંચું નાણાંકીય લિવરેજ એટલે શું ?
   (અ) સ્થિર ખર્ચનું વધુ પ્રમાણ (બ) સ્થિર ખર્ચનું ઓછું પ્રમાણ
   **(ક) નાણાંકીય ખર્ચનું વધુ પ્રમાણ** (ડ) નાણાંકીય ખર્ચનું ઓછું પ્રમાણ
7. નીચેનામાંથી કયા ઇક્વિટી પર વેપારનાં જોખમો છે ?
   (અ) કંપની ધારાનાં નિયંત્રણો (બ) રહસ્ય જાળવણી
   (ક) અનિશ્ચિત આવક **(ડ) ઉપરના તમામ**
8. નીચું કામગીરી લિવરેજ એટલે શું ?
   (અ) સ્થિર ખર્ચનું વધુ પ્રમાણ **(બ) સ્થિર ખર્ચનું ઓછું પ્રમાણ**
   (ક) નાણાંકીય ખર્ચનું વધુ પ્રમાણ (ડ) નાણાકીય ખર્ચનું ઓછું પ્રમાણ
9. નીચું નાણાંકીય લિવરેજ એટલે શું ?
   (અ) સ્થિર ખર્ચનું વધુ પ્રમાણ (બ) સ્થિર ખર્ચનું ઓછું પ્રમાણ
   (ક) નાણાંકીય ખર્ચનું વધુ પ્રમાણ **(ડ) નાણાંકીય ખર્ચનું ઓછું પ્રમાણ**
10. નીચેનામાંથી કયા ઇક્વિટી પર વેપારનાં ફાયદા છે ?
   (અ) ઊંચું ડિવિડન્ડ (બ) સંચાલન અંકુશ
   (ક) મૂડી પડતર ઘટાડો **(ડ) ઉપરનાં તમામ**

BAOU Education for All

डॉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી. કોમ. સેમેસ્ટર-4

COE401- BC

# એકાઉન્ટિંગ & ફાઈનાન્સ-2

## વિભાગ

# 3


| | |
|---|---|
| **એકમ-9 નાણાંનો સ્ત્રોત** | **3-14** |
| **એકમ-10 મૂડી પડતર (Cost of Capital)** | **15-38** |
| **એકમ-11 કાર્યશીલ મૂડીનો પરિચય અને તેનું સંચાલન** | **39-47** |
| **એકમ-12 લેણા સંચાલન** | **48-64** |
| **એકમ-13 રોકડ સંચાલન** | **65-82** |
| **એકમ-14 ઈન્વેન્ટરી સંચાલન** | **83-99** |

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. જૈમીન પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. ભાવિક સ્વાદિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. પાર્થ ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સી.એસ.સમરિયા કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ. |
| | ડૉ. પ્રફુલ ઠક્કર | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સી.એસ.સમરિયા કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,<br>શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| | ડૉ. ધર્મેન્દ્ર મિસ્ત્રી | પ્રિન્સીપાલ,<br>એમ.સી.શાહ કોમર્સ કોલેજ અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | શ્રી ઘનશ્યામ કે ગઢવી | નિવૃત્ત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | શ્રી દિવ્યેશ વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |



| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | સુધારેલ પુનઃ આવૃત્તિ (2026) | |

ISBN : 978-93-5598-000-7



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

એકમ 9

# નાણાંનો સ્ત્રોત

## : રૂપરેખા :

9.1 પ્રસ્તાવના
9.2 લાંબાગાળાનાં ભંડોળ
9.3 લાંબાગાળાનાં ભંડોળના લક્ષણો
9.4 લાંબાગાળાનાં ભંડોળ નક્કી કરતાં પરિબળો
9.5 લાંબાગાળાના ભંડોળનાં પ્રાપ્તિ સ્થાનો
9.5.1 ઈક્વિટી શૅર
9.5.2 પ્રૅફરન્સ શૅર
9.5.3 ડિબેન્ચર્સ
9.6 તફાવત : ઈક્વિટી શૅર અને પ્રૅફરન્સ શૅર
9.7 તફાવત : શૅર અને ડિબેન્ચર
♦ સ્વાધ્યાય
♦ બહુવિકલ્પી પ્રશ્નોનાં જવાબ આપો

## 9.1 પ્રસ્તાવના

ધંધાકીય એકમ અને મૂડીભંડોળ વચ્ચેનો સંબંધ અતૂટ છે. કોઈ પણ ધંધાકીય એકમની સ્થાપના હોય, વિકાસ હોય, વિસ્તરણ હોય કે રોજબરોજની જરૂરિયાત હોય નાણાંની જરૂર તો પડવાની જ છે.

નાણું એ ઉદ્યોગની જીવાદોરી છે, રક્ત છે, ધરી છે, ચક્ર છે, રુધિરાભિસરણ વ્યવસ્થા છે, લ્યુબ્રિકેન્ટ છે. આ પરથી મૂડીનું મહત્ત્વ સમજી શકાય છે. ધંધામાં ઉપયોગમાં લેવામાં આવતી બે પ્રકારની મૂડી જેમાં કાર્યશીલ મૂડી અને લાંબાગાળાની (સ્થિર) મૂડીનો સમાવેશ થાય છે.

## 9.2 લાંબાગાળાનાં ભંડોળ

ધંધાની કાયમી (સ્થિર) મિલકત જેવી કે પ્લાન્ટ, યંત્રો, જમીન-મકાન, ફર્નિચરમાં રોકવામાં આવેલી મૂડીને લાંબાગાળાની (સ્થિર) મૂડી તરીકે ઓળખી શકાય.

**શ્રી મૅકેન્ઝી**ના શબ્દોમાં - “જે મિલકત ને ટૂંકા સમયમાં વેચાણ દ્વારા રોકડ રૂપાંતરમાં ફેરવી શકાય નહીં તેવી મિલકતને સ્થિર કે લાંબાગાળાની મિલકત / મૂડી કહેવામાં આવે છે.”

**શ્રી સ્ટુઅર્ટ મિલ** જણાવે છે કે - “લાંબાગાળાની મૂડી કાયમી પ્રકારની મિલકતમાં રોકાયેલી હોય છે. જેનું અસ્તિત્વ લાંબા સમયનું હોય છે અને ધંધાને લાંબા સમય સુધી વળતર આપે છે.”

ઉપરની વ્યાખ્યાઓ પરથી કહી શકાય કે લાંબાગાળાની મૂડી સ્થિર મિલકતનાં સ્વરૂપમાં હોય છે. જેમાં રોકડ તરલતા ઓછી અને જોખમનું તત્ત્વ વધારે હોય છે, જે લાંબા સુધી ધંધાકીય એકમને સેવા આપે છે.

## 9.3 લાંબાગાળાનાં ભંડોળના લક્ષણો

(1) વધુ જોખમ (2) ઓછી તરલતા
(3) લાંબા સમયનું રોકાણ (4) વધુ પ્રમાણ
(5) કાયમી જરૂરિયાત (6) ઘસારાની જોગવાઈ

**(1) વધુ જોખમ :** લાંબાગાળાની મૂડી જેમાં રોકાયેલી હોય તેવી મિલકતમાં જોખમનું તત્ત્વ વધુ હોય છે. લાંબા સમયનું આયુષ્ય ધરાવતી હોવાથી કુદરતી પરિબળો, અપ્રચલિતતા, ભાવ વધઘટ, ભૌતિક જોખમોનું પ્રમાણ વધુ હોય છે.

**(2) ઓછી તરલતા :** લાંબાગાળાની મૂડીની રોકડ પ્રવાહિતા (તરલતા) ઓછી હોય છે. ધંધાની કાર્યશીલ મૂડીની જેમ તરત જ રોકડ રૂપાંતર થઈ શકતું નથી. લાંબાગાળાની મૂડી સ્થિર મિલકતમાં રોકાયેલી હોવાથી અનિવાર્ય પરિસ્થિતિ સિવાય તેનું વેચાણ કરવાનો કે રોકડ રૂપાંતર કરવાના સંજોગો ઊભા થતા નથી.

**(3) લાંબા સમયનું રોકાણ :** લાંબાગાળાની મૂડી જે મિલકતમાં રોકવામાં આવે છે. તેનું આયુષ્ય લાંબા સમયનું હોય છે. આવી સ્થિર મિલકતનું રોકાણ દીર્ઘકાળ સુધી હોય છે અને તેનો લાભ ધંધાને લાંબા સમય સુધી મળે છે.

**(4) વધુ પ્રમાણ :** ધંધામાં બે પ્રકારની મૂડીનો ઉપયોગ થાય છે જેમાં કાર્યશીલ મૂડી અને લાંબાગાળાની સ્થિર મૂડી.

ધંધાકીય એકમમાં કુલ મૂડીમાં લાંબાગાળાની મૂડીનું પ્રમાણ વધુ હોય છે, કારણ કે તે ધંધાની સ્થિર મિલકતમાં રોકાયેલ હોય છે. તેથી ધંધા માટે તે વધુ પ્રમાણમાં જરૂરી બને છે.

**(5) કાયમી જરૂરિયાત :** લાંબાગાળાની મૂડી ધંધાની કાયમી મિલકતમાં લાંબા આયુષ્ય સાથે રોકાવમાં આવે છે અને તે વધુ પ્રમાણમાં હોવાની સાથે તેની જરૂરિયાત કાયમી હોય છે. ધંધાની કાયમી મિલકતમાં રોકાયેલી મૂડી કાયમી જરૂરિયાત સાથે લાંબા સમય સુધી ધંધાને સેવા આપવાની સાથે વળતર આપે છે.

**(6) ઘસારાની જોગવાઈ :** લાંબાગાળાની મૂડીને ધંધાની કાયમી મિલકતમાં રોકાવામાં આવે છે. આ મિલકત પર ઘસારાની જોગવાઈ કરવામાં આવે છે. કાયમી મિલકત લાંબા સમય સુધી ધંધાના ઉપયોગમાં લેવાતી અને પુનઃ સ્થાપનાના હેતુ માટે તેના પર ઘસારાની જોગવાઈ કરવામાં આવે છે.

## 9.4 લાંબાગાળાનાં ભંડોળ નક્કી કરતાં પરિબળો :

| | |
|---|---|
| (1) ધંધાનું કદ | (2) ધંધાનો પ્રકાર |
| (3) સરકારી નીતિ | (4) ટેક્નોલોજી / આધુનિકરણ |
| (5) ઔદ્યોગિકીકરણ | (6) અન્ય પરિબળો |

**(1) ધંધાનું કદ :** જે ધંધાકીય એકમનું કદ વિશાળ હોય તેવા ધંધામાં લાંબાગાળાનાં ભંડોળની જરૂરિયાત વધુ ઉદ્ભવે છે. તેથી ઊલટું જ ધંધાનું કદ નાનું તેવા ધંધા માટે લાંબાગાળાનાં ભંડોળની જરૂરિયાત ઓછી રહે છે.

**(2) ધંધાનો પ્રકાર :** ધંધાનો પ્રકાર પણ લાંબાગાળાના ભંડોળ નક્કી કરતું પરિબળ છે. જે ધંધાકીય એકમ મોટા પાયાનાં ઉદ્યોગોમાં રોકાયેલા છે. જેમ કે લોખંડ ઉદ્યોગ, વિમાન, જહાજ, સ્ટીમર જેવા વાહનવ્યવહારની કંપનીઓ, વીજળી કંપનીઓ વગેરે.

જ્યારે ઉત્પાદન પ્રક્રિયા અને વેચાણ - વાણિજ્ય વાળા ધંધામાં લાંબાગાળાનાં ભંડોળની જરૂરિયાત ઓછી રહે છે. આ પ્રકારનાં ધંધામાં કાર્યશીલ મૂડીનું પ્રમાણ વધુ હોય છે.

**(3) સરકારી નીતિ :** રાષ્ટ્રના વિકાસ અંગે સરકારી નીતિ, વેપાર નીતિ, કરવેરાની નીતિ વગેરેની અસર લાંબાગાળાનાં ભંડોળ નક્કી કરવા પર પડે છે. દેશના કરવેરામાં વિકાસ, વળતર કે રોકાણ ભથ્થાની નીતિને આધારે ધંધાકીય એકમમાં લાંબાગાળાની મૂડી પર અસર થાય છે.

**(4) ટેક્નોલોજી / આધુનિકીકરણ :** ધંધાકીય એકમમાં નવી ટેક્નોલોજી, વિકાસ, સંશોધન, વિસ્તરણ, યાંત્રિકીકરણ વગેરે પરિબળો ઉદ્ભવતા લાંબાગાળાની મૂડી અસર પામે છે. ધંધામાં ટેક્નોલોજીકલ ફેરફારો ઊભા થતા વધુ પ્રમાણમાં લાંબાગાળાની મૂડીની જરૂરિયાત ઉદ્ભવે છે.

**(5) ઔદ્યોગિકીકરણ :** દેશનાં ઔદ્યોગિકીકરણનાં માળખા પર સ્થિર/ લાંબાગાળાની મૂડીનો આધાર રહેલો છે. જે ધંધા માટે સહાયક ઉદ્યોગોનો વિકાસ થયો હોય ત્યાં પૂરક ઉદ્યોગોનાં પરિણામે ધંધામાં ઓછા લાંબાગાળાનાં ભંડોળની જરૂરિયાત રહે છે, જ્યારે સહાયક પૂરક ઉદ્યોગોનો વિકાસ થયો ન હોય ત્યારે ઉત્પાદનનાં છૂટા ભાગો બનાવવા વધુ પ્રમાણમાં લાંબાગાળાની મૂડીની જરૂરિયાત ઉદ્ભવે છે.

**(6) અન્ય પરિબળો :** લાંબાગાળાનાં ભંડોળને ઉપર સિવાયનાં અન્ય પરિબળો જેવાં કે ઉદ્યોગને કાયમી મિલકત ભાડા પટ્ટાથી પ્રાપ્ત થાય તો ઓછી લાંબાગાળાની મૂડીની જરૂર પડશે. મોટા પાયા પર ઉત્પાદનનો લાભ મેળવવો હોય, યાંત્રિક સાધનોનો વધુ ઉપયોગ કરવાનો હોય ત્યારે વધુ પ્રમાણમાં લાંબાગાળાની મૂડીની જરૂરિયાત ઊભી થાય છે.

## 9.5 લાંબાગાળાના ભંડોળનાં પ્રાપ્તિ સ્થાનો :

(અ) ઈક્વિટી શૅર

(બ) પ્રૅફરન્સ શૅર

(ક) ડિબેન્ચર્સ

### 9.5.1 ઈક્વિટી શૅર :

ધંધાકીય વ્યવસ્થાના જુદા જુદા સ્વરૂપો પૈકી કંપની સ્વરૂપ પોતાની મૂડી માટે જુદા જુદા પ્રકારના શૅર બહાર પાડી શકે છે અને પોતાની મૂડી જરૂરિયાત સંતોષી શકે છે. આ બધા શૅર એ કંપનીની માલિકી ભંડોળ દર્શાવે છે. જે કંપનીને મૂડી બજારમાંથી પ્રાપ્ત થઈ શકે છે. "શૅર એટલે કંપનીની શૅરમૂડીનો એવો ભાગ છે જેમાં સ્ટૉકનો પણ સમાવેશ થાય છે." શૅરમૂડી ભાગીદારી મૂડી પણ કહી શકાય છે. જ્યારે કોઈ ધંધાનાં માલિકો ધંધાકીય એકમ માટે, જરૂરી બધી મૂડી પાડી શકતાં નથી, ત્યારે તેઓ પોતાના ધંધામાં ભાગીદાર થવા માટે અન્ય રોકાણકારોને મૂડી રોકવા માટે આકર્ષવાનો પ્રયત્ન કરે છે. આ માટે રોકાણકારોને પોતાની પેઢીની મૂડીના નાના હિસ્સા (ભાગ) કરીને વેચે છે. દરેક ભાગ (હિસ્સાને) શૅર તરીકે ઓળખવામાં આવે છે. આ માટે પેઢી તરફથી રોકાણકારોને એક સર્ટિફિકેટ્ આપવામાં આવે છે. પેઢીને આ રીતે કાયમી મૂડી પ્રાપ્ત થાય છે.

કંપની જે પ્રકારના શૅર બહાર પાડે છે તેમાં સામાન્ય શૅર, ઈક્વિટી શૅર, ઓર્ડિનરી શૅરનો સમાવેશ થાય છે. આ શૅરમાં રોકાણ કરનારા સૌથી વધુ જોખમ ઉઠાવે છે અને તેઓ ધંધામાં માલિકો ગણાય છે. ઓર્ડિનરી શૅરની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે રજુ કરી શકાય છે :

ઓર્ડિનરી શૅર (ઇક્વિટી શૅર) ની લાક્ષણિકતા :

(1) મતાધિકાર

(2) ડિવિડન્ડ

(3) માલિકી હક્ક

(4) મૂડી પરત અંગે

(5) જોખમ

(6) બજાર સટ્ટા કિંમત

(7) હક્ક કે બોનસ શૅર

(8) ડિવિડન્ડ મેળવવાનો હક્ક

(9) મર્યાદિત જવાબદારી

(10) દસ્તાવેજી પુરાવો

**(1) મતાધિકાર :** ઈક્વિટી શૅર હોલ્ડરોને કંપનીની સભામાં હાજર રહેવાનો હક્ક હોય છે અને આ સભામાં પસાર થતાં બધા ઠરાવો પર મત આપવાનો અધિકાર ધરાવે છે.

**(2) ડિવિડન્ડ :** ઈક્વિટી શૅર પર ડિવિડન્ડનો દર નક્કી હોતો નથી. કંપનીના નફાના આધારે ઈક્વિટી શૅર પર ડિવડન્ડનો દર અસર પામે છે. જો વધુ નફો હોય તો ડિવિડન્ડનો દર ઊંચો અને જો નફો ઓછો તો ડિવિડન્ડનો દર નીચો હોય છે. ઘણીવાર નફો ન થાય કે ઓછો નફો થાય તો ઈક્વિટી શૅર પર ડિવિડન્ડ ચૂકવાતું નથી. આમ, નફામાં થતાં ફેરફારની અસર ડિવિડન્ડ પર થાય છે.

**(3) માલિકી હક્ક :** ઈક્વિટી શૅર હોલ્ડરો કંપનીના માલિકો ગણાય છે. તેઓને આ શૅર ખરીદવાથી

ખરીદ શૅરની કિંમત જેટલો માલિકી હક્ક પ્રાપ્ત થાય છે. શૅરની સંખ્યા અને કિંમત દ્વારા કંપનીમાં શૅરહોલ્ડરનુ હિત કેટલું છે તે બાબત સ્પષ્ટ થઈ શકે છે.

**(4) મૂડી પરત અંગે :** કંપનીના વિસર્જન સમયે ઈક્વિટી શૅરહોલ્ડરો માલિકો હોવાના પરિણામે મૂડી પરત મેળવવાનો અધિકાર સૌથી છેલ્લે પ્રાપ્ત થાય છે. કંપનીના તમામ દેવા - ડિબેન્ચર્સ અને પ્રૅફરન્સ શૅરના નાણાં ચૂકવાઈ ગયા બાદ રકમ વધે તો ઈક્વિટી શૅરહોલ્ડરોને ચૂકવવામાં આવે છે.

**(5) જોખમ :** કંપની સ્વરૂપમાં આ પ્રકારના શૅરોમાં રોકાણ કરનાર સૌથી વધુ જોખમ ઉઠાવે છે, કારણ કે ડિવિડન્ડનો દર નિશ્ચિત હોતો નથી તેમજ ડિવિડન્ડ અને મૂડી મેળવવાનો હક્ક પણ સૌથી છેલ્લો હોય છે.

**(6) બજાર-સટ્ટા કિંમત :** આ શૅર પર ડિવિડન્ડનો દર અનિશ્ચિત હોય છે. બોનસ શૅર હક્કના શૅર જેવા લાભોને પરિણામે ઈક્વિટી શૅરની કિંમતમાં વધુ ઘટ થાય છે. તેથી આવા શૅરોમાં સટ્ટાનું પ્રમાણ વધુ જોવા મળે છે અને બજાર કિંમતમા ફેરફાર થયા કરે છે.

**(7) હક્કના શૅર - બૉનસ શૅર :** ઘણીવાર ઈક્વિટી શૅર હોલ્ડરોને વધારાનો એટલે કે બોનસ શૅર પણ આપવામાં આવે છે. ભૂતકાળમાં એકઠાં થયેલા નફામાંથી કંપની પોતાના શૅરહોલ્ડરને બોનસ આપે છે તે રીતે જ ઘણીવાર નવા શૅર બહાર પાડતી કંપની પોતાના ઈક્વિટી શૅરહોલ્ડરોને નવા શૅર ખરીદવાનો પ્રથમ હક્ક આપે છે તેને હક્કના શૅર તરીકે ઓળખવામાં આવે છે.

**(8) ડિવિડન્ડ મેળવવાનો હક્ક :** ઈક્વિટી શૅરહોલ્ડરો ધંધાના માલિકો છે. તેઓને વિસર્જન સમયે જે રીતે મૂડી પરત મેળવવાનો હક્ક સૌથી છેલ્લે છે તે જ રીતે ડિવિડન્ડ મેળવવાનો હક્ક પણ સૌથી છેલ્લે મળે છે. કંપની સૌ પ્રથમ પ્રૅફરન્સ શૅરહોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવે છે. ત્યારબાદ વધેલા નફામાંથી અનામતો ખાતે રકમ લઈ ગયા બાદ ઈક્વિટી શૅરહોલ્ડરોને બધો નફો ડિવિડન્ડ તરીકે વહેંચવામાં આવે છે.

**(9) મર્યાદિત જવાબદારી :** ઈક્વિટી શૅર હોલ્ડરોની જવાબદારી મર્યાદિત હોય છે. તેમણે કંપનીમાં રોકેલ શૅરની સંખ્યાની મૂળ કિંમત જેટલી રકમ માટે જવાબદાર ગણવામાં આવે છે. એટલે કે ઈક્વિટી શૅર હોલ્ડરોની જવાબદારી તેમણે ધારણ કરેલા શૅરની કિંમત જેટલી જ હોય છે.

**(10) દસ્તાવેજી પુરાવો :** શૅરહોલ્ડરોને શૅર ધારણ અંગે શૅર સર્ટિફિકેટ આપવામાં આવે છે. જે કંપનીના સભ્યો અંગેનો દસ્તાવેજી પૂરાવો છે. સભ્યોને કંપનીની સામાન્ય મહોર તથા સંચાલકોની સહીવાળું શૅર પ્રમાણપત્ર આપવામાં આવે છે અથવા ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ડિપોઝીટ પાસે રાખવામાં આવે છે.

ઘણીવાર કંપનીના મૂળ સ્થાપકોને "ડિફર્ડ" તરીકે ઓળખાતા શૅર આપવામાં આવે છે. આ શૅર પર ઈક્વિટી શૅર કરતાં વધુ મત આપવાનાં અધિકાર હોય છે તેથી કંપની સભામાં ડિફર્ડ શૅર ધરાવનારાઓનું વર્ચસ્વ વધુ જોવા મળે છે.

ઈક્વિટી શૅરહોલ્ડરો કંપનીના સાચાં માલિકો ગણાય છે. પરંતુ કંપનીના સંચાલન પર તેમનો અંકુશ નહિવત્ હોય છે. હાલના વર્તમાન સમયમાં કંપનીઓમાં ઈક્વિટી શૅર ધરાવનારાઓ કંપનીની સભામાં કંઈ રસ લેતા નથી અને પરિણામે કંપનીની સભામાં શૅરહોલ્ડરોની સંખ્યા ઘણી ઓછી જોવા મળે છે. અને કંપનીનું સંચાલન બૉર્ડ ઑફ ડિરેક્ટર દ્વારા કરવામાં આવે છે. ઘણી મોટી કંપનીઓ રોજબરોજના સંચાલન માટે પગારદાર સંચાલકો કે વ્યવસ્થાપકોની નિમણૂક કરે છે. આમ, વર્તમાન સમયમાં મોટી કંપનીમાં માલિકો જ જે તે પેઢીના સંચાલકો હોય તેવું ઘણું ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જો કંપનીના માલિકો જ જે તે પેઢીના સંચાલકો હોય તેવું ઘણું ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જો કંપનીના માલિકોને એટલે કે ઈક્વિટી શૅર ધરાવનારાઓને કંપનીના વહીવટ કે કામકાજથી અસંતોષ હોય તો તેઓ પોતાના ઈક્વિટી શૅર બજારમાં વેચી દઈને અન્ય કોઈ કંપનીના શૅરમાં મૂડીરોકાણ કરે છે.

કંપની ધારામાં 1991માં કલમ 79 (A) ઉમેરવામાં આવી છે. આ કલમ પ્રમાણે હવે કંપનીઓ સ્વેટ (Sweat) ઈક્વિટી શૅર એટલે કંપની તરફથી તેમના ડિરેક્ટરો કે કર્મચારીઓને વટાવથી અથવા રોકડ અવેજ વગર આપવામાં આવેલ શૅર.

જે કર્મચારીઓ કે ડિરેક્ટરોએ કંપનીને ટેક્નિકલ જાણકારી પૂરી પાડી હોય. કંપનીને બૌદ્ધિક મિલકતસ્વરૂપના હક્કો અથવા મૂલ્ય વૃદ્ધિ કે અન્ય કોઈ નામથી ઓળખાતા હક્કો પૂરા પાડવામાં મદદ કરી હોય તેમને કંપની સ્વેટ ઈક્વિટી શૅર આપી શકે છે. આ માટે કંપનીએ નીચેની જોગવાઈઓનું પાલન કરવું પડશે.

- કંપનીએ જે ઈક્વિટી શૅર બહાર પાડ્યા હોય તે જ પ્રકારનાં સ્વેટ ઈક્વિટી શૅર બહાર પાડી શકશે.
- આ માટે સામાન્ય સભામાં ઠરાવ પસાર કરવો પડશે.
- કંપનીએ ધંધા શરૂ કર્યાને એક વર્ષ પૂરું થયું હોવું જોઈએ.
- SEBI ના નિયમો મુજબ સ્વેટ ઈક્વિટી શૅર બહાર પાડી શકશે.
- ઈક્વિટી શૅર પર જે નિયંત્રણ લાગુ પડે છે તે બધાં નિયંત્રણ સ્વેટ ઈક્વિટી શૅરને લાગુ પડશે.

**9.5.2 પ્રૅફરન્સ શૅર :**

કંપની ધારા 1951ની કલમ 45માં આપેલ વ્યાખ્યા પ્રમાણે "પ્રૅફરન્સ શૅર એટલે એવા શૅર કે જે કંપનીના નફામાંથી અન્ય શૅરહોલ્ડરોને ડિવિડન્ડ આપતાં પહેલાં નિશ્ચિત ટકાના દરે ડિવિડન્ડ મેળવવાનો પ્રથમ હક્ક તથા કંપની જ્યારે સમેટી લેવામાં આવે ત્યારે મૂડી પરત મેળવવાનો પ્રથમ હક્ક ધરાવતા હોય."

**પ્રૅફરન્સ શૅરની લાક્ષણિકતા :**

(1) ડિવિડન્ડ મેળવવાનો પ્રથમ હક્ક

(2) મૂડી પરત મેળવવાનો પ્રથમ હક્ક

(3) નિશ્ચિત ડિવિડન્ડ

(4) મતાધિકાર નથી

(5) ઓછું જોખમ

(6) બજાર-સટ્ટા કિંમત

**(1)** **ડિવિડન્ડ મેળવવાનો પ્રથમ હક્ક :** પ્રૅફરન્સ શૅરહોલ્ડરોને કંપનીના અન્ય શૅર હોલ્ડરોની સરખામણીમાં ડિવિડન્ડ મેળવવાનો પ્રથમ હક્ક હોય છે.

**(2)** **મૂડી પરત મેળવવાનો પ્રથમ હક્ક :** કંપનીનું જ્યારે વિસર્જન કરવામાં આવે અથવા કંપની ફડચામાં જાય ત્યારે પોતાની મૂડી પરત મેળવવાનો હક્ક પ્રૅફરન્સ શૅરહોલ્ડરોને મળે છે.

**(3)** **નિશ્ચિત ડિવિડન્ડ :** પ્રૅફરન્સ શૅર પર ડિવિડન્ડનો દર નિશ્ચિત હોય છે. કંપની નફામાંથી થતા વધારા કે ઘટાડાની કોઈ અસર પ્રૅફરન્સ શૅર ડિવિડન્ડ પર થતી નથી.

**(4)** **મતાધિકાર નથી :** ઈક્વિટી શૅરહોલ્ડરો કંપનીના સાચા માલિકો ગણાય છે. તેઓને કંપનીની સભામાં મત આપવાનો અધિકાર હોય છે પણ પ્રૅફરન્સ શૅરહોલ્ડરોને મતદાન કરવાનો અધિકાર આપવામાં આવતો નથી.

**(5)** **ઓછું જોખમ :** ઈક્વિટી શૅર હોલ્ડરો કરતાં ડિવિડન્ડ મેળવવાનો પ્રથમ હક્ક અને કંપનીના વિસર્જન વખતે મૂડી પરત મેળવવાનો પ્રથમ અધિકાર હોવાને કારણે તેમજ નફો ઓછો હોય તો પણ પ્રૅફરન્સ શૅર પર નિશ્ચિત ડિવિડન્ડ ચૂકવવામાં આવતું હોવાને કારણે તેના પર જોખમનું પ્રમાણ ઓછું છે.

**(6)** **બજાર - સટ્ટા કિંમત :** પ્રૅફરન્સ શૅર પર ડિવિડન્ડની આવક નિશ્ચિત હોય છે તેમજ બોનસ શૅર જેવા લાભ પણ મળતા ન હોવાથી તેના બજારભાવમાં ખાસ વધઘટ થતી નથી.

આમ છતાં જે રોકાણકારો જોખમ લેવા માંગતા નથી. તેમજ ડિવિડન્ડની નિશ્ચિત આવક મેળવવા ઈચ્છે છે તેઓ પ્રૅફરન્સ શૅર વધુ પસંદ કરે છે.

**પ્રેફરન્સ શૅરના પ્રકારો :**

પ્રેફરન્સ શૅરના પ્રકારો નીચે પ્રમાણે દર્શાવી શકાય.

| (અ) ડિવિડન્ડને આધારે | (બ) મૂડી પરતને આધારે | (ક) નફાને આધારે | (ડ) રૂપાંતરને આધારે |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ |
| (1) ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર | (1) રિડીમેબલ પ્રેફરન્સ શૅર | (1) પાર્ટિસીપેટિંગ પ્રેફરન્સ શૅર | (1) કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર |
| ↓ | ↓ | ↓ | ↓ |
| (2) નોન-ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર | (2) નોન-રિડીમેબલ પ્રેફરન્સ શૅર | (2) નોન-પાર્ટિસીપેટિંગ પ્રેફરન્સ શૅર | (2) નોન-કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર |

**પ્રેફરન્સ શૅરના પ્રકારો :**

(A) ડિવિડન્ડને આધારે : (1) કમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર(2) નોન કયુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર

(B) મૂડી પરતને આધારે : (1) રિડીમેબલ પ્રેફરન્સ શૅર(2) નોન રિડીમેબલ પ્રેફરન્સ શૅર

(C) નફા ભાગને આધારે : (1) પાર્ટિસિપેટિંગ પ્રેફરન્સ શૅર(2) નોન પાર્ટિસીપેટિંગ પ્રેફરન્સ શૅર

(D) રૂપાંતરને આધારે : (1) કન્વર્ટિબિલ પ્રેફરન્સ શૅર(2) નોન કન્વર્ટિબલ પ્રેફ. શૅર

**(અ) ડિવિડન્ડને આધારે :**

**(1) કમ્યુલેટિવ પ્રેફરન્સ શૅરઃ** આ પ્રકારના પ્રેફરન્સ શૅર પર જે વર્ષે ડિવિડન્ડ ન ચૂકવાય તો ત્યાર પછીનાં વર્ષમાં બાકી રહેલ ડિવિડન્ડ પણ ચૂકવવામાં આવે છે. એટલે કે તેઓને ડિવિડન્ડ મેળવવાનો અધિકાર જતો રહેતો નથી. કંપની જે વર્ષમાં પૂરતા પ્રમાણમાં નફો કરે તે વર્ષ ઈક્વિટી શૅર હોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવતાં પહેલાં ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅરહોલ્ડરોને પાછલા વર્ષનું નહિ ચૂકવાયેલું તમામ ડિવિડન્ડ ચૂકવી આપવું પડે છે. જો કોઈ સ્પષ્ટતા કરવામાં ન આવી હોય તો પ્રેફરન્સ શૅરોને ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર ગણવામાં આવે છે.

**(2) નોન કયુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર :** આ પ્રકારનાં પ્રેફરન્સ શૅર પર કંપની નફો કરે અને ડિવિડન્ડ જાહેર કરે તો જ ડિવિડન્ડ મળે છે. જે વર્ષે કંપની ડિવિડન્ડ જાહેર ન કરે તે વર્ષનું ડિવિડન્ડ મેળવવાનો અધિકાર રહેતો નથી એટલે કે આ પ્રકારના પ્રેફરન્સ શૅરમાં નહિ ચૂકવાય. ડિવિડન્ડ એકઠું થતું નથી અને ચૂકવાતું પણ નથી. આ પ્રકારના પ્રેફરન્સ શૅર વધુ જોખમી ગણાય છે.

**(બ) મૂડી પરતને આધારે :**

**(1) રિડીમેબલ પ્રેફરન્સ શૅરઃ** કંપની પોતાના અસ્તિત્ત્વ દરમિયાન શૅરમૂડી પરત કરી શક્તી નથી. પણ રિડીમેબલ પ્રેફરન્સ શૅર એવા પ્રકારના શૅર છે કે જે કંપની અમુક વર્ષની મુદત પછી પરત કરવાનું સ્વીકારે છે. કંપની વધુમાં વધુ 20 વર્ષની મુદતના રિડિમેબલ પ્રેફરન્સ શૅર બહાર પાડી શકે છે. આવા પ્રેફરન્સ શૅરના નાણાં પરત કરતી વખતે કંપની ધારાની જોગવાઈઓનું પાલન કરવું પડે છે.

**(2) નોન રિડીમેબલ પ્રેફરન્સ શૅરઃ** જે પ્રેફરન્સ શૅર પર કંપનીના અસ્તિત્ત્વ દરમિયાન મૂડી પરત કરવાનો હક્ક ન હોય તેવા શૅરને નોન-રિડિ મેબલ પ્રેફરન્સ શૅર કહેવાય છે. જો કે આવા પ્રેફરન્સ શૅર હોલ્ડરોને કંપનીના વિસર્જન વખતે ઈક્વિટી શૅર હોલ્ડરો કરતાં મૂડી પરત મેળવવાનો અધિકાર પ્રથમ હોય છે અને નવાં કાયદાના સુધારાથી કોઈ કંપની નોન-રિડિમેબલ પ્રેફરન્સ શૅર બહાર પાડી શકશે નહિ.

**(ક) નફા ભાગને આધારે :**

**(1) પાર્ટિસિપેટિંગ પ્રેફરન્સ શૅરઃ** પ્રેફરન્સ શૅર હોલ્ડરોને નિશ્ચિત ડિવિડન્ડ તો મળે જ છે. પણ

જો નફો વધુ થાય તો આ પ્રકારના પ્રેફરન્સ શૅરહોલ્ડરોને નફામાંથી ભાગ પણ આપવામાં આવે છે. પાર્ટિસિપેટિંગ પ્રેફરન્સ શૅરહોલ્ડરોને ઈક્વિટી શૅરહોલ્ડરોને ડિવિડ્ન્ડ ચૂક્વ્યા બાદ વધતાં નફામાંથી કરાર મુજબ નફામાં ભાગ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, જ્યારે કોઈ સ્પષ્ટતા કરવામાં ન આવી હોય ત્યારે બધાં જ પ્રેફરન્સ શૅર નોન-પાર્ટિસિપેટિંગ પ્રેફરન્સ શૅર ગણાશે.

(2) **નોન પાર્ટિસીપેટિંગ પ્રેફરન્સ શૅર:** જે પ્રેફરન્સ શૅર હોલ્ડરોને માત્ર ડિવિડન્ડ મેળવવાનો હક્ક હોય એટલે કે ડિવિડન્ડ મેળવ્યા બાદ વધેલા નફામાંથી ભાગ મેળવવાનો કોઈ હક્ક ન હોય તેને નોન પાર્ટિસિપેટિંગ પ્રેફરન્સ શૅર કહેવાય છે.

(ડ) **રૂપાંતરને આધારે :**

(1) **કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર :** જ્યારે પ્રેફરન્સ શૅરહોલ્ડરોને અમુક નિશ્ચિત મુદત સુધીના નિશ્ચિત શરતોએ ઈક્વિટી શૅરમાં રૂપાંતર કરવાનો હક્ક આપવામાં આવ્યો હોય ત્યારે તેને કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર તરીકે ઓળખવામાં આવે છે.

(2) **નોન કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર:** જ્યારે પ્રેફરન્સ શૅરહોલ્ડરોને કંપનીએ ઈક્વિટી શૅરમાં રૂપાંતર કરવાનો કોઈ અધિકાર ન આપ્યો હોય ત્યારે તેને નોન કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર તરીકે ઓળખવામાં આવે છે.

**શૅરમૂડી અંગે મહત્ત્વની બાબતો :** કંપનીઓ અમુક નિશ્ચિત કિંમતના શૅર બહાર પાડે છે જેને શૅરની દાર્શનિક કિંમત (મૂળ કિંમત) કહેવાય છે. ભારત દેશમાં આ કિંમત રૂ. 10 અને રૂ. 100 રાખવામાં આવે છે. કંપનીએ બહાર પાડેલા બધાં શૅર એકવાર રોકાણકારો ખરીદી લે ત્યારબાદ આ શૅર વેચવા માટે અને ખરીદવા માટે બજાર ઊભું કરવામાં આવ્યું છે. જેને શૅર બજાર અથવા સ્ટૉક એક્ષચેન્જના નામે ઓળખવામાં આવે છે. શૅર બજારમાં વેચાતા કોઈ કંપનીના શૅર દાર્શનિક કિંમતે વેચતા નથી, પરંતુ તેની બજાર કિંમત દાર્શનિક કિંમત કરતા વધુ કે ઓછી હોઈ શકે છે. કોઈ પણ કંપનીના શૅરની કિંમત બજારમાં કેટલી હશે તેનો આધાર મુખ્યત્ત્વે તે કંપનીના કામકાજ, શૅરની માંગ, પુરવઠો, નફા વગેરે પર આધાર રાખે છે.

શૅરમૂડીના સ્ત્રોત દ્વારા આપણા દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ખૂબ વિશાળ પાયા પર ભંડોળ ઉભાં કરવામાં આવ્યાં છે. ભારતનું મૂડીબજાર ખૂબ જ સક્રિય છે. જુદી જુદી કંપનીઓ દ્વારા બજારમાં રજૂ કરવામાં આવેલા શૅરમાં મૂડીરોકાણ કરનારાઓનું ખૂબ સારો આવકાર આપ્યો છે. આથી જ મોટા કદની કંપનીઓ પોતાની વિશાળ મૂડીની જરૂરિયાત સંતોષવા માટે મૂડી બજારના આ પ્રથમ સ્રોત શૅરમૂડીનો સૌથી વધુ ઉપયોગ કરે છે.

**9.5.3 ડિબેન્ચર્સ :**

કંપની પોતાની મૂડીની જરૂરિયાત શૅરમૂડી ઉપરાંત ડિબેન્ચર દ્વારા ઊભી કરી શકે છે. ડિબેન્ચર દ્વારા લાંબાગાળાની મૂડી જરૂરિયાત સંતોષી શકાય છે. જે કંપની ભવિષ્યમાં સ્થિર દરે વ્યાજ આપવાની અપેક્ષા રાખતી હોય તેવી કંપનીઓ ડિબેન્ચર દ્વારા લાંબાગાળાની મૂડી ઊભી કરવાનું પસંદ કરે છે. આવી કંપની ડિબેન્ચર પર નિયમિત રીતે વ્યાજ ચૂકવવાની ક્ષમતા ધરાવતી હોય છે અને ડિબેન્ચર દ્વારા ઊભી કરવામાં આવતી મૂડી લાંબાગાળાની હોવા છતાં તે કાયમી મૂડી નથી. ડિબેન્ચર અમુક સમયની મુદત બાદ પરત કરી શકાય છે. ડિબેન્ચર દ્વારા ઊભી કરેલી મૂડી ભાગીદારી મૂડી નથી. પરંતુ તે લૉન મૂડી એટલે કે ઉછીની લીધેલ મૂડી છે. ડિબેન્ચરમાં નાણાં રોકનારાઓ ધંધાના ભાગીદારો નથી પણ લેણદારો ગણાય છે.

પેઢી નફો કરે કે ન કરે તેઓને નિશ્ચિત દરે નિયમિત વ્યાજ ચૂકવવું પડે છે. ડિબેન્ચર હોલ્ડરોને કંપનીના નફા સાથે કોઈ સંબંધ નથી.

**ડિબેન્ચરની લાક્ષણિકતા :**

ડિબેન્ચરના લક્ષણો નીચે પ્રમાણે દર્શાવી શકાય.

(1) વ્યાજની મર્યાદિત આવક (2) ચોક્કસ તારીખે પરત

(3) ઓછું જોખમ (4) નિયમિત અને નિશ્ચિત આવક

(5) મિલકત પર હક્ક (6) સંચાલનમાં હક નથી.

**(1) વ્યાજની મર્યાદિત આવક :** ડિબેન્ચર પર કેટલા વ્યાજના દરે વ્યાજ ચૂકવાશે તે બહાર પાડતી વખતે જ નક્કી હોય છે. આ વ્યાજનો દર અગાઉથી જ નક્કી હોય છે. કંપનીના નફામાં વધારા કે ઘટાડા સાથે કોઈ સંબંધ હોતો નથી. ડિબેન્ચર પર વ્યાજનો દર સામાન્ય હોય છે.

**(2) ચોક્કસ તારીખે પરત :** ડિબેન્ચર એ કંપનીના દેવાના સ્વીકારનો દસ્તાવેજ છે. તેથી તેના નાણાં કંપની કેટલા સમયમાં પરત કરશે તેની સ્પષ્ટતા કરેલી હોય છે. ડિબેન્ચર ચોક્કસ તારીખે પરત કરવામાં આવે છે.

**(3) ઓછું જોખમ :** ડિબેન્ચર પર શૅરની સરખામણીમાં જોખમનું પ્રમાણ ઘણું ઓછું છે. નિશ્ચિત અને નિયમિત વ્યાજની આવક તેમજ મૂડી પરત મેળવવાનો અધિકારથી ડિબેન્ચરમાં જોખમનું તત્ત્વ નહિવત્ છે. સ્થિર આવક મેળવવા ઈચ્છતા રોકાણકારો ડિબેન્ચરમાં નાણાંનું રોકાણ કરે છે.

**(4) નિયમિત અને નિશ્ચિત આવક :** ઈક્વિટી શૅરહોલ્ડરોની ડિવિડન્ડની આવક અનિશ્ચિત હોય છે જે નફા પર આધારિત હોય છે જ્યારે ડિબેન્ચર પર વ્યાજની આવક નિશ્ચિત અને નિયમિત હોય છે. ડિબેન્ચર હોલ્ડરોને સમયસર નક્કી કરેલા દરે વ્યાજ ન મળે તો કંપનીના વિસર્જન સુધીનાં પગલા લઈ શકે છે.

**(5) મિલકત પર હક્ક :** જ્યારે કંપનીનું વિસર્જન થાય અને મિલકતના વેચાણમાં કોઈ ખોટ થાય તો તે ખોટ ઈક્વિટી શૅર હોલ્ડરોએ ભોગવવી પડે છે. ડિબેન્ચર હોલ્ડરોને તેમના નાણાં પ્રથમ ચૂકવી આપવામાં આવે છે. ગીરો ડિબેન્ચર હોલ્ડરો મિલકતવેચીને પણ પોતાના નાણાં વસૂલ કરી શકે છે.

**(6) સંચાલનમાં હક્ક નથી :** ડિબેન્ચર હોલ્ડરો કંપનીના માલિકો કે ભાગીદારો નથી, પરંતુ લેણદારો ગણાય છે. તેથી કંપનીના સંચાલનમાં ભાગ લેવાનો અધિકાર મળતો નથી, પરંતુ તેમના હિતના રક્ષણ માટે સંચાલકમંડળમાં પોતાનો એક પ્રતિનિધિ નીમી શકે છે. જો કે આ પ્રતિનિધિની સંખ્યા લઘુમતીમાં હોવાથી તેમનો સંચાલનમાં કોઈ અવાજ હોતો નથી.

**9.5.3.1 ડિબેન્ચરના પ્રકારો :**

(A) ફેરબદલીને આધારે : (1) બેરર ડિંબેન્ચર (2) રજિસ્ટર્ડ ડિબેન્ચર

(B) જામીનગીરી ને આધારે : (1) સાદા ડિબેન્ચર (2) ગીરો ડિબેન્ચર

(C) પરતને આધારે : (1) રિડીમેબલ ડિબેન્ચર (2) નોન રિડીમેબલ ડિબેન્ચર

(D) રૂપાંતરને આધારે : (1) સંપૂર્ણ રૂપાંતર પાત્ર ડિબેન્ચર (2) બિન રૂપાંતરપાત્ર ડિબેન્ચર (3) અંશતઃ રૂપાંતરપાત્ર ડિબેન્ચર

**(A) ફેરબદલીને આધારે :**

**(1) બેરર ડિબેન્ચર :** આ પ્રકારના ડિબેન્ચર ચલણી નોટ જેવા હોય છે. તેની ફેરબદલી સરળતાથી ચલણી નોટની જેમ કરી શકાય છે. આ ડિબેન્ચર હોલ્ડરોનું નામ કંપનીના ચોપડામાં નોંધવામાં આવતું નથી. આવા ડિબેન્ચરની સાથે તેની વ્યાજની કૂપન ચોંટાડેલી હોય છે જેની પાસે આ ડિબેન્ચર હોય તે તેનો માલિક ગણાય છે.

**(2) રજિસ્ટર્ડ ડિબેન્ચર :** આ પ્રકારના ડિબેન્ચર હોલ્ડરોનું નામ, સરનામું, ડિબેન્ચર ક્રમાંક નંબર વગેરે કંપનીના ચોપડે નોંધવામાં આવે છે. તેની ફેરબદલી કરવા માટે નિયત ફોર્મ ભરીને કંપનીમાં મોકલવામાં આવે છે. આવા ડિબેન્ચર નોંધાયેલા હોવાથી કંપનીના ચોપડે જેનું નામ નોંધાયેલ હોય તેને વ્યાજ ચૂકવવામાં આવે છે.

**(B) જામીનગીરીને આધારે :**

**(1) સાદા ડિબેન્ચર :** આવાં ડિબેન્ચરો માટે કંપની કોઈ પણ બાંયધરી કે જામીનગીરી આપતી

નથી. આવા ડિબેન્ચર કંપની માટે માત્ર દેવું ગણાય છે. કંપનીની કોઈ મિલકતઆવા ડિબેન્ચર સાથે ગીરો આપવામાં આવતી નથી. કંપની નિયત સમય મર્યાદામાં નિશ્ચિત વ્યાજ ચૂકવે છે.

**(2) ગીરો ડિબેન્ચર :** આ પ્રકારના ડિબેન્ચર માટે કંપની પોતાની કોઈ મિલકતગીરો મૂકે છે અથવા મિલકત પર બોજ ઊભો કરે છે. આ ડિબેન્ચર મિલકતપર ગીરો હક ધરાવે છે. કંપની મિલકત પર આવા ડિબેન્ચર હોલ્ડરો અગ્ર હક્ક ધરાવે છે. આવો બોજ સ્થિર કે અસ્થિર પ્રકારનો હોઈ શકે છે.

**(C) પરતને આધારે :** પરતને આધારે ડિબેન્ચરના નીચે પ્રમાણે બે પ્રકાર દર્શાવી શકાય.

**(1) રિડીમેબલ ડિબેન્ચર :** આવા ડિબેન્ચર કંપની નક્કી કરેલ સમયમર્યાદામાં પરત કરે છે. આવા ડિબેન્ચર કંપની ક્યારે પરત કરશે તે સમય અગાઉથી નક્કી હોય છે. આવા ડિબેન્ચર મૂળ કિંમત અથવા પ્રીમિયમથી પરત કરી શકાય છે. આ ડિબેન્ચર વટાવથી પરત કરી શકાતા નથી.

**(2) નોન રિડીમેબલ ડિબેન્ચર :** આવા ડિબેન્ચરો પરત કરવા માટે કોઈ નિશ્ચિત સમય અગાઉથી નક્કી હોતો નથી. આવા ડિબેન્ચરો જ્યારે કંપની પાસે નાણાં પરત કરવાની સગવડ થાય અથવા કંપની નાણાં પરત કરવાનું ઈચ્છે ત્યારે પરત કરી શકે છે.

**(D) રૂપાંતરને આધારે :**

**(1) સંપૂર્ણ રૂપાંતર ડિબેન્ચર :** જે ડિબેન્ચર બહાર પાડ્યા બાદ અમુક સમય પછી કંપનીના ઈક્વિટી શૅરમાં રૂપાંતર કરવામાં આવે તેને સંપૂર્ણ રૂપાંતર ડિબેન્ચર કહેવામાં આવે છે. આવી રૂપાંતર કરવાની પ્રક્રિયા 18 માસ પછી અને 36 માસ પહેલા કરવામાં આવે છે. રૂપાંતર કરવાના સમયે ડિબેન્ચર હોલ્ડરોને ઈક્વિટી શૅરમાં પોતાના ડિબેન્ચરનું રૂપાંતર કરવું કે નહિ તેનો વિકલ્પ આપવામાં આવે છે.

**(2) બિન રૂપાંતરપાત્ર ડિબેન્ચર :** આ પ્રકારના ડિબેન્ચરનું ઈક્વિટી શૅરમાં રૂપાંતર થતું નથી. પરંતુ પરત કરવાના સમયે ડિબેન્ચર હોલ્ડરને નાણાં પરત કરવામાં આવે છે.

**(3) અંશતઃ રૂપાંતરપાત્ર ડિબેન્ચર :** આવા ડિબેન્ચરમાં બે વિભાગો પાડવામાં આવ્યા હોય છે. જેમાંનો એક વિભાગ રૂપાંતર ડિબેન્ચર અને બીજો વિભાગ બિન રૂપાંતર ડિબેન્ચરનો હોય છે, જેમાં બિન રૂપાંતરવાળા ભાગ માટે ડિબેન્ચર હોલ્ડરને નાણાં પરત કરવામાં આવે છે, જ્યારે રૂપાંતરવાળા ભાગ માટે ડિબેન્ચર હોલ્ડરને ઈક્વિટી શૅરમાં રૂપાંતર અંગે વિકલ્પ આપવામાં આવે છે.

## 9.6 તફાવત : ઈક્વિટી શૅર અને પ્રૅફરન્સ શૅર

| તફાવતના મુદ્દા | ઈક્વિટી શૅર | પ્રૅફરન્સ શૅર |
|---|---|---|
| 1. અર્થ | ડિવિડન્ડ અને મૂડી પરત મેળવવા અંગે જે શૅરને પ્રૅફરન્સ શૅર પછી અધિકાર હોય તેવા શૅરને ઈક્વિટી શૅર કહેવામાં આવે છે. | ડિવિડન્ડ અને મૂડી પરત મેળવવા અંગે જે શૅરને ઈક્વિટી શૅર કરતાં પ્રથમ અધિકાર હોય તેવા શૅરને પ્રૅફરન્સ શૅર કહે છે. |
| 2. ડિવિડન્ડ | ઈક્વિટી શૅર પર ડિવિડન્ડનો દર અનિશ્ચિત હોય છે. નફાના વધઘટની અસર ડિવિડન્ડ પર થાય છે. | પ્રૅફરન્સ શૅર પર ડિવિડન્ડનો દર નિશ્ચિત હોય છે. નફાના વધઘટની અસર ડિવિડન્ડ પર થતી નથી. |
| 3. મતાધિકાર | કંપનીની સભામાં પસાર થતાં દરેક ઠરાવ પર ઈક્વિટી શૅર હોલ્ડરો મત આપી શકે છે. | જ્યારે પ્રૅફરન્સ શૅર હોલ્ડરોને પોતાના હિત સાથે સંબંધ ધરાવતી બાબતો પર જ મત આપવાનો અધિકાર ધરાવે છે. |

| | | |
|---|---|---|
| 4. પ્રકાર | ઈક્વિટી શૅરના કોઈ પ્રકાર નથી. | પ્રેફરન્સ શૅરના રિડીમેબલ ક્યુમ્યુલેટિવ, પાર્ટિસિપેટિંગ પ્રેફરન્સ શૅર જેવા પ્રકારો હોય છે. |
| 5. મૂડી | ઈક્વિટી શૅર દ્વારા કંપની લાંબાગાળાની મૂડી ઊભી કરી શકે છે. | જ્યારે પ્રેફરન્સ શૅર દ્વારા કંપની મધ્યમ ગાળાની અને લાંબાગાળાની મૂડી ઊભી કરી શકે છે. |
| 6. નાણાં પરત અંગે | ઈક્વિટી શૅર પર કંપનીના અસ્તિત્વ દરમિયાન નાણાં પરત કરવામાં આવતાં નથી. સિવાય કે મૂડીઘટાડો કરવામાં આવે તો જ મૂડીનો ભાગ પરત કરી શકાય છે. | પ્રેફરન્સ શૅર કંપનીના પોતાના અસ્તિત્ત્વ દરમિયાન નાણાં પરત કરી શકે છે. |
| 7. મૂડી પરત અંગે | કંપની વિસર્જન વખતે પ્રેફરન્સ શૅર હોલ્ડરોને મૂડી પરત કર્યા બાદ જો મૂડી વધે તો ઈક્વિટી શૅર હોલ્ડરોને કરવામાં આવે છે. | કંપની વિસર્જન વખતે પ્રેફરન્સ શૅર હોલ્ડરોને મૂડી પરત મેળવવા અંગે ઈક્વિટી શૅર હોલ્ડરો કરતાં પ્રથમ હક હોય છે. |
| 8. લાયકાતના શૅર | સંચાલક બનવા માટે ઈક્વિટી શૅરને લાયકાતનાં શૅર ગણવામાં આવે છે. | સંચાલક બનવા માટે પ્રેફરન્સ શૅરને લાયકાત શૅર ગણવામાં આવતા નથી. |
| 9. બૉનસ કે હકનો શૅર | કંપની પોતાના ઈક્વિટી શૅર હોલ્ડરોને બૉનસ અથવા હકના શૅર આપી શકે છે. | કંપની પોતાના પ્રેફરન્સ શૅર હોલ્ડરને બૉનસ અથવા હકના શૅર આપી શકતી નથી. |
| 10. જોખમ | ઈક્વિટી શૅર પર જોખમનું પ્રમાણ વધુ હોય છે કારણ કે ડિવિડન્ડ તથા મૂડી પરત મેળવવાનો હક સૌથી છેલ્લે હોય છે. | પ્રેફરન્સ શૅર પર જોખમનું પ્રમાણ ઓછું હોય છે. કારણ કે ડિવિડન્ડ તથા મૂડી પરત મેળવવાનો હક, ઈક્વિટી શૅર કરતાં પ્રથમ હોય છે. |
| 11. બજાર કિંમતમાં વધઘટ | ઈક્વિટી શૅર પર સટ્ટાનું પ્રમાણ વધુ હોવાથી તેની બજાર કિંમતમાં મોટી વધઘટ રહે છે. | પ્રેફરન્સ શૅર પર સટ્ટાનું પ્રમાણ ઓછું હોવાથી તેની બજાર કિંમત વધઘટ ઓછી રહે છે. |
| 12. સંચાલનમાં અંકુશ | ઈક્વિટી શૅર હોલ્ડરો કંપનીના સંચાલનમાં પૂરતો અંકુશ ધરાવે છે. | પ્રેફરન્સ શૅરહોલ્ડરો કંપનીમાં સંચાલનમાં મર્યાદિત અંકુશ ધરાવે છે. |
| 13. રોકાણકારો | જે રોકાણકારો વધુ આવક અને વધુ જોખમ ઈચ્છતા હોય તેઓ ઈક્વિટી શૅરમાં રોકાણ કરે છે. | જે રોકાણકારો નિશ્ચિત વળતર અને મૂડી ની સલામતી ઈચ્છતા હોય તેઓ પ્રેફરન્સ શૅરમાં રોકાણ કરે છે. |
| 14. કઈ કંપની બહાર પાડી શકે. | દરેક કંપની માટી ઈક્વિટી શૅર બહાર પાડવા ફરજિયાત છે. | દરેક કંપની પ્રેફરન્સ શૅર બહાર પાડી શકે છે. પરંતુ આ શૅર બહાર પાડવા ફરજિયાત નથી. |
| 15. માલિકો | ઈક્વિટી શૅર હોલ્ડરો કંપનીનાં માલિકો ગણાય છે. | પ્રેફરન્સ શૅર હોલ્ડરો કંપનીનાં માલિકો ગણાતા નથી. |

### 9.7 તફાવત : શૅર અને ડિબેન્ચર

| તફાવતના મુદ્દા | શૅર | ડિબેન્ચર |
|---|---|---|
| 1. અર્થ | કંપની પોતાની મૂડીને નાના નાના ભાગ (હિસ્સા)માં વહેંચી દે છે. આ દરેક ભાગ ભાગને શૅર કહેવામાં આવે છે. | કંપની જે નાણાં ઉછીના મેળવે એ નાણાં નાં દરેક ભાગને ડિબેન્ચર કહેવાય. ડિબેન્ચર એ કંપનીના દેવાનો સ્વીકાર કરતો દસ્તાવેજ છે. |
| 2. ડિવિડન્ડ અને વ્યાજ | ઈક્વિટી શૅર પર વળતર તરીકે ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે. | ડિબેન્ચર પર વળતર તરીકે વ્યાજ ચૂકવવામાં આવે છે. |
| 3. ફરજિયાત | શૅર પર ડિવિડન્ડ ચૂકવવું ફરજીયાત નથી સિવાય કે ક્યુમ્યુલેટિવ પ્રકારનાં પ્રેફરન્સ શૅર હોય. | ડિબેન્ચર પર નિયમિત રીતે વ્યાજ ચૂકવવું ફરજિયાત છે. |
| 4. મૂડી-લોન | શૅર એ કંપની માટે માલિકીની મૂડી ગણાય છે. | ડિબેન્ચર એ કંપની માટે ઉછીની મૂડી (લોન) ગણાય છે. |
| 5. ધારણકર્તા | શૅર હોલ્ડરો કંપનીનાં સભ્યો એટલે કે માલિકો ગણાય છે. | ડિબેન્ચર હોલ્ડરો કંપનીનાં લેણદારો છે. |
| 6. અધિકારો | શૅરહોલ્ડરો કંપનીનાં માલિકો હોવાથી વિશાળ અધિકાર ભોગવે છે. | ડિબેન્ચર હોલ્ડરો કંપનીનાં લેણદારો હોવાથી મર્યાદિત અધિકાર ભોગવે છે. |
| 7. ગીરો | કંપની દ્વારા શૅર પર કોઈ સલામતી (બોજ) આપવામાં આવતી નથી. પોતાની મિલકતપર બોજ ઊભો કરે છે. | કંપની દ્વારા ડિબેન્ચર પર સલામતી (બોજ) આપવામાં આવે છે. કંપની |
| 8. નાણાં પરત અંગે | કંપની પોતાના અસ્તિત્ત્વ દરમિયાન શૅર પર નાણાં પરત કરતી નથી સિવાય કે પ્રેફરન્સ શૅર હોય. | કંપની પોતાની અસ્તિત્ત્વ દરમિયાન ડિબેન્ચર નાં નાણાં પરત કરી શકે છે. |
| 9. મૂડી પરત અંગે | કંપનીના વિસર્જન વખતે ડિબેન્ચર પર મૂડી પરત થઈ ગયા બાદ શૅરમૂડી પરત થાય છે. | કંપનીના વિસર્જન વખતે ડિબેન્ચર શૅરમૂડી કરતા પ્રથમ મૂડી પરત કરવામાં આવે છે. |
| 10. જવાબદારી | શૅર પર ડિવિડન્ડ ચૂકવવામાં ન આવે તો કોઈ જવાબદારી વધતી નથી. | ડિબેન્ચર પર વ્યાજ ચૂકવવામાં ન આવે તો કંપનીની જવાબદારી વધે છે. |
| 11. કંપનીની સ્થિતિ | શૅર બહાર પાડવાથી કંપનીની નાણાંકીય સ્થિતિ જોખમાતી નથી. | ડિબેન્ચર બહાર પાડવાથી કંપનીની નાણાંકીય સ્થિતિ જોખમાય છે. |
| 12. સ્ટેમ્પ ડ્યુટી | શૅરની ફેરબદલી વખતે સ્ટેમ્પ ડ્યુટી ઓછી ભરવી પડે છે. | ડિબેન્ચરની ફેરબદલી વખતે સ્ટેમ્પ ડ્યુટી વધુ ભરવી પડે છે. |
| 13. જોખમ | ડિવિડન્ડની અનિશ્ચિતતા અને મૂડી પરત ના અધિકારને લીધે શૅર પર જોખમ વધુ હોય છે. | નિશ્ચિત વ્યાજ અને મૂડી પરતમાં અગ્ર હકને લીધે ડિબેન્ચર પર જોખમ ઓછું હોય છે. |
| 14. વિસર્જનની માંગણી | શૅર પર ડિવિડન્ડ આપવું ફરજિયાત નથી. અસ્તિત્ત્વ દરમ્યાન મૂડી પરત થઈ શકે નહિ તેથી આવા કારણોસર શૅરહોલ્ડરો કંપનીનાં વિસર્જનની માંગણી કરી શકે નહીં. | ડિબેન્ચર પર નિયમિત વ્યાજ ન ચૂકવાય પાક્યા તારીખે નાણાં પરત કરવામાં ન આવે તો ડિબેન્ચર હોલ્ડરો કંપનીનાં વિસર્જનની માંગણી કરી શકે છે. |
| 15. રોકાણકારો | જે રોકાણકારો વધુ વળતર અને વધુ જોખમ ઉઠાવવા માંગતા હોય તેઓ શૅરમાં રોકાણ કરે છે. | જે રોકાણકારો નિશ્ચિત વળતર અને ઓછું જોખમ ઉઠાવવા માંગતા હોય તેઓ ડિબેન્ચરમાં રોકાણ કરે છે. |

## સ્વાધ્યાય

**પ્ર.1 નીચેની પારિભાષિક શબ્દો સમજાવો :**

(1) ઓર્ડિનરી શૅર (2) પ્રૅફરન્સ શૅર (3) ડિબેન્ચર

**પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ઓર્ડિનરી શૅર એટલે શુ ?

(2) ઈક્વિટી શૅરની વ્યાખ્યા આપો.

(3) ઈક્વિટી શૅરના કંપનીની દૃષ્ટિએ ગમે તે બે ફાયદાની ચર્ચા કરો.

(4) ઈક્વિટી શૅરના કંપનીની દૃષ્ટિએ બે મર્યાદાની ચર્ચા કરો.

(5) ઈક્વિટી શૅરના રોકાણકારોની દૃષ્ટિએ બે ફાયદા જણાવો.

(6) ઈક્વિટી શૅરના રોકાણકારોની દૃષ્ટિએ બે મર્યાદા દર્શાવો.

(7) પ્રૅફરન્સ શૅર એટલે શું ?

(8) પ્રૅફરન્સ શૅરના કંપનીની દૃષ્ટિએ બે ફાયદા દર્શાવો.

(9) પ્રૅફરન્સ શૅરના કંપનીની દૃષ્ટિએ બે મર્યાદા જણાવો.

(10) પ્રૅફરન્સ શૅરના રોકાણકારોની દૃષ્ટિએ બે ફાયદાની ચર્ચા કરો.

(11) પ્રૅફરન્સ શૅરના રોકાણકારોની દૃષ્ટિએ બે મર્યાદા દર્શાવો.

(12) ડિબેન્ચર એટલે શું ?

(13) ડિબેન્ચરના કંપનીની દૃષ્ટિએ બે ફાયદા ચર્ચો.

(14) ડિબેન્ચરના કંપનીની દૃષ્ટિએ બે ફાયદા દર્શાવો.

(15) ડિબેન્ચરના રોકાણકારોની દૃષ્ટિએ બે ફાયદા દર્શાવો.

(16) ડિબેન્ચરના રોકાણકારોની દૃષ્ટિએ બે મર્યાદાની ચર્ચા કરો.

(17) લાંબાગાળાની મૂડીનાં પ્રાપ્તિસ્થાનો કયા છે ?

(18) નાણાંના આંતરિક પ્રાપ્તિસ્થાનો એટલે શું ?

(19) વેપાર શાખ એટલે શું ?

(20) ફેક્ટરિંગ એટલે શું ?

(21) રાખી મૂકેલી કમાણી એટલે શું ?

**બહુવિકલ્પીય પ્રશ્નોનાં જવાબ આપો**

(1) નીચેનામાંથી કયું લાંબાગાળાનાં ભંડોળનું લક્ષણ નથી ?

(અ) વધુ જોખમ (બ) કાયમી જરૂરિયાત

**(ક) વધુ તરલતા** (ડ) વધુ પ્રમાણ

(2) નીચે પૈકી કયું લાંબાગાળાનાં ભંડોળને અસર કરતું પરિબળ છે.

(અ) ધંધાનું કદ (બ) ધંધાનો પ્રકાર

(ક) સરકારી નીતિ **(ડ) ઉપરનાં તમામ**

(3) નીચેનામાંથી કયાં લાંબાગાળાનાં ભંડોળ છે.

(અ) ઈક્વિટી શૅર (બ) પ્રૅફરન્સ શૅર

(ક) ડિબેન્ચર્સ **(ડ) ઉપરનાં તમામ**

(4) પ્રૅફરન્સ શૅરહોલ્ડરોને કંપનીમાં મતાધિકાર મળે છે. વિધાન સાચું કે ખોટું.

**જવાબ :** આ વિધાન ખોટું છે. કારણ કે પ્રૅફરન્સ શૅરહોલ્ડરોએ કંપનીનાં લેણદારો છે તેથી મતાધિકાર નહીં મળે.

(5) ઈક્વિટી શૅરહોલ્ડરો એ કંપનીનાં લેણદારો છે. વિધાન સાચું કે ખોટું

**જવાબ :** આ વિધાન ખોટું છે. કારણ કે ઈક્વિટી શૅરહોલ્ડરો એ કંપનીનાં માલિકો છે.

(6) ડિબેન્ચર હોલ્ડરોને માત્ર કંપનીનાં વિસર્જન સમયે જ નાણાં ચૂકવાશે. વિધાન સાચું કે ખોટું

**જવાબ :** આ વિધાન ખોટું છે. કારણ કે ડિબેન્ચર હોલ્ડરોને અમુક ચોક્કસ મુદ્દત બાદ નાણાં ચૂકવવા જ પડે છે.

એકમ 10

# મૂડી પડતર (Cost of Capital)

: રૂપરેખા :

10.1 પ્રસ્તાવના

10.2 મૂડી પડતરનો અર્થ

10.3 મૂડી પડતરનું મહત્ત્વ

10.4 મૂડી પડતરના વિવિધ ખ્યાલો

10.5 નાણાંનાં વિવિધ સ્રોત માટેની ચોક્કસ મૂડી પડતર

10.6 સારાંશ

- સ્વાધ્યાય
- વ્યવહારિક ઉદાહરણો

## 10.1 પ્રસ્તાવના :

ઉત્પાદનના ચાર સાધનો જેવા કે જમીન, મૂડી, શ્રમ અને નિયોજક પૈકી મહત્ત્વનું સાધન મૂડી છે. જેવી રીતે માનવ સંશાધન ચૂકવાતું વળતર (પગાર, મજૂરી કે ફી) એ તેની પડતર ગણાય. યંત્રો માટે ઘસારો તેની પડતર ગણાય. માલસામગ્રી માટે માલસામાનનો વપરાશ તેની પડતર ગણાય. તે જ રીતે મૂડી પર ચૂકવાતું વ્યાજ અથવા ડિવિડન્ડ તથા મેળવવાનો ખર્ચ એ મૂડી પડતર ગણાય.

ધંધાની કુલ મૂડીમાં માલિકીની મૂડી અને ઉછીની મૂડીનો સમાવેશ થાય છે. માલિકીની મૂડીમાં ઈક્વિટી શૅર મૂડી, નફાના પુનઃરોકાણ નો સમાવેશ થાય છે. જ્યારે ઉછીની મૂડીમાં પ્રૅફરન્સ શૅરમૂડી, નાણાંકીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન, જાહેર થાપણો, ડિબેન્ચર, બૅંક લોન, બોન્ડ વગેરેનો સમાવેશ થાય છે ધંધાકીય એકમનું મૂડી માળખું ઘડતા આ તમામ સાધનો દ્વારા મેળવેલી મૂડી પડતર ધ્યાનમાં લેવામાં આવે છે. જુદા જુદા પ્રકારની મૂડી મેળવતા તેની પર કેટલો બોજ પડે છે, તેને મૂડીની પડતર કહેવાય.

ઉદાહરણ તરીકે,

કોઈ એક કંપની રૂ. 100નો એક ડિબેન્ચર રૂ. 95 ની કિંમતે બહાર પાડે અને 1% બહાર પાડવાનો ખર્ચ થાય તથા તે ડિબેન્ચર પર 12 % વ્યાજ આપવું પડે તો કંપનીને મૂડી તરીકે વાપરવા રૂ.94 મળે અને તેના પર રૂ. 12 વ્યાજ આપવું પડે તો તે ડિબેન્ચર પડતર 12.77% ($12 \times \frac{100}{94}$) લગભગ થાય.

હવે જો ધંધાકીય એકમ એ કોઈ યોજનામાં મૂડીરોકણ કરવું હોય અને તે માટે જરૂરી નાણાં ડિબેન્ચર દ્વારા મેળવવાનાં હોય તો ઓછામાં ઓછા 12.77% પ્રાથમિક વળતર મળવું જોઈએ. જો તેનાથી ઓછું વળતર મળે તો ધંધાકીય એકમના શૅરના ભાવ બજારમાં ઘટે છે અને શૅરહોલ્ડરોની સંપત્તિમાં ઘટાડો થાય છે.

નાણાંના સાધનો દ્વારા નાણાં ઊભા કરવા માટે જે કોઈ ખર્ચ કરવામાં આવે તેને તેની મૂડી પડતર કહેવાય. આ મૂડીનું સ્થિર મિલકત અને ચાલુ મિલકતમાં રોકાણ થાય છે અને તેના દ્વારા જે વળતર મળે તેને રોકાણ પર વળતર (ROI - Return of Investment) કહે છે. ધંધાકીય એકમની મૂડી પડતરના દરની સરખામણીમાં રોકાણ પર વળતરનો દર વધુ હોય તો જ પેઢી કમાણી / નફો થાય અને તો જ ધંધાકીય એકમનું આર્થિક અને સામાજિક મૂલ્ય વધે તેથી નાણાંકીય સંચાલકો હંમેશા મૂડી પડતર ઘટે તે માટે પ્રયત્નશીલ હોય છે. આદર્શમૂડી માળખાની તથા મૂડી અંદાજપત્રની રચના કરવા

માટે મૂડી પડતરનો ખ્યાલ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. મૂડી પડતર જેટલી ઓછામાં ઓછી હોય તેટલું શૅરહોલ્ડરોની સંપત્તિ મહત્તમ થઈ શકે છે. અને બજાર મૂલ્ય વધે છે.

## 10.2 મૂડી પડતરનો અર્થ :

- સરળ અર્થમાં કહીએ તો ....

- વિવિધ પ્રકારની મૂડી મેળવતા ધંધાકીય એકમ પર પડતા બોજાને મૂડી પડતર કહે છે.

- મૂડી મેળવવાની પડતર એટલે મૂડી પડતર.

- **શ્રી ખાન અને જૈનના મત મુજબ :**

"મૂડી પડતર એટલે રોકાણ પર વળતરનો એવો ઓછો દર કે જેથી ધંધાકીય એકમનું બજાર મૂલ્ય બદલાયા વગરનું રહે."

- **શ્રી સોલોમન અને પિન્ગલના મત મુજબ :**

"મૂડી પૂરી પાડનારાઓ જે વળતરનો દર માંગે છે તેને મૂડી પડતર કહે છે."

દા.ત. 14% મૂડી પડતર હોય તો મૂડી પૂરી પાડનારાઓ 14% વળતર માંગે છે તેમ કહેવાય.

- **શ્રી હેમ્પટનના મત મુજબ :**

"મૂડી પડતર એટલે ધંધાકીય એકમનો રોકાણ પરનો અપેક્ષિત વળતરનો એવો દર કે જેથી એકમનું બજારમૂલ્ય બદલાયા વગરનું રહે."

- **શ્રી પાંડેના મત મુજબ :**

"મૂડી પડતર એટલે રોકાણ ભંડોળો દ્વારા ઉદ્‌ભવતો દર કે જેના દ્વારા સંપત્તિનું મહત્તમીકરણ થાય અને ભંડોળનો ઉપયોગ વ્યાજબી ગણાય."

- **સોલોમન ઈઝરાના મત મુજબ :**

"મૂડી ખર્ચ માટે ઓછામાં ઓછો જરૂરી દર એટલે મૂડી પડતર."

દા.ત.10%ની પ્રૅફરન્સ શૅરમૂડી, 12% ના ડિબેન્ચર, 8% ની બૅંકલોન.

અહીં, નાણાં સાધનોની આગળ જે % છે. તે મૂડી પડતર દર્શાવે છે.

- **હેલી અને શૈલના મત મુજબ :**

"રોકડ પ્રવાહ મેળવવા માટેનો વટાવનો કોઈ પણ દર એટલે મૂડી પડતર."

## 10.3 મૂડી પડતરનું મહત્ત્વ :

મૂડી પડતરને ધ્યાનમાં રાખીને જ મૂડીરોકણ અંગેના નિર્ણયો તથા નાણાંકીય બાબતો સાથે સંકળાયેલા વિવિધ નિર્ણયો લેવામાં આવે છે. તેથી તે દૃષ્ટિએ મૂડી પડતરનું મહત્ત્વ નીચે મુજબ આંકી શકાય :

### (1) મૂડીમાળખાના ઘડતર માટે :

"ધંધાકીય એકમએ જુદા જુદા પ્રકારની જામીનગીરીઓ દ્વારા મૂડી મેળવી હોય તે પ્રમાણ દર્શાવતું માળખું એટલે મૂડી માળખું. મૂડી માળખામાં માલીકીની જામીનગીરીઓ એટલે કે ઈક્વિટી શૅરમૂડી અને ઉછીની મૂડી એટલે કે ડિબેન્ચર અને દેવાનો સમાવેશ થાય છે. મૂડી માળખામાં ઈક્વિટી અને દેવાનું આદર્શ પ્રમાણ 2:1 છે. આ વિવિધ જામીનગીરીઓની મૂડી પડતર ઓછામાં ઓછી આવે અને શૅરહોલ્ડરોની સંપતિનું મહત્તમીકરણ થાય એ રીતે મૂડી માળખું ઘડવામાં આવે છે."

આ માટે .....

(1) દેવાની પડતર ઈક્વિટી કરતાં નીચી રહે તે બાબત ધ્યાનમાં રાખવામાં આવે છે.

(2) ઈક્વિટી કરતાં દેવાનું પ્રમાણ વધે તો દેવા-ઈક્વિટી ગુણોત્તર વધતાં નાણાંકીય જોખમનું પ્રમાણ વધે. તેથી ઈક્વિટી - દેવા વચ્ચેનું પ્રમાણ જાળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**(2) શૅરનું બજાર મૂલ્ય ટકાવી રાખવા માટે :**

નાણાંકીય સંચાલનનો એક મહત્ત્વનો હેતુ ઈક્વિટી શૅરહોલ્ડરોની સંપત્તિનું મહત્તમીકરણ કરવાનો છે. તેના માટે શૅરની બજાર કિંમત ઊંચી સપાટી એ ટકી રહેવી જરૂરી છે. મૂડી પડતર વળતરનો એવો લઘુત્તમ દર છે કે જેના કરતાં ધંધાકીય એકમ જો વધુ કમાણી કરે તો વળતરનો દર ઊંચા આવતા શૅરની બજાર કિંમત ઊંચી સપાટીએ ટકી રહે છે.

તેનાથી ઉલ્ટું જો મૂડી પડતરના દર કરતાં ઓછી કમાણી કરે તો વળતરનો દર નીચો જતાં શૅરની બજાર કિંમત ઘટે છે. આમ,કંપનીમાં નાણાંનું રોકાણ ઈષ્ટતમ રીતે કરવું હોય તો મૂડી પડતરનો માર્ગદર્શક બને છે તથા આદર્શ પ્રમાણ બને છે.

**(3) મૂડી અંદાજપત્ર (મૂડી બજેટ)નો નિર્ણય લેવા માટે :**

મૂડી બજેટમાં મૂડી ખર્ચની વિવિધ યોજનાઓની વિચારણા કરવામાં આવે છે. આ વિચારણા વખતે કયા પ્રોજેક્ટમાં કેટલો મૂડીખર્ચ થશે તથા તેમાંથી કેટલું વળતર મળશે એ બાબત ધ્યાનમાં લેવાય છે. આ નિર્ણય લેવા માટે યોજના / પ્રોજેક્ટમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહ / કમાણી ને વટાવ દર વડે ગુણવામાં આવે છે. આ વટાવનો દર એ જ મૂડી પડતરનો દર. યોજનામાંથી ઉદ્ભવતા રોકડપ્રવાહનું વર્તમાન મૂલ્ય તેના રોકાણના વર્તનમાન મૂલ્ય કરતાં વધુ હોય તો યોજના સ્વીકારાય છે. આમ, મૂડીરોકાણની યોજનાની પસંદગી મૂડી પડતરના દરને આધારે જ કરવામાં આવે છે.

**(4) નવી જામીનગીરી બહાર પાડવાના નિર્ણય માટે :**

મૂડી ખર્ચની જે યોજના ફાયદાકારક જણાય તે માટે કઈ જામીનગીરીઓ દ્વારા મૂડી એકત્રિત કરવી એ નિર્ણય લેવામાં મૂડી પડતરનો દર માર્ગદર્શક બને છે. આ માટે એકમનું હાલનું મૂડી માળખું કેવું છે. જુદી જુદી રીતે ઊભા કરવાથી મૂડી પડતર કેટલી આવશે તથા તેની સમગ્ર મૂડી પડતર પર કેવી અસર થશે તે જાણવું જરૂરી છે. વળી, વર્તમાન મૂડી પડતર, સરેરાશ મૂડી પડતર અને સીમાંત મૂડી પડતરનો ખ્યાલ નવી જામીનગીરી બહાર પાડવાના નિર્ણય માટે ઉપયોગી છે.

**(5) નાણાંકીય સાધનોના નિર્ણય માટે :**

ધંધાની નાણાંકીય જરૂરિયાતો વિવિધ નાણાંકીય સાધનો જેવા કે ઈક્વિટી શૅર, પ્રૅરફન્સ શૅર, ડિબેન્ચર, બૉન્ડ, બૅંક લોન વગેરે દ્વારા સંતોષી શકાય. આ વિવિધ નાણાંકીય સાધનો પૈકી કયાં સાધનોનો કેટલો ઉપયોગ કરવો તે અંગેનો નિર્ણય પણ મૂડી પડતરના દર પર આધારિત છે. નાણાંકીય સાધનોનો નિર્ણય લેતી વખતે દરેક સાધનની વ્યક્તિગત મૂડી પડતર તથા ભારીત સરેરાશ મૂડી પડતરને ધ્યાનમાં લેવામાં આવે છે.

**(6) સંચાલકોની કાર્યક્ષમતાનો માપદંડ :**

નાણાંકીય સંચાલકો વ્યૂહાત્મક અભિગમ અપનાવી ઈષ્ટત્તમ મૂડી માળખાની રચના કરે છે. તથા વિસ્તૃતીકરણ અને નવિનીકરણ અંગેની યોજનાઓ અમલમાં મૂકે છે કે જેથી ધંધાકીય એકમે કરેલા રોકાણ પર મહત્તમ વળતર મેળવી શકાય. આવી યોજનાઓનો અમલ કર્યા પછી એકમની કુલ મૂડી પડતર તથા વળતરના દરની સરખામણી કરી સંચાલકોએ લીધેલા નિર્ણયો કેટલા અંશે ફાયદાકારક નીવડ્યા તે જાણી શકાય છે. આમ મૂડીપડતરનો ખ્યાલ સંચાલનની કાર્યક્ષમતાના માપદંડ તરીકે ઉપયોગી છે.

**(7) પ્રૉજેક્ટ સંચાલન માટે ઉપયોગી :**

ધંધાકીય એકમના પ્રૉજેક્ટ સંચાલકોએ જુદા જુદા તબક્કે પ્રોજેક્ટના વિકાસ, વિસ્તૃતીકરણ, નવિનીકરણ અંગે નિર્ણય લેવાના હોય છે જે માટે નાણાંની જરૂર પડે છે. આ નાણાંકીય જરૂરિયાત સંતોષવા માટે નાણાંકીય સાધનોની વ્યક્તિગત મૂડીપડતરના બદલે સમગ્ર એકમની કુલ મૂડી પડતર ધ્યાનમાં લે છે.

દા.ત., પ્રૉજેક્ટ માટે રૂ. 5,00,000 ની જરૂરિયાત હોય અને પેઢીની સમગ્ર મૂડી પડતર 13% હોય, તેમ છતાં જો ધંધાકીય એકમ 14% ના દરે ડિબેન્ચર બહાર પાડે તો તે નિર્ણય અયોગ્ય ગણાય.

કારણ કે ... વ્યક્તિગત મૂડી પડતરનો દર (14%) સમગ્ર મૂડી પડતર (13%) ના દર કરતા ઊંચો છે. પરંતુ જો કંપની 11% ની બૅંકલોન દ્વારા તેની નાણાંકીય જરૂરિયાતો સંતોષે તો તે નિર્ણય યોગ્ય ગણાય.

## 10.4 મૂડી પડતરના વિવિધ ખ્યાલો : (Concept of Cost of Capital) :

મૂડી પડતરની સાથે મૂડીપડતરના વિવિધ ખ્યાલો પણ નાણાંકીય નિર્ણય લેવા માટે ઉપયોગી છે મૂડીપડતરને યોગ્ય રીતે સમજવા, મૂડી પડતરના વિવિધ ખ્યાલનો અર્થ અને તેઓ વચ્ચેનો તફાવત જાણવો અને સમજવો જરૂરી છે મૂડી પડતરના અંગેના વિવિધ ખ્યાલો નીચે મુજબ છે :

**(1) ઐતિહાસિક પડતર અને ભવિષ્યની પડતર :**

- **ઐતિહાસિક પડતર :**

"ભૂતકાળમાં મૂડી મેળવવા માટે જે ખર્ચ કરવો પડતો હોય તેને ઐતિહાસિક મૂડી પડતર કહે છે." જુદા જુદા નાણાંકીય સાધનોની ઐતિહાસિક મૂડી પડતરના આધારે એકમની ભારિત સરેરાશ ઐતિહાસિક મૂડી પડતર નક્કી થઈ શકે.

દા.ત. ભૂતકાળમાં મૂડી માળખામાં ઈક્વિટી અને દેવાનું 2:1 હોય અને આ બને સાધનોની વ્યક્તિગત પડતર અનુક્રમે 12% અને 18% હોય તો ઐતિહાસિક ભારિત સરેરાશ મૂડી પડતર નીચે મુજબ થાય; ઈક્વિટીની : $12 \times \frac{2}{3} = 8$ વત્તા દેવાની : $18 \times \frac{1}{3} = 6$ બરાબર 14% થાય. (2:1 હોવાથી $2 + 1 = 3$ છેદમાં મુકેલ છે.)

- **ભવિષ્યની મૂડી પડતર :**

"ભવિષ્યમાં મૂડી મેળવવાની છે તે અંગેની અંદાજિત પડતર એટલે ભવિષ્યની મૂડી પડતર."

ટૂંકમાં.... હવે, પછીની જે મૂડી ઊભી કરવાની છે તે અંગેની મૂડી પડતર એટલે ભવિષ્યની મૂડી પડતર. નાણાંકીય નિર્ણય પ્રક્રિયામાં સામાન્ય રીતે ભવિષ્યની પડતર જ ઉપયોગી છે.

દા.ત. મૂડી બજેટની યોજનામાં રોકાણ કરવાનું હોય તો તેમાંથી ભવિષ્યનો રોકડપ્રવાહ શું હશે ? આંતરિક વળતરનો દર શું હશે ? રોકાણના મૂડી પડતરનો દર શું હશે ? વગેરેમાં ભવિષ્યની મૂડી પડતરનો જ વિચાર કરવામાં આવે છે.

ટૂંકમાં.... ઐતિહાસિક પડતર માત્ર ભવિષ્યની મૂડી પડતર કેટલી હશે તેનો અંદાજ મૂકવામાં જ મદદરૂપ છે તે સિવાય તેનું કોઈ મહત્ત્વ નથી.

**(2) વિશિષ્ટ / વ્યક્તિગત પડતર અને સંયુક્ત પડતર : (Special Cost and Combined Cost)**

**વિશિષ્ટ / વ્યક્તિગત મૂડી પડતર : (Special Cost)**

ધંધાકીય એકમમાં મૂડીમાળખામાં વિવિધ પ્રકારના મૂડીભંડોળો જેવા કે ઈક્વિટી શૅરમૂડી, પ્રૅફરન્સ શૅરમૂડી, ડિબેન્ચર, બૉન્ડ, નફાનું પુનઃરોકાણ / રાખી મુકેલ કમાણી, બૅંકલોન વગેરેનો સમાવેશ થાય છે. આ દરેકની મૂડી પડતરને વિશિષ્ટ મૂડી પડતર કહે છે.

**ઉદાહરણ :** પ્રૅફરન્સ બહાર પાડીને નાણાં ઊભા કરવાની પડતર જો 11% આવે તો તેને પ્રૅફરન્સ શૅરની વિશિષ્ટ મૂડી કહેવાય. દરેક ભંડોળની વ્યક્તિગત/વિશિષ્ટ મૂડી પડતર જાણવાથી કયા ભંડોળનો કેટલો ઉપયોગ કરવો તે અંગે યોગ્ય નાણાંકીય નિર્ણય લઈ શકાય છે.

- **સંયુક્ત પડતર :**

જ્યારે નાણાં ઊભા કરવાના બધા સાધનોની મૂડી પડતરને ધ્યાનમાં લેવામાં આવે ત્યારે તેને

સંયુક્ત મૂડી પડતર કહે છે. સંયુક્ત મૂડી પડતરને ભારિત સરેરાશ મૂડી પડતર પણ કહે છે. કારણ કે આ મૂડી પડતર દરેક નાણાંકીય સાધનોના ભારને ધ્યાનમાં રાખીને તેની સરેરાશ ધ્યાનમાં લેવામાં આવે છે.

દા.ત. ડિબેન્ચર મૂડી પડતર 9% હોય, પ્રૅફરન્સ શૅરની મૂડી પડતર 11% હોય જ્યારે ઈક્વિટી શૅરની મૂડી પડતર 13% હોય તો પ્રાથમિક દષ્ટિએ ડિબેન્ચરનો ઉપયોગ કરવો વધુ હિતાવહ લાગે, પરંતુ મંદીના સમયમાં ડિબેન્ચર વ્યાજનો બોજો સંચાલકોને મુશ્કેલીમાં મૂકે તેવું પણ બની શકે.

તેથી, આદર્શ મૂડીમાળખાની રચના માટે સંયુક્ત મૂડી પડતરનો ખ્યાલ ઉપયોગી છે.

**(3) સરેરાશ પડતર અને સીમાંત પડતર : (Average Cost and Marginal Cost)**

- **સરેરાશ પડતર :**

ધંધાકીય એકમના મૂડીમાળખામાં રહેલી વિવિધ જામીનગીરીઓની જે વિશિષ્ટ મૂડીપડતર છે તે બધાની ભારિત સરેરાશ કાઢવાથી જે મૂડી પડતર મળે છે. તેને સરેરાશ પડતર કહે છે.

દા.ત. મૂડીમાળખામાં ડિબેન્ચર, પ્રૅફરન્સ શૅર, અને ઈક્વિટીનું પ્રમાણ અનુક્રમે $\frac{3}{6}, \frac{2}{6}, \frac{1}{6}$ હોય અને દરેકની વિશિષ્ટ મૂડીપડતર અનુક્રમે 10%, 12% અને 16% હોય તો તેની ભારિત સરેરાશ 12% થાય.,

$$\left(10 \times \frac{3}{6} + 12 \times \frac{2}{6} + 18 \times \frac{1}{6} = 5 + 4 + 3 = 12\% \text{ થાય.}\right)$$

પરંતુ સાદી સરેરાશ મૂડી પડતર 13.33% $\left[\frac{10+12+18}{3}\right]$ થશે. તેથી સાદી સરેરાશનો ઉપયોગ અયોગ્ય ગણાય.

તેથી સાદી સરેરાશના બદલે તેના ભાર પ્રમાણે ભારિત સરેરાશ મૂડીપડતર ધ્યાનમાં લેવાય છે.

- **સીમાંત પડતર : (Marginal Cost)**

"સીમાંત પડતર એટલે વધારાના નાણાં ઊભા કરવાની સરેરાશ મૂડી પડતર."

દા.ત. ધંધાકીય એકમે કોઈ યોજના માટે વધારાનું રૂ. 15,00,000 નું ભંડોળ ડિબેન્ચર દ્વારા મેળવ્યું હોય અને તેની મૂડી પડતર 14% હોય તો સીમાંત પડતર 14% ગણાય.

પરંતુ જો આ નાણાં જુદા જુદા નાણાંકીય સાધનો દ્વારા મેળવ્યા હોય તો તેના સરેરાશ મૂડી પડતર ધ્યાનમાં લેવી જોઈએ.

**(4) વ્યક્ત પડતર અને ગર્ભિત પડતર : (Explicit Cost and Implicit Cost)**

- **વ્યક્ત પડતર (Eplicit cost)**

જ્યારે કોઈ સાધન દ્વારા નાણાં ઊભા કરવામાં આવે ત્યારે તેનો આવક રોકડપ્રવાહ તેને તેના કારણે ભવિષ્યમાં થનાર જાવક રોકડ પ્રવાહ એમ બંનેના વર્તમાન મૂલ્યને સમાન બનાવે તે દરેક વ્યક્ત મૂડી પડતર કહે છે.

દા.ત. એક કંપની એ 8 વર્ષની મુદ્દતના 10% વ્યાજના 10,00,000ના ડિબેન્ચર બહાર પડ્યા.

અહીં કંપની રૂ. 10,00,000ના ડિબેન્ચર બહાર પડે તો તે આવક રોકડ પ્રવાહ કહેવાય.

હવે, દર વર્ષે 1,00,000 વ્યાજનો જાવક રોકડ પ્રવાહ થાય અને આઠમા વર્ષને અંતે રૂ.10,00,000 મુદ્દલ પરત કરવું પડે તે જાવક રોકડ પ્રવાહ ગણાય.

આમ, બધા જાવક રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય અને આવક રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય જે દરે સરખા થાય તેને વ્યક્ત મૂડી પડતર કહે છે.

- **ગર્ભિત પડતર (Implicit Cost) :**

"ગર્ભિત પડતર એટલે વિચારણા હેઠળની મૂડી ખર્ચની યોજના સ્વીકારવામાં આવે તો તેના કારણે બીજી શ્રેષ્ઠ મૂડી યોજના કંપનીએ છોડી દેવી પડે તેના વળતરનો દર."

આમ, મર્યાદિત ભંડોળ હોય ત્યારે કોઈ એક યોજનાની પસંદગીના કારણે બીજી યોજના જતી કરવી પડે તો તે બીજી યોજનાના વળતરના દરને ગર્ભિત પડતર કહે છે.

દા.ત. કંપની પાસે રૂ. 15,00,000 નું ભંડોળ છે અને કંપની બેંકમાં 12% વ્યાજ સાથે ડિપોઝીટ મૂકી શકે છે અથવા અન્ય કંપનીના ડિબેન્ચરમાં 14% વ્યાજે રોકી શકે છે.

હવે, અહિયા જો કંપની ડિપોઝીટ તરીકે નાણાં મૂકે તો તેને ડિબેન્ચર રોકાણ કરવાનો વિકલ્પ જતો કરવો પડે એટલે કે 14% ગર્ભિત પડતર કહેવાય.

ટૂંકમાં ....

નાણાં ઊભા કરવામાં આવે ત્યારે વ્યક્ત (વાસ્તવિક) પડતર ઉદ્ભવે છે અને જ્યારે તેનો ઉપયોગ કરવામાં આવે ત્યારે જતાં કરેલા વિકલ્પના સંદર્ભમાં ગર્ભિત પડતર ઉદ્ભવે છે.

**(5) હાજર પડતર અને સામાન્ય પડતર : (Spot Cost and Noraml Cost) :**

- **હાજર પડતર (Spot Cost) :**

"અમુક ચોક્કસ સમયે બજારમાં પ્રવર્તતી પડતર એટલે હાજર પડતર." મૂડી ખર્ચની વિવિધ દરખાસ્તોના મૂલ્યાંકન માટે હાજર પડતર ઉપયોગી છે.

**સામાન્ય પડતર (Normal Cost) :**

અર્થતંત્રના તેજી-મંદીનાં પ્રવાહોને ધ્યાનમાં લીધા વગર અંદાજિત મૂકેલી પડતરને સામાન્ય પડતર કહે છે સામાન્ય સંજોગોમાં મૂડી રોકાણની દરખાસ્તોના મૂલ્યાંકન માટે સામાન્ય પડતર ધ્યાનમાં લેવાય છે.

## 10.5 નાણાંનાં વિવિધ સ્ત્રોત માટેની ચોક્કસ મૂડી પડતર :

કંપની તેની મૂડીની જરૂરિયાત જુદા જુદા સ્ત્રોતો / સાધનો જેવા કે ઇક્વિટી શૅર, પ્રેફરન્સ શૅર, ડિબેન્ચર, લોન, ડિપોઝિટ દ્વારા પૂરી કરે છે. દરેક સાધનોની વિશિષ્ટ પડતર નક્કી કરવી મુશ્કેલી છે કારણ કે તેના માટે દરેકમાં અનેક પ્રકારની ધારણાઓ કરવી પડે છે. છતાં સમગ્ર મૂડી પડતર નક્કી કરવા માટે દરેક સાધનોની મૂડી પડતર વિશે વિગતે અભ્યાસ કરીએ, જે નીચે મુજબ છે.

10.5.1 દેવા પડતર

10.5.2 પ્રૅફરન્સ શૅરની પડતર

10.5.3 ઇક્વિટી શૅરની પડતર

10.5.4 અનામતની પડતર

10.5.5 ભારિત સરેરાશના આધારે મૂડીની પડતર

હવે દરેકની સવિસ્તર **સમજૂતી** ઉદાહરણ સાથે સમજીશું.

### 10.5.1 દેવા પડતર :

દેવાની મૂડીપડતરની ગણતરી સરળ છે કારણ કે, તેના પર વ્યાજનો દર નિશ્ચિત છે, જે ચૂકવવો જ પડે છે આ વ્યાજનો દર એ જ દેવાની મૂડી પડતર ગણાય છે. દેવામાં નિશ્ચિત વ્યાજ ધરાવતી લોન, ડિબેન્ચર, બૉન્ડ વગેરેનો સમાવેશ થાય છે.

**ડિબેન્ચરની મૂડી પડતર :**

ઉછીની મૂડીના પ્રાપ્તિસ્થાન તરીકે ડિબેન્ચરનું મહત્ત્વ વધતું ગયું છે. કંપની ડિબેન્ચર પર નિશ્ચિત દરે વ્યાજ ચૂકવી ઇક્વિટી પરનો વેપાર કરી શકે છે કે તેથી ઇક્વિટી શૅરહોલ્ડરોને વધુમાં વધુ વળતર ચૂકવી શકાય.

દેવાની પડતર ગણતરી વખતે કરવેરા ધ્યાનમાં લેવા જરૂરી છે તેથી કરવેરા પહેલાની મૂડી પડતર અને કરવેરા પછીની મૂડી પડતર અલગ રીતે દર્શાવી શકાય.

ડિબેન્ચરની મૂડી પડતર નીચેની રીતે શોધાય છે.

(1) ડિબેન્ચર મૂળકિંમતે બહાર પડ્યા હોય.

(2) ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પડ્યા હોય.

(3) ડિબેન્ચર વટાવથી બહાર પડ્યા હોય.

ડિબેન્ચરની મૂડી પડતર શોધવાના સૂત્રો :

**(A) ઇરીડીમેબલ (પરત ન કરવાને પાત્ર) ડિબેન્ચરની મૂડી પડતર/ કાયમી દેવાની મૂડી પડતર**

**(a) કર પહેલાની મૂડી પડતર :**

ડિબેન્ચરની મૂડી પડતર (kd) = $\frac{I}{P}$ અહીં, I = Interest = વ્યાજની રકમ

P = Price recevied = ડિબેન્ચરની મળેલ રકમ

**(b) કર પછીની મૂડી પડતર :**

ડિબેન્ચરની મૂડી પડતર (kd) = $\frac{I}{P}(1-t)$ અહીં, t = taxation rate = કરવેરાનો દર

**(B) રિડીમેબલ (પરત થઇ શકે તેવા) ડિબેન્ચરની મૂડી પડતર :**

**(a) કર પહેલાની મૂડી પડતર :**

ડિબેન્ચરની મૂડી પડતર (kd) = $\dfrac{I+\frac{1}{n}(F-P)}{\frac{1}{2}(F+P)}$

જ્યાં, I = વ્યાજની રકમ

N = Number of years = વર્ષો / મુદ્દત

F = Face Value = ડિબેન્ચરની મૂળ કિંમત

P = Price received = ડિબેન્ચરની મળેલ કિંમત/ વેચાણ કિંમત

**(b) કર પછીની મૂડી પડતર :**

ડિબેન્ચરની મૂડી પડતર (kd) = $\dfrac{I+\frac{1}{n}(F-P)}{\frac{1}{2}(F+P)}(1-t)$

અહીં, t = કરવેરાનો દર

**ઉદાહરણ - 1** અનેરી લી.એ 12% રૂ. 10,00,000 ના ડિબેન્ચર રૂ. 100ની મૂળ કિંમતે બહાર પડ્યા હોય તો તેની મૂડી પડતર શોધો. કરવેરાનો દર 50% છે.

**જવાબ :**

**નોંધ :** અહીં પરત કરવાની મુદ્દત આપેલ નથી તેથી ઈરરીડિમેબલ (પરત ન કરવાને પાત્ર) ડિબેન્ચર ગણાય.

**કર પહેલાની મૂડી પડતર :**

$$Kd = \frac{I}{P}$$

$$= \frac{12}{100} \qquad \text{અહીં, } I = 12, P = 100$$

$$= 0.12$$

= 12% (ટકાવારીમાં ફેરવવા 100 વડે ગુણવા)

**કર બાદની મૂડી પડતર :**

$$= \frac{I}{P}(1\text{-}t) \qquad t = \text{કરવેરાનો દર}$$

$$= \frac{12}{100}(1 - 0.5) \qquad = 50\%$$

$$= 0.12\ (0.5) \qquad = \frac{50}{100}$$

$$= 0.06 \qquad = 0.5$$

$$= 6\%$$

**ઉદાહરણ - 2** પાર્થ લી.એ રૂ. 8,00,000 ના 12% ના ડિબેન્ચર રૂ. 94ના ભાવે 8 વર્ષની મુદ્દત માટે બહાર પાડ્યા છે ડિબેન્ચરની મૂળ કિંમત રૂ. 100 હોય અને કરવેરાનો દર 50% હોય તો કરબાદની મૂડી પડતર શોધો.

**જવાબ :**

**નોંધ :** અહીં પરત કરવાની મુદ્દત આપેલ છે. તેથી રિડીમેબલ (પરત કરવાને પાત્ર) ડિબેન્ચર ગણાય.

$$Kd = \frac{I + \frac{1}{n}(F-P)}{\frac{1}{2}(F+P)}(1-t) \qquad \text{અહીં, } I = 12, P = 94$$

n = 8 વર્ષ    t = 50% = 0.5

F = 100

$$= \frac{12 + \frac{1}{8}(100-94)}{\frac{1}{2}(100+94)}(1-0.5)$$

$$= \frac{12 + \frac{1}{8}(6)}{\frac{194}{2}}(1-0.5)$$

$$= \frac{12 + 0.75}{97}(0.5)$$

$$= \frac{12.75}{97}(0.5)$$

$= 0.1314\,(0.5)$

$= 0.0657$

$= 6.57\%$ (100 વડે ગુણતા)

**ઉદાહરણ-3** સચિન લી. એ રૂ. 100 ની મૂળ કિંમત (દાર્શનિક કિંમત)ના 14% ના ડિબેન્ચર બહાર પાડ્યા, જે 10 વર્ષે પરત કરવાના છે. ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ 4% આવશે. કરવેરાનો દર 55% હોય તો ડિબેન્ચરની મૂડીપડતર ગણો.

**જવાબ :**

$$Kd = \frac{I + \frac{1}{n}(F-P)}{\frac{1}{2}(F+P)}(1-t)$$

અહીં, I = 14%, F = 100

n = 10 વર્ષ, t = 55% = 0.55

P = 100-4=96 (4% બહાર પાડવાનો ખર્ચ)

$$= \frac{14 + \frac{1}{10}(100-96)}{\frac{1}{2}(100+96)}(1-0.55)$$

$$= \frac{14+0.4}{98}(0.45)$$

$$= \frac{14.4}{98}(0.45)$$

$= 0.1469\,(0.45)$

$= 0.06612$

$= 6.61\%$ (100 વડે ગુણતા)

**ઉદાહરણ -4** ચાંદની લી. એ રૂ. 100 નો એક એવા 15% ડિબેન્ચર 10 વર્ષના અંતે પરત કરવાની શરતે નીચે મુજબ બહાર પડ્યા. કરવેરાનો દર 50% હોય તો નીચેના સંજોગોમાં ડિબેન્ચરની મૂડી પડતર શોધો.

(1) ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડવામાં આવે.

(2) ડિબેન્ચર 8% ના વટાવે બહાર પાડવામાં આવે.

**જવાબ :**

(1) ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડવામાં આવે:

$$Kd = \frac{I + \frac{1}{n}(F-P)}{\frac{1}{2}(F+P)}(1-t)$$

અહીં, I = 15, F = 100

$$= \frac{15 + \frac{1}{10}(100-100)}{\frac{1}{2}(100+100)}(1-0.5)$$

n = 10 વર્ષ, t = 50% = 0.5

$$= \frac{15}{\frac{200}{2}}(0.5)$$

P = 100

$$= \frac{15}{100}(0.5)$$

= 0.75

= 7.5% (100 વડે ગુણતા)

(2) ડિબેન્ચર 8% ના વટાવે બહાર પાડવામાં આવે :

$$Kd = \frac{I+\frac{1}{n}(F-P)}{\frac{1}{2}(F+P)}(1-t)$$ અહીં, I = 15% F = 100

$$= \frac{15+\frac{1}{10}(100-92)}{\frac{1}{2}(100+92)}(1-0.05)$$ n = 10 વર્ષ, t = 50% = 0.5

$$= \frac{15+0.8}{96}(0.5)$$ P = 100-8% = 92

= 0.16458 (0.5)

= 0.0823

= 8.23% (100 વડે ગુણતા)

**10.5.2 પ્રેફરન્સ શૅરની મૂડી પડતર :**

ડિબેન્ચરની તુલનામાં પ્રેફરન્સ શૅરની મૂડી પડતર ગણવી મુશ્કેલ છે કારણ કે ડિબેન્ચર પર નિશ્ચિત દરે વ્યાજ ચૂકવાય છે. જ્યારે પ્રેફરન્સ શૅર પડ ડિવિડન્ડનો દર નિશ્ચિત હોવા છતાં ડિવિડંન્ડ ચૂકવવું કંપની માટે ફરજિયાત નથી.

પ્રેફરન્સ શૅરની મૂડી પડતર શોધતા ડિબેન્ચરની મૂડી પડતર શોધતા કરવેરાનો જે ફેરફાર કરવો પડે છે તે કરવો પડતો નથી. કારણ કે પ્રેફરન્સ શૅર પરનું ડિવિડન્ડ કરવેરા ચુકવ્યા પછીના નફામાંથી ચૂકવવાનું હોય છે.

પ્રેફરન્સ શૅરની મૂડી પડતર ગણવા પ્રેફરન્સ શૅરને બે ભાગમાં વહેંચીશું.

(1) ઈરરિડીમેબલ પ્રેફરન્સ શૅર (પરત ન થઈ શકે તેવા પ્રેફરન્સ શૅર)

(2) રિડીમેબલ પ્રેફરન્સ શૅર (પરત થઈ શકે તેવા પ્રેફરન્સ શૅર)

1. પ્રેફરન્સ શૅર ઇરરિડિમેબલ હોય

$$Kp = \frac{D}{P}$$ જ્યાં, Kp = પ્રેફરન્સ શૅરની મૂડી પડતર

D = ડિવિડંડ, P = મળેલ રકમ

2. પ્રેફરન્સ શૅર રિડિમેબલ હોય ત્યારે :

$$Kp = \frac{D+\frac{1}{n}(F+P)}{\frac{1}{2}(F+P)}$$ જ્યાં, D = ડિવિડન્ડ, n = વર્ષો

F = મૂળ કિંમત/ દાર્શનિક કિંમત

P = મળેલ રકમ

**ઉદાહરણ - 5** પાર્થ લી. એ રૂ. 100 નો એક એવા 12% ના ઇરરીડિમેબલ (પરત ન થઈ શકે તેવા) પ્રેફરન્સ શૅર બહાર પાડ્યા. જેને બહાર પાડવાનો ખર્ચ 4% છે. પ્રેફરન્સ શૅરની મૂડી પડતર શોધો.

જવાબ :

$$Kp = \frac{D}{P}$$ D = 100 × 12% = રૂ. 12

$$= \frac{12}{96}$$ P = 100 – (4% બહાર પાડવાનો ખર્ચે) રૂ. 4

= 0.125 = 96 રૂ. મળેલ રકમ

= 12.5% (100 વડે ગુણવા) **નોંધ :** બહાર પાડવાનો ખર્ચ મૂળકિંમત પર ગણાય.

**ઉદહારણ - 6** નયન લી. એ રૂ. 100નો એક એવા 10% ના રિડીમેબલ પ્રેફરન્સ શૅર 10 વર્ષના અંતે પરત કરવાની શરતે બહાર પડ્યા. શૅર બહાર પાડવાનો ખર્ચ 5% છે જો કરવેરાનો દર 55% હોય તો પ્રેફરન્સ શૅર અંગે મૂડી પડતર ગણો.

**જવાબ :**

$$Kp = \frac{D + \frac{1}{n}(F+P)}{\frac{1}{2}(F+P)}$$ અહીં, D = 100 × 10% = રૂ.10

$$= \frac{10 + \frac{1}{2}(100-95)}{\frac{1}{2}(100+95)}$$ n = 10 વર્ષ, F = 100

$$= \frac{10+2.5}{97.5}$$ P = 100–(5% બહાર પાડવાનો ખર્ચ)

= 0.1282 = રૂ. 95 મળેલ રકમ

= 12.82% (100 વડે ગુણતા)

**નોંધ :** પ્રેફરન્સ શૅરનું ડિવિડન્ડ ધંધાનો ખર્ચ નથી તે નફાની વહેંચણી છે, તેથી આવકવેરાનો દર ધ્યાનમાં લેવાશે નહીં.

**ઉદાહરણ -7** સવાર લી. એ રૂ. 100નો એક એવા 12% ના 1000 રિડીમેબલ પ્રેફરન્સ શૅર 5% વટાવે બહાર પાડ્યા. શૅર બહાર પાડવાનો ખર્ચ રૂ. 5,000 થયો. આ શૅર 10 વર્ષ પછી પરત કરવાના છે.

નીચેના સંજોગોમાં પ્રેફરન્સ શૅરની મૂડી પડતર શોધો.

(1) રિડીમેબલ પ્રેફરન્સ શૅર હોય.

(2) ઈરારિડીમેબલ પ્રેફરન્સ શૅર હોય.

**જવાબ :**

**(1) રિડિમેબલ પ્રેફરન્સ શૅર હોય**

$$Kp = \frac{D + \frac{1}{n}(F+P)}{\frac{1}{2}(F+P)}$$ અહીં, D = 100 × 12% = રૂ. 12

$$= \frac{12 + \frac{1}{10}(100-90)}{\frac{1}{2}(100+90)}$$ n = 10 વર્ષ, F = 100

$= \frac{12+1}{95}$ F = દાર્શનિક કીંમત 100

$= \frac{13}{95}$ - બહાર પાડવાનો ખર્ચ (5,000/1000) 5

$= 0.1368$ - વટાવ (100 × 5%) 5

= 13.68% (100 વડે ગુણતા) P = મળેલ રકમ = 90

**(2) ઈરરિડીમેબલ પ્રેફરન્સ શૅર હોય**

$Kp = \frac{D}{P}$ D = 12

$= \frac{12}{90}$ P = 90 રૂ. મળેલ રકમ

$= 0.1333$

= 13.33%

**10.5.3 ઈક્વિટી શૅરની મૂડી પડતર :**

ધંધાકીય એકમના સ્થિર મૂડીના પ્રાપ્તિસ્થાનોમાં ઈક્વિટી શૅરમૂડીનો ફાળો મહત્ત્વનો છે પ્રેફરન્સ શૅરમૂડીની પડતર નક્કી કરવાનું કાર્ય સૌથી વધુ મુશ્કેલ છે. કારણ કે પ્રેફરન્સ શૅર અને ડિબેન્ચર પર ચૂકવણીનો દર નિશ્ચિત છે જેથી તેની મૂડી પડતર સરળતાથી નક્કી થઈ શકે. પરંતુ ઈક્વિટી શૅર પર ડિવિડંડનો દર નિશ્ચિત હોતો નથી. દર વર્ષે કેટલું ડિવિડન્ડ આપવું તે સંચાલકોની મરજી પર અવલંબે છે વળી, કંપની બંધ થાય તો ઈક્વિટી શૅરહોલ્ડરોને મૂડી પણ છેલ્લે નાણાં વધે તો જ મળે છે.

આમ, ઈક્વિટી શૅરમૂડી પર નિશ્ચિત ડિવિડંન્ડ ચૂકવવાની કોઈ જવાબદારી નથી કે મુદલ રકમ પરત કરવાની નથી.

ઈક્વિટી શૅરમૂડીની પડતરની ગણતરી માટે મુખ્યત્ત્વે નીચેની બે પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

(1) ડિવિડન્ડ અભિગમ

(2) કમાણી અભિગમ

આ બંને પદ્ધતિઓનો ઉદાહરણ સહીત વિગતે અભ્યાસ કરીએ :

**(1) ડિવિડન્ડ અભિગમ :**

આ અભિગમ મુજબ ઈક્વિટી શૅરમૂડીની પડતર ડિવિડન્ડ પર આધારિત છે. ભવિષ્યમાં કંપની જે ડિવિડન્ડ ચૂકવશે તેનો આધાર લઈ ને સૂત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

ભવિષ્યના શૅરદીઠ અપેક્ષિત ડિવિડન્ડનું વર્તમાન મૂલ્ય અને શૅરના વેચાણની ચોખ્ખી ઉપજનું વર્તમાન મૂલ્ય બે જે દરે સરખા થાય તે દરને ઈક્વિટી શૅર મૂલ્યની મૂડી પડતર કહે છે.

ડિવિડન્ડ અભિગમ મુજબ ઈક્વિટી શૅરમૂડીની પડતર શોધવાનું સૂત્ર :

**(a) શૅર બહાર પડાવાનો ખર્ચ ન આપેલ હોય**

$Ke = \frac{D}{P} + g$ અહીં Ke = ઈક્વિટી શૅરની પડતર

P = શૅરની ચોખ્ખી ઉપજ / બજાર કિંમત

D = શૅરદીઠ ડિવિડન્ડ

g = ડિવિડન્ડનો વૃદ્ધિદર

**(b) શૅર બહાર પાડવાનો ખર્ચ આપેલ હોય**

$Ke = \frac{D}{P(1\text{-}f)} + 9$ જ્યાં, F = Floatation Cost = શૅર બહાર પાડવાનો ખર્ચ

**નોંધ :** શૅર બહાર પાડવાના ખર્ચમાં વિજ્ઞાપન પત્ર બહાર પાડવાનો ખર્ચ, કાનૂની ફી, બાંયધરી કમિશન, દલાલી વગેરેનો સમાવેશ થાય છે.

**ઉદાહરણ - 8** અજય લી.ના ઇક્વિટી શૅરનો બજાર ભાવ રૂ.30 છે જ્યારે તેની દાર્શનિક કિંમત રૂ. 10 છે. આ કંપની એ ચાલુ વર્ષે શૅર દીઠ રૂ. 4 ડિવિડન્ડ જાહેર કર્યું છે. જ્યારે તેના ડિવિડન્ડનો વૃદ્ધિદર 10% છે. કંપનીના ઈક્વિટી શૅરમૂડીની મૂડી પડતર શોધો.

**જવાબ :**

**નોંધ :** અહીં શૅર બહાર પાડવાનો ખર્ચ આપેલ નથી તેથી નીચેના સૂત્રની મદદથી ઈક્વિટી શૅરમૂડીની પડતર શોધાશે.

$$Ke = \frac{D}{P} + g$$
$$= \frac{4}{30} + 0.1$$
$$= 0.1333 + 0.1$$
$$= 0.2333$$
$$= 23.33\%$$

અહીં,
P = બજાર ભાવ = 30

D = શૅરદીઠ ડિવિડન્ડ = 4

g = ડિવિડંડનો વૃદ્ધિદર = 10% = $\frac{10}{100}$ = 0.1

**ઉદાહરણ - 9** મહાવીર લી. એ રૂ. 100નો એક એવા ઈક્વિટી શૅર બહાર પડેલા છે શૅર બહાર પાડવાનો ખર્ચ 3% થયો. કંપનીએ શૅરદીઠ રૂ. 8 ડિવિડન્ડનું વહેંચેલું છે અને ડિવિડન્ડનો વૃદ્ધિદર 6% અંદાજ્યો છે. ઈક્વિટી શૅરમૂડીની પડતર શોધો.

**જવાબ**

**નોંધ :** અહીં, શૅર બહાર પાડવાનો ખર્ચ આપેલ છે તેથી નીચે મુજબના સૂત્રનો ઉપયોગ થશે.

$$Ke = \frac{D}{P(1-f)} + g$$
$$= \frac{8}{100(1-0.03)} + 0.06$$
$$= \frac{8}{97} + 0.06$$
$$= 0.0825 + 0.06$$
$$= 0.1425$$
$$= 14.25\%$$

જ્યાં, D = રૂ. 8

P = 100 - 3% = 97

g = 6% = 0.06

F = 3% = 0.03

**2. કમાણી અભિગમ (Earning Approach) :**

આ પદ્ધતિમાં ઇક્વિટી શૅરમૂડીની પડતર શોધવા માટે ડિવિડન્ડ નહીં પરંતુ, કંપનીની કમાણી ધ્યાનમાં લેવાય છે. કમાણી અભિગમ મુજબ ઇક્વિટી શૅરમૂડીની પડતર શોધવા નીચે મુજબની કેટલીક ધારણાઓ કરવામાં આવે છે.

**કમાણી અભિગમની ધારણાઓ :**

(1) કંપનીની કમાણીના આધારે શૅરની બજારકિંમત નક્કી થાય છે.

(2) રોકાણકારો ભવિષ્યમાં મળનાર ડિવિડન્ડ અંગેનો કોઠો તૈયાર કરી શકે છે.

(3) શૅર દીઠ ડિવિડન્ડ શૂન્ય કરતાં વધુ હોય છે.

(4) ડિવિડન્ડ ચૂકવવાનો ગુણોત્તર સ્થિર છે.

(5) કંપની કમાયેલો બધો જ નફો શૅરહોલ્ડરો ડિવિડન્ડ સ્વરૂપે વહેંચી દે છે. એટલે નફાનું પુનઃરોકાણ શૂન્ય છે.

**કમાણી અભિગમ મુજબ ઇક્વિટી શૅરમૂડીની પડતર શોધવાનું સૂત્ર :**

$Ke = \frac{E}{P}$ Ke = ઇક્વિટી શૅરમૂડીની પડતર

E = શૅરદીઠ કમાણી

P = શૅરદીઠ પ્રાપ્ત થતી રકમ

**ઉદાહરણ -10** શ્રી સામરિયા લી. ની વર્તમાન કમાણી રૂ. 7,20,000 છે. તેના હાલના ઇક્વિટી શૅરની સંખ્યા 60,000 છે. તેની હાલની મૂળ કિંમત રૂ. 100 છે. મૂડી માળખામાં કોઈ દેવુ નથી. કંપની તેની વિસ્તરણ યોજના માટે રૂ. 18,00,000ના નવા ઇક્વિટી શૅર 10% વટાવે બહાર પાડવા માંગે છે. જેનો બહાર પાડવાનો ખર્ચ મૂળ કિંમતના 6% છે જો કંપનીની કમાણી સ્થિર હોય તો ઇક્વિટી શૅરમૂડીની પડતર કેટલી હશે ?

**જવાબ :**

$Ke = \frac{E}{P}$ અહીં, E = શૅરદીઠ કમાણી = $\frac{20,000}{60,000}$ = રૂ. 12

$= \frac{12}{84}$ P = મૂળકિંમત – વટાવ ખર્ચ – બહાર પાડવાનો ખર્ચ

= 0.1429 = 100 – 10 – 6 = રૂ. 84

= 14.29%

**10.5.4 અનામતની પડતર / રાખી મુકેલ કમાણી પડતર / નફાના પુનઃરોકાણની પડતર : (Cost of Reserves/Cost of Retained Earning)**

આ ખ્યાલ પ્રમાણે કંપની પોતાના જ નફાનું પોતાના ધંધામાં રોકાણ કરતી હોવાથી મૂડી મેળવવાનો કોઈ પ્રાથમિક ખર્ચ કરવો પડતો નથી. આ ઉપરાંત કોઈ વ્યાજ કે ડિવિડન્ડ ચૂકવવું પડતું નથી. તેથી કોઈ નાણાંકીય બોજો પણ ઊભો થતો નથી. આ હકીકત ધ્યાનમાં રાખીને નફાના પુનઃ રોકાણને ખર્ચ વગરનું નાણાં પ્રાપ્તિનું સાધન ગણવામાં આવે છે. પ્રાથમિક દૃષ્ટિએ આ ખ્યાલ સાચો લાગે છે. પરંતુ કંપની જેટલે અંશે નફાનું પુનઃ રોકાણ કરે તેટલે અંશે શૅરહોલ્ડરને ડિવિડન્ડ સ્વરૂપે મળતી આવકમાં ઘટાડો થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો શૅરહોલ્ડરોને તે રકમનું બીજે રોકાણ કરતાં અટકાવ્યા છે. આમ, નફાના પુનઃરોકાણને કારણે શૅરહોલ્ડરોએ જેટલે અંશે કમાણીની તકો જતી કરી છે તે જ નફાના પુનઃ રોકાણની પડતર ગણાય છે.

નફાના પુનઃરોકાણની પડતર ઇક્વિટી શૅરમૂડી, પ્રેફરન્સ શૅરમૂડી અને દેવા કરતાં અલગ રીતે ગણવામાં આવે છે. કારણ કે પ્રેફરન્સ શૅર અને દેવા માટે નિશ્ચિત ડિવિડન્ડ કે વ્યાજ ચૂકવણીનો કરાર કરવો પડે છે. તેથી તેની સ્પષ્ટ પડતર હોય છે. જ્યારે નફાના પુનઃ રોકાણ અંગે આવા કોઈ કરાર કરવો પડતો નથી. તેથી તેમની મૂડી પડતર ગર્ભિત હોય છે. અને આ પ્રકારની ગર્ભિત મૂડી પડતર આ સાધનોની વૈકલ્પિક પડતરના આધારે નક્કી થાય છે.

નફાના પુનઃરોકાણની પડતર ગણવાનું સૂત્રઃ શ્રી વાર્નહોને નીચે પ્રમાણે દર્શાવ્યું છે .

Kr = Ke (1-t) (1-B)

Kr = નફાના પુનઃરોકાણની પડતર t = કરવેરાનો દર

Ke = ઇક્વિટી શૅરહોલ્ડરોનો અપેક્ષિત વળતર B = દલાલીનો દર

**ઉદાહરણ-11** એક કંપનીની વાર્ષિક આવક રૂ. 4,00,000 છે શૅરહોલ્ડરો 10% વળતરની અપેક્ષા રાખે છે. જો કંપની પોતાના શૅરહોલ્ડરોને ડિવિડન્ડ સ્વરૂપે કમાણી વહેંચી દે તો કરવેરા બાદ કર્યા પછીની ડિવિડન્ડની આવકમાંથી તેઓ અન્ય કંપનીમાં રોકાણ કરીને 10% વળતર કમાઈ શકે તેમ છે.

કંપનીએ નફાનું પુનઃરોકાણ કરવું હોય તો કયાં દરે કમાણી કરવી જોઈએ ? શૅરહોલ્ડરોએ 50% ના દરે કરવેરા ચૂકવ્યા છે અને દલાલીનો દર 4% છે.

**જવાબ :**

| વિગત | | રૂ. |
|---|---|---|
| કંપનીમાંથી મળેલી કુલ આવક | | 4,00,000 |
| બાદ : વ્યક્તિગત કરવેરા 50% | | 2,00,000 |
| | કરવેરા બાદનો નફો | 2,00,000 |
| બાદ : દલાલી 4% લેખે (2,00,000ના 4%) | | 8,000 |
| | વાસ્તવિક રોકાણ | 1,92,000 |
| રોકાણ ઉપર અપેક્ષિત વળતરનો દર 10% (19,200 × 10) | | 15,200 |

નફાના પુનઃ રોકાણની પડતર (Kr) = $\frac{19,200}{4,00,000} = 0.048 = 4.80\%$

ઉપરની ગણતરી નીચેના સૂત્રથી થઈ શકે :

$Kr = Ke\,(1 - t)\,(1 - B)$

અહીં $Ke = 10\%$, $t = 50\%$, $B = 4\%$

હવે Kr $= 0.1\,(1-0.5)\,(1-0.04)$

$= 0.1\,(0.5)\,(0.96)$

$= 0.048$

$= 4.80\%$

### 10.5.5 ભારિત સરેરાશ મૂડી પડતર (Weighted average cost of capital)

મૂડી માળખામાં ઈક્વિટી શૅરમૂડી, પ્રૅફરન્સ શૅરમૂડી, ડિબેન્ચર, બૅંક લોન જેવી જામનીગીરીઓનો સમાવેશ થાય છે. જે દ્વારા મૂડી મેળવવા માટે કેટલાક વિશિષ્ટ ખર્ચ કરવા પડે છે. જેને ખાસ મૂડી પડતર કહેવાય છે. આ મૂડી પડતરમાં ઇક્વિટી શૅરમૂડીની પડતર પ્રૅફરન્સ શૅરમૂડીની પડતર, દેવાની મૂડી પડતર, નફાના પુનઃ રોકાણની પડતર વગેરેનો સમાવેશ થાય છે. આમ જ્યારે મૂડી માળખામાં એક કરતાં વધુ જામીનગીરીઓનો સમાવેશ થતો હોય ત્યારે ખાસ મૂડી પડતર ધ્યાનમાં લેવામાં આવે છે. તેથી ભારીત સરેરાશ મૂડી પડતરનો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો છે.

**ભારિત સરેરાશ મૂડી પડતરનો અર્થ :**

મૂડી માળખામાં સમાવિષ્ટ દરેક જામીનગીરીઓની મૂડી પડતર અને કુલ મૂડીમાં જેતે જામીનગીરીઓનું પ્રમાણ ધ્યાનમાં રાખીને તેની સરેરાશના આધારે જે મૂડી પડતર ગણાય તેને ભારિત સરેરાશ મૂડીપડતર કહે છે.

**ભારિત સરેરાશ મૂડી પડતરની ગણતરી :**

નીચે મુજબ ત્રણ પગલામાં કરી શકાય :

(1) સૌ પ્રથમ દરેક સાધનોની વિશિષ્ટ મૂડી પડતર ગણી કાઢવી

દા.ત. ઈક્વિટી શૅરની, ડિબેન્ચરની વગેરે

(2) મૂડી પડતર. હવે, મૂડી માળખામાં દરેક સાધનનું જે પ્રમાણ હોય તેને તેની વિશિષ્ટ મૂડી પડતર વડે ગણવું.

(3) આ રીતે દરેક સાધનોની જે ભારીત પડતર આવે તેનો સરવાળો કરવો આ કરવાથી ભારિત સરેરાશ પડતર મળશે.

**ઉદાહરણ - 12** ભાવેશ લિમિટેડનું મૂડીમાળખું નીચે મુજબ છે.

| વિગત | રૂ. |
|---|---|
| ઈક્વિટી શૅરમૂડી (80,000 શૅર દરેક રૂ.10નો.) | 8,00,000 |
| 10% ની પ્રેફરન્સ શૅરમૂડી (3,200 શૅર દરેક રૂ.100) | 3,20,000 |
| 12% ના ડિબેન્ચર (4,800 દરેક રૂ. 100નો) | 4,80,000 |
| | 16,00,000 |

ચાલુ વર્ષે કંપનીએ શૅર દીઠ રૂ. 2 ડિવિડન્ડ આપેલ છે. ડિવિડન્ડનો વૃદ્ધિ દર પ્રતિ વર્ષ 7% છે કરવેરાનો દર 50% છે. ઈક્વિટી શૅરની બજાર કિંમત રૂ. 30. પ્રૅફરન્સ શૅરની બજાર કિંમત રૂ. 90 અને ડિબેન્ચરની બજાર કિંમત રૂ. 80 છે.

ઉપરોક્ત માહિતીને આધારે ચોપડે મૂલ્ય ભાર પ્રમાણે તથા બજાર મૂલ્ય ભાર પ્રમાણે ભારિત સરેરાશ મૂડી પડતર ગણો.

જવાબ:

| **જામીનગીરી** | **રકમ રૂ.** | **પ્રમાણ % માં (જે- તે જામીનગીરી/કુલ મૂડી × 100)** |
|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી (દરેક રૂ. 10નો) | 8,00,000 | 50% |
| 10% ની પ્રેફરન્સ શૅરમૂડી (દરેક રૂ. 100 નો) | 3,20,000 | 20% |
| 12% ના ડિબેન્ચર (દરેક રૂ. 100નો) | 4,80,000 | 30% |
| | 16,00,000 | 100% |

હવે દરેક જામીનગીરીની વ્યક્તિગત મૂડી પડતરની ગણતરી.

**1. ઈક્વિટી શૅરની મૂડી પડતર :**

$$Ke = \frac{D}{P} + G$$

$$= \frac{2}{30} + 0.07$$

$$= 0.0667 + 0.07$$

$$= 0.13667$$

$$= 0.13667$$

$$= 13.667\%$$

**2. પ્રૅફરન્સ શૅરમૂડીની પડતર :**

$$Kp = \frac{D}{P} = \frac{10}{90}$$

$$= 0.1111 = 11.11\%$$

**3. ડિબેન્ચરની મૂડી પડતર :**

$$Kd = \frac{I}{p}(1\text{-}t)$$ અહીં, I = વ્યાજની રકમ, t = કરવેરાનો દર, P = ડિબેન્ચરની કુલ રકમ

$$= 12/80(1-0.5) = 0.15\ (0.5) = 0.075 = 7.5\%$$

હવે,

ભારિત સરેરાશ પદ્ધતિ પ્રમાણે મૂડી પડતર: અહીં મૂડી માળખામાં દરેક પ્રકારની જામીનગીરીનું પ્રમાણ આપેલું છે. દરેકની વ્યક્તિગત પડતર આપણે અગાઉ શોધી છે. તેને જામીનગીરીના પ્રમાણમાં સાથે ગુણાકાર કરવાથી ભારિત સરેરાશ પડતર નીચે મુજબ જાણી શકાય.

**(A) ચોપડે મૂલ્યભાર (Book Value Weight) પ્રમાણે ભારિત મૂડી પડતર :**

| જામીનગીરી | ચોપડા કિંમત | ભાર | વ્યક્તિગત પડતર | ભારીત મૂડી પડતર |
|---|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | 8,00,000 | 50% | 13.667% | 6.83% |
| 10% પ્રેફરન્સ શૅરમૂડી | 3,20,000 | 20% | 11.11% | 2.22% |
| 12% ડિબેન્ચર | 4,80,000 | 30% | 7.5% | 2.25% |
| **કુલ** | **16,00,000** | **100%** | | **11.3%** |

**ભારની ગણતરી :** ભારિત સરેરાશ પડતરની પદ્ધતિમાં જામીનગીરીને ભાર આપતી વખતે કઈ રકમને ભાર આપવો તે પ્રશ્ન ઉદ્ભવે છે. ઉપરના ઉદાહરણમાં મૂડીમાળખામાં દર્શાવેલ રકમને એટલે કે ચોપડે દર્શાવેલ કિંમતને ધ્યાનમાં રાખી ભાર આપવામાં આવ્યો છે. આ સિવાયની જામીનગીરીની બજાર કિંમત ધ્યાનમાં રાખીને પણ ભાર (Weight) આપીને ભારિત પડતર શોધી શકાય.

**(B) બજાર મૂલ્યભાર (Market Value Weight) ને આધારે ભારિત મૂડી પડતરની ગણતરી :**

ઉપરના ઉદાહરણમાં રૂ.10ના ઇક્વિટી શૅરની બજાર કિંમત રૂ.30, પ્રેફરન્સ શૅરની બજાર કિંમત રૂ. 90 અને રૂ.100ના ડિબેન્ચરની બજારકિંમત રૂ. 80 છે તો આ બજાર મૂલ્યને આધારે ભારિત મૂડી પડતરની ગણતરી નીચે મુજબ થશે :

| જામીનગીરી | બજારકિંમત | ભાર | વ્યક્તિગત પડતર | ભારીત મૂડી પડતર |
|---|---|---|---|---|
| ઇક્વિટી શૅરમૂડી (80,000 શૅર × 30) | 24,00,000 | 78.13% | 13.667% | 10.69% |
| 10% ના પ્રેફરન્સ શૅર (32,000 શૅર × 90) | 2,88,000 | 9.37% | 11.11% | 1.04% |
| 12% ના ડિબેન્ચર (4,800 ડિબેન્ચર × 80) | 3,84,000 | 12.50% | 7.5% | 0.94% |
| **કુલ** | **30,72,000** | **100%** | | **12.67%** |

**ઉદાહરણ - 13** એ.બી.સી. કંપની લિમિટેડનું મૂડી માળખું નીચે મુજબ છે.

| **વિગત** | **રૂ.** |
|---|---|
| ઇક્વિટી શૅરમૂડી (20,00,00 શૅર) | 40,00,000 |
| 6% ની પ્રેફરન્સ શૅરમૂડી | 10,00,000 |
| 8% ના ડિબેન્ચર | 30,00,000 |
| કુલ | 80,00,000 |

કંપનીના શૅર રૂ.20 ના ભાવે વેચાય છે. કંપની આવતા વર્ષે શૅરદીઠ રૂ. 2 નું ડિવિડન્ડ વહેંચશે અને તે પ્રતિવર્ષ 7% ના દરે વધશે એવો અંદાજ છે. ધારો કે ટેક્ષનો દર 50% છે.

(1) હાલના મૂડીમાળખા પર આધારિત કંપનીની ભારિત સરેરાશ મૂડી પડતર ગણો.

(2) જો કંપની 10 ટકાના ડિબેન્ચરથી વધારાના રૂ. 20,00,000 નું દેવું વધારે તો કંપનીની નવી ભારિત સરેરાશ મૂડી પડતર કેટલી થશે ?

દેવુ વધારવાથી ડિવિડન્ડની અપેક્ષા વધીને શૅરદીઠ રૂ. 3 થશે અને વિકાસ દરની અપેક્ષામાં કોઈ ફેરફાર થશે નહીં. પરંતુ શૅરદીઠ ભાવ ઘટીને રૂ. 15 થશે.

ચોપડા મૂલ્યની આધારિત ભારિત સરેરાશ મૂડીની પડતરની ગણતરી કરો.

**જવાબ**

(1) હાલના મૂડીમાળખા પ્રમાણે, કંપનીની ભારીત સરેરાશ મૂડી પડતર સૌપ્રથમ દરેક જામીનગીરીની વ્યક્તિગત મૂડી પડતર શોધીએ.

**(1) ઈક્વિટી શૅર મૂડી પડતર :**

$$Ke = \frac{D}{P} + g = \frac{2}{20} + 7\% = 10\% + 7\% = 17\%$$

**(2) 6 ટકાની પ્રૅફરન્સ શૅર મૂડીની પડતર :**

$$Ke = \frac{D}{P} \qquad Kp = \frac{6}{100} = 0.06 = 6\%$$

**(3) ડિબેન્ચરની કરવેરા પછીની મૂડી પડતર :**

$$Kp = \frac{D}{P}(1 - t) = \frac{8}{100}(1 - 0.5) = 0.08\ (0.5) = 0.04 = 4\%$$

ચોપડા મુજબ પેઢીની ભારિત સરેરાશ મૂડી પડતર :

| જામીનગીરીનો પ્રકાર | ચોપડા મૂલ્ય રૂ. | વ્યક્તિગત મૂડી પડતર રૂ. | કુલ પડતર રૂ. |
|---|---|---|---|
| (1) ઈક્વિટી શૅરમૂડી | 40,00,000 | 17% | 6,80,000 |
| (2) પ્રૅફરન્સ શૅરમૂડી | 100,0000 | 6% | 60,000 |
| (3) ડિબેન્ચર | 30,00,000 | 4% | 120,000 |
| **કુલ** | **80,00,000** | | **8,60,000** |

$$\text{મૂડીની ભારિત સરેરાશ મૂડી પડતર} = \frac{\text{કુલ પડતર}}{\text{કુલ મૂડી}} \times 100$$

$$= \frac{8,60,000}{80,00,000} \times 100 = 10.75\%$$

(2) 10 % ના રૂ. 20,00,000 ડિબેન્ચર બહાર પાડ્યા પછીના મૂડીમાળખા પ્રમાણે પેઢીની ભારિત સરેરાશ મૂડી પડતર :

નવી પરિસ્થિતિમાં દરેક જામીનગીરીની વ્યક્તિગત મૂડી પડતરની ગણતરી :

(1) ઈક્વિટી શૅરમૂડી પડતર :

$$= \frac{3}{15} + 0.07 = 0.2 + 0.07 = 0.27 = 27\%$$

(2) 6% ની પ્રેફરન્સ શૅરમૂડીની પડતર :

$$Kp = \frac{D}{P} \times 100 = \frac{6}{100} \times 100 = 6\%$$

(3) 8% ના ડિબેન્ચરની મૂડી પડતર (કરવેરા પછીની) :

$$Kd = \frac{I}{P}\ (1 - t) = \frac{8}{100}\ (1 - 0.5) = 0.08\ (0.5) = 0.04 = 4\%$$

(4) 10% ના ડિબેન્ચરની મૂડી પડતર (કરવેરા પછીની) :

$$Kd = \frac{I}{P}\ (1 - t) = \frac{10}{100}\ (1 - 0.5) = 0.1\ (0.5) = 0.05 = 5\%$$

નવા મૂડીમાળખા માટે ભારિત સરેરાશ મૂડી પડતર :

| જામીનગીરીનો પ્રકાર | ચોપડા મૂલ્ય રૂ. | વ્યક્તિગત મૂડી પડતર રૂ. | કુલ પડતર રૂ. |
|---|---|---|---|
| (1) ઈક્વિટી શૅરમૂડી | 40,00,000 | 27% | 10,80,000 |
| (2) 6% ની પ્રેફરન્સ શૅરમૂડી | 10,00,000 | 6% | 60,000 |
| (3) 8% ના ડિબેન્ચર | 30,00,000 | 4% | 1,20,000 |
| (4) 10% ના ડિબેન્ચર | 20,00,000 | 5% | 1,00,000 |
| **કુલ** | **1,00,00,000** | | **13,60,000** |

$$\text{સરેરાશ ભારિત મૂડી પડતર} = \frac{\text{કુલ પડતર}}{\text{ચોપડા મૂલ્ય}} \times 100 = \frac{13,60,000}{1,00,00,000} \times 100 = 13.6\%$$

## 10.5 સારાંશ

મૂડી પડતર ધંધાકીય એકમનું મૂડીમાળખું ઘડતા ધ્યાનમાં લેવાતું મહત્ત્વનું પરિબળ છે. ધંધાકીય એકમ સામાન્ય રીતે બે પ્રકારના ભંડોળ જેવા કે માલિકીના ભંડોળ અને ઉછીના ભંડોળનો ઉપયોગ કરી રોકાણકારોને મહત્તમ વળતર આપવાનો પ્રયત્ન કરે છે. આ માટે મૂડી પડતર એ મહત્ત્વનું પરિબળ છે. મૂડી પડતર એટલે નાણાં મેળવવાની પડતર છે. દરેક ધંધાકીય એકમ આ મૂડી પડતરથી વધુ વળતર મેળવવાનો પ્રયત્ન કરે છે કે જેથી ઉછીની મૂડી આપનારાઓને નિશ્ચિત વળતર ચૂકવી શકાય અને ધંધાના માલિકોને વધુમાં વધુ ડિવિડન્ડ ચૂકવી શકાય.

## 10.6 વ્યવહારિક અને હેતુલક્ષી ઉદાહરણો :

**ઉદાહરણ-14** પરેશ લી. 14% નો રૂ. 100 નો એક એવા 10 વર્ષની મુદતના ડિબેન્ચર રૂ. 96ની કિંમતે બહાર પડે છે અને તેના પર બાંયધરી કમિશન અને અન્ય ખર્ચ કિંમતના 4% ટકા ચૂકવે છે. જો કરવેરાનો દર 50% હોય તો કરબાદ મૂડી પડતર ગણો. જો આ ડિબેન્ચર ઈરરિડીમેબલ હોય તો મૂડી પડતર શું આવે ?

**જવાબ :**

**(અ) જો ડિબેન્ચર પરત કરપાત્ર હોય તો મૂડી પડતર :**

$$Ki = \frac{I + \frac{1}{n}(F - P)}{\frac{1}{2}(F + P)}\ (I - t)$$

જ્યાં I = વાર્ષિક વ્યાજ = 14

P = ડિબેન્ચરની ચોખ્ખી ઉપજ = 96-4 = રૂ. 92

$$= \frac{(14 + \frac{1}{10}(100 - 92)}{\frac{1}{2}(100 + 92)} (1.05)$$ F = ડિબેન્ચરની મૂળ કિંમત = 100

$$= \frac{(14 + \frac{8}{10})}{96} (0.5)$$

$$= \frac{14 + 0.8}{96} (0.5)$$

= 0.1542 (0.5)

= 0.0771

= 7.71%

**(બ) જો આ ડિબેન્ચર કાયમી કે ઈરરિડીમેબલ હોય તો :**

**મૂડી પડતર (Kd) =** $\frac{I}{P}(1 - t) = \frac{14}{92}(1 - 0.5)$

= 0.1522 (0.5)

= 0.0761

= 7.61%

**ઉદાહરણ - 15 :** કોમલ લિમિટેડની અનામતો ઘટી રહી છે અને કંપનીની કમાણી અને ડિવિડન્ડ પણ વાર્ષિક 8 ટકાના દરે ઘટી રહી છે. જો પાછલા વર્ષનું ડિવિડન્ડ રૂ.10 હોય અને વળતરનો જરૂરી દર 15 ટકા હોય તો કંપનીના ઇક્વિટી શૅરની ચાલુ બજાર કિંમત કેટલી હશે ?

**જવાબ :** આપણે ઇક્વિટી શૅરની મૂડી પડતરનું સૂત્ર જોઈ ગયા છીએ. અહીં મૂડી પડતર આપી દીધી છે તેના પરથી શૅરની ચાલુ બજાર કિંમત શોધવાની છે. તે નીચે મુજબ શોધાશે :

$$Ke = \frac{D}{F} + g$$

અહીં D = શૅર દીઠ ડિવિડન્ડ

| | |
|---|---|
| પાછલા વર્ષનું ડિવિડન્ડ | રૂ. 10.,00 |
| - 8% ઘટાડો થશે. (10 × 8%) | 0.80 |
| ∴ ચાલુ વર્ષનું ડિવિડન્ડ | 9.20 થશે. |

P = શૅરની બજાર કિંમત = ?

g = વૃદ્ધિ દર = – 8%

Ke = ઇક્વિટી શૅરમૂડીની પડતર (વળતરનો જરૂરી દર) = 15%

હવે, $0.15 = \frac{9.20}{P} - 0.08$

$$\therefore 0.15 + 0.08 = \frac{9.20}{P}$$

$$\therefore 0.23 = \frac{9.20}{P}$$

$\therefore P = \frac{9.20}{0.23}$ = રૂ. 40 ઇક્વિટી શૅરનો બજારભાવ

**ઉદાહરણ-16** સુરભી લિમિટેડ વિકાસ કરી રહી છે અને હાલ કોઈ ડિવિડન્ડ આપતી નથી. તે લાંબે ગાળે શૅરદીઠ રૂ. 14ની ભાવિ કમાણીની અપેક્ષા રાખે છે. હાલ કંપનીના શૅરનો ભાવ રૂ. 112 છે. નવા ઇક્વિટી શૅર બહાર પાડવામાં આવે તો શૅરની કિંમતના 10% જેટલો સરેરાશ બહાર પાડવાનો ખર્ચ આવશે. કંપનીની નવી ઇક્વિટી શૅર મૂડીની પડતર કેટલી હશે ?

**(જવાબ :**

$$Ke = \frac{\text{શેરદીઠ કમાણી}}{\text{શેરદીઠ ચોખ્ખી ઉપજ}} = \frac{E}{P}$$

અહીં, P = શૅરદીઠ ચોખ્ખી ઉપજ

= બજાર ભાવ રૂ. 112.00

- 10% ખર્ચ રૂ. 11.20

∴ શૅરદીઠ ચોખ્ખી ઉપજ 100.80

$$\therefore \quad Ke = \frac{14}{100.8} = 13.89\%$$

**ઉદાહરણ - 17** ત્રિશા લિમિટેડનો વહેંચણી પાત્ર નફો 9,00,000 છે. કંપનીના શૅરહોલ્ડર 20% વળતરની આશા રાખે છે. જો કંપનીનો નફો શૅર હોલ્ડરો વચ્ચે વહેંચી દેવામાં આવે, તો ડિવિડન્ડની રકમ ઉપર તેઓ બીજી કંપનીમાં 15% વળતર કમાઈ શકે છે. નવા રોકાણ ઉપર દલાલીનો દર 5% ગણાય. જો કંપનીએ કમાણીને ધંધામાં રાખી મૂકવી હોય તો ક્યા દરે કમાણી કરવી જોઈએ ? શૅર હોલ્ડરો 40% ના કરવેરા સ્લેબમાં છે તેવું ધારી લો.

**(જવાબ :** અહીં રાખી મુકેલ કમાણીની પડતર શોધવાની છે.

$$Ke = Ke\ (1-t)\ (1-b)$$

જ્યાં Ke = 20% તેથી $K_2 = \frac{20}{100}(1 - \frac{40}{100})(1 - \frac{5}{100})$

T = 20% = 0.2 (0.60) (0.95)

B = 5% = 0.114 × 100

= 11.40%

આ બાબત નીચે મુજબ ગણતરી કરીને શોધી શકાય :

| | |
|---|---|
| શૅર હોલ્ડરોને ચૂકવવા પાત્ર થતું કુલ ડિવિડન્ડ | 9,00,000 |
| બાદ : કરવેરા 40% લેખે | 3,60,000 |
| કરવેરા બાદ ડિવિડન્ડ | 5,40,000 |
| બાદ : દલાલી 5% લેખે (5,40,000 × 5%) | 27,000 |
| ચોખ્ખું રોકાણ | 5,13,000 |

રૂ. 5,13,000 ઉપર 20% લેખે અપેક્ષિત વળતર

$$= 5,13,000 \times \frac{20}{100} = 1,02,600$$

$$= \frac{1,02,600}{9,00,000} \times 100 = 11.40\%$$

## સ્વાધ્યાય

**(અ) સૈદ્ધાંતિક**

1. મૂડી પડતરનો અર્થ અને તેનું મહત્ત્વ સમજાવો.
2. મૂડી પડતરના જુદા જુદા ખ્યાલો જણાવી કોઈ પણ બે ખ્યાલ સવિસ્તર સમજાવો.
3. ઇક્વિટી શૅરમૂડીની પડતર કેવી રીતે ગણાય ? ઇક્વિટી શૅરમૂડીની પડતર ગણવાના બંને અભિગમો સવિસ્તર સમજાવો.
4. દેવાની મૂડીપડતર કઈ રીતે ગણવામાં આવે ?
5. "રાખી મુકેલ કમાણી એ પડતર મુક્ત ભંડોળ નથી." સમજાવો.
6. 'ભારિત સરેરાશ મૂડી પડતર' સવિસ્તર સમજાવો.

**(બ) હેતુલક્ષી પ્રશ્નો**

1. નીચેના પદ સમજાવો.

   (1) મૂડી પડતર

   (2) ભવિષ્યની મૂડી પડતર

   (3) સરેરાશ મૂડી પડતર

   (4) વ્યક્ત મૂડી પડતર

   (5) ગર્ભિત મૂડી પડતર

   (6) વિશિષ્ટ / ખાસ મૂડી પડતર
2. ઉછીની મૂડીના પ્રાપ્તિ સ્થાનો જણાવો.
3. ડિવિડન્ડ અભિગમ મુજબનું ઇક્વિટી શૅર મૂડીની પડતર શોધવાનું સૂત્ર જણાવો.
4. સંયુક્ત મૂડી પડતરનું બીજું નામ જણાવો.
5. સીમાંત પડતર એટલે શું ?
6. વ્યક્ત પડતરનું બીજું નામ જણાવો.
7. બજારમાં પ્રવર્તતી પડતરને કઈ પડતર કહેવાય ?
8. ઇરરીડિમેબલ પ્રૅફરન્સ શૅરની પડતર શોધવાનું સૂત્ર જણાવો.
9. ઇક્વિટી શૅરમૂડીની પડતર શોધવાના અભિગમો જણાવો.
10. શૅર બહાર પાડવાના ખર્ચમાં કયા કયા ખર્ચનો સમાવેશ થાય છે ?

**(ક) વ્યવહારિક**

1. પ્રણાલી લી. એ રૂ.100નો એક એવા 10% રૂ. 1,00,000 ના ડિબેન્ચર 3% વટાવે બહાર પાડ્યા છે. જે 10 વર્ષ પછી પરત કરવાના છે. જો કરવેરાનો દર 50% હોય તો ડિબેન્ચરની કરબાદ મૂડી પડતર શોધો.

(**જવાબ** 5.29% ડિબેન્ચરની કરબાદ મૂડી પડતર)

2. સિદ્ધિ લી. એ રૂ.100નો એક એવા 14% ના રૂ. 4,00,000 ડિબેન્ચર બહાર પાડ્યા જે 10 વર્ષ પછી પરત કરવાના છે. જેને બહાર પાડવાનો ખર્ચ 4% થશે. કરવેરાનો દર 50% હોય તો ડિબેન્ચરની મૂડી પડતર ગણો.

(**જવાબ :** ડિબેન્ચરની કરબાદ મૂડી પડતર 7.35%)

3. ઝાનિલ લી. એ રૂ. 100 નો એક એવા 15% ના રૂ. 5,00,000 ઈરિડીમેબલ ડિબેન્ચર બહાર પાડ્યા છે. કરવેરાનો દર 50% છે.

નીચેના સંજોગોમાં ડિબેન્ચરની મૂડી પડતર ગણો.

(1) જો ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડવામાં આવે.

(2) જો ડિબેન્ચર 8% પ્રીમયમે બહાર પડાવામાં આવે.

(3) જો ડિબેન્ચર 10% ના વટાવે બહાર પડાવામાં આવે.

(**જવાબ :** સંજોગ 1 : 7.5%, સંજોગ 2 : 6.94%, સંજોગ 3 : 8.33%)

7. હીર લિ. ના ઇક્વિટી શૅરની બજારકિંમત રૂ. 40 છે અને તે શૅરદીઠ રૂ. 5 ડિવિડન્ડ આપે છે. ડિવિડન્ડનો વૃદ્ધિ દર 7% છે તો ઇક્વિટી શૅરની મૂડી પડતર ગણો.

(**જવાબ :** ઈક્વિટી શૅરની મૂડી પડતર 19.50%)

8. ત્રિશા લિ. 10નો એક એવા નવા ઇક્વિટી શૅર બહાર પાડવા માંગે છે શૅરદીઠ બહાર પાડવાનો ખર્ચ શૅરની કિંમતના 5% જેટલો થશે. કંપની શૅર દીઠ રૂ. 1.20 ડિવિડન્ડ આપવા માંગે છે અને ડિવિડન્ડનો વૃદ્ધિ દર 6% અંદાજવામાં આવ્યો છે. નવા ઇક્વિટી શૅરની મૂડી પડતર ગણો.

(**જવાબ :** મૂડી પડતર 18.63%)

9. સચિન લી. વર્તમાન કમાણી રૂ. 8,00,000 છે અને તેના હાલના ઈક્વિટી શૅરની સંખ્યા 1,00,000 છે. તેની હાલની બજારકિમત શૅરદીઠ રૂ. 50 છે. મૂડી માળખામાં કોઈ દેવું નથી. કંપની તેની વિસ્તરણ યોજના માટે રૂ. 15,00,000ના નવા ઇક્વિટી શૅર બજારકિંમતના 5%ના વટાવે બહાર પાડવા માંગે છે. જેનો બહાર પાડવાનો ખર્ચ બજારકિંમતના 5% થશે. જો કંપનીની કમાણી સ્થિર હોય તો ઈક્વિટી શૅરમૂડીની પડતર કેટલી થશે ?

(**જવાબ :** મૂડી પડતર 17.78%, Ke = E/P = રૂ.8 / રૂ.45 = 17.78% શૅરદીઠ કમાણી 8,00,000 / 100,000 = રૂ. 8 એ P = ઉપજ રૂ. 50 - રૂ. 2.50 વટાવ - રૂ. 2.50 ખર્ચ = રૂ. 45.)

11. ગોદરેજ કંપની લિ. હાલ કોઈ ડિવિડન્ડ આપતી નથી, પરંતુ તેના ધંધાનો વિકાસ થઈ રહ્યો છે અને હવે પછી શૅરદીઠ રૂ. 15ની કમાણીની અપેક્ષા રાખે છે. કંપનીનો શૅરનો હાલનો ભાવ રૂ. 75 છે. નવા શૅર બહાર પાડવામાં આવે તો શૅરની બજાર કિંમતના 8 ટકા જેટલો ખર્ચ આવશે. તો કંપનીની નવા ઈક્વિટી શૅરમૂડીની પડતર કેટલી થશે ?

(**જવાબ :** શૅરમૂડીની પડતર 21.74%)

12. ડીમ્પલ કંપનીના રૂ. 100 ના ઇક્વિટી શૅરનો બજારભાવ રૂ. 500 છે. કંપનીની નવા ઈક્વિટી શૅર રૂ. 420 ના ભાવે (રૂ.100 + રૂ. 320 પ્રીમિયમ) બહાર પાડવા ઈચ્છે છે. શૅર ઈસ્યુ કરવાનો ખર્ચ શૅર દીઠ રૂ. 20 અંદાજવામાં આવ્યો છે. કંપનીની કમાણીનો વિકાસ દર 10% છે, શૅર પર અપેક્ષિત ડિવિડન્ડ રૂ. 22 અંદાજવામાં આવ્યું છે. આ કંપનીના નવા ઈક્વિટી શૅરની મૂડી પડતર શોધો.

(**જવાબ :** (નવા ઈક્વિટી શૅરની મૂડી પડતર 15.5%)

13. રીના લી. એ રૂ. 100 નો એક એવા 2,00,000 શૅર બહાર પડેલા છે. કંપનીની વર્તમાન કમાણી રૂ. 40 લાખ છે. શૅરની વર્તમાન બજાર કિંમત રૂ. 250 છે. કંપની વધારાની મૂડી મેળવવા 50% ના પ્રીમિયમથી શૅર બહાર પાડવા ઈચ્છે છે. શૅર બહાર પાડવાનો ખર્ચ તેની મૂળ કિંમતના 10% થશે. ઈક્વિટી શૅરની મૂડી પડતર શોધો.

(**જવાબ :** E (શૅરદીઠ કમાણી) = રૂ. 40,00,000 ÷ 2,00,000 શૅર = રૂ. 20; ચોખ્ખી ઉપજ (P) = મુ.કિ. રૂ.100 + રૂ. 50 પ્રીમિયમ - રૂ. 10 ખર્ચ = રૂ. 140, ke = E/P = 20 /140 = 14.29%)

14. તેજસ કંપનીએ રૂ.100નો એક એવા 3,000 15% ના ડિબેન્ચર 4% ના વટાવે, 8 વર્ષ પછી મૂળકિંમતે પરત કરવાની શરતે બહાર પાડ્યા. ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ રૂ. 12,000 થયો. કરવેરાનો દર 50% છે. ડિબેન્ચર કરબાદ મૂડી પડતર શોધો.

(**જવાબ :** 8.33%, P = 100 -4 વટાવ - 4 ખર્ચ (1,2000 /3,000 ડિબે.) = રૂ. 92)

15. અનિમેષ લિમિટેડ રૂ.100નો એક એવા 13% રિડિમેબલ પ્રેફરન્સ શૅર બહાર પાડ્યા. જે 10 વર્ષ પછી પરત કરવાના છે. આ શૅર બહાર પાડવાનો ખર્ચ 5% જેટલો થાય છે. જો કંપની 50% આવકવેરો ભરતી હોય તો પ્રેફરન્સ શૅરની મૂડી પડતર ગણો.

**(જવાબ :** (પ્રેફરન્સ શૅરની મુડી પડતર 13.85%, D = રૂ. 13, P = રૂ. 95)

16. રુદ્રમ લિ. એ રૂ. 100ની કિંમતના 11% ના 1,000 રિડીમેબલ ડિબેન્ચર 2%ના વટાવે બહાર પાડ્યા છે, ડિબેન્ચરના નાણાં 15 વર્ષ પછી સરભર કિંમતે પરત કરવાના છે. ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ રૂ.1000 છે. કરવેરાનો દર 60% છે. ડિબેન્ચરની મૂડી પડતર શોધો.

**(જવાબ :** ડિબેન્ચરની મૂડી પડતર 6.82%)

17. એક કંપનીનું શૅરદીઠ ડિવિડન્ડ આગામી વર્ષમાં એક રૂપિયો છે. તેમાં વર્ષો વર્ષ 6% નો વધારો અપેક્ષિત છે. જો શૅરનો બજારભાવ રૂ. 25 હોય તો ઈક્વિટી શૅરમૂડીનો પડતર શોધો.

**(જવાબ** : ઈક્વિટી શૅરની મૂડી પડતર 10%)

18. સંધ્યા લિ. એ રૂ. 100નો તેવા 11% ના1000 રિડિમેબલ પ્રેફરન્સ શૅર 5%ના વટાવે બહાર પાડ્યા. શૅર બહાર પાડવાનો ખર્ચ રૂ. 3,000 થયો. આ શૅર 10 વર્ષ પછી સરભર કિંમતે પરત કરવાના છે. પ્રેફરન્સ શૅરની મૂડી પડતર શોધો. જો પ્રેફરન્સ શૅર ઈરરીડિમેબલ પ્રકારના હોતો તેની મૂડી પડતર કેટલી આવે ?

**(જવાબ :** રિડિમેબલ પ્રેફરન્સની મૂડી પડતર 12.29% (F = 100, P = રૂ. 92 (રૂ. 100 મુ.કી. - રૂ. 5 વટાવ - રૂ. 3 ખર્ચ) : જો પ્રેફરન્સ શૅર ઈરિડીમેબલ હોય તો મૂડી પડતર 11.96%)

19. ઈન્ડિયા લિ. એ દરેક રૂ. 100નો તેવા 15% ના વ્યાજવાળા 2,000 ડિબેન્ચર 5% ના વટાવે બહાર પાડ્યા. આ ડિબેન્ચર બહાર પાડતાં રૂ. 14,000 ખર્ચ થયો. કંપની 60% ના દરે કર ભરે છે. ડિબેન્ચરની મૂડી પડતર કેટલી આવે ?

**(જવાબ :** રિડિમેબલ ડિબેન્ચરની મૂડી પડતર 7.02% P = 88, ઈરરીડિમેબલ ડિબેન્ચરની મૂડી પડતર 6.82% )

20. સ્વપ્નલોક લિ. ની 31-3-17 ના રોજ પૂરા થતાં વર્ષની ઈક્વિટી શૅરની લગતી માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| શૅર મૂળકિંમત | રૂ.10 |
| શૅરની સરેરાશ કિંમત | રૂ.32 |
| શૅર પર અપેક્ષિત ડિવિડન્ડનો દર | 16% |
| કંપનીની કમાણીનો વૃદ્ધિ દર | 8% |

ઈક્વિટી શૅરમૂડી પડતર શોધો.

**(જવાબ :** ઈક્વિટી શૅરની મૂડી પડતર 13% જ્યાં P = 32, D = 1.6, g = 8%)

એકમ 11

# કાર્યશીલ મૂડીનો પરિચય અને તેનું સંચાલન

## : રૂપરેખા :

11.1 પ્રસ્તાવના
11.2 કાર્યશીલ મૂડીનો અર્થ
11.3 કાર્યશીલ મૂડીના પ્રકાર
11.4 કાર્યશીલ મૂડીનાં લક્ષણો
11.5 કાર્યશીલ મૂડીનું પ્રમાણ નક્કી કરતાં પરિબળો
11.6 કાર્યશીલ મૂડીના સંચાલનનું મહત્ત્વ
11.7 કાર્યશીલ મૂડીનાં ઘટકો
● સ્વાધ્યાય

### 11.1 પ્રસ્તાવના :

ધંધાની મૂડીને સામાન્ય રીતે બે ભાગમાં વહેંચી શકાય (i) સ્થિર મૂડી (ii) કાર્યશીલ મૂડી. આ બન્ને મૂડીનું યોગ્ય રીતે સંચાલન થવું જરૂરી છે. કાર્યશીલ મૂડીનું સંચાલન ટૂંકા ગાળાના નિર્ણયો લેવા માટે ઉપયોગી છે. કાર્યશીલ મૂડીની અપ્રાપ્યતાને કારણે ઘણા ધંધા નિષ્ફળ જઈ શકે છે. કાર્યશીલ મૂડીનું યોગ્ય સંચાલન કરવામાં ન આવે તો મૂડી પર યોગ્ય વળતર મળતું નથી. કાયમી મિલકતની પાછળ રોકાણમાં આપતા મૂડીને સ્થાયી મૂડી તથા કાચો માલ, સ્ટૉક, રોકડ જે બે મિલકત પાછળ રોકવામાં આવતી મૂડીને કાર્યશીલ મૂડી કહે છે. ટૂંકમાં "ચાલુ મિલકતમાં રોકાયેલ મૂડીને કાર્યશીલ મૂડી કહે છે." કાર્યશીલ મૂડીને ફરતી મૂડી, તરતી મૂડી કે કાર્યરત મૂડી પણ કહે છે.

### 11.2 કાર્યશીલ મૂડીનો અર્થ :

- **શ્રી હોગલેન્ડના મતે**

"કાર્યશીલ મૂડી એવી મૂડીનું વર્ણન છે, જે કાયમી નથી, પરંતુ કાર્યશીલ મૂડીનો સામાન્ય ઉપયોગ ચાલુ મિલકતને ચોપડે કિંમતમાંથી ચાલુ દેવા બાદ કરતાં જે તફાવત મળે તે અર્થમાં છે."

- **લિંકન, સ્ટીવન્સના મતે,**

"કાર્યશીલમૂડી એટલે કંપનીની ચાલુમિલકત અને ચાલુ જવાબદારીઓ વચ્ચેનો તફાવત."

કાર્યશીલ મૂડી = ચાલુ મિલકત - ચાલુ દેવા

સામાન્ય રીતે કાર્યશીલ મૂડીના બે ખ્યાલ પ્રવર્તે છે.

(1) કુલ ચાલુ મિલકતના ખ્યાલની કુલ કાર્યશીલ મૂડી (Gross Working Capital)

(2) વધારાની મિલકતના ખ્યાલની ચોખ્ખી કાર્યશીલ મૂડી (Net Working Capital)

**(1) કુલ ચાલુ મિલકતના ખ્યાલની કુલ કાર્યશીલ મૂડી :**

આ ખ્યાલ મુજબ ધંધાના કુલ ચાલુ મિલકતના સરવાળાને કાર્યશીલમૂડી કહે છે.

ચાલુ મિલકત = કુલ કાર્યશીલમૂડી

**(2) વધારાના મિલકતનાં ખ્યાલની ચોખ્ખી મૂડી કાર્યશીલ મૂડી :**

આ ખ્યાલ મુજબ ચાલુમિલકત તથા ચાલુ જવાબદારીનાં તફાવતે કાર્યશીલ મૂડી કહે છે.

કાર્યશીલ = ચાલુ મિલકત - ચાલુ જવાબદારી

## 11.3 કાર્યશીલ મૂડીના પ્રકાર :

કાર્યશીલ મૂડીનાં મુખ્યત્ત્વે બે ભાગ પાડી શકાય (1) કાયમી કાર્યશીલમૂડી (2) પરિવર્તનશીલ કાર્યશીલ મૂડી

**કાર્યશીલ મૂડી**

- (1) **કાયમી કાર્યશીલ મૂડી**
  - (A) શરૂની કાર્યશીલ મૂડી
  - (B) નિયમિત કાર્યશીલમૂડી
- (2) **પરિવર્તનશીલ કાર્યશીલ મૂડી**
  - (A) મોસમી કાર્યશીલ મૂડી
  - (B) ખાસ કાર્યશીલ મૂડી

### (1) કાયમી કાર્યશીલ મૂડી :

ધંધામાં કેટલીક ચાલુ મૂડી કાયમ માટે રોકાયેલી રહે છે. ધંધામાં અમુક કાચો માલ, અર્ધ તૈયાર માલ, પગાર, ખર્ચા ચૂકવવા માટે લઘુત્તમ મૂડી રાખવી જરૂરી છે. જેને કાયમી કાર્યશીલ મૂડી કહે છે. જે તે નીચેના બે ભાગમાં વહેંચી શકાય.

**(A) શરૂની કાર્યશીલ મૂડી :**

ધંધો શરૂ કરતા માલિકોએ અમુક કાર્યશીલ મૂડીની વ્યવસ્થા કરવી પડે છે. જેમ કે દેવાદારોને શાખ પર વેચાણ કરવું, લેણદારોને નાણાં ચૂકવવા આ માટે શરૂના તબક્કે બૅંક તરફથી શાખ મળતી નથી. જેથી માલિકોએ આ પ્રકારની મૂડીની વ્યવસ્થા કરવી પડે છે.

**(B) નિયમિત કાર્યશીલ મૂડી :**

ધંધાના નિયમિત વ્યવહારો કરવા માટે જે મૂડીની જરૂર પડે છે તેને નિયમિત કાર્યશીલ મૂડી કહે છે.

### (2) પરિવર્તનશીલ કાર્યશીલ મૂડી :

મોટા ભાગના ધંધામાં આકસ્મિક કે જરૂરિયાત પ્રમાણે માંગને પહોંચી વળવા જે મૂડીની જરૂર પડે છે. તેને પરિવર્તનશીલ કાર્યશીલ મૂડી કહે છે. જેને બે ભાગોમાં વહેંચી શકાય.

**(A) મોસમી કાર્યશીલ મૂડી :**

કેટલાક ધંધામાં મોસમી માંગ મુજબ વધારાની કાર્યશીલ મૂડીની જરૂર પડે છે જેને મોસમી કાર્યશીલ મૂડી કહે છે.

**(B) ખાસ કાર્યશીલ મૂડી :**

કેટલીક વાર ધંધામાં ખાસ સંજોગોમાં વધારાની કાર્યશીલ મૂડીની જરૂર પડે છે. આકસ્મિક જરૂરિયાતને પહોંચી વળવા કાર્યશીલ મૂડીને જરૂર પડે છે. દા.ત. મંદી આવતા તંગી ઊભી થાય. કુદરતી આફત કે હડતાલના કારણે વધારાનાં નાણાંની જરૂર પડે તે ત્યારે ખાસ કાર્યશીલ મૂડીની જરૂર પડે છે.

પરિવર્તનશીલ તથા કાયમી મૂડીનો તફાવત નીચેની આકૃતિ મુજબ દર્શાવી શકાય.




## 11.4 કાર્યશીલ મૂડીનાં લક્ષણો :

કાર્યશીલ મૂડીનાં લક્ષણો નીચે મુજબ છે.

(1) ટૂંકા ગાળાની જરૂરિયાત

(2) રૂપાંતરિત મૂડી

(3) કાયમી જરૂરિયાતો

(4) તરલતા

(5) જોખમકારકતા ઓછી

(6) ઉદ્યોગ તથા ધંધા પ્રમાણે અલગ પ્રમાણ

**(1) ટૂંકાગાળાની જરૂરિયાત :**

કાર્યશીલ મૂડીનો મુખ્યત્ત્વે ઉપયોગ ચાલુ મિલકત માટે થાય છે. જેનું ટૂંકાગાળામાં રોકડમાં રૂપાંતર થાય છે. જેમ કાયમી મિલકત માટે લાંબાગાળાની સ્થાયી મૂડી જરૂરી છે તેમ ટૂંકાગાળાની જરૂરિયાતને પહોંચી વળવા કાર્યશીલ મૂડી જરૂરી છે.

**(2) રૂપાંતરિત મૂડી : (ફરતી મૂડી)**

કાર્યશીલ મૂડી રોકડ તથા રોકડનું કાર્યશીલ મૂડીમાં સતત રૂપાંતર થતું રહે છે. આમ કાર્યશીલ મૂડી વર્તુળાકારે ફરતી રહે છે તેથી તેને ફરતી મૂડી પણ કહે છે.

**(3) કાયમી જરૂરિયાત :**

કાર્યશીલ મૂડીની જરૂરિયાત ટૂંકાગાળાની છે પરંતુ, નિયમિત રૂપે થતા ઉત્પાદનમાં કાર્યશીલ મૂડીની જરૂરિયાત રહે છે એટલે કે ઉત્પાદનમાં વધઘટ થાય, ખરીદ વેચાણની નીતિ બદલાય આ બધા જ સંજોગોમાં કાર્યશીલમૂડીની જરૂરિયાત રહે છે. એટલે કે તેની જરૂરિયાત કાયમી છે.

**(4) તરલતા :**

કાર્યશીલ મૂડીને ફરતી મૂડી કે વહેતી મૂડી કહે છે. તે તરલતાનો ગુણ ધરાવે છે. કાર્યશીલ મૂડીનું સરળતાથી રોકડમાં રૂપાંતર કરી શકાય છે. વેચાણ વધુ કરી લેણાંની વસૂલાત ઝડપી કરી એકમ કાર્યશીલ મૂડીનું સત્ત્વરે રોકડમાં રૂપાંતર કરી શકે છે.

**(5) જોખમકારકતા ઓછી :**

સ્થાયી મૂડી કાયમી મિલકતમાં રોકાયેલી હોવાથી તેમાં રોકાયેલા નાણાં સરળાતાથી પાછા મેળવી શકાતા નથી જો કોઈ ટેક્નોલોજીકલ ફેરફાર થાય તો મૂડી અપ્રચલિત બને છે. તેથી તેમાં જોખમ વધુ છે પરંતુ, કાર્યશીલ મૂડી ટૂંકાગાળા માટેની હોવાથી તેમા તે સરળતાથી રૂપાંતરિત થતી હોવાથી તેમાં જોખમનું તત્ત્વ ઓછું છે.

**(6) ધંધા તથા ઉદ્યોગ માટે અલગ પ્રમાણ :**

કાર્યશીલ મૂડીનું પ્રમાણ ધંધાના કદ, સ્વરૂપ પ્રમાણે બદલાતું રહે છે. એકાકી પેઢી કરતાં કંપનીમાં કાર્યશીલ મૂડીનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેમ જ બાંધકામ ઉદ્યોગમાં કાર્યશીલ મૂડીની વધુ જરૂરિયાત રહે છે અને સેવાને લગતી પ્રવૃત્તિમાં તેની ઓછી જરૂરિયાત રહે છે.

## 11.5 કાર્યશીલ મૂડીનું પ્રમાણ નક્કી કરતાં પરિબળો :

કોઈ પણ ઉદ્યોગની કાર્યશીલ મૂડીની જરૂરિયાતનો આધાર તેને અસર કરતા પરિબળો પર છે. જે નીચે મુજબ છે.

(1) ધંધાનું સ્વરૂપ

(2) ધંધાનું કદ

(3) ઉત્પાદન નીતિ

(4) શાખનીતિ

(5) ધંધાકીય ઉથલપાથલ

(6) વિસ્તરણ

(7) સ્ટૉકના ચલનદર

(8) રોકડની જરૂરિયાત

(9) ઉત્પાદ ચક્ર

**(1) ધંધાનુ સ્વરૂપ :**

કાર્યશીલ મૂડીની જરૂરિયાત ધંધાના સ્વરૂપ મુજબ બદલાતા રહે છે. વ્યાપારી એકમોમાં કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધુ રહે છે. જ્યારે ઉદ્યોગોમાં ઓછી રહે છે. બાંધકામ ઉદ્યોગમાં કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધુ છે, જ્યારે સેવાના ઉદ્યોગોમાં તે ઓછી રહે છે.

**(2) ધંધાનું કદ :**

ધંધાનું કદ જેમ મોટું તેમ વ્યવહારો વધુ તેથી કાર્યશીલ મૂડીને, જરૂરિયાત વધુ રહે છે. ધંધાનું કદ જેમ નાનું તેમ કાર્યશીલ મૂડીની જરૂરિયાત ઓછી રહે છે.

**(3) ઉત્પાદન નીતિ :**

એકમની ઉત્પાદનની નીતિ કાર્યશીલ મૂડીની જરૂરિયાત પર ઘણી અસર કરે છે. જો સતત ઉત્પાદન નીતિ અપનાવાય. જેમાં માંગ નિયમિત હોય તો કાર્યશીલ મૂડીની જરૂરિયાત ઓછી પડે છે.પરંતુ જો મોસમી માંગ હોય તો કાર્યશીલ મૂડીને જરૂરિયાત પ્રમાણમાં વધુ પડે છે.

**(4) શાખનીતિ :**

વર્તમાન સમયમાં શાખ પર વેચાણ કરવું એ દરેક એકમ માટે અનિવાર્ય બન્યું છે. એકમની શાખનીતિ પણ કાર્યશીલ મૂડીની જરૂરિયાત પર અસર કરે છે. જેમ શાખ પર વેચાણ વધુ તેમ કાર્યશીલ મૂડીની જરૂરિયાત પણ વધુ જેમ શાખનો સમય વધુ તેમ કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધુ પડે છે. જો ઉઘરાણીની નીતિ યોગ્ય ન હોય તો પણ કાર્યશીલ મૂડીની વધુ જરૂર પડે છે.

**(5) ધંધાકીય ઉથલ પાથલ :**

ધંધામાં બે પ્રકારની વધઘટ જોવા મલે છે. મોસમી વધઘટ તથા વેપાર ચક્રિય વધઘટ. મોસમી વધઘટમાં મોસમી માંગ પ્રમાણે ઉત્પાદનમાં વધારો ઘટાડો થતો હોવાથી કાર્યશીલ મૂડીની જરૂરિયાતમાં પણ વધઘટ જોવા મળે છે. વેપાર સક્રિય ઉથલપાથલમાં તેજી તથા

મંદીને ધ્યાનમાં લેવામાં આવે છે. તેથી દરમિયાન માંગ વધતા ઉત્પાદન વધે છે જેથી ઇન્વેન્ટરીમાં રોકાણ વધે છે. જેથી કાર્યશીલમૂડીની વધુ જરૂર પડે છે જ્યારે મંદીનાં સમયમાં આનાથી ઊલટુ કાર્યશીલ મૂડીની આવશ્યકતા ઘટે છે.

**(6) વિસ્તરણ :**

જ્યારે ધંધાનું કે એકમનો વિકાસ કે વિસ્તરણ કરવામાં આવે ત્યારે સ્થાયી મૂડીની સાથે સાથે કાર્યશીલ મૂડીની જરૂરિયાતમાં પણ વધારો થાય છે.

**(7) સ્ટૉક ચલન દર :**

સ્ટૉકનો ચલન દર એટલે સ્ટૉકની જરૂરિયાત. સ્ટૉક ચલન દર જેમ વધુ તેમ કાર્યશીલ મૂડીની જરૂરિયાત ઓછી અને ચલનદર જેમ ઓછો તેમ કાર્યશીલ મૂડીને જરૂરિયાત વધુ. સ્ટૉકનો ચલન દર ઓછો હોય તો તેનો અર્થ એમ થાય કે કાર્યશીલ મૂડી સ્ટૉકમાં રોકાયેલી પડી છે.

**(8) રોકડની જરૂરિયાત :**

રોકડની જરૂરિયાત કાર્યશીલ મૂડી પર અસર કરે છે. જેમ મજૂરી, પગાર, અન્ય ખર્ચા વધુ તેમ રોકડની જરૂરિયાત વધુ અને રોકડને જરૂરિયાત વધુ તેમ કાર્યશીલ મૂડીને જરૂરિયાત વધુ જોવા મળે છે.

**(9) ઉત્પાદન ચક્ર :**

કાચામાલની ખરીદીથી તૈયાર માલમાં રૂપાંતર થવાની પ્રક્રિયાને ઉત્પાદન ચક્ર કહે છે. ઉત્પાદન ચક્રનો ગાળો જેમ લાંબો તેમ એકમની કાર્યશીલમૂડીની જરૂરિયાત વધુ જેમ ગાળો ઓછો તેમ કાર્યશીલ મૂડીની જરૂરિયાત ઓછી.

ઉત્પાદન ચક્ર - લાંબો ગાળો - લાંબાગાળા માટે નાણાં રોકાઈ રહે - કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધુ

## 11.6 કાર્યશીલ મૂડીનું સંચાલન :

ભૂતકાળમાં માત્ર સ્થિર મૂડી તથા તેના સંચાલનને જ ધ્યાનમાં લેવામાં આવતું પરંતુ વર્તમાન સમયમાં કાર્યશીલ મૂડીનું સંચાલન એ એક અનિવાર્ય જરૂરિયાત થઈ પડી છે. નાણાંકીય સંચાલકને મોટા ભાગનો સમય કાર્યશીલ મૂડીના સંચાલનમાં જ જાય છે.

કાર્યશીલ મૂડીનાં સંચાલનનું મહત્ત્વ નીચે મુજબ છે.

(1) ચાલુ મિલકતમાં ઓછું રોકાણ કરી ચાલુ જવાબદારીમાં ઘટાડા કરી કંપની કાર્યશીલ મૂડીનાં ભરાવાને ઘટાડી શકે છે. તે દ્વારા મૂડી પર યોગ્ય વળતર મેળવી શકે છે.

(2) એકમ તેની ચાલુ મિલકત તથા ચાલુ જવાબદારી વચ્ચે પ્રમાણસર, બેલેન્સ રાખીને રોજબરોજની જરૂરિયાતોને પહોંચી શકે છે.

(3) ચાલુ મિલકત તથા ચાલુ દેવાને લગતા પ્રશ્નો રોજબરોજ ઉપસ્થિત થાય છે. તથા તે માટે નાણાંકીય સંચાલકો મોટા ભાગનો સમય કાર્યશીલ મૂડીના સંચાલન પાછળ આપવો પડે છે.

(4) મિલકતમાં કાર્યશીલ મૂડીનું પ્રમાણ 50% થી પણ વધુ છે જો આમ હોય તો નાણાંકીય સંચાલકે ચાલુ મિલકતના સંચાલનમાં સતત ધ્યાન રાખવું પડે છે.

(5) નાણાંકીય સંચાલક કાર્યશીલ મૂડીના પ્રાપ્તિ સ્થાનો તેનો યોગ્ય ઉપયોગ કરી ધંધામાં મહત્તમ વળતર મેળવી શકે છે.

## 11.7 કાર્યશીલ મૂડીનાં ઘટકો :

કાર્યશીલ મૂડીનાં મુખ્યત્ત્વે બે ખ્યાલ છે. ચોખ્ખી કાર્યશીલ મૂડી અને કુલ કાર્યશીલ મૂડી. બન્ને ખ્યાલ અનુસાર ચાલુ મિલકતને ધ્યાનમાં લેવી પડે છે. તેથી કાર્યશીલ મૂડીના ઘટક નીચે મુજબ દર્શાવી શકાય.

(અ) રોકડ

(બ) લેણા

(ક) સ્ટૉક (ઇન્વેન્ટરી)

**(અ) રોકડનું સંચાલન :**

રોકડ એ સૌથી વધુ તરલ મિલકતછે. શ્રી બોલ્ટના મતે "રોકડ એ ધંધાકીય પૈડાને કાર્યરત રાખતું લુબ્રિકેટિંગ ઓઈલ છે. જેના વગર પ્રક્રિયા અટકી જાય છે."

ધંધાની તમામ પ્રવૃત્તિ રોકડની આજુબાજુમાં ફર્યા કરે છે. તેથી રોકડનું સંચાલન કરવું અતિ મહત્ત્વનું બને છે. રોકડનું સંચાલન એ રીતે થવું જોઈએ કે એકમોની જવાબદારી યોગ્ય રીતે ચૂકવી શકે. હાથ પર રોકડ ખૂબ વધુ કે ઓછી ન હોવી જોઈએ. જો વધારાની રોકડ પડી હોય તો તેનો કેવી રીતે નફાકારક ઉપયોગ કરવો તે ધ્યાનમાં લેવું જોઈએ.

**રોકડ રાખવાના હેતુઓ :**

દરેક ધંધાકીય એકમ અમુક ન્યૂનતમ રોકડ / બૅંક સિલક હાથ પર રાખે છે. તેના મુખ્ય ત્રણ ઉદ્દેશ છે.

**(1) ધંધાના વ્યવહારોને પહોંચી વળવા :**

ધંધાના રોજબરોજના વ્યવહારો જેવા કે પગાર, ઈલેક્ટ્રિક બીલ, પરચૂરણ ખર્ચ, વગેરે ચૂકવવા માટે રોકડ હાથ પર રાખવી જરૂરી છે. કેટલીક વાર એકમ પાસે વધારાની રોકડ પડી હોય તો તે તેનું ટૂંકાગાળાના રોકાણોમાં તેનો ઉપયોગ કરે છે અને જરૂર પડતા તે રોકાણ વેચી રોકડ પ્રાપ્ત કરે છે.

અમુક પ્રકારની નિયમિત ચૂકવણી જેમ કે ડિવિડન્ડ, કરવેરા, ચૂકવવા માટે પણ એકમ હાથ પર રોકડ રાખે છે.

**(2) સાવચેતીનો હેતુ :**

ભવિષ્યમાં કોઈ આકસ્મિક જરૂરિયાત ઊભી થાય તો તેને પહોંચી વળવા પણ એકમ હાથ પર રોકડ રાખે છે. માનવ નિર્માણ આકસ્મિકતા જેવી કે હડતાલ અને કુદરતી હોનારત જેવી કે ભૂકંપ, પૂર વગેરેમાં રોકડની જરૂર પડે છે. રોકડનું આયોજન આ સંજોગોમાં ઉપયોગી નીવડે છે જો કંપની એ દરેક જોખમ માટે વીમો ઉતરાવ્યો હોય તો પણ અકસ્માતનાં સંજોગોમાં વીમા કંપની પાસેથી રોકડ મળી રહે છે.

**(3) સટ્ટાકીય હેતુ :**

રોકડ રાખી મૂકવાનો બીજો એક હેતુ એ પણ છે કે સારી તક ઊભી થાય તો તેનો લાભ લઈ તેમાં નાણાં રોકી સારો નફો કમાઈ શકાય. કાચામાલનો ભાવ ઘટવાની શક્યતા હોય તો ભાવ ઘટતા મોટા પાયે તેને ખરીદી કરી લાભ લઈ શકાય.

શ્રી હોલ તથા શીલ મુજબ રોકડ ધારણ કરવાનાં મુખ્યત્ત્વે બે જ હેતુ હોઈ શકે.

(1) મોટી કંપની માટે તેમની બૅંકની જરૂરિયાત પણ રોકડ ધારણ કરવા માટેનો એક હેતુ છે.

(2) ધંધાનો મોટા પાયે વિકાસ કરવો હોય તો અમુક નાણાં બૅંકમાં રાખવા પડે છે.

**(બ) લેણાનું સંચાલન :**

દેવાદારો ધંધાની મિલકતછે જે માલ કે સેવાનાં ઉધાર વેચાણના કારણે ઉદ્ભવે છે. આધુનિક સમયમાં શાખ પર વેચાણ કરવું તે અનિવાર્ય બન્યું છે, શાખ પર વેચાણ કરવાથી તે ગ્રાહકોને પોતાની પેદાશ માટે આકર્ષી શકે છે તથા હરીફોથી પણ રક્ષણ મેળવી શકે છે. ભારતમાં ધંધાના દેવાદારો માલસામાન પછીનો ચાલુમિલકતનો સૌથી મહત્ત્વનો હિસ્સો છે. દેવાદારો ભારતમાં ચાલુમિલકતનો લગભગ $\frac{1}{3}$ ભાગ તથા કુલ મિલકતનો 10 થી 15 % જેટલો હિસ્સો ધરાવે છે.

**લેણા નિભાવવાનાં હેતુઓ :**

લેણા રાખવાનાં મુખ્યત્ત્વે ત્રણ હેતુઓ હોઈ શકે.

**(1) વેચાણમાં વધારો પ્રાપ્ત કરવામાં :**

જો પેઢી માત્ર રોકડથી વેચાણ કરવાને જગ્યાએ ઉધાર વેચાણ કરશે તો ગ્રાહકોને આકર્ષી શકે છે. કેટલાક ગ્રાહકો પાસે નાણાં ચૂકવવાની વ્યવસ્થા તાત્કાલિક હોતી નથી અથવા તેઓ થોડી મુદત ઈચ્છે છે. અમુક ગ્રાહકો માલનો કબજો મળી જાય પછી ચકાસીને નાણાં ચૂકવવાનું વલણ ધરાવે છે. આ બધા જ કારણોને ધ્યાનમાં લઈને જે પેઢી ઉધાર વેચાણની નીતિ અપનાવશે તો તેમને વધુ ગ્રાહકો મળશે તે સ્વાભાવિક છે.

**(2) નફામાં વધારો કરવા :**

એકમ ઉધાર વેચાણની નીતિ અપનાવે તો વેચાણમાં વધારો થાય છે તેથી નફો પણ વધે છે. આ નફો તો જ વધી શકે જો વધારાનો નફો ઘાલખાધ તો નુકશાન તથા વૈકલ્પિક ખર્ચ કરતા વધુ હોય,

**(3) હરિફોનો સામનો કરવામાં :**

ધંધામાં હરીફોની સંખ્યા વધુ હોય તો બધી જ પેઢી હરીફો જે શાખનીતિ અપનાવી હોય તે શાખનીતિને અનુસરે છે. જુદા જુદા ઉદ્યોગોની શાખનીતિ અલગ અલગ હોય છે. ભારતમાં ટેક્ષટાઈલ ઉદ્યોગોમાં 180 દિવસની શાખનીતિ અપનાવાય છે. જ્યારે વાહનોનું વેચાણ રોકડેથી જ થાય છે. આમ હરીફોને પહોંચી વળવા પણ એકમે શાખનીતિ અપનાવવી પડે છે.

**(ક) ઈન્વેન્ટરીનું સંચાલન**

**(A) અર્થ**

ઈન્ટરનેશનલ ઍકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ કમીટિનાં મતે ઈન્વેટન્ટરીએ દશ્ય મિલકતછે. જે

(અ) ધંધાના સામાન્ય વ્યવહારમાં વેચાણ માટે

(બ) આવા વેચાણનાં ઉત્પાદનની પ્રક્રિયામાં

અથવા

(ક) વેચાણ કરવા માટેની વસ્તુઓ અથવા સેવાઓનું ઉત્પાદનમાં ઉપયોગમાં લેવા માટે રાખવામાં આવે છે.

**(B) ઈન્વેટરીનાં સ્વરૂપો :**

**(1) કાચો માલ :**

જે માલ સામાન બહારથી ખરીદવામાં આવ્યો હોય તથા જેના પર ઉત્પાદન કાર્ય કરવાનું હોય તેને 'કાચો માલ' કહે છે.

**(2) આંતરિક ભાગો :**

જ્યારે કોઈ વસ્તુ તૈયાર કરવામા માટે બે કે તેથી વધુ ભાગો જોડવાનાં હોય ત્યારે બહારથી ખરીદવામાં આવે અથવા તેનું ઉત્પાદન કરવામાં આવે જેના પર કોઈ બીજી પ્રક્રિયા કરવાની હોય પરંતુ તેને જોડીને છેવટની વસ્તુ તૈયાર કરવામાં આવે આ ભાગોને 'આંતરિક ભાગો' કહેવામાં આવે છે.

**(3) અર્ધ તૈયાર માલ :**

જે માલ પર અમુક પ્રક્રિયા થઈ હોય તથા બીજી અમુક પ્રક્રિયા કરવાની બાકી હોય તે માલને અર્ધ તૈયાર માલ અથવા અંશતઃ તૈયાર માલ કહે છે.

**(4) ચાલુ કામ :**

જ્યારે કોઈ માલસામાન પર કોઈ એક પ્રક્રિયા શરૂ કરવામાં આવી હોય પરંતુ તે સંપૂર્ણ રીતે પુરી થઈ ન હોય તો તેને ચાલુકામ કહે છે. અર્ધતૈયાર માલ તથા ચાલુકામ બન્નેમાં તફાવત છે. અર્ધ

તૈયાર માલ જે પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે તે પૂર્ણ થઈ ગઈ હોય છે, પરંતુ તૈયાર માલ માટેની બીજી પ્રક્રિયા બાકી હોય છે જ્યારે ચાલુ કામમાં જે પ્રક્રિયા હાથ ધરાઈ છે તે પૂર્ણ થવાની બાકી છે.

**(5) તૈયાર માલ :**

જે માલ પર હવે કોઈ પ્રક્રિયા કરવાની બાકી નથી, જેના વેચાણથી ગ્રાહકોને સંતોષ મળી શકે તેમ છે તેને તૈયાર માલ કહેવામાં આવે છે.

**(C) ઈન્વેન્ટરી ધારણ કરવાનાં હેતુઓ :**

ઈન્વેન્ટરી રાખવાનાં મુખ્યત્ત્વે ત્રણ હેતુઓ છે.

**(1) ધંધાના સામાન્ય વ્યવહારો માટે**

(1) એકમ ધંધાના સામાન્ય વ્યવહારો યોગ્ય રીતે થઈ શકે તે માટે ઈન્વેન્ટરી રાખે છે.

(2) ઉત્પાદન કરનારી કંપની ઉત્પાદનમાં ખલેલ ન પડે તે માટે કાચામાલાનો જથ્થો રાખે છે.

(3) મોટા પાયા પર ખરીદી કરવાથી જો વટાવનો લાભ મળતો હોય તો પણ સ્ટૉકનો સંગ્રહ કરાય છે.

(4) જે માલમાં સતત વધારો થતો હોય તો ભવિષ્યમાં વધુ ભાવ ચૂકવવા ન પડે તે માટે વર્તમાનમાં મોટા જથ્થામાં સ્ટૉકની ખરીદી કરવામાં આવે છે.

(5) ઉત્પાદન ચક્રમાં ખલેલ ન પડે તે માટે અર્ધ તૈયાર માલ રાખવો જરૂરી છે.

**(2) અનિયમિત માંગને પહોંચી વળવા:**

જેવી માંગ આવે એવું તરત જ માલનું ઉત્પાદન થઈ શકે નહિ તેથી અનિયમિત માંગને પહોંચી વળવા કાચા માલનો અમુક જથ્થો અનિવાર્ય પણે રાખવો પડે છે.

**(3) સટ્ટાકીય હેતુ :**

ભાવ વધવાની શક્યતા જણાય ત્યારે મોટા પ્રમાણમાં કાચો માલ ખરીદવામાં આવે છે અને ભાવ વધતા તેનો નિકાલ કરવામાં આવે છે આને સટ્ટાકીય હેતુ પાર પાડવા માટે ઈન્વેન્ટરીનો સંગ્રહ કરવામાં આવે છે.

## સ્વાધ્યાય

**(A) નિબંધ પ્રકારનાં પ્રશ્નો**

(1) કાર્યશીલ મૂડી એટલે શું ? તેના લક્ષણો જણાવો.

(2) કાર્યશીલ મૂડી નક્કી કરતા પરિબળોની વિગતવાર ચર્ચા કરો.

(3) કાર્યશીલ મૂડીનું સંચાલન એટલે શું ?

(4) કાર્યશીલમૂડીનાં ઘટક તરીકે રોકડની ચર્ચા કરો.

(5) કાર્યશીલ મૂડીનાં ઘટક તરીકે લેણાંની ચર્ચા કરો.

(6) કાર્યશીલ મૂડીના ઘટક તરીકે ઈન્વેન્ટરીની ચર્ચા કરો.

(7) ઈન્વેન્ટરીના વિવિધ પ્રકારો જણાવો.

**(B) ટૂંકોત્તરી પ્રશ્નો ટૂંકમાં જવાબ આપો.**

(1) કાર્યશીલ મૂડી એટલે શું ?

(2) કુલ કાર્યશીલ મૂડી એટલે શું ?

(3) ચોખ્ખી કાર્યશીલ મૂડી એટલે શું ?

(4) કાયમી કાર્યશીલ મૂડી એટલે શું ?

(5) નિયમિત કાર્યશીલ મૂડી એટલે શું ?

(6) પરિવર્તનશીલ કાર્યશીલ મૂડી એટલે શું ?

(7) મોસમી કાર્યશીલ મૂડી એટલે શું ?

(8) કાર્યશીલ મૂડીનાં કોઈ પણ બે લક્ષણો જણાવો.

(9) કાર્યશીલ મૂડીનાં અંદાજને અસર કરતા પરિબળો દર્શાવો.

(10) રોકડનું સંચાલન એટલે શું ?

(11) રોકડ ધારણ કરવાનો હેતુઓ દર્શાવો.

(12) રોકડ ધારણ કરવાનો સાવેચતીનો હેતુ ચર્ચો.

(13) રોકડ ધારણ કરવાનો સટ્ટાકીય હેતુ ચર્ચો.

(14) લેણાંનું સંચાલન એટલે શું ?

(15) લેણાંના સંચાલનના હેતુની ચર્ચા કરો.

(16) ઈન્વેન્ટરી એટલે શું ?

(17) કાચોમાલ એટલે શું ?

(18) અર્ધતૈયાર માલનો અર્થ આપો.

(19) ચાલુકામ એટલે શું ?

(20) તૈયાર માલ એટલે શું ?

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) કાર્યશીલ મૂડીને ---- ના નામે ઓળખાય છે.
(અ) ફરતી મૂડી (બ) સ્થાયીમૂડી (ક) કાયમી મૂડી (ડ) એક પણ નહિ.

(2) કાર્યશીલ મૂડીને ---- ના નામે ઓળખાય છે.
(અ) તરતી મૂડી (બ) સ્થાયી મૂડી (ક) કાયમી મૂડી (ડ) એકપણ નહિ.

(3) કાર્યશીલ મૂડી ---- ગાળા સાથે સંકળાયેલી છે.
(અ) લાંબા (બ) ટૂંકા (ક) મધ્યમ (ડ) એકપણ નહિ.

(4) કાર્યશીલ મૂડી = ----
(અ) કુલ મિલકત - કુલ દેવા
(બ) કુલ દેવા
(ક) ચાલુ મિલકત - ચાલુ દેવા
(ડ) એક પણ નહિ

(5) ---- કાર્યશીલ મૂડીનું ઘટક છે.
(અ) રોકડ (બ) ડિબેન્ચર (ક) શૅર (ડ) એક પણ નહિ

(6) ---- કાર્યશીલ મૂડીનું ઘટક છે.
(અ) મકાન (બ) લેણા (ક) અનામત (ડ) એકપણ નહિ.

(7) અંશતઃ તૈયાર માલનું બીજુ નામ ---- છે.
(અ) તૈયારમાલ (બ) ચાલુકામ (ક) છૂટાભાગ (ડ) અર્ધ તૈયાર માલ

**જવાબ :** (1) અ (2) અ (3) બ (4) ક (5) અ (6) બ (7) ડ

# એકમ 12 લેણા સંચાલન

## : રૂપરેખા :

12.1 પ્રસ્તાવના

12.2 લેણાનો અર્થ

12.3 લેણા સંચાલનનો અર્થ તથા હેતુ

12.4 લેણાની રકમ નક્કી કરતાં પરિબળો

12.5 લેણા સંચાલનની પ્રક્રિયા નક્કી કરતાં પરિબળો

12.6 શાખનીતિના ચલો

12.7 ઉદાહરણો

● સ્વાધ્યાય

## 12.1 પ્રસ્તાવના

ધંધાકીય એકમની કુલ ચાલુ મિલકતમાં લેણાની રકમનું પ્રમાણ વધુ જોવા મળે છે. ભારતમાં ધંધાકીય એકમની ચાલુ મિલકતોમાંથી ઈન્વેન્ટરીમાં રોકાયેલી રકમ પછી સૌથી વધુ દેવાદારોને મંજૂર કરેલ લેણામાં રોકાયેલ હોય છે. કુલ મિલકતોની લગભગ 1/3 થી વધુ રકમ લેણાની હોય છે. તેથી ધંધાકીય એકમોએ લેણા અંગે યોગ્ય સંચાલન કરવું જરૂરી છે. જે માટે એકમે કેટલું લેણું કેટલા સમય માટે મંજૂર કરવું તેની ગણતરી કરવી પણ જરૂરી છે.

## 12.2 લેણાનો અર્થ

શ્રી ઓ. એમ. જોયેના મતે - “જ્યારે એકમ ઉધાર માલનું વેચાણ કરે, ત્યારે તેના નાણાં તુરત રોકડમાં પ્રાપ્ત ન થાય અને આમ એકમ માટે લેણું ઉદ્‌ભવે છે તેમ કહેવાય.”

## 12.3 લેણા સંચાલનનો અર્થ અને હેતુ

“લેણા સંચાલન એટલે લેણામાં કરવામાં આવતા રોકાણ અંગેના નિર્ણયો કે જેમાં લેણા અંગેની વિવિધ પદ્ધતિ તથા નિર્ણયોનો સમાવેશ થતો હોય.”

ઉપરની વ્યાખ્યા પરથી નીચેના ઉદ્દેશો તારવી શકાય.

1) દેવાદારની શાખ મેળવવાની યોગ્યતા જાણી તેની શાખની નીતિ નક્કી કરવી.

2) બાકી લેણા માટેની યોગ્ય નીતિ ઘડવાનો મુખ્ય હેતુ છે.

3) લેણાની પડતરમાં મહત્તમ ઘટાડો કરવાનો ઉદ્દેશ છે.

4) યોગ્ય શાખનીતિનું ઘડતર કરી ઘાલખાધની રકમમાં ઘટાડો કરવાનો ઉદ્દેશ છે.

5) લેણાની રકમ યોગ્ય સમયમાં વસૂલ થાય તે માટેનો ઉદ્દેશ છે.

## 12.4 લેણાની રકમ નક્કી કરતાં પરિબળો

ચાલુ મિલકતોના સંચાલનમાં લેણાની રકમ નક્કી કરવી અગત્યની હોય છે. પેઢીની આર્થિક પરિસ્થિતિ, હરીફ એકમોની નીતિ તેમજ અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને પેઢીની

મહત્તમ લેણાની રકમ કરવી જોઈએ. લેણાની રકમ નક્કી કરવા નીચેના પરિબળો અસર કરે છે.

**1) વેચાણનું પ્રમાણ :**

એકમના લેણાનું પ્રમાણ નક્કી કરવા માટે સૌથી મહત્ત્વનું પરિબળ ઉધાર વેચાણ છે. જો પેઢીનું ઉધાર વેચાણ વધશે તો કુલ લેણાં પણ વધશે અને જો ઉધાર વેચાણ ઘટશે તો કુલ લેણામાં પણ ઘટાડો થશે.

દા.ત. જો પેઢીનું ઉધાર વેચાણ 20% વધે તો દેવાદારો પણ 20% વધશે અને જો ઉધાર વેચાણમાં 30% ઘટાડો કરે તો દેવાદારોની રકમમાં પણ 30% નો ઘટાડો થશે.

**2) શાખનીતિ :**

એકમની શાખનીતિ તેના કુલ લેણાની રકમ પર અસર કરે છે. જો ઉદાર શાખનીતિ હોય તો લેણા વધુ અને કડક શાખનીતિ હોય તો લેણાની રકમ પ્રમાણમાં ઓછી હોય છે.

એકમની શાખનીતિ મુખ્યત્વે ત્રણ પરિબળો પર તૈયાર કરવામાં આવે છે.

1) ગ્રાહકની શાખ

2) સદ્ધરતા

3) ગ્રાહકની આર્થિક સ્થિતિ

**3) શાખની શરતો :**

એકમના કુલ લેણાની રકમ મુખ્યત્વે શાખની શરતો પર આધાર રાખે છે. દા.ત. કોઈ પેઢી પોતાના ઉધાર વેચાણના નાણાંની વસૂલાત 20 દિવસમાં કરે છે તેને બદલે નવી શરત અનુસાર જો ગ્રાહક બિલના નાણાં 10 દિવસમાં ચૂકવે તો 5% રોકડ વટાવ આપવામાં આવશે. તેમ નક્કી કરે તો ગ્રાહક 20ને બદલે 10 દિવસમાં નાણાં ચૂકવવાનું પસંદ કરશે. કારણકે તેને 5% નો રોકડ વટાવનો લાભ પ્રાપ્ત થાય છે.

**4) વેચાણ સ્થિરતા :**

જ્યારે ધંધો ઋતુગત પરિબળો પર આધારિત હોય ત્યારે આવા પરિબળો વેચાણ પર પ્રતિકૂળ તથા અનુકૂળ અસર પાડતા હોય છે. મોસમી ધંધામાં જે-તે મોસમ પ્રમાણે વેચાણ થતા ઉધાર વેચાણનું પ્રમાણ વધુ હોય છે જેથી લેણાનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. આમ જેટલે અંશે વેચાણમાં સ્થિરતા જળવાય તે પ્રમાણે લેણામાં પણ સ્થિરતા જોવા મળે છે.

**5) રોકડ વળતરની નીતિ :**

જો સંચાલકોએ રોકડ વળતર આપવાની ઉદારનીતિ અપનાવી હોય તો લેણાનું પ્રમાણ ઓછું હશે. જો પેઢીની મૂડી પડતર, રોકડ વળતરના પ્રમાણમાં ઓછી હોય તો લેણાનું પ્રમાણ ઘટે છે. આમ, રોકડ વળતર તથા મૂડી પડતર લેણાનું પ્રમાણ નક્કી કરતા મહત્ત્વના પરિબળો છે.

**6) બજારની રૂઢિ :**

માલ-સામાનની ખરીદ-વેચાણની પદ્ધતિમાં બજારની પ્રવર્તમાન રૂઢિ પણ અસર કરે છે. કાપડ, કાગળ, રૂ, રસાયણ વગેરેમાં નાણાં ચૂકવણીની સમય મર્યાદાનો રૂઢિગત ધારો પ્રવર્તતો હોય છે. આમ, બજારની રૂઢિ લેણાનું કુલ પ્રમાણ નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવી જરૂરી છે.

**7) પેદાશ જીવન ચક્ર :**

પેદાશ જીવન ચક્ર પણ લેણાને અસર કરે છે. વેચાણ વધતા લેણાનું પ્રમાણ પણ વધે છે, વિકાસ તથા પરિપકવતાનું તબક્કે લેણાનું પ્રમાણ ઘટે છે. પેદાશ પડતીના તબક્કે પેદાશને બચાવવાના ભાગરૂપે કેટલાક અંશે લેણાનું પ્રમાણ વધે છે.

## 12.5 લેણા સંચાલનની પ્રક્રિયા નક્કી કરતા તત્ત્વો

લેણાના સંચાલનની પ્રક્રિયા નક્કી કરતા તત્ત્વો નીચે મુજબ છે.

**1) શાખનીતિ નક્કી કરવી**

દરેક એકમ પોતાના ગ્રાહકોને ઓછા વત્તા પ્રમાણમાં શાખ આપતી હોય છે. આ માટે એકમે યોગ્ય શાખનીતિ નક્કી કરવી જરૂરી છે. નાણાકીય વ્યવસ્થાપકે શાખ આપવાથી થતો ફાયદો અને તેનાથી થતી પડતરની સરખામણી કરી યોગ્ય શાખનીતિ નક્કી કરવી જોઈએ. યોગ્ય શાખનીતિ નક્કી કરવા માટે પ્રવાહિતા તથા વૈકલ્પિક પડતર અગત્યનો ભાગ ભજવે છે. જે નીચેની આકૃતિ દ્વારા સમજી શકાય.




જ્યારે કોઈપણ એકમ તેની શાખનીતિ નક્કી કરે ત્યારે તે ન તો ખૂબ સરળ હોવી જોઈએ કે ન તો ખૂબ જ કડક હોવી જોઈએ. જેમ જેમ ઉધાર વેચાણ વધે તેમ ઘાલખાધ તથા નાણાં પરત મેળવવાની પડતર ન્યૂનતમ થાય તે પ્રમાણેની શાખનીતિ હોવી જોઈએ.

1) ઉદાર શાખનીતિ

2) કડક શાખનીતિ

**1) ઉદાર શાખનીતિ :**

આ પદ્ધતિ મુજબ ગ્રાહકને પ્રમાણમાં સરળ શાખની શરતોએ ઉધાર વેચાણ કરવામાં આવે છે. આ નીતિ અનુસાર ગ્રાહકને પ્રમાણમાં લાંબો શાખનો સમય આપવામાં આવે છે. આ પદ્ધતિના કારણે વેચાણ તથા નફામાં વધારો થાય છે. આ નીતિ સામાન્ય રીતે જૂના ગ્રાહકોને જાળવી રાખવા તથા નવા ગ્રાહકોને આકર્ષવા માટે અનુસરવામાં આવે છે. નફો તથા વેચાણ વધવાની સાથે સાથે લેણાની પડતરમાં પણ વધારો થાય છે. ઘાલખાધની શક્યતામાં પણ વધારો થાય છે. લેણાની રકમ વધતા વૈકલ્પિક પડતરમાં પણ વધારો થાય છે. એક તરફ વેચાણ તથા નફામાં વધારો થાય છે પરંતુ બીજી બાજુ પ્રવાહિતામાં ઘટાડો થાય છે.

**2) કડક શાખનીતિ :**

આ શાખનીતિ અનુસાર જે ગ્રાહકોની શાખ ઊંચી હોય તેમને જ શાખનો લાભ આપવામાં આવે છે. એકમ એ જ ગ્રાહકોને ઉધાર માલનું વેચાણ કરે છે જેમની આર્થિક પરિસ્થિતિ સદ્ધર હોય અને શાખ ધરાવતા હોય. આ નીતિના કારણે ઘાલખાધ થવાની શક્યતા ઓછી રહે છે. ગ્રાહકો સદ્ધર હોવાથી સમયસર લેણું વસૂલ થવાથી પ્રવાહિતા પણ જળવાઈ રહે છે. આ નીતિના કારણે કાર્યશીલ મૂડીમાં પણ વધારો થાય છે. આ પદ્ધતિના કારણે વેચાણ પ્રમાણમાં ઘટે છે. જે કારણે નફાકારકતામાં પણ ઘટાડો થાય છે. આ માટે જ એકમે એક મધ્યસ્થ નીતિને અનુસરવું જોઈએ કે જેથી બન્ને નીતિના ફાયદા એકમને મળે તથા મર્યાદા નીવારી શકાય.

| ઉદાર શાખનીતિ | કડક શાખનીતિ |
|---|---|
| 1. જે નીતિમાં ગ્રાહકને શાખનો વધુ સમય આપવામાં આવે તેને ઉદાર શાખનીતિ કહે છે. | 1. જે નીતિમાં ગ્રાહકને પ્રમાણમાં ઓછો શાખનો સમય આપવામાં આવે તેને કડક શાખનીતિ કહે છે. |
| 2. ગ્રાહકની શાખ પાત્રતા ધ્યાનમાં લેવાતી નથી. | 2. ગ્રાહકની શાખ પાત્રતા ધ્યાનમાં લેવાય છે. |
| 3. ગ્રાહકની આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લેવાતી નથી. | 3. ગ્રાહકની આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લેવાય છે. |
| 4. વેચાણ તથા નફાકારકતા વધે છે. | 4. પ્રમાણમાં વેચાણ તથા નફાકારકતા વધતા નથી. |
| 5. ઘાલખાધનું જોખમ રહેલું છે. | 5. ઘાલખાધનું જોખમ રહેતું નથી. |
| 6. આ નીતિથી પ્રવાહિતામાં ઘટાડો થાય છે. | 6. આ નીતિથી પ્રવાહિતા જળવાઈ રહે છે. |
| 7. આ નીતિથી કાર્યશીલ મૂડીમાં ઘટાડો થાય છે. | 7. આ નીતિથી કાર્યશીલ મૂડીમાં વધારો થાય છે. |

**2) શાખનીતિના નિયમો નક્કી કરવા**

શાખનીતિના નિયમો નક્કી કરવા માટે તેમાં શાખનીતિની રકમ,

સમયગાળો વગેરેનો સમાવેશ થાય છે. દરેક એકમ પોતાની શાખના નિયમો નક્કી કરે છે તે એકમના કદ, જરૂરિયાત તથા માળખા મુજબ અલગ અલગ હોય છે. લેણામાં થયેલ રોકાણની રકમ તથા પ્રકાર, શાખના નિયમ નક્કી કરતા ખૂબ જ ધ્યાનમાં રાખવા પડે છે. શાખના નિયમોમાં શાખની રકમ, પ્રક્રિયા, પડતર, વટાવનો દર, વ્યાજનો દર વગેરેનો સમાવેશ થાય છે.

શાખના નિયમો નક્કી કરવા માટે મુખ્યત્ત્વે ત્રણ આધારો છે.

A) શાખનો સમય

B) રોકડ વટાવ

C) શાખને લગતી અન્ય શરતો

**3) શાખની અરજીને ચકાસવી**

શાખની મળેલ અરજી દ્વારા શાખ પાત્રતાને ચકાસવામાં આવે છે. જ્યારે ગ્રાહકો ઉધાર માલ ખરીદે ત્યારે તમામ પ્રકારની શાખને લગતી શરતો તેમાં દર્શાવવામાં આવે છે. એકમે દરેક ગ્રાહકની શાખ પાત્રતા અલગથી ચકાસી, કોને કેટલી શાખ આપવી તે નક્કી કરવામાં આવે છે. આ અરજી ચકાસતી વખતે મુખ્યત્ત્વે 3 બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે.

a) શાખ અંગેની માહિતી મેળવવી

b) માહિતીની ચકાસણી કરવી

c) શાખ આપવા અંગેનો નિર્ણય લેવો

આ શાખની અરજી સ્વીકારતી વખતે “5 C” ધ્યાનમાં રખાય છે.




**4) લેણા પરનો અંકુશ**

લેણા મંજૂર કર્યા પછી તેના પર અંકુશ રાખવો અત્યંત જરૂરી છે. લેણા પરત મેળવવાનો આધાર લેણા પરની અંકુશની પદ્ધતિ પર રહેલો છે. જે માટે નીચેની પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

**1) હિસાબી ગુણોત્તર :**

લેણાના અંકુશ માટે હિસાબી ગુણોત્તરની પદ્ધતિ અત્યંત મદદરૂપ બને છે. જેમાં અલગ અલગ લેણાને લગતા ગુણોત્તરને ધ્યાનમાં રાખી અંકુશ રાખવામાં આવે છે. જેમાં નીચેના ગુણોત્તરનો સમાવેશ થાય છે.

1) $\text{દેવાદાર ગુણોત્તર} = \frac{\text{ઉધાર વેચાણ}}{\text{સરેરાશ દેવાદાર}}$

2) સરેરાશ પરત સમય = $\frac{\text{માસ / દિવસો}}{\text{દેવાદાર ગુણોત્તર}}$

વર્ષમાં 12 માસ અથવા 365 દિવસો હોય છે. તેથી સરેરાશ પરત સમયની ગણતરી 12 માસ કે 365 દિવસોને આધારે કરી શકાય છે. જો 12 માસને આધારે ગણતરી કરવામાં આવે તો સરેરાશ પરત સમય માસમાં આવશે, પરંતુ જો 365 દિવસોને આધારે ગણતરી કરવામાં આવે તો સરેરાશ પરત સમય દિવસોમાં આવશે.

**2) D S O પદ્ધતિ : (Days Sales Outstanding)**

આ પદ્ધતિ મુજબ કુલ લેણાનો દૈનિક વેચાણ સાથેનો ગુણોત્તર શોધવામાં આવે છે.

D S O = $\frac{\text{દેવાદાર}}{\text{સરેરાશ દૈનિક વેચાણ}}$

**3) દેવાદારોની ABC પદ્ધતિ :**

ABC પદ્ધતિએ અંકુશ માટેની આધુનિક પદ્ધતિ છે જે નીચે મુજબ દેવાદારો પર અનુસરી શકાય.

| દેવાદારોના પ્રકાર | દેવાદારોના % | કુલ લેણાના % |
|---|---|---|
| A | 15 | 80 |
| B | 30 | 15 |
| C | 55 | 05 |
| | 100% | 100% |

ઉપરના ટેબલ મુજબ એકમે A પ્રકારના દેવાદારો પર પૂરતો અંકુશ રાખવો જોઈએ જે 15% છે પરંતુ તેમના લેણાની રકમ કુલ લેણાના 80% છે.

**4) એજીંગ પદ્ધતિ :**

આ પદ્ધતિ ઘણી પ્રખ્યાત છે જેમાં દેવાદારોને તેમના શાખના સમય મુજબ અલગ તારવવામાં આવે છે.

| ચૂકવવાનો બાકી સમય (દિવસો) | રૂ. | કુલ દેવાદારના ટકા |
|---|---|---|
| 0 – 20 | 5,00,000 | 50% |
| 21 – 30 | 2,00,000 | 20% |
| 31 – 40 | 1,00,000 | 10% |
| 41 – 50 | 80,000 | 8% |
| 51 – 60 | 60,000 | 6% |
| Over 60 days | 60,000 | 6% |
| | 10,00,000 | 100% |

ઉપરની સારણી પરથી એ નક્કી કરી શકાય કે 50% દેવાદારો પાસેથી આગામી 20 દિવસોમાં લેણું વસૂલ થઈ શકે છે જ્યારે 20% દેવાદારો પાસેથી આગામી 21-30 દિવસો દરમિયાન લેણું વસૂલ થશે અને આ રીતે સારણીમાં દર્શાવ્યા મુજબ દેવાદારો પાસેથી લેણું વસૂલ થવાની શક્યતા છે તેથી એકમે પ્રવાહીતા જાળવવા માટે જરૂરી ભંડોળની વ્યવસ્થા તે મુજબ કરવી પડશે.

## 12.6 શાખનીતિના ચલો

ક્રેડિટનીતિ નક્કી કરતા સમયે નીચેના ત્રણ ચલનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

**1) શાખનાં ધોરણો :**

શાખનાં ધોરણો એટલે એવા ધોરણો કે જેના આધારે કોઈ ગ્રાહક કે ગ્રાહકના સમૂહને શાખ પૂરી પાડી શકાય. ટૂંકમાં કોઈ ગ્રાહક નિયત ધોરણો અનુસરે તો જ તેને શાખ આપવામાં આવે છે. જો શાખના ધોરણો હળવા રાખવામાં આવે તો વેચાણ તથા દેવાદારમાં વધારો થાય છે. પરંતુ ઘાલખાધનું જોખમ વધે છે. માટે શાખના ધોરણો એ રીતે તૈયાર કરવા જોઈએ કે જેથી વેચાણ વધે અને લેણાની પડતરમાં ઘટાડો થાય.

**2) શાખના નિયમો :**

શાખના નિયમોમાં શાખનો સમયગાળો તથા રોકડ વટાવ બન્નેનો સમાવેશ થાય છે. શાખનો સમયગાળો એટલે નાણાં પરત કરવા આપવામાં આવતો મહત્તમ સમય. જો "3 / 15 Net 45" આવું લખવામાં આવે તો તેનો અર્થ એ થાય કે જો 15 દિવસમાં નાણાં પરત કરવામાં આવશે તો 3% રોકડ વટાવ આપવામાં આવશે. મહત્તમ 45 દિવસમાં ઉધાર વેચાણના નાણાં પરત કરવાના રહેશે.

આમ શાખનો સમયગાળો તથા રોકડ વટાવની રકમ યોગ્ય હોવી જોઈએ કે જેથી લેણાની પડતરમાં વધારો ન થાય.

**3) નાણાં પરત મેળવવાની નીતિ :**

નાણાં પરત મેળવવાની નીતિ એવી હોવી જોઈએ કે જેથી સમયસર લેણાના નાણાં પરત મળી શકે અને ઘાલખાધનું જોખમ ઘટાડી શકાય. જો નિયત શાખના સમય પછી પણ જો કોઈ ગ્રાહક નાણાં પરત ન કરે તો સૌ પ્રથમ તેને પત્ર દ્વારા જાણ કરવી જોઈએ. જો ગ્રાહક તેનો જવાબ ન આપે તો ફરી એકવાર થોડા કડક શબ્દોમાં પત્ર લખવો જોઈએ. જો જવાબ ન મળે તો તેની સામે કાયદાકીય પગલાં લેવા જોઈએ. જો ગ્રાહકની આર્થિક પરિસ્થિતિ યોગ્ય ન હોય તો માંડવાળનો રસ્તો પણ અપનાવી શકાય.

## 12.7 ઉદાહરણો

1) નીચેની અલગ અલગ પરિસ્થિતિમાં કુલ લેણાનો અંદાજ મેળવો.

a) 30 દિવસની શાખ, વેચાણ = 3,00,000

$$ART = \frac{Sale}{AR}$$

$$ART = \frac{360}{ACP}$$

$$AR = \frac{Sale}{ART} \text{ or } AR = \frac{Sale}{360 / ACP}$$

જ્યાં,

ART = લેણા ખાતાનો ઉથલો

AR = લેણા ખાતાઓ

ARP = સરેરાશ ઉઘરાણીનો સમય

EST = અંદાજિત

$$ART = \frac{3,00,000}{360 / 36}$$

$$= \frac{3,00,000}{10}$$

$$= 30,000$$

$$ART = \frac{Sale}{360/ACP}$$

$$= \frac{3,00,000}{360/18}$$

$$= \frac{3,00,000}{20}$$

$$= 15,000$$

**2)** ઉધાર વેચાણ 50,00,000

શરૂનાં દેવાદાર 5,30,000

આખરનાં દેવાદાર 4,70,000

ઉપરની માહિતી પરથી સરેરાશ લેણાનો સમય તથા લેણા ટર્નઓવર (ઉથલા) ગુણોત્તર શોધો.

જવાબ :

$$\text{સરેરાશ દેવાદાર} = \frac{5,30,000 + 4,70,000}{2}$$

$$= 5,00,000$$

$$\text{ટર્નઓવર ગુણોત્તર} = \frac{\text{ઉધાર વેચાણ}}{\text{સરેરાશ દેવાદાર}}$$

$$= \frac{50,00,000}{5,00,000}$$

= 10 વખત

$$ACP = \frac{365}{10}$$

= 36.5 દિવસ

**3)** નીચેની માહિતી પરથી દૈનિક બાકી વેચાણની રકમ શોધો.

એક પેઢી 2,50,000 એકમોનું એક વર્ષમાં વેચાણ કરે છે. જેનો એકમ દીઠ ભાવ 100 છે. વર્ષના પેઢીના બાકી લેણા 15,06,850 છે.

જવાબ :

$$DSO = \frac{\text{દેવાદારો}}{\text{દૈનિક સરેરાશ વેચાણ}}$$

= 5,00,000

જ્યાં, $\text{દૈનિક સરેરાશ વેચાણ} = \frac{\text{કુલ વેચાણ}}{365}$

$$= \frac{2,50,000 \times 100}{365}$$

= 68,493.15

$$DSO = \frac{15,06,850}{68,493.15}$$

= 22 દિવસ

**4)** A લિમિટેડના મેનેજર કંપનીની શાખનીતિ હળવી કરવા માંગે છે. જે માટેની માહિતી નીચે મુજબ છે.

| **વિગત** | **વર્તમાન નીતિ** | **નવી નીતિ** |
|---|---|---|
| શાખ સમય | 30 દિવસ | 45 દિવસ |
| ઘાલખાધ | કુલ વેચાણના 1% | કુલ વેચાણના 2% |
| શાખ વિભાગના ખર્ચા | 9,000 | 16,500 |

કુલ વેચાણ = 24,00,000 છે.

જો શાખનીતિ હળવી કરવામાં આવે તો વેચાણમાં 20% વધારો થઈ શકે છે. વેચાણ ગુણોત્તરની ચલિત પડતર 90% છે. એકમની મૂડી પડતર 15% છે. નવી નીતિ માટે મળેલ પ્રસ્તાવ સ્વીકારવો કે નહિ તે જણાવો.

**જવાબ :**

શાખની પડતર દર્શાવતું પત્રક

| વિગત | રકમ | રકમ |
|---|---|---|
| વધારાનું વેચાણ (24,00,000 - 20%) | | 4,80,000 |
| Less : ચલિત પડતર (વેચાણના 90%) | | 4,32,000 |
| | | 48,000 |
| Less : પડતર<br>(1) શાખા વિભાગના ખર્ચા<br>(16,500 – 9,000) | 7,500 | |
| (2) વધારાની ઘાલખાધ<br>વર્તમાન 1% 24,000<br>નવી નીતિ 2% 57,600 | 33,600 | |
| (3) વૈકલ્પિક પડતર | 21,600 | 62,700 |
| નવી નીતિને કારણે ખોટ | | -14,700 |

1) લેણામાં રોકાણ $= \dfrac{(24,00,000 \times 90\%) \times 30}{360}$

$= 1,80,000$

2) વેચાણમાં વધારો $= 24,00,000 \times 120\% = 28,80,000$

ચલિત પડતર $= 28,80,000 \times 90\% = 25,42,000$

રોકાણ $= \dfrac{25,42,000 \times 45}{360}$

$= 3,24,000$

રોકાણમાં વધારો $= 3,24,000 - 1,80,000$

$= 1,44,000$

3) વૈકલ્પિક પડતર $= 1,44,000 + 20\%$

$= 21,600$

વૈકલ્પિક પડતર એટલે ખર્ચમાં વધારો થતા તેને પડતરમાં ઉમેરવી પડે.

**5)** એક પેઢી તેનો શાખનો સમય 45 દિવસથી 72 દિવસ કરવા માંગે છે. વર્તમાનમાં સરેરાશ લેણા પરત સમય 60 દિવસ છે. જે 90 દિવસ થવાની શક્યતા છે. ઘાલખાધમાં પણ 2% થી 4% થવાની શક્યતા છે. વર્તમાન વેચાણ એકમ 18,000 છે જે 21,000 થવાની શક્યતા છે. સરેરાશ એકમ પડતર 15 છે. વેચાણ પડતર 20 તથા ચલિત પડતર 12 છે. રોકાણ પર વળતરનો દર 20% છે.

ઉપરની માહિતી પરથી નવી શાખનીતિ સ્વીકારવી કે નહિ તે જણાવો.

જવાબ:

**A) વેચાણ વધતા નફામાં વધારો**

વધારાનું વેચાણ = 21,000 - 18,000

= 3,000 × 8

= 24,000

**B) લેણામાં વધારાના રોકાણની પડતર**

સરેરાશ રોકાણ (વર્તમાન) = $\frac{18,000 \times 15 \times 60}{360}$

= 2,70,000 × 6,013.60

= 45,000

સરેરાશ રોકાણ = $\frac{(18,000 \times 15) + (3,000 \times 12)}{360}$

(નવા પ્રસ્તાવ મુજબ)

= 3,06,000 × $\frac{90}{360}$

= 76,500

વધારાનું રોકાણ = 76,500 - 45,000

= 31,500

વધારાના રોકાણ પર વળતર = 31,500 + 20%

= 6,300

**C) વધારાની ઘાલખાધ**

વર્તમાન ઘાલખાધ = (18,000 × 20) × 20%

= 7,200

નવા પ્રસ્તાવની ઘાલખાધ = (21,000 × 20) × 4%

= 16,800

ઘાલખાધમાં વધારો = 16,800 - 7,200

= 9,600

કુલ પડતર = 6,300 + 9,600

= 15,900

**D) નફા તથા પડતરની સરખામણી**

| | |
|---|---|
| વધારાનો નફો | 24,000 |
| - વધારાના ખર્ચ | 15,900 |
| | 8,100 |

શાખનો સમય વધારવો જોઈએ.

## સ્વાધ્યાય

**નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. લેણાનો અર્થ સમજાવો.
2. લેણા સંચાલનનો અર્થ સમજાવો.
3. લેણા નક્કી કરતાં પરિબળોની વિસ્તૃતમાં ચર્ચા કરો.
4. લેણા સંચાલનની પ્રક્રિયા નક્કી કરતાં પરિબળોની ચર્ચા કરો.
5. નોંધ લખો : શાખનીતિનાં તત્ત્વો
6. ટૂંકનોંધ લખો
    1) ઉદાર શાખનીતિ
    2) કડક શાખનીતિ
    3) એજીંગ પદ્ધતિ
    4) ABC પદ્ધતિ
7. ઉદાર શાખનીતિ તથા કડક શાખનીતિ વચ્ચેનો તફાવત જણાવો.

**વ્યવહારીક દાખલા**

(1) એક એકમની વેચાણ તથા ખર્ચની નીચે મુજબ માહિતી આપી છે.

| | |
|---|---|
| કુલ વેચાણ | 6000 એકમ |
| એકમ દીઠ વેચાણ કિંમત | 50 |
| ચલિત પડતર | 30 |
| કુલ સ્થિર ખર્ચ | 80,000 |
| સરેરાશ લેણાના પરત મેળવવાનો સમય | 45 દિવસ |
| રોકાણ વળતરનો દર | 20% |

એકમ વધુ ઉદાર શાખનીતિ અપનાવવા માંગે છે. જેના કારણે વેચાણમાં 15%નો વધારો, સરેરાશ લેણા પરત મેળવવાનો સમય 72 દિવસ થવાનો અંદાજ છે. ઉપરની માહિતી પરથી ઉદાર શાખનીતિ અપનાવવી જોઈએ કે નહિ તે જણાવો.

**જવાબ :**

એકમે ઉદાર શાખનીતિ અપનાવવી જોઈએ.

| | | |
|---|---|---|
| નફામાં વધારો | = | 13,680 |
| સરેરાશ રોકાણમાં વધારો | = | 21,600 |
| સરેરાશ રોકડ પર વળતર | = | 21,600 × 20% |
| | = | 4,320 |
| નફો | = | 18,000 - 4,320 |
| | = | 13,680 |

(2) એક કંપનીનું વર્તમાન વેચાણ 50,000 એકમોનું છે. એકમ દીઠ વેચાણ 20 ચલિત પડતર 12 અને સરેરાશ પડતર 15 છે. લેણાની રકમ પરત મેળવવાનો ખર્ચ 9,000 છે. અને ઘાલખાધ 4% છે. કંપની કડક શાખનીતિને અનુસરવા માંગે છે. જો લેણા પરત મેળવવાનો ખર્ચમાં 16,000 વધારો કરવામાં આવે તો ઘાલખાધ 1% થવાનો અંદાજ છે. અને લેણા પરત મેળવવાનો સમય 30 દિવસ ઘટવાનો અંદાજ છે. આ નીતિના કારણે વેચાણમાં 1,000 એકમનો ઘટાડો થવાનો અંદાજ છે. રોકાણ વળતરનો દર 20% છે. તો એકમને તમે શું સલાહ આપશો ?

જવાબ :

કંપનીએ કડક શાખનીતિને અનુસરવી જોઈએ. કારણકે નફામાં 6,950નો ઘટાડો થાય છે.

i) ઘાલખાધમાં ઘટાડો = 10,600 (40,000 - 29,400)

ii) સરેરાશ લેણાની પડતરમાં ઘટાડો

$$= \frac{(50,000 \times 15)}{360 / 45}$$

= 93,750

કડક શાખનીતિ અનુસરતા

$$= \frac{(50,000 \times 15) - (1,000 \times 12)}{360 / 30}$$

= 61,500

બચત = 32,250 × 20%

= 64,500

કુલ બચત = 10,600 + 6,450 = 17,050

iii) વેચાણમાં ઘટાડો (1,000 × 8) = 8,000

+ ઉઘરાણીના ખર્ચા = 16,000

24,000

iv) નફામાં ઘટાડો 24,000

- કુલ બચત 17,050

રોકાણ વળતરનો દર 6,950

(3)

| | |
|---|---|
| ઉધાર વેચાણ | 32,00,000 રૂ. |
| એકમ દીઠ વેચાણ કિંમત | 40 રૂ. |
| ચલિત ખર્ચ | 25 રૂ. |
| સરેરાશ ખર્ચ | 32 રૂ. |
| સરેરાશ લેણા પરત મેળવવાનો સમય | 72 દિવસ |

કંપની તેની શાખનીતિ કડક કરવા માંગે છે, જેના પરિણામે

વેચાણ 28,00,000

સરેરાશ લેણા પરત મેળવવાનો સમય 45 દિવસ

રોકાણ વળતરનો દર 20% થવાનો અંદાજ છે.

એકમે કડક શાખનીતિ અપનાવવી જોઈએ કે નહિ તે જણાવો.

**જવાબ :**

એકમે કડક શાખનીતિને અપનાવવી જોઈએ.

i) વર્તમાન પરિસ્થિતિમાં વેચાણ $= \dfrac{32,00,000}{40}$

= 80,000 એકમ

નવું વેચાણ $= \dfrac{28,00,000}{40}$

= 70,000 એકમ

વેચાણમાં ઘટાડો = 80,000 - 70,000

= 10,000 એકમ

નફામાં ઘટાડો = 10,000 × 15

= 1,50,000

ii) સરેરાશ લેણાના રોકાણમાં ઘટાડો

વર્તમાન = (80,000 × 32) × 7,21,360

= 5,12,000

નવી નીતિ = (80,000 × 32) × (10,000 × 25) × (45 / 30)

= 2,88,750

ઘટાડો = 5,12,000 - 2,88,360

= 2,23,250

વળતર = 2,23,250 × 20%

= 44,650

નફામાં ઘટાડો = 1,50,000 - 44,650

= 1,05,350

(4)

ઉધાર વેચાણ 16,00,000 રૂ.

એકમ દીઠ વેચાણ કિંમત 40 રૂ.

એકમ દીઠ ચલિત ખર્ચ 25 રૂ.

| | |
|---|---|
| સરેરાશ પડતર | 32 રૂ. |
| શાખનો સમય | 72 દિવસ |

એકમ કડક શાખનીતિ અપનાવવા માગે છે જેમાં શાખનો સમય ઘટાડીને 45 દિવસ થશે અને વેચાણ 14,00,000 થશે. રોકાણ પર વળતરનો દર 20% છે. એકમે એ કડક શાખનીતિ અપનાવવી જોઈએ કે નહિ તે જણાવો.

**જવાબ :**

એકમે કડક શાખનીતિ ન અપનાવવી જોઈએ.

i) વર્તમાન પરિસ્થિતિમાં વેચાણ $= \frac{16,00,000}{40}$

= 40,000 એકમ

નવું વેચાણ $= \frac{14,00,000}{40}$

= 35,000 એકમ

નફામાં ઘટાડો = (40,000 - 35,000)

= 5,000 × 15

= 75,000

ii) રોકાણમાં ઘટાડો

વર્તમાન રોકાણ = (40,000 × 32) × 7,21,360

= 2,56,000

નવી નીતિ = (40,000 × 32) - (5,000 × 25) × (45 / 360)

= 1,44,375

રોકાણમાં ઘટાડો = 2,56,000 - 1,44,375

= 1,11,625 × 20%

= 22,325

નફામાં ઘટાડો = 75,000 - 22,325

= 52,675

(5) નીચેની અલગ અલગ પરિસ્થિતિમાં લેણાનો અંદાજ મેળવો.

i) વેચાણ 3,50,000, 10 દિવસની ચૂકવણી પર 2%નો વટાવ અથવા 60 દિવસની શાખ.

**(જવાબ :** 3,50,000 / 3,60,140 = 37,778)

ii) વેચાણ 3,50,000 અથવા 60 દિવસની શાખ.

**(જવાબ :** 3,50,000 / 360 / 72 = 70,000)

**નીચે આપેલ પ્રશ્નોના બહુવિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

1. ન્યૂનતમ લેણાની સપાટી જાળવી રાખવા નફાકારકતા તથા પ્રવાહિતા વચ્ચે ............ જાળવાવી જોઈએ.

   (અ) અસમાનતા (બ) સમાનતા

   (ક) ઓછું (ડ) વધુ

2. શાખનીતિના કુલ ............. ચલો છે.

   (અ) 1 (બ) 2

   (ક) 3 (ડ) 4

3. શાખનીતિના ચલો ..................... છે.

   (અ) શાખનાં ધોરણે (બ) શાખનો સમય

   (ક) રોકડ વટાવ (ડ) ઉપરના બધા જ

4. એકમમાં લેણા સંચાલનમાં નીચેનામાંથી .....................નો સમાવેશ થતો નથી.

   (અ) શાખનીતિ (બ) લેણાનું સંચાલન

   (ક) દેવાદાર પર અંકુશ (ડ) રોકડ સંચાલન

5. ધંધામાં સામાન્ય રીતે વેચાણથી ઉદ્ભવતા લેણાને ...................... કહે છે.

   (અ) દેવાદાર (બ) લેણદાર

   (ક) બેન્ક O.D (ડ) એક પણ નહિ

6. નીચેનામાંથી .......................... લેણા સંચાલન સાથે સંકળાયેલા નથી.

   (અ) મૂડી પડતર (બ) વેચાણ પડતર

   (ક) ઉઘરાણી પડતર (ડ) રોકડ પડતર

7. લેણાની કુલ રકમ અંદાજતી વખતે ....................... સંકળાયેલ નથી.

   (અ) વેચાણનો અંદાજ (બ) રોકડ વટાવનો અંદાજ

   (ક) દેવાદારનો અંદાજ (ડ) સરેરાશ પરત સમયનો અંદાજ

8. જ્યારે ઉધાર માલનું વેચાણ કરવામાં આવે ત્યારે માલ ખરીદનારને ................. કહે છે.

   (અ) વેપારી લેણદાર (બ) લેણદાર

   (ક) દેવાદાર (ડ) વેપારી દેવાદાર

9. .................... વેચાણ દ્વારા ભવિષ્યમાં પેઢી માટે દેવાદાર ઊભા થાય છે.

   (અ) રોકડ (બ) ઉધાર

   (ક) ભવિષ્ય (ડ) સ્પોટ

10. લેણાની પડતરમાં .....................નો સમાવેશ થતો નથી.

   (અ) ઉઘરાણી પડતર (બ) મૂડી પડતર

   (ક) વેચાણ પડતર (ડ) ડિબેન્ચરની પડતર

11. જો પેઢી ઉધાર વેચાણ કરવાનું નક્કી કરે તો પેઢીએ .................. શાખનીતિ નક્કી કરવી જોઈએ.

(અ) કડક (બ) ઉદાર

(ક) યોગ્ય (ડ) એક પણ નહિ

12. જ્યારે પેઢી પસંદગીના ગ્રાહકોને જ ઉધાર માલ વેચે તેને ................ શાખનીતિ કહે છે.

(અ) કડક (બ) ઉદાર

(ક) યોગ્ય (ડ) એક પણ નહિ

13. શાખના નિયમોમાં શાખનો સમય તથા ................. વટાવનો સમાવેશ થાય છે.

(અ) રોકડ (બ) વેચાણ

(ક) ખરીદ (ડ) એક પણ નહિ

14. લેણાને ........................... તરીકે પણ ઓળખાય છે.

(અ) વેપારી લેણદાર (બ) વેપારી દેવાદાર

(ક) ઈક્વિટી (ડ) એક પણ નહિ

15. શાખને માપવા માટે કુલ ............ "C" સમાયેલા છે.

(અ) 1 (બ) 3

(ક) 5 (ડ) 7

16. લેણાને પાકા સરવૈયામાં .................... બાજુ એ બતાવાય છે.

(અ) મિલકત (બ) દેવા

(ક) બન્ને (ડ) એક પણ નહિ

17. ઉદાર શાખનીતિ થી ..................... વધે છે.

(અ) વેચાણ (બ) ખરીદી

(ક) નફો (ડ) (અ) અને (ક)

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (બ) 2. (ક) 3. (ડ) 4. (ડ) 5. (અ) 6. (ડ) 7. (ક)
8. (ડ) 9. (બ) 10. (ડ) 11. (ક) 12. (અ) 13. (અ) 14. (બ)
15. (ક) 16. (અ) 17. (ડ)

♦ ♦ ♦

એકમ 13

# રોકડ સંચાલન

## : રૂપરેખા :

13.1 પ્રસ્તાવના

13.2 રોકડ સંચાલનનો અર્થ

13.3 રોકડ સંચાલનનું મહત્ત્વ

13.4 રોકડ રાખવાના હેતુઓ

13.5 રોકડ પ્રવાહ નક્કી કરતાં પરિબળો

13.6 રોકડ અંદાજપત્ર

13.7 રોકડ અંદાજીકરણના પ્રકાર

13.8 મહત્તમ રોકડ બેલેન્સ નિર્ધારણ

13.9 ઉદાહરણો

13.10 ઉપસંહાર

● સ્વાધ્યાય

## 13.1 પ્રસ્તાવના

ધંધાના રોજબરોજનાં કાર્યો જેવાંકે ખરીદ-વેચાણ, ખર્ચની ચૂકવણીઓ વગેરે કરવા માટે કાર્યશીલ મૂડીની જરૂરિયાત છે. ધંધાની કાર્યશીલ મૂડી મોટેભાગે માલસામગ્રી, લેણું અને રોકડ સ્વરૂપે હોય છે તેથી કાર્યશીલ મૂડીના સંચાલન વખતે આ ત્રણેય બાબતો પર ખાસ ભાર મૂકવામાં આવે છે. જો ધંધા પાસે પૂરતા પ્રમાણમાં રોકડ ન હોય તો તે પોતાની રોજબરોજની નાણાકીય જવાબદારી નિભાવવામાં નિષ્ફળ નીવડશે અને પરિણામે તેને ધંધામાં ટકવું અઘરૂં બનશે. જો જરૂરિયાત કરતાં વધારે રોકડ હશે તો યોગ્ય ઉપયોગિતાના અભાવે રોકડ નિષ્ક્રિય પડી રહેશે અને જો જરૂર કરતાં ઓછી હોય તો ધંધો ચલાવવો મુશ્કેલ બનશે.

## 13.2 રોકડ સંચાલનનો અર્થ

સામાન્ય સમજૂતી પ્રમાણે, રોકડ સંચાલનના મુખ્ય બે પાસા છે.

1) રોકડની પ્રાપ્તિ

2) રોકડ અંકુશ

આઈ. એમ. પાંડેના મત પ્રમાણે,

“રોકડ સંચાલનમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

1) આંતરિક અને બાહ્ય રોકડ પ્રવાહનું આયોજન કરવું

2) પેઢીની આંતરિક રોકડ પ્રવાહનું સંચાલન કરવું

3) ખાધ પુરવા નાણાંની વ્યવસ્થા કરવી અથવા વધારાની રોકડનું રોકાણ કરવું અને આ રીતે યોગ્ય સમયે રોકડ સિલક ઉપર અંકુશ રાખવો.”

આર. એમ. શ્રીવાસ્તવના મત પ્રમાણે, ‘‘રોકડ સંચાલનનો મુખ્ય હેતુ એકમમાં લાંબાગાળે નફો વધારવા માટે રોકડ તરલતા અને નફાકારકતા જાળવીને વેપાર કરવાનો છે.’’

## 13.3 રોકડ સંચાલનનું મહત્ત્વ

રોકડ સંચાલનનું મહત્ત્વ સમજવા માટે ઉપરની વ્યાખ્યાઓનો આધાર લઈ શકાય છે જેમાં રોકડ સંચાલનનો અર્થ અને મહત્ત્વ સ્પષ્ટ થાય છે.

રોકડ સંચાલન પેઢીની બહાર ઉદ્‌ભવતા અને પેઢીમાં આંતરિક રીતે ઉદ્‌ભવતા રોકડ પ્રવાહના આયોજન અને અંકુશ સાથે સંબંધ ધરાવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ યોગ્ય પ્રમાણમાં રોકડ સિલક જાળવી રાખી નાણાકીય જવાબદારીઓ નિભાવવાની સાથે એકમની નફાકારકતા અને પ્રતિષ્ઠા વધારવાનો છે.

રોકડનું સંચાલન વિવિધ ધંધાકીય વ્યવહારો માટે, ઘણીવાર આકસ્મિક સંજોગોને પહોંચી વળવા માટે, ધંધાનું કોઈ ખાસ કાર્ય કરવા, વિવિધ પ્રસંગોની ઉજવણી કરવા વગેરે માટે મહત્ત્વનું સાબિત થાય છે.

## 13.4 રોકડ રાખવાના હેતુઓ

ધંધામાં રોકડ હાથ ઉપર રાખવા પાછળ વિવિધ હેતુઓ રહેલા છે અને તે નીચે પ્રમાણે નોંધી શકાય.

**1) ધંધાકીય વ્યવહારો માટે :**

નાણાકીય સાધન વગર કોઈપણ ધંધાકીય વ્યવહાર શક્ય બનતો નથી. ધંધાકીય એકમમાં માલની ખરીદી, વીમો, મજૂરી-વેતનની ચૂકવણી, વિતરણ ખર્ચા વગેરે વ્યવહારો માટે રોકડ ધારણ કરવી જરૂરી બને છે.

**2) આકસ્મિક સંજોગોને પહોંચી વળવા માટે :**

ધંધામાં જ્યારે બિન અંદાજિત સંજોગો ઉપસ્થિત થાય ત્યારે તેને પહોંચી વળવા રોકડની જરૂરિયાત ઉદ્‌ભવે છે. જેવી કે કુદરતી આફતો (પૂર, ધરતીકંપ વગેરે), કામદારોની હડતાલ, કાચામાલની અછત, યંત્રની ખરાબી વગેરે.

**3) ખાસ કાર્યો કરવા માટે :**

જ્યારે કંપની પોતાના કર્મચારીઓ માટે સલામતીની ઝુંબેશ ઉપાડતી હોય, પર્યાવરણ જાળવણી ઝુંબેશ વગેરે કાર્યો કરવાનું આયોજન કરવામાં આવ્યું હોય ત્યારે તેના અમલ માટે રોકડ ધારણ કરવી જરૂરી બને છે.

**4) વિશિષ્ટ પ્રસંગોની ઉજવણી માટે :**

કંપની પોતાના સ્થાપના દિવસ અથવા સિલ્વર કે, ગોલ્ડન જ્યુબિલી ઉજવવા માગતી હોય તેમજ વિશિષ્ટ કાર્યક્રમો જેવા કે કર્મચારીઓને ભેટ, ભોજન સમારંભ જેવા ખર્ચનો અંદાજ ધ્યાનમાં રાખીને રોકડની વ્યવસ્થા કરે છે.

**5) આધુનિકરણ :**

આધુનિકરણ માટે જે ખર્ચ કરવો પડે તેમાં મુખ્યત્ત્વે મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચનો સમાવેશ થાય છે. આધુનિકરણ માટે સામાન્ય કરતા વધારે રોકડની વ્યવસ્થા કરવી પડે છે.

**6) લૉન - ડિબેન્ચર અને થાપણોના નાણાં પરત કરવા :**

સંચાલકોએ લીધેલી બેંક લૉન, જાહેર થાપણો તથા ડિબેન્ચર દ્વારા મેળવેલા નાણાં નિશ્ચિત સમયે પાકતી મુદ્દતે પરત કરવા માટે રોકડ ધારણ કરવી જરૂરી બને છે.

## 13.5 રોકડ પ્રવાહ નક્કી કરતાં પરિબળો :

### 1) આર્થિક વ્યવહારો :

ધંધાના આર્થિક વ્યવહારો માટે રોકડની જરૂરિયાત ઉદ્ભવે છે. ધંધાકીય એકમમાં રોજ-બ-રોજ અનેક પ્રકારની નાણાકીય પ્રવૃત્તિઓ કરવાની હોય છે. આમાની કેટલીક પ્રવૃત્તિઓ માટે નાણાંની ચૂકવણી કરવી પડે છે. દા.ત. માલસામગ્રી ખરીદી, પગાર વગેરે. તેવી જ રીતે એકમને રોકડ પ્રવાહની પ્રાપ્તિ થતી હોય છે. આમ રોકડ પ્રવાહ રોકડની પ્રાપ્તિ અને જાવક બન્ને અનેક પ્રકારની આર્થિક પ્રવૃત્તિના કારણે થતો હોય છે. આમ, ધંધાકીય એકમનો આર્થિક વ્યવહારોનો જથ્થો અને પ્રકાર રોકડ સિલક નક્કી કરતા હોય છે.

### 2) આકસ્મિક જરૂરિયાત :

ઘણીવાર અમુક કુદરતી તેમજ માનવસર્જિત આકસ્મિક બનાવો માટે રોકડની જરૂર પડે છે. દા.ત. પૂર, હડતાલ, માલસામગ્રીના ભાવમાં વધારો, કામદારોની હડતાલ, યુદ્ધ વગેરે. આમ ઉપરના સંજોગો માટે વધારાની રોકડની જરૂર હોય છે.

### 3) ટૂંક સમયમાં મળનાર ધિરાણ :

સામાન્ય રીતે એકમ પોતાની રોકડ માટેની આકસ્મિક જરૂરિયાત અને વધુ નફો પ્રાપ્ત કરવા માટેની જરૂરિયાત માટે ખરેખર રોકડ સિલક રાખવામાં આવતી નથી. પરંતુ આ અંગે બેન્ક પાસે માંગણી કરતા તુરત ધિરાણ પ્રાપ્ત થાય તે અંગેની સમજૂતી કરવામાં આવતી હોય છે.

### 4) નાણાં બજારનો વ્યાજ દર :

ધંધામાં ઉછીના લીધેલ નાણા ઉપર બજારમાં ચાલુ હોય તે દરે વ્યાજ ચૂકવવું પડે છે. જો નાણાંનો પુરવઠો વધુ હશે તો વ્યાજનો દર ઓછો હોય છે. જ્યારે નાણાંની અછત હશે તો વ્યાજનો દર ઊંચો હોય છે. આમ, વ્યાજનો ઉંચો અને નીચો દર એકમનો રોકડ પ્રવાહ નક્કી કરવા માટેનું અગત્યનું પરિબળ છે.

### 5) ધંધાનું કદ :

જો ધંધાનું કદ મોટું હશે તો ધંધાની રોકડ જરૂરિયાત વધુ રહેવાની અને નાના કદના ધંધામાં રોકડની જરૂરિયાત પ્રમાણમાં ઓછી રહેવાની.

### 6) પ્રક્રિયાનો સમય :

દરેક પેદાશ માટે ઉત્પાદન પ્રક્રિયાનો સમય અલગ-અલગ હોય છે. જો ઉત્પાદન પ્રક્રિયા લાંબી હશે તો ઉત્પાદનનો સમય વધુ હશે તો માલ ઉત્પાદિત થઈને વેચાણ થતા સમય વધુ લાગશે. તે સમયે નાણાંની જરૂરિયાત વધારે રહેશે. પરંતુ જો ઉત્પાદન પ્રક્રિયા ટૂંકી હશે તો રોકડની જરૂરિયાત પ્રમાણમાં ઓછી રહેશે.

### 7) ખરીદ વેચાણ નીતિ :

જો ધંધાની ખરીદ નીતિ પ્રમાણે, રોકડ ખરીદની નીતિ હશે તો પેઢીની રોકડ જરૂરિયાત વધુ હશે. તેનાથી ઉલટું જો ઉધાર ખરીદની નીતિ સ્વીકારેલ હશે તો પ્રમાણમાં રોકડની જરૂરિયાત ઓછી હોય છે. જો પેઢી ફક્ત રોકડ વેચાણ કરતી હશે તો રોકડ જરૂરિયાત પ્રમાણમાં ઘટી જાય છે, જ્યારે પેઢીએ ઉધાર વેચાણ નીતિ સ્વીકારેલી હોય તો રોકડની જરૂરિયાત વધે છે.

**8) વેપાર ચક્ર :**

અર્થતંત્રમાં પ્રવર્તતા વેપાર ચક્રની પણ રોકડ જરૂરિયાતને અસર કરે છે. વેપાર ચક્ર એટલે તેજી - મંદીનો પ્રવાહ. તેજીમાં વેચાણ વધે તેથી રોકડ પ્રવાહ ઝડપી બને છે પરંતુ મંદીના સમયમાં વેચાણ ઘટે છે અને પરિણામે રોકડ પ્રવાહ પણ ઘટે છે.

## 13.6 રોકડ અંદાજપત્ર

ધંધાકીય વ્યહારો માટે કેટલી રોકડ જોઈશે તેનો યોગ્ય અંદાજ મૂકવો જરૂરી છે. જો રોકડ અંદાજીકરણમાં ખામી રહેશે તો સંચાલકોને નાણાકીય કટોકટીનો સામનો કરવો પડશે. તેની વિવિધ પ્રવૃત્તિઓનું સાતત્ય જોખમાશે અને આખરે ધંધાકીય હરિફાઈમાં ટકવું તેને માટે મુશ્કેલ બનશે.

રોકડ અંદાજીકરણ માટે વિવિધ પરિબળોનો અભ્યાસ કરવામાં આવે છે. રોકડ આયોજનમાં કંપનીને ક્યારે, કયા સાધનમાંથી કેટલી રોકડ પ્રાપ્ત થશે અને કઈ પ્રવૃત્તિ માટે ક્યારે કેટલા પ્રમાણમાં રોકડનો ઉપયોગ થશે તેની પૂર્વ વિચારણા કરવામાં આવે છે.

**રોકડ આયોજનનો અર્થ :**

શ્રી આર. એમ. શ્રીવાસ્તવના મત પ્રમાણે, "ભવિષ્યના સમયમાં રોકડ સિલક રહેશે કે ખાધ રહેશે તે નક્કી કરવા માટે પેઢીને મળવાપાત્ર રોકડ પ્રવાહ અને પેઢી બહાર જતા રોકડ પ્રવાહનો અંદાજ બાંધવાની પ્રક્રિયા એટલે રોકડ આયોજન."

ઉપરની વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે રોકડ અંદાજપત્રમાં ભવિષ્યના સમય માટે પેઢીને કેટલો રોકડ પ્રવાહ મળશે અને કેટલો રોકડ પ્રવાહ વપરાશે તે બાબતનો અંદાજ મૂકીને પેઢી પાસે રોકડ સિલક રહેશે કે ખાધ રહેશે તે ચિત્ર સ્પષ્ટ કરવામાં આવે છે. જો સંભવિત સિલકની શક્યતા હોય તો સંચાલકો તેનું અન્ય જગ્યાએ રોકાણ કરવાની પૂર્વ વિચારણા કરી શકે અને ખાધની શક્યતા હોય તો તે માટે ખૂટતી રોકડ અંગે યોગ્ય વ્યવસ્થા કરી શકે છે.

રોકડ અંદાજપત્રમાં જ્યારે વ્યવહાર કરવામાં આવે છે. ત્યારે ઘણીવાર નાણાં ચૂકવતી વખતે અથવા વસૂલાત કરતી વખતે જુદા-જુદા સમયગાળાનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે, 1 માસ, 2 માસ, ½ માસ, ¼ માસ વગેરે. ધારોકે કોઈ કંપનીએ 1 માસ પછી રૂ. 10,000 ચૂકવવાના હોય તો તે નાણાં (રૂ. 10,000) 1 માસ પછી ચૂકવવામાં આવશે. તેવી જ રીતે ધારો કે એપ્રિલ મહિનાની મજૂરી રૂ. 5,000 છે અને તે ½ માસે ચૂકવવામાં આવે છે. તો તે મજૂરી એપ્રિલ મહિનામાં રૂ. 2,500 અને બાકીના મે મહિનામાં રૂ. 2,500 એવી રીતે ચૂકવવામાં આવશે. રોકડ અંદાજપત્ર નીચે મુજબ બનાવવામાં આવે છે.

**તા. 1/6/21 થી તા. 30/9/21 સુધીનું રોકડ અંદાજપત્રક**

| વિગત | જૂન | જુલાઈ | ઓગસ્ટ |
|---|---|---|---|
| શરૂની સિલક | - | | |
| ઉમેરો : રોકડ આવક | | | |
| ઉઘરાણી | | | |
| વેચાણ | | | |
| કુલ આવક (A) | | | |
| બાદ : રોકડ જાવકો | | | |
| ખરીદી | | | |
| મજૂરી | | | |
| કારખાના ખર્ચ | | | |
| વહીવટી ખર્ચ | | | |
| વેચાણ ખર્ચ | | | |
| મૂડી ખર્ચ | | | |
| વેચાણ કમિશન | | | |
| કુલ જાવક (B) | | | |
| રોકડ સિલક **(A - B)** | | | |

## 13.7 રોકડ અંદાજીકરણના પ્રકાર

સમયનાં આધારે, રોકડ અંદાજીકરણના મુખ્ય બે પ્રકારો છે.

**1) ટૂંકાગાળાની આગાહી**

**2) લાંબાગાળાની આગાહી**

### 1) ટૂંકાગાળાની આગાહી :

જ્યારે એક વર્ષથી ઓછા સમયગાળા માટે આગાહી કરવી હોય ત્યારે તેને ટૂંકાગાળાનું પૂર્વાનુમાન તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકા સમયગાળામાં પરિબળોમાં મોટા ફેરફાર થતાં નથી અને તેથી ખૂબ જ સરળ રીતે રોકડ આવક-જાવકના અંદાજો મૂકી શકાય છે. તેના ફાયદા નીચે પ્રમાણે છે.

- ધંધાકીય પ્રવૃત્તિઓ જેવીકે ખરીદી, ઉત્પાદન વગેરે માટે કેટલી રોકડ જોઈશે તેનો અંદાજ મૂકી શકાય છે.
- ધંધામાં કેટલી રોકડ તૂટ રહેશે તેનો અગાઉથી ખ્યાલ આવે છે અને તે પ્રમાણે રોકડની વ્યવસ્થા કરી શકાય છે.
- ટૂંકાગાળાના રોકડ અંદાજને બેન્કો વધુ માન્ય કરે છે તેથી સરળતાથી બેન્કો પાસેથી ધિરાણ મેળવી શકાય છે.

- ટૂંકાગાળાને ધ્યાનમાં રાખીને માલસામગ્રીની વૈજ્ઞાનિક ખરીદી અંગેનું આયોજન કરી શકાય છે.
- વિવિધ વિભાગોની રોકડ જરૂરિયાત સંકલિત કરી શકાય છે.
- બેન્કમાં કેટલી સિલક રાખવી તેમજ હાથ પરની સિલકનો અંદાજ નીકાળી શકાય છે.
- ઉછીના નાણાં અને ડિપોઝિટ્સ પરત કરવા અંગે પણ પૂર્વ વિચારણા થઈ શકે છે.

**2) લાંબાગાળાની આગાહી :**

જ્યારે એક વર્ષથી વધારે વર્ષ માટે રોકડનું પૂર્વાનુમાન કે આધારણ કરવામાં આવે ત્યારે તેને લાંબાગાળાના રોકડ આધારણ તરીકે ઓળખવામાં આવે છે. મોટી કંપનીઓ પંચવર્ષીય યોજનાઓને ધ્યાનમાં રાખીને પાંચ વર્ષ માટેનું આયોજન કરે છે. આ અંગે કોઈ ચોક્કસ નિયમ નથી. કેટલીકવાર ટૂંકાગાળાના આયોજનમાં પ્રતિ વર્ષ ફુગાવાના દરને ધ્યાનમાં રાખીને તથા કંપનીએ નીતિ-નિયમોમાં કરેલા ફેરફારની અસર ધ્યાનમાં રાખીને લાંબાગાળાની રોકડ માટેની આગાહી કરવામાં આવે છે. લાંબાગાળાની આગાહીના ફાયદા નીચે પ્રમાણે છે.

- મૂડી ખર્ચની યોજનાના મૂલ્યાંકન માટે લાંબાગાળાનું આયોજન વધુ યોગ્ય બને છે.
- લાંબાગાળાની કુલ કાર્યશીલ મૂડીનો અંદાજ મેળવી શકાય છે.
- સમગ્ર કંપનીના આયોજન માટે લાંબાગાળાની રોકડની આગાહી વધુ ઉપયોગી બને છે.
- લાંબાગાળાની આગાહી દ્વારા એકમની સ્થિરતાનો વિશેષ ખ્યાલ આવે છે.

## 13.8 મહત્તમ રોકડ બેલેન્સ નિર્ધારણ

નાણાકીય સંચાલકોએ એકમની નાણાકીય પ્રવાહિતતા યોગ્ય રીતે જળવાઈ રહે તેવી રકમને આદર્શ રોકડ સિલક તરીકે નક્કી કરવી જોઈએ. આ પ્રકારની આદર્શ રોકડ સિલક નક્કી કરવામાં મુખ્યત્ત્વે જોખમ અને વળતરના પરિબળોને ધ્યાનમાં રાખવા જોઈએ. જો ધંધાકીય એકમ પ્રમાણમાં ઓછી રકમને રોકડ સિલક તરીકે રાખવાનું નક્કી કરે તો, પેઢીની નાણાકીય પ્રવાહિતા નબળી પડે છે. તેમજ જરૂરી ખર્ચાઓની ચૂકવણી માટે રોકડની અછત ઉદ્‌ભવે છે. પરંતુ એકમ રોકડ રકમને અન્ય જામીનગીરીમાં રોકે તો, વ્યાજની આવકનો ફાયદો થાય છે. તેમજ જ્યારે જરૂર પડે ત્યારે આવી જામીનગીરીઓ બજારમાં વેચીને રોકડ રકમ પ્રાપ્ત કરી શકાય છે. આ પ્રકારની જામીનગીરીઓના ખરીદ વેચાણના વ્યવહારને પરિણામે અમુક ખર્ચા ઉદ્‌ભવે છે. દા.ત. દલાલી, કમિશન વગેરે.

પરંતુ એકમ જો વધુ રોકડ રકમ સિલક તરીકે રાખે તો પેઢીની નાણાકીય પ્રવાહિતતા સદ્ધર રહેશે. તેમજ બધા જ ખર્ચાઓ સહેલાઈ અને સરળતાથી ચૂકવી શકાય છે. પરંતુ મોટી રકમ પોતાની પાસે રાખવાથી વ્યાજની આવકનું નુકસાન જાય છે. આમ, પેઢીએ કેટલી રોકડ સિલક રાખવી તે નાણાકીય સંચાલકો માટે મહત્ત્વનો પ્રશ્ન બને છે. આ માટે અનેક પરિબળો અને પરિસ્થિતિઓનો અભ્યાસ કરીને આદર્શ રોકડ સિલકની રકમ નક્કી કરવી જોઈએ. મહત્તમ રોકડ સિલક નક્કી કરવા માટે નાણાકીય સંચાલકો 'EOQ મોડેલ'નો ઉપયોગ કરે છે. આ મોડેલમાં વધારાની રકમમાંથી ઉદ્‌ભવતો વૈકલ્પિક ખર્ચ અને ઓછી રોકડ એટલે કે રોકડ તૂટની સ્થિતિમાં ઉદ્‌ભવતો સોદા ખર્ચનો રોકડની વિવિધ સપાટીએ અંદાજ મૂકવામાં આવે છે.

મહત્તમ રોકડ બેલેન્સ નીચેના સૂત્ર દ્વારા શોધવામાં આવે છે.

$$C = \sqrt{\frac{2BT}{i}}$$

C = ઈષ્ટતમ રોકડ સિલક

B = સોદાનો ખર્ચ

T = અમુક મુદ્દત દરમિયાન રોકડની કુલ માંગ

i = જામીનગીરી પર વ્યાજનો માસિક દર

## 13.9 ઉદાહરણો

(1) એક પેઢીએ એપ્રિલ મહિના દરમિયાન રૂ. 8,00,000 રોકડની જરૂર પડે છે. એકમ દીઠ સોદાનો ખર્ચ રૂ. 1,000 આવે છે અને જામીનગીરી પર વ્યાજનો દર 12% છે તો મહત્તમ રોકડ સિલક શોધો.

$$C = \sqrt{\frac{2BT}{i}}$$

C = ઈષ્ટતમ રોકડ સિલક

B = સોદાનો ખર્ચ

T = અમુક મુદ્દત દરમિયાન રોકડની કુલ માંગ

i = જામીનગીરી પર વ્યાજનો દર માસિક

$$C = \sqrt{\frac{2 \times 1{,}000 \times 8{,}00{,}000}{\frac{0.12}{12}}}$$

= રૂ. 4,00,000

(2) નીચેની વિગતો પરથી એક કંપનીનું તા. 1લી જુલાઈથી 31મી ડિસેમ્બર, 2020 સુધીનું અર્ધવાર્ષિક રોકડ બજેટ તૈયાર કરો. તા. 1/7/2020ના રોજ રોકડ સિલક 50,000 હશે.

| માસ | વેચાણ રૂ. | કાચામાલની ખરીદી રૂ. | મજૂરી રૂ. | કારખાનાના પરોક્ષ ખર્ચા રૂ. | વહીવટી ખર્ચ રૂ. | વેચાણ વિતરણ રૂ. |
|---|---|---|---|---|---|---|
| મે | 2,00,000 | 90,000 | 18,000 | 12,000 | 7,000 | 8,000 |
| જૂન | 1,80,000 | 95,000 | 20,000 | 14,000 | 8,000 | 9,000 |
| જુલાઈ | 2,10,000 | 94,000 | 19,000 | 10,000 | 7,000 | 8,000 |
| ઓગસ્ટ | 1,70,000 | 94,000 | 15,000 | 13,000 | 5,000 | 8,500 |
| સપ્ટે. | 1,75,000 | 85,000 | 22,000 | 14,500 | 6,500 | 8,600 |
| ઓક્ટો. | 2,20,000 | 72,000 | 18,000 | 11,000 | 7,200 | 9,300 |
| નવે. | 2,12,000 | 75,000 | 21,000 | 9,500 | 7,500 | 7,800 |
| ડિસે. | 2,50,000 | 65,000 | 20,000 | 10,000 | 7,400 | 6,500 |

વધારાની માહિતી નીચે મુજબ છે.

1) જુલાઈમાં જે યંત્ર ખરીદાશે તેના નાણાં રૂ. 60,000 તરત જ ચૂકવવા પડશે.

2) વેપારીઓ પાસે નાણાં ચૂકવવા 1 માસની મુદ્દત મળે છે અને ગ્રાહકોને પણ એ મુદ્દત આપવી પડે છે.

3) મજૂરી અઠવાડિયા બાદ ચૂકવાય છે. જ્યારે કારખાના ખર્ચ, વહીવટી ખર્ચ અને વેચાણ ખર્ચા જે મહિનામાં થાય છે ત્યાર પછી એક મહિના બાદ ચૂકવવાના હોય છે.

4) વેચાણ પર 2½% કમિશન વેચાણ પછી બે મહિના બાદ ચૂકવાય છે.

5) ઓગષ્ટમાં જે યંત્રો રૂ. 1,80,000ની કિંમતે ખરીદવાના છે તેના નાણાં સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં સરખે હપ્તે ચૂકવવાના છે.

જવાબ :

Note - 1 મજૂરીની ગણતરી નીચે મુજબ છે.

| મજૂરી | | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|---|
| જૂન | ¼× 20,000 | 5,000 | | | | | |
| જુલાઈ | 19,000 | 14,250 | 4,750 | | | | |
| ઓગસ્ટ | 15,000 | | 11,250 | 3,750 | | | |
| સપ્ટે. | 22,000 | | | 16,500 | 5,500 | | |
| ઓક્ટો. | 18,000 | | | | 13,500 | 4,500 | |
| નવે. | 21,000 | | | | | 15,750 | 5,250 |
| ડિસે. | 20,000 | | | | | | 15,000 |
| | કુલ | 19,250 | 16,000 | 20,250 | 19,000 | 20,250 | 20,250 |

Note - 2 કારખાના ખર્ચ એક મહિના બાદ ચૂકવવામાં આવે છે. તેથી જૂનના ખર્ચના નાણાં જુલાઈમાં, જુલાઈના ઓગસ્ટમાં....

| વિગત | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|
| કારખાના ખર્ચ | 14,000 | 10,000 | 13,000 | 14,500 | 11,000 | 9,500 |

Note - 3 વહીવટી ખર્ચ એક મહિના બાદ ચૂકવવામાં આવે છે.

| વિગત | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|
| વહીવટી ખર્ચ | 8,000 | 7,000 | 5,000 | 6,500 | 7,200 | 7,500 |

Note - 4 વેચાણ ખર્ચ એક મહિના બાદ ચૂકવવામાં આવે છે.

| વિગત | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|
| વેચાણ ખર્ચ | 9,000 | 8,000 | 8,500 | 8,600 | 9,300 | 7,800 |

Note - 5 વેચાણ પર 2½% કમિશન બે મહિના બાદ ચૂકવવામાં આવે છે.

| વેચાણ કમિશન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|
| મે<br>50,000 - 2.5% | 5,000 | | | | | |
| જૂન<br>1,80,000 - 2.5% | | 4,500 | | | | |
| જુલાઈ<br>2,10,000 - 2.5% | | | 5,250 | | | |
| ઓગસ્ટ<br>1,70,000 - 2.5% | | | | 4,250 | | |
| સપ્ટે.<br>1,75,000 - 2.5% | | | | | 4,375 | |
| ઓક્ટો.<br>2,20,000 - 2.5% | | | | | | 5,500 |

01/07/2020 થી 31/12/2020 સુધીનું રોકડ બજેટ

| વિગત | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|
| શરૂની સિલક | 50,000 | 19,750 | 90,250 | 24,250 | -28,600 | 67,275 |
| ઉમેરો : રોકડ આવક | | | | | | |
| ઉઘરાણી | 1,80,000 | 2,10,000 | 1,70,000 | 1,75,000 | 2,20,000 | 2,12,000 |
| કુલ આવક (A) | 2,30,000 | 2,29,750 | 2,60,250 | 1,99,250 | 1,91,400 | 2,79,275 |
| બાદ: રોકડ જાવકો | | | | | | |
| ખરીદી | 95,000 | 94,000 | 94,000 | 85,000 | 72,000 | 75,000 |
| મજૂરી (Note - 1) | 19,250 | 16,000 | 20,250 | 19,000 | 20,250 | 20,250 |
| કારખાના ખર્ચ | 14,000 | 10,000 | 13,000 | 14,500 | 11,000 | 9,500 |
| વહીવટી ખર્ચ | 8,000 | 7,000 | 5,000 | 6,500 | 7,200 | 7,500 |
| વેચાણ ખર્ચ | 9,000 | 8,000 | 8,500 | 8,600 | 9,300 | 7,800 |
| મૂડી ખર્ચ | 60,000 | - | 90,000 | 90,000 | - | - |
| વેચાણ કમિશન | 5,000 | 4,500 | 5,250 | 4,250 | 4,375 | 5,500 |
| કુલ જાવક (B) | 2,10,250 | 1,39,500 | 2,36,000 | 2,27,850 | 1,24,125 | 1,25,550 |
| રોકડ સિલક **(A - B)** | **19,750** | **90,250** | **24,250** | **-28,600** | **67,275** | **1,53,725** |

(3) મોડર્ન કંપની એપ્રિલ થી જૂન, 2020ના સમય માટે ભાગે સ્ટોકમાં રાખવા ઉત્પાદન કરવાના હેતુથી બેન્કની સાથે ઓવરડ્રાફ્ટની સગવડ કરવાની ઈચ્છા ધરાવે છે. નીચે આપેલી માહિતી પરથી કંપનીને દર મહિને જરૂર પડતી બેન્કના ઓવરડ્રાફ્ટની સગવડ દર્શાવતું ઉપરના સમય માટેનું રોકડ અંદાજપત્ર બનાવો.

| માસ | વેચાણ રૂ. | ખરીદી રૂ. | મજૂરી રૂ. | ઉત્પાદન ખર્ચ રૂ. | ઓફિસ ખર્ચ રૂ. | વેચાણ ખર્ચ રૂ. |
|---|---|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | 1,80,000 | 1,24,800 | 12,000 | 3,000 | 2,000 | 2,000 |
| માર્ચ | 1,92,000 | 1,44,000 | 14,000 | 4,000 | 1,000 | 4,000 |
| એપ્રિલ | 1,08,000 | 2,43,000 | 11,000 | 3,000 | 1,500 | 2,000 |
| મે | 1,74,000 | 2,46,000 | 12,000 | 4,500 | 2,000 | 5.000 |
| જૂન | 1,26,000 | 2,68,000 | 15,000 | 5,000 | 2,500 | 4,000 |
| જુલાઈ | 1,40,000 | 2,80,000 | 17,000 | 5,500 | 3,000 | 4,500 |
| ઓગસ્ટ | 1,60,000 | 3,00,000 | 18,000 | 6,000 | 3,000 | 5,000 |

1) તા. 01/04/2020ના રોજ અંદાજેલી હાથ પર રોકડ સિલક રૂ. 25,000

2) ઉધાર વેચાણ 50% વેચાણ થયા પછીના મહિનામાં અને બાકીના 50% પછીના બીજા મહિનામાં વસુલ થાય છે. લેણદારોને ખરીદીના પછીના મહિનામાં ચૂકવાય છે.

3) ઉત્પાદન ખર્ચ ચૂકવવાનો ગાળો ½ મહિનાનો છે.

4) અન્ય ખર્ચ ચૂકવવાનો ગાળો 1 મહિનાનો છે.

જવાબ :

1) એપ્રિલના વેચાણમાંથી મળતી રોકડ નીચે પ્રમાણે ગણાશે.

ફેબ્રુઆરીના વેચાણની અર્ધી રકમ 90,000
+ માર્ચના વેચાણની અર્ધી રકમ 96,000
1,86,000

મેના વેચાણમાંથી મળતી રોકડ નીચે પ્રમાણે ગણાશે.

માર્ચના વેચાણની અર્ધી રકમ 96,000
+ એપ્રિલના વેચાણની અર્ધી રકમ 54,000
1,50,000

જૂનના વેચાણમાંથી મળતી રોકડ નીચે પ્રમાણે ગણાશે.

એપ્રિલના વેચાણની અર્ધી રકમ 54,000
+ મેના વેચાણની અર્ધી રકમ 87,000
1,41,000

2) ઉત્પાદન ખર્ચ ચૂકવવાનો ગાળો ½ મહિનાનો છે. તેથી માર્ચનો અર્ધો ઉત્પાદન ખર્ચ રૂ. 2,000 અને એપ્રિલનો અર્ધો ઉત્પાદન ખર્ચ રૂ. 1,500 મળીને એપ્રિલમાં કુલ રૂ. 3,500 ચૂકવાશે.

એપ્રિલ થી જૂન, 2020 સુધીના 3 માસનું રોકડ અંદાજપત્ર

| વિગત | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|
| શરૂની રોકડ સિલક | 25,000 | 44,500 | -66,750 |
| ઉમેરો : રોકડ આવક | | | |
| વેચાણ | 1,86,000 | 1,50,000 | 1,41,000 |
| કુલ રોકડ આવક (A) | 2,11,000 | 1,94,500 | 74,250 |
| બાદ : રોકડ જાવકો | | | |
| ખરીદી | 1,44,000 | 2,43,000 | 2,46,000 |
| મજૂરી | 14,000 | 11,000 | 12,000 |
| ઉત્પાદન ખર્ચ | 3,500 | 3,750 | 4,750 |
| ઓફિસ ખર્ચ | 1,000 | 1,500 | 2,000 |
| વેચાણ ખર્ચ | 4,000 | 2,000 | 5,000 |
| કુલ રોકડ જાવક (B) | 1,66,500 | 2,61,250 | 2,69,750 |
| રોકડ સિલક **(A - B)** | **44,500** | **(66,750)** | **(1,95,500)** |

ઉપરની ગણતરી સૂચવે છે કે મે માસમાં રૂ. 66,750ની રોકડ ખૂટશે. જે માટે બેન્ક ઓવરડ્રાફ્ટની સગવડનો ઉપયોગ કરવો પડશે.

(4) સાહિલ કંપનીનું એપ્રિલ થી જૂન, 2020ના સમયનું રોકડ અંદાજપત્ર બનાવો.

રોકડ વેચાણ :

એપ્રિલ 1,00,000

| | |
|---|---|
| મે | 2,00,000 |
| જૂન | 1,50,000 |

રોકડ ખરીદી

| | |
|---|---|
| એપ્રિલ | 50,000 |
| મે | 60,000 |
| જૂન | 60,000 |

એપ્રિલ મહિનામાં શરૂની રોકડ સિલક રૂ. 20,000 છે.

**જવાબ :**

| વિગત | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|
| શરૂની રોકડ સિલક | 20,000 | 70,000 | 2,10,000 |
| ઉમેરો : | | | |
| રોકડ વેચાણ | 1,00,000 | 2,00,000 | 1,50,000 |
| બાદ : | | | |
| રોકડ ખરીદી | 50,000 | 60,000 | 60,000 |
| આખરની રોકડ સિલક | **70,000** | **2,10,000** | **3,00,000** |

(5) નીચેની માહિતી પરથી શ્યામ લિ.નું ઓક્ટોબર થી ડિસેમ્બર, 2020નું રોકડ અંદાજપત્ર બનાવો.

1) તા. 01/10/2020ના રોજ રોકડ સિલક રૂ. 10,000

2) રોકડ વેચાણ :

| | |
|---|---|
| ઓક્ટોબર | 50,000 |
| નવેમ્બર | 60,000 |
| ડિસેમ્બર | 70,000 |

3) રોકડ ખરીદી :

| | |
|---|---|
| ઓક્ટોબર | 20,000 |
| નવેમ્બર | 30,000 |
| ડિસેમ્બર | 40,000 |

4) ઉત્પાદન ખર્ચ દરેક મહિને રૂ. 10,000 ફિક્સ છે.

જવાબ :

ઓક્ટોબર થી ડિસેમ્બર, 2020નું રોકડ અંદાજપત્ર

(રૂ.માં)

| વિગત | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|
| શરૂની રોકડ સિલક | 10,000 | 30,000 | 50,000 |
| ઉમેરો : | | | |
| રોકડ વેચાણ | 50,000 | 60,000 | 70,000 |
| બાદ : | | | |
| રોકડ ખરીદી | 20,000 | 30,000 | 40,000 |
| ઉત્પાદન ખર્ચ | 10,000 | 10,000 | 10,000 |
| આખરની રોકડ સિલક | **30,000** | **50,000** | **70,000** |

## 13.10 ઉપસંહાર

રોકડ આયોજન અસરકારક બનાવવા માટે રોકડ અંદાજીકરણ કે પૂર્વાનુમાન વૈજ્ઞાનિક પદ્ધતિએ થવું જરૂરી છે. જો રોકડનો અંદાજ મૂકવામાં ભૂલ થઈ હોય તો ધંધાકીય પ્રવૃત્તિઓનું સાતત્ય જોખમાશે. એટલું જ નહિ, પણ નાણાકીય કટોકટી પેદા થતા ધંધાકીય હરિફાઈમાં ટકવું પણ મુશ્કેલ બનશે. તેથી જ લાંબાગાળાની રોકડ અંદાજ્યા પછી ટૂંકાગાળાની રોકડનો ચોક્કસ અંદાજ મૂકવા પર વિશેષ ભાર મૂકવા જરૂરી છે.

### સ્વાધ્યાય

**નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. રોકડ સંચાલન એટલે શું ?
2. રોકડ સંચાલનનું મહત્ત્વ સમજાવો.
3. રોકડ રાખવાના ઉદ્દેશો વર્ણવો.
4. રોકડ પ્રવાહ નક્કી કરતાં પરિબળો વિસ્તારથી સમજાવો.
5. રોકડ અંદાજપત્ર એટલે શું ? જરૂરી નમૂના સહિત સમજાવો.
6. રોકડ અંદાજપત્રના પ્રકારો સમજાવો.
7. મહત્તમ રોકડ બેલેન્સ નિર્ધારણ સમજાવો.
8. ટૂંકાગાળાની આગાહી પર નોંધ લખો.
9. રોકડ અંદાજીકરણમાં લાંબાગાળાની આગાહી સમજાવો.

**નીચે આપેલ પ્રશ્નોના બહુવિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

1. સામાન્ય સમજૂતી પ્રમાણે રોકડ સંચાલનના મુખ્ય ........... પાસા છે.

   (અ) બે      (બ) ત્રણ

   (ક) ચાર      (ડ) પાંચ

2. .................... નો મુખ્ય હેતુ એકમમાં લાંબાગાળે નફો વધારવા માટે રોકડ તરલતા અને નફાકારકતા જાળવીને વેપાર કરવાનો છે.

(અ) માલસામગ્રી સંચાલન (બ) રોકડ સંચાલન

(ક) કર સંચાલન (ડ) ઉત્પાદન સંચાલન

3. રોકડ સંચાલનના મુખ્ય પાસા ....................... છે.

(અ) રોકડની પ્રાપ્તિ (બ) રોકડ અંકુશ

(ક) (અ) અને (બ) બન્ને (ડ) એક પણ નહિ

4. રોકડ રાખવાના હેતુ ............................. છે.

(અ) ધંધાકીય વ્યવહાર માટે (બ) ખાસ કાર્યો કરવા માટે

(ક) આધુનિકરણ (ડ) ઉપરના બધા જ

5. રોકડ પ્રવાહ નક્કી કરતા પરિબળો ......................... છે.

(અ) આર્થિક વ્યવહારો (બ) આકસ્મિક જરૂરિયાત

(ક) ટૂંકમાં મળનાર ધિરાણ (ડ) ઉપરના બધા જ

6. રોકડ પ્રવાહ નક્કી કરતા પરિબળો ......................... છે.

(અ) નાણાં બજારનો વ્યાજનો દર (બ) ધંધાનું કદ

(ક) પ્રક્રિયાનો સમય (ડ) ઉપરના બધા જ

7. રોકડ અંદાજીકરણના મુખ્ય ...................... પ્રકારો છે.

(અ) એક (બ) બે

(ક) ત્રણ (ડ) ચાર

8. રોકડ પ્રવાહ નક્કી કરતાં પરિબળો ............................ છે.

(અ) આર્થિક વ્યવહારો (બ) વેપાર ચક્ર

(ક) ખરીદ વેચાણ નીતિ (ડ) ઉપરના બધા જ

9. જ્યારે ............ વર્ષથી ઓછા સમયગાળા માટે આગાહી કરવી હોય ત્યારે તેને ટૂંકાગાળાનું પૂર્વાનુમાન તરીકે ઓળખવામાં આવે છે.

(અ) એક (બ) બે

(ક) ત્રણ (ડ) ચાર

10. જ્યારે એક વર્ષથી ઓછા સમયગાળા માટે આગાહી કરવી હોય ત્યારે તેને ............. પૂર્વાનુમાન તરીકે ઓળખવામાં આવે છે.

(અ) ટૂંકાગાળા (બ) લાંબાગાળા

(ક) મધ્યમગાળા (ડ) એક પણ નહિ

11. લાંબાગાળાનું રોકડ પૂર્વાનુમાન ......... વર્ષથી વધારે વર્ષ માટેનું હોય છે.

(અ) એક (બ) બે

(ક) ત્રણ (ડ) ચાર

12. જ્યારે એક વર્ષથી વધારે વર્ષ માટે રોકડની આગાહી કરવી હોય ત્યારે તેને ............. પૂર્વાનુમાન તરીકે ઓળખવામાં આવે છે.

(અ) ટૂંકાગાળા (બ) લાંબાગાળા

(ક) મધ્યમગાળા (ડ) એક પણ નહિ

13. જો પેઢી કેટલી રોકડ સિલક રાખવી તે ................. સંચાલકો માટે મહત્ત્વનો પ્રશ્ન બને છે.

(અ) ઉત્પાદન (બ) વેચાણ

(ક) ખરીદ (ડ) નાણાકીય

14. મૂડી ખર્ચની યોજનાનું મૂલ્યાંકન માટે ..................નું આયોજન વધુ યોગ્ય બને છે.

(અ) ટૂંકાગાળા (બ) લાંબાગાળા

(ક) બન્ને (ડ) એક પણ નહિ

15. રોકડ રાખવાનો હેતુ ................................. છે.

(અ) વિશિષ્ટ પ્રસંગોની ઉજવણી માટે (બ) આધુનિકરણ

(ક) થાપણોના નાણાં પરત કરવા (ડ) ઉપરના બધા જ

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (અ) 2. (બ) 3. (ક) 4. (ડ) 5. (ડ) 6. (ડ) 7. (બ)

8. (ડ) 9. (અ) 10. (અ) 11. (અ) 12. (બ) 13. (ડ) 14. (બ)

15. (ડ)

**સ્વઅધ્યયનના દાખલા**

(1) વિમલ કંપનીનું એપ્રિલ થી જૂન, 2020ના સમયનું રોકડ અંદાજપત્ર બનાવો.

રોકડ વેચાણ :

| | |
|---|---|
| એપ્રિલ | 2,00,000 |
| મે | 4,00,000 |
| જૂન | 3,00,000 |

રોકડ ખરીદી

| | |
|---|---|
| એપ્રિલ | 1,00,000 |
| મે | 1,20,000 |
| જૂન | 1,20,000 |

એપ્રિલ મહિનામાં શરૂની રોકડ સિલક રૂ. 40,000 છે.

જવાબ : આખરની રોકડ સિલક

| | |
|---|---|
| એપ્રિલ | 1,40,000 |
| મે | 4,20,000 |
| જૂન | 6,00,000 |

(2) નીચેની માહિતી પરથી કેયુર લિ.નું ઓક્ટોબર થી ડિસેમ્બર, 2020નું રોકડ અંદાજપત્ર બનાવો.

1) તા. 01/10/2020ના રોજ રોકડ સિલક રૂ. 5,000

2) રોકડ વેચાણ :

| | |
|---|---|
| ઓક્ટોબર | 25,000 |
| નવેમ્બર | 30,000 |
| ડિસેમ્બર | 35,000 |

3) રોકડ ખરીદી :

| | |
|---|---|
| ઓક્ટોબર | 10,000 |
| નવેમ્બર | 15,000 |
| ડિસેમ્બર | 20,000 |

4) પગાર ખર્ચ દર મહિને રૂ. 5,000 સ્થિર છે.

જવાબ : આખરની રોકડ સિલક

| | |
|---|---|
| ઓક્ટોબર | 15,000 |
| નવેમ્બર | 25,000 |
| ડિસેમ્બર | 35,000 |

(3) નીચેની માહિતી પરથી મંથન લિ.નું જાન્યુઆરી થી માર્ચ, 2020નું રોકડ અંદાજપત્ર બનાવો.

1) જાન્યુઆરી મહિનામાં શરૂની રોકડ સિલક રૂ. 20,000

2) કંપની ઉધાર વેચાણ જ કરે છે. અને નાણાં ઉધાર વેચાણના એક મહિના પછી વસૂલ થાય છે.

ઉધાર વેચાણ :

| | |
|---|---|
| ડિસેમ્બર, 2019 | 1,00,000 |
| જાન્યુઆરી, 2020 | 2,00,000 |
| ફેબ્રુઆરી, 2020 | 1,50,000 |
| માર્ચ, 2020 | 1,50,000 |

3) ખરીદી બધી જ રોકડથી કરવામાં આવે છે.

| | |
|---|---|
| જાન્યુઆરી | 50,000 |
| ફેબ્રુઆરી | 60,000 |
| માર્ચ | 60,000 |

જવાબ : આખરની રોકડ સિલક

| | |
|---|---|
| જાન્યુઆરી | 70,000 |
| ફેબ્રુઆરી | 2,10,000 |
| માર્ચ | 3,00,000 |

(4) નીચેની માહિતી પરથી વિપુલ લિ.નું ઓક્ટોબર થી ડિસેમ્બર, 2020નું રોકડ અંદાજપત્ર બનાવો.

1) તા. 01/10/2020ના રોજ રોકડ સિલક રૂ. 10,000

2) કંપની ઉધાર વેચાણ જ કરે છે. અને વસૂલાત વેચાણના એક માસ પછી કરવામાં આવે છે.

ઉધાર વેચાણ :

| | |
|---|---|
| સપ્ટે. | 1,00,000 |
| ઓક્ટોબર | 1,10,000 |
| નવેમ્બર | 1,20,000 |
| ડિસેમ્બર | 1,00,000 |

3) ખરીદી રોકડથી કરવામાં આવે છે.

| | |
|---|---|
| ઓક્ટોબર | 1,00,000 |
| નવેમ્બર | 1,00,000 |
| ડિસેમ્બર | 1,00,000 |

4) વેચાણ ખર્ચ દર મહિને રૂ. 4,000 સ્થિર છે.

5) પગાર દર મહિને રૂ. 6,000 સ્થિર છે.

જવાબ : આખરની રોકડ સિલક

| | |
|---|---|
| ઓક્ટોબર | 0 |
| નવેમ્બર | 0 |
| ડિસેમ્બર | 10,000 |

(5) એક પેઢીને એપ્રિલ મહિના દરમિયાન રૂ. 2,00,000 રોકડની જરૂર પડે છે. એકમ દીઠ સોદાનો ખર્ચ રૂ. 1,000 આવે છે. અને જામીનગીરી પર વ્યાજનો દર 12% (માસિક 1%) છે. તો મહત્તમ રોકડ સિલક શોધો.

જવાબ : રૂ. 2,00,000

(6) નીચેની વિગતો પરથી એક કંપનીનું તા. 1લી જુલાઈથી 31મી ડિસેમ્બર, 2020 સુધીનું રોકડ બજેટ તૈયાર કરો. તા. 01/07/2020ના રોજ રોકડ સિલક 1,00,000 છે.

| માસ | વેચાણ રૂ. | ખરીદી રૂ. | મજૂરી રૂ. | કારખાનાના પરોક્ષ ખર્ચા રૂ. | વહીવટી ખર્ચ રૂ. | વેચાણ વિતરણ રૂ. |
|---|---|---|---|---|---|---|
| મે | 4,00,000 | 1,80,000 | 36,000 | 24,000 | 14,000 | 16,000 |
| જૂન | 3,60,000 | 1,90,000 | 40,000 | 28,000 | 16,000 | 18,000 |
| જુલાઈ | 4,20,000 | 1,88,000 | 38,000 | 20,000 | 14,000 | 16,000 |
| ઓગસ્ટ | 3,40,000 | 1,88,000 | 30,000 | 26,000 | 10,000 | 17,000 |
| સપ્ટે. | 3,50,000 | 1,70,000 | 44,000 | 29,000 | 13,000 | 17,200 |
| ઓક્ટો. | 4,40,000 | 1,44,000 | 36,000 | 22,000 | 14,400 | 18,600 |
| નવે. | 2,24,000 | 1,50,000 | 42,000 | 19,000 | 15,000 | 15,600 |
| ડિસે. | 5,00,000 | 1,30,000 | 40,000 | 20,000 | 14,800 | 13,000 |

વધારાની માહિતી નીચે મુજબ છે.

1) જુલાઈમાં જે યંત્ર ખરીદાશે તેના નાણાં રૂ. 1,20,000 તરત જ ચૂકવવા પડશે.

2) વેપારીઓ પાસે નાણાં ચૂકવવા 1 માસની મુદ્દત મળે છે અને ગ્રાહકોને પણ એ મુદ્દત આપવી પડે છે.

3) મજૂરી અઠવાડિયા બાદ ચૂકવાય છે. જ્યારે કારખાના ખર્ચ, વહીવટી ખર્ચ અને વેચાણ ખર્ચા જે મહિનામાં થાય છે ત્યાર પછી એક મહિના બાદ ચૂકવવાના હોય છે.

4) વેચાણ પર 2½% કમિશન વેચાણ પછી બે મહિના બાદ ચૂકવાય છે.

5) ઓગષ્ટમાં જે યંત્રો રૂ. 3,60,000ની કિંમતે ખરીદવાના છે તેના નાણાં સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં સરખે હપ્તે ચૂકવવાના છે.

જવાબ : આખરની રોકડ સિલક

| | | | |
|---|---|---|---|
| જુલાઈ | 39,500 | ઓક્ટોબર | (57,200) |
| ઓગસ્ટ | 1,80,500 | નવેમ્બર | 1,34,550 |
| સપ્ટેમ્બર | 48,500 | ડિસેમ્બર | 3,07,450 |

♦ ♦ ♦

એકમ 14

# ઈન્વેન્ટરી સંચાલન

## : રૂપરેખા :


14.1 પ્રસ્તાવના

14.2 ઈન્વેન્ટરી અર્થ

14.3 ઈન્વેન્ટરીના પ્રકારો

14.4 ઈન્વેન્ટરી સંચાલનનો અર્થ

14.5 માલસામગ્રી ધારણ કરવાના ઉદ્દેશો

14.6 ઈન્વેન્ટરી સંચાલનનું કાર્યક્ષેત્ર

14.7 ઈન્વેન્ટરી સંચાલનના ફાયદા

14.8 ઈન્વેન્ટરી સંચાલનની વિવિધ પદ્ધતિઓ

14.9 ઉદાહરણો

● સ્વાધ્યાય


## 14.1 પ્રસ્તાવના

ઈન્વેન્ટરી સંચાલનનો મૂળ હેતુ સ્ટોકને એટલા પ્રમાણમાં જાળવી રાખવાનો છે કે જેથી ઉત્પાદન દરમિયાન સ્ટોકનો જથ્થો ખૂટે નહિ અને સાથે સાથે વધુ પ્રમાણમાં સ્ટોકનો સંગ્રહ પણ ન થાય કે જેથી રોકાણ પર યોગ્ય રીતે વળતર મળી રહે. કંપનીની તંદુરસ્ત નાણાકીય પરિસ્થિતિ જાળવી રાખવા માટે ઈન્વેન્ટરીનું યોગ્ય રીતે સંચાલન થવું જરૂરી છે. વધુ પડતો સ્ટોક રાખવાથી જાળવણી પડતરમાં વધારો થાય છે જેથી મૂડી પડતર વધે છે. આ જ કારણ કાર્યશીલ મૂડીના માળખામાં ઈન્વેન્ટરી એ એક મહત્ત્વનો ભાગ ભજવે છે.

શ્રી પ્રો. પાંડેના કહેવા મુજબ "મોટા કદની કંપનીઓ કે જેમાં મોટા પ્રમાણમાં ઈન્વેન્ટરી રાખવી પડે છે જેથી ભંડોળનો ઘણો ખરો ભાગ તેમાં રોકાયેલો રહે છે. તેથી આ સમયે યોગ્ય પ્રમાણમાં કરેલું ઈન્વેન્ટરીનું સંચાલન કારગત નીવડે છે."

## 14.2 ઈન્વેન્ટરીનો અર્થ

શ્રી બી. ડી. ખેરના મતે, "ઈન્વેન્ટરી શબ્દમાં કાચો માલ, પ્રક્રિયામાં રહેલો માલ, તૈયાર માલ, પેકિંગ સામગ્રી, છૂટા ભાગો અને ભવિષ્યની અનિશ્ચિત માંગ અથવા વિતરણની જરૂરિયાત સંતોષવા માટે સંગ્રહ કરેલા અન્ય માલનો સમાવેશ થાય છે."

## 14.3 ઈન્વેન્ટરીના પ્રકારો

ઉપરની વ્યાખ્યા પરથી ઈન્વેન્ટરીના પ્રકારો નીચે મુજબ દર્શાવી શકાય.

1) કાચો માલ

2) અર્ધ તૈયાર માલ

3) ચાલુ કામ

4) તૈયાર માલ

5) આંતરિક ભાગો

6) પરચૂરણ માલસામાન

7) ઓજારો - હથિયારો (Tools)

8) ખામીવાળો માલ

9) બગાડ અને ભંગાર

10) ઉપપેદાશ

1) કાચો માલ (Raw Materials)

જે માલ ઉત્પાદનનું, અભિન્ન અંગ હોય, જે ઉત્પાદન માટે અનિવાર્ય હોય અથવા જે માલ ખરીદી તેના પર પ્રક્રિયા કરી તેનું ચીજ વસ્તુમાં રૂપાંતર થતું હોય તો તેને કાચો માલ કહેવામાં આવે છે. એક ઉદ્યોગનો કાચો માલ અન્ય ઉદ્યોગ માટે તૈયાર માલ પણ હોઈ શકે છે.

ઉદાહરણ : બધી જ પ્રક્રિયા ધરાવતા ઉદ્યોગમાં સુતર કાચો માલ છે, પરંતુ માત્ર સ્પિનિંગની પ્રક્રિયા સુધી જ ઉત્પાદન કાર્ય કરતા ઉદ્યોગ માટે સુતર તૈયાર માલ કહેવાય છે.

2) અર્ધ તૈયાર માલ (Semi-finished Goods)

કોઈપણ ચીજવસ્તુના ઉત્પાદન માટે કાચા માલ પર અમુક પ્રક્રિયા થઈ હોય અને બીજી કેટલીક પ્રક્રિયા થવાની બાકી હોય તો તે માલને અર્ધ તૈયાર માલ કહેવામાં આવે છે.

3) ચાલુ કામ (Work-in-Progress)

કોઈપણ ચીજવસ્તુના ઉત્પાદન માટે જે માલ પર પ્રક્રિયા ચાલતી હોય એટલે કે માલ પ્રક્રિયામાં હોય તેને ચાલુ કામ કહે છે. અર્ધ તૈયાર માલ તથા ચાલુ કામ વચ્ચે નીચે મુજબ તફાવત કહી શકાય.

| અર્ધ તૈયાર માલ | ચાલુ કામ |
|---|---|
| ➢બીજી પ્રક્રિયા કરવાની બાકી હોય પરંતુ અગાઉની પ્રક્રિયા સંપૂર્ણ થઈ ગઈ હોય. | ➢ચાલુ કામ એટલે પ્રક્રિયામાં રહેલ માલ સામગ્રી. |

4) તૈયાર માલ (Finished Goods)

જે માલ પર તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય અને જે સંપૂર્ણપણે વેચવા લાયક હોય તેને તૈયાર માલ કહે છે.

સમજૂતી : ધારોકે એક વસ્તુને તૈયાર કરવામાં કાચા માલને 3તબક્કા કે પ્રક્રિયામાંથી પસાર કરવો પડે છે. તો એક કે બે તબક્કો કે પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જે માલનું ઉત્પાદન થાય છે તેને અર્ધ તૈયાર માલ કહે છે. છેલ્લાં તબક્કો કે પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જે માલનું ઉત્પાદન થાય છે તેને તૈયાર માલ કહે છે. જે-તે તબક્કા કે પ્રક્રિયામાં રહેલ માલને ચાલુ કામ કે પ્રક્રિયામાં રહેલ માલ કહેવામાં આવે છે.

5) આંતરિક ભાગો

જ્યારે અલગ અલગ છૂટા ભાગ પર કોઈપણ પ્રકારની પ્રક્રિયા કરવામાં ન આવે પરંતુ તેમને જોડીને ઉત્પાદિત વસ્તુનો મુખ્ય ભાગ બનાવવામાં આવે તો તેને આંતરિક ભાગ કહે છે.

દા.ત. રેડિયો, ટી.વી., મોટર વગેરે આ રીતે તૈયાર કરવામાં આવે છે.

6) પરચૂરણ માલસામાન

જે માલ સામગ્રી ઉત્પાદન કાર્યમાં સીધી રીતે નહિ પરંતુ આડકતરી રીતે ઉપયોગમાં લેવામાં આવતી હોય તેને પરચૂરણ માલ સામગ્રી કહે છે.

દા.ત. ઓઈલ, ગ્રીસ વગેરે.

7) ઓજારો - હથિયારો (Tools)

યંત્ર યોગ્ય રીતે કાર્ય કરી શકે તે માટે ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓને ઓજારો - હથિયારો કહે છે.

દા.ત. પક્કડ, સ્ક્રૂ ડ્રાઈવર, હથોડી, ડ્રિલ મશીન વગેરે.

8) ખામીવાળો માલ (Defective Goods)

જ્યારે ઉત્પાદિત કે તૈયાર થયેલ માલ યોગ્ય ગુણવત્તાવાળી ન હોય કે પ્રમાણિત ધોરણો મુજબ ન હોય તો તેને ખામીવાળો માલ કહે છે.

9) બગાડ અને ભંગાર (Waste and Scrap)

જે ખામીયુક્ત માલમાં કોઈ પણ રીતે સુધારા કરી ન શકાય તેને ભંગાર કહે છે. જ્યારે કોઈપણ આકસ્મિક કે સાહજિક કારણોસર માલ સામગ્રીના કદ, સ્વરૂપ, વજનમાં ઘટાડો થાય અને તે બિન ઉપયોગી બને તો તેને બગાડ કહે છે.

10) ઉપપેદાશ : CMAનાં જણાવ્યા મુજબ -

"મુખ્ય ઉત્પાદન સાથેનાં અન્ય ગૌણ ઉત્પાદનને ઉપપેદાશ કહે છે."

એટલે કે, "ઉત્પાદન ઉપરાંત આકસ્મિક રીતે ઉત્પાદિત કોઈપણ વેચાણ યોગ્ય ઉપયોગી વસ્તુને ઉપપેદાશ કહી શકાય."

## 14.4 ઈન્વેન્ટરી સંચાલનનો અર્થ

ઈન્વેન્ટરી એ ઉત્પાદનનો અતિ અગત્યનો ભાગ છે. કુલ ચાલુ મિલકતોના લગભગ 60% ભાગ ઈન્વેન્ટરીનો હોય છે. તે માટે ઈન્વેન્ટરીનું યોગ્ય સંચાલન કરવું અત્યંત જરૂરી છે.

ઈન્વેન્ટરી સંચાલનનું અર્થઘટન બે રીતે કરી શકાય.

1) સ્ટોક પર પ્રત્યક્ષ અંકુશ

2) મૂલ્ય પર અંકુશ

જેને નીચેની આકૃતિ તથા ઉદાહરણ દ્વારા સમજાવી શકાય.

ઇન્વેન્ટરીસંચાલન

↓ પ્રત્યક્ષ અંકુશ
↓ દા.ત. ઉત્પાદન તથા ખરીદ વિભાગ માટે 'પ્રત્યક્ષ અંકુશ' ઇન્વેન્ટરી અંકુશ છે.

↓ મૂલ્ય પર અંકુશ
↓ દા.ત. નાણા વિભાગ માટે 'મૂલ્ય અંકુશ' ઇન્વેન્ટરી અંકુશ છે.

ટૂંકમાં, "વિવિધ પદ્ધતિઓના ઉપયોગથી ઇન્વેન્ટરી પર પ્રત્યક્ષ રીતે કે મૂલ્ય પર રાખવામાં આવતા અંકુશને ઇન્વેન્ટરી સંચાલન કહે છે."

## 14.5 માલ સામગ્રી ધારણ કરવાના ઉદ્દેશો

માલ સામગ્રીનો કોઈપણ ચીજવસ્તુના ઉત્પાદનમાં અતિ મહત્ત્વનો ભાગ હોય છે તેથી જ વર્તમાન સંચાલકો ઇન્વેન્ટરી અંકુશને વધુ મહત્ત્વ આપે છે. તેથી માલ સામગ્રી ધારણ કરવાના હેતુઓ નીચે મુજબ દર્શાવી શકાય.

- ✧ ઉત્પાદનમાં સાતત્ય
- ✧ અનિયમિતતા નિવારણ
- ✧ કિંમતમાં ફેરફાર
- ✧ વટાવનો ફાયદો
- ✧ ઉત્પાદન ચક્ર
- ✧ સાવચેતીનો હેતુ

**✧ ઉત્પાદનમાં સાતત્ય**

ઉત્પાદન સતત ચાલતુ રહે તે માટે યોગ્ય પ્રમાણમાં ઉત્પાદનનો જથ્થો હોવો જરૂરી છે. જો કાચા માલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ન હોય તો ઉત્પાદન અટકી જાય છે. તેથી ઉત્પાદનની સાતત્યતા જળવાઈ રહે તે માટે જરૂરી સ્ટોક રાખવામાં આવે છે.

**✧ અનિયમિતતા નિવારણ**

નિયમિત ઉત્પાદનની પ્રક્રિયા ચાલુ રહે તે માટે કાચો માલ નિયમિતરૂપે પર્યાપ્ત માત્રામાં હોય તે જરૂરી છે. પરંતુ કેટલીક વાર હડતાલ, વાહન વ્યવહારની મુશ્કેલી જેવા સંજોગોને કારણે માલ સામાન સમયસર પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડે છે. આ અનિયમિતતા નિવારવા પ્રમાણમાં કાચા માલનો સ્ટોક રાખવો જરૂરી છે.

**✧ કિંમતમાં ફેરફાર**

કાચા માલની કિંમતમાં ફેરફાર થતા રહે છે. જો યોગ્ય પ્રમાણમાં કાચો માલ રાખવામાં ન આવે તો વધુ ભાવે માલ સામાન ખરીદવો પડે છે જેથી માલ સામાનની પડતરમાં વધારો થાય છે. માટે જ યોગ્ય કિંમતે માલ ખરીદી તેનો જથ્થો રાખવો જરૂરી છે.

**✧ વટાવનો ફાયદો**

ઉત્પાદન કરતા મોટા એકમો માટે વધુ પ્રમાણમાં ઇન્વેન્ટરીની જરૂર પડે છે. જો તે મોટા પ્રમાણમાં માલ સામાન ખરીદે તો તેમને જથ્થાબંધ ખરીદી પર

'વટાવ'નો લાભ મળે છે. તેથી તેઓ સામાન્ય રીતે કાચા માલનો જરૂરી સ્ટોક રાખવાનું વલણ ધરાવે છે.

✧ **સાવચેતીનો હેતુ**

જ્યારે કોઈપણ ધંધામાં મોસમી માંગ મુજબ ઉત્પાદન થતું હોય ત્યારે મોસમી માંગને પહોંચી વળવા માટે કાચા તથા તૈયાર માલનો સ્ટોક રાખવો જરૂરી બને છે. આ માંગ કેટલી રહેશે તે અંદાજી શકાતું નથી. તેથી સાવચેતીનાં હેતુને ધ્યાનમાં રાખીને માલ સ્ટોકમાં રાખવો જરૂરી છે.

✧ **ઉત્પાદન ચક્રનો સમયગાળો**

અર્ધ તૈયાર માલનો સ્ટોક ઉત્પાદન ચક્રને ધ્યાનમાં લઈને રાખવો જરૂરી છે. કાચા માલ તથા તૈયાર માલ વચ્ચે અમુક સમયગાળો હોય છે. આ સમયગાળા દરમિયાન અર્ધ તૈયાર માલનો સ્ટોક રાખવો જરૂરી છે.

આમ મુસલમેન અને હયુગીસના મતે,
કાર્યશીલ મૂડીનું બિનજરૂરી રોકાણ ઈન્વેન્ટરીમાં ન થાય તે સાથે ઉત્પાદનનું સાતત્ય જળવાય એ ઈન્વેન્ટરી ધારણ કરવાના મુખ્ય ઉદ્દેશ ગણાય છે.

## 14.6 ઈન્વેન્ટરી સંચાલનનું કાર્યક્ષેત્ર

ઈન્વેન્ટરી સંચાલનનું કાર્યક્ષેત્ર નીચે મુજબ છે.

**1) યોગ્ય પ્રમાણમાં સ્ટોક :**

ઈન્વેન્ટરી સંચાલનની મદદથી તે જાણી શકાય છે કે સતત ઉત્પાદન માટે કેટલા પ્રમાણમાં સ્ટોકનો જથ્થો રાખવો જરૂરી છે.

**2) ન્યૂનતમ ઈન્વેન્ટરી :**

ઈન્વેન્ટરી સંચાલનનું એક અતિ અગત્યનું કાર્ય ઈન્વેન્ટરી ન્યૂનતમ પ્રમાણમાં રહે તે છે કે જેથી વધુ પડતા સંગ્રહથી તેની જાળવણીનો ખર્ચ વધે નહિ અને ઉત્પાદન પડતરમાં વધારો ન થાય.

**3) ખરીદ તથા જાળવણી ખર્ચમાં ઘટાડો :**

વારંવાર ખરીદીનો ઓર્ડર (વરદી) મૂકવાનો ખર્ચ વધુ આવે છે. પરંતુ સામે વધુ સ્ટોક ખરીદ્યા પછી તેની જાળવણીનો ખર્ચ પણ વધુ આવે છે. ઈન્વેન્ટરી સંચાલનનું મુખ્ય કાર્ય આ બન્ને વચ્ચે સમન્વય જાળવવાનું છે.

**4) બગાડમાં ઘટાડો :**

વધુ પડતી ઈન્વેન્ટરીના સંગ્રહથી જાળવણી ખર્ચ તો વધે જ છે. પરંતુ તે બગડી જવાનો, તૂટી જવાનો કે તેને અન્ય રીતે નુકસાન થવાનો પણ ભય રહે છે. ઈન્વેન્ટરી સંચાલન આ પ્રકારના બગાડમાં ઘટાડો થાય તે માટે મદદરૂપ છે.

**5) કિંમત વધારાથી થતા નુકસાન સામે રક્ષણ :**

માલ સામાનની કિંમતમાં નિયમિતપણે ઉતાર-ચડાવ આવે છે. જો માલનો યોગ્ય જથ્થો એકમ પાસે ન હોય અને તાત્કાલિક કાચા માલની જરૂર પડે તો એકમે જે-તે કિંમતે બજારમાંથી માલ ખરીદવો પડે છે. ઈન્વેન્ટરી સંચાલનની મદદથી એકમ પાસે માલ સામાનનો યોગ્ય જથ્થો હોય છે. જેના કારણે કિંમત વધારાના નુકસાનથી બચી શકાય છે.

**6) જગ્યાનો મહત્તમ ઉપયોગ :**

વખારની જગ્યાનો મહત્તમ ઉપયોગ ઇન્વેન્ટરી સંચાલનની મદદથી થઈ શકે છે. કારણકે તેમાં યોગ્ય માત્રામાં કેટલો સ્ટોક રાખવો તે ઇન્વેન્ટરી સંચાલન દ્વારા જાણી શકાય છે.

## 14.7 ઇન્વેન્ટરી સંચાલનના ફાયદા

ઇન્વેન્ટરી સંચાલન ઇન્વેન્ટરીમાં ન્યુનતમ રોકાણ દ્વારા યોગ્ય પ્રમાણમાં સ્ટોક જાળવી રાખવામાં મદદ કરે છે. તેના ફાયદા નીચે મુજબ છે.

1) ઇન્વેન્ટરી સંચાલન દ્વારા ઉત્પાદનની સાતત્યતા જળવાઈ રહે છે.

2) ઇન્વેન્ટરી સંચાલન અંદાજપત્ર બનાવવા માટે ઉપયોગી છે. જો યોગ્ય પ્રમાણમાં ઇન્વેન્ટરી રાખવામાં આવે તો ઉત્પાદન તથા વેચાણ બજેટમાં બજેટ મુજબ કાર્ય પૂર્ણ કરવામાં સરળતા રહે છે.

3) ઇન્વેન્ટરી સંચાલનની મદદથી પડતર હિસાબી પદ્ધતિની પ્રક્રિયા સરળ બને છે.

4) વધુ પ્રમાણમાં ઇન્વેન્ટરી પણ નુકસાનકારક છે. તથા જો જરૂરિયાત કરતા ઓછી ઇન્વેન્ટરી રાખવામાં આવે તો તે પણ નુકસાનકારક છે. ઇન્વેન્ટરી સંચાલન આ બન્ને વચ્ચે તાદાત્મ્ય જાળવી રાખે છે કે જેથી યોગ્ય પ્રમાણમાં ઇન્વેન્ટરીનો સંગ્રહ કરી શકાય.

5) ઇન્વેન્ટરી સંચાલનના કારણે વધુ પડતી ઇન્વેન્ટરીનો સંગ્રહ ન થતાં જાળવણી ખર્ચ ઘટે છે.

6) ઇન્વેન્ટરી સંચાલન યોગ્ય હોય તો માલ સામાનમાં થતા બગાડમાં ઘટાડો કરી શકાય છે.

## 14.8 ઇન્વેન્ટરી સંચાલનની વિવિધ પદ્ધતિઓ

ઇન્વેન્ટરી સંચાલનની વિવિધ પદ્ધતિઓ નીચે મુજબ છે.

1) જુદા જુદા જથ્થા કે સપાટી નક્કી કરવાની પદ્ધતિ

2) ABC પદ્ધતિ

3) VED પદ્ધતિ

4) સામાયિક ગણતરી

5) સતત ગણતરી

### 1) જુદા જુદા જથ્થા નક્કી કરવાની પદ્ધતિ

#### (A) ગુરૂત્તમ જથ્થો કે ગુરૂત્તમ સપાટી

**અર્થ :** જે મર્યાદાથી વધુ પ્રમાણમાં માલ જથ્થો રાખવો આર્થિક રીતે નુકસાનકારક હોય તેવા જથ્થાને ગુરૂત્તમ જથ્થો કહે છે. સામાન્ય સંજોગોમાં આ સપાટીથી વધુ કોઈ પ્રકારનો માલનો જથ્થો હોવો ન જોઈએ.

સૂત્ર :

ગુરૂત્તમ જથ્થો = વરદી સપાટી - ઓછામાં ઓછા સમયનો ઓછામાં ઓછો વપરાશ + વરદી જથ્થો

**(B) લઘુત્તમ જથ્થો**

**અર્થ :** જે મર્યાદાથી કોઈપણ પ્રકારના માલનો જથ્થો ઓછો ન થવા દેવો જોઈએ તે મર્યાદાને લઘુત્તમ જથ્થો કહે છે. આ મર્યાદાથી વધુ જથ્થો રાખવો હિતાવહ નથી.

| સૂત્ર : |
|---|
| લઘુત્તમ જથ્થો = વરદી સપાટી - માલ મેળવતા લાગતા સરેરાશ સમયનો સરેરાશ વપરાશ |

**(C) વરદી સપાટી**

**અર્થ :** જ્યારે વખારમાં માલ સામાનનો જથ્થો અમુક સપાટીથી ઘટે ત્યારે સ્ટોરકીપર દ્વારા તે માલ માટે ઓર્ડર (વરદી) મૂકવો જોઈએ. જે સપાટીએ સ્ટોરકીપર દ્વારા ઓર્ડર મૂકવામાં આવે છે તેને વરદી સપાટી કહે છે.

| સૂત્ર : |
|---|
| વરદી સપાટી = વધુમાં વધુ વપરાશ × માલ મેળવતા લાગતો વધુમાં વધુ સમય |

**(D) ભય સપાટી**

**અર્થ :** જ્યારે લઘુત્તમ મર્યાદાથી પણ નીચલી સપાટી હોય તો તેને ભય સપાટી કહે છે. આ સપાટીએ માલ સામાનનો જથ્થો પહોંચતા માલ મેળવવા તાત્કાલિક પગલાં લેવા પડે છે.

| સૂત્ર : |
|---|
| વરદી સપાટી = સરેરાશ વપરાશ × તાત્કાલિક ખરીદીની વધુમાં વધુ મુદ્દત |

**(E) આર્થિક વરદી જથ્થો (EOQ)**

**અર્થ :** ખરીદી માટે ઓછામાં ઓછો સૌથી વધુ ફાયદાકારક જથ્થો જે હોઈ શકે તેને આર્થિક વરદી જથ્થો કહે છે.

**સૂત્ર :**

$$EOQ = \sqrt{\frac{2AO}{C}}$$

જ્યાં, A = વાર્ષિક વપરાશનો જથ્થો

O = ઓર્ડર મૂકવા માટે દરેક વરદી દીઠ ખર્ચ

C = એકમ દીઠ વાર્ષિક માલ વહન ખર્ચ

જો વહન ખર્ચ ટકાવારીમાં હોય તો

$$EOQ = \sqrt{\frac{2AO}{CP}}$$

P = વસ્તુની એકમ દીઠ કિંમત

## 2) માલ સામાન અંકુશની ABC પદ્ધતિ

માલ સામાન પરનો અંકુશ કરકસરભર્યો બનાવવાની આ એક આધુનિક પ્રથા છે. આ પદ્ધતિને સમજવા માટે નીચેની સારણીને સમજીએ.

| શ્રેણી | વસ્તુની સંખ્યા | વસ્તુનું મૂલ્ય |
|---|---|---|
| A | 10% | 75% |
| B | 25% | 20% |
| C | 65% | 5% |
| કુલ | 100% | 100% |

ઉપરની માહિતી પરથી નીચેનું તારણ કાઢી શકાય.

1) A શ્રેણીમાં 10% વસ્તુઓ છે. પરંતુ તે વસ્તુનું મૂલ્ય કુલ મૂલ્યનાં 75% છે. આ એકમ માટે અતિ અગત્યની વસ્તુ છે. જેની ખરીદી માટે એકમે અગાઉથી પત્રક બનાવી લેવું જોઈએ.

2) B શ્રેણીમાં 25% વસ્તુઓ છે. જેનું મૂલ્ય કુલ મૂલ્યનાં 20% છે. તેમાં એવી વસ્તુઓનો સમાવેશ થાય છે કે જે પ્રમાણમાં ઓછી અગત્યની છે પરંતુ તેના વપરાશ અંગેની નોંધ રાખવી પૂરતી મહત્ત્વની છે.

3) C શ્રેણીમાં મહત્ત્વની નહિ એવી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે. આવી વસ્તુઓ પર નિયંત્રણ રાખવું જરૂરી નથી. કેમકે તેમાં રોકાણ કુલ મૂલ્યનાં 5% જ છે.

**ફાયદા :**

1) માલ સંગ્રહ વિભાગને બિનજરૂરી કાર્યમાંથી મુક્તિ મળે છે.

2) ઊંચી કિંમતની વસ્તુ પર વધુ તથા નીચી કિંમતની વસ્તુ પર ઓછું ધ્યાન કેન્દ્રિત કરવાની માહિતી પૂરી પાડે છે.

3) કાર્યક્ષમતા વધે છે. ઉત્પાદન ખર્ચ ઘટે છે. તથા નફામાં વધારો થાય છે.

4) સ્ટોરકીપરનું ધ્યાન અને સમય યોગ્ય વસ્તુઓ પર જ ઉપયોગી રીતે ખર્ચાય છે.

5) આ પદ્ધતિથી વર્ગીકરણની વિસંવાદિતા દૂર થાય છે.

6) માલ સામાનની ચોરી, બગાડ, દુરુપયોગ વગેરેનો ખર્ચ ઘટે છે.

7) ખરીદ વિભાગની કાર્યક્ષમતામાં વધારો થાય છે.

## 3) VED પદ્ધતિ

આ પદ્ધતિનો મુખ્યત્ત્વે ઉપયોગ સામાન્ય રીતે ઓજારો (Spare Parts)-ના અંકુશ માટે થાય છે. જેમાં

a) V = Vital Items (અગત્યની વસ્તુઓ)

અહીં 'V' એટલે કે એવા અગત્યના ભાગો કે જો તેનો યોગ્ય પ્રમાણમાં જથ્થો રાખવામાં ન આવે તો ઉત્પાદન ખોરવાઈ જાય છે. આવા ભાગનો યોગ્ય પ્રમાણમાં સ્ટોક હોવો જોઈએ.

b) E = Essential Items (જરૂરિયાતની વસ્તુઓ)

આ એવા ભાગ છે કે જે ઉત્પાદન માટે જરૂરી છે. જેની પડતર ખૂબ જ ઊંચી હોય છે. અને જો તેનો પૂરતો સ્ટોક ન હોય તો ઉત્પાદન ખોટકાઈ શકે છે. આવા ભાગનો યોગ્ય સ્ટોક હોવો જરૂરી છે.

c) D = Desirable Items

આ એવા પ્રકારના ભાગ છે કે જે દ્વારા ઉત્પાદનની પ્રક્રિયા સરળતાથી થઈ શકે તથા અવિરતપણે થઈ શકે.

**4) સામાયિક ગણતરી :**

**અર્થ :**

દરેક માલ સામાનનો સ્ટોક ચોક્કસ સમયને અંતરે લેવામાં આવે ત્યારે તે પદ્ધતિને સામાયિક સ્ટોક ગણતરીની પદ્ધતિ કહે છે.

**ફાયદા :**

1) તમામ સ્ટોકની ગણતરી એક જ સમયે થતી હોવાથી સ્ટોકની કિંમત સરવૈયા માટે આધારભૂત રહે છે.

2) સ્ટોક ગણતરી માટેનો ખર્ચ ઘટે છે.

3) વર્ષના અંતે સ્ટોકની ગણતરી થતી હોવાથી નિષ્ણાતોનો અભિપ્રાય લઈ શકાય છે.

**ગેરફાયદા :**

1) સ્ટોક ગણતરીના દિવસોમાં કેટલીક વાર ઉત્પાદનનું કાર્ય ખોરવાઈ જાય છે.

2) સ્ટોક ગણતરીના કાર્યમાં બિનઅનુભવી માણસો કામે લેવામાં આવતા ચકાસણીનું કાર્ય કાર્યક્ષમતાથી પૂર્ણ થતું નથી.

3) વર્ષના અંતે જ ગણતરી થતી હોવાથી સતત ચકાસણી થતી નથી.

**5) સતત ગણતરીની પદ્ધતિ**

a) અર્થ :

માલ સામાન સ્ટોકની સતત ચકાસણી અને ગણતરી કરવામાં આવે તે પદ્ધતિને માલ સિલકની સતત ગણતરીની પદ્ધતિ કહે છે.

b) જરૂરિયાત :

આ પદ્ધતિ મુજબ વર્ષ દરમિયાન સ્ટોકની સતત ચકાસણી કરવામાં આવે છે. જેથી માલ સિલક પર અંકુશ રહે છે. આ પદ્ધતિમાં માલ સ્ટોકની સંપૂર્ણપણે ગણતરી કરવી પડે છે. જેથી ગમે ત્યારે ચકાસેલ તથા ચોપડે સ્ટોકની સરખામણી થઈ શકે.

c) લાભ :

1) વર્ષના અંતે સ્ટોકની ગણતરી કરવાનો ખર્ચ અને અગવડ દૂર કરી શકાય છે.

2) ચોપડે લખાયેલ બાકી અને ખરેખર માલ સિલક મેળવી શકાય છે.

3) કેટલો માલ હાથ પર છે તેની માહિતી ગમે ત્યારે મેળવી શકાય છે.

4) બિનકાર્ડની નોંધ પરથી કેટલો સ્ટોક પડેલો છે તથા કેટલા સ્ટોકનો ક્યારે ઓર્ડર કરવાનો છે તે સ્ટોરકીપર નક્કી કરી શકે છે.

5) ખાસ અનુભવી અને નિષ્ણાત કર્મચારી આ માટે રોકવામાં આવે છે તેથી સ્ટોકની ગણતરીનું કામ ઝડપી થઈ શકે છે.

## 14.9 ઉદાહરણો

1) નીચેની માહિતી પરથી આર્થિક વરદીનો જથ્થો શોધો.

| | |
|---|---|
| વાર્ષિક વપરાશ | 1,80,000 એકમો |
| એકમ દીઠ કિંમત | 60 રૂ. |
| વરદી મૂકવાનો ખર્ચ | 30 રૂ. |
| એકમ દીઠ વાર્ષિક વહન ખર્ચ | 10% |

**જવાબ :**

$$EOQ = \sqrt{\frac{2AO}{CP}}$$

$$= \sqrt{\frac{2 \times 1{,}80{,}000 \times 30}{10\% \times 60}}$$

$$= \sqrt{\frac{2 \times 1{,}80{,}000 \times 30}{6}}$$

= 424.26 = 424 એકમો

2) નીચેની માહિતી પરથી ગુરૂત્તમ જથ્થો, લઘુત્તમ જથ્થો તેમજ વરદી સપાટી નક્કી કરો.

| | |
|---|---|
| સામાન્ય વપરાશ | રોજના 200 એકમો |
| ઓછામાં ઓછો વપરાશ | રોજના 120 એકમો |
| વધુમાં વધુ વપરાશ | રોજના 260 એકમો |
| વરદી જથ્થો | 10,000 એકમો |
| વરદી મુદ્દત | 25 થી 30 દિવસ |

**જવાબ :**

(1) વરદી સપાટી

વરદી સપાટી = વધુમાં વધુ વપરાશ × માલ મેળવતા લાગતો વધુમાં વધુ સમય

= 260 × 30

= 7,800 એકમો

(2) ગુરૂત્તમ જથ્થો

ગુરૂત્તમ જથ્થો = વરદી સપાટી - ઓછામાં ઓછા સમયનો ઓછામાં ઓછો વપરાશ + વરદી જથ્થો

= 7,800 - (120 × 25) + 10,000

= 7,800 - 3,000 + 10,000

= 14,800 રૂ.

(3) લઘુત્તમ જથ્થો

લઘુત્તમ જથ્થો = વરદી સપાટી - માલ મેળવતા લાગતા સરેરાશ સમયનો સરેરાશ વપરાશ

= 7,800 - [(25 + 30) / 2 દિવસ ] × 200 એકમો

= 7,800 - [27.5 × 200]

= 7,800 - 5,500

= 2,300

3) નીચેની માહિતી પરથી વરદીનો જથ્થો શોધો.

| | |
|---|---|
| વાર્ષિક વપરાશ | 10,000 એકમો |
| એકમ દીઠ કિંમત | 8 રૂ. |
| એકમ વીમા ખર્ચ | 0.60 રૂ. |
| એકમ વ્યાજનો ખર્ચ | 0.20 રૂ. |
| એકમ સ્ટોરેજ ખર્ચ | 0.20 રૂ. |
| દરેક વરદી મૂકવાનો ખર્ચ | 25 રૂ. |

**જવાબ :**

$$EOQ = \sqrt{\frac{2AO}{C}}$$

A = વપરાશનો જથ્થો 10,000

O = 25

C = (0.6 + 0.2 + 0.2)

= 1

$$= \sqrt{\frac{2 \times 10,000 \times 25}{1}}$$

$$= \sqrt{5,00,000}$$

= 707.1

= 707 એકમો

4) નીચેની માહિતી પરથી લઘુત્તમ વરદી સપાટી, ગુરૂત્તમ વરદી સપાટી, પુનઃ વરદી સપાટી, આર્થિક વરદી જથ્થો શોધો.

| | |
|---|---|
| વાર્ષિક સરેરાશ | 5,000 એકમો |
| એકમ દીઠ પડતર | 10 રૂ. |
| વરદી મૂકવાનો ખર્ચ | 400 રૂ. |
| એકમ દીઠ વહન ખર્ચ | 10% |

| | |
|---|---|
| વરદી સમય | 2 થી 3 અઠવાડિયા |
| સરેરાશ વપરાશ દર અઠવાડિયે | 90 એકમો |
| વધુમાં વધુ વપરાશ દર અઠવાડિયે | 120 એકમો |

**જવાબ :**

(1) $EOQ = \sqrt{\frac{2AO}{CP}}$

$= \sqrt{\frac{2 \times 5{,}000 \times 400}{10 \times 10\%}}$

$= \sqrt{40{,}00{,}000}$

= 2,000 એકમો

(2) વરદી સપાટી = વધુમાં વધુ વપરાશ × માલ મેળવતા લાગતો વધુમાં વધુ સમય

= 120 × 3

= 360 એકમો

(3) લઘુત્તમ જથ્થો = વરદી સપાટી - માલ મેળવતા લાગતા સરેરાશ સમયનો સરેરાશ વપરાશ

= 360 - 90 (2 + 3) / 2

= 360 - 225

= 135 એકમો

(2) ગુરૂત્તમ જથ્થો

ગુરૂત્તમ જથ્થો = વરદી સપાટી - ઓછામાં ઓછા સમયનો ઓછામાં ઓછો વપરાશ + વરદી જથ્થો

= 360 - (60 × 2) + 2,000

= 36 - 120 + 2,000

= 2,240 એકમો

અહીં ઓછો વપરાશ શોધવો પડશે.

સરેરાશ વપરાશ = (વધુમાં વધુ વપરાશ + ઓછામાં ઓછો વપરાશ) / 2

90 = 120 + x

180 = 120 + x

x = 60

5) નીચેની માહિતી પરથી ભય સપાટી શોધો.

| | |
|---|---|
| એક દિવસનો સરેરાશ વપરાશ | 25 એકમો |
| તાત્કાલિક ખરીદીમાં વધુમાં વધુ મુદત | 5 દિવસ |

**જવાબ :**

ભય સપાટી = સરેરાશ વપરાશ × તાત્કાલિક ખરીદીની વધુમાં વધુ મુદત

= 25 × 5

= 125 એકમો

**સ્વાધ્યાય**

**નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. ઈન્વેન્ટરીનો અર્થ આપી તેના વિવિધ પ્રકારો સમજાવો.
2. ઈન્વેન્ટરી સંચાલનનો અર્થ આપી તેનું કાર્યક્ષેત્ર સમજાવો.
3. માલ સામગ્રી ધારણ કરવાના ઉદ્દેશોની વિસ્તારથી ચર્ચા કરો.
4. ઈન્વેન્ટરી સંચાલનના ફાયદા જણાવો.
5. માલ સામગ્રી સ્ટોકની ગુરૂત્તમ કક્ષા, લઘુત્તમ કક્ષા અને વરદી કક્ષા એટલે શું ?
6. માલ સામગ્રીનું ABC વર્ગીકરણ પર નોંધ લખો.
7. સામાયિક માલ સિલકની ગણતરી પર નોંધ લખો.
8. VEDપદ્ધતિ સવિસ્તાર સમજાવો.
9. આર્થિક વરદી જથ્થો સવિસ્તાર સમજાવો.

**વ્યાવહારિક પ્રશ્નો**

1) નીચેની માહિતી પરથી આર્થિક વરદી જથ્થો શોધો.

| | |
|---|---|
| વર્ષ દરમિયાન વપરાશ | 20,000 કિલો |
| વાર્ષિક વહન ખર્ચ | 10% |
| વરદી મૂકવાનો ખર્ચ | 8 રૂ. |
| કિલો દીઠ કિંમત | 40 પૈસા |

**જવાબ :** ($EOQ = \sqrt{\frac{2AO}{CP}} = \sqrt{80,00,000}$ = 2,828 એકમો)

2) EOQ = 400 એકમો,

દરેક વરદી મૂકવાનો ખર્ચ = 200 રૂ.,

વાર્ષિક વહન ખર્ચ = 10%,

એકમ દીઠ કિંમત = 260

ગણતરી કરો :

(1) માલ સામાનનો અઠવાડિક વપરાશ

(2) વર્ષમાં મૂકવાના ઓર્ડરની સંખ્યા

**જવાબ :** $EOQ = \sqrt{\frac{2AO}{C}}$

$$400 = \sqrt{\frac{2 \times A \times 200}{26}}$$

$$400 = \sqrt{\frac{400A}{26}}$$

$$1,60,000 = \frac{400\,A}{26}$$

A = 10,400 વાર્ષિક વપરાશના એકમો

(1) માલ સામાનનો અઠવાડિક વપરાશ = 10,400 / 52 = 200 એકમો

(2) વર્ષમાં મૂકવાના ઓર્ડરની સંખ્યા = 10,400 / 400 = 26 વખત

3) નીચેની માહિતી પરથી ગુરૂત્તમ જથ્થો, લઘુત્તમ જથ્થો તેમજ વરદી સપાટી નક્કી કરો.

| | |
|---|---|
| સામાન્ય વપરાશ | દૈનિક નંગ 10 નંગ |
| લઘુત્તમ વપરાશ | દૈનિક નંગ 5 નંગ |
| ગુરૂત્તમ વપરાશ | દૈનિક નંગ 15 નંગ |
| પુનઃ વરદી જથ્થો | 500 નંગ |
| વરદી સમય | 20 થી 30 દિવસ |

**જવાબ :** વરદી સપાટી = 450 એકમો, લઘુત્તમ સપાટી = 200 એકમો,

ગુરૂત્તમ સપાટી = 850 એકમો

4) નીચેની માહિતી પરથી આર્થિક વરદી જથ્થો, પુનઃ વરદી સપાટી, ગુરૂત્તમ સપાટી, લઘુત્તમ સપાટી, ભય સપાટી, સલામતી જથ્થો શોધો.

| | |
|---|---|
| દ્વિમાસિક વપરાશ | 200 એકમો |
| એકમ દીઠ પડતર | 1 રૂ. |
| વરદી મૂકવાનો ખર્ચ | 12 રૂ. |
| વહન ખર્ચ | 20% |
| ગતિ સમય ગુરૂત્તમ, સરેરાશ અને લઘુત્તમ | 30-20-10 દિવસો |
| રોજની વપરાશ (એકમો) | 45-30-15 |
| તાત્કાલિક માલ મેળવતા લાગતો વધુમાં વધુ સમય | 5 દિવસ |

**જવાબ :** EOQ = 1,200 એકમો,

પુનઃ વરદી સપાટી = 1,350 એકમો,

ગુરૂત્તમ સપાટી = 2,400 એકમો,

લઘુત્તમ સપાટી = 750 એકમો,

ભય સપાટી = 150 એકમો,

સલામતી જથ્થો = 450 એકમો

5) નીચેની માહિતી પરથી આર્થિક વરદી જથ્થો શોધો.

| | |
|---|---|
| ત્રિમાસિક વપરાશ | 900 એકમો |
| ઓર્ડર મૂકવાનો ખર્ચ | 1,000 |
| વહન ખર્ચ | 5% |
| એકમ દીઠ કિંમત | 400 રૂ. |

**જવાબ :** 600 એકમો

$$(EOQ = \sqrt{\frac{2 \times 3{,}600 \times 1{,}000}{400 \times 5\%}} = 600 \text{ એકમો})$$

**નીચે આપેલ પ્રશ્નોના બહુવિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

1. જ્યારે માલ પર અમુક પ્રક્રિયા પૂરી થઈ ગઈ હોય અને કેટલીક પ્રક્રિયા બાકી હોય ત્યારે તેને ........................ કહેવાય.

   (અ) અંશતઃ તૈયાર માલ (બ) ચાલુ કામ

   (ક) કાચો માલ (ડ) તૈયાર માલ

2. માલ સામાનની ખરીદી માટે મોકલેલ ઓર્ડરની નોંધ રાખવા માટે .................... રાખવામાં આવે છે.

   (અ) ખરીદી ઓર્ડર (બ) ઓર્ડર રજિસ્ટર

   (ક) ખરીદી માગણી પત્રક (ડ) એક પણ નહિ

3. વરદી સપાટી - માલ મેળવતા લાગતા સરેરાશ સમયની સરેરાશ વપરાશ = ...........

   (અ) ગુરૂત્તમ સપાટી (બ) લઘુત્તમ સપાટી

   (ક) વરદી સપાટી (ડ) સરેરાશ સપાટી

4. સૌથી વધુ ફાયદાકારક હોય તેવા માલની ખરીદીનો જથ્થો એટલે .....................

   (અ) ગુરૂત્તમ જથ્થો (બ) લઘુત્તમ જથ્થો

   (ક) આર્થિક વરદી જથ્થો (ડ) સરેરાશ જથ્થો

5. સરેરાશ વપરાશ × તાત્કાલિક ખરીદી માટે લાગતો સમય = ........................

   (અ) ભય સપાટી (બ) લઘુત્તમ સપાટી

   (ક) વરદી સપાટી (ડ) ગુરૂત્તમ સપાટી

6. જો ઓર્ડર (વરદી) જથ્થો 2,000 એકમોમાંથી 4,000 એકમો થાય તો પુનઃ વરદી જથ્થા પર શું અસર થશે ?

(અ) પુનઃ વરદી જથ્થામાં 1,000 એકમોનો વધારો

(બ) પુનઃ વરદી જથ્થામાં કોઈ ફેરફાર નહિ

(ક) પુનઃ વરદી જથ્થામાં 100%નો વધારો

(ડ) પુનઃ વરદી જથ્થામાં 100%નો ઘટાડો

7. વરદી સપાટી = 7,500 એકમો, માલ પ્રાપ્તિનો સમય = 3 થી 5 અઠવાડિયા માલનો ગુરૂત્તમ વપરાશ = ........................

(અ) 1,500 (બ) 750

(ક) 2,000 (ડ) 1,875

8. આર્થિક વરદી જથ્થો શોધો.

| | |
|---|---|
| વાર્ષિક સરેરાશ વપરાશ | 5,000 એકમો |
| એકમ દીઠ પડતર | 5 રૂ. |
| વરદી મૂકવાનો ખર્ચ | 100 રૂ. |
| એકમ દીઠ વહન ખર્ચ | 20% |

(અ) 500 (બ) 1,000

(ક) 100 (ડ) 5,000

9. VED પદ્ધતિમાં 'V' = ...............................

(અ) Every (બ) Essential

(ક) Economic (ડ) એક પણ નહિ

10. ABCની પદ્ધતિ મુજબ 'A' વિભાગની વસ્તુ માટે .................... જરૂરી છે.

(અ) ઓછો અંકુશ (બ) સામાન્ય અંકુશ

(ક) સખત અંકુશ (ડ) એક પણ નહિ

11. EOQ એ માલ સામાનની એવી સપાટી છે કે જ્યારે માલ સામાનનો ઓર્ડર મૂકવાની પડતર તથા જાળવણી પડતર .................... હોય છે.

(અ) મહત્તમ (બ) લઘુત્તમ

(ક) શૂન્ય (ડ) એક પણ નહિ

12. ઈન્વેન્ટરી શબ્દમાં ..................... નો સમાવેશ થાય છે.

(અ) માલ સામાન (બ) ચાલુ કામ

(ક) તૈયાર માલ (ડ) ઉપરના બધા જ

13. ABC ............................................ નામે ઓળખાય છે.

(અ) Always Better Control

(બ) All Better Cost

(ક) Always Business Control

(ડ) Always Business Communication

14. ABC પદ્ધતિનો મૂળ આધાર ............................... છે.

(અ) ઈન્વેન્ટરીનું મૂલ્ય (બ) સંગ્રહની જગ્યા

(ક) બિન કાર્ડનો રેકોર્ડ (ડ) ઈન્વેન્ટરીનો જથ્થો

15. ABC પદ્ધતિનો મુખ્ય ફાયદો ............................... છે.

(અ) પડતરને ન્યૂનતમ કરવાનો (બ) ઈન્વેન્ટરી પર અંકુશ રાખવાનો

(ક) સમયની બચત (ડ) ઉપરના બધા જ

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (અ) 2. (બ) 3. (બ) 4. (ક) 5. (અ) 6. (બ) 7. (અ)

8. (બ) 9. (ડ) 10. (ક) 11. (બ) 12. (ડ) 13. (અ) 14. (અ)

15. (અ)

♦ ♦ ♦

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**